॥ नमो नमो निम्मलदंसणस्स ॥

# આગમસૂત્ર

## સટીક અનુવાદ

૪૦

અનુવાદ શ્રેણી સર્જક -

મુનિ દીપરત્નસાગર

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

नमो नमो निम्मलदंसणस्स

પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમસટીક અનુવાદ

# નંદીસૂત્ર

-: અનુવાદ-શ્રેણીના સર્જક :-

## મુનિ દીપરત્નસાગર

શ્રી આશાપુરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર

તા. ૨૩/૧૦/૨૦૦૯ શુક્રવાર ૨૦૬૬ કા.સુ.૫

આગમ સટીક અનુવાદ
ભાગ ૧ થી ૪૨ સંપૂર્ણ
મૂલ્ય-રૂા-૧૦,૦૦૦

૦ શ્રી શ્રુત પ્રકાશન નિધિ ૦

સંપર્ક સ્થળ

આગમ આરાધના કેન્દ્ર, શીતલનાથ સોસાયટી
ફ્લેટ નં. ૧૩, ચોથે માળે, વ્હાઈ સેન્ટર,
ખાનપુર, અમદાવાદ.

# આગમ સટીક અનુવાદના

## આ ભાગ - ૪૦ માં છે...

## ૦ નંદી - ચૂલિકાસૂત્ર-૧

## —૦— સંપૂર્ણ નંદીસૂત્ર

## — સાનુવાદ

## — સવિવેચન

— x — x — x — x — x — x — x —

-: ટાઈપ સેટીંગ :-
શ્રી મહાકાલી એન્ટરપ્રાઈઝ
ચાંદલોડિયા, અમદાવાદ.
(M) 9824419736

-: મુદ્રક :-
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.
Tel. 079-25508631

# ૦ વંદના એ મહાન્ આત્માને ૦

વિક્રમ સંવત-૨૦૬૧માં ફાગણસુદ-૩ નો દિવસ અને મંગલપારેખના ખાંચામાં શ્રી શાંતિનાથ પરમાત્માની વર્ષગાંઠનો પ્રસંગ, અતિભવ્ય અને ઘણી જ લાંબી રથયાત્રાના પ્રયાણની ઘડીએ, આગમોના ટીકા સહિતના અનુવાદ કરવા માટેની મનોભાવનાનું જેમના મુખેથી વચન પ્રાગટ્ય થયું, અંતરના આશીર્વાદ, સૂરિમંત્રથી અભિમંત્રિત વાસ ચૂર્ણનો ક્ષેપ અને ધનરાશિની જવાબદારીના યથાશક્ય સ્વીકાર સહ જેમની કાર્ય પ્રેરણાની સરવાણીમાં ભીંજાતા મારા ચિત્તે આશિર્ષ અનેરો હર્ષોલ્લાસ અનુભવ્યો. જેમની હયાતી દરમ્યાન કે હયાતી બાદ પણ, જેમના નામસ્મરણ માત્રથી આ કાર્ય વિઘ્નરહિતપણે મૂર્ત્ત સ્વરૂપને પામ્યું, એવા...

## પૂજ્ય આચાર્યશ્રી ૠચકચંદ્રસૂરીશ્વરજી મ૰ ના

### ચરણ કમળમાં સાદર કોટીશઃ વંદના

# ૦ કેમ ભૂલાય એ ગુરુદેવને પણ ? ૦

ચારિત્ર પ્રતિ અંતરંગ પ્રીતિથી યુક્ત, અનેક આત્માઓને પ્રવ્રજ્યા માર્ગે પ્રયાણ કરાવનાર, સંયમમૂર્તિ, પ્રતિ વર્ષ ઉપધાન તપ વડે શ્રાવકધર્મના દીક્ષા દાતા, શારીરિક સમસ્યાઓ વચ્ચે પણ બંને શાશ્વતી ઓળીની આરાધનાને ન ચૂકનારા, સાગર સમુદાયમાં ગચ્છાધિપતિ પદને શોભાવનારા અને સમર્થ શિષ્ય પરિવારયુક્ત એવા મહાન વિભૂતિરત્ન—

## પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૰

જેમના આજીવન અંતેવાસી, શાસનપ્રભાવક

## પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.

જેમણે આ અનુવાદ કાર્ય માટે ઘણાં વર્ષો પૂર્વે પ્રેરણા કરેલી અને આ કાર્ય સાદ્યંત પાર પહોંચાડવા માટે વિપુલ ધનરાશિ મોકલાવી.

*ઉક્ત બંને આચાર્ય ભગવંતોની અસીમ કૃપા અને તેઓ દ્વારા પ્રેરિત સંઘો થકી થયેલ ધનવર્ષાના બળે પ્રસ્તુત કાર્ય મૂર્તસ્વરૂપ પામ્યું.*

આગમ સટીક અનુવાદના

આ ભાગ **૪૦** ની

સંપૂર્ણ દ્રવ્ય સહાયના પ્રેરણાદાતાશ્રી

પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા

શતાવધાની

**સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી મ.**

તેઓશ્રીની પ્રેરણાથી લાભલેનાર

**કચ્ચેલીયા જૈન શ્વે. મહાજન પેઢી**

**કચ્ચેલીયા, સુરત**

# અનુદાન દાતા

**આગમ સટીક અનુવાદના કોઈ એક ભાગના સંપૂર્ણ સહાયદાતા**

સચ્ચારિત્ર ચુડામણી પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ૦ આચાર્યદેવ
શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના આજીવન અંતેવાસી
**સદ્‌ગુણાનુરાગી પૂજ્ય આ૦દેવશ્રી હર્ષસાગરસૂરિજી મ.ની**
જ્ઞાનઅનુમોદક પ્રેરણાથી પ્રેરિત
શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.
**૧૬ ભાગોના સંપૂર્ણ સહાયક થયેલ છે.**

**પરમપૂજ્ય સરળ સ્વભાવી, ભદ્રિક પરિણામી, શ્રુતાનુરાગી**
**સ્વ૦ આચાર્યદેવશ્રી વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની**

પુનિત પ્રેરણાથી ૧૦ ભાગો માટે
નીચેના સંઘો સહાયક થયા છે.

(૧) શ્રી મંગલપારેખનો ખાંચો, જૈનસંઘ, અમદાવાદ — બે ભાગ.
(૨) શ્રી ભાવનગર જૈન શ્વે૦મૂ.પૂ. સંઘ, ભાવનગર — બે ભાગ.
(૩) શ્રી આદિનાથ જૈન શ્વે૦ મૂ.પૂ. સંઘ, નવસારી — બે ભાગ.
(૪) શ્રી ગિરિરાજ સોસાયટી આદિનાથ જૈન સંઘ, બોટાદ — બે ભાગ.
(૫) શ્રી જૈન શ્વે૦ મૂ.પૂ. તપાગચ્છ સંઘ, બોટાદ — એક ભાગ.
(૬) શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ, તણસા — એક ભાગ.

*[પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમના સમુદાયવર્તી શ્રમણીવર્યાઓ તરફથી પ્રાપ્ત સહાયની નોંધ આગળ છે.]*

સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદિવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વૈયાવચ્ચ પરાયણ **પંન્યાસ પ્રવર શ્રી વજસેનવિજયજી મ.સા.**ની પ્રેરણાથી એક ભાગ-શ્રી હાલારતીર્થ આરાધના ધામ, વડાલિયા, સીંહણ, તરફથી

આગમ સટીક અનુવાદ શ્રેણીના સર્જક **મુનિશ્રી દીપરત્નસાગરજી**ની પ્રેરણાથી આ બે દાતાઓએ મળીને એક ભાગ માટે સહાય કરી છે.

(૧) શ્રી જૈન શ્વે૦ મૂર્તિ૦ સંઘ, થાનગઢ

(૨) શાહ હંજારીમલજી ભૂરમલજી, કર્નૂલ.

**પૂ૦પૂ૦ ક્રિયારૂચિવંત, પ્રભાવક, આદેય નામકર્મધર સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ૠચકચંદ્રસૂરીશ્વરજીથી પ્રેરિત પુન્યવંતી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત અનુદાનો**

૧- વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભક્તિસૂરીશ્વરજી સમુદાયવર્તી મિલનસાર **સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી ત્રણ ભાગો માટેની દ્રવ્ય સહાય પ્રાપ્ત થઈ છે, તે આ પ્રમાણે—

- (૧) શ્રી કારેલીબાગ, શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, વડોદરા.
- (૨) શ્રી કારેલીબાગ, જૈન સંઘની શ્રાવિકા બહેનો, વડોદરા.
- (૩) શ્રી ભગવાન નગરનો ટેકરો, જૈનસંઘ, અમદાવાદ.

૨- સુવિશાળ પરિવારયુક્તા **સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી "શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ" - નવસારી તરફથી.

૩- વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **પ.પૂ. સાધ્વીશ્રી ધ્યાનરસાશ્રીજી તથા સાધ્વીશ્રી પ્રફુલ્લિતાશ્રીજી**ની પ્રેરણાથી -

"શ્રી માંગરોળ જૈન શ્વે૦ તપ૦ સંઘ, માંગરોળ - તરફથી.

૪- પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજી મ૦ના પરિવારવર્તીની **સાધ્વીશ્રી સત્યાનંદશ્રીજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી
"શ્રી ગાંધીનગર જૈન સંઘ, બેંગલોર - તરફથી."

૫- પરમપૂજ્ય ક્રિયારૂચીવંત આ૦દેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **શ્રમણીવર્યા મોક્ષનંદિતાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી વલ્લભનગર જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ, વલ્લભનગર, ઈન્દૌર

**પરમપૂજ્ય આગમોદ્ધારક, સામાચારી સંરક્ષક, બહુશ્રુત આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રુત અનુરાગીણી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત સહાયો.**

(૧) પરમપૂજ્યા નીડરવક્તા **સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી** મ૦થી પ્રેરિત
-૧- શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિધામ જૈન સંઘ, અંધેરી, મુંબઈ.
-૨- શ્રી મહાવીરનગર જૈન દહેરાસરજી ટ્રસ્ટ, નવસારી.

(૨) અપ્રતિમ વૈયાવૃત્ત્યકારિકા પ.પૂ. મલય-પ્રગુણાશ્રીજી મ૦ના શિષ્યા સુસંવાદી પરિવારયુક્તા **સાધ્વીશ્રી પ્રશમશીલાશ્રીજી** મ૦ના શ્રુતાનુરાગી શિષ્યા સા૦શ્રી પ્રશમરત્નાશ્રીજીની પ્રેરણાથી-
"શ્રી શ્વેતાંબર જૈન તપાગચ્છ સંઘ," વાંકાનેર.

(3) પરમપૂજ્યા માતૃહૃદયા **સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી
- "શ્રી આદિનાથ જૈન શ્વે૦ સંઘ," ભોપાલ.

(૪) પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા, શતાવધાની **સાધ્વીશ્રી અમિત-ગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી-૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે
"કરચેલીયા જૈન શ્વે૦ મહાજન પેઢી," કરચેલીયા, સુરત.

(૫) શ્રમણીવર્યા ભક્તિરસિક પૂજ્ય મલયાશ્રીજી મ૦ના વ્યવરદક્ષ શિષ્યા **સાધ્વીશ્રી હિતજ્ઞાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી જૈન મરચન્ટ સંઘની શ્રાવિકા બહેનો, અમદાવાદ.

(૬) પરમપૂજ્યા મલય-કૈવલ્ય-ભવ્યાનંદશ્રીજી મ૦ના સુવિનિતા મિષ્ટ ભાષી, તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી
"સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ," મુંબઈ

## આગમ-સટીક અનુવાદ સહાયકો

(૧) પ.પૂ. ભગવતીજી દેશનાદક્ષ **આ૦દેવશ્રી નરદેવસાગરસૂરિજી મ૦સા૦**ની પ્રેરણાથી - "શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ," જામનગર.

(૨) વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દેવ **શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ૦** ની પ્રેરણાથી – "અભિનવ જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ," અમદાવાદ.

(૩) શ્રુતસંશોધનરસિક પૂજ્ય **આ૦દેવશ્રી મુનિચંદ્રસૂરિજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ," ભીલડીયાજી.

(૪) પ.પૂ. જયલાવણ્યશ્રીજી મ૦સા૦ના સુશિષ્યા **સા૦ સૂર્યપ્રભાશ્રીજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી ભગવતી*નગર ઉપાશ્રયની બહેનો," અમદાવાદ.

(૫) પરમપૂજ્યા વરધર્માશ્રીજી મ૦ના શિષ્યા તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પ્રીતિધર્માશ્રીજી** મ૦ની પાવન પ્રેરણાથી.

- (૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, ડોંબીવલી.
- (૨) શ્રી રાજાજી રોડ શ્વે૦મૂ૦પૂ૦ તપા૦ જૈન સંઘ, ડોંબીવલી.

(૬) સ્વનામધન્યા **શ્રમણીવર્યાશ્રી સૌમ્યગુણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી.
"શ્રી પરમ આનંદ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ," પાલડી, અમદાવાદ.

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૩૦૧**

## १-आगमसुत्ताणि-मूलं

### ૪૯-પ્રકાશનો

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદસૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંક્યા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીશ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, આગમવિષયદર્શન, આગમકથાનુયોગના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/ -દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

## ૨. આગમ-ગુજરાતી અનુવાદ

### ૪૭-પ્રકાશનો

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઈત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ "આગમદીપ" સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ હાલ તેની એક પણ નકલ બચેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.

## ३. आगमसुत्ताणि-सटीकं
### ૪૬-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૦૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઈત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફસ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે તે રીતે આ સંપુટનું સંપાદન અને મુદ્રણ કરાયેલું છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની એક પણ નકલ સ્ટોકમાં રહેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

## ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે. – ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમસટીકં માં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

## ५. आगमसद्दकोसो

### ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની ''આગમ-ડીક્ષનેરી'' જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે — अ થી ह પર્યંતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

— વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि — સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો મૂળ આગમ કે આગમ-સટીકં માં મળી જ જવાના

## ६. आगमनामकोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ ''આગમ નામકોશ''. આ પ્રકાશન આગમસટીકં માં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.

## ૭. आगमसूत्र हिन्दी अनुवाद

### ૪૭-પ્રકાશનો

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે. જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે પણ મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

## ૮. આગમ કથાનુયોગ

### ૬-પ્રકાશનો

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં "કથાનુયોગ" નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છટ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા શોધવી અત્યંત સરળ બને છે.

આ "આગમ કથાનુયોગ" કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશિત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

## ૯. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

## ૧૦. આગમસૂત્ર સટીક અનુવાદ

### ૪૮-પ્રકાશનો

પ્રસ્તુત પ્રકાશનમાં આગમોના મૂળસૂત્રોનો અક્ષરશઃ અનુવાદ તો છે જ. સાથે સાથે આગમોની નિર્યુક્તિ અને ટીકાનો પણ અનુવાદ કરેલ હોવાથી અમે "સટીક અનુવાદ" એવું નામકરણ કરેલ છે. જેમાં ૪૫ આગમો ઉપરાંત બે વૈકલ્પિક આગમો અને કલ્પ [બારસા] સૂત્રના સમાવેશથી ૪૮ પ્રકાશનો થાય છે. જેને આ સાથે અમે ૪૨-ભાગોમાં પ્રકાશિત કરેલ છે.

આ સટીક અનુવાદમાં છ છેદ સૂત્રોનો અનુવાદ માત્ર મૂળનો જ છે, તેમાં સટીક અનુવાદ નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાજ્ઞાનથી વંચિત શ્રુતરસિકો કે સ્વાધ્યાય પ્રેમીઓને આ અત્યંત ઉપયોગી પ્રકાશન છે, જેનું સંયુક્ત મૂલ્ય રૂા. ૧૦,૦૦૦/- છે, કે જે કિંમતમાં તો કોઈ ૪૫ સટીક આગમોનો અનુવાદ પણ ન કરી આપે.

આ સટીક અનુવાદ સંપુટમાં-અંગસૂત્રો, ઉપાંગ સૂત્રો અને મૂળસૂત્રોનો સંપૂર્ણ સટીક અનુવાદ છે. પયન્ના સૂત્રોમાં પણ ઉપલબ્ધ ટીકાઓનો અનુવાદ કરેલો જ છે, નંદી અને અનુયોગ બંને સૂત્રોનું વર્તમાન પદ્ધતિથી સાનુવાદ વિવેચન કરેલ છે અને છેદસૂત્રો, કલ્પસૂત્ર અને કેટલાંક પયન્નાઓનો મૂળનો અનુવાદ છે.

— x — x —

**આ હતી આગમ સંબંધી અમારા ૨૫૦ પ્રકાશનોની યાદી**

— x — x —

## આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

### (૧) વ્યાકરણ સાહિત્ય :-

૦ અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪ [૪]

— મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ "લઘુપ્રક્રિયા" પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે કાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

૦ કૃદન્તમાલા :- [૧]

— આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

### (૨) વ્યાખ્યાન સાહિત્ય :- [3]

૦ અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

— આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. "મન્નહ જિણાણં" નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

૦ નવપદ-શ્રીપાલ [૧]

— શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચરિત્ર પણ પૂરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

### (૩) તત્ત્વાભ્યાસ સાહિત્ય :-

૦ તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧ [૧]

૦ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦ [૧૦]

— આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપદ્ય, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

o તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો. ૧

– આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

**(૪) આરાધના સાહિત્ય :-** 3

o સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

o સાધુ અંતિમ આરાધના

o શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

**(૫) વિધિ સાહિત્ય :-** 3

o દીક્ષા-યોગાદિ વિધિ

o વિધિ સંગ્રહ ભાગ-૧

o સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

**(૬) પૂજન સાહિત્ય :-** ૧

o આગમ મહાપૂજન વિધિ-*જેની નોંધ આગમ વિભાગમાં છે.*

o પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

**(૭) યંત્ર સંયોજન :-**

o ૪૫-આગમ યંત્ર

o વિંશતિ સ્થાનક યંત્ર

**(૮) જિનભક્તિ સાહિત્ય :-** ૯

- चैत्यवन्दन पर्वमाला
- चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष
- चैत्यवन्दन चोविसी
- ચૈત્યવંદન માળા

— આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

- શત્રુંજય ભક્તિ
- शत्रुञ्जय भक्ति
- સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ
- વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય
- ચૈત્ય પરિપાટી

**(૯) પ્રકીર્ણ સાહિત્ય :-** ૯

- શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી
- શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
- અભિનવ જૈન પંચાંગ
- अभिनव जैन पञ्चाङ्ग
- અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી
- બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો
- શ્રી જ્ઞાનપદ પૂજા
- કાયમી સંપર્ક સ્થળ
- ચોઘડીયા તથા હોરા કાયમી સમયદર્શિકા

**(૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :-** ૫

- જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ
- પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૩૦૧ પ્રકાશનો થયા છે.**

— x — x —

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

નમો નમો નિમ્મલદંસણસ્સ

પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# -ઃ ભાગ-૪૦ ઃ-

૦ આ ભાગમાં અમે ''નંદીસૂત્ર'' નામક આગમને સમાવેલ છે. આ આગમને સંસ્કૃત કે પ્રાકૃત બંને ભાષામાં નંદીસૂત્ર જ કહે છે. વ્યવહારમાં તે 'નંદી' નામથી પ્રસિદ્ધ જ છે. નંદીસૂત્રમાં પણ ઉત્કાલિક સૂત્રોની ગણનામાં તેનો ઉલ્લેખ 'નંદી' નામથી જ થયેલો છે. *[જુઓ સૂત્ર-૧૩૭]*

આ સૂત્રનો મુખ્ય વિષય ''જ્ઞાન'' છે. તેમાં જ્ઞાનના ભેદો-પેટાભેદો, દ્વાદશાંગનો વિશાળ પરીચય તથા આરંભમાં મંગલસ્તુતિ અને સંઘની ઓળખ આપીને ગણધર ભગવંત તથા અનુયોગના ધારક સ્થવિરોની વંદનાવલી છે, પછી શ્રોતા અને પરિષદની સદૃષ્ટાંત સમજુતી છે.

નંદીસૂત્ર ઉપર કોઈ નિર્યુક્તિ કે ભાષ્ય રચાયાનો ઉલ્લેખ અમોને પ્રાપ્ત થયેલ નથી. ૭૦૦ શ્લોક પ્રમાણવાળા આ આગમ ઉપર ચૂર્ણિ, બે (વ્યાખ્યા) વૃત્તિઓ, વિષમપદ પર્યાય અને અવચૂરી ઉપલબ્ધ છે. જેમાં જિનદાસગણિ કૃત્ ચૂર્ણિ, તેની સાથે સામ્યતા ધરાવતી છતાં વિશેષતાને પ્રગટ કરતી શ્રી હરિભદ્રસૂરિજીની વૃત્તિ છે. અતિ અદ્‌ભૂત, ઘણી વિશાળ, વાદ અને પ્રતિવાદોથી યુક્ત, પદાર્થોનું સુંદર સ્પષ્ટીકરણ આપતી, ૭૭૩૨-શ્લોક પ્રમાણ એવી શ્રી મલયગિરિકૃત્ વૃત્તિ તથા તેનો સંક્ષેપ હોય તેવી લાગતી અવચૂરી તો હાલ પણ મુદ્રિત સ્વરૂપે ઉપલબ્ધ છે.

આ સૂત્રને 'ચૂલિકાસૂત્ર' રૂપે ગણવામાં આવે છે. બે ચૂલિકા સૂત્રોમાં એક નંદી અને બીજું અનુયોગદ્વાર છે. જેમાં અહીં નંદી ચૂલિકા સૂત્ર લીધેલું છે, પણ અમોએ અમારી ''અનુવાદ પદ્ધતિ''માં અહીં ફેરફાર કરેલ છે. અત્યાર સુધી ૪૩-આગમોમાં ''સટીક અનુવાદ''ને સ્થાન આપેલ હતું. પણ અહીં અમે ''સાનુવાદ વિવેચન'' શબ્દ દ્વારા આ પરિવર્તનને દર્શાવેલ છે. કેમકે આ સૂત્રમાં અમે મૂળ નંદીસૂત્રના સૂત્રોનો ભાવાર્થ અને કંઈક સ્પષ્ટીકરણ કરતાં વિવેચનને અમારી ભાષામાં ગોઠવેલ છે. કોઈ એક ટીકા, ચૂર્ણિ કે નિર્યુક્તિનો સીધો અનુવાદ કરેલો નથી. તો પણ અમે અભ્યાસુઓને શ્રી મલયગિરિકૃત્ વૃત્તિ જરૂરથી વાચવા ભલામણ કરીએ છીએ. હૃદય પુલકીત થઈ જાય તેવી એ વૃત્તિ છે.





# ૪૪-નંદી-ચૂલિકાસૂત્ર

## સાનુવાદ - વિવેચન

### ૦ ભૂમિકા ૦

૦ નંદીસૂત્ર વિષયવસ્તુ :-

આ નંદીસૂત્રમાં આરંભે મંગલિક સ્વરૂપે પરમાત્મા ઋષભદેવ ભગવંત અને ભગવંત મહાવીરની સ્તુતિ કરી છે. ત્યારપછી નગરની રથની, ચક્રની ઈત્યાદિ ઉપમાઓ વડે સંઘની મહત્તા પ્રગટ કરાયેલી છે. આઠ ઉપમાઓ વડે સંઘની વંદના કરીને અનુત્તર જ્ઞાનના દારક ચોવીશે જિનવરોની વંદના કરી છે. ત્યારપછી ભગવંત મહાવીરના ગણધરોને દ્વાદશાંગીના ધારક હોવાથી નામોચ્ચારપૂર્વક જણાવી શાસનનો મહિમા ગાઈને સુધર્માસ્વામીથી આરંભીને પોતાના ગુરુવર્ય એવા દૂષ્યગણીને આ સૂત્રના કર્તા શ્રી દેવવાચક ક્ષમાશ્રમણે ગુણસ્તુતિ સહ પ્રણમ્યા છે.

એ પ્રમાણે અનુત્તરજ્ઞાની, શ્રુતકેવલી, જ્ઞાનસ્થવિર અને શ્રુતના વાચના દાતા ગુરુવર્યોને વાંદ્યા કે સ્તવ્યા પછી જેમને આ સૂત્રની અર્થાત્ આગમની વાણીની વાચના આપવાની છે, તેના શ્રવણકર્તા અર્થાત્ શ્રોતા કેવા હોવા જોઈએ ? તેને ચૌદ દૃષ્ટાંતો વડે પ્રગટ કરી શ્રોતાના સ્વરૂપની સદૃષ્ટાંત છણાવટ કરાઈ છે. ત્યારપછી શ્રોતાના સમૂહરૂપ એવી પર્ષદા અર્થાત્ શ્રોતાપર્ષદાનું સ્વરૂપ બતાવેલ છે.

એ પ્રમાણે શ્રુતદાતા મહાપુરુષો અને શ્રવણકર્તા શ્રોતાનું દર્શન કરાવ્યા પછી સૂત્રકાર મહર્ષિ મોક્ષમાર્ગના અભિન્ન અંગ એવા સમ્યક્ જ્ઞાનની પ્રરૂપણા કરે છે જેમાં મુખ્યત્વે આભિનિબોધિક આદિ પાંચ જ્ઞાનોને તેના પેટા ભેદો સહિત ઘણાં જ વિસ્તારથી આ સૂત્રના મુખ્ય વિષયવસ્તુ સ્વરૂપે રજૂ કરે છે. તન્મધ્યે મતિજ્ઞાન અંતર્ગત્ બુદ્ધિના સ્વરૂપને પ્રગટ કરતી વખતે ફરી પ્રચુર દૃષ્ટાંતો કે કથાનકનો આધાર લઈને કથારસિક શ્રોતાઓને પણ સૂત્ર વાચનામાં આકર્ષિત કરેલા છે.

શ્રુતજ્ઞાનના વિષયને અતિ વિસ્તારીને આગમ શાસ્ત્રો, તેના વિભાગો, અંગપ્રવિષ્ટ અને અંગ બાહ્ય સૂત્રોના નામો ઈત્યાદિ વડે શ્રોતાને સમ્યગ્‌જ્ઞાન પ્રતિ વિશેષ અભિમુખ કરીને દ્વાદશાંગીનો વિસ્તૃત પરીચય આપેલ છે. જે આગમ શાસ્ત્રો કેટલા વિશાળ, ગહન, વૈજ્ઞાનિક ક્રમબદ્ધ, વિવિધ વિષયોને સાંકળી લેનારા હતા તેનું દર્શન કરાવી જાય છે.

**૦ શ્રી મલયગિરિકૃત ટીકાનું આરંભિક વિષયવસ્તુ :-**

*અમે કરેલા સટીક અનુવાદમાં અંગસૂત્રો હોય, ઉપાંગ સૂત્રો હોય કે મૂલ સૂત્રો હોય, બધામાં અમે અભ્યાસીત કર્યુ છે કે આરંભમાં પ્રત્યેક વૃત્તિકાર મહર્ષિએ મંગલિક રૂપ સ્તુતિ કરીને જે - તે સંબંધિત સૂત્રોની વ્યુત્પત્તિ કે નામાદિ અનુયોગ વગેરેને બતાવીને પછી જ મૂળ આગમ સૂત્રની વ્યાખ્યા કરેલ હોય, કેમકે આ જ આર્ષ પદ્ધતિ છે, પ્રત્યેક શાસ્ત્ર કે ગ્રંથોની વાચના કે વ્યાખ્યા આ પદ્ધતિથી વડે જ થતી હોય છે. પરંતુ આ આગમમાં અમે ''સટીક અનુવાદ''ને સ્થાને ''સાનુવાદ વિવેચન''ની પદ્ધતિ સ્વીકારેલ હોવાથી, વૃત્તિકારની વૃત્તિના અનુવાદને બદલે બાળભોગ્ય જીવો માટે સીધો જ સૂત્રાર્થ અને વિવેચન ગુજરાતી ભાષામાં લખેલ છે. તેથી ''નંદી'' સૂત્રની આરંભિક અનુયોગ પદ્ધતિ સહ ટીકાર્થ સમાવી શકેલા નથી. તે હેતુથી કંઈક પણ પૂર્વ પુરુષોનું અનુસરણ કરવાને માટે અત્રે શ્રી મલયગિરિજી ટીકામાંથી ઉદ્ધૃત વસ્તુને પ્રસ્તાવનારૂપે નોંધી રહ્યા છીએ.*

૦ નંદી શબ્દનો અર્થ શો છે ? નંદન તે નંદિ અર્થાત્ પ્રમોદ કે હર્ષ નંદીનો હેતુ હોવાથી આ પાંચ જ્ઞાનને જણાવતું અધ્યયન પણ ''નંદિ'' જ છે. આના વડે કે આમાં પ્રાણીને - જીવોને આનંદિત કરે છે — હર્ષિત કરે છે, તેથી આ પ્રસ્તુત અધ્યયન જ ''નંદિ'' છે. અધ્યયનમાં પણ પ્રવર્તમાન 'નંદિ' શબ્દને પુંલ્લિંગમાં વ્યાકરણ નિયમથી 'નંદી' કહે છે.

'નંદિ' ચાર ભેદે છે — નામ નંદિ, સ્થાપના નંદિ, દ્રવ્ય નંદિ અને ભાવ નંદિ. તેમાં (૧) નામ નંદિ — કોઈ જીવ, અજીવ કે ઉભયનું 'નંદિ' એવું નામ હોય, 'નંદિ' શબ્દના અર્થ રહિતનું 'નંદિ' નામ કરાય તે નામ વડે નંદિ હોવાથી 'નામનંદિ' કહેવાય છે. અથવા નામ અને નામવાળાના અભેદ ઉપચારથી નામ એવું આ નંદિ તે નામ નંદિ.

(૨) સ્થાપના નંદિ - સદ્ભાવને આશ્રીને લેપ્યકર્મ આદિમાં જે સદ્ભાવ, તેને આશ્રીને અક્ષ, વરાટક આદિમાં ભાવનંદિમાન્ સાધુ આદિની જે સ્થાપના તે સ્થાપના નંદિ અથવા બાર પ્રકારના વાજિંત્રરૂપ દ્રવ્યનંદિની સ્થાપના, તેને સ્થાપના નંદિ કહે છે.

(૩) દ્રવ્યનંદિ - તે બે ભેદે છે, આગમથી અને નોઆગમથી. તેમાં (૧) આગમથી નંદિ પદાર્થમાં જ્ઞાતા પણ તેમાં અનુપયુક્ત હોય તે. (૨) નોઆગમ થકી દ્રવ્યનંદિના ત્રણ ભેદો છે. જ્ઞશરીર, ભવ્યશરીર, તદ્વ્યતિરિક્ત તેમાં

(૧) જ્ઞશરીર દ્રવ્યનંદિ - જે નંદિપદાર્થ જ્ઞાતાનું મૃત્યુ થાય, તેનું સિદ્ધશિલાદિતલ ગત શરીર હોય તે ભૂતકાલીન ભાવથી જ્ઞશરીર દ્રવ્યનંદિ

(૨) જે બાળક અત્યારે 'નંદિ' શબ્દનો અર્થ જાણતો નથી, પણ આગામી કાળે અવશ્ય જાણવાનો છે, તેનું જે શરીર તે ભાવિભાવના નિબંધનપણાથી ભવ્ય શરીર દ્રવ્ય નંદિ કહેવાય છે.

(૩) જે આ જ્ઞશરીર અને ભવ્યશરીર સિવાયનું છે તે જ્ઞશરીરભવ્યશરીર



વ્યતિરિક્ત દ્રવ્યનંદી કહેવાય - જેમકે, ક્રિયા આવિષ્ટ બાર ભેદે વાજિંત્ર સમુદાય.

ભાવનંદિ - તે બે ભેદે છે — (૧) આગમથી, (૨) નોઆગમથી તેમાં (૧) આગમથી તે - નંદી પદાર્થના જ્ઞાતા હોય અને તેમાં ઉપયોગવંત પણ હોય. (૨) નોઆગમથી - પાંચ પ્રકારનો જ્ઞાનસમુદય અથવા પાંચ પ્રકારના જ્ઞાન સ્વરૂપમાત્ર પ્રતિપાદક અધ્યયન વિશેષ તે ભાવનંદિ.

આ પ્રમાણે 'નંદી' શબ્દનો નામાદિ ચાર નિક્ષેપાથી અર્થ કરીને શ્રી મલયગિરિજી મહારાજા ફરમાવે છે કે —

આ સર્વ શ્રુતસ્કંધ આરંભમાં તત્ત્વવેદીઓ વડે આદિમાં મંગલને માટે સ્તવના કરાયેલ છે. પૂર્વના આચાર્યો શિષ્યોમાં સૂત્રાર્થના ગૌરવના ઉત્પાદનને માટે તથા અવિચ્છેદને અર્થે તીર્થંકર આદિની આવલિકા કહે છે, આચાર્ય દેવવાચક પણ પાંચ જ્ઞાનની વ્યાખ્યા કરતા, પહેલા આવલિકા કથન માટે, તથા વિઘ્નરહિતપણે અધ્યાપક, શ્રાવક, પાઠક અને ચિંતકોના અભિલષિત અર્થની સિદ્ધિને માટે આ તીર્થંકરો અનાદિવાળા છે, તેમ જણાવવાને માટે ભગવંત તીર્થંકરની સ્તુતિને જણાવતા હવે નંદિસૂત્રનો આરંભ કરે છે. - ૦ - ૦ -

બીજા આગમ શાસ્ત્રમાં પણ આ સ્થાને આવું કથન જોવા મળે છે કે — ''નામ નિષ્પન્ન નિક્ષેપો કહ્યો. હવે સૂત્રાનુગમમાં સૂત્ર ઉચ્ચારણ કરવું જોઈએ. તે સૂત્ર આ પ્રમાણે છે'' — આવા કથન પછી મૂળ સૂત્ર અને તેની વ્યાખ્યાનો આરંભ થાય છે.

-- x -- x -- x -- x -- x -- x -- x --

● સૂત્ર-૧ :-

***ધર્માસ્તિકાય આદિ છ દ્રવ્ય રૂપ સંસારના તથા જીવોની ઉત્પત્તિ સ્થાનના જ્ઞાતા, જગદ્ગુરુ (સન્માર્ગદાતા), ભવ્ય જીવોને આનંદ દેનારા, સ્થાવર અને જંગમ પ્રાણીઓના નાથ, વિશ્વબંધુ, ધર્મના ઉત્પાદક હોવાથી દરેક જીવોના ધર્મપિતામહ સમાન અરિહંત ઋષભદેવ ભગવાનનો સદા જય હોય, સદા જય હો.***

● વિવેચન-૧ :-

આ ગાથામાં સ્તુતિ કર્તાએ મંગલાચરણની સાથે સર્વ પ્રથમ શાસન નાયક આદ્ય તીર્થંકર પિતામહ આદિનાથ ભગવાનની સ્તુતિ કરી છે. ભગવાન ઉપસર્ગ, પરીષહ, વિષય, કષાય તથા ઘાતિકર્મના વિજેતા છે, તેઓશ્રીએ અરિહંત પદને પ્રાપ્ત કર્યુ છે. આ અવસર્પિણી કાળમાં ધર્મની આદિ કરનારા છે, માટે ખરેખર તે જિનેન્દ્ર ભગવાન સર્વપ્રથમ સ્તુતિ કરવા લાયક અને વંદનીય છે.

जग :- જેણે ભૂતકાળમાં એક પર્યાયથી બીજી પર્યાયને પ્રાપ્ત કરી હતી, વર્તમાનમાં પ્રાપ્ત કરે છે અને ભવિષ્યમાં પ્રાપ્ત કરશે તેને જગત કહેવાય છે. જગત પંચ અસ્તિકાયરૂપ છે અથવા છ દ્રવ્યાત્મક છે.

जीव :- જીવ શબ્દથી ત્રસ અને સ્થાવર રૂપ સમસ્ત સંસારી પ્રાણીઓ સમજવાના છે. લોકમાં તે અનંત છે અને ત્રણે ય કાળમાં તેનું અસ્તિત્વ છે જ.

जोणी :- કર્મના બંધનથી યુક્ત જીવોનું ઉત્પત્તિ સ્થાન. યોનિના સ્થાન ચોરાશી લાખ છે. અપેક્ષાએ યોનિના ચાર પ્રકારથી ત્રણ ત્રણ ભેદ પ્રજ્ઞાપના સૂત્રમાં કહેલ છે — (૧) સચિત્તાદિ (૨) સંવૃત્તાદિ (૩) શીતઉષ્ણાદિ (૪) કૂર્મોન્નતા આદિ.

वियाणओ :- આ પદથી અરિહંત પ્રભુની સર્વજ્ઞતા સૂચિત કરવામાં આવેલ છે. સર્વજ્ઞતાને કારણે જ તેઓશ્રી સમસ્ત ચરાચર પ્રાણી સમુદાય અને લોક તથા અલોકના ભાવો અને તેની પર્યાયોને જાણે છે.

जगगुरू :- ભગવાન જીવ અને જગતનું રહસ્ય પોતાના શિષ્ય સમુદાયને અને સમસ્ત પ્રાણીઓને સમજાવે છે. ''गु'' નો અર્થ અંધકાર છે અને ''रू'' નો અર્થ અંધકારને નષ્ટ કરનાર છે. આમ જે શિષ્યના અને જગત જીવોના અંતરમાં રહેલા અંધકારને નષ્ટ કરીને જ્ઞાન રૂપ પ્રકાશ પાથરે છે, તેને जगगुरू કહેવાય છે.

जगाणंदी :- ભગવાન જગતના જીવોને આનંદ દેનાર છે. 'જગત' શબ્દથી અહીં મુખ્યત્વે સંજ્ઞી પંચેન્દ્રિય જીવો સમજવા જોઈએ કારણ કે સંજ્ઞી જીવો ભગવાનના દર્શન તથા દેશનાનું શ્રવણ મળવાથી આનંદ વિભોર બની જાય છે. અપેક્ષાથી સંસારના સમસ્ત જીવોની રક્ષાનો ઉપદેશ દેનાર હોવાથી પ્રભુ સર્વ જીવોને આનંદકારી થાય છે માટે જગતના આનંદદાયક છે.

जगणाहो :- પ્રભુ સમસ્ત જીવોના યોગ અને ક્ષેમકારી છે. અપ્રાપ્ત વસ્તુની પ્રાપ્તિને યોગ કહેવાય છે અને પ્રાપ્ત વસ્તુની સુરક્ષાને ક્ષેમ કહેવાય છે. ભગવાન અપ્રાપ્ત એવા સમ્યગ્દર્શન અને સંયમની પ્રાપ્તિ કરાવનાર છે માટે તેને જગતના નાથ કહેવાય છે. દુઃખથી રક્ષા કરાવનાર અને શાશ્વત મોક્ષ સુખોને પ્રાપ્ત કરાવનાર હોવાથી પ્રભુ જગતના નાથ છે.



जगबंधू :- સમસ્ત ત્રસ અને સ્થાવર જીવોના રક્ષક હોવાથી અરિહંત દેવ જગતના બંધુ છે. એટલે સમસ્ત ત્રસ અને સ્થાવર જીવોના બંધુ કહેવાય છે.

जगप्पियामहो :- આદિનાથ ભગવાન જગતના પિતામહ (પૂર્વજ) છે. ભગવાન ધર્મના આદ્યપ્રવર્તક હોવાથી ધર્મ જગતના પિતામહ તુલ્ય છે.

भयवं :- આ વિશેષણ ભગવાનના અતિશયોનું સૂચન કરે છે. ''ભગ'' શબ્દમાં છ અર્થ રહેલ છે — (૧) સમગ્ર ઐશ્વર્ય (૨) ત્રિલોકાતિશાયીરૂપ (૩) ત્રિલોકમાં વ્યાપ્ત યશ (૪) ત્રણ લોકને ચમત્કૃત કરનારી લક્ષ્મી અષ્ટ પ્રાતિહાર્ય રૂપશ્રી તથા અનંત આત્મિક સમૃદ્ધિ (૫) અખંડ ધર્મ (૬) પૂર્ણ પુરુષાર્થ. આ છ ઉપર જેનો પૂર્ણ અધિકાર હોય તેને ભગવાન કહેવાય છે.

जयइ :- આ ક્રિયાપદ બે ગાથામાં બે વાર આવેલ છે. (૧) जयतु શબ્દથી વિભક્તિ વ્યત્યય થઈને जयइ શબ્દ થયેલ છે. બંને જગ્યાએ વ્યાખ્યાકારે જુદા જુદા અર્થ કર્યા છે — (૧) વિષય કષાયને જીતનારા (૨) જયવંત થાઓ. સામાન્ય રીતે બે વાર ભગવાન પ્રત્યે મંગલકામના સૂચિત કરેલ છે કે ભગવાન આદિનાથ જયવંત હોય, એનું શાસન જયવંત થાઓ. (૩) હૃદયની ભક્તિને પ્રગટ કરનારો મંગલકારી આ શબ્દ છે.

● સૂત્ર-૨ :-

***સમગ્ર શ્રુતજ્ઞાનના ઉદ્ગમરૂપ મૂળસ્રોત (મહાવીર સ્વામી) જયવંત થાઓ. વર્તમાન અવસર્પિણી કાળના ચોવીસ તીર્થંકર પૈકી અંતિમ તીર્થંકર જયવંત થાઓ. જગદ્ગુરુ, મહાત્મા મહાવીર સદા જયવંત હો.***

● વિવેચન-૨ :-

पभवो :- પ્રભવ એટલે ઉદ્ગમ, ઉદ્ભવ, મૂલ, ઉત્પાદક, મૂલસ્રોત. પ્રસ્તુત ગાથામાં ભગવાન મહાવીર સ્વામીને શ્રુતજ્ઞાનના મૂલસ્રોત કહીને સ્તુતિ કરેલ છે. કારણ કે શ્રુતજ્ઞાન તીર્થંકરોથી ગણધરોને પ્રાપ્ત થાય છે અને પછી તે પરંપરામાં પ્રવાહિત થાય છે. માટે દરેક તીર્થંકર શ્રુતજ્ઞાનના મૂળસ્રોત હોય છે. તેઓનાં દરેક વચન પણ શ્રોતાઓને શ્રુતજ્ઞાનરૂપે પરિણત થાય છે.

ભગવાન મહાવીર પ્રભુ આ અવસર્પિણી કાલના ચોવીસમાં એટલે અંતિમ તીર્થંકર હતા. તેઓને સ્તુતિકારે લોકગુરુ અને મહાત્મા જેવા શબ્દો વડે ગાથાના અંતિમ ચરણમાં સમ્માનિત કર્યા છે.

● સૂત્ર-૩ :-

***વિશ્વમાં જ્ઞાનનો ઉદ્યોત કરનારા, પ્રભુનું કલ્યાણ થાઓ, રાગદ્વેષ રૂપ શત્રુઓના વિજેતા જિનેશ્વરનું કલ્યાણ થાઓ. દેવો અને દાનવો દ્વારા વંદિત પ્રભુનું કલ્યાણ થાઓ અને કર્મરૂપ રજથી વિમુક્ત એવા ભગવાન મહાવીર સ્વામીનું સદા કલ્યાણ થાઓ.***

● વિવેચન-૩ :-

પ્રસ્તુત ગાથામાં ભગવાન મહાવીરના ચાર વિશેષણ બતાવ્યાં છે તથા ગાથાનાં

ચારે ય ચરણમાં ''ભદ્દ'' શબ્દનો પ્રયોગ થયો છે. જ્ઞાનાતિશય યુક્ત, કષાય વિજયી, સુરાસુરો દ્વારા વંદિત અને કર્મરૂપ રજથી વિમુક્ત હોવાના કારણે તેઓશ્રી કલ્યાણરૂપ છે. અહીં સ્તુતિ કર્તાએ ભક્તિમાં ઓત-પ્રોત થઈ ભગવાનના કલ્યાણની મંગલ કામના કરેલ છે. વાસ્તવમાં તો ભગવાનનું સંપૂર્ણ રીતે કલ્યાણ થઈ ગયું છે. ભગવાન તો કૃતકૃત્ય થઈ ચૂક્યા છે માટે આ સ્તુતિ કરનારનું જ કલ્યાણ કરે છે.

● **સૂત્ર-૪ :-**

***ગુણ રૂપી ભવ્ય ભવનોથી યુક્ત, શ્રુત જ્ઞાનરૂપ રત્નોથી પરિપૂર્ણ, વિશુદ્ધ સમ્યક્ત્વ રૂપ શેરીઓથી સંયુક્ત, અતિચાર રહિત અખંડ ચારિત્રરૂપ કિલ્લાથી સુરક્ષિત છે એવા હે સંઘનગર ! આપનું સદા કલ્યાણ થાઓ.***

● **વિવેચન-૪ :-**

સૂત્રકારે પ્રસ્તુત ગાથામાં સંઘને નગરની ઉપમા આપી છે. ઉત્તર ગુણને નગરનાં ભવનો કહેલ છે. શ્રુત શાસ્ત્રજ્ઞાનને રત્નમય વૈભવ કહેલ છે, સમ્યગ્દર્શનને વિશુદ્ધ માર્ગ કહેલ છે અને અખંડ-શ્રેષ્ઠ ચારિત્રને પરકોટા કહેલ છે. તાત્પર્ય એ છે કે મૂળગુણ, ઉત્તરગુણ તથા શ્રુતજ્ઞાનને ધારણ કરનાર સાધુ-સાધ્વી અને શ્રાવક શ્રાવિકારૂપ સંઘને નગરની ઉપમાથી ઉપમિત કરેલ છે. આ રીતે સંઘ રૂપ નગરના કલ્યાણમય વિકાસની કામના કરેલ છે તેથી જાણવા મળે છે કે સંઘ પ્રતિ સ્તુતિકારના હૃદયમાં અજોડ સહાનુભૂતિ, વાત્સલ્ય, શ્રદ્ધા અને ભક્તિ હતી.

● **સૂત્ર-૫ :-**

***સત્તર પ્રકારનો સંયમ એ સંઘ રૂપ ચક્રની નાભિ છે. છ પ્રકારનું બાહ્ય તપ અને છ પ્રકારનું આભ્યંતર તપ રૂપ સંઘચક્રના બાર આરા છે. સંઘ રૂપ ચક્રનો ઘેરાવો અર્થાત્ પરિધિ સમ્યક્ત્વ છે. એવા ચક્રની ઉપમા યુક્ત સંઘને નમસ્કાર હો. જે પ્રતિચક્રથી રહિત છે એટલે-અદ્વિતીય-અતુલનીય છે એવા ચક્રરૂપ સંઘનો સદા જય હો.***

● **વિવેચન-૫ :-**

આદિકાળથી અનેક પ્રકારના શસ્ત્રોમાં ચક્રની મુખ્યતા પ્રસિદ્ધ છે. પ્રાચીન યુગમાં શત્રુઓનો નાશ કરનાર સર્વ શ્રેષ્ઠ શસ્ત્ર ચક્ર હતું. ચક્ર શસ્ત્ર વાસુદેવ અને ચક્રવર્તીની પાસે હોય છે. ચક્ર શસ્ત્રથી જ વાસુદેવ પ્રતિવાસુદેવને હણી શકે છે.

આ ચક્રમાં વિવિધ પ્રકારની શક્તિઓ હોય છે. ચક્રવર્તીને દિગ્વિજય વખતે આ ચક્ર માર્ગદર્શક બને છે. ચક્રવર્તી દ્વારા સંપૂર્ણ છ ખંડની સાધના કર્યા સિવાય આ ચક્રરત્ન આયુધશાળામાં પ્રવેશ કરતું નથી કેમકે એ ચક્ર દેવાધિષ્ઠિત હોય છે, એવા ચક્રરત્નથી અહીં સંઘને ઉપમિત કરેલ છે. તે સંઘચક્ર પણ અલૌકિક આધ્યાત્મિક ગુણોથી સંપન્ન હોય છે. આ સંઘચક્રનો કોઈ પ્રતિદ્વન્દ્વી નથી, તેમજ તેનો કોઈ વિકલ્પ પણ નથી.

● **સૂત્ર-૬ :-**

***સંઘ રૂપ રથની ઉપર અઢાર હજાર શીલ ગુણરૂપ ઊંચી ધ્વજાઓ ફરકે***



***છે, તેમાં તપ અને સંયમ રૂપ અશ્વ જેમાં જોડાયેલા છે; વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથારૂપ પાંચ પ્રકારના સ્વાધ્યાયનો મંગલમય મધુર ધ્વનિ જેમાં નીકળી રહ્યો છે, એવા તે રથરૂપ સંઘ ભગવાનનું સદા કલ્યાણ થાઓ.***

● **વિવેચન-૬ :-**

પ્રસ્તુત ગાથામાં શ્રી સંઘને રથની ઉપમા આપી છે. રથ ઉપર ધ્વજા ફરકે તો તે સુશોભિત લાગે, એમ સંઘરથ શીલ રૂપ ઊંચી ધ્વજાઓથી સુશોભિત છે. એટલે કે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા શીલ ગુણોના ભંડાર હોય છે. રથમાં સુંદર બે ઘોડા જોડાયેલા હોય છે એમ સંઘ રૂપ રથમાં પણ તપ અને સંયમરૂપ બે અશ્વ જોડાયેલા છે, રથમાં જેમ ઘૂઘરીનો રણકાર હોય છે એમ સંઘ રૂપ રથમાં પાંચ પ્રકારના સ્વાધ્યાયરૂપ ઘૂઘરીનાં મંગલ રણકાર સંભળાય છે.

ધ્વજા, અશ્વ અને નંદીઘોષ એ ત્રણેયને ક્રમશઃ શીલ, તપ-નિયમ અને સ્વાધ્યાયથી ઉપમિત કરેલ છે. જેમ રથ સુપથ ગામી હોય છે તેમ સંઘરથ પણ મોક્ષપથનો ગામી છે. એવા સંઘરૂપ રથના કલ્યાણની મંગલ કામના આ ગાથામાં કરેલ છે.

● **સૂત્ર-૭,૮ :-**

***કર્મ રજ રૂપ કાદવ અને જળાશયના જળથી ઉપર ઊઠેલ અર્થાત્ અલિપ્ત, શ્રુત રત્નરૂપ દીર્ઘ નાળયુક્ત, પાંચ મહાવ્રત રૂપ સુદૃઢ કર્ણિકા યુક્ત, ઉત્તરગુણ— ક્ષમા, માર્દવ, આર્જવ, સંતોષ આદિ ગુણ રૂપ પરાગથી યુક્ત, ભાવિક શ્રાવકગણ રૂપ ભમરાઓથી ઘેરાયેલ, તીર્થંકર ભગવાનરૂપ સૂર્યના કેવળજ્ઞાનરૂપ તેજથી વિકસિત, શ્રમણ ગણ રૂપ હજારો પાંખડીઓવાળા, એવા પદ્મકમળરૂપ સંઘનું સદા કલ્યાણ થાઓ.***

● **વિવેચન-૭,૮ :-**

આ બે ગાથામાં શ્રી સંઘને પદ્મકમળની ઉપમાથી અલંકૃત કરેલ છે. જેમ કમળોથી સરોવરની શોભા વધે છે એમ શ્રી સંઘથી જિનશાસનની અને મનુષ્યલોકની શોભા વધે છે. પદ્મકમળને દીર્ઘ નાલ હોય છે એમ શ્રી સંઘને પણ શ્રુત રત્નરૂપ મજબૂત નાલ (ડાંડી) છે. પદ્મકમળને સ્થિર કર્ણિકા હોય છે એમ સાધુ સાધ્વીની પ્રમુખતાવાળા શ્રી સંઘને પણ પાંચ મહાવ્રત રૂપ સ્થિર કર્ણિકા છે. જેમ કમળસૌરભ અને પીતવર્ણી પરાગની સુગંધના કારણે ભ્રમર અને ભ્રમરીઓના સમૂહથી ઘેરાયેલું હોય છે એમ મૂળ ગુણ રૂપ સૌરભથી અને ઉત્તર ગુણરૂપ પીતવર્ણી પરાગ વડે તથા આધ્યાત્મિક રસ પૂર્ણનિગ્રંથ પ્રવચનથી તેમજ આનંદરૂપ મકરંદથી યુક્ત શ્રી સંઘ પણ શ્રાવકગણ રૂપ ભમરોથી પરિવૃત્ત રહે છે.

પદ્મકમળ સૂર્યોદય થતાં વિકસિત થાય છે એમ શ્રી સંઘ રૂપ પદ્મકમળ, તીર્થંકર રૂપ સૂર્યના કેવળજ્ઞાનના તેજ વડે વિકસિત થાય છે. પદ્મકમળ જળ અને કાદવથી અલિપ્ત રહે છે એમ શ્રી સંઘરૂપ પદ્મકમળ કર્મ રૂપ રજ અને આશ્રવ રૂપ પાણીથી અલિપ્ત રહે છે. પદ્મકમળ હજારો પાંખડીઓથી સુશોભિત હોય છે એમ શ્રી

સંઘરૂપ પદ્મકમળ પણ શ્રમણ ગણ રૂપ હજારો પાંખડીઓથી સુશોભિત રહે છે. આ રીતે અનેક સમાનતાઓ વડે સંઘને કમળની ઉપમા આપી છે.

● **સૂત્ર-૯ :-**

***તપ પ્રધાન સંયમરૂપ મૃગચિહ્ન અંકિત, અક્રિયાવાદ આદિ વિવિધ મતમતાંતરરૂપ રાહુ પ્રમુખ ગ્રહોથી ગ્રસિત ન થનાર, સદા નિરાબાધ, દર્શનમોહ-મળથી રહિત, સ્વચ્છ, નિર્મળ, નિરતિચાર, સમ્યક્ત્વરૂપ ચાંદનીથી સુશોભિત છે, એવા ચંદ્રરૂપી સંઘનો સદા જય થાઓ.***

● **વિવેચન-૯ :-**

આ ગાથામાં શ્રી સંઘને ચંદ્રની ઉપમાથી અલંકૃત કરેલ છે. જેમ ચંદ્ર મૃગચિહ્નથી અંકિત, સૌમ્યકાંતિથી યુક્ત તેમજ ગ્રહ, નક્ષત્ર અને તારાઓથી ઘેરાયેલો હોય છે. તેમ ચતુર્વિધ શ્રી સંઘ પણ તપ, સંયમથી યુક્ત છે. મિથ્યાદૃષ્ટિ, નાસ્તિકોથી અજેય હોય છે અર્થાત્ પોતાના અસ્તિત્વમાં સ્થિર રહે છે. જેમ ચંદ્રની સુંદર જ્યોત્સના પ્રકાશક હોય છે તેમ આ ધર્મસંઘમાં સમ્યક્‌શ્રદ્ધાન અને સમ્યક્‌જ્ઞાનરૂપ પ્રકાશ ફેલાયેલો રહે છે અર્થાત્ જ્ઞાન અને શ્રદ્ધાનમાં સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા સદા જોડાયેલા રહે છે.

● **સૂત્ર-૧૦ :-**

***અન્ય મતમતાંતર રૂપ ગ્રહ વગેરેની પ્રભાને નિસ્તેજ કરનાર, પોતાના તપ સંયમના તેજથી દેદીપ્યમાન કાંતિવાળા, જ્ઞાનરૂપ પ્રકાશને ફેલાવનાર અને અજ્ઞાન અંધકારને દૂર કરનાર, વિષય કષાયરૂપ અવગુણોને દૂર કરનાર એવા ઉપશમ પ્રધાન સૂર્યરૂપી સંઘનું સદા કલ્યાણ થાઓ.***

● **વિવેચન-૧૦ :-**

પ્રસ્તુત ગાથામાં શ્રી સંઘને સૂર્યની ઉપમા આપી છે. જેમ સૂર્યોદય થતાં જ સર્વ ગ્રહો નિસ્તેજ થાય છે. તેમ સંઘ રૂપ સૂર્યથી એકાંતવાદી દુર્નયનો આશ્રય લેનાર પરવાદીઓની પ્રભા નિસ્તેજ થાય છે. સૂર્ય જેમ દેદીપ્યમાન છે એમ ચતુર્વિધ સંઘ પણ તપ રૂપ તેજથી સદા દેદીપ્યમાન છે. જેમ સૂર્યપ્રકાશ આપનાર છે, એમ સંઘ પણ જ્ઞાનરૂપ પ્રકાશ આપનાર છે. જેમ સૂર્ય અંધકારનો વિનાશ કરે છે તેમ સાધુ-સાધ્વી પ્રમુખ સંઘ પણ અજ્ઞાન અને અવગુણોનો નાશ કરે છે.

● **સૂત્ર-૧૧ :-**

***જે ધૃતિ અર્થાત્ મૂળ ગુણ અને ઉત્તર ગુણથી વૃદ્ધિ પામતાં આત્મિક પરિણામ રૂપ જળ રાશિની વેલાથી પરિવ્યાપ્ત છે, સ્વાધ્યાય અને શુભ યોગરૂપ મગરમચ્છથી યુક્ત છે, પરીષહ અને ઉપસર્ગ આવવા છતાં ક્ષુબ્ધ ન થતાં નિષ્કંપ અને નિશ્ચલ રહે છે અને જે કર્મવિદારણમાં મહાશક્તિશાળી છે. એવા ઐશ્વર્યયુક્ત વિશાળ સમુદ્રરૂપી સંઘ ભગવાનનું સદા કલ્યાણ થાઓ.***

● **વિવેચન-૧૧ :-**

પ્રસ્તુત ગાથામાં શ્રી સંઘને સમુદ્રની ઉપમાથી ઉપમિત કરેલ છે. પ્રવાહની વૃદ્ધિ થવાથી જેમ સમુદ્રમાં ભરતી આવે છે તેમ શ્રી સંઘરૂપ સમુદ્રમાં પણ ક્ષમા, શ્રદ્ધા,



ભક્તિ, સંવેગ, નિર્વેદ આદિ અનેક સદ્‌ગુણોની ભરતી આવે છે. જેમ મગરમચ્છ આદિ જળચર જીવો સમુદ્રમાં આમ તેમ ફરે છે, તેમ સંઘ-સમુદ્રમાં સ્વાધ્યાય વડે કર્મનો સંહાર થાય છે. જેમ સમુદ્ર પોતાની મર્યાદામાં સદા સ્થિર રહે છે, અનેક નદીઓ તેમાં ભળે છે તો પણ તે ખળભળતો નથી, તેમ પરીષહ અને ઉપસર્ગોના પહાડો નડે છે તો પણ સંઘ નિશ્ચલ રહે છે અર્થાત્ પરીષહ અને ઉપસર્ગને પણ પરાજિત કરે છે. જેમ સમુદ્રમાં અસંખ્ય રત્નરાશિ હોય છે તેમ શ્રી સંઘમાં અનેક સદ્‌ગુણ રૂપ રત્ન વિદ્યમાન છે, શ્રી સંઘ આત્મિક ગુણોથી સુશોભિત છે. સમુદ્ર જેમ ચંદ્ર તરફ જાય છે એમ શ્રી સંઘ મોક્ષ તરફ જાય છે. સમુદ્ર જેમ ગંભીર છે એમ શ્રી સંઘ અનંત ગુણો પ્રાપ્ત થવાથી ગંભીર છે. એવા સંઘને આ ગાથામાં ભગવાન શબ્દથી સન્માનિત કરીને સ્તુતિ કરેલ છે.

● **સૂત્ર-૧૨ થી ૧૭ :-**

***સંઘરૂપ સુમેરુમાં સમ્યગ્‌દર્શન રૂપી શ્રેષ્ઠ વજ્રમય, નિષ્કંપ, ચિરકાલીન, મજબૂત અને ઊંડી આધારશિલા છે. તે શ્રુત ધર્મરૂપી શ્રેષ્ઠ રત્નોથી સુશોભિત છે અને ચારિત્ર ધર્મરૂપી સોનાની તેની મેખલા છે અર્થાત્ ભૂમિનો મધ્યભાગ છે.***

***સંઘરૂપ સુમેરુને વિવિધ યમનિયમરૂપી સોનાનું શિલાતળ છે જેથી ઉજ્જવળ ચમકતાં ઉદાત્ત ચિંતન શુભ અધ્યવસાયરૂપ, અનેક કૂટોથી યુક્ત છે અને ત્યાં શીલરૂપી સૌરભતી મહેકતું મનોહર નંદનવન છે.***

***સંઘરૂપ સુમેરુમાં જીવદયારૂપ સુંદર ગુફાઓ છે. તે ગુફાઓ કર્મરૂપ શત્રુઓનો પરાજય કરનાર, પરવાદીરૂપ મૃગપર વિજય પ્રાપ્ત કરવામાં શ્રેષ્ઠ એવા તેજસ્વી મુનિગણ રૂપ સિંહથી, આકીર્ણ છે અને જ્યાં સેંકડો હેતુરૂપ સોના ચાંદી વગેરે ધાતુઓ નિસ્યંદમાન છે, વહી રહી છે, જ્ઞાન, દર્શન, ચરિત્રરૂપ વિવિધ દેદીપ્યમાન રત્નોથી અને આમર્ષૌષધિ આદિ ૨૮ લબ્ધિઓરૂપ રહસ્યમય જડીબુટ્ટીઓથી સંઘ સુમેરુ શોભાયમાન છે.***

***સંઘરૂપ સુમેરુ સંવરરૂપ શ્રેષ્ઠ જળના સતત પ્રવાહરૂપ ઝરણાઓથી હીરાના હારની જેમ શોભાયમાન છે. તેમજ શ્રાવકગણરૂપ મયૂરો ધર્મસ્થાન રૂપ રમ્યપ્રદેશોમાં આનંદવિભોર થઈ સ્વાધ્યાય સ્તુતિરૂપ પ્રચુર ધ્વનિ કરી રહ્યા છે.***

***સંઘરૂપ સુમેરુપર વિનય ગુણથી વિનમ્ર ઉત્તમ મુનિગણ રૂપ સ્ફુરાયમાન વિદ્યુતથી ચમકતા શિખર સુશોભિત છે. જ્યાં વિવિધ સંયમ ગુણોથી સંપન્ન મુનિવર જ કલ્પવૃક્ષ છે. જેઓ ધર્મરૂપ ફળ અને વિવિધ રિદ્ધિરૂપ ફૂલોથી યુક્ત છે. એવા મુનિવરોથી ગચ્છરૂપ વન પરિવ્યાપ્ત છે.***

***સંઘરૂપ સુમેરુ પર સમ્યગ્ જ્ઞાનરૂપી શ્રેષ્ઠ રત્નોથી દેદીપ્યમાન મનોજ્ઞ નિર્મળ વૈડૂર્યમયી ચૂલિકા છે એવા તે મહામંદર પર્વતરાજ રૂપ સંઘને હું વિનયપૂર્વક નમ્રતા સાથે વંદન કરું છું.***

● **વિવેચન-૧૨ થી ૧૭ :-**

પ્રસ્તુત ગાથામાં સ્તુતિકારે શ્રી સંઘને મેરુ પર્વતની ઉપમાથી અલંકૃત કરેલ

છે. દરેક સાહિત્યકારે સુમેરુ પર્વતનું મહાત્મ્ય બતાવ્યું છે. મેરુ પર્વત જંબૂદ્વીપના મધ્યભાગમાં સ્થિત છે. જે એક હજાર જોજન પૃથ્વીમાં ઊંડો છે અને નવ્વાણું હજાર જોજન ઊંચો છે. મૂળમાં તેની જાડાઈ દસ હજાર જોજન છે. તેના પર ચાર વન છે – (૧) ભદ્રશાલવન (૨) સોમનસવન (૩) નંદનવન (૪) પંડગવન. તેને ત્રણ કાંડ છે – રજતમય, સુવર્ણમય અને વિવિધરત્નમય. તેને ચાલીશ જોજનની ચૂલિકા છે. આ પર્વત વિશ્વના સર્વ પર્વતોથી ઊંચો છે.

મેરુપર્વતને વજ્રમય પીઠિકા, સુવર્ણમય મેખલા અને કનકમય અનેક શિલાઓ છે. તેને દેદીપ્યમાન ઊંચા અનેક કૂટ છે. વનોમાં નંદનવન સવિશેષ રમણીય છે. જેમાં અનેક કંદરાઓ, ગુફાઓ છે. તેની અંદર અનેક પ્રકારની ધાતુઓ છે. આ રીતે મેરુ પર્વત વિશિષ્ટ રત્નોનું ઉદ્‌ભવસ્થાન છે. તે અનેક પ્રકારની ઔષધિઓથી પરિવ્યાપ્ત છે. તેની ગુફાઓમાં અનેક પક્ષીઓનો સમૂહ આનંદવિભોર બનીને કલરવ કરે છે, તેમજ મયૂરો નૃત્ય કરે છે. તેના ઊંચા ઊંચા શિખરો વિદ્યુતની પ્રભાની જેમ ચમકી રહ્યા છે. તેના વનવિભાગો કલ્પવૃક્ષોથી સુશોભિત છે. તે કલ્પવૃક્ષો સુગંધિત ફૂલો અને ફળોથી યુક્ત છે. આવી અનેક પ્રકારની વિશેષતાઓથી તે મહાગિરિરાજ શોભાયમાન છે, જેની તુલના થઈ શકે એમ નથી. એવા શ્રેષ્ઠ પર્વતરાજની ઉપમાથી ચતુર્વિધ શ્રી સંઘને ઉપમિત કરેલ છે.

મેરુની ભૂપીઠિકા વજ્રમયી છે. એમ સંઘરૂપ મેરુની ભૂપીઠિકા શ્રેષ્ઠ સમ્યગ્‌દર્શન છે. જેમ મેરુને ઉજ્જવળ સોનાની આધારશિલા છે એમ સંઘમેરુને સમ્યગ્‌દર્શનરૂપ સુદૃઢ આધારશિલા છે. તે આધારશિલા શંકા, કંખા આદિ દૂષણરૂપ વિવરોથી રહિત છે. જેમ મેરુ શાશ્વત છે, ચિરંતન છે એમ સંઘમેરુ પણ પ્રતિપળે વિશુદ્ધ અધ્યવસાયથી ચિરંતન છે. જેમ મેરુ ગહન છે એમ સંઘમેરુને તીવ્ર તત્ત્વ વિષયક અભિરુચિ હોવાના કારણે તે નક્કર છે અર્થાત્ સમ્યક્ બોધ હોવાના કારણે તેમજ જીવાદિ નવ તત્ત્વ અને ષટ્ દ્રવ્યોમાં નિમગ્ન હોવાના કારણે તે નક્કર છે. જેમ મેરુ રત્નની શૃંખલાથી અલંકૃત છે એમ સંઘમેરુ ઉત્તર ગુણરૂપ રત્ન અને મૂળ ગુણ રૂપ સોનાની મેખલાથી અલંકૃત છે. આ રીતે બધી ઉપમાઓ અને તેના વિશેષણો ઘટિત કરી લેવા જોઈએ.

સંઘમેરુની પીઠિકા સમ્યગ્‌દર્શન છે. વિવિધ ધર્મરૂપ સુવર્ણ મેખલા અને રત્નોથી તે સુશોભિત છે. તેમાં યમ અને નિયમ અને તપરૂપ સુવર્ણની શિલાઓ છે અને પવિત્ર અધ્યવસાય દેદીપ્યમાન ઊંચા કૂટ છે. આગમોનું અધ્યયન, શીલ, સંતોષ આદિ અદ્વિતીય ગુણોરૂપ નંદનવનથી શ્રી સંઘ મેરુ પરિવૃત્ત છે. મનુષ્ય તથા દેવોને તે આનંદિત કરે છે, સંઘમેરુના ગુણોરૂપ નંદનવનમાં આવીને દેવો પણ પ્રસન્નતાનો અનુભવ કરે છે.

સંઘમેરુ પ્રતિવાદીઓના કુતર્કમય એકાંતવાદનું નિરાકરણ રૂપ વિવિધ પ્રકારની ધાતુઓથી સુશોભિત છે, શ્રુતજ્ઞાનરૂપ રત્નોથી પ્રકાશમાન છે અને આમર્ષ આદિ ૨૮ લબ્ધિઓરૂપ ઔષધિઓથી પરિવ્યાપ્ત છે.



સંઘમેરુમાં સંવરરૂપ વિશુદ્ધ ઝરણાઓ વહી રહ્યાં છે. એ ઝરણાઓ સંઘમેરુના ગળાનો જાણે હાર હોય, એવા શોભી રહ્યા છે. સંઘમેરુની પ્રવચન શાળાઓ જિનવાણીના ગંભીર અવાજથી ગુંજી રહી છે. જે વાણી સાંભળીને શ્રાવકગણરૂપ મયૂરો પ્રસન્ન થઈને નાચી ઊઠે છે અર્થાત્ આનંદવિભોર બની જાય છે.

સંઘમેરુ વિનયધર્મ અને અન્ય ગુણ સમૂહરૂપ વિદ્યુતથી ચમકી રહ્યો છે. પ્રલયકાળના પવનથી પણ મેરુ પર્વત ક્યારે ય વિચલિત થતો નથી. એ જ રીતે સંઘમેરુ પણ અજ્ઞાની જીવો દ્વારા આપવામાં આવતાં પરીષહ અને ઉપસર્ગથી વિચલિત થતો નથી. સંઘમેરુ અત્યંત મનોહર અને નયનરમ્ય છે અને તે અલૌકિક લક્ષ્મીથી શોભાયમાન છે. એવા મહામંદર પર્વતરાજ રૂપ સંઘની સ્તુતિ અને વિનયપૂર્વક વંદન કરતાં સૂત્રકાર ભક્તિ રસમાં લીન બન્યા છે.

● **સૂત્ર-૧૮,૧૯ :-**

***(૧) ઋષભદેવ (૨) અજિતનાથ (૩) સંભવનાથ (૪) અભિનંદન (૫) સુમતિનાથ (૬) પદ્મપ્રભ (સુપ્રભ) (૭) સુપાર્શ્વનાથ (૮) ચંદ્રપ્રભ (શશી) (૯) સુવિધિનાથ (પુષ્પદંત) (૧૦) શીતલનાથ (૧૧) શ્રેયાંસનાથ (૧૨) વાસુપૂજ્ય (૧૩) વિમલનાથ (૧૪) અનંતનાથ (૧૫) ધર્મનાથ (૧૬) શાંતિનાથ (૧૭) કુંથુનાથ (૧૮) અરનાથ (૧૯) મલ્લિનાથ (૨૦) મુનિસુવ્રત (૨૧) નમિનાથ (૨૨) નેમિનાથ (૨૩) પાર્શ્વનાથ (૨૪) વર્ધમાન-શ્રમણ ભગવાન મહાવીરસ્વામીને હું વંદન કરું છું.***

● **વિવેચન-૧૮,૧૯ :-**

પ્રસ્તુત બે ગાથામાં વર્તમાન અવસર્પિણીકાળના ચોવીશ તીર્થંકરોની સ્તુતિ કરેલ છે. પાંચ ભરત અને પાંચ ઐરવત, એ દશ ક્ષેત્રોમાં અનાદિકાળથી ઉત્સર્પિણી અવસર્પિણી રૂપમાં કાળ સ્વભાવનું પરાવર્તન થયા કરે છે. તે બન્ને મળીને એક કાળ ચક્ર થાય છે. એક કાળ ચક્રમાં બાર આરા હોય છે, તેમાં છ આરા અવસર્પિણીના અને છ આરા ઉત્સર્પિણીના હોય છે.

પ્રત્યેક અવસર્પિણી અને ઉત્સર્પિણીમાં ચોવીસ તીર્થંકર, બાર ચક્રવર્તી, નવ બળદેવ, નવ વાસુદેવ, નવ પ્રતિવાસુદેવ એમ ત્રેસઠ શ્લાઘનીય પુરુષો થાય છે. ઋષભદેવ ભગવાન અને તેના મોટા પુત્ર ભરત ચક્રવર્તી અવસર્પિણી કાળના ત્રીજા આરામાં થયાં. શેષ ૬૧ મહાપુરુષ ચોથા આરામાં થયા. વર્તમાનમાં અવસર્પિણી કાળનો પાંચમો આરો ચાલે છે.

અવસર્પિણીથી ઉલટા ક્રમથી ઉત્સર્પિણી કાળના ત્રીજા આરામાં ત્રેવીસ તીર્થંકર, ૧૧ ચક્રવર્તી વગેરે ૬૧ મહાપુરુષો થાય, તેના ચોથા આરામાં ચોવીસમાં તીર્થંકર અને બારમાં ચક્રવર્તી થાય. આ નિયમ અનાદિનો છે. તીર્થંકરનું પદ વિશ્વમાં સર્વોત્તમ ગણાય છે. તીર્થંકરદેવ ધર્મનીતિના મહાન પ્રવર્તક હોય છે. ભગવાન મહાવીર સ્વામી ચોવીસમાં તીર્થંકર થયા. દરેક તીર્થંકર સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકારૂપ તીર્થની સ્થાપના કરે છે. તેઓ ત્રણ લોકના પૂજ્ય અને વંદનીય હોવાથી, તેઓના કોઈ ગુરુ

હોતા નથી. કારણ કે તે સ્વયં બુદ્ધ હોય છે. તેઓની સાધનામાં કોઈ સહાયક હોતા નથી. તેઓને જન્મતાં જ ત્રણ જ્ઞાન હોય છે. તેઓ દીક્ષિત થાય કે તરત જ તેઓને વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન થાય છે. ઘાતિકર્મનો સર્વથા નાશ થતાં તેઓને કેવળજ્ઞાન થાય છે. ત્યારબાદ તેઓ ધર્મતીર્થની સ્થાપના કરે છે તેથી તેમને તીર્થંકર કહેવાય છે.

**● સૂત્ર-૨૦,૨૧ :-**

***ભગવાન મહાવીરના અગિયાર ગણધરો હતા. તે આ પ્રમાણે છે — (૧) ઈન્દ્રભૂતિ (૨) અગ્નિભૂતિ (૩) વાયુભૂતિ (૪) વ્યક્ત (૫) સુધર્માસ્વામી (૬) મંડિતપુત્ર (૭) મૌર્યપુત્ર (૮) અકંપિત (૯) અચલભ્રાતા (૧૦) મેતાર્ય (૧૧) પ્રભાસ.***

**● વિવેચન-૨૦,૨૧ :-**

શ્રમણ ભગવાન મહાવીરના નવ ગણોના વ્યવસ્થાપક અગિયાર ગણધર હતા. અગિયાર પૈકી ઈન્દ્રભૂતિ, અગ્નિભૂતિ અને વાયુભૂતિ એ ત્રણે ય સહોદર ભાઈઓ હતા. ભગવાન મહાવીરને વૈશાખ સુદ દસમના દિવસે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી. તે સમયે અપાપા નગરીમાં સોમિલ નામના બ્રાહ્મણે પોતાના યજ્ઞ સમારોહમાં એ અગિયારે ય મહામહોપાધ્યાયોને તેના શિષ્ય સમુદાય સાથે આમંત્રિત કર્યા હતા.

એ જ અપાપા નગરીની બહાર મહાસેન નામના ઉદ્યાનમાં ભગવાન મહાવીરનું પદાર્પણ થયું. દેવકૃત સમવસરણ અને જનસમૂહના મેળાને જોઈને સર્વપ્રથમ મહોપાધ્યાય ઈન્દ્રભૂતિ અને તેની પાછળ વારાફરતી અન્ય સર્વ મહોપાધ્યાય પોતપોતાના શિષ્ય સમુદાય સહિત ભગવાન મહાવીરના સમવસરણમાં પહોંચ્યા. તેઓ દરેકના મનમાં જુદી જુદી એકેક શંકા હતી. પોતાની શંકા તેઓ કોઈને કહેતા ન હતાં. તોપણ સર્વજ્ઞ દેવ પ્રભુ મહાવીરે પોતાના જ્ઞાન વડે તેમની શંકાઓ બતાવીને સમાધાન કર્યું. તેથી પ્રભાવિત થઈને દરેક બ્રાહ્મણો થઈને કુલ ૪૪,૦૦૦ના સમુદાય સાથે પ્રભુ મહાવીર સ્વામીના શિષ્યો બની ગયા. તેઓએ ગણની સ્થાપના કરી. તે ગણોને ધારણ કરનાર થયા તેથી તેઓને ગણધર કહેવાય છે. ગણ-ગચ્છનું દરેક કાર્ય ગણધરોની જવાબદારી પર હોય છે. તે અગિયાર ઉપાધ્યાયોને ગણધરપદ પર સ્થાપિત કરવામાં આવ્યા.

સૂત્રાનુસાર ગણધરો કેવળજ્ઞાની તીર્થંકર ભગવાનની પ્રથમ દેશનામાં દીક્ષિત થઈ જાય છે અને દીક્ષિત થતાં તેઓને છ જીવનીકાય અને મહાવ્રતોનું વિસ્તૃત સ્વરૂપ ભગવાન પાસે સાંભળતાં સમજતાં ગણધર લબ્ધિના કારણે શ્રુતજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થતાં દ્વાદશાંગીનું જ્ઞાન ઉપલબ્ધ થઈ જાય છે. તેથી તેઓનું શ્રુતજ્ઞાન આત્માગમ કહેવાય છે.

આત્મગમ જ્ઞાન પણ કોઈને કોઈ નિમિત્તથી થઈ જાય છે. ગણધરોને પણ તીર્થંકરોની પાસે બોધ પામતાં અને દીક્ષિત થતાં દ્વાદશાંગીનું જ્ઞાન આત્માગમ થાય છે.

ઉપ્પણ્ણેઇ વા વિગમેઇ વા ધુવેઇ વા :- જગતના પ્રત્યેક પદાર્થ પર્યાય દૃષ્ટિથી ઉત્પન્ન થાય છે અને નષ્ટ થાય છે પરંતુ દ્રવ્ય દૃષ્ટિથી દરેક પદાર્થ ધ્રુવ-નિત્ય છે.



પ્રત્યેક તીર્થંકરો પ્રથમ દેશનામાં દીક્ષિત શિષ્યોને સંક્ષેપમાં આ ત્રણ તત્ત્વની વ્યાખ્યા સમજાવે છે. તેના નિમિત્તથી, પોતાની બીજ બુદ્ધિ વડે, શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી અને ગણધર લબ્ધિના પુણ્ય પ્રભાવથી દ્વાદશાંગીનું જ્ઞાન વિશિષ્ટ શિષ્યોને તે જ સમયે ઉપલબ્ધ થઈ જાય છે. એવા શિષ્યો તીર્થંકર પ્રભુની શ્રમણ સંપદાના ગણોને ધારણ કરે છે. તેથી તેઓ ગણધર કહેવાય છે અને તે ગણધર દેવ સૂત્રરૂપે દ્વાદશાંગી શ્રુતની રચના કરે છે. આ પ્રમાણે જિનશાસનમાં ગણધરોનો પરમ ઉપકાર હોય છે.

**● સૂત્ર-૨૨ :-**

***સમ્યગ્‌દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ અથવા પાપની નિવૃત્તિરૂપ નિર્વાણપથના પ્રદર્શક, જીવાદિ સર્વે પદાર્થોના પ્રરૂપક અર્થાત્ સર્વભાવોના પ્રરૂપક અને કુદર્શનીઓના અહંકારના નાશક, જિનેન્દ્ર ભગવાન મહાવીરનું શાસન સદા-સર્વદા જયવંતુ થાઓ.***

**● વિવેચન-૨૨ :-**

તીર્થંકર અને ગણધરોની સ્તુતિ પછી આ ગાથામાં જિન પ્રવચન તથા જિન શાસનની સ્તુતિ કરવામાં આવી છે. જેમકે — (૧) આ શાસનમાં સાચા મોક્ષમાર્ગની નિવૃત્તિપ્રધાન આચાર સાધના દર્શાવેલ છે. (૨) હેય, જ્ઞેય, ઉપાદેય જીવાદિ તત્ત્વોનું સ્વરૂપ પ્રરૂપેલ છે અને વિવિધ મતમતાંતરના કુસિદ્ધાંતોના મદને તર્કપૂર્ણ સમાધાનોથી દૂર કરવામાં આવે છે. જેમ સૂર્યના પ્રકાશથી અંધકાર નષ્ટ થઈ જાય છે તેમ જિનશાસન કુત્સિત માન્યતાઓનું નાશક છે અને આ શાસન પ્રાણીમાત્રનું હિતૈષી હોવાથી સદૈવ ઉપાદેય છે તેમજ મુમુક્ષુ દ્વારા ગ્રાહ્ય છે. આ કારણે જિનશાસન સર્વોત્કૃષ્ટ છે. માટે જયઇ ક્રિયાપદ આપેલ છે. આ શાસન સંપૂર્ણ વિશ્વમાં સર્વોપરિ અતિશયવાન હોવાથી તેનો સદા જય થાઓ એવી શુભકામના સાથે સ્તુતિ કરેલ છે.

**● સૂત્ર-૨૩ :-**

***ભગવાન મહાવીર સ્વામીના પંચમ ગણધર અગ્નિવેશ્યાયન ગોત્રી શ્રી સુધર્માસ્વામી હતા. તેના શિષ્ય કાશ્યપ ગોત્રીય જંબૂસ્વામી થયા. તેના શિષ્ય કાત્યાયન ગોત્રીય પ્રભવસ્વામી થયા અને તેના શિષ્ય વત્સગોત્રીય શ્રી શય્યંભવ સ્વામી થયા. તે દરેક યુગપ્રધાન આચાર્ય પ્રવરોને હું (દેવવાચક) વંદન કરું છું.***

**● વિવેચન-૨૩ :-**

આ ગાથામાં દેવવાચક ગણિશ્રીએ ભગવાન મહાવીર નિર્વાણપદ પામ્યા પછીના ગણાધિપતિ સુધર્માસ્વામી આદિ કેટલાક પટ્ટધર આચાર્યોનું અભિવાદન કરેલ છે. કાલિકશ્રુત અને તેના અનુયોગધરની સ્તુતિ સુધર્મા સ્વામીથી પ્રારંભ થાય છે. કારણ કે તેમના સિવાય શેષ ગણધરોની શિષ્ય પરંપરા ચાલી નથી.

(૧) સુધર્માસ્વામી ૫૦ વર્ષ ગૃહસ્થાવસ્થામાં રહ્યા, ત્રીસ વર્ષ પર્યંત ગણધરપદવીએ રહ્યા, બાર વર્ષ સુધી આચાર્ય પદે રહ્યા અને આઠ વર્ષ સુધી કેવળી પર્યાયમાં રહ્યા. આ રીતે ૧૦૦ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરીને નિર્વાણ પામ્યા.

(૨) સુધર્માસ્વામીના પટ્ટધર શિષ્ય શ્રી જંબૂસ્વામી હતા. તેઓ રાજગૃહનગરના નિવાસી શેઠ ઋષભદત્ત અને ધારિણી શેઠાણીના પુત્ર હતા. ૯૯ કરોડ સુવર્ણમુદ્રા તથા દેવાંગના જેવી આઠ સ્ત્રીઓનાં મોહ મમત્વને છોડીને તેમણે ૧૬ વર્ષની ઉંમરે દીક્ષા લીધી, ૧૨ વર્ષ ગુરુની સેવામાં રહીને શાસ્ત્રીય જ્ઞાન પ્રાપ્ત કર્યું, ૮ વર્ષ આચાર્યપણે વિચર્યા, ૪૪ વર્ષ કેવળી પર્યાયમાં વિચર્યા. જંબૂસ્વામી ભગવાન મહાવીર સ્વામીના નિર્વાણ પછી ૬૪ વર્ષે મોક્ષ પધાર્યા. જંબૂસ્વામીનું આયુષ્ય ૮૦ વર્ષનું હતું.

(૩) જંબૂસ્વામીના પટ્ટધર શિષ્ય પ્રભવસ્વામી હતા. તે ૫૦૦ ચોરના ઉપરી હતા. એક રાત્રિએ તેઓ પોતાના ૫૦૦ સાથીઓને લઈને જંબૂકુમારની સંપત્તિ લૂંટવા માટે ગયા. એ સમયે જંબૂકુમારની સંપત્તિને તેમના પ્રભાવે તેઓ લઈ ન શક્યા. જંબૂકુમારે વડે તેઓ પ્રતિબોધિત થયા.

જે સ્વયં વૈરાગ્યના રંગથી અનુરંજિત હોય છે, તે બીજાને પોતાના જેવા બનાવી શકે છે. પ્રભવ સ્વામી અને તેના સાથીઓ જંબૂસ્વામીના ઉપદેશથી જંબૂસ્વામીની સાથે જ દીક્ષિત થયા. પ્રભવસ્વામી ૩૦ વર્ષ ગૃહવાસમાં રહ્યા, ૪૫ વર્ષ દીક્ષિત જીવનમાં રહ્યા. ૧૧ વર્ષ આચાર્યપણે વિચરીને ભગવાન મહાવીરના નિર્વાણથી ૭૫ વર્ષ પછી ૮૬ વર્ષની ઉંમરે સ્વર્ગે પધાર્યા.

(૪) શ્રી પ્રભવસ્વામીના પટ્ટધર શિષ્ય શ્રી શય્યંભવસ્વામી હતા. તેઓ ૨૮ વર્ષ ગૃહવાસમાં રહ્યા, ૧૧ વર્ષ સામાન્ય સાધુ-પર્યાયમાં રહ્યા, ૨૩ વર્ષ આચાર્યપણે રહ્યા, બાસઠ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરીને ભગવાન મહાવીરના નિર્વાણ પછી ૯૮ વર્ષ પછી સ્વર્ગે પધાર્યા.

● **સૂત્ર-૨૪ :-**

***તુંગિક ગોત્રીય યશોભદ્રને, માઢર ગોત્રીય સંભૂતિવિજયને, પ્રાચીન ગોત્રીય ભદ્રબાહુસ્વામીને અને ગૌતમગોત્રીય સ્થૂલિભદ્રસ્વામીને હું વંદન કરું છું.***

● **વિવેચન-૨૪ :-**

(૧) યશોભદ્ર સ્વામી આચાર્ય શ્રી શય્યંભવ સ્વામીના પટ્ટધર શિષ્ય હતા. તેઓ ૨૨ વર્ષ ગૃહવાસમાં રહ્યા, ૧૪ વર્ષ સંયમ પર્યાયમાં રહ્યા, ૫૦ વર્ષ આચાર્ય પદે રહ્યા. આ રીતે ૮૬ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરીને સ્વર્ગવાસી થયા. વીર નિર્વાણ પછી ૧૪૮ વર્ષે તેઓ સ્વર્ગે સિધાવ્યા.

(૨) સંભૂતિવિજય અને ભદ્રબાહુ બન્ને યશોભદ્ર સ્વામીના શિષ્ય હતા. સંભૂતિવિજય ૪૨ વર્ષ ગૃહવાસમાં રહ્યા, ૪૦ વર્ષ શ્રુત, સંયમ અને તપની આરાધનામાં વ્યતીત કર્યા, ૮ વર્ષ યુગપ્રવર્તક આચાર્યપણે રહ્યાં. ૯૦ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી વીર નિર્વાણ પછી ૧૫૬ વર્ષે તેઓ સ્વર્ગવાસી થયા.

(૩) સંભૂતિ વિજયના ગુરુભાઈ ભદ્રબાહુ ૪૫ વર્ષ ગૃહવાસમાં રહ્યા, ૧૭ વર્ષ સંયમ પર્યાયનું પાલન કર્યું, ૧૪ વર્ષ યુગપ્રધાન આચાર્યપણે વિચર્યા. તેઓશ્રીએ શ્રુતજ્ઞાનનો અત્યંત પ્રચાર કર્યો. તેઓનું આયુષ્ય ૭૬ વર્ષનું હતું. વીર નિર્વાણ પછી ૧૭૦ વર્ષ બાદ તેઓશ્રી દેવલોક પધાર્યા.



(૪) સ્થૂલભદ્રજી યુગપ્રધાન આચાર્ય હતા. તેઓશ્રી ૩૦ વર્ષ સુધી ગૃહવાસમાં રહ્યા, ૨૪ વર્ષ સાધનામાં રહ્યા, ૪૫ વર્ષ આચાર્યપણે વિચર્યા. તેઓશ્રીએ પૂર્વોનું જ્ઞાન આચાર્યશ્રી ભદ્રબાહુસ્વામી પાસેથી પ્રાપ્ત કર્યું. તેઓશ્રી ૯૯ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરીને વીર સંવત ૨૧૫ વર્ષ બાદ સ્વર્ગવાસી બન્યા. તેઓશ્રીને યુગના કામવિજેતા કહેવાતા હતા. આચાર્ય પ્રભવ, શય્યંભવ, યશોભદ્ર, સંભૂતિવિજય, ભદ્રબાહુ અને સ્થૂલભદ્ર-સ્વામી, એ છ આચાર્ય ૧૪ પૂર્વોના જ્ઞાતા હતા.

● **સૂત્ર-૨૫ :-**

***એલાપત્ય ગોત્રીય આચાર્ય મહાગિરિ અને આચાર્ય સુહસ્તી, ત્યાર પછી કૌશિક ગોત્રીય બહુલ અને બલિસ્સહને હું વંદન કરું છું.***

● **વિવેચન-૨૫ :-**

આ ગાથામાં પહેલાં કામવિજેતા સ્થૂલીભદ્રના પ્રમુખ બે શિષ્ય મહાગિરિ અને સુહસ્તીને વંદન કરેલ છે. ત્યાર પછી મહાગિરિના બે શિષ્યોને વંદન કરેલ છે, જે બન્ને સગા ભાઈ હતા, બંને બહુશ્રુત અનુયોગધર થયા.

● **સૂત્ર-૨૬ :-**

***હારિતગોત્રી આચાર્ય સ્વાતિ અને શ્યામાર્યને હું વંદન કરું છું. ત્યાર પછી કૌશિક ગોત્રીય શાંડિલ્ય અને આર્ય જીતધરને હું વંદન કરું છું.***

● **વિવેચન-૨૬ :-**

સ્વાતિ, શ્યામ, શાંડિલ્ય અને જીતધર એમ જુદા જુદા શ્રુતધરોને વંદન કરેલ છે. આમ આ ગાથામાં ચાર અનુયોગધરોને વંદન કરવામાં આવેલ છે. જીત શબ્દનો અર્થ છે શાસ્ત્રીય મર્યાદા, જેને કલ્પ પણ કહેવાય. એ મર્યાદાને ધારણ કરનારને આર્ય જીતધર કહેવાય છે. શાંડિલ આચાર્યના આર્ય જીતધર શિષ્ય હતા અને તે પણ યુગ પ્રધાન આચાર્ય હતા.

● **સૂત્ર-૨૭ :-**

***પૂર્વ, દક્ષિણ અને પશ્ચિમ ત્રણે દિશાઓમાં રહેલ લવણ સમુદ્રના ત્રણ ભાગોમાં ખ્યાતિ પ્રાપ્ત તેથી વિવિધ દ્વીપ અને સમુદ્રોમાં પ્રધાનતા પ્રાપ્ત, ક્યારે ય પણ ક્ષુબ્ધ ન થતાં સમુદ્રની સમાન ગંભીર આર્ય સમુદ્રને હું વંદન કરું છું.***

● **વિવેચન-૨૭ :-**

આ ગાથામાં આચાર્ય શાંડિલ્યના ઉત્તરવર્તી આર્યસમુદ્ર નામા આચાર્યને વંદન કરેલ છે અને તેની સાથે તે આચાર્યની મહત્તા અને વિદ્વતાનો પણ પરિચય આપેલ છે. પૂર્વ, દક્ષિણ અને પશ્ચિમ દિશાના લવણ સમુદ્રને ગાથામાં ત્રિસમુદ્ર કહેવાયેલ છે. આર્યસમુદ્રની કીર્તિ લવણ સમુદ્ર પર્યંત વ્યાપ્ત હતી. કેમ કે આ ભરતક્ષેત્રની સીમા ત્રણ દિશાઓના સમુદ્ર પર્યંત છે અને ઉત્તર દિશામાં વૈતાઢ્ય અને હિમવાન પર્વત સુધી છે. પોતાની શુભ કીર્તિ દ્વારા તે આચાર્ય સંપૂર્ણ ભરતક્ષેત્રમાં પ્રસિદ્ધ હતા નામ પ્રમાણે તેની ગંભીરતા સમુદ્ર જેવી હતી.

● **સૂત્ર-૨૮ :-**

***કાલિકસૂત્રની પ્રતિદિન સ્વાધ્યાય કરનાર, શાસ્ત્રાનુસાર ક્રિયા કલાપ કરનાર, ધર્મ ધ્યાનમાં સંલગ્ન, જ્ઞાન, દર્શન અને ચારિત્ર આદિ રત્નત્રયના ગુણોને દીપાવનાર અને શ્રુત સાગરના પારગામી તેમજ ધીરતા આદિ ગુણોની ખાણ, આચાર્યશ્રી આર્યમંગુ મહારાજને હું નમસ્કાર કરું છું.***

● **વિવેચન-૨૮ :-**

આ ગાથામાં સૂત્રકારે આર્ય સમુદ્ર પછી શ્રી આર્ય મંગુજીસ્વામીના ગુણોનું દિગ્દર્શન કરાવ્યું છે અને તેઓશ્રીને ભાવભીની વંદના કરેલ છે.

● **સૂત્ર-૨૯ :-**

***આર્ય ધર્મ મહારાજને, ત્યારબાદ આચાર્યશ્રી ભદ્રગુપ્ત મહારાજને હું વંદન કરું છું. ત્યારબાદ તપ, નિયમ-સંયમ આદિ ગુણોથી સંપન્ન વજસમાન દૃઢ આચાર્યશ્રી આર્ય વજસ્વામીને હું વંદન કરું છું.***

● **વિવેચન-૨૯ :-**

આ ગાથામાં યુગપ્રધાન ત્રણ આચાર્યોનો ક્રમશઃ પરિચય આપેલ છે. (૧) આર્યધર્મ (૨) ભદ્રગુપ્ત (૩) આર્યવજસ્વામી. આ ત્રણે ય આચાર્ય તપ, નિયમ અને ગુણોથી સમૃદ્ધ હતા.

આચાર્યો માર્ગ પ્રદર્શક અને શ્રી સંઘના રક્ષક હોય છે. આર્ય ધર્મ દૃઢધર્મી હતા. શ્રી ભદ્રગુપ્ત ગુપ્તેન્દ્રિય હતા. આર્ય વજસ્વામી તપ અને ચારિત્ર આદિ ગુણોમાં વજસમાન દૃઢ હતા. આર્ય વજસ્વામી વીર નિર્વાણની છઠ્ઠી શતાબ્દીમાં દેવગતિ પામ્યા છે.

● **સૂત્ર-૩૦ :-**

***જેઓને દરેક સંયમી મુનિઓની અને પોતાના ચારિત્રની રક્ષા કરી તથા જેઓએ રત્નોની પેટી સમાન અનુયોગની રક્ષા કરી તે તપસ્વીરાજ આચાર્ય શ્રી આર્ય રક્ષિતને હું વંદના કરું છું.***

● **વિવેચન-૩૦ :-**

આ ગાથામાં આચાર્ય રક્ષિતને વંદના કરેલ છે. આર્યરક્ષિત તપસ્વી હોવા છતાં વિદ્વતામાં બહુ આગળ હતા. તેઓશ્રીની બુદ્ધિ સ્વચ્છ અને નિર્મળ હતી તેથી તેઓએ નવ પૂર્વનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. તેઓના દીક્ષા ગુરુ તોસલી આચાર્ય હતા. આર્ય રક્ષિતનું જીવન વિશુદ્ધ ચારિત્રથી ઉજ્જવળ હતું. જેમ ગૃહસ્થો રત્નોના ડબ્બાની રક્ષા સાવધાનીપૂર્વક કરે છે, તેમજ તેઓએ અનુયોગની પણ રક્ષા કરી હતી.

આર્ય રક્ષિતે ચારે અનુયોગને પૃથક્ કરેલા તથા શબ્દોના અનુયોગ-સુંદર રીતે અર્થ કરવાની ગંભીર વિધિનું સંકલન કરેલ છે. તેથી સૂત્રકારે શ્રદ્ધાપૂર્વક તેઓને અનુયોગરક્ષક કહીને વંદન કર્યા છે.

● **સૂત્ર-૩૧ :-**

***જ્ઞાન, દર્શન તપ અને વિનયાદિ ગુણોમાં સદા ઉધમવંત અને રાગ-દ્વેષ***





***રહિત પ્રસન્નમના આદિ અનેક ગુણોથી સંપન્ન, આર્ય નંદિલ ક્ષમાશ્રમણને હું મસ્તક નમાવીને વંદન કરું છું.***

● **વિવેચન-૩૧ :-**

આ ગાથામાં આર્ય નંદિલ ક્ષમાશ્રમણ વિષે વર્ણન કર્યું છે. આર્ય નંદિલ ક્ષમાશ્રમણ સદા જ્ઞાન, દર્શન, તપ, વિનય અને ચારિત્ર પાલનમાં પ્રયત્નશીલ રહેતા હતા. જેનું મન સદા પ્રસન્ન રહેતું હતું. જે મુનિધર્મમાં નિત્ય ઉધમશીલ રહે તેનું મન સદા પ્રસન્ન રહે છે. જેમ ત્રણ લોકમાં સુદુર્લભ ચિંતામણિ રત્ન કોઈને મળી જાય તો તે અતિ પ્રસન્ન થઈ જાય છે એમ જ ભાગ્યવાન વ્યક્તિને ચારિત્રરૂપ ચિંતામણિ નવરત્ન મળી જાય તો તે અતિ પ્રસન્ન થઈ જાય છે. માટે દરેક મુનિઓએ યાદ રાખવાનું છે કે ચિત્તની પ્રસન્નતા અને અપ્રમત્તભાવથી જ્ઞાન, દર્શન, તપ અને વિનયમાં ઉધમ, એ બન્ને આત્મવિકાસ માટે પરમ આવશ્યક છે.

● **સૂત્ર-૩૨ :-**

***જે પ્રશ્નોના ઉત્તર પ્રદાન કરવામાં નિપુણ, ભાંગા બનાવવાની પદ્ધતિના વિશિષ્ટ જ્ઞાતા તેમજ કર્મપ્રકૃતિ-કર્મસિદ્ધાંતમાં અર્થાત્ તેની વિશેષ પ્રકારે પ્રરૂપણા કરવામાં પ્રધાન, એવા આચાર્ય નંદિલ ક્ષમાશ્રમણના પટ્ટધર શિષ્ય આચાર્યશ્રી આર્યનાગહસ્તીનો વાચકવંશ યશોવંશની માફક અભિવૃદ્ધિ પામે.***

● **વિવેચન-૩૨ :-**

આ ગાથામાં આર્ય નાગહસ્તીજીનો જીવન પરિચય મળે છે. આર્ય નાગહસ્તીજી તે યુગના અનુયોગધરોમાં ધુરંધર વિદ્વાન હતા. તેનો યશસ્વી વાચકવંશ વૃદ્ધિને પ્રાપ્ત થાઓ, એવું કહીને દેવવાચકજીએ પોતાની મંગલ કામના વ્યક્ત કરી છે.

જે શિષ્યોને શાસ્ત્રધ્યયન કરાવે તેને વાચક કહેવાય છે. વાચક ઉપાધ્યાય પદના પ્રતીક હોય છે. ''जसवंशो वड्डउ'' આ પદથી એમ સૂચિત થાય છે કે — જે વંશ ઉજ્જવળ યશપ્રધાન હોય તે વંશની જ વૃદ્ધિ થાય છે. ગાથાના ઉત્તરાર્ધમાં તેમની વિદ્વત્તાનો પરિચય આપ્યો છે. તેમજ વ્યાકરણ શબ્દથી તેઓને પ્રશ્નોના ઉત્તર આપવામાં નિપુણ બતાવેલ છે તથા વાચક નાગહસ્તીજી સપ્તભંગી, પ્રમાણભંગી, નયભંગી, ગાંગેય અણગારના ભંગ તથા અન્ય જેટલા પ્રકારના ભંગ છે તે દરેકના જાણકાર હતા. અંતમાં તેઓને કર્મ પ્રકૃતિ સંબંધીજ્ઞાનમાં પણ નિષ્ણાત હોવાનું બતાવેલ છે.

● **સૂત્ર-૩૩ :-**

***ઉત્તમ જાતિની અંજન ધાતુ તુલ્ય કાંતિવાન અને પાકેલી દ્રાક્ષ તેમજ નીલકમળ અથવા નીલમણિ સમાન કાંતિવાન, આર્ય રેવતિનક્ષત્રનો વાચકવંશ વૃદ્ધિ પામો.***

● **વિવેચન-૩૩ :-**

આ ગાથામાં નાગહસ્તિના શિષ્ય આચાર્ય રેવતિનક્ષત્રનો ઉલ્લેખ કર્યો છે. આચાર્ય રેવતિનક્ષત્ર જાતિ સંપન્ન હોવા છતાં તેના શરીરની કાંતિ અંજનધાતુ સદૃશ

હતી. અંજન આંખોમાં ઠંડક પેદા કરે છે અને તેથી ચક્ષુરોગ શાંત થાય છે. એમ તે આચાર્યના દર્શનથી પણ ભવ્યજીવોના નેત્રોમાં શીતળતા પ્રાપ્ત થતી હતી. માટે સ્તુતિકારે તેના શરીરની કાંતિ વિષે લખ્યું છે. પરિપક્વ દ્રાક્ષના ફળ અને નીલોત્પલ કમળના વર્ણ જેવી તેના દેહની કાંતિ હતી. કુવલય શબ્દનો અર્થ મણિવિશેષ યા નીલકમળ છે. તેમની દીક્ષા સમયે અઠ્યાવીસ નક્ષત્રો પૈકી રેવતિનક્ષત્રનો સંયોગ હતો તેથી તેમનું નામ રેવતિનક્ષત્ર રાખ્યું.

● **સૂત્ર-૩૪ :-**

***જે અચલપુરમાં દીક્ષિત થયા હતા અને કાલિકશ્રુતની વ્યાખ્યા કરવામાં નિપુણ હતા તથા ધૈર્યવાન હતા તેમજ જેણે ઉત્તમ વાચક પદને પ્રાપ્ત કર્યું હતું એવા બ્રહ્મદ્વીપિક શાખાથી ઉપલક્ષિત શ્રી સિંહ આચાર્યને હું વંદન કરું છું.***

● **વિવેચન-૩૪ :-**

આ ગાથાથી ત્રણ વિષય પ્રગટ થાય છે, જેમકે – (૧) કાલિકશ્રુતાનુયોગ (૨) બ્રહ્મદ્વીપિક શાખા (૩) ઉત્તમ વાચકપદની પ્રાપ્તિ. કાલિક શ્રુતાનુયોગથી તેઓની વિદ્વત્તા સિદ્ધ કરી છે. બ્રહ્મદ્વીપિકશાખાથી એમ જાણી શકાય છે કે તે સમયે કેટલાક આચાર્યો તે શાખાથી પ્રસિદ્ધ હતા. વાચકપદની સાથે ઉત્તમ પદ લગાવવાથી એમ સિદ્ધ થાય છે કે તે સમયે અનેક આચાર્યો હોવા છતાં દરેક વાચકોમાં તેઓ પ્રધાન વાચક હતા.

● **સૂત્ર-૩૫ :-**

***જેનો આ અનુયોગ એટલે સૂત્રાર્થની વાચના આજે પણ (સ્તુતિ કરનાર દેવવાચકના સમયમાં) દક્ષિણાર્દ્ધ ભરતક્ષેત્રમાં પ્રચલિત છે તેમજ ઘણાં નગરોમાં તેનો યશ ફેલાયેલો છે, તે સ્કંદિલ આચાર્યને હું વંદન કરું છું.***

● **વિવેચન-૩૫ :-**

આ ગાથામાં મહામનીષી, બહુશ્રુત, યુગપ્રધાન, અનુયોગ પ્રચારક એટલે પ્રધાનપણે સૂત્રાર્થની વાચના પ્રદાતા શ્રી સ્કંદિલ આચાર્યને વંદન કરેલ છે. વર્તમાનમાં જે અર્ધભરત ક્ષેત્રમાં અનુયોગ - સૂત્રાર્થ પરંપરા પ્રચલિત છે તે તેઓશ્રીના પરિશ્રમનું જ મધુર ફળ છે. તાત્પર્ય એ છે કે તેઓશ્રી પોતાના યુગના પ્રધાન સૂત્રાર્થ વાચના દાતા હતા.

● **સૂત્ર-૩૬ :-**

***શ્રી સ્કંદિલ આચાર્ય પછી હિમાલય સમાન વિસ્તૃત ક્ષેતરમાં વિચરણ કરનાર અથવા મહાન વિક્રમશાળી, અસીમ ધૈર્યવાન અને પરાક્રમી, સુવિશાળ સ્વાધ્યાયના ધારક, આચાર્ય શ્રી સ્કંદિલના સુશિષ્ય આચાર્યશ્રી હિમવાનને હું મસ્તક નમાવીને વંદન કરું છું.***

● **વિવેચન-૩૬ :-**

આ ગાથામાં મહામના પ્રતિભાશાળી ધર્મનાયક પ્રવચન પ્રભાવક હિમવાન નામના આચાર્યને વંદન કરેલ છે અને સાથો સાથ નિમ્નલિખિત વિશેષણ પણ



આપેલ છે.

જેમ કે – હિમવાન પર્વતની જેમ બહુક્ષેત્ર વ્યાપી વિહાર કરનારા હતા. અનેક દેશમાં વિચરણ કરીને, ઉપદેશ દ્વારા અનેક ભવ્ય જીવોને સન્માર્ગે લઈ જતા હતા. એ રીતે જિનમાર્ગને દિપાવતા હતા.

અપરિમિત ધૈર્ય અને પરાક્રમથી કર્મશત્રુઓને સાફ કરી રહ્યા હતા. આચાર્યમાં અર્થાત્ શ્રમણોમાં અનંત બળ હોવું જોઈએ, તો જ તે પોતાનો ધ્યેય પૂરો કરી શકે છે. અહીં અનંત શબ્દ અપરિમિત-અસીમ શબ્દનો દ્યોતક છે.

સ્વાધ્યાયમાં અનંત શબ્દ પણ તેમના સ્વાધ્યાયની વિશાળતાની પ્રતીતિ કરાવનારો છે અથવા સૂત્ર અનંત અર્થવાળા હોય છે, એમ દર્શાવનાર છે. દ્રવ્ય અનંત પર્યાયાત્મક હોય છે તેથી સ્વાધ્યાયને અનંત શબ્દથી વર્ણવી શકાય છે, એ વાત સ્વયં સિદ્ધ થાય છે.

● **સૂત્ર-૩૭ :-**

***કાલિકસૂત્રો સંબંધી અનુયોગના ધારક, ઉત્પાદ આદિ પૂર્વોના જ્ઞાતા, હિમવંત પર્વત સદશ મહાન ક્ષમાશ્રમણ, વિશિષ્ટ જ્ઞાની નાગાર્જુનાચાર્યને હું ભાવથી વંદન કરું છું.***

● **વિવેચન-૩૭ :-**

આ ગાથામાં આચાર્યવર્ય હિમવાનના શિષ્યરત્ન, પૂર્વધર શ્રીસંઘના નેતા આચાર્ય નાગાર્જુનની સ્તુતિ સાથે વંદના કરેલ છે.

આચાર્ય નાગાર્જુન સ્વયં કાલિક શ્રુત એટલે અંગ સૂત્રોના અનુયોગના ધારક હતા અને ઉત્પાદ આદિ કેટલાક પૂર્વોના પણ ધારક હતા. તે હિમવંત અર્થાત્ પર્વત તુલ્ય ક્ષમાવાન શ્રમણ હતા.

● **સૂત્ર-૩૮ :-**

***મૃદુ, કોમળ, આર્જવ વગેરે ગુણોથી સંપન્ન, દીક્ષા પર્યાયના ક્રમથી અથવા સૂત્ર અધ્યયનના ક્રમથી વાચકપદને પ્રાપ્ત થયેલ, ઓઘ શ્રુત અર્થાત્ ઉત્સર્ગ વિધિનું સમ્યક્ પ્રકારે આચરણ કરનાર એવા વિશિષ્ટ ગુણસંપન્ન શ્રીનાગાર્જુન વાચકને હું નમસ્કાર કરું છું.***

● **વિવેચન-૩૮ :-**

આ ગાથામાં અધ્યાપનકળામાં નિપુણ, શાંતિસરોવર, વાચક પદથી વિભૂષિત શ્રીનાગાર્જુનનો ઉલ્લેખ મળે છે. તેઓ સકલ ભવ્ય જીવોને પ્રિય લાગતા હતા, માર્દવ શબ્દથી તેઓશ્રીને માર્દવ, આર્જવ, શાંતિ, સંતોષ આદિ ગુણોથી સંપન્ન બતાવ્યા છે. નાગાર્જુને અનુક્રમે વય પર્યાયથી અને શ્રુત પર્યાયથી વાચકત્વ પ્રાપ્ત કર્યું હતું. વાચક નાગાર્જુન ઉત્સર્ગ માર્ગ તથા અપવાદ માર્ગ બન્નેના જાણકાર હતા. પહેલાંની ગાથામાં આચાર્ય નાગાર્જુનની સ્તુતિ કર્યા પછી આ ગાથામાં વાચક-ઉપાધ્યાય નાગાર્જુનની સ્તુતિ છે. આ બંને જુદી જુદી વ્યક્તિ છે. કારણ કે જુદા જુદા વંદન કરવામાં આવ્યાં છે.

● **સૂત્ર-૩૯ થી ૪૧ :-**

***(૩૯) જેના શરીરનો વર્ણ તપાવેલ ઉત્તમ સોના જેવો, સોના જેવા વર્ણવાળો ચંપક પુષ્પ જેવો અથવા ખિલેલા ઉત્તમ કમળની પરાગ જેવો પીત વર્ણ હતો. જે ભવ્ય પ્રાણીઓના હૃદયમાં વસી ગયા હતા. જે જનસમૂહમાં દયાનો ગુણ ઉત્પન્ન કરાવવામાં વિશારદ, ધૈર્યગુણયુક્ત હતા.***

***(૪૦) દક્ષિણાર્દ્ધ ભરતક્ષેત્રના યુગપ્રધાન, વિવિધ પ્રકારના સ્વાધ્યાયના પરમ વિજ્ઞાતા, સુયોગ્ય સાધુઓને યથોચિત્ત સ્વાધ્યાય, ધ્યાન અને વૈયાવૃત્ય આદિ શુભકાર્યોમાં નિયુક્ત કરનારા અને નાગેન્દ્ર કુળની પરંપરાને વધારનારા હતા.***

***(૪૧) દરેક પ્રાણીને ઉપદેશ આપવામાં નિપુણ, ભવરૂપ ભીતિને નષ્ટ કરનારા અર્થાત્ શીઘ્ર મુક્તિગામી આચાર્યશ્રી નાગાર્જુન ઋષિના શિષ્ય ભૂતદિન્ન આચાર્યને હું વંદન કરું છું.***

● **વિવેચન-૩૯ થી ૪૧ :-**

ઉપર્યુક્ત ત્રણ ગાથાઓમાંથી શરીરના ગુણોનું, લોકપ્રિયતાનું, ગુરુનું, કુળનું અને વંશનું વર્ણન કર્યુ છે. તેથી એમ પ્રતીત થાય છે કે દેવવાચકજી તેમના પ્રત્યે પરમ શ્રદ્ધાવાન અને અત્યંત નજીકના પરિચિત હતા.

તેઓશ્રી પરીષહ અને ઉપસર્ગ સહન કરવામાં ધૈર્યવાન હતા, તેઓએ અહિંસાનો પ્રચાર કેવળ શબ્દોથી નહીં પણ ભવ્ય જીવોના હૃદય સુધી પહોંચાડ્યો હતો. તેઓશ્રી અંગશાસ્ત્ર અને અંગબાહ્ય શાસ્ત્રની સ્વાધ્યાય કરવામાં અગ્રગણ્ય યુગપ્રવર્તક આચાર્ય હતા. તેઓશ્રીની આજ્ઞાને ચતુર્વિધ શ્રી સંઘ શિરોમાન્ય કરતો હતો. તેઓશ્રી નાગેન્દ્ર કુળવંશીય હતા. તેઓશ્રીએ સર્વપ્રકારના ભયની ઉચ્છેદ કર્યો હતો. તેઓશ્રી હિતોપદેશ આપવામાં પૂર્ણ સમર્થ હતા.

● **સૂત્ર-૪૨ :-**

***નિત્ય અને અનિત્યરૂપથી વસ્તુતત્ત્વને સમ્યક્ રીતે જાણનારા અર્થાત્ ન્યાય શાસ્ત્રના ગણમાન્ય પંડિત, સુવિજ્ઞાત સૂત્રાર્થને ધારણ કરનારા અને ભગવત્ પ્રરૂપિત સદ્‌ભાવોને યથાતથ્ય પ્રકાશનારા એવા શ્રી લોહિત્ય નામના આચાર્યને હું પ્રણામ કરું છું.***

● **વિવેચન-૪૨ :-**

પ્રસ્તુત ગાથામાં લોહિત્ય નામના આચાર્યનો પરિચય આપી તેમને વંદના કરેલ છે. મહાન આચાર્ય લોહિત્યમાં ત્રણ ગુણ વિશિષ્ટ કહેલ છે, જેમકે – (૧) તેઓ પદાર્થના સ્વરૂપને સારી રીતે જાણતા હતા. સર્વ પદાર્થો દ્રવ્યથી નિત્ય છે અને પર્યાયથી અનિત્ય છે. જૈનદર્શન કોઈ પણ પદાર્થને એકાંત નિત્ય માનતું નથી અને એકાંત અનિત્ય પણ ન માનતું નથી.

(૨) તેઓશ્રી સૂત્ર અર્થના વિશેષજ્ઞ હતા. (૩) તેઓશ્રી પદાર્થોના યથાવસ્થિત પ્રકાશન, પ્રરૂપણ કરવામાં પૂર્ણ દક્ષ હતા. તે વ્યાખ્યા અવિસંવાદી, સત્ય અને સમ્યક્



હોવાથી સર્વ માન્ય હતી.

● **સૂત્ર-૪૩,૪૪ :-**

***શાસ્ત્રોના અર્થ અને મહાઅર્થની ખાણ સમાન અર્થાત્ અનુયોગ પદ્ધતિ દ્વારા આગમની વ્યાખ્યા કરવામાં કુશળ, સુસાધુઓને શાસ્ત્રની વાચના, જ્ઞાનદાન દેવામાં અને શિષ્યો દ્વારા પૂછાયેલા વિષયોનું સમાધાન શાંતિથી કરવામાં દક્ષ અને પ્રકૃતિથી મધુરભાષી એવા દૂષ્યગણી આચાર્યને હું સન્માનપૂર્વક પ્રણામ કરું છું.***

***સેંકડો આગંતુક જિજ્ઞાસુ શ્રમણો દ્વારા નમસ્કૃત–સેવિત, શુભ ચિહ્નોથી અંકિત તથા સુકુમાર અને સુકોમળ છે ચરણ તળ જેના એવા પ્રવચન પ્રભાવક આચાર્ય દેવ દૂષ્યગણિના શ્રી ચરણોમાં હું પ્રણામ કરું છું.***

● **વિવેચન-૪૩,૪૪ :-**

આચાર્ય લોહિત્યની વિશેષતાનું દિગ્દર્શન કરાવીને ત્યારબાદ ઉક્ત ગાથાઓમાં શ્રી દૂષ્યગણીજીની સ્તુતિ કરી છે. સૂત્રની વ્યાખ્યાનો અર્થ અને તેની વિભાષા, વાર્તિક, અનુયોગ, નય તેમજ સપ્તભંગી આદિ વડે વિશિષ્ટ અર્થ દેખાડવાની શક્તિને મહાન અર્થ કહેવાય છે. હંમેશાં સૂત્ર અલ્પ અક્ષરયુક્ત હોય છે અને તેના અર્થ વિશાળ હોય છે. જેમ ખાણમાંથી ખનિજ પાદર્થો નીકળે છે, તે ક્યારે ય ક્ષીણ થતાં નથી. તેમજ દૂષ્યગણીજી પણ સૂત્રના અર્થ દેખાડવામાં ખાણ સમાન હતા.

તેઓશ્રી મૂળગુણ અને ઉત્તરગુણ સંપન્ન મુનિવરોને સૂત્રની વ્યાખ્યા અપૂર્વ શૈલીથી સમજાવતા હતા. ધર્મોપદેશ કરવામાં દક્ષ હતા, શ્રુતજ્ઞાન વિષયક પ્રશ્ન પૂછવા પર તેનું સમાધાન મીઠી મધુરી ભાષામાં કરતા હતા. કોઈ શિષ્ય પ્રમાદના કારણે લક્ષ્યબિંદુથી સ્ખલિત થાય તો તેનું અનુશાસન અને પ્રશિક્ષણ શાંત ભાવે કરતા, જેથી તે શિષ્ય ફરીથી ભૂલ કરતા ન હતા.

આ ગાથાઓમાં દૂષ્યગણીજીના અસાધારણ ગુણોનું દિગ્દર્શન કરાવ્યું છે. અસાધારણ ગુણોની સ્તુતિ જ વસ્તુતઃ સ્તુતિ કહેવાય છે. મુખ્યત્વે જ્ઞાન અને ચારિત્રની સિદ્ધિ કરી છે. શ્રુતજ્ઞાનમાં અનુયોગ પદ અને ચારિત્રમાં ઉક્ત ગાથાના ત્રણ પદોમાં વર્ણિત ગુણોમાં તેઓશ્રી સંલગ્ન રહેતા હતા. આ ગાથા પ્રત્યેક આચાર્ય માટે મનનીય તેમજ અનુકરણીય છે.

દૂષ્યગણીના વિશિષ્ટ ગુણો સાથે તેમનો પાદપદ્મનો ઉલ્લેખ કરેલ છે. જેના ચરણોમાં કમળ, શંખ, ચક્ર, અંકુશ આદિ શુભ લક્ષણો હોય, તે લક્ષણ સંપન્ન કહેવાય છે. તેઓશ્રીના ચરણના તળીયા લક્ષણ સંપન્ન અને કમળ જેવા સુકોમળ તથા સુંદર હતા.

સેંકડો પ્રતીચ્છકો દ્વારા તેના ચરણકમળ સેવિત અને વંદનીય હતા. જે મુનિવર શ્રુત અભ્યાસ માટે પોતપોતાના આચાર્યની આજ્ઞા મેળવીને અન્ય ગણથી વિશિષ્ટ વાચના માટે આવતા હતા તેવા પ્રાતીચ્છક શિષ્યોને જેઓ રહસ્યભરી વાતોનું વિસ્તૃત વર્ણન કરતા હતા એવા આચાર્ય શ્રી દૂષ્યગણીના ચરણોમાં આ ગાથા દ્વારા

સ્તુતિ સાથે વંદન કરવામાં આવેલ છે. દૂષ્યગણીજી નજીકના ઉપકારી ગુરુ હોવાથી દેવવાચકે તેઓની અધિક ભાવભીની વંદના અને સ્તુતિ કરી છે. વાસ્તવમાં દૂષ્યગણીની વાણીમાં માધુર્ય, મનમાં સ્વચ્છતા અને બુદ્ધિમાં સ્ફુરણા હતી. તેઓશ્રી પ્રવચન પ્રભાવનામાં અદ્વિતીય અને ચારિત્રમાં ઉજ્જવળ હતા.

**● સૂત્ર-૪૫ :-**

***પહેલાંની ગાથાઓમાં સ્તુતિ કરેલ યુગપ્રધાન આચાર્યો સિવાયના જે કોઈ કાલિકસૂત્રોના જ્ઞાતા અને તેના અનુયોગને ધારણ કરનાર ધીરગંભીર જ્ઞાત અજ્ઞાત આચાર્ય ભગવંત થયા છે, તે બધાને પ્રણામ કરીને હું (દેવવાચક) જ્ઞાનની પ્રરૂપણા કરીશ.***

**● વિવેચન-૪૫ :-**

આ પચાસમી ગાથામાં દેવવાચકજીએ કાલિક શ્રુતાનુયોગના ધર્તા પ્રાચીન તેમજ તદ્‌યુગીન અન્ય આચાર્યો કે જેઓનો નામોલ્લેખ નથી કર્યો, તેઓને પણ સવિનય શ્રદ્ધાપૂર્વક વંદન કરીને જ્ઞાનની પ્રરૂપણા કરવાની પ્રતિજ્ઞા લીધી. તેનાથી એમ સિદ્ધ થાય છે કે – આ પહેલાંની ગાથાઓમાં જે આચાર્યોની સ્તુતિ કરવામાં આવી છે તે પણ કાલિકશ્રુત અનુયોગના ધારણકર્તા હતા. એટલે કે આવા વિશિષ્ટ અનુયોગધર આચાર્યોની અહીં સ્તુતિ કરવામાં આવી છે. તેમાં કેટલાક સમકાલીન પણ છે અને કેટલાય પાટાનુપાટવાળા પણ છે. આ બધા આચાર્યો અંગશ્રુત અને કાલિકશ્રુત ધર્તા ઉદ્‌ભટ વિદ્વાન હતા. વિશિષ્ટ બુદ્ધિ વડે સુશોભિત હતા. જેઓ શ્રુતરત્ન રાશિથી પરિપૂર્ણ હતા, સમગ્ર ઐશ્વર્ય આદિથી સંપન્ન હતા, એવા કાલિક શ્રુતાનુયોગી દરેકને નમસ્કાર કર્યા છે.

**● સૂત્ર-૪૬ :-**

***(૧) ચીકણો ગોળ પત્થર અને પુષ્પકરાવર્તમેઘ (૨) માટીનો ઘડો (૩) ચાલણી (૪) ગરણી (૫) હંસપક્ષી (૬) ભેંસ (૭) બકરી (૮) મશક (૯) જળો (૧૦) બિલાડી (૧૧) ઉંદર (૧૨) ગાય (૧૩) ભેરી (૧૪) આહીરદંપતી. આ ચૌદ પ્રકારના શ્રોતાજનો હોય છે.***

**● વિવેચન-૪૬ :-**

શાસ્ત્રના શુભ આરંભમાં, વિઘ્નને દૂર કરવા માટે મંગલ-સ્વરૂપ અર્હત્ આદિનું કીર્તન કરીને પછી જ્ઞાનના પ્રકરણમાં આગમજ્ઞાનની પ્રમુખતાએ તેને શ્રવણ કરવાનો અધિકાર કોને કોને છે ? અને કયા પ્રકારના શ્રોતા અધિકારી હોય છે ? એ સ્પષ્ટ કરવા માટે આ ચૌદ દૃષ્ટાંતો આપીને શ્રોતાઓનું વર્ણન કરેલ છે.

ઉત્તમ વસ્તુ મેળવવાનો અધિકાર સુયોગ્ય વ્યક્તિને જ હોય છે. જે જિતેન્દ્રિય હોય, વિશુદ્ધ ચારિત્રવાન હોય, જે અતિચારી અને અનાચારી ન હોય, ક્ષમાશીલ હોય, સદાચારી તેમજ સત્યપ્રિય હોય એવા ગુણોથી યુક્ત વ્યક્તિ જ શ્રુતજ્ઞાનનો લાભ મેળવવાનો અધિકારી હોય છે. તે જ સુપાત્ર છે. આવી યોગ્યતાઓમાં જો થોડી ન્યૂનતા હોય તો તે પણ પાત્ર છે.



આ ગુણોથી વિપરીત જે દુષ્ટ, મૂઢ અને હાઠાગ્રહી હોય તેઓ કુપાત્ર છે. તેવા લોકો શ્રુતજ્ઞાનના અધિકારી બની શકતા નથી. તેઓ શ્રુતજ્ઞાનથી બીજાઓનું જ નહિ પોતાનું પણ અહિત કરે છે. અહીં સૂત્રકારે શ્રોતાઓની ચૌદ ઉપમાઓ આપી છે તેનો ભાવ આ પ્રમાણે છે –

**(૧) શૈલ-ઘન :-** અહીં શૈલનો અભિપ્રાય ગોળ મગ જેવડો ચીકણો પત્થર છે. ઘન એ પુષ્કરાવર્ત મેઘનો સૂચક છે. મગ જેવા ગોળ અને ચીકણા પત્થર પર સાત અહોરાત્ર પર્યંત નિરંતર મૂશળધાર વરસાદ વરસતો રહે તો પણ તે પત્થર અંદરથી ભીંજાતો નથી એ જ રીતે શૈલઘન જેવા શ્રોતાઓ તીર્થંકર અને શ્રુતકેવળી આદિના ઉપદેશથી પણ સન્માર્ગ પર આવી શકતા નથી, તો પછી આચાર્ય અને મુનિઓના ઉપદેશનો તેના પર શું પ્રભાવ પડે ?

**(૨) કુડગ :-** કુડકનો અર્થ છે ઘડો. ઘડા બે પ્રકારના હોય છે. કાચા અને પાકા. અગ્નિથી જેને પકાવેલા નથી એવા કાચા ઘડામાં પાણી ટકી શકતું નથી. એ જ રીતે અબુધ શિષ્યના હૃદયમાં શ્રુતજ્ઞાન ટકી શકતું નથી.

પાકા ઘડા પણ બે પ્રકારના હોય છે. નવા અને જૂના (પુરાણા). એમાં નવા ઘડા શ્રેષ્ઠ છે. નવા ઘડામાં નાખેલું ગરમ પાણી પણ થોડા સમયમાં ઠંડુ બની જાય છે, તેમજ કોઈ વસ્તુ જલ્દી બગડતી નથી, એ જ રીતે લઘુવયમાં દીક્ષિત થયેલ મુનિના હૃદયમાં સીંચેલ સંસ્કાર સુંદર પરિણામ લાવે છે.

જૂના ઘડા પણ બે પ્રકારના છે. એક ઘડો પાણીથી ભરેલો છે ને બીજો ઘડો કોરો છે, ઘડામાં પ્રતિદિન પાણી ભરવાથી તે જૂનો અર્થાત્ રીઢો થઈ જાય છે. એમ કેટલાક શ્રોતા યુવાવસ્થાથી જ મિથ્યાત્વની કાલિમાંથી યુક્ત બની જાય છે. તેને ઉપદેશની કોઈ અસર થતી જ નથી, પણ કોરા ઘડા જેવા શ્રોતાનું હૃદય ઉપદેશ રૂપ પાણીથી ભીંજાય છે.

ગંધયુક્ત ઘડા બે પ્રકારના છે. એક સુગંધિત પદાર્થોથી વાસિત અને બીજો દુર્ગંધિત પદાર્થોથી વાસિત. એ જ રીતે શ્રોતા પણ બે પ્રકારના છે. પહેલા પ્રકારના શ્રોતા સમ્યગ્‌જ્ઞાનાદિ ગુણોથી યુક્ત હોય છે અને બીજા પ્રકારના શ્રોતા ક્રોધાદિ કષાયોથી યુક્ત હોય છે.

અર્થાત્ જે શ્રોતાઓ મિથ્યાત્વ, વિષય, કષાય વગેરે કુસંસ્કારોને છોડી દે છે તે શ્રુતજ્ઞાનના અધિકારી બને છે અને જે કુસંસ્કારને છોડતા નથી, તે શ્રુતજ્ઞાનના અધિકારી બની શકતા નથી.

**(૩) ચાલણી :-** ચાલણીમાં પાણી ભરાઈને તત્કાળ નીકળી જાય છે, એવી જ રીતે જે શ્રોતા ઉપદેશ અને જ્ઞાનને સાંભળીને તુરત જ ભૂલી જાય છે તે ચાલણી જેવા શ્રોતા છે.

**(૪) પરિપૂર્ણક :-** સુઘરીનો માળો અથવા ગરણી. જેના વડે દૂધ અને પાણી ગાળવામાં આવે તો તે સારને છોડીને કચરા વગેરેને પોતાનામાં રાખે છે. એ જ રીતે કેટલાક શ્રોતા સારપદાર્થને છોડીને અસારને ગ્રહણ કરે છે. એવા શ્રોતા શ્રુતજ્ઞાનના

અધિકારી બની શકતા નથી.

**(૫) હંસ :-** પક્ષીઓમાં હંસને શ્રેષ્ઠ કહેલ છે. હંસ પ્રાયઃ માનસરોવર અથવા ગંગા આદિ નદીના કિનારા પર રહે છે. હંસની એક વિશેષતા છે કે તે દૂધ મિશ્રિત પાણીમાંથી દૂધના અંશને જ ગ્રહણ કરે છે, એમ કેટલાક શ્રોતા હંસ સમાન ગુણગ્રાહી હોય છે. તે શ્રુતજ્ઞાનના અધિકારી બની શકે છે.

**(૬) મેષ :-** બકરી આગળના બન્ને ગોઠણને જમીન પર ટેકાવીને સ્વચ્છ પાણી પીએ છે. તે પાણીને ગંદુ કરતી નથી એ જ રીતે જે શ્રોતા એકાગ્રચિત્તે શાસ્ત્ર શ્રવણ કરી ગુરુને પ્રસન્ન કરે છે અને વાતાવરણને સ્વચ્છ રાખે છે, તેવા શ્રોતા શાસ્ત્ર શ્રમણના અધિકારી અને સુપાત્ર કહેવાય છે.

**(૭) મહિષ :-** ભેંસ જળાશયમાં પડીને સ્વચ્છ પાણી ગંદુ બનાવી દે છે તેમજ જળમાં મળ-મૂત્ર પણ કરે છે. તે સ્વયં સ્વચ્છ પાણી પીએ નહીં અને સાથીઓને સ્વચ્છ પાણી પીવા પણ ન દે. એ જ રીતે અવિનીત શ્રોતા ભેંસ જેવા છે. જ્યારે આચાર્ય ભગવાન શાસ્ત્ર વાચના દઈ રહ્યા હોય તે સમયે ન તો સ્વયં એકાગ્રચિત્તે તે સાંભળે અને ન બીજાને સાંભળવા દે. તેઓ હાંસી-મશ્કરી, તોફાન, કુતર્ક અને વિતંડાવાદમાં પડીને અમૂલ્ય સમય નષ્ટ કરે છે. એવા શ્રોતા શ્રુતજ્ઞાનના અધિકારી બની શકતા નથી.

**(૮) મશક :-** ડાંસ-મચ્છરોનો સ્વભાવ મધુર રાગ (ગણગણાટ) સંભળાવીને શરીર પર ડંખ મારવાનો છે. એ જ રીતે જે શ્રતા ગુરુની નિંદા કરીને તેને કષ્ટ પહોંચાડે છે, તેવા શ્રોતા શ્રુતાજ્ઞાનના અધિકારી બની શકતા નથી.

**(૯) જલૌકા :-** જળો મનુષ્યના શરીરમાં ગૂમડાં આદિ ખરાબ ભાગ પર મૂકવાથી તે સડેલા ભાગમાંથી ખરાબ લોહીને જ પીએ છે. શુદ્ધ લોહીને તે પીવે નહિ અથવા ઈતડી ગાયના આંચળમાં રહે છે તે ગાયનું લોહી પીએ છે પણ દૂધ પીતી નથી. એ જ રીતે કેટલાક શ્રોતા આચાર્ય આદિના સદ્ગુણો અર્થાત્ આગમજ્ઞાનને છોડીને દુર્ગુણોને ગ્રહણ કરે છે. એવા શ્રોતા શ્રુતજ્ઞાનના અધિકારી બની શકતા નથી.

**(૧૦) બિલાડી :-** બિલાડીનો સ્વભાવ દહીં-દૂધ આદિ પદાર્થોથી ભરેલા વાસણને નીચે પછાડીને પછી ચાટવાનો છે અર્થાત્ ધૂળયુક્ત પદાર્થોનો આહાર કરે છે. એ જ રીતે કેટલાક શ્રોતા ગુરુ પાસેથી પ્રત્યક્ષ જ્ઞાન લેતા નથી પરંતુ બીજા ત્રીજા આગળથી સાંભળીને અર્થાત્ સત્યાસત્યનો ભેદ સમજ્યા વગર જ ગ્રહણ કરે છે. એવા બિલાડી જેવા શ્રોતા શ્રુતજ્ઞાનના અધિકારી બની શકતા નથી.

**(૧૧) જાહગ :-** જાહગ ઉંદર જેવું એક પશું છે, દૂધ, દહીં આદિ ખાદ્યપદાર્થ જ્યાં હોય છે ત્યાં જઈને થોડું થોડું ખાય છે, ખાતાં ખાતાં વચ્ચે આજુબાજુમાં ચાટીને સાફ કરી દે છે. એ જ રીતે જે શિષ્ય પૂર્વે ગ્રહણ કરેલ સૂત્રાર્થને પાકા રાખે છે અને વચ્ચે વચ્ચે નવીન સૂત્રાર્થને ગ્રહણ કરે છે. એવા શ્રોતા જાહગની સમાન આગમજ્ઞાનના અધિકારી બને છે.

जाहग = નોળિયો જેમ નોળિયો પ્રથમ પોતાની માતાનું દૂધ થોડું થોડું પીએ



અને તે પાચન થયા પછી પુનઃ થોડું પીએ એમ પોતાના શરીરને પુષ્ટ કરે, પછી મોટા ભૂજંગના માન મર્દન કરે તેમ એકેક શ્રોતા આચાર્યાદિક પાસેથી પોતાની બુદ્ધિ પ્રમાણે કાળ કાળે અભ્યાસ કરે, અભ્યાસ કરતાં ગુર્વાદિકને અત્યંત સંતોષ ઉપજાવે. તે ક્રમથી બહુશ્રુત થઈ જાય છે. એવા શ્રોતા આગમના અધિકારી હોય છે.

**(૧૨) ગૌ :-** ગાયનું ઉદાહરણ આ રીતે છે – કોઈ યજમાને ચાર બ્રાહ્મણોને એક દૂઝણી ગાય દાનમાં આપી. એ ચારે ય બ્રાહ્મણોએ ગાયને ક્યારે ય ઘાસ કે પાણી આપ્યું નહીં. તેઓ એમ સમજતા હતા કે આ ગાય મારા એકલાની તો નથી, ચારેયની છે. તેઓ દોહવાના સમયે મોટું વાસણ લઈને આંચળ ધમધમાવીને દૂધ લઈ લેતા હતા. આખર ભૂખી ગાય ક્યાં સુધી દૂધ આપે ? ક્યાં સુધી જીવિત રહે ? પરિણામે ભૂખી તરસી ગાયે એક દિવસ પ્રાણ છોડી દીધા.

એ જ રીતે કેટલાક શ્રોતા વિચારે છે કે ગુરુજી મારા એકલાના તો નથી ને ? પછી શા માટે મારું તેની સેવા કરવી જોઈએ ? એવું વિચારીને તે ગુરુજીની સેવા કરતા નથી પણ ઉપદેશ સાંભળવા માટે અને જ્ઞાનરૂપ દૂધને પ્રાપ્ત કરવા માટે જલ્દી દોડીને પહોંચી જાય છે. એવા શ્રોતા શ્રુતજ્ઞાનને ગ્રહણ કરી શકતા નથી.

બીજુ એક દૃષ્ટાંત આ પ્રમાણે છે – એક શેઠે ચાર બ્રાહ્મણને એક ગાય દાનમાં આપી. તેઓએ પ્રેમથી તે ગાયને ઘાસચારો, પાણી વગેરે આપ્યું, તેની ખૂબ સારી સેવા કરી. તેથી ગાયનું દૂધ પ્રમાણમાં વધી ગયું. તેઓને વધારે દૂધ મળવાથી તેઓ પ્રસન્ન થયા.

એ જ રીતે વિનીત શ્રોતા ગુરુની સેવા કરીને મીઠા, શબ્દથી ગુરુને પ્રસન્ન કરીને, તેની પાસેથી જ્ઞાનરૂપ દૂધ ગ્રહણ કરે છે. એવા શ્રોતાઓ જ્ઞાનના અધિકારી બને છે અને રત્નત્રયની આરાધના કરીને અજર-અમર બની શકે છે.

**(૧૩) ભેરી :-** ભેરી એક વિશિષ્ટ પ્રકારનું વાજિંત્ર છે. એક વખત દ્વારિકા નગરીના અધિપતિ શ્રીકૃષ્ણને કોઈ એક દેવે પ્રસન્ન થઈને દિવ્ય ભેરીની ભેટ આપી અને કહ્યું કે આ ભેરીને છ મહિના બાદ વગાડવાની જેથી મેઘધ્વનિ જેવો મીઠો અવાજ નીકળશે. આ ભેરીનો અવાજ સાંભળવાથી છ મહિના સુધી કોઈ પણ પ્રકારનો રોગ ઉત્પન્ન થશે નહીં અને પહેલાનો ઉત્પન્ન થયેલો રોગ નષ્ટ થઈ જશે. આ ભેરીનો અવાજ બાર જોજન સુધી સંભળાશે. એમ કહીને દેવ પોતાના સ્થાનકે ચાલ્યો ગયો.

થોડા સમય પછી દ્વારિકામાં કોઈ રોગ ફેલાયો. ભેરી વગાડવાનો સમય થઈ ગયો હતો તેથી ભેરી વગાડવામાં આવી. જ્યાં સુધી તેનો અવાજ પહોંચ્યો ત્યાં સુધીના લોકોનો રોગ નષ્ટ થઈ ગયો અર્થાત્ રોગી સ્વસ્થ બની ગયા.

શ્રીકૃષ્ણે તે ભેરી પોતાના એક વિશ્વાસુ સેવકને સંભાળીને રાખવા માટે આપી અને તેને બધી વિધિ સમજાવી દીધી. એકવાર એક ધનાઢ્ય શેઠ ભયંકર રોગથી પીડિત હતો. તે કૃષ્ણજીવી ભેરીનો પ્રભાવ સાંભળીને દ્વારિકા આવ્યો. તેના દુર્ભાગ્યથી તે દ્વારિકા પહોંચ્યા પહેલા એક દિવસ અગાઉ ભેરીને વગાડવામાં આવી ગઈ.

શેઠ વિચારમગ્ન બની ગયો. હવે મારું શું થશે ? આ ભેરી ફરી છ મહિના પછી વગાડશે ત્યાં સુધીમાં તો મારું પ્રાણ પંખેરું ઊડી જશે. ચિંતન કરતાં કરતાં તેને વિચાર આવ્યો કે જો ભેરીનો અવાજ સાંભળવાથી રોગ નષ્ટ થઈ શકે છે તો પછી તેનો એક ટુકડો ઘસીને પીવાથી પણ રોગ નષ્ટ થઈ જશે. છેવટે તેણે ભેરી વગાડનારને સારી એવી રકમ આપીને ભેરીનો એક ટુકડો મેળવી લીધો. ઘરે જઈને તેણે ટુકડાને ઘસીને પીધો તો તેનો ભયંકર રોગ નષ્ટ થઈ ગયો. પરંતુ ભેરી વગાડનારને લાંચ લેવાની આદત પડી ગઈ. પછી તો તે ઘણા લોકોને ભેરીના ટુકડા કરીને દેવા લાગ્યો. ભેરીમાં બીજા એવા અનેક ટુકડાઓ જોડી દીધા. પરિણામ એ આવ્યું કે તે દિવ્ય ભેરીમાંથી અવાજ નીકળવાનો બંધ થઈ ગયો અને રોગીઓના રોગ નષ્ટ થવાનું સામર્થ્ય પણ નષ્ટ થઈ ગયું. બાર જોજન સધી સંપૂર્ણ દ્વારિકામાં સંભળાતી ભેરીની ધ્વનિ પણ નષ્ટ થઈ ગઈ.

શ્રી કૃષ્ણને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે ભેરી વગાડનારને દંડિત કર્યો અને લોકોના હિત ખાતર તેમણે અઠ્ઠમ તપ કરીને ફરી દેવ પાસેથી ભેરી પ્રાપ્ત કરી. પછી તેમણે પોતાના વિશ્વાસુ સેવકને ભેરી સંભાળવા આપી. બરાબર છ મહિના પછી ભેરીનો અવાજ સાંભળવાથી જનતા લાભને મેળવવા લાગી અને ભેરીવાદકે પણ પારિતોષિક મેલવ્યું.

આ દૃષ્ટાંતનો ભાવાર્થ આ પ્રમાણે છે – અહીં આર્યક્ષેત્ર રૂપ દ્વારિકાનગરી છે. તીર્થંકરરૂપ કૃષ્ણ વાસુદેવ છે. પુણ્યરૂપ દેવ છે. ભેરી સમાન જિનવાણી છે. ભેરી વગાડનાર સમાન સાધુઓ છે અને કર્મરૂપ રોગ છે.

એ જ રીતે જે શિષ્ય આચાર્ય દ્વારા પ્રાપ્ત સૂત્રાર્થને છુપાવે છે અથવા તેના ભાવને બદલી નાંખે છે, મિથ્યા પ્રરૂપણા કરે છે, તે અનંત સંસારી બને છે. પરંતુ જે જિનવચન અનુસાર આચરણ કરે છે, તે મોક્ષના અનંત સુખના અધિકારી બને છે. જેમ કૃષ્ણના વિશ્વાસુ સેવકે પારિતોષિક પ્રાપ્ત કર્યુ એ જ રીતે વિશ્વાસુ સેવક જેવા શ્રોતાઓ શાસ્ત્રના જ્ઞાનને મેળવી શકે છે.

**(૧૪) આહીરદંપતિ :-** એક વખત આહીર દંપતી બળદગાડીમાં ઘીના ઘડા ભરીને ઘી વેચવા માટે શહેરમાં ગયા. ઘીના વ્યાપારી પાસે પહોંચીને આહીર ગાડીમાંથી ઘીના ઘડા નીચે ઉતારીને આહીરાણીને દેવા લાગ્યા. બન્નેમાંથી કોઈ એકની અસાવધાનીના કારણે ઘીનો એક ઘડો હાથમાંથી પડી ગયો. બધું ઘી જમીન પર ઢોળાઈ ગયું, માટી મિશ્રિત બની ગયું. બન્ને માણસ અરસપરસ ઝઘડો કરવા લાગ્યા. વાદ-વિવાદ ખૂબ જ વધી ગયો. ઘી બધું અગ્રાહ્ય બની ગયું. કેટલુંક ઘી કૂતરા વગેરે પ્રાણીઓ ચાટી ગયા. જે ઘડા બચ્યા હતા તેને વેચવામાં બહુ મોડુ થઈ ગયું તેથી તેઓ બચેલા ઘીના ઘડાને ગાડીમાં ફરી નાંખીને દુ:ખિત હૃદયે ઘર તરફ રવાના થયા પરંતુ માર્ગમાં ચોરોએ તેને લૂંટી લીધા. તેઓ મુશ્કેલીથી પોતાના જાન બચાવીને ઘરે પહોંચ્યા. ઝઘડો કર્યો તેથી તે દુ:ખી દુ:ખી થઈ ગયા.

તેનાથિ વિપરીત બીજા આહીર દંપતી ઘીના ઘડા ગાડામાં ભરીને શહેરમાં



વેચવા માટે ગયા. તેને પણ અસાવધાનીના કારણે ઘડો હાથમાંથી છટકી ગયો પરંતુ બંને પોતપોતાની ભૂલ સ્વીકારીને નીચે પડેલા ઘીને ઉપર ઉપરથી ઝડપભેર વાસણમાં ભરી લીધું જેથી ઘી માટીવાળું ન થયું. પછી બધા ઘીના ઘડા તથા બચેલું ઘી બધું વેચીને પૈસા પ્રાપ્ત કરીને સાંજ પહેલાં જ પોતાના ઘરે સકુશળ પહોંચી ગયા.

ઉપરનાં બન્ને દૃષ્ટાંતો અયોગ્ય અને યોગ્ય શ્રોતાઓ પર ઘટાવેલ છે. કેટલાક શ્રોતાઓ આચાર્યના કથન પર ઝઘડો કરીને શ્રુતજ્ઞાન રૂપ ઘીને ખોઈ બેસે છે. એવા શ્રોતાઓ શ્રુતજ્ઞાનના અધિકારી બની શકતા નથી. કેટલાક શ્રોતાઓ આચાર્ય પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરતી વખતે ભૂલ થવા પર વિલંબ કર્યા વગર ભૂલનો સ્વીકાર કરીને ક્ષમાયાચના કરી લે છે. ક્ષમાયાચના કર્યા બાદ સૂત્રાર્થ ગ્રહણ કરે છે. એવા શ્રોતાઓ શ્રુતજ્ઞાનના અધિકારી બની શખે છે.

**● સૂત્ર-૪૭ થી ૫૨ :-**

***(૪૭) તે શ્રોતાઓની પરિષદ ત્રણ પ્રકારની છે, જેમકે – (૧) જાણનાર પરિષદ (૨) અજાણ પરિષદ (૩) દુર્વેદગ્ધ પરિષદ. તેનું લક્ષણ આ પ્રમાણે છે.***

***(૪૮) જેમ ઉત્તમ જાતિનો રાજહંસ પાણીને છોડીને દૂધનું પાન કરે છે એમ ગુણસંપન્ન શ્રોતાઓ દુર્ગુણોને છોડીને ગુણોને ગ્રહણ કરે છે. એવા શ્રોતાઓની પરિષદને જાણનાર પરિષદ (સમજુ પરિષદ) સમજવી જોઈએ.***

***(૪૯) અજાણ પરિષદનું સ્વરૂપ આ પ્રમાણે છે – (૫૦) જે શ્રોતાઓ હરણના, સિંહના અને કૂકડાના બચ્ચાઓની જેમ સ્વભાવથી જ મધુર, સરળહૃદયી અને ભોળા હોય છે. તેને જેવી શિક્ષા દેવામાં આવે એવી ગ્રહણ કરી લે છે. તેઓ ખાણમાંથી નીકળેલા રત્નોની જેમ સંસ્કારહીન હોય છે. રત્નોને ઈચ્છા મુજબ ઘડી શકાય છે એ જ રીતે અનભિજ્ઞ શ્રોતાઓમાં ઈચ્છા મુજબ સંસ્કારનું સિંચન કરી શકાય છે. એવા અબુધજનોના સમૂહને અજાણ પરિષદ કહેવાય છે.***

***(૫૧) દુર્વેદગ્ધ પરિષદનું લક્ષણ આ પ્રમાણે છે – (૫૨) જે અલ્પજ્ઞ પંડિત જ્ઞાનમાં અપૂર્ણ હોય છે પરંતુ અપમાનના ભયથી તે કોઈ પણ વિદ્વાન પાસે પોતાની શંકાનું સમાધાન કરતા નથી, એવા પંડિતો પોતાની પ્રશંસા સાંભળીને મિથ્યાભિમાનથી હવા ભરેલ મશકની જેમ ફૂલ્યા કરે છે. એવા પ્રકારના લોકને દુર્વેદગ્ધ પરિષદ (સભા) કહેવાય છે.***

**● વિવેચન-૪૭ થી ૫૨ :-**

આગમનું પ્રતિપાદન કરતી વખતે સૌ પ્રથમ પરિષદનું જ્ઞાન હોવું જોઈએ. કારણ કે શ્રોતાઓ જુદા જુદા સ્વભાવના હોય છે. તેને અહીં ત્રણ પ્રકારની પરિષદના રૂપમાં બતાવેલ છે.

(૧) જે પરિષદમાં તત્ત્વ જિજ્ઞાસુ, ગુણજ્ઞ, બુદ્ધિમાન, સમ્યગ્દૃષ્ટિ, વિવેકવાન, વિનીત, શાંત, સુશિક્ષિત, આસ્થાવાન, આત્માન્વેષી આદિ ગુણસંપન્ન શ્રોતાઓ હોય તેને વિજ્ઞ-જ્ઞાત પરિષદ કહેવાય છે. વિજ્ઞ પરિષદને સર્વશ્રેષ્ઠ પરિષદ કહેવાય છે.

(૨) જે શ્રોતાઓ પશુ-પક્ષીઓના અબુધ બચ્ચાઓની જેમ સરળહૃદયી અને

મત-મતાંતરોની કલુષિત ભાવનાઓથી રહિત હોય છે, તેઓને આસાનીથી સન્માર્ગગામી સંયમી, વિદ્વાન તેમજ સદ્‌ગુણ સંપન્ન બનાવી શકાય છે. કેમ કે તેમનામાં કુસંસ્કાર હોતા નથી. એવા સરલહૃદયી શ્રોતાઓની પરિષદને અવિજ્ઞ-અજ્ઞાત પરિષદ કહેવાય છે.

(૩) જે અભિમાની, અવિનીત, દુરાગ્રહી અને વાસ્તવમાં મૂર્ખ હોય તો પણ પોતાની જાતને પંડિત સમજે છે અને લોકો પાસેથી પોતાની પ્રશંસા સાંભળીને વાયુપૂરિત મશકની જેમ ફૂલી ઊઠે છે એવા શ્રોતાઓના સમૂહને મિથ્યાભિમાની પરિષદ કહેવાય છે. અહીં વિયડ્ઢ શબ્દનો અર્થ પંડિત છે, તે વિદ્ = જાણવું ધાતુથી બનેલ છે અને સાથે 'दु' ઉપસર્ગ લાગવાથી ખોટા પંડિત કે ખરાબ પંડિત અર્થ થાય છે તેનો સાર એ છે કે અલ્પજ્ઞ છે છતાં પંડિત તરીકે પોતાને સમજતા મિથ્યાભિમાની લોકો 'दुव्वियड्ढा' દુર્વેદગ્ધ પરિષદમાં ગણાય છે.

ઉપરની ત્રણે ય પરિષદમાં વિજ્ઞપરિષદ સૂત્રજ્ઞાન પ્રાપ્ત કરવા માટે સર્વ પ્રકારે પાત્ર છે, બીજી પરિષદ પણ સંસ્કાર દેવાથી શાસ્ત્રજ્ઞાનને પ્રાપ્ત કરી શકે છે પરંતુ ત્રીજી દુર્વેદગ્ધ પરિષદ શાસ્ત્રજ્ઞાનને માટે અયોગ્ય છે અર્થાત્ અપાત્ર છે.

● **સૂત્ર-૫૩ :-**

***જ્ઞાન પાંચ પ્રકારના પ્રતિપાદિત કરેલ છે, જેમકે — (૧) આભિનિબોધિકજ્ઞાન (મતિજ્ઞાન) (૨) શ્રુતજ્ઞાન (૩) અવધિજ્ઞાન (૪) મનઃપર્યવજ્ઞાન (૫) કેવળજ્ઞાન.***

● **વિવેચન-૫૩ :-**

**જ્ઞાન :-** જ્ઞાન મોક્ષનું મુખ્ય અંગ છે. જ્ઞાન અને દર્શન એ આત્માના નિજગુણ છે અર્થાત્ અસાધારણ ગુણ છે. વિશુદ્ધ દશામાં આત્મા પરિપૂર્ણ જ્ઞાતા દૃષ્ટા હોય છે. જ્ઞાનના પૂર્ણ વિકાસને મોક્ષ કહે છે. માટે જ્ઞાનનું અહીં પ્રતિપાદન કરેલ છે.

**જ્ઞાન શબ્દનો અર્થ :-** જેના દ્વારા તત્ત્વનું યથાર્થ સ્વરૂપ જણાય તે જ્ઞાન કહેવાય. જે જ્ઞેયને જાણે છે તે જ્ઞાન કહેવાય અથવા જાણવું તેને જ્ઞાન કહેવાય છે. અનુયોગદ્વાર સૂત્રમાં જ્ઞાન શબ્દની વ્યુત્પત્તિ સાથે અર્થ કરેલ છે.

નંદીસૂત્રના વૃત્તિકારે જિજ્ઞાસુ આત્માઓને સુગમતાથી બોધની પ્રાપ્તિ થાય એટલા માટે જ્ઞાન શબ્દનો અર્થ આ પ્રમાણે કરેલ છે — ''ज्ञातिर्ज्ञानं'' અથવા ज्ञायते परिच्छिद्यते वस्त्वनेनेति ज्ञानम् અર્થાત્ જાણવું તે જ્ઞાન છે અથવા જેના દ્વારા વસ્તુ તત્ત્વ જણાય છે તે જ્ઞાન છે.

સારાંશ એ છે કે આત્માને જ્ઞાનાવરણીય કર્મના ક્ષય અને ક્ષયોપશમથી જે તત્ત્વનો બોધ થાય તે જ્ઞાન છે. જ્ઞાનાવરણીય કર્મના સંપૂર્ણ ક્ષયથી ઉત્પન્ન થનાર જ્ઞાનને કેવળજ્ઞાન કહેવાય છે, તે ક્ષાયિક છે અને ક્ષયોપશમથી થનારા જ્ઞાન ચાર છે, તેને ક્ષયોપશમિક જ્ઞાન કહેવાય છે. આ રીતે જ્ઞાનના કુલ પાંચ ભેદ છે.

पण्णत्तं (प्रज्ञप्तं) :- કહીને શાસ્ત્રકારે બતાવ્યું છે કે આ કથન હું મારી બુદ્ધિથી અથવા કલ્પનાથી કરતો નથી. તીર્થંકર ભગવાને જ પ્રતિપાદન કર્યું છે.

**(૧) આભિનિબોધિકજ્ઞાન :-** આત્મા દ્વારા પ્રત્યક્ષ અર્થાત્ સામે આવેલ પદાર્થને જાણનાર જ્ઞાનને આભિનિબોધિક જ્ઞાન કહેવાય છે અથવા જે જ્ઞાન પાંચ



ઈન્દ્રિય અને છઠ્ઠા મન દ્વારા ઉત્પન્ન થાય તેને આભિનિબોધિકજ્ઞાન-મતિજ્ઞાન કહેવાય છે.

**(૨) શ્રુતજ્ઞાન :-** કોઈ પણ શબ્દનું શ્રવણ કરવાથી વાચ્ય-વાચકભાવ સંબંધના આધાર વડે અર્થની જે ઉપલબ્ધિ થાય છે તેને શ્રુતજ્ઞાન કહેવાય છે. તેની ઉત્પત્તિમાં ઈન્દ્રિયોની અપેક્ષાએ મનની મુખ્યતા હોય છે.

**(૩) અવધિજ્ઞાન :-** આ જ્ઞાન ઈન્દ્રિય અને મનની સહાયતા વિના કેવલ આત્મા દ્વારા જ રૂપી મૂર્ત પદાર્થનો સાક્ષાત્કાર કરી લે છે. આ જ્ઞાન ફક્ત રૂપી પદાર્થોને પ્રત્યક્ષ કરવાની ક્ષમતા ધરાવે છે, અરૂપીને નહીં. આ તેની અવધિ-મર્યાદા છે. ''અવ''નો અર્થ છે નીચે નીચે, ''ધિ''નો અર્થ છે જાણવું. જે જ્ઞાન અન્ય દિશાઓની અપેક્ષાએ અધોદિશામાં અધિક જાણે છે તેને અવધિજ્ઞાન કહેવાય છે. બીજા શબ્દોમાં કહીએ તો આ જ્ઞાન દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવની અપેક્ષાએ મૂર્ત દ્રવ્યોને અમુક મર્યાદામાં પ્રત્યક્ષ કરવાની શક્તિ ધરાવે છે.

**(૪) મનઃપર્યવજ્ઞાન :-** સમનસ્ક સંજ્ઞી જીવોના મનના પર્યાયોને જે જ્ઞાન દ્વારા જાણી શકાય તેને મનઃપર્યવજ્ઞાન કહેવયા છે. પ્રશ્ન એ થાય છે કે મનના પર્યાય કોને કહેવાય ? ઉત્તર — જ્યારે ભાવ મન કોઈ પણ વસ્તુનું ચિંતન કરે ત્યારે તેને ચિંતનીય વસ્તુ અનુસાર ચિંતનકાર્યમાં સંલગ્ન દ્રવ્ય મન પણ ભિન્ન-ભિન્ન પ્રકારની આકૃતિઓ ધારણ કરે છે, તે આકૃતિને મનની પર્યાય કહેવાય છે.

મનઃપર્યવજ્ઞાન મન અને તેની પર્યાયને જ્ઞાન દ્વારા સાક્ષાત્ કરી લે છે પરંતુ ચિંતનીય પદાર્થને તે અનુમાન દ્વારા જ જાણે છે, પ્રત્યક્ષ નહીં.

**(૫) કેવળજ્ઞાન :-** ''કેવલ'' શબ્દના વિવિધ અર્થ આ પ્રમાણે છે — એક, અસહાય, વિશુદ્ધ, પ્રતિપૂર્ણ, અનંત અને નિરાવરણ. તેની વ્યાખ્યા આ પ્રમાણે છે—

**એક :-** જે જ્ઞાન ઉત્પન્ન થતાં પહેલાંના ક્ષયોપશમજન્ય જ્ઞાન તે એકમાં વિલીન થઈ જાય અને કેવલ એક જ શેષ બચે તેને કેવળજ્ઞાન કહેવાય છે.

**અસહાય :-** જે જ્ઞાન મન, ઈન્દ્રિય, દેહ અથવા કોઈ અન્યની સહાયતા વિના રૂપી-અરૂપી, મૂર્ત-અમૂર્ત ત્રૈકાલિક સર્વ જ્ઞેય પદાર્થને હાથમાં રાખેલ આંબળાની જેમ જાણવાની ક્ષમતા ધરાવે છે, તેને કેવળજ્ઞાન કહે છે.

**વિશુદ્ધ :-** ચાર ક્ષયોપશમિક જ્ઞાન શુદ્ધ બની શકે છે પરંતુ વિશુદ્ધ બની શકે નહીં. વિશુદ્ધ એક કેવળજ્ઞાન જ હોય છે. કેમકે તે શુદ્ધ આત્માનું સ્વરૂપ છે.

**પ્રતિપૂર્ણ :-** ક્ષયોપશમિક જ્ઞાન કોઈ પણ પદાર્થની સર્વ પર્યાયોને જાણી શકે નહીં. જે જ્ઞાન સર્વ દ્રવ્યની સમસ્ત પર્યાયને જાણે તેને પ્રતિપૂર્ણ જ્ઞાન કહેવાય છે.

**અનંત :-** જે જ્ઞાન અન્ય દરેક જ્ઞાન કરતા શ્રેષ્ઠતમ, અનંતાનંત પદાર્થને જાણવાની શક્તિ ધરાવે છે અને ઉત્પન્ન થયા પછી ક્યારેય જે જ્ઞાન નષ્ટ થતું નથી, તેને અનંત કહેવાય છે.

**નિરાવરણ :-** આ જ્ઞાન ઘાતિકર્મોના સંપૂર્ણ ક્ષયથી ઉત્પન્ન થાય છે માટે તે નિરાવરણ છે.

ક્ષયોપશમિક જ્ઞાનમાં રાગ, દ્વેષ, ક્રોધ, લોભ તેમજ મોહ આદિનો અંશ વિધમાન રહે છે પરંતુ કેવળજ્ઞાન એ સર્વથી સર્વથા રહિત છે અર્થાત્ પૂર્ણ વિશુદ્ધ છે.

ઉપરના પાંચ પ્રકારના જ્ઞાનમાં પહેલા બે પ્રકારના જ્ઞાન પરોક્ષ છે અને અંતિમ ત્રણ જ્ઞાન પ્રત્યક્ષ છે.

શ્રુતજ્ઞાનના બે પ્રકાર છે – (૧) અર્થશ્રુત (૨) સૂત્રશ્રુત. અરિહંત કેવળજ્ઞાનીઓ દ્વારા અર્થશ્રુતની પ્રરૂપણા થાય છે અને અરિહંતના શિષ્ય ગણધર દેવ મૂળસૂત્રની રચના કરે છે તે સૂત્રરૂપ આગમ કે સૂત્ર કહેવાય છે.

શાસનના હિત માટે તત્ત્વોનું અર્થરૂપે પ્રતિપાદન અરિહંત દેવ કરે છે અને તેમના ગણધરો, નિપુણ શિષ્યો સૂત્રનું ગૂંથન કરે છે, સૂત્રની રચના કરે છે. આ પ્રકારે સૂત્રનું પ્રવર્તન થયા છે. એક વાત ધ્યાનમાં રાખવી કે – ગણધરદેવ એક વાર મૌલિક રૂપે આગમનું ગૂંથન, સંપાદનનું કાર્ય શાસનના પ્રારંભમાં જ કરે અને ત્યારથી જ શિષ્યોના અધ્યયનનું કાર્ય ચાલુ થઈ જાય છે. ગણધર દેવ સૂત્રોનું ગૂંથન કરે છે તે જ સૂત્ર શિષ્ય પરંપરામાં ચાલે છે અને તેના આધારથી જિનશાસન ચાલુ રહે છે. તીર્થંકર ભગવંત જીવન પર્યંત અર્થ, પરમાર્થ, વ્યાખ્યાન અને પ્રશ્નોત્તરોનું કથન અને પ્રરૂપણા સમયે સમયે કરે છે.

● **સૂત્ર-૫૪ :-**

***જ્ઞાન પાંચ પ્રકારના હોવા છતાં સંક્ષિપ્તમાં તેના બે પ્રકાર છે (૧) પ્રત્યક્ષ અને પરોક્ષ.***

● **વિવેચન-૫૪ :-**

'अक्षं प्रतिवर्तते तत् प्रत्यक्ष' - જીવ અથવા આત્માને અક્ષ કહેવાય છે. જે જ્ઞાન આત્માના પ્રતિ સાક્ષાત્ હોય અર્થાત્ સાક્ષાત્ આત્માથી ઉત્પન્ન થાય, જેને કોઈ ઈન્દ્રિય આદિ માધ્યમની અપેક્ષા ન હોય, તેને **'પ્રત્યક્ષ જ્ઞાન'** કહેવાય છે.

અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન એ બન્ને જ્ઞાન દેશ અપૂર્ણ પ્રત્યક્ષ કહેવાય છે. કેવળજ્ઞાન સર્વ પ્રત્યક્ષ કહેવાય છે. કેમકે સર્વ રૂપી અને અરૂપી પદાર્થ તેનો વિષય છે. જે જ્ઞાન ઈન્દ્રિય અને મનની સહાયતાથી પ્રાપ્ત થાય તેને **'પરોક્ષજ્ઞાન'** કહેવાય છે.

**જ્ઞાનની ક્રમ વ્યવસ્થા :-** પાંચ જ્ઞાનમાં સર્વ પ્રથમ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો નિર્દેશ કરેલ છે. તેનું કારણ એ છે કે – (૧) એ બન્ને જ્ઞાન સમ્યક્ અને મિથ્યારૂપે ન્યૂનાધિક માત્રામાં સમસ્ત સંસારી જીવોને સદૈવ હોય છે (૨) સર્વથી અધિક અવિકસિત નિગોદના જીવોને પણ આ રૂપે બંને જ્ઞાન અસમ્યક્રૂપે હોય છે (૩) તે સિવાય આ બન્ને જ્ઞાનની ઉપસ્થિતિમાં જ શેષ જ્ઞાન ઉત્પન્ન થાય છે પરંતુ કેવળજ્ઞાન ઉત્પન્ન થતાં જ આ બંને જ્ઞાન લુપ્ત થઈ જાય છે, તેમાં જ સમાઈ જાય છે. કારણ કે કેવળજ્ઞાન એક જ રહે છે. તે પોતે પરિપૂર્ણ જ્ઞાન છે. તેની સાથે બીજા કોઈ જ્ઞાનની આવશ્યકતા હોતી જ નથી.

આ બન્ને જ્ઞાનમાં પહેલા મતિજ્ઞાનનો ઉલ્લેખ કરવાનું કારણ એ છે શ્રુતજ્ઞાન



મતિજ્ઞાનપૂર્વક જ હોય છે.

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પછી અવધિજ્ઞાનનો નિર્દેશ કરવાનું કારણ એ છે કે આ બન્ને જ્ઞાનની સાથે અવધિજ્ઞાનની ઘણી સમાનતા છે, જેમકે – (૧) મિથ્યાત્વના ઉદયથી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન જેમ મિથ્યારૂપે પરિણત હોય છે, તેમ અવધિજ્ઞાન પણ મિથ્યારૂપે પરિણત થાય છે. (૨) તે સિવાય જ્યારે કોઈ વિભંગજ્ઞાની સમ્યગ્દૃષ્ટિ થાય છે ત્યારે ત્રણે ય જ્ઞાન એકી સાથે જ સમ્યક્રૂપે પરિણત થઈ જાય છે. (૩) મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની ઉત્કૃષ્ટ સ્થિતિ છાંસઠ સાગરોપમથી કંઈક અધિક હોય છે. અવધિજ્ઞાનની પણ ઉત્કૃષ્ટ સ્થિતિ તેટલી જ હોય છે. આ સમાનતા હોવાથી મતિ અને શ્રુતજ્ઞાન પછી અવધિજ્ઞાનનો નિર્દેશ કરેલ છે.

અવધિજ્ઞાન પછી મનઃપર્યવજ્ઞાનનો નિર્દેશ કરવાનું કારણ એ છે કે બન્નેમાં પ્રત્યક્ષત્વની સમાનતા છે, જેમ અવધિજ્ઞાન પારમાર્થિક પ્રત્યક્ષ છે, વિકલ (અપૂર્ણ) અને ક્ષાયોપશમજન્ય છે તેમ મનઃપર્યવજ્ઞાન પણ પારમાર્થિક પ્રત્યક્ષ, વિકલ અને ક્ષાયોપશમજન્ય છે.

કેવળજ્ઞાન સૌથી છેલ્લે પ્રાપ્ત થાય છે માટે તેનો નિર્દેશ અંતમાં કરેલ છે.

● **સૂત્ર-૫૫ :-**

***પ્રશ્ન :- પ્રત્યક્ષ જ્ઞાનના કેટલા પ્રકાર છે. ઉત્તર :- પ્રત્યક્ષ જ્ઞાનના બે પ્રકાર છે – (૧) ઈન્દ્રિય પ્રત્યક્ષ અને (૨) નોઈન્દ્રિય પ્રત્યક્ષ.***

● **વિવેચન-૫૫ :-**

ઈન્દ્રિયો આત્માની વૈભાવિક પરિણતિ છે. ઈન્દ્રિયના પણ બે ભેદ છે – (૧) દ્રવ્યેન્દ્રિય (૨) ભાવેન્દ્રિય. દ્રવ્યેન્દ્રિયના પણ બે પ્રકાર છે – (૧) નિર્વૃત્તિ દ્રવ્યેન્દ્રિય (૨) ઉપકરણ દ્રવ્યેન્દ્રિય.

નિર્વૃત્તિનો અર્થ છે – રચના. તે બાહ્ય અને આભ્યંતરના ભેદથી બે પ્રકારની છે. બાહ્ય નિર્વૃત્તિ ઈન્દ્રિયના આકારમાં પુદ્ગલોની રચના છે અને આભ્યંતર નિર્વૃત્તિથી ઈન્દ્રિયોના આકારમાં આત્મપ્રદેશોનું સંસ્થાન છે. ઉપકરણનો અર્થ છે – સહાયક અથવા સાધન. બાહ્ય અને આભ્યંતર નિર્વૃત્તિની શક્તિ-વિશેષને ઉપકરણેન્દ્રિય કહેવાય છે. સારાંશ એ છે કે ઈન્દ્રિયની આકૃતિ નિર્વૃત્તિ છે. તેની વિશિષ્ટ પૌદ્ગલિક શક્તિને ઉપકરણ કહેવાયા છે. સર્વ જીવોની દ્રવ્યેન્દ્રિયની બાહ્ય આકૃતિમાં ભિન્નતા જોવા મળે છે પરંતુ આભ્યંતર નિર્વૃત્તિ ઈન્દ્રિય દરેક જીવોની સમાન હોય છે.

પ્રજ્ઞાપના સૂત્રના પંદરમાં પદમાં કહ્યું છે – શ્રોત્રેન્દ્રિયનું સંસ્થાન કદંબ પુષ્પ જેવું છે, ચક્ષુરિન્દ્રિયનું સંસ્થાન મસુર અને ચંદ્રની જેમ ગોળ છે, ઘ્રાણેન્દ્રિયનો આકાર અતિમુક્તક જેવો છે, રસેન્દ્રિયનો આકાર ખુરપા જેવો છે અને સ્પર્શેન્દ્રિયનો આકાર વિવિધ પ્રકારનો હોય છે. માટે આભ્યંતર નિર્વૃત્તિ દરેકની સમાન છે. આભ્યંતર નિર્વૃત્તિથી ઉપકરણેન્દ્રિયની શક્તિ વિશિષ્ટ હોય છે.

ભાવેન્દ્રિયના બે પ્રકાર છે – લબ્ધિ અને ઉપયોગ. મતિ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી થનારી શક્તિની ઉપલબ્ધિ તે લબ્ધિ કહેવાય છે તથા શબ્દ, રૂપ આદિ

વિષયોનો સામાન્ય તથા વિશેષ પ્રકારે જે બોધ થાય છે તે બોધરૂપ વ્યાપારને ઉપયોગ-ઈન્દ્રિય કહેવાય છે. ઈન્દ્રિય પ્રત્યક્ષમાં દ્રવ્ય અને ભાવ બન્ને પ્રકારની ઈન્દ્રિય ગ્રહણ થાય છે. એકનો પણ અભાવ હોય તો ઈન્દ્રિય પ્રત્યક્ષની ઉત્પત્તિ થતી નથી.

नो इंदिय पच्चक्खं :- આ પદમાં 'नो' શબ્દ સર્વ નિષેધવાચક છે. નોઈન્દ્રિય એ મનનું નામ છે પણ અહીં આત્મા માટે 'णोइंदिय' શબ્દનો પ્રયોગ છે. ઈન્દ્રિય, મન આદિ બાહ્ય સાધનોની અપેક્ષા ન રાખતા જેનો સાક્ષાત્ સંબંધ આત્માથી હોય તેને નોઈન્દ્રિય પ્રત્યક્ષ કહેવાય છે.

से :- આ નિપાત શબ્દ મગધદેશીય છે. જેનો અર્થ ''अथ'' થાય છે.

ઈન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાનનું કથન લૌકિક વ્યવહારની અપેક્ષાએ કરેલ છે, પરમાર્થની અપેક્ષાએ નહીં. કેમકે લોકમાં એવું કહેવાની પ્રથા છે કે મેં આંખોથી પ્રત્યક્ષ જોયું છે. તેને સાંવ્યવહારિક પ્રત્યક્ષ કહેવાય છે.

**● સૂત્ર-૫૬ :-**

***પ્રશ્ન — ઈન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાન કેટલા પ્રકારનું છે ? ઉત્તર—ઈન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાન પાંચ પ્રકારનું કહેલ છે — (૧) શ્રોત્રેન્દ્રિય પ્રત્યક્ષ (કાનથી થાય છે.) (૨) ચક્ષુરિન્દ્રિય પ્રત્યક્ષ (આંખથી થાય છે.) (૩) ઘ્રાણેન્દ્રિય પ્રત્યક્ષ (નાકથી થાય છે.) (૪) જિહ્‌વેન્દ્રિય પ્રત્યક્ષ (જીભથી થાય છે.) (૫) સ્પર્શેન્દ્રિય પ્રત્યક્ષ (ત્વચાથી થાય છે.) આ પ્રમાણે ઈન્દ્રિય પ્રત્યક્ષનું વર્ણન જાણવું.***

**● વિવેચન-૫૬ :-**

શ્રોત્રેન્દ્રિયનો વિષય શબ્દ છે. શબ્દ બે પ્રકારના હોય છે — (૧) ધ્વન્યાત્મક (૨) વર્ણાત્મક. આ બન્નેથી જ્ઞાન ઉત્પન્ન થાય છે. ચક્ષુનો વિષય રૂપ છે. ઘ્રાણેન્દ્રિયનો વિષય ગંધ છે. રસેન્દ્રિયનો વિષય રસ છે અને સ્પર્શેન્દ્રિયનો વિષય સ્પર્શ છે.

અહીં એક શંકા ઉત્પન્ન થાય છે — સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર આ ક્રમને છોડીને શ્રોત્રેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય ઈત્યાદિ ક્રમથી ઈન્દ્રિયોનો નિર્દેશ કેમ કર્યો છે ?

ઉત્તર — એમાં બે કારણ છે. એક કારણ છે પૂર્વાનુપૂર્વી અને પશ્ચાદનુપૂર્વી દેખાડવાને માટે સૂત્રકારે ઉત્ક્રમની પદ્ધતિ અપનાવી છે. બીજું કારણ એ છે કે જે જીવમાં ક્ષયોપશમ અધિક હોય તે પંચેન્દ્રિય બને છે, તેનાથી ન્યૂન હોય તે ચઉરેન્દ્રિય બને છે. આ રીતે ક્ષયોપશમ ન્યૂન થવાથી તેઈન્દ્રિય, બેઈન્દ્રિય અને એકેન્દ્રિય બને છે. જ્યારે જાતિની અપેક્ષાએ ગણના કરાય છે ત્યારે પહેલા સ્પર્શન, રસના આદિ ક્રમથી સૂત્રકાર બતાવે છે. પાંચે ય ઈન્દ્રિય અને છઠ્ઠું મન એ શ્રુતજ્ઞાનમાં નિમિત્ત છે પરંતુ શ્રુતજ્ઞાનનું મુખ્ય કારણ શ્રોત્રેન્દ્રિય છે માટે સર્વ પ્રથમ શ્રોત્રેન્દ્રિયનો નિર્દેશ કરેલ છે.

**● સૂત્ર-૫૭ :-**

***પ્રશ્ન :- ઈન્દ્રિય અને મનની સહાયતા વિના સાક્ષાત્ આત્માથી થનાર નોઈન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાન કેટલા પ્રકારનું છે ?***





***ઉત્તર :- નોઈન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાન ત્રણ પ્રકારનું છે — (૧) અવધિજ્ઞાન પ્રત્યક્ષ (૨) મનઃપર્યવજ્ઞાન પ્રત્યક્ષ (૩) કેવળજ્ઞાન પ્રત્યક્ષ.***

**● વિવેચન-૫૭ :-**

સૂત્ર સ્પષ્ટ છે. અવધિજ્ઞાનાદિ ભેદ આગળ કહેવાશે —

**● સૂત્ર-૫૮ થી ૬૦ :-**

***(૫૮) પ્રશ્ન :- અવધિજ્ઞાન પ્રત્યક્ષના કેટલા પ્રકાર છે ?***

***ઉત્તર :- અવધિજ્ઞાન પ્રત્યક્ષના બે ભેદ કહ્યા છે — (૧) ભવપ્રત્યયિક અને (૨) ક્ષાયોપશમિક.***

***(૫૯) પ્રશ્ન :- ભવ પ્રત્યયિક અવધિજ્ઞાન કોને હોય છે ?***

***ઉત્તર :- ભવપ્રત્યયિક અવધિજ્ઞાન બે ગતિવાળા જીવોને હોય છે, જેમકે — દેવોને અને નારકોને. ભવના પ્રભાવે જે અવધિજ્ઞાન થાય તેને ભવપ્રત્યયિક કહેવાય છે.***

***(૬૦) પ્રશ્ન :- ક્ષાયોપશમિક અવધિજ્ઞાન કોને હોય છે ?***

***ઉત્તર :- ક્ષાયોપશમિક અવધિજ્ઞાન મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિયને હોય છે. ફરી પ્રશ્ન — ભગવન્ ! ક્ષાયોપશમિક અવધિજ્ઞાનની ઉત્પત્તિનું કારણ શું છે ? ઉત્તર — જે કર્મ અવધિજ્ઞાનની ઉત્પત્તિમાં રૂકાવટ કરે છે તેમાંથી ઉદયમાં આવેલા કર્મનો ક્ષય અને અનુદિત કર્મનો ઉપશમ થવાથી જે જ્ઞાન ઉત્પન્ન થાય તેને ક્ષયોપશમિક અવધિજ્ઞાન કહેવાય છે.***

**● વિવેચન-૫૮ થી ૬૦ :-**

મન અને ઈન્દ્રિયની સહાયતા વિના ઉત્પન્ન થનાર નોઈન્દ્રિય પ્રત્યક્ષજ્ઞાનના ત્રણ ભેદ છે — અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન.

અવધિજ્ઞાનના બે પ્રકાર છે — ભવપ્રત્યયિક અને ક્ષાયોપશમિક. ભવપ્રત્યયિક અવધિજ્ઞાન ભવના પ્રભાવથી જન્મ લેતી વખતે જ ઉત્પન્ન થાય છે. તેને પ્રાપ્ત કરવા માટે સંયમ, તપ અને અનુષ્ઠાનાદિની આવશ્યકતા રહેતી નથી. ક્ષાયોપશમિક અવધિજ્ઞાનની પ્રાપ્તિ માટે ઉપરના કારણોની સહાયતા રહે છે.

અવધિજ્ઞાનના સ્વામી ચારે ય ગતિના જીવો હોય છે. ભવપ્રત્યયિક અવધિજ્ઞાન દેવો અને નારકોને હોય છે. ક્ષાયોપશમિક અવધિજ્ઞાન મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિયને હોય છે. તેને ''ગુણપ્રત્યય અવધિજ્ઞાન'' પણ કહેવાય છે.

શંકા — અવધિજ્ઞાન ક્ષાયોપશમિક ભાવમાં જ પરિગણિત થાય છે, તો પછી નારકો અને દેવોને ભવના કારણથી શા માટે કહેલ છે ?

સમાધાન — વસ્તુતઃ અવધિજ્ઞાન ક્ષાયોપશમિક ભાવમાં જ છે. નારકો અને દેવોને પણ ક્ષયોપશમથી જ અવધિજ્ઞાન હોય છે પરંતુ તે ક્ષયોપશમમાં નારકભવ અને દેવભવ પ્રધાન કારણ હોય છે અર્થાત્ એ ભવોના નિમિત્તથી નારકો અને દેવોને અવધિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થઈ જ જાય છે માટે તેના અવધિજ્ઞાનને ભવપ્રત્યય કહેવાય છે. જેમકે પક્ષીઓને પણ ઉડવાની શક્તિ ક્ષયોપશમભાવમાં

હોવા છતાં ભવપ્રત્યયિક જ હોય છે.

**● સૂત્ર-૬૧ :-**

***જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ગુણ સંપન્ન મુનિને જે ક્ષાયોપશમિક અવધિજ્ઞાન ઉત્પન્ન થાય છે તે સંક્ષેપમાં છ પ્રકારે છે, જેમકે — (૧) આનુગામિક- જે જ્ઞાન વ્યક્તિની સાથે જાય છે (૨) અનાનુગામિક — જે જ્ઞાન સાથે ન જાય (૩) વર્ધમાન— જે જ્ઞાન વૃદ્ધિ પામતું જાય (૪) હીયમાન — જે જ્ઞાન ક્ષીણ થતું જાય (૫) પ્રતિપાતિક — જે જ્ઞાન એકાએક લુપ્ત થઈ જાય છે (૬) અપ્રતિપાતિક — જે જ્ઞાન લુપ્ત થતું જ નથી.***

**● વિવેચન-૬૧ :-**

અહીં મૂળગુણ અને ઉત્તરગુણથી સંપન્ન અણગારને ગુણપ્રતિપન્ન કહ્યા છે અથવા જ્ઞાન દર્શન ચારિત્ર સંપન્ન અણગારને ગુણ પ્રતિપન્ન કહ્યા છે.

**(૧) આનુગામિક :-** જેમ ચાલતા પુરુષની સાથે નેત્ર, સૂર્યની સાથે આતપ અને ચંદ્રની સાથે ચાંદની કાયમી રહે છે એ જ રીતે આનુગામિક અવધિજ્ઞાન પણ જ્યાં અવધિજ્ઞાની જાય છે ત્યાં તેની સાથે જ જાય છે. આ જ્ઞાન કોઈ એક ક્ષેત્રને સંબદ્ધ રહેતું નથી પરંતુ અવધિજ્ઞાની વ્યક્તિથી સંબદ્ધ રહે છે.

**(૨) અનાનુગામિક :-** જે જ્ઞાન જ્ઞાતાના સ્થાનાંતર સાથે ન જાય તેને અનાનુગામિક અવધિજ્ઞાન કહે છે. અર્થાત્ જે જ્ઞાન અમુક ક્ષેત્રથી સંબંધિત હોય તેને અનાનુગામિક કહે છે. જેમ કે દીપકનો પ્રકાશ મર્યાદિત ક્ષેત્રમાં હોય છે. ક્ષેત્રની મર્યાદામાં રહેલા પદાર્થોને જ તે પ્રકાશ પ્રકાશિત કરે છે. તે ક્ષેત્ર મર્યાદાથી બહાર રહેલા પદાર્થોને તે પ્રકાશ પ્રકાશિત કરી શકતો નથી. જ્યારે તે ક્ષેત્ર મર્યાદામાં વ્યક્તિ પ્રવેશ કરે ત્યારે જ પદાર્થને જાણી શકે છે. તે જ રીતે અનાનુગામિક અવધિજ્ઞાન પણ ક્ષેત્રથી સંબદ્ધ છે.

**(૩) વર્ધમાનક :-** જેમ જેમ અગ્નિમાં કાષ્ઠ નાંખીએ તેમ તેમ એ અધિકાધિક વૃદ્ધિ પામે છે, તેમજ તેનો પ્રકાશ પણ વધતો જાય છે. એ જ રીતે જેમ જેમ પરિણામમાં વિશુદ્ધિ વધતી જાય છે તેમ તેમ અવધિજ્ઞાન પણ વૃદ્ધિ પામતું જાય છે, તેને વર્ધમાન અવધિજ્ઞાન કહેવાય છે.

**(૪) હીયમાન :-** જેમ અગ્નિમાં કાષ્ઠ ઓછા નાખવાથી અગ્નિ પ્રતિક્ષણ મંદ થતી જાય છે તેજ રીતે વિશુદ્ધ પરિણામો ઓછા થવાથી અવધિજ્ઞાન પણ હીન, હીનતર અને હીનતમ થતું જાય છે તેને હીયમાન અવધિજ્ઞાન કહેવાય છે.

**(૫) પ્રતિપાતિક :-** જેમ દીપકમાં તેલ ન રહેવાથી દીપક પ્રકાશ દઈને તરત જ બુઝાઈ જાય છે. તેમ પ્રતિપાતિક અવધિજ્ઞાન પણ ક્યારેક નષ્ટ થઈ જાય છે.

**(૬) અપ્રતિપાતિક :-** જે અવધિજ્ઞાન કેવળજ્ઞાન પ્રાપ્ત કરાવે અથવા આખા ભવમાં પતનશીલ ન હોય તેને અપ્રતિપાતિક અવધિજ્ઞાન કહેવાય છે.

**● સૂત્ર-૬૨/૧ :-**

***પ્રશ્ન :- અનુગામિક અવધિજ્ઞાનના કેટલા પ્રકાર છે ? ઉત્તર :- અનુગામિક***



***અવધિજ્ઞાનના બે પ્રકાર છે — (૧) અંતગત (૨) મધ્યગત.***

***પ્રશ્ન :- અંતગત અવધિજ્ઞાન કોને કહેવાય ? અર્થાત્ તે કેટલા પ્રકારનું છે ? ઉત્તર :- અંતગત અવધિજ્ઞાનના ત્રણ પ્રકારે છે — (૧) પુરતઃ અંતગત-આગળથી અંતગત (૨) માર્ગતઃ અંતગત-પાછળથી અંતગત (૩) પાર્શ્વતઃ અંતગત-બન્ને પડખેથી અંતગત.***

***પ્રશ્ન :- આગળથી અંતગત અવધિજ્ઞાન કોને કહેવાય ? કેટલા પ્રકારનું છે ?***

***ઉત્તર :- આગળથી અંતગત અવધિજ્ઞાન આ પ્રમાણે છે. જેમ કોઈ વ્યક્તિ દીવડી, ઘાસનો પૂળો અથવા બળતું લાકડું, મણિ, પ્રદીપ અથવા કોઈ વાસણમાં પ્રજ્વલિત અગ્નિ રાખીને હાથ વડે અથવા દંડ વડે તેને સંભાળીને આગળ રાખતાં ચાલે છે ત્યારે ઉક્ત પદાર્થોના પ્રકાશ વડે માર્ગમાં રહેલ આગળની વસ્તુઓ દેખાતી જાય છે, એ જ રીતે જે અવધિજ્ઞાન પણ આગળના પ્રદેશમાં પ્રકાશ કરતાં કરતાં સાથે ચાલે છે તેને પુરતઃ અંતગત અવધિજ્ઞાન કહેવાય છે.***

***પ્રશ્ન :- માર્ગતઃ અંતગત અવધિજ્ઞાન કોને કહેવાય ?***

***ઉત્તર :- માર્ગતઃ અંતગત અવધિજ્ઞાન આ પ્રમાણે છે. જેમ કોઈ માણસ દીવડી, ઘાસનો પૂળો, બળતું કાષ્ટ, મણિ, પ્રદીપ અથવા કોઈ વાસણમાં સળગતી અગ્નિને રાખીને હાથ વડે અથવા દંડ વડે કે દંડ જડે ઉક્ત પદાર્થોને પાછળના ભાગમાં સંભાળીને ચાલે તો તેના પ્રકાશમાં પાછળ રહેલ પદાર્થોને જોતાં જોતાં ચાલ્યો જાય છે, એ જ રીતે જે જ્ઞાન પાછળના પદાર્થોને પ્રકાશિત કરે છે તેને માર્ગતઃ અંતગત અવધિજ્ઞાન કહેવાય છે.***

***પ્રશ્ન :- પાર્શ્વથી-અંતગત અવધિજ્ઞાન કોને કહેવાય છે ?***

***ઉત્તર :- પાર્શ્વતઃ અંતગત અવધિજ્ઞાન આ પ્રમાણે છે — જેમ કોઈ પુરુષ દીપિકા, ઘાસનો પૂળો, બળતું કાષ્ટ, મણિ, પ્રદીપ અથવા કોઈ પણ વાસણમાં પ્રજ્વલિત અગ્નિને રાખીને હાથ વડે કે દંડ વડે ઉક્ત પદાર્થોને બાજુમાં રાખતા ચાલે ત્યારે ઉક્ત પદાર્થોના પ્રકાશ વડે બાજુમાં રહેલ વસ્તુઓ દેખાતી જાય છે તેમ જે અવધિજ્ઞાન પાર્શ્વવર્તી પદાર્થોનું જ્ઞાન કરાવતાં કરાવતાં આત્માની સાથે ચાલે છે તેને પાર્શ્વત- અવધિજ્ઞાન કહેવાય છે. કોઈ કોઈ અવધિજ્ઞાન ક્ષયોપશમની વિચિત્રતાથી એક બાજુમાં જ પદાર્થોને પ્રકાશિત કરે છે તો કોઈ કોઈ બન્ને બાજુના પદાર્થોને પ્રકાશિત કરે છે.***

***પ્રશ્ન :- મધ્યગત અવધિજ્ઞાન કોને કહેવાય ?***

***ઉત્તર :- મધ્યગત અવધિજ્ઞાન આ પ્રમાણે છે. જેમ કોઈ પુરુષ ઉલ્કા, મશાલ, ઘાસનો પૂળો, અગ્રભાગથી બળતું લાકડું, મણિ, પ્રદીપ અથવા કૂંડા આદિમાં રાખેલ અગ્નિને મસ્તક પર રાખીને ચાલે છે ત્યારે તેને ઉપર્યુક્ત પ્રકાશ દ્વારા માર્ગમાં સર્વ દિશાઓમાં રહેલા પદાર્થો દેખાઈ જાય છે તેમ સર્વ દિશાઓમાં***

***રહેલા પદાર્થોનું જ્ઞાન કરાવતાં કરાવતાં જે જ્ઞાન જ્ઞાતાની સાથે ચાલે છે તેને મધ્યગત અવધિજ્ઞાન કહેવાય છે.***

**● વિવેચન-૬૨/૧ :-**

અહીં સૂત્રકારે આનુગામિક અવધિજ્ઞાન અને તેના ભેદોનું વર્ણન કરેલ છે. આત્માને જે સ્થાને અને જે ભવમાં અવધિજ્ઞાન ઉત્પન્ન થયું હોય તે પુરુષ સ્થળાંતર કરે અથવા તો બીજા ભવમાં જાય તો પણ જે જ્ઞાન આત્માની સાથે જાય તેને આનુગામિક અવધિજ્ઞાન કહેવાય છે. તેના બે પ્રકાર છે — અંતગત અને મધ્યગત. અહીં ''અંત'' શબ્દ પર્યંત વાચક છે. જે અવધિજ્ઞાનનું ક્ષેત્ર બન્ને બાજુ કિનારાવાળું હોય, ચોતરફ વર્તુળાકાર ન હોય તેને અંતગત અવધિજ્ઞાન કહેવાય છે. જેમકે ગવાક્ષ—બારી આદિ કોઈ પણ છિદ્ર દ્વારા પ્રદીપ આદિનો પ્રકાશ બહારની વસ્તુને પ્રકાશિત કરે છે. તે પ્રકાશ બન્ને બાજુ કિનારાવાળો હોય તેમ આ અંતગત અવધિજ્ઞાનને સમજવું. જેમ કોઈ જાળીમાંથી બહાર નીકળતો દીપકનો પ્રકાશ અનેક વિભાગોમાં ટુકડાઓમાં વિભક્ત હોય છે તેમ આ અવધિજ્ઞાન દ્વારા જોવાતા ક્ષેત્ર અનેક ખંડમાં વિભક્ત પણ હોઈ શકે છે. સંખ્યાત અસંખ્યાત પણ થઈ શકે છે. કર્મના ક્ષયોપશમની વિચિત્રતાથી એવા અનેક વિભાગવાળું અંતગત અવધિજ્ઞાન મનુષ્ય તિર્યંચને થઈ શકે છે.

**● સૂત્ર-૬૨/૨ :-**

***પ્રશ્ન :- અંતગત અને મધ્યગત અવધિજ્ઞાનમાં શું અંતર છે ?***

***ઉત્તર :- પુરતઃ અંતગત અવધિજ્ઞાની આગળ સંખ્યાત અથવા અસંખ્યાત યોજનમાં રહેલા દ્રવ્યોને જાણે છે અને દેખે છે અથવા સામાન્ય રૂપે જુએ છે અને વિશેષરૂપમાં જાણે છે.***

***પાછળના અંતગત અવધિજ્ઞાન દ્વારા પાછળ રહેલા સંખ્યાત અથવા અસંખ્યાત યોજનમાં સ્થિત દ્રવ્યોને વિશેષરૂપે જાણે છે અને સામાન્યરૂપે દેખે છે.***

***પાર્શ્વતઃ અંતગત અવધિજ્ઞાનથી એક યા બંને બાજુમાં રહેલ દ્રવ્યોને સંખ્યાત અથવા અસંખ્યાત જોજન સુધી વિશેષરૂપે જાણે છે અને સામાન્યરૂપે દેખે છે. આ રીતે આનુગામિક અવધિજ્ઞાનનું વર્ણન છે.***

***મધ્યગત અવધિજ્ઞાની પોતાની ચારેબાજુ સર્વ દિશાઓમાં અને વિદિશાઓમાં સંખ્યાત અથવા અસંખ્યાત જોજન સુધી સ્થિત દ્રવ્યોને વિશેષરૂપે જાણે છે અને સામાન્યરૂપે દેખે છે.***

**● વિવેચન-૬૨/૨ :-**

આ સૂત્રમાં અંતગત અને મધ્યગત અવધિજ્ઞાનમાં રહેલ અંતરને બતાવેલ છે. અવધિજ્ઞાનનો વિષયરૂપી પદાર્થ છે. આ અવધિજ્ઞાનના ભેદો ખાસ કરીને ક્ષેત્રને આશ્રિત છે. જેમકે એક દિશા, અનેક દિશા, આગળ, પાછળ, બંને બાજુ, ચોતરફ, સર્વ દિશાઓ, વિદિશાઓ અને ઉપર નીચે વગેરે, વગેરે.

મધ્યગત અવધિજ્ઞાન દેવો, નારકો અને તીર્થંકરોને નિશ્ચિત હોય જ છે.



તિર્યંચોને ફક્ત અંતગત અવધિજ્ઞાન હોય છે. પરંતુ મનુષ્યને અંતગત તથા મધ્યગત બન્ને પ્રકારનું આનુગામિક અવધિજ્ઞાન થઈ શકે છે. પ્રજ્ઞાપના સૂત્રના તેત્રીસમાં પદમાં બતાવ્યું છે કે નારકી, ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોને સર્વતઃ અવધિજ્ઞાન હોય છે, પંચેન્દ્રિય તિર્યંચોને દેશતઃ હોય છે અને મનુષ્યને દેશતઃ તથા સર્વતઃ બન્ને પ્રકારનું અવધિજ્ઞાન થઈ શકે છે.

સૂત્રમાં સંખ્યાત અને અસંખ્યાત જોજનનું પ્રમાણ બતાવેલ છે તેનાથી એ સ્પષ્ટ થાય છે કે અવધિજ્ઞાનના અસંખ્ય ભેદ છે.

રત્નપ્રભાના નારકોને જઘન્ય સાડા ત્રણ ગાઉ અને ઉત્કૃષ્ટ ચાર ગાઉ, શર્કરા પ્રભાના નારકોને જઘન્યત્રણ ગાઉ અને ઉત્કૃષ્ટ સાડા ત્રણ ગાઉ, વાલુકા પ્રભાના નારકોને જઘન્ય અઢી ગાઉ અને ઉત્કૃષ્ટ ત્રણ ગાઉ, પંકપ્રભામાં નારકોને જઘન્ય બે ગાઉ અને ઉત્કૃષ્ટ અઢી ગાઉ, ધૂમપ્રભાના નારકોને જઘન્ય દોઢ ગાઉ અને ઉત્કૃષ્ટ બે ગાઉ, તમઃપ્રબાના નારકોને જઘન્ય એક ગાઉ અને ઉત્કૃષ્ટ દોઢ ગાઉ અને સાતમી તમઃતમા પૃથ્વીના નારકોને જઘન્ય અર્ધો ગાઉ અને ઉત્કૃષ્ટ એક ગાઉ જેટલું અવધિજ્ઞાન હોય છે.

અસુરકુમારો જઘન્ય ૨૫ જોજન, ઉત્કૃષ્ટ અસંખ્યાત દ્વીપ સમુદ્રોને જાણે છે. નાગકુમારોથી લઈને સ્તનિતકુમારો સુધી તેમજ વાણવ્યંતર દેવો જઘન્ય ૨૫ જોજન, ઉત્કૃષ્ટ સંખ્યાત દ્વીપ સમુદ્રને જાણે છે. જ્યોતિષ્ક દેવો જઘન્ય અને ઉત્કૃષ્ટ સંખ્યાત જોજન સુધી જાણે છે. સૌધર્મકલ્પના દેવો જઘન્ય આંગુલનો અસંખ્યાતમો ભાગ ક્ષેત્રને, ઉત્કૃષ્ટ અને રત્નપ્રભાના નીચે ચરમાંતને જાણે છે, તિર્છાલોકમાં અસંખ્યાત દ્વીપ સમુદ્રોને અને ઊંચી દિશામાં પોતાના દેવલોકના વિમાનની ધ્વજા સુધી જાણે છે.

અવધિજ્ઞાનની સાથે અવધિદર્શન હોય જ છે માટે અહીં 'जाणइ पासइ' નો મતલબ અવધિજ્ઞાનથી જાણે અને અવધિદર્શનથી જુએ છે, એમ સમજવું જોઈએ.

**● સૂત્ર-૬૩ :-**

***પ્રશ્ન :- અનાનુગામિક અવધિજ્ઞાન કોને કહેવાય ?***

***ઉત્તર :- જેમ કોઈ પણ નામવાળી વ્યક્તિ એક બહુ મોટો અગ્નિ કુંડ બનાવીને તેમાં અગ્નિને પ્રજ્વલિત કરીને ચારે બાજુ દરેક દિશા અને વિદિશાઓમાં તે પ્રકાશમાં ચાલતાં ચાલતાં તે જ્યોતિથી પ્રકાશિત ક્ષેત્રને દેખે છે, પરંતુ પ્રકાશિત ક્ષેત્રથી અન્યત્ર ચાલ્યો જાય તો ત્યાંના તે પદાર્થોને દેખે નહીં. એ જ રીતે અનાનુગામિક અવધિજ્ઞાન જે ક્ષેત્રમાં ઉત્પન્ન થાય તે જ ક્ષેત્રમાં રહીને તે વ્યક્તિ સંખ્યાત તથા અસંખ્યાત જોજન સુધી જાણે, દેખે છે, તે ક્ષેત્રમાં પણ અંતર અંતરથી પણ જાણે અને નિરંતર પણ સંખ્યાત અસંખ્યાત જોજન સુધી જાણે છે, દેખે છે. અન્યત્ર ચાલ્યો જાય તો જાણે, દેખે નહીં, તેને અનાનુગામિક અવધિજ્ઞાન કહેવાય છે.***

**● વિવેચન-૬૩ :-**

આ સૂત્રમાં સ્થિર અગ્નિકુંડના પ્રકારની ઉપમાથી અનાનુગામિક અવધિજ્ઞાનનું

સ્વરૂપ બતાવેલ છે. જેમ અગ્નિકુંડનું પ્રકાશ ક્ષેત્ર એક સ્થાન પર સ્થિર રહે છે તેમ આ અવધિજ્ઞાનનું જ્ઞાનક્ષેત્ર ત્યાં જ સ્થિર રહે છે. જેમ તે અગ્નિકુંડમાં પ્રકાશિત ક્ષેત્રમાં રહીને અથવા ત્યાં આવીને વ્યક્તિ ત્યાં રહેલા પ્રકાશિત પદાર્થોને દેખી શકે છે તેમ અનાનુગામિક અવધિજ્ઞાન દ્વારા પ્રકાશિત તે સ્થિર ક્ષેત્રમાં રહીને કે આવીને તે આત્મા ત્યાં રહેલા પદાર્થોને જાણી શકે છે, જોઈ શકે છે.

संबद्धाणि वा असंबद्धाणि वा :- જેમ જાળીમાંથી પ્રકાશ બહાર પડે તે પ્રકાશની વચ્ચે વચ્ચે અંધકાર હોય છે તેમ અવધિજ્ઞાનથી પ્રકાશિત થનાર ક્ષેત્ર પણ જાળી રૂપે અંતરાળવાળું થઈ શકે છે અને વગર અંતરાળવાળું પણ થઈ શકે છે. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમની વિચિત્રતાથી એમ થઈ શકે છે. સંલગ્ન હોય તેને સંબદ્ધ કહેવાય છે અને અસંલગ્ન હોય તેને અસંબદ્ધ કહેવાય છે. એને વ્યવધાનવાળું અને અવ્યવધાનવાળું અવધિજ્ઞાન પણ કહી શકાય છે.

**● સૂત્ર-૬૪ :-**

***પ્રશ્ન :- વર્ધમાન અવધિજ્ઞાનનું સ્વરૂપ કેવું છે ?***

***ઉત્તર :- પ્રશસ્ત અધ્યવસાયસ્થાનો અર્થાત્ વિચારોમાં રહેનાર અને સંયમભાવમાં રહેનાર આત્માના અધ્યવસાયોની વિશુદ્ધિ થતાં અને ચારિત્ર પરિણામોની પણ વિશુદ્ધિ થતાં તેના અવધિજ્ઞાનની સર્વ દિશાઓમાં, ચારે બાજુ વૃદ્ધિ થાય છે.***

**● વિવેચન-૬૪ :-**

જે અવધિજ્ઞાનીના આત્મ-પરિણામ વિશુદ્ધથી વિશુદ્ધતર થતા જાય તેનું અવધિજ્ઞાન પણ ઉત્તરોત્તર વૃદ્ધિ પામતું જાય છે. વર્ધમાન અવધિજ્ઞાન સમ્યગ્દષ્ટિ દેશવિરતિ અને સર્વવિરતિને હોય છે. પરંતુ અહીં સૂત્રકારે સર્વવિરતિની જ પ્રમુખતાએ ગ્રહણ કરેલ છે કારણ કે પરિણામોની તથા ચારિત્રની વિશુદ્ધિ આ જ્ઞાનમાં અનિવાર્ય છે. મૂળપાઠમાં પહેલાં બે શબ્દોમાં પ્રશસ્ત અધ્યવસાયો અને ચારિત્રની ઉપસ્થિતિ આવશ્યકરૂપે સ્વીકાર કરેલ છે. પછીના બે શબ્દોમાં તે અધ્યવસાયો અને ચારિત્ર પરિણામોની વિશેષ વિશુદ્ધ સ્વીકારેલી છે. આ ચાર વિશેષણોથી સંપન્ન વ્યક્તિને ચોતરફ અવધિજ્ઞાનની વૃદ્ધિ થઈ શકે છે.

**● સૂત્ર-૬૫ :-**

***સૂક્ષ્મ નિગોદમાં જન્મ ગ્રહણ કર્યાને ત્રણ સમય થયા હોય અને જે જીવ આહારક બની ગયા હોય એવા સમયે તે જીવની જેટલી ઓછામાં ઓછી અવગાહના હોય છે, (શરીરની લંબાઈ હોય) તેટલા પ્રમાણમાં જઘન્ય અવધિજ્ઞાનનું ક્ષેત્ર હોય છે.***

**● વિવેચન-૬૫ :-**

આગમમાં ''पणग'' શબ્દ લીલફૂગ (નિગોદ) માટે આવેલ છે. તેનું શરીર સંસારના સમસ્ત જીવો કરતા નાનું હોય છે. તે સૂક્ષ્મ પનક જીવનું શરીર ત્રીજા સમયે આહાર લીધા પછી જેટલું ક્ષેત્ર અવગાઢ કરે છે એટલું નાનું જઘન્ય અવધિજ્ઞાનનું



ક્ષેત્ર હોય છે.

નિગોદના બે પ્રકાર છે — (૧) સૂક્ષ્મ (૨) બાદર. પ્રસ્તુત સૂત્રમાં ''સૂક્ષ્મનિગોદ''ને ગ્રહણ કરેલ છે. એક શરીરમાં અનંત જીવો હોય તેને સૂક્ષ્મ નિગોદ કહેવાય છે. સૂક્ષ્મ નિગોદના જીવો ચર્મચક્ષુથી દેખાતા નથી. કોઈના મારવાથી તે મરતા નથી. સૂક્ષ્મ નિગોદના એક શરીરમાં રહેતા અનંત જીવો એક અંતમુહૂર્તથી વધારે આયુષ્ય ભોગવી શકતા નથી, કોઈ કોઈ તો અપર્યાપ્ત અવસ્થામાં જ મરી જાય છે, તો કોઈ પર્યાપ્ત અવસ્થામાં મરે છે.

એક આવલિકા અસંખ્યાત સમયની હોય છે. બસો છપ્પન આવલિકાનો એક સહુથી નાનો ભવ થાય છે. જો નિગોદના જીવો અપર્યાપ્ત અવસ્થામાં સહુથી નાનો ભવ પૂરો કરી નિરંતર કાળ કરતા રહે તો એક મુહૂર્તમાં ૬૫,૫૩૬ વાર જન્મ મરણ કરે છે, આ અવસ્થામાં તેને ત્યાં અસંખ્યાત કાળ વીતી જાય છે.

કલ્પના કરવાથી જાણી શકાય છે કે નિગોદના અનંત જીવ પહેલા સમયમાં જ સૂક્ષ્મ શરીરને યોગ્ય પુદ્ગલને ગ્રહણ કરી સર્વ બંધ કરે, બીજા સમયમાં દેશબંધ કરે, ત્રીજા સમયમાં શરીર પ્રમાણે ક્ષેત્રને રોકે છે. તે ત્રીજા સમયે શરીરની જે અવગાહના હોય છે. તેટલું જ જઘન્ય અવધિજ્ઞાનનું વિષયક્ષેત્ર હોય છે. ચોથા સમયમાં તે શરીર અપેક્ષાકૃત સ્થૂલ બની જાય છે માટે સૂત્રકારે ત્રીજા સમયના આહારક નિગોદના શરીરનો જ ઉલ્લેખ કરેલ છે.

આત્મા અસંખ્યાત પ્રદેશી છે. તે પ્રદેશોનો સંકોચ અને વિસ્તાર કાર્મણ કાયયોગથી થાય છે. એ પ્રદેશો એટલા બધા સંકુચિત થઈ જાય છે કે તે સૂક્ષ્મ નિગોદ જીવના શરીરમાં પણ રહી શકે છે અને જ્યારે એ વિસ્તારને પામે છે ત્યારે પૂરા લોકાકાશને વ્યાપ્ત કરી શકે છે.

જ્યારે આત્મા કાર્મણ શરીરને છોડીને સિદ્ધત્વને પ્રાપ્ત કરે છે ત્યારે તે પ્રદેશોમાં સંકોચ તથા વિસ્તાર થતો નથી કેમ કે કાર્મણ શરીરના અભાવમાં કાર્મણ યોગ હોઈ શકે નહીં. આત્મ પ્રદેશોનો સંકોચ અને વિસ્તાર શરીરધારી જીવોમાં થાય છે. બધાથી અધિક સંકોચ સૂક્ષ્મ શરીરી પનક જીવોમાં હોય છે અને સહુથી અધિક વિસ્તાર કેવળજ્ઞાનીને કેવળ સમુદ્ઘાતના સમયે હોય છે.

**● સૂત્ર-૬૬ :-**

***અગ્નિકાયના સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત અને અપર્યાપ્ત સમસ્ત ઉત્કૃષ્ટ— સર્વાધિક જીવ સર્વ દિશાઓમાં નિરંતર ભરવાથી જેટલું ક્ષેત્ર પરિપૂર્ણ કરે છે તેટલું ક્ષેત્ર પરમાવધિજ્ઞાનનું બતાવેલ છે.***

**● વિવેચન-૬૬ :-**

ઉક્ત ગાથામાં સૂત્રકારે અવધિજ્ઞાનનો ઉત્કૃષ્ટ વિષય બતાવેલ છે. પાંચ સ્થાવરમાં બધાથી ઓછા જીવો તેઉકાયના છે કેમ કે અગ્નિકાયના જીવ સીમિત ક્ષેત્રમાં જ હોય છે. સૂક્ષ્મ અગ્નિકાય સંપૂર્ણ લોકમાં છે અને બાદર અગ્નિકાય અઢી દ્વીપમાં હોય છે.

તેઉકાયના જીવો ચાર પ્રકારના છે — (૧) અપર્યાપ્ત સૂક્ષ્મ (૨) પર્યાપ્ત સૂક્ષ્મ

(૩) અપર્યાપ્ત બાદર (૪) પર્યાપ્ત બાદર. આ જીવોની ઉત્કૃષ્ટ સંખ્યા જે હોય તે જીવોમાંથી પ્રત્યેક જીવને તેની અવગાહના અનુસાર આકાશપ્રદેશો પર લગાતાર એક પંક્તિમાં રાખીને તેની શ્રેણી બનાવવામાં આવે તો તે શ્રેણી બાજુ ઘુમાવવામાં આવે તો તેની પરિધિમાં જેટલો લોકાકાશ અને અલોકાકાશનો સમાવેશ થશે. તેટલો વિષય પરમ અવધિજ્ઞાનનો છે.

જો કે સમસ્ત અગ્નિકાયના જીવોની શ્રેણી-સૂચિ ક્યારે ય કોઈએ બનાવી નથી અને બની શકે તેમ પણ નથી. આ તો અસત્કલ્પનાથી સમજાવવાની રીત માત્ર છે. સંખ્યાતીત દ્રવ્ય, ક્ષેત્ર, કાળને સમજાવવા માટે એવી અસત્કલ્પનાના દૃષ્ટાંતો શાસ્ત્રમાં ઘણી જગ્યાએ છે. અલોકાકાશમાં કોઈ મૂર્ત પદાર્થ પણ નથી કે જેને અવધિજ્ઞાની જાણી શકે પરંતુ પરમાવધિજ્ઞાનનું સામર્થ્ય પ્રદર્શિત કરવા માટે તેનો આ ઉત્કૃષ્ટ વિષય બતાવેલ છે.

પ્રશ્ન :- લોક જેટલું ક્ષેત્ર દેખનાર અને અલોક જેટલું ક્ષેત્ર દેખવાની ક્ષમતાવાળા અવધિજ્ઞાનીઓમાં પરસ્પર શું વિશેષતા હોય છે ?

ઉત્તર :- લોક જેટલું ક્ષેત્ર દેખનાર અવધિજ્ઞાની કરતાં અલોક જેટલું ક્ષેત્ર દેખવાની ક્ષમતાવાળા અવધિજ્ઞાનીનું જ્ઞાન વિશિષ્ટ કે વિશિષ્ટતર હોય છે. તે વધારે સૂક્ષ્મ, સૂક્ષ્મતમ તત્ત્વોને જાણી શકે છે. ભૂત ભવિષ્યકાળની અપેક્ષાએ પણ વધારે જાણે અને પદાર્થોના પર્યાયો પણ વધારે જાણે છે. આમ તેની બહુ વિશેષતાઓ છે. ક્ષયોપશમ પણ તેનો વધારે હોય છે.

● **સૂત્ર-૬૭ થી ૭૩ :-**

***(૬૭) જે અવધિજ્ઞાન ક્ષેત્રથી આંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ હોય તે કાળથી આવલિકાના અસંખ્યાતમા પ્રમાણ હોય છે. જે ક્ષેત્રથી આંગુલના સંખ્યાતમા ભાગ પ્રમાણ હોય તે કાળથી આવલિકાના સંખ્યાતમા ભાગ પ્રમાણ હોય છે. જે ક્ષેત્રથી આંગુલ પ્રમાણ હોય તે કાળથી આવલિકાથી કંઈક ન્યૂન હોય છે અને જે કાળથી સંપૂર્ણ આવલિકા પ્રમાણે હોય તે ક્ષેત્રથી અનેક આંગુલ પ્રમાણ હોય છે.***

***(૬૮) જે અવધિજ્ઞાન ક્ષેત્રથી એક હાથ પ્રમાણ હોય તે કાળથી એક મુહૂર્ત્તથી કંઈક ન્યૂન હોય છે. જે ક્ષેત્રથી એક ગાઉ હોય છે, તે કાળથી કંઈક ન્યૂન એક દિવસ હોય છે. જે ક્ષેત્રથી જોજન પ્રમાણે હોય તે કાળથી અનેક દિવસ હોય છે. જે ક્ષેત્રથી પચ્ચીસ યોજન પર્યંત હોય છે તે કાળથી કિંચિત્ ન્યૂન પક્ષ સુધી હોય છે.***

***(૬૯) જે અવધિજ્ઞાન ક્ષેત્રથી સંપૂર્ણ ભરતક્ષેત્ર પ્રમાણ હોય તે કાળથી અર્ધમાસ પ્રમાણ હોય છે. જે ક્ષેત્રથી જંબૂદ્વીપ પ્રમાણ હોય તે કાળથી એક માસથી કંઈક અધિક હોય છે. જે ક્ષેત્રથી મનુષ્યલોક પ્રમાણ હોય તે કાળથી એક વર્ષ પર્યંત હોય છે. જે ક્ષેત્રથી રુચક ક્ષેત્ર પર્યંત હોય તે કાળથી અનેક વર્ષ હોય છે.***



***(૭૦) જે અવધિજ્ઞાન કાળથી સંખ્યાત કાળનું હોય તે ક્ષેત્રથી સંખ્યાત દ્વીપ સમુદ્ર પર્યંતનું હોય છે. જે અવધિજ્ઞાન કાળથી અસંખ્યાત કાળ પ્રમાણ હોય તે ક્ષેત્રથી સંખ્યાત કે અસંખ્યાત દ્વીપ અને સમુદ્રની ભજનાવાળું હોય છે. અર્થાત્ દ્વીપસમુદ્ર ક્યારેક સંખ્યાત પણ હોય ક્યારેક અસંખ્યાત પણ હોય છે.***

***(૭૧) અવધિજ્ઞાનીના કાળની વૃદ્ધિ થવા પર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ ચારેયની અવશ્ય વૃદ્ધિ થાય છે. ક્ષેત્રની વૃદ્ધિ થવા પર કાળની ભજના હોય છે અર્થાત્ કાળની વૃદ્ધિ થાય અથવા ન પણ થાય. દ્રવ્ય અને પર્યાયની વૃદ્ધિ થવા પર ક્ષેત્ર અને કાળની વૃદ્ધિ થાય કે ન પણ થાય.***

***(૭૨) કાળ સૂક્ષ્મ છે પરંતુ ક્ષેત્ર, કાળથી સૂક્ષ્મતર છે કેમ કે એક અંગુલ પ્રમાણ શ્રેણીરૂપ ક્ષેત્રમાં આકાશના પ્રદેશો અસંખ્યાત અવસર્પિણીના સમય જેટલા હોય છે અર્થાત્ અસંખ્યાત કાળ ચક્ર તેની ગણતરીમાં થાય છે.***

***(૭૩) આ રીતે વર્ધમાન અવધિજ્ઞાનનું વર્ણન છે.***

● **વિવેચન-૬૭ થી ૭૩ :-**

ગાથાર્થ સુગમ છે, વિશેષ એ કે — ક્ષેત્ર અને કાળમાં કોણ કોનાથી સૂક્ષ્મ છે એ વાત સૂત્રકાર અહીં બતાવે છે. કાળ સૂક્ષ્મ છે પણ તે ક્ષેત્રની અપેક્ષાએ સ્થૂલ છે. ક્ષેત્ર કાળની અપેક્ષાએ સૂક્ષ્મ છે. કેમકે અંગુલ પ્રમાણ આકાશ શ્રેણીમાં આકાશ પ્રદેશ એટલા છે કે જો તે પ્રદેશોનું પ્રતિસમય અપહરણ કરવામાં અર્થાત્ કાઢવામાં આવે તો નિર્લેપ થવામાં અસંખ્યાત અવસર્પિણી અને ઉત્સર્પિણી કાળ વ્યતીત થઈ જાય છે. તેનાથી દ્રવ્ય સૂક્ષ્મતમ છે કારણ કે ક્ષેત્રના દરેક આકાશ પ્રદેશ પર અનંતપ્રદેશી અનંતસ્કંધ અવસ્થિત છે. દ્રવ્યની અપેક્ષાએ ભાવ સૂક્ષ્મ છે, કેમકે તેના સ્કંધોમાં અનંત પરમાણુઓ છે અને તે પ્રત્યેક પરમાણુ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શની અપેક્ષાએ અનંત પર્યાયથી યુક્ત હોય છે. આ રીતે કાળ, ક્ષેત્ર, દ્રવ્ય અને ભાવ ક્રમશઃ સૂક્ષ્મ અને સૂક્ષ્મતર છે.

અવધિજ્ઞાની રૂપી દ્રવ્યોને જ જાણી શકે છે, અરૂપીને તે ન જાણી શકે, માટે મૂળ પાઠમાં જ્યાં ક્ષેત્ર અને કાળને જાણવાનું કહેલ છે ત્યાં એટલા ક્ષેત્ર અને કાળમાં અવસ્થિત રૂપી દ્રવ્યો સમજવાના છે, કારણ કે ક્ષેત્ર અને કાળ અરૂપી છે.

પરમાવધિજ્ઞાન પરમાણુને પણ જાણી શકે છે. તે કેવળજ્ઞાન થવાના અંતર્મુહૂર્ત પહેલાં ઉત્પન્ન થાય છે. આ રીતે ઉત્કૃષ્ટ અવધિજ્ઞાનના વિષયનું ક્ષેત્ર કાળના માધ્યમથી વર્ણન કરેલ છે.

● **સૂત્ર-૭૪ :-**

***પ્રશ્ન :- હીયમાન (હ્રાસમાન) અવધિજ્ઞાન કેવા પ્રકારનું છે ?***

***ઉત્તર :- અપ્રશસ્ત વિચારોમાં વર્તતાં અવિરતિ સમ્યગ્દૃષ્ટિ જીવ તથા અપ્રશસ્ત અધ્યવસાયમાં વર્તમાન દેશવિરતિ શ્રાવક અને સર્વવિરતિ ચારિત્રવાન સાધુ જ્યારે અશુભ વિચારો વડે સંક્લેશને પ્રાપ્ત થાય છે અને તેના ચારિત્રમાં પણ સંક્લેશ પ્રાપ્ત થાય છે ત્યારે ચારે બાજુથી અને દરેક પ્રકારે તેના***

***અવધિજ્ઞાનની પૂર્વ અવસ્થા ક્ષીણ થતી જાય છે. આ રીતે હાનિને પ્રાપ્ત થનાર અવધિજ્ઞાનને હીયમાન (હ્રાસમાન) અવધિજ્ઞાન કહેવાય છે.***

● **વિવેચન-૭૪ :-**

જ્યારે સાધકને ચારિત્ર મોહનીય કર્મનો ઉદય થાય છે ત્યારે આત્મામાં અશુભ વિચારો આવે છે. જ્યારે સર્વવિરતિ, દેશવિરતિ અને અવિરત-સમ્યગ્દૃષ્ટિ સંક્લિષ્ટ પરિણામી બની જાય છે કે તેના ચારિત્રમાં હાનિ થઈ જાય છે ત્યારે તેને પ્રાપ્ત થયેલ અવધિજ્ઞાન ક્ષીણ થતું જાય છે. સારાંશ એ છે કે અપ્રશસ્ત આચાર અને સંક્લિષ્ટ પરિણામ આ બન્ને અવધિજ્ઞાનના વિરોધી છે અથવા બાધક છે અર્થાત્ અવધિજ્ઞાનના નષ્ટ-ક્ષીણ થવામાં મુખ્ય કારણ છે.

● **સૂત્ર-૭૫ :-**

***પ્રશ્ન :- પ્રતિપાતિ અવધિજ્ઞાનનું સ્વરૂપ કેવું છે ?***

***ઉત્તર :- પ્રતિપાતિ અવધિજ્ઞાનનું સ્વરૂપ આ પ્રમાણે છે — જે અવધિજ્ઞાન જઘન્યથી અંગુલના અસંખ્યાતમાં ભાગ અથવા સંખ્યાતમાં ભાગ બાલાગ્ર પરિમાણ અથવા અનેક બાલાગ્ર પરિમાણ, લીખ અથવા અનેક લીખ પરિમાણ, જૂ અથવા અનેક જૂ પરિમાણ, જવ અથવા અનેક જવ પરિમાણ, અંગુલ અથવા અનેક અંગુલ પરિમાણ, પગ અથવા અનેક પગ પરિમાણ, વેંત અથવા અનેક વેંત પરિમાણ, હાથ અથવા અનેક હાથ પરિમાણ, કુક્ષિ અથવા અનેક કુક્ષિ પરિણામ, ધનુષ્ અથવા અનેક ધનુષ, ગાઉ અથવા અનેક ગાઉ, યોજન અથવા અનેક યોજન, શતયોજન અથવા અનેક શતયોજન, એક હજાર યોજન અથવા અનેક સહસ્ર યોજન, લાખ યોજન અથવા અનેક લાખ યોજન, એક કરોડ યોજન અથવા અનેક કરોડ યોજન, કોટાકોટિ યોજન અથવા અનેક કોટાકોટિ યોજન ઉત્કૃષ્ટથી સંપૂર્ણ લોકને જોઈને પણ નષ્ટ થઈ જાય છે તેને પ્રતિપાતિ અવધિજ્ઞાન કહેવાય છે.***

● **વિવેચન-૭૫ :-**

પ્રતિપાતિનો અર્થ છે પડવું. પતન ત્રણ પ્રકારે થાય છે — સમ્યક્ત્વથી, ચારિત્રથી અને ઉત્પન્ન થયેલ જ્ઞાનથી. પ્રતિપાતિ અવધિજ્ઞાન જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગને અને ઉત્કૃષ્ટ લોક નાડીને જોઈને નષ્ટ થઈ જાય છે. શેષ મધ્યમ પ્રતિપાતિના અનેક ભેદ છે, જે રીતે — એક દીપક ઝગમગી રહ્યો છે. એ દીપક તેલ અને વાટ બન્ને હોવા છતાં વાયુનો ઝપાટો લાગવાથી એકાએક બુઝાઈ જાય છે. એ જ રીતે પ્રતિપાતિ અવધિજ્ઞાન પણ આચાર અને વિચારના વિકૃત થવા પર ક્યારેક નષ્ટ થઈ જાયછે. આ જ્ઞાન જીવનની કોઈ પણ ક્ષણમાં ઉત્પન્ન થાય છે અને કોઈ પણ ક્ષણમાં નષ્ટ થઈ જાય છે.

અહીં અવધિજ્ઞાનથી પતિત થવાનું પ્રકરણ છે. સૂત્રમાં વિસ્તારથી કરેલ વર્ણનનો આશય આ પ્રમાણે છે કે જઘનય્ અંગુલના અસંખ્યાતમા ભાગથી લઈને ઉત્કૃષ્ટ આખા લોક જેટલું મોટું અવધિજ્ઞાન થઈ જાય તો પણ તે પ્રતિપાતિ અવધિજ્ઞાન છે



અર્થાત્ તે અવધિજ્ઞાન કોઈપણ નિમિત્તથી નષ્ટ થઈ શકે છે. તે ભવની સંપૂર્ણ ઉંમર સુધી રહેવું જરૂરી નથી.

પુહુત્ત :- અહીં 'પુહુત્ત' શબ્દ 'અનેક'ના અર્થમાં આવેલ છે. બે થી નવનો નિયમ અહીં લાગુ પડતો નથી. કારણ કે ૧૯૯૯ ધનુષ પણ ધણુ પુહુત્ત માં સમાવિષ્ટ છે. આ સૂત્રથી સ્પષ્ટ થાય છે કે પુહુત્ત શબ્દ વડે શાસ્ત્રકારનો આશય 'અનેક'થી છે. એમાં બે થી નવનો એકાંતિક આગ્રહ કરવો યોગ્ય નથી. તાત્પર્ય એ છે કે જ્યાં શાસ્ત્રકારને નિશ્ચિત સંખ્યા કહેવાની ન હોય, સંખ્યાનું સ્પષ્ટીકરણ કરવાનું ન હોય ત્યારે પુહુત્ત શબ્દનો પ્રયોગ કરાય છે.

● **સૂત્ર-૭૬ :-**

***પ્રશ્ન :- અપ્રતિપાતિ અવધિજ્ઞાનનું સ્વરૂપ કેવું છે ?***

***ઉત્તર :- અપ્રતિપાતિ અવધિજ્ઞાનનું સ્વરૂપ આ પ્રમાણે છે — જે અવધિજ્ઞાન વડે આત્મા અલોકાકાશમાં એક આકાશ પ્રદેશને પણ જાણે અને દેખે છે તેને અપ્રતિપાતિ અવધિજ્ઞાન કહેવાય છે.***

● **વિવેચન-૭૬ :-**

અપ્રતિપાતિનું તાત્પર્ય એ છે કે આખા ભવ સુધી રહેનાર જ્ઞાન. દેવતા નારકોનું અવધિજ્ઞાન પણ અપ્રતિપાતિ છે. મનુષ્યમાં પ્રતિપાતિ અપ્રતિપાતિ બંને પ્રકારનું અવધિજ્ઞાન હોય છે. જે અવધિજ્ઞાનની ક્ષેત્ર વૃદ્ધિ થતાં લોકને પાર કરી જાય પછી તે આખા ભવમાં નષ્ટ થાય નહિ, વર્ધમાન કે અવસ્થિત રહે. વર્ધમાન રહે તો અલોકમાં અસંખ્ય લોક જેટલી ક્ષેત્ર સીમાની વૃદ્ધિ થાય પછી તે પરમાવધિ જ્ઞાન કહેવાય છે. અપડિવાઈ અવધિજ્ઞાન જે મનુષ્યને થાય તે કેવળજ્ઞાન પ્રાપ્ત કરે. અથવા પૂરા ભવ સુધી જે જ્ઞાન ટકી રહે તે અપડિવાઈ જ્ઞાન કહેવાય છે.

આ રીતે અવધિજ્ઞાનના છ ભેદોનું વર્ણન પૂરું થયું.

● **સૂત્ર-૭૭ :-**

***અવધિજ્ઞાન સંક્ષિપ્તમાં ચાર પ્રકારે પ્રતિપાદિત કરેલ છે. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી.***

***(૧) દ્રવ્યથી — અવધિજ્ઞાની જઘન્ય-ઓછામાં ઓછું અનંતરૂપી દ્રવ્યોને જાણે છે અને દેખે છે, ઉત્કૃષ્ટથી સર્વ રૂપી દ્રવ્યોને જાણે છે અને દેખે છે.***

***(૨) ક્ષેત્રથી — અવધિજ્ઞાની જઘન્યતઃ અંગુલનો અસંખ્યાતમો ભાગ જાણે છે અને દેખે છે, ઉત્કૃષ્ટથી અલોકમાં લોક પરિમિત અસંખ્યાત ખંડોને જાણે અને દેખે છે.***

***(૩) કાળથી — અવધિજ્ઞાની જઘન્ય આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણે કાળને જાણે છે અને દેખે છે, ઉત્કૃષ્ટથી અતીત અને અનાગત અસંખ્યાત ઉત્સર્પિણી અને અવસર્પિણી પ્રમાણ કાળને જાણે અને દેખે છે.***

***(૪) ભાવથી — અવધિજ્ઞાની જઘન્યતઃ અનંતભાવોને જાણે છે અને દેખે છે, ઉત્કૃષ્ટથી પણ અનંત ભાવોને જાણે છે અને દેખે છે પરંતુ સર્વ ભાવોના***

***અનંતમાં ભાગને જ જાણે અને દેખે છે.***

**● વિવેચન-૭૭ :-**

ભાવથી જઘન્ય અને ઉત્કૃષ્ટ અનંત ભાવોને જાણે અને દેખે છે એમ જે કહ્યું એમાં ઉત્કૃષ્ટ પદમાં જઘન્યની અપેક્ષાએ અનંતગુણી પર્યાયોને જાણે અને દેખે છે એમ સમજવાનું છે. તાત્પર્ય એ છે કે અવધિજ્ઞાની પુદ્‌ગલની અનંત પર્યાયોને જાણે પરંતુ સર્વ પર્યાયોને ન જાણે. કારણ કે સર્વ પર્યાયો અનંતકાળની અપેક્ષા રાખે છે પરંતુ અવધિજ્ઞાનીનો વિષય અસંખ્ય કાળનો જ છે. એમ છતાં તે અવધિજ્ઞાની ઉત્કૃષ્ટની અપેક્ષાએ સર્વ દ્રવ્યોને જાણી શકે છે છે. દરેક પદાર્થની સર્વ પર્યાયોનો કાળ અનંત હોય છે. જ્યારે અવધિજ્ઞાનનો કાળ સંબંધી વિષય અસંખ્ય ઉત્સર્પિણી અને અસંખ્ય અવસર્પિણીનો જ હોય છે. માટે સૂત્રમાં જઘન્ય ઉત્કૃષ્ટ અનંત ભાવો જ કહ્યા છે, સર્વ ભાવો કહ્યા નથી.

**● સૂત્ર-૭૮ થી ૮૦ :-**

***[૭૮] આ અવધિજ્ઞાન ભવપ્રત્યયિક અને ગુણપ્રત્યયિક બે પ્રકારે કહેલ છે અને તેના પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવરૂપે ઘણા ભેદ પ્રભેદથી વર્ણન કરાયેલ છે.***

***[૭૯] નારક, દેવ અને તીર્થંકર અવધિજ્ઞાનથી અબાહ્ય હોય છે એટલે અવધિજ્ઞાનના વિષયક્ષેત્રના વચ્ચમાં જ રહે છે અને તેઓ સર્વ દિશા અને વિદિશાઓમાં દેખે છે. શેષ અર્થાત્ મનુષ્ય અને તિર્યંચ દેશથી એટલે કે એક દિશામાં પણ દેખે છે અને અનેક દિશામાં પણ દેખે છે.***

***[૮૦] આ રીતે પ્રત્યક્ષ અવધિજ્ઞાનનું વર્ણન છે.***

**● વિવેચન-૭૮ થી ૮૦ :-**

નૈરયિક, દેવ અને તીર્થંકરને નિશ્ચયથી અવધિજ્ઞાન હોય છે. એ ત્રણેયનું અવધિજ્ઞાન સર્વ દિશા અને વિદિશાઓ વિષયક હોય છે. શેષ મનુષ્ય અને તિર્યંચને એક દિશા વિષયક અવધિજ્ઞાન હોય છે અને અનેક દિશાનું પણ અવધિજ્ઞાન હોય છે. તાત્પર્ય એ છે કે નૈરયિક આદિ ત્રણેયને મધ્યગત અવધિજ્ઞાન હોય છે અને તે નિયમા (નિશ્ચિત રૂપથી) છ દિશાઓમાં જોઈ શકે છે. તિર્યંચને એક બે ત્રણ દિશામાં દેખાય છે અને મનુષ્યને અવધિજ્ઞાનથી એક, બે કે ત્રણ યાવત્ છએ ય દિશાઓમાં દેખાઈ શકે છે.

**● સૂત્ર-૮૧/૧**

***પ્રશ્ન :- મનઃપર્યવજ્ઞાન કેટલા પ્રકારનું છે ? શું મનઃપર્યવજ્ઞાન મનુષ્યને ઉત્પન્ન થાય ? કે અમનુષ્યોને (દેવને, નારકને કે તિર્યંચને) ઉત્પન્ન થાય ?***

***ઉત્તર :- મનઃપર્યવજ્ઞાન મનુષ્યોને જ ઉત્પન્ન થાય છે, અમનુષ્યને નહીં અર્થાત્ દેવ, નારકી અને તિર્યંચને ઉત્પન્ન ન થાય.***

**● વિવેચન-૮૧/૧ :-**

સૂત્રકાર અવધિજ્ઞાન પછી મનઃપર્યવજ્ઞાનના અધિકારી કોણ થઈ શકે તેનું



વિવેચન પ્રશ્ન અને ઉત્તર દ્વારા બતાવે છે. અહીં પ્રશ્ન એ થાય છે કે દ્વાદશાંગધર ગૌતમસ્વામીને આ શંકા શા માટે ઉત્પન્ન થઈ હશે ?

ઉત્તર :- શંકા અનેક કારણોથી ઉત્પન્ન થાય છે. જેમ કે જિજ્ઞાસુ શિષ્યોની શંકાનું સમાધાન કરવા માટે, વિવાદ કરવા માટે, જ્ઞાનીજનોની પરીક્ષા કરવા માટે અથવા પોતાની વિદ્વત્તા સિદ્ધ કરવા માટે. પરંતુ ગૌતમસ્વામી માટે ઉપર બતાવેલા પૈકી કોઈ પણ કારણો સંભવી શકે એમ નથી. તેઓ ચાર જ્ઞાનના ધારક, નિરભિમાની અને વિનીત હતા. એટલે પ્રશ્ન પૂછવાનું કારણ નીચે મુજબ હોવું જોઈએ.

પોતાનો અવગત વિષય સ્પષ્ટ કરવા માટે, અન્ય લોકોની શંકાનું નિરાકરણ કરવા માટે, ઉપસ્થિત શિષ્યોને નવું જ્ઞાન પ્રાપ્ત કરાવવા માટે, જેના મસ્તિકમાં જ્ઞાનની સૂઝબૂઝ ન હોય તેને પણ અનાયાસ જ્ઞાનગુણની પ્રાપ્તિ થાય તેમજ જ્ઞાન પ્રત્યે અભિરુચિ થાય, એ દૃષ્ટિકોણને લક્ષ્યમાં રાખીને ગૌતમસ્વામીએ ભગવાન મહાવીર સ્વામીને પ્રશ્નો કર્યા હોય એમ જણાય છે.

से किं तं मणपज्जवणाणं :- આ નંદી સૂત્રની રચના પદ્ધતિ અનુસાર અવધિજ્ઞાન, કેવળજ્ઞાન, મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનાં પ્રકરણોમાં પણ આ જ પ્રશ્ન પ્રારંભમાં કરેલ છે અને તેનો ઉત્તર પણ તે ચારે ય પ્રકરણમાં તેના મુખ્ય ભેદ દર્શાવતાં આપેલ છે. આ વાત દરેક પ્રકરણના પ્રારંભમાં આપણે જોઈ શકીએ છીએ.

પ્રસ્તુત મનઃપર્યવ જ્ઞાનના પ્રકરણમાં આ પ્રશ્નનો ઉત્તરપાઠ નથી પરંતુ તે પ્રશ્નના ઉત્તર વિના જ નવો પ્રશ્ન અને ઉત્તર ભગવાન અને ગૌતમના નામે શરૂ કરેલ છે. તે પ્રથમ પ્રશ્નનો ઉત્તર નંદી સૂત્રના બીજા પ્રકરણોની સમાન હોવો જોઈએ તે પાઠ પાછળ ઉપસંહાર પાઠની સાથે આવેલ છે.

દરેક જ્ઞાનના પ્રકરણમાં ઉપસંહાર રૂપમાં અંતિમપાઠ तं समासओ चउव्विहं पण्णत्तं तंजहा - આ પાઠ છે. પરંતુ અહીં મનઃપર્યવ જ્ઞાનના પ્રકરણમાં તે ઉપસંહાર પાઠની સાથે આ પ્રથમ પ્રશ્નનો ઉત્તર જોડાઈ ગયેલ છે.

**● સૂત્ર-૮૧/૨ :-**

***મનઃપર્યવજ્ઞાન જો મનુષ્યને ઉત્પન્ન થાય છે તો શું સમુર્છિમ મનુષ્યને ઉત્પન્ન થાય કે ગર્ભજ મનુષ્યને ? ઉત્તર :- સમૂર્છિમ મનુષ્યને ઉત્પન્ન ન થાય પણ ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન થાય છે.***

**● વિવેચન-૮૧/૨ :-**

જે માતાપિતાના સંયોગથી ઉત્પન્ન થાય છે તેને ગર્ભજ મનુષ્ય કહેવાય છે અને જે ગર્ભજ મનુષ્યનાં મળમૂત્ર આદિ અશુચિ સ્થાનોમાં ઉત્પન્ન થાય તેને સમૂર્છિમ કહેવાય છે. તેનું વર્ણન પ્રજ્ઞાપના સૂત્રના પહેલા પદમાં બતાવ્યું છે. સમુર્છિમ મનુષ્યની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની હોય છે. તેવા મનુષ્ય મન રહિત, મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની અને અપર્યાપ્ત હોય છે. તેનું આયુષ્ય ફક્ત અંતમુહૂર્તનું જ હોય છે તેથી તેઓ ચારિત્ર ગ્રહણ કરી ન શકે અને જે ચારિત્ર ગ્રહણ ન કરે તેને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય નહીં.

● **સૂત્ર-૮૧/૩ :-**

***પ્રશ્ન :- જો મનઃપર્યવજ્ઞાન ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન થાય છે તો શું કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન થાય કે અકર્મભૂમિના ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન થાય કે અંતરદ્વીપના ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન થાય છે ?***

***ઉત્તર :- કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને જ ઉત્પન્ન થાય છે. પરંતુ અકર્મભૂમિના ગર્ભજ મનુષ્યને તથા અંતરદ્વીપના ગર્ભજ મનુષ્યને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન ન થાય.***

● **વિવેચન-૮૧/૩ :-**

કર્મભૂમિ ક્ષેત્રમાં ઉત્પન્ન થનારા ગર્ભજ મનુષ્યને જ મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે. તે સિવાય બીજા કોઈપણ ક્ષેત્રમાં ઉત્પન્ન થનારા મનુષ્યને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થતું નથી.

કર્મભૂમિ :- જ્યાં અસિ, મસિ, કૃષિ, વાણિજ્ય, શિલ્પ આદિ હોય, પુરુષોની ૭૨ અને સ્ત્રીઓની ૬૪ કળા હોય અને રાજનીતિ વિદ્યમાન હોય તેમજ સાધુ સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા ચારે તીર્થ પોતપોતાનું કર્તવ્ય પાલન કરવામાં પ્રવૃત્ત હોય, તેને કર્મભૂમિ કહેવાય છે. તે કર્મભૂમિના ૧૫ ક્ષેત્રો છે.

અકર્મભૂમિ :- જ્યાં રાજનીતિ, ધર્મનીતિ, કૃષિ, વાણિજ્ય વગેરે ન હોય તેવી ભૂમિને અકર્મભૂમિ ક્ષેત્ર કહેવાય છે. અકર્મભૂમિ મનુષ્યોનાં જીવન નિર્વાહ કલ્પવૃક્ષો પર નિર્ભર હોય છે. ૩૦ અકર્મભૂમિ અને ૫૬ અંતરદ્વીપના મનુષ્ય અકર્મભૂમિના અથવા ભોગભૂમિના કહેવાય છે. તેનું વિસ્તૃત વર્ણન જીવાભિગમ સૂત્રમાં બતાવેલ છે. આ રીતે લોકમાં મનુષ્યોના ૧૫ + ૩૦ + ૫૬ = ૧૦૧ ક્ષેત્ર છે, ત્યાં જ મનુષ્યો ઉત્પન્ન થાય છે. પંદર કર્મભૂમિ અને ત્રીસ અકર્મભૂમિ અઢી દ્વીપમાં છે અને ૫૬ અંતરદ્વીપ લવણ સમુદ્રમાં આવેલા છે.

● **સૂત્ર-૮૧/૪ :-**

***પ્રશ્ન :- જો કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે તો શું સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને થાય છે કે અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને થાય છે ?***

***ઉત્તર :- સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે પણ અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન ન થાય.***

● **વિવેચન-૮૧/૪ :-**

ગર્ભજ મનુષ્યના બે પ્રકાર હોય છે — એક સંખ્યાત વર્ષના આયુષ્યવાળા અને બીજા અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા. મનઃપર્યવજ્ઞાન સંખ્યાતવર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને થાય છે પણ અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને થાય નહીં. અહીં સંખ્યાત વર્ષના આયુષ્યવાનની જે વાત કરી છે તેનું તાત્પર્ય એ છે કે જેનું આયુષ્ય જઘન્ય ૯ વર્ષનું અને ઉત્કૃષ્ટ કરોડ પૂર્વનું હોય



તે મનુષ્યને જ મનઃપર્યવજ્ઞાન થાય છે.

● **સૂત્ર-૮૧/૫ :-**

***પ્રશ્ન :- જો મનઃપર્યવજ્ઞાન સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન થાય છે તો શું પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને થાય કે અપર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને થાય છે ?***

***ઉત્તર :- પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન થાય છે પણ અપર્યાપ્તને ઉત્પન્ન ન થાય.***

● **વિવેચન-૮૧/૫ :-**

સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય બે પ્રકારના — પર્યાપ્ત અને અપર્યાપ્ત. પર્યાપ્તને મનઃપર્યવજ્ઞાનની પ્રાપ્તિ થઈ શકે.

**પર્યાપ્ત અને અપર્યાપ્ત :-** (૧) જે મનુષ્ય સ્વયોગ્ય પર્યાપ્તિને પૂર્ણ કરે તેને પર્યાપ્ત કહેવાય છે. (૨) જે મનુષ્ય સ્વયોગ્ય પર્યાપ્તિને પૂર્ણ ન કરે તેને અપર્યાપ્ત કહેવાય છે.

જીવની શક્તિ વિશેષની પૂર્ણતાને પર્યાપ્તિ કહેવાય છે. પર્યાપ્તિ છ પ્રકારની છે — (૧) આહાર પર્યાપ્તિ (૨) શરીરપર્યાપ્તિ (૩) ઈન્દ્રિયપર્યાપ્તિ (૪) શ્વાસોચ્છ્વાસ-પર્યાપ્તિ (૫) ભાષાપર્યાપ્તિ (૬) મનઃપર્યાપ્તિ.

**(૧) આહારપર્યાપ્તિ :-** જે શક્તિથી જીવ આહાર યોગ્ય બાહ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરીને રસ રૂપે પરિણમન કરી શકે તેની પૂર્ણતાને આહારપર્યાપ્તિ કહેવાય છે.

**(૨) શરીરપર્યાપ્તિ :-** જે શક્તિ દ્વારા રસ રૂપમાં પરિણત આહારને અસ્થિ, માંસ, મજ્જા, શુક્ર, શોણિત આદિ ધાતુઓમાં પરિણત કરે છે તેની પૂર્ણતાને શરીરપર્યાપ્તિ કહેવાય છે.

**(૩) ઈન્દ્રિય પર્યાપ્તિ :-** પાંચે ઈન્દ્રિયોના યોગ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરીને તેને ઈન્દ્રિય રૂપમાં પરિણત કરવાની શક્તિની પૂર્ણતાને ઈન્દ્રિયપર્યાપ્તિ કહેવાય છે.

**(૪) શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ :-** ઉચ્છ્વાસને યોગ્ય પુદ્‌ગલો જે શક્તિ દ્વારા ગ્રહણ કરીને છોડવામાં આવે છે તેની પૂર્ણતાને શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ કહેવાય છે.

**(૫) ભાષાપર્યાપ્તિ :-** જે શક્તિ દ્વારા આત્મા ભાષાવર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરીને ભાષાના રૂપમાં પરિણત કરે છે અને છોડે છે તેની પૂર્ણતાને ભાષાપર્યાપ્તિ કહેવાય છે.

**(૬) મનઃપર્યાપ્તિ :-** જે શક્તિ દ્વારા મનોવર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરીને તેને મન રૂપે પરિણત કરે છે અને છોડે છે તેની પૂર્ણતાને મનઃપર્યાપ્તિ કહે છે. મનોવર્ગણાના પુદ્‌ગલોનું અવલંબન લઈને જ જીવ મનન, સંકલ્પ, વિકલ્પ કરી શકે છે.

આહારપર્યાપ્તિ એક સમયમાં જ પૂર્ણ થઈ જાય છે. એકેન્દ્રિયમાં પ્રથમની ચાર પર્યાપ્તિઓ હોય છે. વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયમાં પાંચ પર્યાપ્તિઓ હોય છે

પણ મન પર્યાપ્તિ ન હોય. સંજ્ઞી, તિર્યંચ અને મનુષ્ય વગેરે પંચેન્દ્રિયમાં છ પર્યાપ્તિ હોય છે.

જે જીવને જેટલી પર્યાપ્તિ પ્રાપ્ત થવાની હોય છે તેટલી તેને મળી જાય તેને પર્યાપ્ત કહેવાય છે. જ્યાં સુધી તેનાથી ન્યૂન હોય ત્યાં સુધી એ અપર્યાપ્ત કહેવાય છે. પહેલી આહારપર્યાપ્તિને છોડીને શેષ પર્યાપ્તિઓની પ્રાપ્તિ અંતર્મુહૂર્તમાં થાય છે. જે પર્યાપ્ત હોય છે તે જ મનુષ્ય મનઃપર્યવજ્ઞાનને પ્રાપ્ત કરી શકે છે.

● **સૂત્ર-૮૧/૬ :-**

***પ્રશ્ન :- જો મનઃપર્યવજ્ઞાન સંખ્યાત વર્ષના કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન થાય છે, તો શું સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન થાય છે કે મિથ્યાદૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન થાય છે કે મિશ્ર દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન થાય છે ?***

***ઉત્તર :- સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન થાય છે પણ મિથ્યાદૃષ્ટિ અને મિશ્રદૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન ન થાય.***

● **વિવેચન-૮૧/૬ :-**

આ સૂત્રમાં દૃષ્ટિની અપેક્ષાએ મનઃપર્યવજ્ઞાનના અધિકારીનું કથન કરેલ છે. દૃષ્ટિ ત્રણ પ્રકારની છે — સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને મિશ્રદૃષ્ટિ.

(૧) સમ્યગ્દૃષ્ટિ :- જેની દૃષ્ટિ આત્માભિમુખ, સત્યાભિમુખ અને જિનેશ્વર પ્રરૂપિત તત્ત્વની અભિમુખ (સન્મુખ) હોય અર્થાત્ જેને જિનેશ્વર કથિત સમસ્ત તત્ત્વો પર સમ્યગ્ શ્રદ્ધા હોય, તેને સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે.

(૨) મિથ્યાદૃષ્ટિ :- જેની દૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિના લક્ષણોથી વિપરીત હોય અર્થાત્ જિનેશ્વર કથિત તત્ત્વો પર જેને શ્રદ્ધા ન હોય તેને મિથ્યાદૃષ્ટિ કહેવાય છે.

(૩) મિશ્રદૃષ્ટિ :- મિશ્ર મોહનીય કર્મના ઉદયથી જેની દૃષ્ટિ કોઈ પદાર્થનો યથાર્થ નિર્ણય કરવામાં સમર્થ ન હોય, જે સત્યને પણ પૂર્ણ ગ્રહણ ન કરી શકે અને અસત્યનો ત્યાગ પણ ન કરી શકે, જેની દૃષ્ટિમાં સત્ય અને અસત્ય બન્ને સમાન હોય તેને મિશ્રદૃષ્ટિ કહેવાય છે. જેમ મૂઢ માનવ સોનું અને પીતળને પારખી શકતો નથી તેથી બન્નેને સમાન સમજે છે, એમ અજ્ઞાની મોક્ષના અમોઘ ઉપાય અને બંધના હેતુઓને સમજતો નથી તેથી બન્નેને સમાન સમજે છે. એવી મિશ્રિત શ્રદ્ધાને ધારણ કરનાર જીવને મિશ્રદૃષ્ટિ કહેવાય છે. મનઃપર્યવજ્ઞાન સમ્યગ્દૃષ્ટિ ગર્ભજ મનુષ્યને થાય છે પણ મિથ્યાદૃષ્ટિ અથવા મિશ્રદૃષ્ટિને પ્રાપ્ત થાય નહીં.

● **સૂત્ર-૮૧/૭ :-**

***જો મનઃપર્યવજ્ઞાન સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને થાય છે તો શું સંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને થાય છે કે અસંયત સમ્યગ્દૃષ્ટિ***





***પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને થાય કે સંયતાસંયત (શ્રાવક) સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને થાય છે ?***

***ઉત્તર :- સંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને થાય છે પણ અસંયત કે સંયતાસંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન થાય નહીં.***

● **વિવેચન-૮૧/૭ :-**

આ સૂત્રમાં સમ્યગ્દૃષ્ટિ સંયત, અસંયતની અપેક્ષાએ મનઃપર્યવજ્ઞાનના અધિકારી કહ્યા છે.

સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય ત્રણ પ્રકારના છે — સંયત, અસંયત અને સંયતાસંયત.

(૧) સંયત :- જે સર્વ પ્રકારથી વિરત છે તથા ચારિત્ર મોહનીય કર્મના ક્ષય અથવા ક્ષયોપશમથી જેને સર્વ વિરતિ ચારિત્રની પ્રાપ્તિ થઈ છે જે સાધુભાવમાં, મુનિભાવમાં છે, તેને સંયત કહેવાય છે.

(૨) અસંયત :- જેને કોઈ નિયમ પ્રત્યાખ્યાન નથી, જે અવ્રતી છે, ચતુર્થ ગુણસ્થાનમાં અવસ્થિત છે, જેને અપ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયથી દેશવિરતિ ચારિત્ર પણ નથી, જે મહાવ્રત કે અણુવ્રત કંઈ પણ ધારણ કરતા નથી તેને અસંયત કહેવાય છે.

(૩) સંયતાસંયત :- સંયતાસંયત સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય શ્રાવક હોય છે. તેને પ્રાણાતિપાત આદિ પાંચ આશ્રવનો અંશરૂપથી ત્યાગ હોય છે. તે અણુવ્રત ધારણ કરનાર શ્રમણોપાસક હોય છે.

આ ત્રણેયને ક્રમશઃ વિરત, અવિરત અને વિરતાવિરત કહેવાય છે અથવા પચ્ચખાણી, અપચ્ચખાણી અને પચ્ચખાણાપચ્ચખાણી પણ કહેવાય છે.

આ ત્રણેયમાંથી સંયત, સર્વવિરતિ મનુષ્યને અર્થાત્ શ્રમણને જ મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થઈ શકે છે. શ્રાવક કે અવ્રતીને મનઃપર્યવજ્ઞાન થતું નથી. તાત્પર્ય એ છે કે કોઈ પણ ગૃહસ્થને મનઃપર્યવ જ્ઞાન ઉત્પન્ન થાય નહિ, આ એની વિશેષતા છે. કેવળજ્ઞાન સહિત બીજા ચાર જ્ઞાન ગૃહસ્થને થઈ શકે છે પરંતુ મનઃપર્યવ જ્ઞાન દીક્ષિત શ્રમણોને જ ચારિત્ર, તપ અને ભાવવિશુદ્ધિ આદિથી ઉત્પન્ન થાય છે.

● **સૂત્ર-૮૧/૮ :-**

***પ્રશ્ન :- જો મનઃપર્યવજ્ઞાન સંયતસમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન થાય છે તો શું પ્રમત્તસંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન થાય છે કે અપ્રમત્ત સંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન થાય છે ?***

***ઉત્તર :- અપ્રમત્ત સંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન થાય છે, પ્રમત્ત સંયતને ન થાય.***

● **વિવેચન-૮૧/૮ :-**

**પ્રમત્ત સંયત :-** છટ્ઠા ગુણસ્થાનવર્તી શ્રમણ પ્રમત્ત સંયત કહેવાય છે. શ્રમણ શરીરના લક્ષ્યમાં કે ઉપકરણોનાં લક્ષ્યમાં પ્રવૃત્ત હોય અથવા જ્યારે સામાન્ય 'શાંત' સંયમ ભાવોમાં હોય ત્યારે તેને છઠ્ઠું ગુણસ્થાન હોય છે. તે શ્રમણ-શ્રમણી પ્રમત્ત સંયત કહેવાય છે.

**અપ્રમત્ત સંયત :-** સાતમા ગુણસ્થાનવર્તી શ્રમણ-શ્રમણીને અપ્રમત્ત સંયત કહેવાય છે. જ્યારે શ્રમણ વૈરાગ્યભાવમાં ડૂબી જાય છે, પરિણામોની ધારા દેહાતીત વર્તે છે, ધર્મધ્યાનના કોઈપણ વિષયમાં તલ્લીન થઈ જાય છે, બીજું કોઈ લક્ષ્ય કે ચિંતન તેને સ્પર્શે નહીં ત્યારે તે શ્રમણ-શ્રમણી અપ્રમત્ત સંયત કહેવાય છે. આવી અપ્રમત્ત અવસ્થા જ્યારે હોય ત્યારે જ તે સાતમા ગુણસ્થાનવાળા શ્રમણ શ્રમણીને મનઃપર્યવજ્ઞાન થઈ શકે છે.

આ પ્રકારે વિસ્તૃત રીતે સૂત્રમાં મનઃપર્યવજ્ઞાનના અધિકારીનું કથન કરવામાં આવ્યું છે. તેનો સંક્ષેપમાં સાર એ છે કે અપ્રમત્ત શ્રમણ-શ્રમણીને એટલે કે સાતમા ગુણસ્થાનવાળા સાધુ-સાધ્વીને જ આ મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થઈ શકે છે.

● **સૂત્ર-૮૧/૯ :-**

***પ્રશ્ન :- જો મનઃપર્યવજ્ઞાન અપ્રમત્ત સંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષાયુષ્ક કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન થાય છે તો શું લબ્ધિધારી અપ્રમત્તસંયત, સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને થાય છે કે લબ્ધિરહિત અપ્રમત્ત સંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન થાય છે ?***

***ઉત્તર :- લબ્ધિધારી અપ્રમત્તસંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિજ ગર્ભજ મનુષ્યને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે. પણ ઋદ્ધિરહિત અપ્રમત્ત સંયત સમ્યગ્દૃષ્ટિ પર્યાપ્ત સંખ્યાત વર્ષના આયુષ્યવાળા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યને ઉત્પન્ન થાય નહીં.***

● **વિવેચન-૮૧/૯ :-**

**ઋદ્ધિપ્રાપ્ત :-** જે અપ્રમત્ત આત્માર્થી મુનિવરને અવધિજ્ઞાન, પૂર્વગતજ્ઞાન, આહારકલબ્ધિ, વૈક્રિયલબ્ધિ, તેજોલેશ્યા, વિદ્યાચરણ, જંઘાચરણ આદિ લબ્ધિઓ પૈકી કોઈ પણ લબ્ધિ હોય તેને ઋદ્ધિપ્રાપ્ત કહેવાય છે. એવી વિશિષ્ટ લબ્ધિઓ સંયમ તેમજ તપરૂપી કષ્ટ સાધ્ય સાધનાથી પ્રાપ્ત થાય છે. વિશિષ્ટ લબ્ધિ પ્રાપ્ત તેમજ ઋદ્ધિસંપન્ન મુનિને જ મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે.

**અનૃદ્ધિપ્રાપ્ત :-** અપ્રમત્ત હોવા છતાં પણ જે સંયમીને કોઈપણ પ્રકારની વિશિષ્ટ લબ્ધિઓ પ્રાપ્ત ન હોય તેને અનૃદ્ધિપ્રાપ્ત અપ્રમત્ત સંયત કહેવાય છે અર્થાત્ લબ્ધિરહિત અપ્રમત્ત સંયત કહેવાય છે. તેને મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય નહીં.

● **સૂત્ર-૮૨ :-**

***તે મનઃપર્યવજ્ઞાન બે પ્રકારે ઉત્પન્ન થાય છે, જેમકે – ઋજુમતિ અને***



***વિપુલમતિ.***

***આ મનઃપર્યવજ્ઞાનના સ્વરૂપને સંક્ષેપમાં ચાર પ્રકારથી કહી શકાય છે. જેમકે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી.***

***(૧) દ્રવ્યથી – ઋજુમતિ અનંત, અનંત પ્રદેશિક સ્કંધોને વિશેષ તથા સામાન્યરૂપથી જાણે અને દેખે છે. વિપુલમતિ એ જ સ્કંધોને કંઈક અધિક વિપુલ, વિશુદ્ધ અને તિમિર રહિત, નિર્મળરૂપે જાણે છે અને દેખે છે.***

***(૨) ક્ષેત્રથી – ઋજુમતિ જઘન્ય આંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા ક્ષેત્રને તથા ઉત્કૃષ્ટ રત્નપ્રભા પૃથ્વીના નીચે ક્ષુલ્લક પ્રતરને અને ઊંચે જ્યોતિષચક્રના ઉપરિતલ પર્યંત અને તિર્છાલોકમાં મનુષ્ય ક્ષેત્રની અંદર અઢીદ્વીપ સમુદ્ર પર્યંત પંદર કર્મભૂમિ, ત્રીસ અકર્મભૂમિ અને છપ્પન અંતરદ્વીપમાં વર્તમાન સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત જીવોના મનોગત ભાવોને જાણે છે અને દેખે છે અને એ જ ભાવોને વિપુલમતિ અઢી આંગુલ અધિક, વિપુલ ક્ષેત્રને વિશુદ્ધ અને નિર્મળતર તિમિર રહિત જાણે છે અને દેખે છે.***

***(૩) કાળથી – ઋજુમતિ જઘન્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ પણ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ભૂત, ભવિષ્ય અને વર્તમાનને જાણે છે અને દેખે છે. કાળની અપેક્ષાએ વિપુલમતિ તેનાથી કંઈક અધિક, વિપુલ, વિશુદ્ધ અને સુસ્પષ્ટ જાણે છે અને દેખે છે.***

***(૪) ભાવથી – ભાવની અપેક્ષાએ ઋજુમતિ અનંતભાવોને જાણે છે અને દેખે છે પરંતુ સર્વ ભાવોના અનંતમાં ભાગને જાણે છે અને દેખે છે. એ જ ભાવોને વિપુલમતિ કંઈક અધિક વિપુલ, વિશુદ્ધ અને સુસ્પષ્ટ જાણે છે અને દેખે છે.***

● **વિવેચન-૮૨ :-**

મનઃપર્યવજ્ઞાન કોઈથી શીખડાવવામાં આવતું જ્ઞાન નથી પણ વિશિષ્ટ સાધના દ્વારા સ્વતઃ ઉત્પન્ન થાય છે. આ જ્ઞાન ગુણ પ્રત્યયિક છે. અવધિજ્ઞાનની જેમ ભવપ્રત્યયિક નથી.

**(૧) ઋજુમતિ :-** પોતાના વિષયને સામાન્યરૂપે જાણે અને દેખે તેને ઋજુમતિ કહેવાય છે.

**(૨) વિપુલમતિ :-** પોતાના વિષયને વિશેષરૂપે જાણે અને દેખે તેને વિપુલમતિ કહેવાય છે.

जाणइ पासइ :- પાંચ જ્ઞાનમાંથી બે જ્ઞાન સાથે જ તેનું દર્શન હોય છે. છતાં પાંચે ય જ્ઞાનનાં વર્ણનમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવની અપેક્ષાએ જાણવાનું અને દેખવાનું કથન શાસ્ત્રમાં આવે છે. તેનું તાત્પર્ય એ છે કે જ્ઞાનથી જાણે અને ચક્ષુ-અચક્ષુ દર્શનથી દેખે છે અથવા पासई થી સામાન્યરૂપે જાણે અને जाणइ થી વિશેષરૂપે જાણે, એમ સમજી લેવું જોઈએ.

વિશેષ આવશ્યક ભાષ્યમાં આ વિષયની વિસ્તારપૂર્વક વિચારણા કરેલ છે.

પ્રસ્તુત સૂત્રમાં ટીકાકાર આચાર્ય મલયગિરિએ લખ્યું છે કે મનઃપર્યવજ્ઞાન મનરૂપ પરિણત પુદ્ગલ સ્કંધોને પ્રત્યક્ષ જાણે છે અને મન દ્વારા ચિંતિત બાહ્ય પદાર્થોને અથવા મનન કરનારને અનુમાનથી ''पासइ'' દેખે છે. ભાષ્યકાર અને ચૂર્ણિકારનો પણ મત છે કે આ ''पासइ'' શબ્દનો પ્રયોગ આ અપેક્ષાથી કરેલ છે. ટીકાકારે બીજી રીતે પણ સમાધાન કર્યું છે — વિશિષ્ટતર મનોદ્રવ્યોની પર્યાયોને જાણવાની અપેક્ષાએ ''जाणइ'' શબ્દનો પ્રયોગ કરેલ છે અને સામાન્ય મનોદ્રવ્યોને જાણવાની અપેક્ષાએ ''पासइ'' શબ્દનો પ્રયોગ કરેલ છે.

મનઃપર્યવજ્ઞાનનો વિષય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ સમજાવવામાં આવ્યો છે.

**(૧) દ્રવ્યથી :-** મનઃપર્યવજ્ઞાની મનોવર્ગણાના અનંતપ્રદેશી સ્કંધોથી નિર્મિત (બનેલ) સંજ્ઞી જીવોના મનની પર્યાયોને અને તેના દ્વારા ચિંતનીય દ્રવ્ય અર્થાત્ વસ્તુને સ્પષ્ટરૂપે જાણે છે અને દેખે છે. તે ચાહે મનુષ્ય, તિર્યંચ કે દેવ હોય. તેઓના મનની શું શું પર્યાય છે ? કોણ કઈ કઈ વસ્તુઓનું ચિંતન કરે છે ? ઈત્યાદિ ઉપયોગપૂર્વક તે સર્વને જાણે છે અને દેખે છે.

**(૨) ક્ષેત્રથી :-** લોકના મધ્યભાગમાં અવસ્થિત આકાશના આઠ રૂચક પ્રદેશ છે. જ્યાંથી છ દિશા અને ચાર વિદિશા પ્રવૃત્ત થાય છે, જેમકે — પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઉપર અને નીચે એ છ દિશા કહેવાય છે. આગ્નેય, નૈઋત્ય, વાયવ્ય અને ઈશાન એ ચાર વિદિશા કહેવાય છે. માનુષોત્તર પર્વત કુંડલાકારે છે તેની અંતર્ગત અઢીદ્વીપ અને બે સમુદ્ર છે, તેને સમયક્ષેત્ર પણ કહેવાય છે. તેની લંબાઈ પહોળાઈ ૪૫ લાખ જોજનની છે. મનઃપર્યવજ્ઞાની સમયક્ષેત્રમાં રહેનાર સમનસ્ક જીવોના મનની પર્યાયોને જાણે છે અને દેખે છે. તેમજ ઊંચી દિશામાં સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્રાદિમાં રહેનારા દેવોનાં અને ભદ્રશાલવનમાં રહેનારા સંજ્ઞી જીવોનાં મનની પર્યાયોને પણ પ્રત્યક્ષ જાણે અને દેખે છે, નીચે પુષ્કલાવતી વિજયના અંતર્ગત ગામ નગરોમાં રહેનારા સંજ્ઞી મનુષ્યો અને તિર્યંચોના મનોગત ભાવોને પણ સારી રીતે જાણે છે. મનની પર્યાય જ મનઃપર્યવજ્ઞાનનો વિષય છે.

**(૩) કાળથી :-** મનઃપર્યવજ્ઞાની કેવળ વર્તમાનને જાણે એમ નહીં પરંતુ અતીતકાળમાં પલ્યોપમના અસંખ્યાતમાં કાળપર્યંત જાણે, એટલું જ નહીં ભવિષ્યકાળને પણ જાણે અર્થાત્ મનની જે જે પર્યાયોને થયા પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ થઈ ગયો છે અને પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા કાળ સુધી જે મનની ભવિષ્યકાળની પર્યાયો થશે તેને પણ મનઃપર્યવ જ્ઞાની સારી રીતે જાણે છે અને દેખે છે.

**(૪) ભાવથી :-** મનઃપર્યવજ્ઞાનનું જેટલું ક્ષેત્ર બતાવ્યું છે તેની અંતર્ગત જે સમનસ્ક જીવ છે, તે સંખ્યાત જ છે. પર્યાયોને મનઃપર્યવજ્ઞાની જ પ્રત્યક્ષ રૂપે જાણે છે અને દેખે છે. પરંતુ મનમાં જે વસ્તુનું ચિંતન થઈ રહ્યું હોય તેમાં રહેલ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ તેમજ તે વસ્તુની લંબાઈ, પહોળાઈ, ગોળાકાર, ત્રિકોણ આદિ કોઈ પણ પ્રકારના સંસ્થાનને જાણે તેને ભાવ કહેવાય છે. જે વ્યક્તિનું મન ઔદયિકભાવ,



વૈભાવિકભાવ અને વૈકારિકભાવથી વિવિધ પ્રકારના આકાર, પ્રકાર, વિવિધ રંગ-વિરંગ ધારણ કરે છે તે દરેકને મનની પર્યાય કહેવાય છે તે અનંત હોય છે. તેને મનઃપર્યવજ્ઞાની સ્પષ્ટ રૂપે જાણે અને દેખે છે.

અહીં એક શંકા ઉત્પન્ન થાય છે કે અવધિજ્ઞાનનો વિષય રૂપી છે. એમ મનઃપર્યવજ્ઞાનનો વિષય પણ રૂપી છે તો પછી અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાનની જેમ મનને તથા મનની પર્યાયોને કેમ જાણી શકતા નથી ?

સમાધાન — અવધિજ્ઞાની મનને અને મનની પર્યાયોને જાણી શકે છે પરંતુ તેમાં રહેલ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને જાણી શકતા નથી.

જે મનોવૈજ્ઞાનિક અનુમાનથી બીજાના મનોગત ભાવોને જાણે છે એ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનો વિષય છે, મનઃપર્યવજ્ઞાનનો નહીં. મનોવૈજ્ઞાનિક સામે રહેલ વ્યક્તિના હાવ ભાવ ઉપરથી તેના મનની વાત જાણે છે પણ મનઃપર્યવજ્ઞાની દૂર દેશમાં રહેલ, પર્વત પર કે નિકટ દિવાલની અંદર ગમે તે સ્થળે સંજ્ઞી જીવો હોય તેના મનની પર્યાયોને જાણી શકે છે.

**ઋજુમતિ અને વિપુલમતિમાં અંતર :-**

ઋજુમતી કરતા વિપુલમતિ મનઃપર્યવજ્ઞાનીનું જ્ઞાન વિપુલ અને વિશુદ્ધતર હોય છે. બીજું વિપુલમતી મનઃપર્યવજ્ઞાન અપ્રતિપાતી છે અર્થાત્ આવ્યા પછી પૂરા ભવ સુધી રહે છે. જ્યારે ઋજુમતિ ક્યારેક નષ્ટ પણ થઈ શકે છે અને તે જીવ કોઈ પણ ગતિમાં ચાલ્યો જાય છે, અનંત ભવભ્રમણ કરી શકે છે. વિપુલમતી નિયમા આરાધક હોય છે. વૈમાનિક દેવગતિમાં જ જાય છે. અપ્રતિપાતીનો મતલબ છે આખા ભવમાં સ્થિર રહેનાર જ્ઞાન. જેમ કે દેવતા, નારકીમાં અપ્રતિપાતી અવધિજ્ઞાન હોય છે.

મનઃપર્યવજ્ઞાની જ્યારે ઉપયોગ લગાવે છે ત્યારે સાકાર ઉપયોગ જ હોય છે અનાકાર નહીં. તે સાકાર ઉપયોગના બે પ્રકાર બતાવ્યા છે. સામાન્ય અને વિશેષ. આ બન્ને ભેદ ઋજુમતિ અને વિપુલમતિમાં પણ હોય છે. અહીં સામાન્યનો અર્થ વિશિષ્ટ છે અને વિશેષનો અર્થ વિશિષ્ટતર છે. મનઃપર્યવજ્ઞાનમાં જાણવાની અને જોવાની બન્ને ક્રિયા હોય છે.

**અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનમાં અંતર :-**

(૧) અવધિજ્ઞાનની અપેક્ષા મનઃપર્યવજ્ઞાન અધિક વિશુદ્ધ હોય છે.

(૨) અવધિજ્ઞાનનું વિષય ક્ષેત્ર ત્રણે ય લોક છે ત્યારે મનઃપર્યવજ્ઞાનનું વિષય ક્ષેત્ર કેવળ અઢીદ્વીપ જ છે.

(૩) અવધિજ્ઞાનના સ્વામી ચારે ગતિના જીવો હોય છે ત્યારે મનઃપર્યવજ્ઞાનના સ્વામી લબ્ધિસંપન્ન સંયમી જ હોઈ શકે છે.

(૪) અવધિજ્ઞાનનો વિષય અમુક પર્યાય સહિત સમસ્ત રૂપી દ્રવ્ય છે ત્યારે મનઃપર્યવજ્ઞાનનો વિષય પર્યાપ્ત સંજ્ઞી જીવોના માનસિક સંકલ્પ વિકલ્પ જ છે. જે અવધિજ્ઞાનની અપેક્ષાએ અનંતમો ભાગ છે.

(૫) અવધિજ્ઞાન મિથ્યાત્વના ઉદયથી વિભંગજ્ઞાનના રૂપે પણ પરિણત થઈ

શકે છે ત્યારે મનઃપર્યવજ્ઞાનમાં મિથ્યાત્વનો ઉદય હોતો જ નથી અર્થાત્ મનઃપર્યવજ્ઞાનનું વિપક્ષી કોઈ અજ્ઞાન નથી.

(૬) અવધિજ્ઞાન આગામી ભવમાં પણ સાથે જઈ શકે છે ત્યારે મનઃપર્યવજ્ઞાન આ ભવ સુધી જ રહે છે જેમ કે સંયમ અને તપ.

● **સૂત્ર-૮૩,૮૪ :-**

***આ મનઃપર્યવજ્ઞાન માત્ર મનુષ્ય ક્ષેત્રમાં રહેલ પ્રાણીઓના મનમાં પરિચિંતિત અર્થને પ્રગટ કરનાર છે અને શાંતિ, સંયમ આદિ ગુણ આ જ્ઞાનની પ્રાપ્તિનું કારણ છે અને આ જ્ઞાન ચારિત્ર યુક્ત અપ્રમત્ત સંયતને જ થાય છે. આ રીતે આ દેશ પ્રત્યક્ષ મનઃપર્યવજ્ઞાનનો વિષય થયો.***

***(૮૪) મનઃપર્યવજ્ઞાનનું વિવરણ સમાપ્ત થયું.***

● **વિવેચન-૮૩,૮૪ :-**

પ્રસ્તુત સૂત્રમાં "જન" શબ્દનો પ્રયોગ કરેલ છે જેમાં મનુષ્ય, તિર્યંચ અને દેવો પણ ગ્રહણ થઈ જાય છે. તેથી મર્યાદિત ક્ષેત્રમાં જે જે સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય, તિર્યંચ અને દેવ રહે છે, તે દરેકના મનમાં જે સામાન્ય અને વિશેષ સંકલ્પ અને વિકલ્પ ઉઠે છે તે સર્વને મનઃપર્યવજ્ઞાની જાણી શકે છે.

આ ગાથામાં गुणपच्चाइयं અને चरित्तवओ આ બે પદ મહત્ત્વપૂર્ણ છે. અવધિજ્ઞાન ભવ પ્રત્યયિક અને ગુણ પ્રત્યયિક બે પ્રકારે થાય છે એમ મનઃપર્યવજ્ઞાન ભવપ્રત્યયિક નથી પણ ગુણપ્રત્યયિક જ છે. અવધિજ્ઞાન શ્રાવક અને સંયમીને તથા અસંયમીને પણ થાય છે પરંતુ મનઃપર્યવજ્ઞાન ચારિત્રવાન સાધકને જ થાય છે.

● **સૂત્ર-૮૫ :-**

***પ્રશ્ન :- કેવળજ્ઞાનના કેટલા પ્રકાર છે ?***

***ઉત્તર :- કેવળજ્ઞાન બે પ્રકારનું છે, જેમકે — (૧) ભવસ્થકેવળજ્ઞાન (૨) સિદ્ધકેવળજ્ઞાન.***

***પ્રશ્ન :- તે ભવસ્થ કેવળજ્ઞાન કેટલા પ્રકારનું છે ?***

***ઉત્તર :- તે ભવસ્થ કેવળજ્ઞાન બે પ્રકારનું છે, જેમકે — (૧) સયોગીભવસ્થ કેવળજ્ઞાન (૨) અયોગીભવસ્થ કેવળજ્ઞાન.***

***પ્રશ્ન :- તે સયોગી ભવસ્થ કેવળજ્ઞાન કેટલા પ્રકારનું છે ?***

***ઉત્તર :- તે સયોગી ભવસ્થ કેવળજ્ઞાન બે પ્રકારનું છે, જેમકે — પ્રથમ સમયવર્તી સયોગી ભવસ્થ કેવળજ્ઞાન — જેને ઉત્પન્ન થયા પ્રથમ સમય જ થયો હોય (૨) અપ્રથમ સમય સયોગી ભવસ્થ કેવળ જ્ઞાન — જેને ઉત્પન્ન થયા અનેક સમય થયા હોય અથવા બીજી રીતે પણ બે ભેદ છે, જેમકે — (૧) ચરમ સમય સયોગી ભવસ્થ કેવળજ્ઞાન-સયોગી અવસ્થામાં જેનો અંતિમ સમય શેષ બાકી રહે તે (૨) અચરમ સમય સયોગી ભવસ્થ કેવળજ્ઞાન-સયોગી અવસ્થામાં અનેક સમય શેષ (બાકી) રહે તે. આ પ્રમાણે સયોગી ભવસ્થ કેવળજ્ઞાન સંપૂર્ણ.***



***પ્રશ્ન :- તે અયોગી ભવસ્થ કેવળજ્ઞાન કેટલા પ્રકારનું છે ?***

***ઉત્તર :- અયોગી ભવસ્થ કેવળજ્ઞાનના બે પ્રકાર છે, જેમકે — (૧) સમયવર્તી અયોગી ભવસ્થ કેવળજ્ઞાન (૨) અપ્રથમ સમયવર્તી અયોગી ભવસ્થ કેવળજ્ઞાન અથવા ચરમ સમયવર્તી અયોગી ભવસ્થ કેવળજ્ઞાન, અચરમ સમયવર્તી અયોગી ભવસ્થ કેવળજ્ઞાન. આ રીતે અયોગી ભવસ્થ કેવળજ્ઞાનનું વર્ણન છે.***

● **વિવેચન-૮૫ :-**

આ સૂત્રમાં સકલ પ્રત્યક્ષનું વર્ણન કરેલ છે. અરિહંત ભગવાન અને સિદ્ધ ભગવાન બંનેનું કેવળજ્ઞાન સમાન હોવા છતાં બાહ્ય અવસ્થાની અપેક્ષાએ અહીં તેના બે ભેદ બતાવેલ છે (૧) ભવસ્થ કેવળજ્ઞાન (૨) સિદ્ધ કેવળજ્ઞાન, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય આ ચાર ઘાતીકર્મનો સર્વથા ક્ષય થવાથી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. આ જ્ઞાન આવરણથી સર્વથા રહિત હોય છે તેમજ પૂર્ણ હોય છે. જેમ રવિમંડળમાં જે પ્રકાશ છે તે અંધકારથી મિશ્રિત નથી. સર્વ રીતે પ્રકાશ જ હોય એમ કેવળજ્ઞાન પણ એકાંત વિશુદ્ધ જ હોય છે અને એકવાર ઉદય થયા પછી ક્યારે ય અસ્ત થાય નહીં. આ જ્ઞાન ઈન્દ્રિય મન અને બાહ્ય કોઈ સહાયતાની અપેક્ષા રાખતું નથી. આ જ્ઞાન સાદિ અનંત છે તેમજ સદા એક સરખું જ રહે છે. આ જ્ઞાન મનુષ્યભવમાં જ ઉત્પન્ન થાય છે અન્ય કોઈ ભવમાં ઉત્પન્ન થાય નહીં. તેની અવસ્થિતિ સદેહ અને વિદેહ બન્ને અવસ્થામાં હોય છે માટે સૂત્રકારે ભવસ્થ તેમજ સિદ્ધ કેવળજ્ઞાનના બે પ્રકાર બતાવેલ છે. મનુષ્ય શરીરમાં અવસ્થિત તેરમા, ચૌદમા, ગુણસ્થાનવર્તી પ્રભુના કેવળજ્ઞાનને ભવસ્થ કેવળજ્ઞાન કહેવાય છે અને દેહરહિત મુક્તાત્માને સિદ્ધ કહેવાય છે તેના કેવળજ્ઞાનને સિદ્ધ કેવળજ્ઞાન કહેવાય છે.

**સયોગી :-** ભવસ્થ કેવળજ્ઞાનના બે ભેદ કહેલ છે (૧) સયોગીભવસ્થ કેવળજ્ઞાન (૨) અયોગીભવસ્થ કેવળજ્ઞાન. વીર્યાત્મા એટલે આત્મિક શક્તિથી આત્મ પ્રદેશોમાં પરિસ્પંદન થાય છે. તેનાથી મન, વચન અને કાયામાં જે વ્યાપાર થાય છે તેને યોગ કહેવાય છે. તે યોગ પહેલા ગુણસ્થાનથી લઈને તેરમાં ગુણસ્થાન સુધી હોય છે. ચૌદમા ગુણસ્થાનમાં યોગોનું નિરૂંધન થવાથી જીવ અયોગી કહેવાય છે. આધ્યાત્મિક વિકાસના ચૌદ સ્થાન છે, તેને ગુણસ્થાન કહેવાય છે. બારમા ગુણસ્થામાં વીતરાગ દશા ઉત્પન્ન થઈ જાય છે તો પણ તેમાં કેવળજ્ઞાન ઉત્પન્ન થતું નથી. કેવળજ્ઞાન તેરમાં ગુણસ્થાનમાં પ્રવેશના પ્રથમ સમયે જ ઉત્પન્ન થાય છે માટે તેને પ્રથમ સમયવર્તી સયોગી ભવસ્થ કેવળજ્ઞાન કહેવાય છે. જેને તેરમા ગુણસ્થાનમાં રહેતા અનેક સમય થઈ ગયા હોય તેને અપ્રથમ સમયવર્તી સયોગી ભવસ્થ કેવળજ્ઞાન કહેવાય છે. તેરમાં ગુણસ્થાનમાં અંતિમ સમય સુધી પહોંચી ગયા હોય તેને ચરમ સમયવર્તી સયોગી ભવસ્થ કેવળજ્ઞાન કહેવાય છે. જે તેરમા ગુણસ્થાનના ચરમ સમય સુધી પહોંચ્યા ન હોય તેને અચરમ સમયવર્તી સયોગી ભવસ્થ કેવળજ્ઞાન કહેવાય છે.

**અયોગી :-** યોગ નિરૂંધન કર્યા પછી અયોગી આત્માને ચૌદમા ગુણસ્થાનની

પ્રાપ્તિ થાય છે. કેવળજ્ઞાન પ્રાપ્ત થયેલ આત્માને ચૌદમા ગુણસ્થાનમાં પ્રવેશ કર્યાનો પહેલો જ સમય થયો હોય તેના જ્ઞાનને પ્રથમ સમયવર્તી અયોગી ભવસ્થ કેવળજ્ઞાન કહેવાય છે અને જેને ચૌદમા ગુણસ્થાનમાં પ્રવેશ કર્યા અનેક સમય પસાર થઈ ગયા હોય તેને અપ્રથમ સમયવર્તી અયોગી ભવસ્થ કેવળજ્ઞાન કહેવાય છે. જેને સિદ્ધ થવામાં એક સમય જ શેષ રહેલ છે તેના જ્ઞાનને ચરમ સમયવર્તી ભવસ્થ અયોગી કેવળજ્ઞાન કહેવાય છે. જેને સિદ્ધ બનવામાં અનેક સમય શેષ છે એવા ચૌદમા ગુણસ્થાનના સ્વામીને અચરમ સમયવર્તી અયોગી ભવસ્થ કેવળજ્ઞાન કહેવાય છે.

ચૌદમા ગુણસ્થાનની સ્થિતિ અ, ઈ, ઉ, ઋ, લૃ આ પાંચ અક્ષરોના ઉચ્ચારણમાં જેટલો સમય લાગે એટલી જ સ્થિતિ ચૌદમા ગુણસ્થાનની છે.

જે આઠ કર્મોથી સર્વથા વિમુક્ત થઈ જાય તેને સિદ્ધ કહેવાય છે. અજર, અમર, અવિનાશી, પરબ્રહ્મ, પરમાત્મા અને સિદ્ધ એવા પર્યાયવાચી તેના અનેક નામો છે. તે સિદ્ધરાશિ રૂપે સર્વે એક છે અને સંખ્યામાં અનંત છે, તેના કેવળજ્ઞાનને સિદ્ધ કેવળજ્ઞાન કહેવાય છે.

સિદ્ધ શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે — यो येन गुणेन परिनिष्ठितो, न पुनः साधनीयः स सिद्ध उच्यते अथवा सितं-बद्धं ध्मातं भस्मीकृतमष्टप्रकारं कर्म येन स सिद्ध-, सकलकर्मविनिर्मुक्तो मुक्तावस्थामुपगत इत्यर्थः

આ વ્યુત્પત્તિનો ભાવ એ છે કે જે આત્માઓએ આઠ કર્મોને નષ્ટ-ભસ્મીભૂત કરી દીધા છે અથવા જે સકલ કર્મોથી વિમુક્ત થઈ ગયા હોય તેને સિદ્ધ કહેવાય છે. જો કે સિદ્ધ અનેક પ્રકારના થઈ શકે છે, જેમકે — કર્મસિદ્ધ, શિલ્પસિદ્ધ, વિદ્યાસિદ્ધ, મંત્રસિદ્ધ, યોગસિદ્ધ, આગમસિદ્ધ, અર્થસિદ્ધ, યાત્રાસિદ્ધ, તપઃસિદ્ધ, કર્મક્ષયસિદ્ધ આદિ. પરંતુ અહીં કર્મક્ષયસિદ્ધનો જ અધિકાર છે. સિદ્ધ કેવળજ્ઞાનનું વર્ણન આ પ્રમાણે છે —

● **સૂત્ર-૮૬ :-**

***પ્રશ્ન :- સિદ્ધ કેવળજ્ઞાન કેટલા પ્રકારનું છે ?***

***ઉત્તર :- સિદ્ધ કેવળજ્ઞાન બે પ્રકારના છે, જેમકે — (૧) અનંતરસિદ્ધ કેવળજ્ઞાન (૨) પરંપરસિદ્ધ કેવળજ્ઞાન.***

● **વિવેચન-૮૬ :-**

જૈનદર્શન પ્રમાણે શરીરથી આત્મા સર્વથા મુક્ત અર્થાત્ પૃથક્ બની જાય તેને મોક્ષ કહેવાય છે. સિદ્ધ ભગવાન એક જીવની અપેક્ષાએ સાદિ અનંત છે, અનેક જીવોની અપેક્ષાએ અનાદિ અનંત છે. પ્રસ્તુત સૂત્રમાં સિદ્ધ કેવળજ્ઞાનના બે ભેદ બતાવેલ છે — (૧) અનંતરસિદ્ધ કેવળજ્ઞાન - જેને સિદ્ધ થયા એક જ સમય થયો હોય તેના જ્ઞાનને અનંતરસિદ્ધ કેવળજ્ઞાન કહેવાય છે. (૨) પરંપરસિદ્ધ કેવળજ્ઞાન- જેને સિદ્ધ થયા એકસમયથી અધિક સમય થયો હોય તેના જ્ઞાનને પરંપરસિદ્ધ કેવળજ્ઞાન કહેવાય છે.

વૃત્તિકારે જિજ્ઞાસુઓની જાણકારી માટે સિદ્ધ પ્રાભૃત ગ્રંથના આધારે આઠ



દ્વારોથી સિદ્ધ સ્વરૂપનું વર્ણન કરેલ છે. (૧) આસ્તિકદ્વાર — સિદ્ધનું અસ્તિત્વ વિચાર. (૨) દ્રવ્યદ્વાર — જીવ દ્રવ્યનું પ્રમાણ તે એક સમયમાં કેટલા સિદ્ધ થઈ શકે છે ? (૩) ક્ષેત્રદ્વાર - સિદ્ધ કયા ક્ષેત્રમાં વિરાજમાન છે તેનું વિશેષ વર્ણન. (૪) સ્પર્શદ્વાર — સિદ્ધ કેટલા ક્ષેત્રની સ્પર્શના કરે તેનું વિવેચન. (૫) કાળદ્વાર - જીવ કેટલા કાળ સુધી નિરંતર સિદ્ધ થાય ? (૬) અંતરદ્વાર - સિદ્ધોનો વિરહકાળ કેટલો છે ? (૭) ભાવદ્વાર - સિદ્ધોમાં કેટલા ભાવ હોય છે ? (૮) અલ્પ બહુત્વદ્વાર - સિદ્ધના જીવો કોનાથી ન્યૂનાધિક છે ? આ આઠ દ્વાર છે. પ્રત્યેક દ્વાર પર પંદર ઉપદ્વાર ઘટાવેલ છે, જેમકે — (૧) ક્ષેત્ર (૨) કાળ (૩) ગતિ (૪) વેદ (૫) તીર્થ (૬) લિંગ (૭) ચારિત્ર (૮) બુદ્ધ (૯) જ્ઞાન (૧૦) અવગાહના (૧૧) ઉત્કૃષ્ટ (૧૨) અંતર (૧૩) અનુસમય (૧૪) સંખ્યા (૧૫) અલ્પબહુત્વ.

**(૧) સત્પદ પ્રરૂપણા (આસ્તિક દ્વાર) :-**

**(૧) ક્ષેત્રદ્વાર :-** અઢી દ્વીપની અંતર્ગત ૧૫ કર્મભૂમિથી સિદ્ધ થાય છે. સંહરણની અપેક્ષાએ બે સમુદ્ર, અકર્મભૂમિ, અંતરદ્વીપ, ઉર્ધ્વદિશામાં પંડકવન, અધોદિશામાં અધોગામિની સલિલાવતી વિજયથી પણ જીવ સિદ્ધ થાય છે.

**(૨) કાળદ્વાર :-** અવસર્પિણી કાળના ત્રીજા આરાના ઉતરતા સમયે એક હજાર વર્ષ કમ, એક લાખ પૂર્વ અને ત્રણ વર્ષ અને સાડા આઠ માસ શેષ રહેવા પર સંપૂર્ણ ચોથા આરામાં અને પાંચમાં આરામાં ૬૪ વર્ષ સુધી સિદ્ધ થાય છે. ઉત્સર્પિણી કાળના ત્રીજા અને ચોથા આરામાં અમુક સમય સુધી સિદ્ધ થાય છે.

**(૩) ગતિદ્વાર :-** કેવળ મનુષ્યગતિથી જ સિદ્ધ થઈ શકે છે, અન્ય ગતિથી નહીં. પહેલી ચાર નરકથી, પૃથ્વી, પાણી, બાદર વનસ્પતિ, સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય, ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક આ ચાર પ્રકારના દેવતાઓ આટલી ગતિઓથી નીકળેલા જીવો મનુષ્ય ગતિમાં આવીને જ સિદ્ધ થાય છે.

**(૪) વેદદ્વાર :-** વર્તમાનકાળની અપેક્ષાએ અપગત-વેદી (વેદરહિત) જ સિદ્ધ થાય છે. કેવળ જ્ઞાન થયા પહેલાની અવસ્થામાં તેણે સ્ત્રીવેદ, પુરુષવેદ અથવા નપુંસક વેદમાંથી કોઈ પણ વેદનો અનુભવ કરેલ હોય છે.

**(૫) તીર્થદ્વાર :-** તીર્થંકરના શાસનકાળમાં જ અધિક સિદ્ધ થાય છે. કોઈ કોઈ જીવ અતીર્થમાં પણ સિદ્ધ થાય છે.

**(૬) લિંગદ્વાર :-** દ્રવ્યથી સ્વલિંગી, અન્યલિંગી અને ગૃહલિંગી સિદ્ધ થાય છે પરંતુ ભાવથી સ્વલિંગી જ સિદ્ધ થાય છે.

**(૭) ચારિત્રદ્વાર :-** ચારિત્ર પાંચ છે. કોઈ જીવ સામાયિક, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાતથી એટલે આ ત્રણ ચારિત્રને સ્પર્શીને, કોઈ સામાયિક છેદોપસ્થાનીય, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાતથી, તો કોઈ પાંચે ય ચારિત્રથી સિદ્ધ થાય છે. યથાખ્યાત ચારિત્રને પ્રાપ્ત કર્યા વિના કોઈ આત્મા સિદ્ધ થઈ શકે નહીં. તે ચારિત્ર જ સિદ્ધિનું સાક્ષાત્ કારણ છે.

**(૮) બુદ્ધદ્વાર :-** પ્રત્યેકબુદ્ધ, સ્વયંબુદ્ધ અને બુદ્ધબોધિત આ ત્રણે ય બુદ્ધ

સિદ્ધ થઈ શકે છે.

**(૯) જ્ઞાનદ્વાર :-** વર્તમાનની અપેક્ષાએ ફક્ત કેવળજ્ઞાનથી જ સિદ્ધ થાય છે. પરંતુ પૂર્વાવસ્થાની અપેક્ષા (૧) કોઈ મતિ, શ્રુત, કેવળજ્ઞાનથી એમ ત્રણ જ્ઞાન સ્પર્શીને, (૨) કોઈ મતિ શ્રુત અવધિ અને કેવળજ્ઞાનથી એટલે આ ચાર જ્ઞાન સ્પર્શીને, (૩) કોઈ મતિ, શ્રુત, મનઃપર્યવ અને કેવળજ્ઞાનથી, (૪) કોઈ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાનથી સિદ્ધ થાય છે.

**(૧૦) અવગાહનાદ્વાર :-** જઘન્ય બે હાથ, મધ્યમ સાત હાથ અને ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્યની અવગાહનાવાળા જીવો સિદ્ધ થાય છે.

**(૧૧) ઉત્કૃષ્ટદ્વાર :-** કોઈ સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી પ્રતિપાતિ થઈને ઉત્કૃષ્ટ દેશોન અર્ધપુદ્ગલ પરાવર્તનકાળ વ્યતીત થવા પર સિદ્ધ થાય છે. કોઈ અનંતકાળ પછી સિદ્ધ થાય છે અને કોઈ અસંખ્યાતકાળ તેમજ કોઈ સંખ્યાતકાળ પછી સિદ્ધ થાય છે.

**(૧૨) અંતરદ્વાર :-** લોકમાં સિદ્ધ થવાનો વિરહકાળ જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ છ માસ છે. ઉત્કૃષ્ટ છ માસ પછી અવશ્ય કોઈને કોઈ સિદ્ધ થાય જ છે.

**(૧૩) અનુસમયદ્વાર :-** નિરંતર સિદ્ધ થવાનો સમય જઘન્ય બે સમય સુધી અને ઉત્કૃષ્ટ આઠ સમય સુધીનો છે. બે સમય કે આઠ સમય સુધી લગાતાર સિદ્ધ થતા જ રહે છે, આઠ સમય પછી અવશ્ય અંતર પડે છે.

**(૧૪) સંખ્યાદ્વાર :-** જઘન્ય એક સમયમાં એક અને ઉત્કૃષ્ટ એકસોને આઠ સિદ્ધ થાય છે તેનાથી અધિક સિદ્ધ એક સમયમાં થાય નહીં.

**(૧૫) અલ્પબહુત્વદ્વાર :-** એક સમયમાં બે, ત્રણ સાદિ સિદ્ધ થનારા સ્વલ્પ જીવ હોય છે. એક એક સિદ્ધ થનારા તેનાથી સંખ્યાતગણા અધિક છે.

**(૨) દ્રવ્યદ્વાર :-**

**(૧) ક્ષેત્રદ્વાર :-** ઉર્ધ્વલોકમાં ઉત્કૃષ્ટ એક સમયમાં ચાર સિદ્ધ થાયછે. નિષધપર્વત મેરુ આદિના શિખર અને નંદનવનમાંથી ચાર, નદીનાળામાંથી ત્રણ, સમુદ્રમાં બે, પંડકવનમાં બે, ત્રીસ અકર્મભૂમિના ક્ષેત્રોમાંથી પ્રત્યેકમાં દસ-દસ (સંહરણની અપેક્ષાએ) સિદ્ધ થાય. પ્રત્યેક વિજયમાં ઉત્કૃષ્ટ ૨૦, પંદર કર્મભૂમિના ક્ષેત્રોમાં એક સમયમાં ઉત્કૃષ્ટ ૧૦૮ સિદ્ધ થઈ શકે છે. ઉપર્યુક્ત દરેક ક્ષેત્રોમાં જઘન્ય એક સિદ્ધ થાય છે.

**(૨) કાળદ્વાર :-** અવસર્પિણી કાળના ત્રીજા અને ચોથા આરામાં એક સમયમાં અલગ અલગ ઉત્કૃષ્ટ ૧૦૮, પાંચમા આરામાં ૨૦ સિદ્ધ થાય છે, તેનાથી અધિક નહીં. ઉત્સર્પિણીકાળના ત્રીજા અને ચોથા આરામાં પણ ૧૦૮ સિદ્ધ થાય છે. શેષ સાત આરામાં સંહરણની અપેક્ષાએ એક સમયમાં દસ-દસ સિદ્ધ થાય છે.

**(૩) ગતિદ્વાર :-** રત્નપ્રભા, શર્કરાપ્રભા અને વાલુકાપ્રભા. આ ત્રણ નરક ભૂમિમાંથી નીકળેલ એક સમયમાં દસ, પંકપ્રભાથી નીકળેલા ચાર, સામાન્ય રૂપે તિર્યંચથી નીકળેલા દસ, વિશેષરૂપે પૃથ્વીકાય અને અપકાયથી ચાર-ચાર અને



વનસ્પતિકાયથી નીકળેલા છ સિદ્ધ થાય છે.

વિકલેન્દ્રિય અને અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયથી નીકળેલા મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે પરંતુ સિદ્ધ થાય નહીં. સન્ની તિર્યંચ તિર્યંચાણીમાંથી નીકળેલ દશ સિદ્ધ થાય. સામાન્યતઃ મનુષ્યગતિથી આવેલ વીસ, તેમાં પણ પુલ્લિંગથી નીકળેલ દસ, સ્ત્રીલિંગથી નીકળેલ વીસ, દેવગતિથી નીકળેલ ૧૦૮ સિદ્ધ થાય છે. તેમાં પણ ભવનપતિથી નીકળેલ દસ, તેની દેવીથી નીકળેલ પાંચ, વાણવ્યંતરથી નીકળેલ દસ, તેની દેવીથી નીકળેલ પાંચ, જ્યોતિષી દેવથી નીકળેલ દસ, તેની દેવીથી નીકળેલ વીસ, વૈમાનિક દેવોથી નીકળેલ ૧૦૮ અને તેની દેવીઓથી નીકળેલ એક સમયમાં વીસ સિદ્ધ થાય છે.

**(૪) વેદદ્વાર :-** એક સમયમાં સ્ત્રીવેદી ૨૦, પુરુષવેદી ૧૦૮ અને નપુંસકવેદી ૧૦ સિદ્ધ થાય છે. પુરુષ મરીને ફરી પુરુષ બને તો ૧૦૮ સિદ્ધ થાય છે. એટલે કે દેવ પુરુષથી આવેલા પુરુષ સિદ્ધ થાય તો ૧૦૮ સિદ્ધ થાય છે.

**(૫) તીર્થંકરદ્વાર :-** પુરુષ તીર્થંકર એક સમયમાં ચાર, સ્ત્રી તીર્થંકર એક સમયમાં બે સિદ્ધ થાય છે.

**(૬) બુદ્ધદ્વાર :-** એક સમયમાં પ્રત્યેક બુદ્ધ ૧૦, સ્વયંબુદ્ધ ૪, બુદ્ધબોધિત ૧૦૮ સિદ્ધ થાય છે.

**(૭) લિંગદ્વાર :-** એક સમયમાં ગૃહલિંગી ૪, અન્યલિંગી ૧૦, સ્વલિંગી ૧૦૮ સિદ્ધ થાય છે.

**(૮) ચારિત્રદ્વાર :-** સામાયિક ચારિત્રની સાથે સૂક્ષ્મ સંપરાય તથા યથાખ્યાત ચારિત્રનું પાલન કરનાર એક સમયમાં ૧૦૮, છેદોપસ્થાનીય સાથે ચાર ચારિત્રનું પાલન કરનાર પણ ૧૦૮ અને પાંચે ચારિત્રનું પાલન કરનારા એક સમયમાં ૧૦ સિદ્ધ થાય છે.

**(૯) જ્ઞાનદ્વાર :-** પૂર્વભાવની અપેક્ષાએ મતિ અને શ્રુતજ્ઞાની ઉત્કૃષ્ટ ચાર, મતિ, શ્રુત અને મનઃપર્યવજ્ઞાની દસ, મતિ, શ્રુત અને અવધિજ્ઞાન તથા ચાર જ્ઞાનના સ્વામી કેવળજ્ઞાનને પ્રાપ્ત કરનારા ૧૦૮ સિદ્ધ થાય છે.

**(૧૦) અવગાહનાદ્વાર :-** એક સમયમાં જઘન્ય અવગાહના ધારણ કરનાર ઉત્કૃષ્ટ ૪, મધ્યમ અવગાહનાધારી ઉત્કૃષ્ટથી ૧૦૮ અને ઉત્કૃષ્ટ અવગાહનાધારી બે સિદ્ધ થાય છે.

**(૧૧) ઉત્કૃષ્ટદ્વાર :-** અનંતકાળના પ્રતિપાતિ જો ફરી સમ્યક્ત્વ પ્રાપ્ત કરે તો એક સમયમાં એકસો આઠ, અસંખ્યાતકાળ અને સંખ્યાતકાળના પ્રતિપાતિ એક સમયમાં દસ-દસ સિદ્ધ થાય. અપ્રતિપાતિ સમ્યક્ત્વી ચાર સિદ્ધ થાય છે.

**(૧૨) અંતરદ્વાર :-** એક સમયનું અંતર પામીને અથવા બે સમય, ત્રણ સમય અને ચાર સમયનું અંતર પામીને સિદ્ધ થાય છે. આ ક્રમ પ્રમાણે આગળ પણ સમજવાનું.

**(૧૩) અનુસમયદ્વાર :-** જો આઠ સમય સુધી નિરંતર સિદ્ધ થતાં જ રહે

તો પહેલા સમયમાં જઘન્ય એક, બે, ત્રણ, ઉત્કૃષ્ટ બત્રીસ, આ જ ક્રમથી બીજા, ત્રીજા, ચોથા, પાંચમા, છઠ્ઠા, સાતમા અને આઠમાં સમયમાં સમજવાનું. પછી નવમાં સમયમાં અવશ્ય અંતર પડે. જો ૩૩થી લઈને ૪૮ પર્યંત નિરંતર સિદ્ધ થાય તો સાત સમય પર્યંત જ સિદ્ધ થાય, આઠમા સમયમાં અવશ્ય અંતર પડે જ. જો ૪૯ થી લઈને ૬૦ પર્યંત નિરંતર સિદ્ધ થાય તો છ સમય સુધી સિદ્ધ થાય છે. સાતમા સમયમાંઅંતર પડે છે. જો ૬૧ થી લઈને ૭૨ પર્યંત નિરંતર સિદ્ધ થાય તો ઉત્કૃષ્ટ પાંચ સમય સુધી જ સિદ્ધ થાય છે, પછી અવશ્ય વિરહ પડે છે. જો ૭૨થી લઈને ૮૪ પર્યંત સિદ્ધ થાય તો ચાર સમય સુધી સિદ્ધ થઈ શકે છે, પાંચમા સમયમાં અવશ્ય અંતર પડે. જો ૮૫થી લઈને ૯૬ સુધી સિદ્ધ થાય તો ત્રણ સમય પર્યંત થાય છે પછી અવશ્ય અંતર પડે. જો ૯૭થી લઈને ૧૦૨ સિદ્ધ થાય તો બે સમય સુધી થાય છે પછી અવશ્ય અંતર પડે છે. જો પહેલા સમયમાં જ ૧૦૩ થી ૧૦૮ સિદ્ધ થાય તો બીજા સમયમાં અવશ્ય અંતર પડે છે.

**(૧૪) સંખ્યાદ્વાર :-** એક સમયમાં જઘન્ય એક અને ઉત્કૃષ્ટ ૧૦૮ સિદ્ધ થાય છે.

**(૧૫) અલ્પબહુત્વદ્વાર :-** પૂર્વોક્ત પ્રમાણે જાણવો.

**(૩) ક્ષેત્રદ્વાર :-**

માનુષોત્તર પર્વત જે કુંડલાકારે છે તેની અંતર્ગત અઢીદ્વીપ, લવણ અને કાલોદધિ સમુદ્ર છે. કોઈ પણ જીવ સિદ્ધ થાય છે તે ઉપર્યુક્ત દ્વીપ અને સમુદ્રથી જ થાય છે. અઢીદ્વીપની બહાર જંઘાચરણ અને વિદ્યાચરણ લબ્ધિથી જઈ શકાય છે પરંતુ ત્યાં રહેનાર જીવ ક્ષપકશ્રેણીમાં આરૂઢ થઈ શકતા નથી. ક્ષપકક્ષેણી વિના કેવળજ્ઞાન થઈ શકે નહીં અને કેવળજ્ઞાન વિના સિદ્ધગતિ પ્રાપ્ત થાય નહીં. અહીં પણ પંદર ઉપદ્વાર પહેલાની જેમ સમજવા.

**(૪) સ્પર્શનાદ્વાર :-**

જે કોઈ સિદ્ધ થયા છે, થઈ રહ્યા છે અને ભવિષ્યમાં થશે તે દરેક આત્મપ્રદેશોથી પરસ્પર મળેલા છે. જ્યાં એક છે ત્યાં અનંત છે, પ્રદેશોથી તે એકબીજા સાથે રહે છે.

જેમ હજારો અને લાખો દીવાનો પ્રકાશ એકીભૂત હોવાથી એકબીજાને બાધારૂપ થતો નથી એ જ રીતે સિદ્ધોના વિષયમાં પણ સમજવું. અહીં પણ પંદર ઉપદ્વાર પહેલાંની જેમ સમજવા.

**(૫) કાલદ્વાર :-**

જે ક્ષેત્રોથી એક સમયમાં ૧૦૮ સિદ્ધ થાય છે ત્યાં અંતર રહિત આઠ સમય સુધી સિદ્ધ થાય છે. જે ક્ષેત્રમાં ૧૦ અથવા ૨૦ સિદ્ધ થાય છે ત્યાં ચાર સમય સુધી નિરંતર સિદ્ધ થાય છે. જે ક્ષેત્રમાં ૨, ૩, ૪ સિદ્ધ થાય છે ત્યાં બે સમય સુધી નિરંતર સિદ્ધ થાય છે. ક્ષેત્રાદિ ઉપદ્વારથી વર્ણન આ પ્રમાણે છે.

**(૧) ક્ષેત્રદ્વાર :-** એક સમયમાં ૧૫ કર્મભૂમિમાં ૧૦૮ ઉત્કૃષ્ટ સિદ્ધ થઈ શકે છે. ત્યાં અંતર રહિત આઠ સમય સુધી સિદ્ધ થાય છે. અકર્મભૂમિ તથા અધોલોકમાં



ચાર સમય સુધી, નંદનવન, પંડકવન અને લવણ સમુદ્રમાં નિરંતર બે સમય સુધી અને ઉર્ધ્વલોકમાં નિરંતર ચાર સમય સુધી સિદ્ધ થઈ શકે છે.

**(૨) કાળદ્વાર :-** પ્રત્યેક અવસર્પિણી અને ઉત્સર્પિણીના ત્રીજા અને ચોથા આરામાં નિરંતર આઠ સમય સુધી અને શેષ આરામાં ચાર-ચાર સમય સુધી નિરંતર સિદ્ધ થઈ શકે છે.

**(૩) ગતિદ્વાર :-** દેવગતિથી આવેલ ઉત્કૃષ્ટ આઠ સમય સુધી શેષ ત્રણ ગતિમાંથી આવેલ ચાર-ચાર સમય સુધી નિરંતર સિદ્ધ થઈ શકે છે.

**(૪) વેદદ્વાર :-** જે પૂર્વ જન્મમાં પુરુષ હતા અને આ જન્મમાં પણ પુરુષ હોય તે ઉત્કૃષ્ટ આઠ સમય સુધી અને શેષ ભાંગાવાળા ચાર સમય સુધી નિરંતર સિદ્ધ થાય છે.

**(૫) તીર્થદ્વાર :-** કોઈ પણ તીર્થંકરના શાસનમાં ઉત્કૃષ્ટ આઠ સમય સુધી અને પુરુષ તીર્થંકર તથા સ્ત્રી તીર્થંકર નિરંતર બે સમય સુધી સિદ્ધ થઈ શકે છે, અધિક નહીં.

**(૬) લિંગદ્વાર :-** સ્વલિંગમાં આઠ સમય સુધી, અન્ય લિંગમાં ચાર સમય સુધી, ગૃહલિંગમાં નિરંતર બે સમય સુધી સિદ્ધ થાય છે.

**(૭) ચારિત્રદ્વાર :-** જેઓએ ક્રમશઃ પાંચે ચારિત્રનું પાલન કર્યુ હોય તેઓ ચાર સમય સુધી, શેષ ત્રણ અથવા ચાર ચારિત્રધારી ઉત્કૃષ્ટ આઠ સમય સુધી લગાતાર સિદ્ધ થઈ શકે છે.

**(૮) બુદ્ધદ્વાર :-** બુદ્ધબોધિત આઠ સમય સુધી, સ્વયંબુદ્ધ બે સમય સુધી, સામાન્ય સાધુ અથવા સાધ્વી દ્વારા પ્રતિબુદ્ધ થયેલ ચાર સમય સુધી નિરંતર સિદ્ધ થાય છે.

**(૯) જ્ઞાનદ્વાર :-** પ્રથમ બે જ્ઞાનથી (મતિ-શ્રુત) કેવળી થયેલ બે સમય સુધી, મતિ, શ્રુત્ ને મનઃ પર્યવજ્ઞાનથી કેવળી થયેલ ચાર સમય સુધી તથા મતિ, શ્રુત, અવધિજ્ઞાનથી અને ચારે જ્ઞાનપૂર્વક કેવળી થયેલ આઠ સમય સુધી સિદ્ધ થાય છે.

**(૧૦) અવગાહનાદ્વાર :-** ઉત્કૃષ્ટ અવગાહનાવાળા બે સમય સુધી, મધ્યમ અવગાહનાવાળા નિરંતર આઠ સમય સુધી, જઘન્ય અવગાહનાવાળા બે સમય સુધી નિરંતર સિદ્ધ થાય છે.

**(૧૧) ઉત્કૃષ્ટદ્વાર :-** અપ્રતિપાતિ સમયક્ત્વી બે સમય સુધી, સંખ્યાત અને અસંખ્યાત કાળ સુધીના પ્રતિપાતિ ઉત્કૃષ્ટ ચાર સમય સુધી, અનંતકાળ પ્રતિપાતિ સમ્યક્ત્વી ઉત્કૃષ્ટ આઠ સમય સુધી સિદ્ધ થઈ શકે છે.

નોંધ :- શેષ ચાર ઉપદ્વાર ઘટિત થતા નથી.

**(૬) અંતરદ્વાર :-**

જેટલા સમય સુધી એક પણ જીવ સિદ્ધ ન થાય એટલે સમયના અંતરાલ કાળને વિરહકાળ કહેવાય છે. એ વિરહકાળ અહીં વિભિન્ન દ્વારોથી બતાવેલ છે.

**(૧) ક્ષેત્રદ્વાર :-** સમુચ્ચ અઢીદ્વીપમાં જઘન્ય એક સમય અને ઉત્કૃષ્ટ છ માસ સુધી વિરહ પડે છે. જંબૂદ્વીપના મહાવિદેહ અને ધાતકીખંડના મહાવિદેહમાં ઉત્કૃષ્ટ પૃથક્ત્વ અનેક વર્ષનો, પુષ્કરાર્દ્ધ દ્વીપમાં એક વર્ષથી કંઈક અધિક કાળ સુધીનો વિરહ પડે છે.

**(૨) કાળદ્વાર :-** જન્મની અપેક્ષાએ પાંચ ભરત પાંચ ઐરાવતમાં ૧૮ ક્રોડાક્રોડી સાગરોપમથી કંઈક ન્યૂન સમયનું અંતર પડે છે કેમકે ઉત્સર્પિણી કાળનો ચોથો આરો બે ક્રોડાક્રોડી સાગરોપમ, પાંચમો આરો ત્રણ ક્રોડાક્રોડી સાગરોપમ, છઠ્ઠો આરો ચાર ક્રોડાક્રોડી સાગરોપમનો હોય છે. અવસર્પિણી કાળનો પહેલો આરો ચાર ક્રોડાક્રોડી સાગરોપમ, બીજો આરો ત્રણ અને ત્રીજો આરો બે ક્રોડક્રોડી સાગરોપમનો હોય છે. આ રીતે બધા મળીને ૧૮ ક્રોડાક્રોડી સાગરોપમ થાય છે. એમાં ઉત્સર્પિણી કાળના ચોથા આરાની આદિમાં ૨૪મા તીર્થંકરનું શાસન સંખ્યાત કાળ સુધી ચાલે છે ત્યારપછી વિચ્છેદ જાય છે. અવસર્પિણીકાળના ત્રીજા આરાના અંતિમ ભાગમાં પહેલા તીર્થંકરનો જન્મ થાય છે. તેનું શાસન ત્રીજા આરામાં એક લાખ પૂર્વ સુધી ચાલે છે. આ રીતે અઢાર ક્રોડાક્રોડીથી કંઈક ન્યૂન કહેલ છે. તે શાસનમાંથી સિદ્ધ થઈ શકે છે. તેનો વ્યવચ્છેદ થવા પર તે ક્ષેત્રમાં જેનો જન્મ થયો હોય તે પણ સિદ્ધ થઈ ન શકે. સંહરણની અપેક્ષાએ બધા ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ અંતર સંખ્યાત હજાર વર્ષનું કહેલ છે.

**(૩) ગતિદ્વાર :-** નરકથી નીકળેલા સિદ્ધ થયા હોય તેનું ઉત્કૃષ્ટ અંતર અનેક હજાર વર્ષ, તિર્યંચથી નીકળેલા સિદ્ધ થયા હોય તેનું ઉત્કૃષ્ટ અંતર અનેક ૧૦૦ વર્ષનું, તિર્યંચાણી અને સૌધર્મ ઈશાન દેવલોકના દેવો છોડીને શેષ સર્વ દેવોથી અને દેવી, મનુષ્ય, મનુષ્યાણી, તિર્યંચાણીથી આવેલ સિદ્ધોનું અંતર ઉત્કૃષ્ટ ૧ વર્ષથી કંઈક અધિક હોય છે. પૃથ્વી, પાણી, વનસ્પતિ, સૌધર્મ-ઈશાન દેવલોકના દેવ અને બીજી નરકભૂમિમાંથી નીકળેલા સિદ્ધોનું ઉત્કૃષ્ટ અંતર સંખ્યાત હજાર વર્ષનું હોય છે. જઘન્ય સર્વ સ્થાનોમાં એક સમયનું અંતર જાણવું જોઈએ.

**(૪) વેદદ્વાર :-** પુરુષવેદીથી અવેદી થઈને સિદ્ધ થયેલનો ઉત્કૃષ્ટ વિરહ એક વર્ષથી કંઈક અધિક, સ્ત્રીવેદી અને નપુંસકવેદીથી અવેદી થઈને સિદ્ધ થનારનો ઉત્કૃષ્ટ વિરહ સંખ્યાત હજાર વર્ષનો છે. પુરુષ મરીને ફરી પુરુષ બને તેને સિદ્ધિ પ્રાપ્તિનો ઉત્કૃષ્ટ અંતર એક વર્ષથી કંઈક અધિક છે. શેષ આઠ ભંગોના પ્રત્યેક ભંગમાં સંખ્યાત હજાર વર્ષનું અંતર છે. પ્રત્યેક બુદ્ધનું પણ એટલું જ અંતર હોય છે. જઘન્ય અંતર સર્વ સ્થાનોમાં એક સમયનું છે.

**(૫) તીર્થંકરદ્વાર :-** તીર્થંકરનું મુક્તિપ્રાપ્તિનું ઉત્કૃષ્ટ અંતર અનેક હજાર પૂર્વ અને સ્ત્રી તીર્થંકરનું ઉત્કૃષ્ટ અંતર અનંતકાળ, અતીર્થંકરોનો ઉત્કૃષ્ટ વિરહ એક વર્ષથી કંઈક અધિક, નોતીર્થસિદ્ધો (પ્રત્યેક બુદ્ધો)નું અંતર સંખ્યાત હજાર વર્ષનું અને જઘન્ય દરેકનો એક સમય વિરહ પડે છે.

**(૬) લિંગદ્વાર :-** સ્વલિંગી સિદ્ધ થનારનું જઘન્ય અંતર એક સમય, ઉત્કૃષ્ટ એક વર્ષથી કંઈક અધિક, અન્યલિંગી અને ગૃહલિંગીનું ઉત્કૃષ્ટ સંખ્યાત હજાર વર્ષનું



અંતર પડે છે.

**(૭) ચારિત્રદ્વાર :-** પૂર્વભાવની અપેક્ષાથી સામાયિક, સૂક્ષ્મ સંપરાય અને યથાખ્યાત ચારિત્રનું પાલન કરીને સિદ્ધ થનારનું અંતર પડે તો એક વર્ષથી કંઈક અધિક કાળનું. છેદોપસ્થાપનીય અને પરિહાર વિશુદ્ધ ચારિત્રનું અંતર ૧૮ ક્રોડાક્રોડી સાગરોપમથી કંઈક અધિક અંતર પડે છે. આ બન્ને ચારિત્ર ભરત અને ઐરાવત ક્ષેત્રમાં પહેલા અને અંતિમ તીર્થંકરના સમયમાં હોય છે.

**(૮) બુદ્ધદ્વાર :-** બુદ્ધબોધિત થયેલ સિદ્ધોનું અંતર ઉત્કૃષ્ટ એક વર્ષથી કંઈક અધિક અંતર પડે છે. પ્રત્યેક બુદ્ધ તથા સાધ્વીથી પ્રતિબોધિત થયેલ સિદ્ધોનું અંતર સંખ્યાત હજાર વર્ષનું અને સ્વયંબુદ્ધનું અનેક હજાર પૂર્વનું અંતર હોય છે.

**(૯) જ્ઞાનદ્વાર :-** મતિ-શ્રુત જ્ઞાનપૂર્વક કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને સિદ્ધ થનારનું અંતર પલ્યોપમનાં અસંખ્યાતમાં ભાગ પ્રમાણનું છે. મતિ, શ્રુત અને અવધિજ્ઞાનથી કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને સિદ્ધ થનારાનું અંતર વર્ષથી કંઈક અધિક હોય છે. મતિ, શ્રુત મનઃપર્યવ જ્ઞાનથી કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને સિદ્ધ થયેલાનું ઉત્કૃષ્ટ અંતર સંખ્યાતા (હજારો) વર્ષનું જાણવું.

**(૧૦) અવગાહનાદ્વાર :-** ૧૪ રાજલોકને ઘન બનાવવામાં આવે તો ૭ રાજલોક બને છે તેમાંથી એક પ્રદેશની શ્રેણી સાત રાજુ લાંબી છે. તેના અસંખ્યાતમાં ભાગમાં જેટલા આકાશ પ્રદેશ છે તેમાંથી એક એક સમયમાં એક એક આકાશ પ્રદેશનું અપહરણ કરે તો તેને જેટલો કાળ લાગે એટલું ઉત્કૃષ્ટ અવગાહનાવાળાનું ઉત્કૃષ્ટ અંતર હોય છે. મધ્યમ અવગાહનાવાળાનું ઉત્કૃષ્ટ અંતર એક વર્ષથી કંઈક અધિક છે. જઘન્ય અંતર સર્વસ્થાનોમાં એક સમયનું છે.

**(૧૧) ઉત્કૃષ્ટદ્વાર :-** અપ્રતિપાતિ સિદ્ધોનું અંતર સાગરોપમનો અસંખ્યાતમો ભાગ, સંખ્યાત કાળ અને અસંખ્યાતકાળના પ્રતિપાતિ થયેલા સિદ્ધોનું અંતર ઉત્કૃષ્ટ સંખ્યાત હજાર વર્ષનું તથા અનંતકાળના પ્રતિપાતિ થયેલા સિદ્ધોનું અંતર ૧ વર્ષથી કંઈક અધિક છે. જઘન્ય અંતર સર્વ સ્થાનોમાં એક સમયનું છે.

**(૧૨) અનુસમયદ્વાર :-** બે સમયથી લઈને આઠ સમય સુધી નિરંતર સિદ્ધ થાય છે.

**(૧૩) ગણનાદ્વાર :-** એક અથવા અનેક સિદ્ધોનું અંતર ઉત્કૃષ્ટ સંખ્યાત હજાર વર્ષનું છે.

**(૧૪) અલ્પબહુત્વદ્વાર :-** પૂર્વવત્ જાણવો.

**(૭) ભાવદ્વાર :-**

ભાવ છ છે. ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક, પારિણામિક અને સન્નિપાતિક. **ક્ષાયિકભાવથી જ સર્વે જીવો સિદ્ધ** થાય છે.

આ દ્વારમાં ૧૫ ઉપદ્વારોનું વિવરણ પૂર્વવત્ જાણવું.

**(૮) અલ્પબહુત્વદ્વાર :-**

ઉર્ધ્વલોકથી સર્વથી થોડા ૪ સિદ્ધ થાય છે. અકર્મભૂમિના ક્ષેત્રોમાં ૧૦ સિદ્ધ

થાય છે, માટે તે તેનાથી સંખ્યાત ગુણા છે. સ્ત્રી આદિથી (પૃથક્ પૃથક્ વિજયોમાં અને અધોલોકમાં) ૨૦ સિદ્ધ થાય છે માટે તે તેનાથી સંખ્યાતગુણા છે. તેનાથી ૧૦૮ સિદ્ધ થનારા સંખ્યાતગુણા અધિક છે.

**● સૂત્ર-૮૭ :-**

***પ્રશ્ન :- અનંતર સિદ્ધ કેવળજ્ઞાનના કેટલા ભેદ છે ?***

***ઉત્તર :- અનંતર સિદ્ધ કેવળજ્ઞાનના પંદર ભેદ છે, જેમકે — (૧) તીર્થસિદ્ધ (૨) અતીર્થસિદ્ધ (૩) તીર્થંકરસિદ્ધ (૪) અતીર્થંકરસિદ્ધ (૫) સ્વયંબુદ્ધસિદ્ધ (૬) પ્રત્યેકબુદ્ધસિદ્ધ (૭) બુદ્ધબોધિતસિદ્ધ (૮) સ્ત્રીલિંગસિદ્ધ (૯) પુરુષલિંગસિદ્ધ (૧૦) નપુંસકલિંગસિદ્ધ (૧૧) સ્વલિંગસિદ્ધ (૧૨) અન્યલિંગસિદ્ધ (૧૩) ગૃહસ્થલિંગસિદ્ધ (૧૪) એકસિદ્ધ (૧૫) અનેકસિદ્ધ. આ રીતે અનંતરસિદ્ધ કેવળજ્ઞાનના પંદર પ્રકાર છે.***

**● વિવેચન-૮૭ :-**

જે આત્માઓને સિદ્ધ થયાને એક જ સમય થયો હોય તેને અનંતર સિદ્ધ કહેવાય છે — અનંતરસિદ્ધ કેવળજ્ઞાની ભવોપાધિ (ભવ સંબંધી) ભેદથી પંદર પ્રકારે કહેલ છે.

**(૧) તીર્થસિદ્ધ :-** જેના દ્વારા સંસાર તરી શકાય તેને તીર્થ કહેવાય છે. ચતુર્વિધ શ્રી સંઘનું નામ તીર્થ છે. તીર્થની સ્થાપના થયા પછી જે સિદ્ધ થાય છે, તેને તીર્થસિદ્ધ કહેવાય છે. તીર્થની સ્થાપના તીર્થંકર કરે છે.

**(૨) અતીર્થસિદ્ધ :-** તીર્થની સ્થાપના થયા પહેલાં અથવા તીર્થ વ્યવચ્છેદ થયા બાદ, જે સિદ્ધ ગતિ પ્રાપ્ત કરે છે તેને અતીર્થ સિદ્ધ કહેવાય છે. જેમકે — માતા મરુદેવીએ તીર્થની સ્થાપના થયા પહેલાં સિદ્ધગતિ પ્રાપ્ત કરી હતી. ભગવાન સુવિધિનાથથી લઈને શાંતિનાથ ભગવાનના શાસન સુધી વચ્ચેના આઠ તીર્થંકરો સુધી સાત અંતરોમાં તીર્થનો વ્યવચ્છેદ થયો હતો. તે સમયે જાતિ સ્મરણ આદિ જ્ઞાનથી જે અંતકૃતકેવળી થઈને સિદ્ધ થયેલ તેને પણ અતીર્થ સિદ્ધ કહેવાય છે.

**(૩) તીર્થંકરસિદ્ધ :-** વિશ્વમાં લૌકિક તથા લોકોત્તર પદમાં તીર્થંકર પદ સર્વોપરિ છે. જે તીર્થંકર પદ પ્રાપ્ત કરીને સિદ્ધ થાય છે તેને તીર્થંકર સિદ્ધ કહેવાય છે.

**(૪) અતીર્થંકરસિદ્ધ :-** તીર્થંકર સિવાય અન્ય જેટલા લૌકિક પદવીધર, ચક્રવર્તી, બળદેવ, માંડલિક, સમ્રાટ અને લોકોત્તર આચાર્ય, ઉપાધ્યાય, ગણધર, અંતકૃત કેવળી અને સામાન્ય કેવળી થઈને જે જે સિદ્ધ થયા છે તેને અતીર્થંકર સિદ્ધ કહોય છે.

**(૫) સ્વયંબુદ્ધસિદ્ધ :-** જે બાહ્ય નિમિત્ત વિના, કોઈનો ઉપદેશ અથવા પ્રવચન સાંભળ્યા વિના જ જાતિસ્મરણજ્ઞાન, અવધિજ્ઞાન દ્વારા સ્વયં વિષય કષાયથી વિરક્ત થઈ જાય, તેને સ્વયંબુદ્ધ કહેવાય છે અર્થાત્ જે સ્વયં બોધ પ્રાપ્ત કરે છે તેને સ્વયંબુદ્ધ કહેવાય છે. જે સ્વયંબુદ્ધ થઈને સિદ્ધ થાય તે સ્વયંબુદ્ધ સિદ્ધ કહેવાય છે.

**(૬) પ્રત્યેકબુદ્ધસિદ્ધ :-** જે ઉપદેશ સાંભળ્યા વિના, બાહ્ય કોઈ પણ નિમિત્તથી





બોધ પ્રાપ્ત કરીને સિદ્ધ થાય તેને પ્રત્યેક બુદ્ધ કહેવાય છે, જેમકે — કરકંડુ, નમિરાજર્ષિ વગેરે. આવા પ્રત્યેક બુદ્ધ થઈને સિદ્ધ થાય તે પ્રત્યેકબુદ્ધ સિદ્ધ કહેવાય છે.

**(૭) બુદ્ધબોધિતસિદ્ધ :-** આચાર્ય આદિ દ્વારા પ્રતિબોધિત થઈને સિદ્ધ થાય તેને બુદ્ધબોધિત સિદ્ધ કહેવાય છે, જેમકે — ચંદનબાળા, જંબૂકુમાર તેમજ અતિમુક્તકુમાર વગેરે.

**(૮) સ્ત્રીલિંગસિદ્ધ :-** અહીં સ્ત્રીલિંગ શબ્દ સ્ત્રીત્વનું સૂચન કરે છે. તેના ત્રણ ભેદ છે — (૧) વેદ (૨) નિર્વૃત્તિ (૩) વેશ. વેદના ઉદયથી અને વેશથી મોક્ષ સંભવ નથી. કેવળ શરીર નિર્વૃત્તિથી જ સિદ્ધ થઈ શકે છે જે સ્ત્રી શરીરથી મુક્ત બને છે તેને સ્ત્રીલિંગ સિદ્ધ કહેવાય છે.

**(૯) પુરુષલિંગસિદ્ધ :-** પુરુષની આકૃતિમાં રહેતાં મોક્ષની પ્રાપ્તિ કરે તેને પુરુષલિંગસિદ્ધ કહેવાય છે.

**(૧૦) નપુંસકલિંગસિદ્ધ :-** નપુંસક બે પ્રકારના છે. સ્ત્રી નપુંસક અને પુરુષ નપુંસક. એમાં પુરુષ નપુંસક સિદ્ધ થાય છે તેને નપુંસકલિંગ સિદ્ધ કહેવાય છે.

**(૧૧) સ્વલિંગસિદ્ધ :-** સાધુની મુખવસ્ત્રિકા, રજોહરણ આદિ જે શ્રમણ નિર્ગ્રંથોનો વેષ હોય તેને લિંગ કહેવાય છે. જે સ્વલિંગથી સિદ્ધ થાય તેને સ્વલિંગસિદ્ધ કહેવાય છે.

**(૧૨) અન્યલિંગસિદ્ધ :-** જેનો બાહ્ય વેષ પરિવ્રાજકનો હોય પરંતુ આગમ અનુસાર ક્રિયા કરીને જે સિદ્ધ બને તેને અન્યલિંગસિદ્ધ કહેવાય છે.

**(૧૩) ગૃહસ્થલિંગસિદ્ધ :-** ગૃહસ્થ વેષથી મોક્ષ પ્રાપ્ત કરનારને ગૃહસ્થલિંગસિદ્ધ કહેવાય છે, જેમકે — મરુદેવી માતા.

**(૧૪) એકસિદ્ધ :-** એક સમયમાં એક-એક સિદ્ધ થાય તેને એકસિદ્ધ કહેવાય છે.

**(૧૫) અનેકસિદ્ધ :-** એક સમયમાં બે થી લઈને ઉત્કૃષ્ટ ૧૦૮ સિદ્ધ થનારને અનેકસિદ્ધ કહેવાય છે.

**● સૂત્ર-૮૮ :-**

***પ્રશ્ન :- તે પરંપરસિદ્ધ કેવળજ્ઞાનના કેટલા પ્રકાર છે ?***

***ઉત્તર :- પરંપરસિદ્ધ કેવળજ્ઞાનના અનેક પ્રકાર છે, જેમકે — અપ્રથમસમયસિદ્ધ, અર્થાત્ પહેલા સમયને છોડી શેષ બધા સમયના સિદ્ધ, દ્વિસમયસિદ્ધ અર્થાત્ જેનો સિદ્ધ થયાનો બીજો સમય છે. ત્રિસમયસિદ્ધ, ચારસમયસિદ્ધ, આગળ વધતાં યાવત્ દસસમયસિદ્ધ, સંખ્યાત સમય સિદ્ધ, અસંખ્યાતસમયસિદ્ધ અને અનંતસમયસિદ્ધ. આ પ્રમાણે પરંપરસિદ્ધ કેવળજ્ઞાનનું વર્ણન છે. તાત્પર્ય એ છે કે પરંપરસિદ્ધોના સૂત્રોક્ત ભેદોના અનુરૂપ જ કેવળજ્ઞાનના ભેદો થાય છે. આ પ્રકારે સિદ્ધ કેવળજ્ઞાનનું વર્ણન છે.***

**● વિવેચન-૮૮ :-**

કેવળજ્ઞાન અને સિદ્ધોના સ્વરૂપમાં કોઈ પણ પ્રકારની ભિન્નતા છે નહીં.

સિદ્ધોમાં જે ભેદો બતાવેલ છે તે પૂર્વોપાધિ અને કાળની અપેક્ષાએ છે. કેવળજ્ઞાનમાં માત્ર સ્વામીની અપેક્ષાએ ભેદ બતાવેલ છે અર્થાત્ અનંતર સિદ્ધમાં પૂર્વ અવસ્થાની અપેક્ષાએ અને પરંપરસિદ્ધમાં સમયની અપેક્ષાએ ભેદો કહેલ છે.

● **સૂત્ર-૮૯ :-**

***સંક્ષેપમાં તેના ચાર પ્રકાર છે, દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી.***

***(૧) દ્રવ્યથી કેવળજ્ઞાની સર્વદ્રવ્યોને જાણે છે અને દેખે છે.***

***(૨) ક્ષેત્રથી કેવળજ્ઞાની સર્વ લોકાલોક ક્ષેત્રને જાણે છે અને દેખે છે.***

***(૩) કાળથી કેવળજ્ઞાની ભૂત, વર્તમાન અને ભવિષ્ય એ ત્રણે ય કાળને જાણે છે અને દેખે છે.***

***(૪) ભાવથી કેવળજ્ઞાની સર્વ દ્રવ્યોના સર્વભાવો - પર્યાયોને જાણે છે અને દેખે છે.***

● **વિવેચન-૮૯ :-**

આ સૂત્રનું તાત્પર્ય મૂળ પાઠ અને ભાવાર્થથી જ સ્પષ્ટ છે કે કેવળજ્ઞાની સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને સ્પષ્ટરૂપે જાણે અને જુએ છે.

જૈનદર્શને પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ચાર દર્શન આ રીતે ઉપયોગના બાર પ્રકાર બતાવેલ છે. આ બાર પૈકી કોઈ એકમાં થોડા સમય સુધી સ્થિર થઈ તેનો ઉપયોગ મૂકવો, તે જ્ઞાનથી કંઈક જાણવું તેને ઉપયોગ કહેવાય છે. કેવળજ્ઞાન અને કેવળદર્શન સિવાયના ૧૦ ઉપયોગ છદ્મસ્થ જીવોને હોય છે.

મિથ્યાદૃષ્ટિમાં ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન હોય છે અને છદ્મસ્થ સમ્યગ્દૃષ્ટિમાં ચાર જ્ઞાન અને ત્રણ દર્શન હોય શકે છે એમ સાત ઉપયોગ હોય શકે છે. કેવળજ્ઞાન અને કેવળદર્શન એ બે ઉપયોગ અનાવૃત્ત કહેવાય છે. તેને કર્મક્ષયજન્ય ઉપયોગ પણ કહેવાય છે. શેષ દસ ઉપયોગ ક્ષાયોપશમિક છદ્મસ્થિક આવૃતાનાવૃત સંજ્ઞક છે. એમાં હ્રાસ, વિકાસ અને ન્યૂનાધિકતા હોય છે પરંતુ કેવળજ્ઞાન અને કેવળદર્શનમાં હ્રાસ-વિકાસ અને ન્યૂનાધિકતા ન હોય, તે પ્રગટ થયા પછી અસ્ત થાય નહીં માટે તેને સાદિ અનંત કહેવાય છે.

દરેક જીવનો ઉપયોગ ક્રમભાવી છે અર્થાત્ એક સમયમાં એક જ ઉપયોગ હોય છે, એક સમયમાં બે ઉપયોગ હોતા નથી, બે ઉપયોગ હોવાનું માનવું મિથ્યા છે. ભગવતી સૂત્રમાં આવો સ્પષ્ટ ઉલ્લેખ મળે છે.

**એક સમયમાં એક ઉપયોગ માટે આગમિક સમાધાન :-**

(૧) કેવળજ્ઞાન અને કેવળદર્શન એ બન્ને સાદિ અનંત છે. એમાં લેશમાત્ર સંદેહ નથી. આ કથન લબ્ધિની અપેક્ષાએ છે. ઉપયોગની અપેક્ષાએ નહીં. મતિ, શ્રુત અને અવધિજ્ઞાનનો લબ્ધિકાળ ૬૬ સાગરોપમથી કંઈક અધિક છે. જો કે ઉપયોગ અંતર્મુહૂર્તથી અધિક રહેતો નથી.

(૨) નિરાવરણ જ્ઞાન-દર્શનનો યુગપત્ ઉપયોગ ન માનવાથી આવરણ ક્ષય મિથ્યા સિદ્ધ થશે, આ કથન પણ બરાબર નથી. કોઈ કોઈ વિભંગજ્ઞાનની સમ્યક્ત્વ



ઉત્પન્ન થતાં જ મતિ, શ્રુત અને અવધિ એ ત્રણે જ્ઞાન એક સાથે ઉત્પન્ન થાય છે એમ આગમનું કથન છે પરંતુ ઉપયોગ સર્વમાં યુગપત્ જ હોય એવો કોઈ નિયમ નથી. જેમ ચાર જ્ઞાનના ધારક ચતુર્જ્ઞાની કહેવાય છે તો પણ તેનો ઉપયોગ એક સમયમાં એક સાથે ચારો ય જ્ઞાનમાં હોતો નથી, કોઈ પણ એકમાં જ હોય છે. માટે જાણવું અને દેખવું એ બન્ને એક સમયમાં ન હોય પણ ભિન્ન ભિન્ન સમયમાં હોય છે. આ વાત પ્રજ્ઞાપના સૂત્ર પદ ૩૦ અને ભગવતી સૂત્ર શતક ૨૫ માં બતાવેલ છે.

(૩) એકાંતર ઉપયોગ માનવાથી ઈતરેતરાવરણતા દોષ બતાવવો તે પણ ઉચિત નથી. કેમકે કેવળજ્ઞાન અને કેવળદર્શન સદા નિરાવરણ રહે છે. તેને ક્ષાયિક લબ્ધિ પણ કહેવાય છે. જ્ઞાન અથવા દર્શન કોઈ એકમાં ચેતનાનું પ્રવાહિત થઈ જવું તેને ઉપયોગ કહેવાય છે. ઉપયોગ એ જીવનો સાધારણ ગુણ છે. એ કોઈ કર્મનું ફળ નથી. છદ્મસ્થને જ્ઞાન અને દર્શનમાં ઉપયોગ એક અંતર્મુહૂર્તથી અધિક ન રહે. કેવળીને જ્ઞાન અને દર્શનનો ઉપયોગ એક એક સમયથી બદલાતો રહે છે. આ રીતે તેઓનો ઉપયોગ સાદિ સાંત જ છે. તે ક્યારેક જ્ઞાનમાં અને ક્યારેક દર્શનમાં પરિવર્તિત થયા કરે છે, માટે ઈતરેતરાવરણતા દોષ માનવો તે અનુચિત છે. જ્ઞાન અને દર્શન તો અપરિવર્તિત રહે જ છે, તે સાદિ અનંત છે. ભગવતી સૂત્રમાં આઠ આત્માના અધિકારમાં જ્ઞાન, દર્શન અને ઉપયોગ ત્રણે ય આત્મા ભિન્ન ભિન્ન કહેલ છે. માટે કેવળ જ્ઞાન કેવળ દર્શન સાદિ સાંત હોવામાં કંઈ પણ દોષ નથી.

(૪) અનાવરણ થતાં જ જ્ઞાન અને દર્શનનો પૂર્ણ વિકાસ થાય છે. તો પછી નિષ્કારણ આવરણ હોય એવો પ્રશ્ન જ થવો ન જોઈએ. કેમકે આવરણનો હેતુ અને આવરણ બન્નેનો અભાવ થવા પર જ કેવળી બને છે પરંતુ ઉપયોગનો સ્વભાવ જ એવો છે કે તે બન્નેમાંથી એક સમયમાં કોઈ એક તરફ જ પ્રવાહિત થાય છે. બન્ને તરફ પ્રવાહિત થાય નહીં, આ જીવ સ્વભાવ જ છે.

(૫) કેવળી જે સમયે જાણે છે તે સમયે દેખતાં નથી તેથી અસર્વદર્શિત્વ અને જે સમયે દેખે છે તે સમયે જાણતા નથી તેથી અસર્વજ્ઞત્વ સિદ્ધ થાય છે. આ કથનનો ઉત્તર એ છે કે આગમમાં કેવળીને સર્વજ્ઞ-સર્વદર્શી પણ લબ્ધિની અપેક્ષાથી કહેલ છે, ઉપયોગની અપેક્ષાએ નહીં. માટે એકાંતર ઉપયોગ માનવો નિર્દોષ છે.

(૬) જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય કર્મ યુગપત્ જ ક્ષીણ થાય છે પરંતુ ઉપયોગ યુગપત્ ન જ હોય. કહ્યું પણ છે — जुगवं दो णत्थि उवओगा બે ઉપયોગ સાથે ન હોય. જેમ છદ્મસ્થને એક સાથે ચાર જ્ઞાન થઈ શકે છે પરંતુ ઉપયોગ કોઈ એક જ્ઞાનમાં હોય છે, ચારે ય જ્ઞાનમાં એક સાથે ઉપયોગ હોય નહીં, તેમ દરેક જીવોમાં જ્ઞાન અને દર્શન બન્ને હોય છે પણ જીવનો ઉપયોગ જ્ઞાન અથવા દર્શન કોઈ એકમાં જ હોય છે. છદ્મસ્થનો તે ઉપયોગ દરેક અંતર્મુહૂર્તમાં બદલે છે. ત્યારે કેવળીનો ઉપયોગ એકેક સમયે બદલે છે. બન્નેમાં આ જ અંતર છે.

ઉપર્યુક્ત કેવળજ્ઞાન અને કેવળદર્શનના વિષયમાં વિસ્તૃત ચર્ચા નંદી સૂત્રની ચૂર્ણિ, મલયગિરિ કૃત નંદીવૃત્તિ અને હરિભદ્રકૃત નંદીવૃત્તિમાં મળે છે અને જિનભદ્રગણી

ક્ષમાશ્રમણ કૃત વિશેષાવશ્યક ભાષ્યમાં પણ આ વિષય પર ચર્ચા કરેલ છે.

● **સૂત્ર-૯૦ :-**

***આ કેવળજ્ઞાન સંપૂર્ણ દ્રવ્યપરિણામનું ઔદયિક આદિ સર્વ ભાવોનું અથવા વર્ણ, ગંધ, રસ આદિ સર્વ ગુણોનું જ્ઞાન કરાવનાર છે, અંત રહિત છે, શાશ્વત-સદાકાળ સ્થાયી છે અને અપ્રતિપાતી છે. એવું આ કેવળજ્ઞાન એક પ્રકારનું છે.***

● **વિવેચન-૯૦ :-**

अह :- (૧) આ શબ્દનો અનંતર અર્થમાં પ્રયોગ થાય છે. અહીં મનઃપર્યવજ્ઞાનના અનંતર કેવળજ્ઞાનનું નિરૂપણ કરેલ છે. (૨) આ શબ્દનો પ્રયોગ ગાથામાં શબ્દોની પૂર્તિ માટે કે વાક્યાલંકાર માટે પણ થાય છે. (૩) આ ગાથામાં કેવળજ્ઞાનના વિષયનો ઉપસંહાર કરેલ છે. સાથે કેવળજ્ઞાનનું આંતરિક સ્વરૂપ પણ બતાવેલ છે. સૂત્રકારે કેવળજ્ઞાનને પાંચ વિશેષણો આપીને આ વિષયને સ્પષ્ટ કરેલ છે.

(૧) सव्वदव्व-परिणाम-भावविण्णत्तिकारणं :- સર્વ દ્રવ્ય અને તેના સર્વ પર્યાયોને તેમજ ઔદયિક આદિ ભાવોને જાણનાર.

(૨) अणंतं :- તે અનંત છે કેમ કે જ્ઞેય અનંત છે અને કેવળજ્ઞાન તે સર્વને વિષયભૂત કરે છે તેથી તેને અનંત કહેલ છે.

(૩) सासयं :- કાળની અપેક્ષાએ સાદિ અનંત હોવાથી કેવળજ્ઞાન શાશ્વત છે.

(૪) अप्पडिवाई :- આ જ્ઞાન ક્યારે ય પણ પ્રતિપાતિ થાય નહીં અર્થાત્ જેની મહાજ્યોત કોઈ પણ ક્ષેત્ર અને કાળમાં બુઝાતી નથી. અહીં શંકા ઉત્પન્ન થાય છે કે જો શાશ્વત કહેવાથી કેવળજ્ઞાનની નિત્યતા થતી હોય તો પછી અપ્રતિપાતિ વિશેષણ પૃથક્ શા માટે આપેલ છે ?

સમાધાન :- જે જ્ઞાન શાશ્વત હોય તે અપ્રતિપાતિ હોય જ પરંતુ જે અપ્રતિપાતિ હોય છે તે શાશ્વત હોય અથવા ન હોય માટે અપ્રતિપાતિ વિશષણ આપેલ છે.

(૫) एगविहं :- જે જ્ઞાન ભેદ પ્રભેદથી રહિત છે, સર્વ પ્રકારની તરતમતા અને વિસદૃશતાથી રહિત છે તેમજ સદાકાળ અને સર્વદેશમાં એક સરખું જ રહે છે. માટે તે કેવળજ્ઞાન એક પ્રકારનું જ હોય છે.

● **સૂત્ર-૯૧,૯૨ :-**

***[૯૧] કેવળજ્ઞાન દ્વારા સર્વ પદાર્થોને જાણીને તેમાં જે પદાર્થ વર્ણન કરવા યોગ્ય હોય તેને તીર્થંકર દેવ પોતાના પ્રવચનોમાં પ્રતિપાદન કરે છે. તીર્થંકર દેવનો તે સંપૂર્ણ વચનયોગ શ્રુત કહેવાય છે અર્થાત્ કેવળજ્ઞાનથી જાણીને કહેવાયેલ વચનો સાંભળનાર માટે શ્રુતજ્ઞાનરૂપ થઈ જાય છે.***

***[૯૨] આ રીતે કેવળજ્ઞાનનું વર્ણન પૂર્ણ થયું. તેમજ નોઈન્દ્રિયપ્રત્યક્ષજ્ઞાનનું પ્રકરણ પૂર્ણ થયું.***

● **વિવેચન-૯૧, ૯૨ :-**

આ ગાથામાં સૂત્રકારે સ્પષ્ટ કહ્યું છે કે તીર્થંકર ભગવાન કેવળજ્ઞાન દ્વારા



જેટલા પદાર્થોને જાણે છે તેમાં પણ જેટલું કથનીય છે એ જ કહે છે. દરેક પદાર્થોનું કે સર્વ પર્યાયનક છે, આયુષ્ય પરિમિત છે, પદાર્થો અનંત છે, તેના ગુણ, ધર્મ, પર્યાય અનંતાનંત છે, માટે તીર્થંકર પ્રભુ પદાર્થોની અનંતમો ભાગ જ બતાવી શકે છે. તેનાથી અતિરિક્ત અર્થ વાણીથી અવર્ણનીય છે.

કેવળજ્ઞાની જે પ્રવચન કરે છે તે વચન યોગથી કરે છે પણ શ્રુતજ્ઞાનથી નહીં અર્થાત્ ભાષા પર્યાપ્તિ નામકર્મના ઉદયથી કરે છે. તેઓશ્રીના પ્રવચનને સાંભળનાર માટે તે પ્રવચન શ્રુતનું કારણ બને છે.

તેથી એમ સિદ્ધ થાય છે કે તીર્થંકર ભગવાનનો વચનયોગ શ્રુતજ્ઞાનનું નિમિત્ત હોવાને કારણે દ્રવ્યશ્રુત છે. તે કેવળજ્ઞાનપૂર્વક વચન પ્રયોગ છે. વર્તમાન કાળમાં જે આગમજ્ઞાન કરાય છે તે ભાવશ્રુત છે અને પુસ્તકોમાં લિપિબદ્ધ જે હોય તે પણ ભાવશ્રુતનું નિમિત્ત કારણ હોવાથી દ્રવ્યશ્રુત છે. ગણધરોને જે શ્રુતજ્ઞાન થાય છે તે ભગવાનના વચનયોગ રૂપ દ્રવ્યશ્રુતથી હોય છે. કારણ કે તેઓને શ્રુતજ્ઞાન ઉત્પન્ન થવાનું નિમિત્ત ભગવાનના મુખ્ય વચનો જ હોય છે.

કેવળજ્ઞાનથી જાણીને તીર્થંકર પ્રભુ જે પ્રજ્ઞાપના યોગ્ય હોય તેની પ્રરૂપણા કરે છે. તેઓશ્રીનો असेसं - સમસ્ત સંપૂર્ણ વચનયોગ શ્રોતાઓને માટે શ્રુતરૂપ થઈ જાય છે.

● **સૂત્ર-૯૩ :-**

***પ્રશ્ન :- પરોક્ષજ્ઞાન કેટલા પ્રકારનું છે ?***

***ઉત્તર :- પરોક્ષજ્ઞાન બે પ્રકારનું છે, જેમકે — (૧) આભિનિબોધિક જ્ઞાન પરોક્ષ (મતિજ્ઞાન) (૨) શ્રુતજ્ઞાન પરોક્ષ. જ્યાં આભિનિબોધિક જ્ઞાન હોય ત્યાં શ્રુતજ્ઞાન પણ હોય છે અને જ્યાં શ્રુતજ્ઞાન હોય ત્યાં આભિનિબોધિક જ્ઞાન હોય, એ બન્ને જ્ઞાન સાથે જ રહેનારા છે, અન્યોન્ય અનુગત છે તો પણ એ બન્નેમાં તીર્થંકરોએ આ પ્રમાણે વિશેષતા ફરમાવેલ છે — (૧) સન્મુખ આવેલા પદાર્થોને જે પ્રમાણપૂર્વક અભિગત કરે, જાણે તેને આભિનિબોધિક જ્ઞાન કહેવાય, સાંભળવામાં આવે તેને શ્રુતજ્ઞાન કહેવાય અર્થાત્ શ્રુતજ્ઞાન એ શ્રવણનો વિષય છે. (૨) શ્રુતજ્ઞાન મતિજ્ઞાનપૂર્વક જ હોય છે પરંતુ મતિજ્ઞાન શ્રુતપૂર્વક જ હોય એવો નિયમ નથી.***

● **વિવેચન-૯૩ :-**

આ સૂત્રમાં પરોક્ષજ્ઞાન વિષે પૃચ્છા કરેલ છે. (૧) આભિનિબોધિક જ્ઞાન પરોક્ષ અને (૨) શ્રુતજ્ઞાન પરોક્ષ. એમ બે ભેદ છે. જ્યાં આભિનિબોધિક જ્ઞાન હોય ત્યાં શ્રુતજ્ઞાન પણ હોય છે. આ બન્ને જ્ઞાન એક બીજાની સાથે રહે છે.

આ બન્ને જ્ઞાન અન્યોન્ય અનુગત (સાથે જ રહેનારા) છે. છતાં આ બન્નેમાં સ્વરૂપની અપેક્ષાએ ભિન્નતા છે. પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠુ મન, એના માધ્યમથી થનાર જ્ઞાનને પરોક્ષજ્ઞાન કહેવાય છે. આ જ્ઞાનના બે ભેદ છે — આભિનિબોધિકજ્ઞાન અને શ્રુતજ્ઞાન. મતિ શબ્દનો પ્રયોગ આગમમાં જ્ઞાન અને અજ્ઞાન બન્ને માટે કરેલ છે પરંતુ

આભિનિબોધિક શબ્દનો પ્રયોગ ફક્ત જ્ઞાન માટે જ કરેલ છે. શબ્દ સાંભળીને વાચ્ય પદાર્થનું જે જ્ઞાન થાય છે તેને શ્રુતજ્ઞાન કહેવાય છે. આ બન્નેનો પરસ્પર અવિનાભાવ સંબંધ છે અર્થાત્ એ બન્ને એકબીજા વગર રહી શકતા નથી. જેમકે તૈજસ અને કાર્મણ શરીર સદા સાથે જ રહે છે.

શ્રુતજ્ઞાન મતિપૂર્વક હોય છે પરંતુ શ્રુતપૂર્વક મતિ હોતી નથી. જેમ વસ્ત્રમાં તાણા અને વાણા સાથે જ હોય છે તો પણ તાણાને પહેલા ગોઠવાય છે. તાણા વ્યવસ્થિત થાય પછી જ વાણા કામ લાગે છે. વસ્ત્રમાં જ્યાં તાણા હોય છે ત્યાં વાણા પણ હોય છે અને જ્યાં વાણા હોય છે ત્યાં તાણા પણ હોય જ છે. તાત્પર્ય એ છે કે લબ્ધિરૂપે મતિ અને શ્રુત બન્ને સહચર છે. ઉપયોગરૂપે પ્રથમ મતિપૂર્વક જ શ્રુતનો વ્યાપાર થાય છે. તાત્પર્ય એ છે કે શ્રુતજ્ઞાનની પ્રાપ્તિમાં કે ઉપયોગમાં મતિની આવશ્યકતા હોય છે અર્થાત્ મતિજ્ઞાનની સહાયતા જરૂરી છે, જ્યારે મતિજ્ઞાનના ઉપયોગમાં શ્રુતજ્ઞાનની સહાયકતા હોવી જરૂરી નથી. ક્યારેક મતિપ્રયોગમાં કે ઉપલબ્ધિમાં શ્રુતની સહાયતાની જરૂર પડે ને ક્યારેક ન પણ પડે.

**● સૂત્ર-૯૪ :-**

***વિશેષતા રહિત સામાન્ય રૂપે મતિ-મતિજ્ઞાન અને મતિઅજ્ઞાન બન્ને પ્રકારે છે પરંતુ વિશેષરૂપે સમ્યગ્દૃષ્ટિની મતિ તે મતિજ્ઞાન અને મિથ્યાદૃષ્ટિની મતિ તે મતિ અજ્ઞાન છે. એ જ રીતે વિશેષતા રહિત શ્રુત-શ્રુતજ્ઞાન અને શ્રુતઅજ્ઞાન બન્ને પ્રકારે છે. વિશેષતા પ્રાપ્ત સમ્યગ્દૃષ્ટિનું શ્રુત એ શ્રુતજ્ઞાન છે અને મિથ્યાદૃષ્ટિનું શ્રુત એ શ્રુતઅજ્ઞાન છે.***

**● વિવેચન-૯૪ :-**

આ સૂત્રમાં સૂત્રકારે સામાન્ય, વિશેષ, જ્ઞાન, અજ્ઞાન અને સમ્યગ્દૃષ્ટિ તેમજ મિથ્યાદૃષ્ટિ વિષે ઉલ્લેખ કરેલ છે, જેમકે – સામાન્ય રૂપે મતિ શબ્દનો જ્ઞાન અને અજ્ઞાન બન્નેમાં પ્રયોગ કરેલ છે. સામાન્યનું આ લક્ષણ છે – જેમકે કોઈએ ફળ શબ્દ કહ્યો, ફળમાં દરેક ફળોનો સમાવેશ થાય છે. કોઈએ દ્રવ્ય શબ્દ કહ્યો તો દ્રવ્યમાં દરેક દ્રવ્યનો સમાવેશ થાય છે. કોઈએ મનુષ્ય શબ્દ કહ્યો તો મનુષ્યમાં દરેક મનુષ્યનો સમાવેશ થાય છે પરંતુ આમ્રફળ, જીવદ્રવ્ય, મુનિવર એમ કહેવાથી વિશેષનું ગ્રહણ થાય છે. એ જ રીતે સ્વામી વિના મતિ શબ્દ જ્ઞાન અને અજ્ઞાન બન્ને માટે પ્રયુક્ત થાય છે પરંતુ જ્યારે વિશેષરૂપે ગ્રહણ કરાય છે ત્યારે સમ્યગ્દૃષ્ટિની મતિને મતિજ્ઞાન કહેવાય છે. મિથ્યાદૃષ્ટિની મતિને મતિ અજ્ઞાન કહેવાય છે. કેમ કે સમ્યગ્દૃષ્ટિ સ્યાદ્વાદ, અનેકાંતવાદ, પ્રમાણ અને નયની અપેક્ષાએ પ્રત્યેક પદાર્થના સ્વરૂપનું નિરીક્ષણ કરીને સત્યાંશને ગ્રહણ કરે છે અને અસત્યાંશનો પરિત્યાગ કરે છે.

સમ્યગ્દૃષ્ટિની મતિ આત્મોત્થાન અને પરોપકાર તરફ પ્રવૃત્ત હોય છે ત્યારે મિથ્યાદૃષ્ટિની મતિ અનંતધર્માત્મક વસ્તુમાં એક ધર્મના અસ્તિત્વનો સ્વીકાર કરે છે, શેષનો નિષેધ કરે છે અથવા કોઈનો સ્વીકાર કરે, કોઈનો નિષેધ કરે.

સામાન્યતયા શ્રુત પણ જ્ઞાન અને અજ્ઞાન બન્ને પ્રકારનું હોય છે. વિશેષરૂપે



જો શ્રુતના સ્વામી સમ્યગ્દૃષ્ટિ હોય તો તેનું શ્રુત, શ્રુતજ્ઞાન કહેવાય છે અને જો શ્રુતના સ્વામી મિથ્યાદૃષ્ટિ હોય તો તેનું શ્રુત, શ્રુત અજ્ઞાન કહેવાય છે. સમ્યગ્દૃષ્ટિનું શ્રુત આત્મકલ્યાણ અને પરોન્નતિમાં પ્રવૃત્ત હોય છે. મિથ્યાદૃષ્ટિનું શ્રુત આત્મપતન અને પરાવનતિમાં પ્રવૃત્ત હોય છે. સમ્યગ્દૃષ્ટિ પોતાના શ્રુતજ્ઞાન દ્વારા મિથ્યાશ્રુતને પણ સમ્યગ્શ્રુત રૂપે પરિણત કરી દે છે અને મિથ્યાદૃષ્ટિ સમ્યગ્શ્રુતને પણ મિથ્યાશ્રુત રૂપે પરિણત કરી દે છે. તે મિથ્યાશ્રુત દ્વારા સંસાર ચક્રમાં પરિભ્રમણ કરાવનારી સામગ્રીને એકઠી કરે છે.

સારાંશ એ છે કે જ્ઞાનનું ફળ અજ્ઞાનની નિવૃત્તિ છે. સમ્યગ્દૃષ્ટિ આધ્યાત્મિક આનંદની અનુભૂતિ તેમજ નિર્વાણ પદની પ્રાપ્તિ કરી શકે છે. સમ્યગ્દૃષ્ટિ જીવની બુદ્ધિ અને તેનું શબ્દજ્ઞાન બન્ને માર્ગદર્શક હોય છે ત્યારે મિથ્યાદૃષ્ટિની મતિ અને તેનું શબ્દજ્ઞાન બન્ને વિવાદ, વિકથા, જીવનભ્રષ્ટ, પથભ્રષ્ટ તેમજ પતનનું કારણ બને છે તેમજ સ્વ અને પર બન્નેનું તે અહિત કરે છે.

પ્રશ્ન :- જો મતિજ્ઞાન અને મતિઅજ્ઞાન બન્ને જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થાય છે તો બન્નેમાં સમ્યક્ અને મિથ્યાનો ભેદ કયા કારણથી કહેલ છે ?

ઉત્તર :- જ્ઞાનાવરણના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ જ્ઞાન મિથ્યાત્વમોહનીયના ઉદયથી મિથ્યા બની જાય છે.

**● સૂત્ર-૯૫,૯૬ :-**

***[૯૫] આભિનિબોધિક જ્ઞાનના કેટલા પ્રકાર છે ?***

***ઉત્તર :- આભિનિબોધિક જ્ઞાનના બે પ્રકાર છે, જેમકે – (૧) શ્રુતનિશ્રિત (૨) અશ્રુતનિશ્રિત.***

***પ્રશ્ન :- અશ્રુત નિશ્રિતના કેટલા પ્રકાર છે ?***

***ઉત્તર :- અશ્રુત નિશ્રિતના ચાર પ્રકાર છે, જેમકે – [૯૬] (૧) ઔત્પાતિકી (૨) વૈનયિકી (૩) કર્મજા (૪) પરિણામિકી.***

***આ ચાર પ્રકારની બુદ્ધિ શાસ્ત્રકારોએ બતાવી છે. પાંચમો ભેદ ઉપલબ્ધ નથી એટલે હોતો જ નથી.***

**● વિવેચન-૯૫,૯૬ :-**

આ સૂત્રમાં આભિનિબોધિક જ્ઞાનને બે હિસ્સામાં વિભક્ત કરેલ છે. એક શ્રુતનિશ્રિત અને બીજું અશ્રુતનિશ્રિત. જે શ્રુતજ્ઞાનથી સંબંધિત મતિજ્ઞાન છે તેને શ્રુતનિશ્રિત મતિજ્ઞાન કહેવાય છે અને જે તથાવિધ ક્ષયોપશમ ભાવથી ઉત્પન્ન થાય છે તેને અશ્રુતનિશ્રિત મતિજ્ઞાન કહેવાય છે. આ વિષયમાં ભાષ્યકાર લખે છે કે પહેલા શ્રુતનિશ્રિત મતિજ્ઞાનનું વર્ણન કરવું જોઈએ તો પણ સૂચીકટક ન્યાયથી અશ્રુતનિશ્રિત મતિજ્ઞાનનું વર્ણન પહેલા પ્રકારે કરેલ છે અર્થાત્ તે અલ્પતર છે માટે તેને પ્રથમ કહેલ છે. તેના ચાર ભેદ છે –

**(૧) ઔત્પાતિકી :-** ક્ષયોપશમ ભાવના કારણે શાસ્ત્ર અભ્યાસ વિના સહસા જેની ઉત્પત્તિ થાય, જેનાથી એટલી સુંદર યુક્તિ સૂઝે કે તેના સમાધાનથી પ્રશ્નકારને

સંતોષ થઈ જાય, સુંદર પ્રભાવ પડે, રાજ્યમાં સન્માન મળે અને બુદ્ધિમાનોના પૂજ્ય બની જાય, એવી બુદ્ધિને ઔત્પાતિકી બુદ્ધિ કહેવાય છે.

**(૨) વૈનયિકી :-** માતાપિતા, ગુરુ, આચાર્ય આદિની વિનય ભક્તિ કરવાથી, ઉત્પન્ન થનાર બુદ્ધિને વૈનયિકી બુદ્ધિ કહેવાય છે.

**(૩) કર્મજા :-** શિલ્પ, હુન્નર, કલા, નિરંતર અભ્યાસ અને વિવિધ પ્રકારનાં કાર્યો કરવાથી જે બુદ્ધિ ઉત્પન્ન થાય તે કર્મજા બુદ્ધિ કહેવાય છે.

**(૪) પારિણામિકી :-** ચિરકાળ સુધી પૂર્વાપર પર્યાલોચનથી પરિપક્વ ઉંમરના અનુભવથી જે બુદ્ધિ ઉત્પન્ન થાય તેને પારિણામિકી બુદ્ધિ કહેવાય છે.

શાસ્ત્રકારોએ અશ્રુનિશ્રિત મતિજ્ઞાનનું ઉક્ત ચાર પ્રકારની બુદ્ધિ દ્વારા વર્ણન કરેલ છે, બુદ્ધિ આ ચાર પ્રકારની જ હોય છે. પાંચમો ભેદ હોતો નથી.

**● સૂત્ર-૯૭ થી ૧૦૦ :-**

***[૯૭] જે બુદ્ધિ વડે પૂર્વે નહિ સાંભળેલ, નહિ દેખેલ અને નહિ જાણેલ પદાર્થના કે તત્ત્વના વિષયમાં તત્કાળ વિશુદ્ધ ભાવને ગ્રહણ કરનારી અને બાધારહિત સુંદર પરિણામવાળી બુદ્ધિ ઔત્પાતિકી બુદ્ધિ કહેવાય છે.***

***[૯૮] (૧) ભરત (૨) શિલા (૩) ઘેટું (૪) કૂકડો (૫) તલ (૬) રેતી (૭) હાથી (૮) કૂવો (૯) વનખંડ (૧૦) ખીર (૧૧) અતિગ (૧૨) પાંદડા (૧૩) ખિસકોલી (૧૪) પાંચ પિતા.***

***[૯૯] (૧) ભરતશિલ (૨) કાકડી (પ્રતિજ્ઞા, શરત) (૩) વૃક્ષ (૪) વીંટી (૫) વસ્ત્ર (૬) કાકીડો (૭) કાગડા (૮) શૌચ (મલપરીક્ષા) (૯) હાથી (૧૦) ભાંડ (૧૧) ગોળી (૧૨) થાંભલો (૧૩) પરિવ્રાજક (૧૪) માર્ગ (૧૫) સ્ત્રી (૧૬) પતિ (૧૭) પુત્ર [૧૦૦] (૧૮) મધુછત્ર (૧૯) મુદ્રાઓ (૨૦) વાંસળી (૨૧) પૈસાની થેલી (૨૨) ભિક્ષુ (૨૩) ચેટકનિધાન (૨૪) શિક્ષા-ધનુર્વેદ (૨૫) અર્થશાસ્ત્ર-નીતિશાસ્ત્ર (૨૬) ઈચ્છામુજબ (૨૭) શતસહસ્ર (લાખ). આ ઔત્પાતિકી બુદ્ધિના દૃષ્ટાંતો છે.***

**● વિવેચન-૯૭ થી ૧૦૦ :-**

અહીં ત્રણ ગાથાનો સંબંધ સાથે છે. પહેલી ગાથામાં ભરતપુત્ર રોહકની બુદ્ધિની ચૌદ કથાઓ છે. પછીની બે ગાથાઓમાં તે ચૌદને એક 'ભરહ-સિલ' શબ્દથી કહીને બીજી છવ્વીસ કથાઓનું સંકેતનામ કહેલ છે. આમ કુલ ૪૦ દૃષ્ટાંતો થાય છે.

જે વ્યક્તિ કોઈ પણ મૂંઝવણનો ઉકેલ અને ગંભીર પ્રશ્નનું સમાધાન તત્કાળ કરી દે છે, તે વ્યક્તિ ઔત્પાતિકી બુદ્ધિવાળો કહેવાય છે. આ બુદ્ધિશાળી વ્યક્તિ ક્યારે ય નહિ જાણેલ, ક્યારે ય નહિ જોયેલ નહિ સાંભળેલ અને ક્યારે ય ન વિચારેલ વિષયમાં પણ તત્કાળ ઉકેલ કાઢી, સમાધાન આપી શકે છે. આ બુદ્ધિથી અશક્ય કે દુઃશક્ય લાગતાં કાર્યો પણ બહુ ઝડપથી સફળ થઈ જાય છે.

એકાર્થક સરીખા લાગતા આ શબ્દોના ભાવમાં કંઈક અંતર હોય છે અને



વ્યવહારમાં આ શબ્દો પર્યાયવાચી શબ્દના રૂપમાં વપરાતા જોવાય છે. વર્તમાનમાં આવા અનેક દૃષ્ટાંતો જોવા મળે છે, જે ઔત્પાતિકી, વૈનયિકી, કર્મજા અને પારિણામિકી બુદ્ધિથી સંબંધિત હોય છે પરંતુ અહીં સૂત્રગત દૃષ્ટાંતોનો જ ઉલ્લેખ કરવામાં આવે છે. ગાથાઓમાં તે દૃષ્ટાંતોના સંકેતરૂપે માત્ર નામ જ કહેલ છે. તેને જ વ્યાખ્યામાં સ્પષ્ટ કરેલ છે. તે આ પ્રમાણે છે –

**(૧) ભરત :-** ઉજ્જયિની નગરીની નિકટ એક નટલોકોનું ગામ હતું. તેમાં ભરત નામનો એક નટ રહેતો હતો. તેની ધર્મપત્નીનું કોઈ અસાધ્ય રોગથી મૃત્યુ થયું. તેને એક રોહક નામનો દીકરો હતો. તે બહુ જ નાનો હતો. તેથી ભરતનટે પોતાની અને રોહકની સંભાળ માટે બીજુ લગ્ન કર્યું. રોહક નાનો હોવા છતાં કુદરતી રીતે બુદ્ધિમાન તથા પુણ્યવાન હતો.

રોહકની વિમાતા દુષ્ટ સ્વભાવની હતી. તે રોહક પર પ્યાર રાખતી ન હતી. વારંવાર ચિડાયા કરતી હતી. એક દિવસ રોહકે તેની વિમાતાને કહ્યું – માતાજી ! આપ મારી સાથે પ્રેમથી વાત કેમ કરતા નથી ? રોહકના એ શબ્દો સાંભળીને વિમાતા સળગી ઉઠી અને ક્રોધાવેશમાં આવીને બોલી – દુષ્ટ ! નાના મોઢે મોટી વાત કરે છે ? જા, તારાથી થાય એ કરી લે, મારે તારી કોઈ જરૂર નથી. એમ કહીને વિમાતા પોતાના કાર્યમાં લાગી ગઈ.

રોહકે વિમાતાના કડવા શબ્દો સાંભલીને તેનો બદલો લેવાનો નિર્ણય કર્યો અને સમયની રાહ જોવા લાગ્યો. થોડા દિવસ બાદ રોહક પોતાના પિતા પાસે રાત્રે સૂતો હતો. અર્ધી રાતના અચાનક તેની નિદ્રા ઊડી ગઈ. જાગીને તે કહેવા લાગ્યો – પિતાજી ! પિતાજી ! અહીંથી કોઈ અન્ય પુરુષ દોડીને જઈ રહ્યો છે. બાળકની આ વાત સાંભળીને ભરતનટે વિચાર્યુ કે મારી આ પત્ની સદાચારિણી લાગતી નથી. પરિણામે એ આવ્યું કે ભરતનટ પોતાની પત્નીથી વિરુદ્ધ થઈ ગયો. તેની સાથે વાર્તાલાપ પણ બંધ કર્યો અને રાત્રે રોહકને લઈને બીજા રૂમમાં સૂવાનું તેણે શરૂ કર્યુ.

પતિની રીતભાત જોઈને રોહકની વિમાતા સમજી ગઈ કે કોઈ પણ કારણે રોહકે પોતાના પિતાને મારી વિરુદ્ધ કાન ભંભેરણી કરી છે. હવે રોહકને અનુકૂળ થયા વગર મારા પતિદેવ સંતુષ્ટ નહીં થાય, પતિ રુષ્ટ રહેવાથી મારું જીવન નિરસ બની જશે. એમ વિચારીને તેણીએ રોહકને પ્રેમથી બોલાવ્યો અને કહ્યું – બેટા ! મારી ભૂલ થઈ ગઈ. હું આજથી ભવિષ્યમાં ક્યારે ય પણ તારી સાથે ખરાબ વ્યવહાર નહીં કરું. હંમેશાં હું તારી સાથે પ્રેમથી વાત કરીશ. એમ વિશ્વાસ પમાડતાં રોહક સંતુષ્ટ થઈ ગયો.

રોહકનો ક્રોધ શાંત થઈ ગયો. તે પોતાના પિતાનો ભ્રમ દૂર કરવા માટે અવસરની રાહ જોવા લાગ્યો. એક વખત ચાંદની રાત હતી. અર્ધી રાતના તે પોતાના પિતાને પોતાની આંગળીનો પડછાયો દેખાડીને કહેવા લાગ્યો, પિતાજી ! જુઓ તે પુરુષ ભાગી રહ્યો છે. ભરતનટે વિચાર્યું જે પુરુષ મારા ઘરમાં આવે છે તે જઈ રહ્યો લાગે છે એમ વિચારીને તેણે મ્યાનમાંથી તલવાર કાઢી અને કહ્યું – રોહક ક્યાં છે

તે લંપટ પુરુષ ! હમણાં જ હું તેની જીવનલીલાને ખતમ કરીશ. રોહકે પોતાની આંગળીનો પડછાયો દેખાડીને કહ્યું – પિતાજી ! આ જ પહેલો પુરુષ છે, તે મારી આંગળીનું હલનચલન થવાથી ભાગી જાય છે.

બાળકની બાલચેષ્ટાથી ભરત નટ લજ્જિત થઈને વિચારવા લાગ્યો કે મેં બાળકની વાત સાંભળીને મારી પત્ની સાથે દુર્વ્યવહાર કર્યો, મેં તેને દુરાચારિણી સમજીને છોડી દીધી, એ મેં ભયંકર ભૂલ કરી છે. પછી તે પોતાની પત્ની સાથે સારો વ્યવહાર કરવા લાગ્યો.

બુદ્ધિમાને રોહકે વિચાર કર્યો કે મારા દ્વારા પિતાએ વિમાતા સાથે દુર્વ્યવહાર કર્યો તેથી તે અપ્રસન્ન રહી, હવે પ્રસન્ન છે છતાં વિમાતા તો વિમાતા જ હોય, ક્યારેક તે મને વિષ ખવડાવીને મારી નાંખશે. માટે આજથી ક્યારે ય એકલા ભોજન કરવું નહીં. દરરોજ તે પિતાની સાથે જ ભોજન કરતો. દરેક કાર્ય તે પિતાની સાથે કરવા લાગ્યો. પિતાથી અલગ તે ક્યારે ય થતો નહીં.

એક દિવસ કોઈ કામ માટે ભરત નટને ઉજ્જયિની જવાનું થયું. રોહક પણ પિતાની સાથે ઉજ્જયિની ગયો. તે નગરી વૈભવથી સમૃદ્ધ અને સૌંદર્યપૂર્ણ હતી. તેને જોઈને રોહક તેમાં મુગ્ધ બની ગયો. નગરીની ચારે તરફ ફરીને પોતાના મનમાં તેણે નગરીના નકશો ઉતારી લીધો. થોડા સમય બાદ પિતાની સાથે તે પોતાના ગામ તરફ રવાના થયો. ઉજ્જયિની નગરીની બહાર નીકળતી વખતે ભરતને એક ભૂલાઈ ગયેલી ચીજ યાદ આવી તેથી રોહકને ક્ષિપ્રા નદીના કિનારે બેસાડીને તે એકલો ફરી ઉજ્જયિની ગયો.

અહીં રોહક નદીના કિનારા પર બેસીને રેતીથી રમતો હતો. એકાએક તેને રેતીમાં ઉજ્જયિની નગરીનો નકશો બનાવવાનું મન થયું. અલ્પ સમયમાં તેણે સફેદ રેતી પર ઉજ્જયિની નગરીનો આબેહૂબ નકશો તૈયાર કર્યો. રાજમહેલ, નગરીની ફરતો કિલ્લો, કોઠા, કાંગરા, રાજધાની વગેરે દરેક દૃશ્ય બહુ સુંદર ચિતર્યુ. સંયોગવશ તે નગરીના રાજા તે સમયે નદી કિનારે આવ્યા. ચાલતાં ચાલતાં તે રોહકે બનાવેલા નગરીના નકશા પાસે આવ્યા અને તેના પર ચાલવા લાગ્યા તે જ ક્ષણે રોહકે તેને રોકી દીધા અને કહ્યું – મહાશય ! આપ આ માર્ગથી ન જાઓ.

આ શબ્દ સાંભળતા જ આશ્ચર્યચકિત થઈને રાજાએ કહ્યું – શું વાત છે બેટા ! રોહકે કહ્યું – આ રાજભવન છે, એમાં કોઈ આજ્ઞા વગર પ્રવેશ કરી ન શકે.

રાજાએ શબ્દ સાંભળતા જ કુતૂહલપૂર્વક રોહકે બનાવેલ પોતાની નગરીનો નકશો નીરખીને જોયો. તેઓ મનોમન વિચારવા લાગ્યા – આ નાનો બાળક કેટલો બુદ્ધિમાન છે. જેણે એક જ વાર નગરીમાં ફરીને કેટલો સુંદર અને આબેહૂબ સાચો નકશો બનાવી લીધો. તે જ ક્ષણે રાજાના મનમાં એક વિચાર આવ્યો કે મારા રાજ્યમાં ચાર સો નવ્વાણુ (૪૯૯) મંત્રી છે એની ઉપર આ બાળક જેવો અતિ કુશાગ્ર બુદ્ધિમાન કોઈ મહામંત્રી હોય તો મારું રાજ્ય કેટલું સુંદર ઢંગથી ચાલે ! અન્ય બળ ન્યૂન હોય તો પણ તેની બુદ્ધિ દ્વારા હું નિષ્કંટક રાજ્ય ચલાવી શકીશ અને શત્રુ



રાજા પર વિજય મેળવી શકીશ. પરંતુ એ પહેલા બાળકની પરીક્ષા કરવી જોઈએ. એમ વિચારીને રાજાએ તે બાળકનું નામ અને ગામ પૂછયું. બાળકે કહ્યું – મારું નામ રોહક છે હું આ નગરીની નજીક નટોના ગામમાં રહું છું. રાજાએ પૂછયું – તારા પિતાનું નામ શું છે ? રોહકે કહ્યું – ભરત નટ. એટલી વાત થઈ ત્યાં રોહકના પિતા આવી ગયા. તેથી રોહક તેની સાથે પોતાના ગામ તરફ રવાના થયો. રાજા પણ પોતાની નગરી તરફ રવાના થયા. રાજા પોતાના રાજ્યમાં ગયા પણ રોહક તેની નજરમાં વસી ગયો. થોડા સમયબાદ રાજાએ રોહકની પરીક્ષા લેવા માટે શરૂઆત કરી.

**(૨) શિલા :-** રાજાએ સર્વ પ્રથમ રોહકના ગ્રામવાસીઓને બોલાવીને કહ્યું – તમે બધા લોકો મળીને એક એવો સુંદર મંડપ બનાવો, જે રાજાને યોગ્ય હોય. તમારા ગામની બહાર જે મહાશિલા છે તેને ત્યાંથી ખસેડ્યા વિના અને આઘીપાછી કર્યા વિના એ જ શિલા મંડપની છત બની જવી જોઈએ.

રાજાની આજ્ઞા સાંભળીને ગ્રામવાસી નટ લોકો બહુ ચિંતામાં પડી ગયા. તેઓ બધા પંચાયત ઘરમા એકત્રિત થયા રોહકના પિતા ભરત પણ તેની સાથે હતા. સર્વે મળીને પરસ્પર વિચારવિમર્શ કરવા લાગ્યા. હવે આપણે શું કરવું ? રાજાની આજ્ઞાનું પાલન પણ કરવું જોઈએ. જો આપણે રાજાના આદેશનું પાલન નહીં કરીએ તો રાજા અવશ્ય દંડ કરશે. આ રીતે વિચારણા કરતાં કરતાં મધ્યાહ્ન સમય થઈ ગયો.

બીજી બાજુ રોહક તેના પિતા વગર ભોજન કરતો ન હતો તેમજ પાણી પણ પીતો ન હતો. મોડું થવાથી તેને બહુ જ ભૂખ લાગી તેથી રોહક ભૂખથી વ્યાકૂળ બનીને પંચાયત સભામાં પિતાની પાસે આવીને બોલ્યો – પિતાજી મને બહુ જ ભૂખ લાગી છે માટે જલ્દી ઘરે ચાલો. પિતાએ કહ્યું – બેટા ! ધીરજ રાખ, ગ્રામવાસીઓ પર બહુ કષ્ટ આવી પડ્યું છે. એ વાત તું જાણતો નથી.

રોહકે કહ્યું – પિતાજી ! ગ્રામવાસીઓ પર શું કષ્ટ આવ્યું છે ? ભરત નટે રાજાની આજ્ઞા વિષેની મુશ્કેલી બતાવી. પિતાની વાત સાંભળીને રોહકે સ્મિત, કરતાં કહ્યું – આ કામમાં શું સંકટ છે ? આ કષ્ટને હું હમણા જ દૂર કરી દઈશ. આમાં ચિંતા કરવા જેવી કોઈ વાત નથી. નાના એવા રોહકની વાત પર લોકોને વિશ્વાસ શી રીતે આવે ?

રોહકે કહ્યું – આપ લોકો મંડપ બનાવવા માટે એ મહાશિલાની ચારે તરફ જમીન ખોદો. પછી તેની ચારે ય બાજુ જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં ત્યાં થાંભલાઓ લગાવી દો. પછી મધ્યભાગની જમીનને ખોદો. ત્યારબાદ ચારે ય બાજુ સુંદર મજાની કોતરણી યુક્ત દિવાલો બનાવી દો. આ રીતે કરવાથી અતિ સુંદર મંડપ બની જશે. આ છે રાજાની આજ્ઞા પાલનનો શ્રેષ્ઠ ઉપાય.

મંડપ બનાવવાનો સહજ ઉપાય રોહકે બતાવ્યો. તે બધા લોકોને ગમી ગયો. ઉપાય મળી ગયા પછી ભરત, રોહક તેમજ ગ્રામવાસીઓ બધા પોતપોતાના ઘરે ગયાં. ભોજન કર્યા બાદ લોકો ગામની બહાર જ્યાં મહાશિલા હતી ત્યાં આવ્યા અને ચારે બાજુ ખોદકામ શરૂ કરીને થાંભલાઓ મૂકી દીધા પછી વચ્ચેની જમીન ખોદીને

સાફ કરી. પછી મહાશિલાની ચારે બાજુ દિવાલો ચણી દીધી. આમ કરવાથી મહાશિલા તે મંડપની છત બની ગઈ.

ત્યારબાદ ગ્રામીણ લોકો રાજાની પાસે ગયા અને નિવેદન કર્યું – મહારાજ ! આપશ્રીએ અમોને આજ્ઞા કરી હતી તે પ્રમાણે અમે મહાશિલાને ત્યાંથી હટાવ્યા વગર જ મંડપ તૈયાર કરેલ છે, તો પછી આપશ્રી કૃપા કરીને તેનું નિરીક્ષણ કરવા માટે પધારો.

રાજાએ સ્વયં આવીને મંડપને જોયો કે તરત જ તેનું મન ખુશ થઈ ગયું. પછી રાજાએ તેઓને પૂછ્યું. આ રીતે મંડપ બનાવવાનો ઉપાય તમને કોણે બતાવ્યો ? ગ્રામીણ લોકોએ એકી અવાજે કહ્યું – મહારાજાધિરાજ ! આ ઉપાય અમને ભરતનટના નાનકડા બાળક રોહકે બતાવ્યો. તેની બુદ્ધિનો આ ચમત્કાર છે. તેની બુદ્ધિથી અમે આપની આજ્ઞાનું પાલન કરી શક્યા છીએ. રોહકની હાજર જવાબી બુદ્ધિ તેમજ તેની સૂઝબૂઝ યુક્ત મતિ જોઈને રાજા અતિ સંતુષ્ટ થયા. રોહક રાજાની એક પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ ગયો. રાજા પ્રસન્ન થતાં થતાં પોતાના ગામ તરફ રવાના થયા.

**(૩) ઘેટું :-** રાજાએ બીજીવાર રોહકની પરીક્ષા કરવા માટે તે ગ્રામીણ લોકોની પાસે એક ઘેટું મોકલ્યું અને સાથે કહેવડાવ્યું કે પંદર દિવસ પછી આ ઘેટાને રાજા પાસે મોકલી દેજો. પણ હા, રાજાની એક શરત છે, આ ઘેટાનું અત્યારે જેટલું વજન છે એટલું જ રહેવું જોઈએ, એક પખવાડીયામાં વધવું પણ ન જોઈએ અને ઘટવું પણ ન જોઈએ. જેમ છે એમ જ પાછું સોંપી દેજો.

રાજાની ઉપર્યુક્ત આજ્ઞા મળતા ગ્રામીણ લોકો ચિંતાતુર બની ગયા. લોકોએ વિચાર્યું કે જો એને સારું ખવડાવશું તો પંદર દિવસમાં આ ઘેટાનું વજન વધી જશે અને જો એને ભૂખ્યું રાખશું તો એક પક્ષમાં તેનું વજન ઘટી જશે. આ વિકટ સમસ્યાને ઉકેલવા માટે તેઓએ ભરતના પુત્ર રોહકને બોલાવ્યો અને રાજાની ઘેટા વિષેની જે આજ્ઞા હતી તે રોહકને તેઓએ અથ થી ઈતિ સુધી કહી સંભળાવી.

રોહકે પોતાની તીક્ષ્ણ બુદ્ધિથી એવો માર્ગ કાઢ્યો કે એક પક્ષમાં તો શું ? અનેક પક્ષ સુધી રાજા આ ઘેટાને અહીં રાખે તો પણ વજન વધે પણ નહીં અને ઘટે પણ નહીં. અત્યારે તેનું વજન જેટલું છે એટલું જ રહેશે. રોહકે ગ્રામીણ લોકોને કહ્યું – આ રાજાનું ઘેટું છે માટે પ્રતિદિન તેને સારું સારું ખવડાવો અને તેની સામે જ બંધ પાંજરામાં એક વાઘને રાખો. સારું સારું ખાવાથી ઘેટાનું વજન વધી જશે પણ વાઘના ભયથી ફરી તેનું વજન ઘટી જશે અને જેમ છે તેમ જ રહેશે.

ગ્રામીણ લોકો રોહકના કહેવા મુજબ ઘેટાને સારું સારું ખવડાવવા લાગ્યા અને તેઓએ તેની સામે એક વાઘ પૂરેલ બંધ પાંજરુ રાખી દીધું. ભોજનની પર્યાપ્ત માત્રાથી તથા વાઘના ભયથી ઘેટાનું વજન વધ્યું પણ નહીં અને ઘટ્યું પણ નહીં. એક પક્ષ વ્યતીત થયા બાદ ગ્રામીણ લોકોએ પેલા ઘેટાને રાજાને સોંપી દીધો. રાજાએ એ ઘેટાનું વજન કરાવ્યું તો જેટલું હતું એટલું જ થયું. રાજા આ વખતે પણ રોહકની ચતુરાઈ જોઈને બહુ ખુશ થયા.



**(૪) કૂકડો :-** થોડા દિવસ પછી રાજાએ રોહકની ઔત્પાતિક બુદ્ધિની પરીક્ષા કરવા માટે તે ગ્રામીણ લોકોની પાસે એક નાનાકડા કૂકડાને મોકલ્યો અને સાથે કહેવડાવ્યું કે આ કૂકડાને બીજા કૂકડાની સાથે નહીં પણ એકલો જ રાખીને લડી સકે એવો લડાયક બનાવીને પછી અહીં મોકલી દેજો.

રાજાની આ આજ્ઞા સાંભળીને ગ્રામીણ લોકો મૂંઝાયા અને તેઓ રોહકની પાસે ગયા અને રાજાની આજ્ઞા વિષેની વાત કહી સંભળાવી. ગ્રામીણ લોકોએ કહ્યું – રોહક, એકલો કૂકડો કોઈ દિવસ લડતા શીખે નહીં. હવે કરવું શું ? રોહકે કહ્યું તમે કોઈ મૂંઝાશો નહીં, એનો ઉપાય હું હમણાં જ બતાવું છું. એમ કહીને તેણે ગ્રામીણજનોને કહ્યું કે તમે એક મોટો અને મજબૂત અરીસો મંગાવીને, આ કૂકડાને તે અરીસાની સામે રાખો એટલે તે ધીરે ધીરે લડતા શીખી જશે.

ગ્રામીણવાસીઓએ રોહકના કહેવા મુજબ દિવસમાં ચાર પાંચ વાર કૂકડાને પ્રતિદિન અરીસાની સામે રાખતા. કૂકડો પોતાનું પ્રતિબિંબ જોઈને તેને પોતાનો પ્રતિદ્વંદ્વી સમજીને ધીરે ધીરે તેની સાથે લડવા માટે પ્રયત્ન કરવા લાગ્યો. થોડા દિવસોમાં કૂકડો પોતાના પ્રતિબિંબની સાથે લડાઈ કરતા શીખી ગયો.

થોડા દિવસો બાદ ગ્રામીણ લોકોએ તે કૂકડાને રાજાને સોંપી દીધો અને આ કૂકડો એકલો લડી શકે છે તેની વિગત બતાવી. રાજા એકલા કૂકડાને અરીસા સાથે લડતો જોઈ ખૂબ જ ખુશ થયા અને રોહકની બુદ્ધિ પર અતિ પ્રસન્ન થયા.

**(૫) તલ :-** અન્ય કેટલાક દિવસો પછી ફરી રાજાને રોહકની બુદ્ધિની પરીક્ષા કરવાનું મન થયું. રોહકના ગામના લોકોને રાજાએ પોતાના દરબારમાં બોલાવ્યા અને કહ્યું – તમારી સામે જ તલનો ઢગલો છે તેને ગણ્યા વગર બતાવો કે આ ઢગલામાં કેટલા તલ છે ? અને સંખ્યા બતાવવામાં બહુ વિલંબ નહીં કરવાનો.

રાજાની વાત સાંભળીને ગ્રામીણ લોકો કિંકર્તવ્યમૂઢ બનીને રોહકની પાસે આવ્યા અને રાજાની આજ્ઞા વિષેનો સર્વ વૃતાંત કહી સંભળાવ્યો. રોહકે કહ્યું – તમે રાજાની પાસે જઈને કહો – રાજન્ ! અમે ગણિત શાસ્ત્રી તો નથી છતાં આપની આજ્ઞા શિરોમાન્ય કરીને આ મહારાશિમાં તલની સંખ્યા કેટલી છે તે અમે આપને ઉપમા દ્વારા બતાવીશું. આ ઉજ્જયિની નગરીની ઉપર આકાશમાં જેટલા તારા છે એટલી જ સંખ્યા આ ઢગલામાં તલોની છે.

ગ્રામીણજનો હર્ષાન્વિત થઈને રાજાની પાસે ગયા અને ત્યાં જઈને રોહકના કહેવા મુજબ તલ વિષે બધી વાત કહી સંભળાવી. રાજાજી રોહકની બુદ્ધિ જોઈને મનમાં અતિ ખુશ થયા.

**(૬) વાલુકા :-** કોઈ એક દિવસ રાજાએ ફરી રોહકની પરીક્ષા કરવા માટે ગ્રામીણ લોકોને આદેશ આપ્યો કે તમારા ગામની આસપાસ બહુ કિંમતી રેતી છે તેનું એક દોરડું બનાવીને મોકલો.

બિચારા નટ લોકો ગભરાયા કે રેતીનું દોરડું વણી કેમ શકાય ? તેઓ રોહકની પાસે ગયા અને રાજાનો આદેશ કહી સંભળાવ્યો. રોહકે ગ્રામીણવાસીઓને

કહ્યું – તમે રાજાની પાસે જઈને કહો અમે સર્વ નટ છીએ તેથી નૃત્ય કળા તથા વાંસ પર નાચવાનું જાણીએ છીએ. દોરડું બનાવવાનો ધંધો અમારો નથી તો પણ આપશ્રીનો આદેશ છે, તેનું પાલન કરવું એ અમારું કર્તવ્ય છે.

અમારી આપને એક નમ્ર પ્રાર્થના છે. જો આપના ભંડારમાંથી અથવા અજાયબ ઘરમાંથી નમૂનારૂપે જૂનું રેતીનું દોરડું હોય તો તે આપો. અમે એ નમૂનો જોઈને રેતીનું દોરડું બનાવીશું અને આપની સેવામાં મોકલી આપીશું.

ગ્રામીણ લોકો રાજાની પાસે ગયા. ત્યાં જઈને નમ્રતાપૂર્વક રોહક જેમ કહ્યું હતું એમ જ કહ્યું અર્થાત્ રેતીના દોરડાનો કોઈ નમૂનો હોય તો આપવાની માગણી કરી. રોહકની ચમત્કારયુક્ત બુદ્ધિ જોઈને રાજા નિરુત્તર બની ગયા.

**(૭) હસ્તી :-** કોઈ એક દિવસે રાજાએ ફરી રોહકની પરીક્ષા માટે ગ્રામીણ લોકો પાસે એક વૃદ્ધ મરણાસન્ન હાથી મોકલ્યો અને કહેવડાવ્યું કે આ હાથીની બરાબર સેવા કરો અને પ્રતિદિન તેના સમાચાર મને મોકલતા રહો પણ ક્યારે ય એવું કહેવડાવશો નહીં કે હાથી મરી ગયો. જો એવો સંદેશો તમે કહેવડાવશો તો તમને દંડ દેવામાં આવશે.

આ પ્રમાણે સમાચાર આવવાથી ગ્રામીણલોકો મૂંઝાયા, તેઓ તરત જ રોહકની પાસે ગયા અને રાજાની આજ્ઞા કહી સંભળાવી, રોહકે શીઘ્ર તેનો ઉપાય બતાવ્યો – આ હાથીને સારો સારો ખોરાક ખવડાવો પછી જે કાંઈ થશે તે હું સંભાળી લઈશ.

ગ્રામીણ લોકોએ રોહકના કહેવા મુજબ હાથીને અનુકૂળ આવે એવો સારો ખોરાક આપ્યો પરંતુ હાથી તે જ રાત્રિના મરી ગયો. ગ્રામીણલોકો ગભરાયા કે રાજાને હવે શું જવાબ આપીશું ? પરંતુ રોહકે તેમને શીખડાવ્યું એ જ રીતે ગ્રામીણવાસીઓએ રાજાને કહ્યું –

હે નરદેવ ! આજ હાથી ઊઠતો નથી, બેસતો નથી, ખાતો નથી, પીતો નથી, શ્વાસ લેતો નથી. કોઈપણ પ્રકારની ચેષ્ટા પણ કરતો નથી. અર્ધી રાતથી એકદમ નિષ્ક્રિય પડ્યો છે.

રાજાએ કુપિત થઈને કહ્યું – તો શું હાથી મરી ગયો ? ગ્રામીણ લોકોએ કહ્યું – પ્રભુ એમ અમે શી રીતે કહી શકીએ ? એવું તો આપ જ કહી શકો છો.

રાજા રોહકની ચતુરાઈ પર બહુ જ ખુશ થયા. ગ્રામવાસીઓ પોતાના જાન બચાવીને સહર્ષ પોત પોતાના ઘરે ગયા. ધન્ય છે રોહકની ઔત્પાત્તિક બુદ્ધિને !

**(૮) અગડકૂપ :-** એકવાર રાજાએ રોહકની પરીક્ષા કરવા માટે ગ્રામીણ લોકોને એક સંદેશો મોકલ્યો કે તમારા ગામમાં સુસ્વાદુ-શીતલ, પથ્ય જળથી પૂર્ણ ભરેલ કૂવો છે તેને જેમ બને તેમ જલ્દીથી જલ્દી અમારે ત્યાં મોકલી દો, નહી મોકલો તો તેમને દંડ દેવામાં આવશે.

રાજાનો આ આદેશ સાંભળીને લોકો ચિંતાગ્રસ્ત બનીને રોહકની પાસે ગયા અને તેનો ઉપાય પૂછ્યો. બીજું તો ઠીક કૂવો કોઈ દિવસ ચાલીને બીજે ગામ જતો હશે ? હે બુદ્ધિમાન ! આનો ઉપાય આપ જ બતાવી શકશો.



રોહકે કહ્યું – રાજાની પાસે જઈને એમ કહો કે અમારો ગામડાનો કૂવો સ્વભાવથી જ ડરપોક છે. એ એકલો ક્યાં ય જતો નથી. કોઈના પર તેને વિશ્વાસ આવતો નથી. માટે આપ ત્યાંના એક કૂવાને મોકલો, જેથી તેની સાથે અમારો કૂવો ત્યાં આવી જશે.

રોહકના કહેવા મુજબ ગ્રામીણ લોકોએ રાજાને જઈને વાત કરી કે અમારો કૂવો એકલો નહીં આવે, ત્યાંથી તમારા એક કૂવાને મોકલો તો તેની સાથે અમારો કૂવો આવી જશે. રોહકની બુદ્ધિ પર રાજા પ્રસન્ન થઈ ગયા.

**(૯) વન-ખંડ :-** થોડા દિવસો વ્યતીત થયા પછી રાજાએ ગ્રામીણ લોકોને સંદેશો કહેવડાવ્યો કે તમારા ગામમાં પૂર્વદિશામાં જે વનખંડ છે તેને પશ્ચિમ દિશામાં કરી દો.

ગ્રામીણ લોકો ચિંતામગ્ન બનીને રોહકની પાસે ગયા અને રાજાના આદેશની વાત કરી. રોહકે ઔત્પાતિક બુદ્ધિ વડે કહ્યું – મહારાજને જઈને કહો કે આપ આ ગામને જ પૂર્વ દિશામાં વસાવી દો એટલે અમારું વનખંડ આપોઆપ પશ્ચિમ દિશામાં આવી જશે.

ગ્રામીણ લોકોએ રોહકના કહેવા મુજબ મહારાજાને કહ્યું – આપ આ નગરને પૂર્વ દિશામાં વસાવી દો એટલે અમારું વનખંડ સ્વયં પશ્ચિમ દિશામાં આવી જશે.

રાજાએ કહ્યું – આ કોની બુદ્ધિનો ચમત્કાર છે ? ગ્રામવાસીઓએ કહ્યું – રોહકની બુદ્ધિનો ચમત્કાર છે. રાજન્ રોહકની બુદ્ધિ પર અત્યંત ખુશ થયા.

**(૧૦) પાયસ :-** એક દિવસ રાજાએ અચાનક નટ લોકોને આજ્ઞા કરી કે તમે લોકો અગ્નિ વિના ખીર પકાવીને અહીં મોકલી દો. નટ લોકો ફરી હેરાન થઈ ગયા. રાજા જે જે આજ્ઞા કરે છે તે વાત આપણી બુદ્ધિમાં આવતી નથી. તેઓ તરત જ રોહક પાસે ગયા.

રોહકે પોતાની ઔત્પાત્તિક બુદ્ધિ દ્વારા તરત જ ઉપાય બતાવ્યો કે તમે પહેલા ચોખાને પાણીમાં પલાળી દો. એકદમ નરમ થઈ જાય પછી એ ચોખાને દૂધથી ભરેલી દેગડીમાં નાખી દો. એમાં થોડીક સાકર નાંખી દો, પછી એ દેગડીને ચૂનાના ઢગલા પર રાખી દો. ચૂનાના ઢગલામાં થોડુંક પાણી નાંખી દો જેથી ચૂનો ગરમ થઈ જશે. ચૂનાની તીવ્ર ગરમીથી ખીર પાકી જશે, પછી રાજાને જઈને દઈ આવજો.

ગ્રામીણ લોકોએ રોહકના કહેવા મુજબ ખીર પકાવીને તે દેગડી રાજાને પહોંચાડી દીધી અને અગ્નિ વગર ખીર કેવી રીતે તૈયાર કરી તે વાત રાજાને કહી સંભળાવી. રાજા રોહકની અલૌકિક બુદ્ધિનો ચમત્કાર સાંભળીને આનંદ વિભોર બની ગયા.

**(૧૧) અતિગ :-** થોડા દિવસ પછી રાજાએ રોહકને પોતાની પાસે બોલાવવા માટે માણસોને મોકલ્યા અને તેની શર્તો કહેવડાવી. રોહક જ્યારે મારી પાસે આવે ત્યારે શુક્લ પક્ષમાં ન આવે, કૃષ્ણપક્ષમાં ન આવે, દિવસના ના આવે, રાત્રિના ન આવે, છાયામાં ન આવે, તડકામાં ન આવે, આકાશમાર્ગથી ન આવે, ભૂમિ પર

ચાલીને પણ ન આવે, માર્ગથી ન આવે, ઉન્માર્ગથી ન આવે, સ્નાન કરીને ન આવે, સ્નાન કર્યા વગર પણ ન આવે પરંતુ રોહકને રાજા પાસે અવશ્ય આવવાનું છે.

રાજાની એવી નિરાલી આજ્ઞા સાંભળીને રોહકની પાસે ઊભેલા માણસોના શ્વાસ અદ્ધર ચડી ગયા. સૌ વિચારમાં પડી ગયા કે આવી કઠિન શર્તો શી રીતે પૂરી થશે ? પરંતુ રોહક કાંઈ હારે એમ ન હતો. રોહકે રાજદરબારમાં જવાની તૈયારી કરી.

સુઅવસર જોઈને રોહકે ગળા સુધી સ્નાન કર્યું, અમાવસ્યા અને એકમની સંધિમાં સંધ્યા સમયે, શિર પર ચારણીનું છત્ર ધારણ કરીને, બકરી પર બેસીને ગાડીના પૈડાના ચિલાનો રસ્તો છોડીને વચલા રસ્તેથી રાજાની પાસે ગયો. રાજદર્શન, દેવદર્શન અને ગુરુદર્શને ખાલી હાથે ન જવાય એ નીતિ વચનને ધ્યાનમાં રાખીને રોહકે હાથમાં એક માટીનું ઢેફુ સાથે લીધું હતું.

રાજાની સેવામાં પહોંચીને રોહકે યોગ્ય રીતે વિનયપૂર્વક નમસ્કાર કર્યા. પછી માટીનું ઢેફુ રાજાની સમક્ષ રાખી દીધું. રાજાએ આશ્ચર્યચકિત થઈને પૂછયું – આ શું છે ? રોહકે નમ્રભાવે ઉત્તર આપ્યો, દેવ ! આપ પૃથ્વીપતિ છો એટલે હું આપના ચરણે ધરવા માટે પૃથ્વી લાવ્યો છું. પ્રથમ દર્શને જ એવા પ્રકારનું માંગલિક વચન સાંભળીને રાજા અતિ પ્રમુદિત થયા. રોહકની સાથે આવનાર ગ્રામીણ લોકોની રોમરાય હર્ષથી ઊભી થઈ ગઈ. રોહકે આજ્ઞાનું પાલન કર્યું તેથી રાજાએ ગ્રામીણ લોકોને મોકલી દીધા પણ રોહકને પોતાની પાસે રાખી લીધો. રાત્રે રાજાએ રોહકને પોતાની પાસે સૂવડાવ્યો.

રાત્રિના બીજા પહોરે રાજાએ રોહકને સંબોધન કરીને કહ્યું – રોહક ! તું જાગે છે કે ઊંઘે છે ? રોહકે જવાબ આપ્યો – જાગું છું મહારાજ. રાજાએ પૂછયું – જાગીને તું શું વિચારે છે ? રોહકે કહ્યું – હું વિચારું છું કે બકરીના પેટમાં ગોળ ગોળ લીંડીઓ કેમ બનતી હશે ? રોહકની આશ્ચર્યચકિત વાત સાંભળીને રાજા પણ વિચારમાં પડી ગયા પણ રાજાને ઉત્તર સૂઝ્યો નહીં. તેણે ફરી રોહકને પૂછયું – જો તું એ જવાબ જાણતો હો તો મને બતાવ.

રોહકે કહ્યું – દેવ ! બકરીના પેટમાં સંવર્તક નામનો વાયુ વિશેષ હોય છે, તેથી તેની લીંડીઓ ગોળ ગોળ બનીને બહાર આવે છે. એમ કહીને થોડી વારમાં જ રોહક ઊંઘી ગયો.

**(૧૨) પત્ર :-** રાત્રિના ત્રીજા પહોરે રાજાએ કહ્યું – રોહક ! જાગે છે કે ઊંઘે છે ? રોહકે શીઘ્ર જવાબ આપ્યો - જાગું છું સ્વામી ! રાજાએ ફરી કહ્યું – રોહક ! તું શું વિચારે છે ? રોહકે કહ્યું – હું એમ વિચારું છું કે પિપળાના પાંદડાની ડાંડલી મોટી હોય કે તેની શિખા ?

આ વાત સાંભળીને રાજા સંશયમાં પડી ગયા. પછી તેણે રોહકને પૂછયું – બેટા તું આ વિષે શું જાણે છે ? રોહકે કહ્યું – દેવ ! જ્યાં લગી શિખાનો અગ્રભાગ સૂકાય ન જાય ત્યાં સુધી બન્ને તુલ્ય હોય છે. પછી રાજા ઊંઘી ગયા અને રોહક પણ ઊંઘી ગયો. રાજાએ કોઈ અનુભવીને પૂછયું – ત્યારે તેણે કહ્યું કે રોહકની વાત





સાચી છે.

**(૧૩) ખિસકોલી :-** રાત્રિનો ચોથો પ્રહર ચાલતો હતો. તે સમયે અચાનક રાજાએ રોહકને પૂછયું – તું જાગે છે કે ઊંઘે છે ? રોહકે કહ્યું – જાગું છું સ્વામી ! રાજાએ કહ્યું – તું શું વિચારે છે ! રોહકે કહ્યું – હું વિચારું છું કે ખિસકોલીની પૂંછડી એના શરીરથી મોટી હશે કે નાની ?

રોહકની વાત સાંભલીને રાજા ખુદ વિચારમગ્ન બની ગયા. જ્યારે તે કોઈ નિર્ણય ન કરી શક્યા ત્યારે તેણે રોહકને પૂછયું – બેટા ! તું આ વિષે શું જાણે છે ? રોહકે કહ્યું – દેવ ખિસકોલીનું શરીર અને પૂંછ બન્ને બરાબર હોય છે. એમ કહીને રોહક ફરી ઊંઘી ગયો.

**(૧૪) પંચપિયરો (પાંચ પિતા) :-** રાત્રિ વ્યતીત થઈ ગઈ. સૂર્યોદયથી પહેલા જ્યારે મંગલ વાજિંત્રો વગાડવામાં આવ્યા ત્યારે રાજા જાગ્યા પરંતુ રોહક ગાઢ નિદ્રામાં સૂતો હતો. રાજાએ રોહકને અવાજ દીધો પરંતુ રોહક જાગ્યો નહીં. તેથી રાજાએ પોતાની છડી જરાક રોહકના શરીરને અડાડી, તેથી રોહક તરત જ જાગી ગયો. રાજાએ કુતૂહલપૂર્વક પૂછયું – રોહક તું શું વિચાર કરતો હતો ? રોહકે કહ્યું – હું વિચારતો હતો કે આપને પિતા કેટલા છે ?

રોહકની વાત સાંભળીને રાજા ચક્કરમાં પડી ગયા પરંતુ તેની બુદ્ધિ પ્રબળ હોવાના કારણે ક્રોધને શાંત કરીને કહ્યું – બેટા ! તું જ બતાવ કે હું કેટલા પિતાનો પુત્ર છું ?

રોહકે કહ્યું – મહારાજ ! આપ પાંચ પિતાથી ઉત્પન્ન થયા છો. એક તો વૈશ્રમણથી કેમ કે આપ કુબેર સમાન ઉદાર છો. બીજા ચાંડાલથી કેમ કે દુશ્મનો માટે આપ ચાંડાલ સમાન ક્રૂર છો. ત્રીજા ધોબીથી, ધોબી જેમ ભીના કપડાને ખૂબ નીચોવીને બધું પાણી તેમાંથી કાઢી નાંખે છે એ જ રીતે આપ પણ દેશદ્રોહી અને રાજદ્રોહીનું સર્વસ્વ લૂંટી લો છો. ચોથા વિંછીથી, જેમ વિંછી ડંખ મારીને બીજાને પીડા પહોંચાડે છે એ જ રીતે મારા જેવા નિદ્રાધીન બાળકને છડીના અગ્રભાગથી જગાડીને વિંછીની જેમ કષ્ટ પહોંચાડ્યું છે. પાંચમા આપના પિતાશ્રી કેમ કે આપ આપના પિતા સમાન ન્યાયપૂર્વક પ્રજાનું પાલન કરો છો.

રોહકની ઉપર્યુક્ત વાત સાંભળીને રાજા અવાક્ બની ગયા. પ્રાતઃકાળે શૌચ-સ્નાનાદિથી નિવૃત્ત થઈને રાજા પોતાની માતાને પ્રણામ કરવા માટે ગયા. પ્રણામ કરીને રોહકે બતાવેલી પાંચ પિતાની વાત તેણે માતાને કહી સંભળાવી અને પછી કહ્યું – માતાજી ! આ વાત કેટલી સત્ય છે ?

રાજમાતાએ કહ્યું – પુત્ર ! વિકારી ઈચ્છાથી જોવું એ જ જો તારા સંસ્કારનું કારણ હોય તો એવું અવશ્ય બન્યું છે. જ્યારે તું ગર્ભમાં હતો ત્યારે હું એક દિવસ કુબેરની પૂજા કરવા માટે ગઈ હતી. કુબેરની સુંદર મૂર્તિને જોઈને મારી ભાવના વિકૃત થઈ હતી, પાછા ફરતી વખતે એક ધોબી અને એક ચાંડાલ યુવકને જોઈને મારી ભાવના વિકૃત થઈ હતી. ત્યાર બાદ ઘર તરફ આવતી વખતે એક વિંછી યુગલને

રતિ-ક્રીડા કરતાં જોઈને મારા મનમાં પણ કંઈક વિકારી ભાવના ઉત્પન્ન થઈ હતી. વસ્તુતઃ તો તારા જનક જગત્ પ્રસિદ્ધ એક જ પિતા છે.

માતા પાસેથી સર્વ વાત જાણીને, રોહકની ઔત્પાતિક અલૌકિક બુદ્ધિનો ચમત્કાર જોઈને, રાજા આશ્ચર્યચકિત બની ગયા. માતાને પ્રણામ કરીને રાજા પોતાના મહેલમાં ગયા અને રાજદરબારનો સમય થવા પર રાજા રાજ સિંહાસન પર વિરાજિત થયા. પછી પ્રજાજનોની સમક્ષ રોહકને મુખ્યમંત્રીના પદ પર નિયુક્ત કરી દીધો. આ ચૌદ ઉદાહરણ રોહકની ઔત્પાતિક બુદ્ધિના છે.

૦ હવે પછી શાસ્ત્રકાર જુદી જુદી વ્યક્તિના ૨૭ ઉદાહરણ ઔત્પાતિક બુદ્ધિના આપે છે.

**(૧) ભરતશિલા :-** પહેલી ગાથાથી કહેલ ભરત નટપુત્ર રોહકની બુદ્ધિની પરીક્ષાના ચૌદ દૃષ્ટાંતો આ 'भरहसिल' શબ્દમાં પુનઃ સંકલન કરી તેને એક જ ગણેલ છે. પછી બીજા છવ્વીસ દૃષ્ટાંત નવા કહ્યા છે.

**(૨) પ્રતિજ્ઞા/શર્ત :-** કોઈ એક ભોળો ગામડાનો ખેડૂત પોતાના ગામથી કાકડીની ગાડી ભરીને શહેરમાં વેચવા માટે ગયો. નગરના દરવાજા પાસે પહોંચતાં જ તેને એક ધૂર્ત મળી ગયો. તેણે ખેડૂતને કહ્યું – હું તમારી આ બધી કાકડી ખાઈ જાઉં તો તું મને શું આપે ? ખેડૂતે કહ્યું – તો હું તેને એક એવો મોટો લાડવો આપું કે જે દરવાજાની બહાર ન જઈ શકે. બન્નેની શર્ત નક્કી થઈ ગઈ. પાસે ઊભેલા લોકોને તેણે સાક્ષીમાં રાખી લીધા.

ધૂર્ત નાગરિકે પહેલાં ખેડૂતની દરેક કાકડી થોડી થોડી ખાઈ લીધી, કાકડીને એઠી કરી નાંખી પછી કહે, ''લો ભાઈ મેં તમારી બધી કાકડી ખાઈ લીધી છે.'' ખેડૂતે કહ્યું એમ ન ચાલે. ત્યારે નાગરિક ગ્રાહકોને બોલાવી લાવ્યો. ગ્રાહકોએ કહ્યું બધી કાકડી ખાધેલી છે માટે અમે નહીં લઈએ.

નાગરિકે ખેડૂતને કહ્યું – મારી શર્ત પ્રમાણે તમે મને લાડુ આપી દો. પહેલાએ કહ્યું – તને હું એક બે, ત્રણ, ચાર, પાંચ રૂપિયા આપું છેવટે વધતાં વધતાં સો રૂપિયા આપું એમ કહ્યું પણ ધૂર્ત નાગરિક માન્યો નહીં, તેણે કહ્યું મને શર્ત પ્રમાણે લાડુ જ જોઈએ. ખેડૂતે કહ્યું – ત્રણ દિવસમાં હું તમારી શર્ત પૂર્ણ કરીશ.

ત્રણ દિવસમાં ખેડૂતે એક બીજા ધૂર્તને શોધી લીધો. તેના કહેવા મુજબ ખેડૂતે ગામમાંથી એક નાનકડા લાડવાની ખરીદી કરી, પછી એ લાડવાને તેણે નગરના દરવાજા પાસે રાખીને કહ્યું – લાડુ ! તું દરવાજાની બહાર ચાલ્યો જા. પણ લાડવો ત્યાંથી ખસ્યો નહીં.

ખેડૂતે ધૂર્ત નાગરિકને કહ્યું – મેં તમને દરવાજાની બહાર ન જઈ શકે એવો લાડવો આપી દીધો છે. સાક્ષીમાં રહેલા લોકોએ કહ્યું – બરાબર છે. બન્નેની શર્ત પૂર્ણ થઈ ગઈ. અહીં ધૂર્તની ઔત્પાતિક બુદ્ધિથી કાર્ય પૂર્ણ થયું.

**(૩) વૃક્ષ :-** કોઈ એક સમયે થોડાક યાત્રિકો એક સ્થાનથી બીજા સ્થાને જતાં રસ્તામાં એક સઘન આંબાના વૃક્ષ નીચે વિસામો લેવા બેઠા. આંબામાં પાકેલી



કેરીઓ જોઈને તેઓના મોઢામાં પાણી આવી ગયું. તેઓ કેવી લેવાનો ઉપાય શોધવા લાગ્યા.

આંબાના વૃક્ષ પર વાંદરાઓ બેઠા હતા. તેથી વૃક્ષ પર ચડીને કેરી લેવી મુશ્કેલ હતી. આખરમાં એક ઔત્પાતિક બુદ્ધિમાને કહ્યું – પથ્થર લઈને વાંદરાઓ તરફ ફેંકો. વાંદરાઓ ચંચળ અને નકલ કરનારા હોય છે. તેથી તે પથ્થરના બદલે કેરીઓ ફેંકશે. તેની સલાહ પ્રમાણે કરતાં વાંદરાઓ પથ્થરોને બદલે પાકી કેરીઓ તોડી તોડીને તેઓની તરફ ફેંકવા લાગ્યા. પથિકોને તો કેરી જ જોઈતી હતી. તેઓએ પેટ ભરીને કેરી ખાધી. પછી ત્યાંથી રવાના થઈ ગયા.

**(૪) ખુડ્ડગ (વીંટી) :-** રાજગૃહનગરમાં પ્રસેનજિત રાજાએ પોતાની ન્યાયપ્રિયતા અને બુદ્ધિબળથી સમસ્ત શત્રુઓ પર વિજય પ્રાપ્ત કર્યો હતો. તે નિષ્કંટક રાજ્ય કરી રહ્યા હતા. તે પ્રતાપી રાજાને ઘણા પુત્રો હતા. તેમાં એક શ્રેણિક નામનો રાજકુમાર સમસ્ત રાજ્ય ગુણોથી યુક્ત હતો અને તે રાજાનો પ્રેમ પાત્ર હતો.

રાજા પ્રગટ રૂપે તેના પર પોતાનો પ્રેમ પ્રદર્શિત કરતા ન હતા. રાજાને ડર હતો કે પિતાનો પ્રેમ પાત્ર જાણીને તેના બીજા ભાઈઓ ઈર્ષ્યાવશ શ્રેણિકને મારી ન નાંખે તેની ખાત્રી શું ? પરંતુ શ્રેણિક બુદ્ધિમાન હોવા છતાં પિતાનો પ્રેમ નહિ મળવાથી મનોમન દુઃખી અને ક્રોધિત થઈને તેણે ઘર છોડવાનો નિશ્ચય કર્યો. એક દિવસ તે પોતાની યોજના પ્રમાણે ચુપચાપ મહેલથી નીકળીને અન્ય દેશમાં જવા માટે રવાના થયો.

ચાલતાં ચાલતાં તે બેનાતટ નામના નગરમાં પહોંચ્યો અને કોઈ વ્યાપારીની દુકાને વિસામો લેવા બેઠો. તે વ્યાપારીને પોતાના દુર્ભાગ્યથી ધંધો દરેક પ્રકારે બંધ થઈ ગયો હતો પરંતુ શ્રેણિક એની દુકાને બેઠો કે તરત જ તેનો સંચિત કરેલો માલ બહુ ઊંચા ભાવથી વેચાઈ ગયો. વિદેશથી વ્યાપારીઓ રત્નો લાવ્યા હતા, તે તેને અલ્પ મૂલ્યમાં મળી ગયા. એવો અચિંત્ય લાભ મળવાથી વ્યાપારીએ વિચાર્યું – આજે મને જે લાભ મળ્યો છે તે આ પુણ્યવાન વ્યક્તિના ભાગ્યથી મળ્યો છે. એ મારી દુકાને આવીને બેઠો કે તરત જ મને લાભ મળી ગયો. કોઈ મહાન આત્મા લાગે છે. વળી તે કેટલો સુંદર અને તેજસ્વી દેખાય છે ?

આગલી રાત્રિના શેઠને સ્વપ્ન આવ્યું હતું કે પોતાની પુત્રીના લગ્ન એક ''રત્નાકર''ની સાથે થઈ રહ્યા છે. તે જ દિવસે શ્રેણિક તેની દુકાન પર જઈને બેઠો અને દિવસભર શેઠને પુષ્કળ લાભ થયો તેથી શેઠને લાગ્યું કે આ જ 'રત્નાકર' હશે. મનોમન પ્રમુદિત થઈને વ્યાપારીએ શ્રેણિકને પૂછ્યું – આપ અહીં કોના ઘરમાં અતિથિ બનીને આવ્યા છો ?

શ્રેણિકે વિનમ્રભાવે મીઠી ભાષામાં કહ્યું – શ્રીમાન્ ! હું આપનો જ અતિથિ છું. એવો મીઠો અને આત્મીયતાપૂર્ણ ઉત્તર સાંભળીને શેઠનું હૃદય પ્રફુલ્લિત થઈ ગયું. તે બહુ જ પ્રેમથી શ્રેણિકને પોતાના ઘરે લઈ ગયો અને ઉત્તમોત્તમ વસ્ત્ર તેમજ ભોજન આદિથી તેનો સત્કાર કર્યો. તેણે પોતાના ઘરે જ રહેવાનું શ્રેણિકને કહ્યું. શ્રેણિકને તો ત્યાં જ રહેવાનું હતું એટલે તે આનંદપૂર્વક રહેવા લાગ્યો. શ્રેણિકના

પુણ્યથી શેઠની સંપત્તિમાં દિન પ્રતિદિન વૃદ્ધિ થવા લાગી તેથી શેઠની પ્રતિષ્ઠા વધી ગઈ. આ રીતે કેટલાક દિવસો વ્યતીત થઈ ગયા.

શેઠે ધીરે ધીરે વાતચીત કરીને પોતાની પુત્રી નંદાના લગ્ન શુભદિવસે અને શુભદિવસે અને શુભ મુહૂર્તે શ્રેણિકની સાથે કરી આપ્યા. શ્રેણિક સ્વસુરગૃહે પોતાની પત્નીની સાથે રહેવા લાગ્યા. થોડા સમય બાદ નંદાદેવી ગર્ભવતી બની અને યથાવિધિ ગર્ભનું પાલન કરવા લાગી.

બીજી બાજુ રાજકુમાર શ્રેણિક કહ્યા વગર ચાલ્યા ગયા હોવાથી રાજા પ્રસેનજિત બહુ ચિંતાગ્રસ્ત બની ગયા. તેણે ચારે દિશામાં શ્રેણિકની શોધ કરવા માટે માણસોને મોકલ્યા. થોડા દિવસ બાદ શોધ કરતાં કરતાં થોડાક માણસો બેનાતટ આવ્યા. ત્યાં પહોંચતા તેઓને શ્રેણિકની ખબર મળી જતાં તેઓ શ્રેણિક પાસે પહોંચી ગયા અને શ્રેણિકને પ્રાર્થના કરી કે મહારાજા આપના વિયોગથી બહુ જ દુઃખી છે, કૃપા કરીને આપ શીઘ્ર રાજગૃહ પધારો. શ્રેણિકે રાજપુરુષોની પ્રાર્થનાનો સ્વીકાર કર્યો અને રાજગૃહ જવા માટે નિશ્ચય કર્યો. પોતાની પત્ની નંદાને વાકેફ કરી. તેની સંમતિ લઈને પોતાનો વિસ્તૃત પરિચય લખીને આપ્યો, પછી તેમણે રાજગૃહ તરફ પ્રસ્થાન કર્યું. રાજગૃહ પહોંચતા પ્રસેનજિત રાજાએ શ્રેણિકને રાજ્યપદ આપ્યું.

આ બાજુ નંદાના ગર્ભમાં દેવલોકથી ચ્યવીને આવેલા જીવના પુણ્યપ્રભાવથી નંદા દેવીને એક દોહદ ઉત્પન્ન થયો. હું એક મોટા હાથી પર આરૂઢ થઈને ધન-દાન તથા અભયદાન આપું. એવા તેના મનમાં વિચારો આવ્યા. પછી તેણીએ પોતાના પિતાને પોતાની ઈચ્છા પૂર્ણ કરવા માટે પ્રાર્થના કરી. પિતાએ સહર્ષ પોતાની પુત્રીનો દોહદ પૂર્ણ કર્યો. સમય વીતતાં સવા નવ માસે પુત્રરત્નનો જન્મ થયો. પિતાએ પ્રાતઃકાલીન સૂર્ય સમાન તેજસ્વી અને દશે દિશાઓને પ્રકાશિત કરનાર બાળકનો જન્મ મહોત્સવ મનાવ્યો. પછી દોહદાનુસાર તેનું નામ ''અભયકુમાર'' રાખ્યું. તે સુકુમાર બાળક દિન પ્રતિદિન વૃદ્ધિ પામવા લાગ્યો. સમય પસાર થવા પર તેને શાળાએ મોકલ્યો. પ્રારંભિક જ્ઞાનથી લઈને અનેક શાસ્ત્રનો અભ્યાસ કરીને ૭૨ કળાઓમાં તે પ્રવીણ થયો.

એક દિવસ અકસ્માત અભયકુમારે તેની માતાને પૂછ્યું – મા, મારા પિતાજી કોણ છે અને તે ક્યાં રહે છે ? પુત્રના આ પ્રશ્નથી માતાએ તેના પિતા વિષેની સર્વ વાત કરી અને શ્રેણિકે લખેલ વિગતનો પત્ર પણ વંચાવ્યો. માતાની વાત સાંભળીને તેમજ પોતાના પિતાએ લખેલો પરિચય પત્ર વાંચીને તેણે જાણ્યું કે મારા પિતા રાજગૃહના રાજા છે. તે જાણીને અભયકુમારને અતિ પ્રસન્નતા થઈ. પછી તેણે પોતાની માતાને કહ્યું – માતાજી ! આપ આજ્ઞા આપો તો હું સાથીદારોને લઈને રાજગૃહ જાઉં ? માતાએ કહ્યું – જો તું કહે તો હું પણ તારી સાથે આવું. અભયકુમારે હા પાડી તેથી માતા અને પુત્ર તેમજ સાથીદારો બધાં રાજગૃહ તરફ રવાનાં થયાં.

ચાલતાં ચાલતાં તેઓ રાજગૃહ નગરની બહાર પહોંચ્યા. પોતાની માતાને સાથીદારોની પાસે એક સુંદર સ્થાન પર રાખીને અભયકુમાર નગરમાં ગયો. ત્યાંનું



વાતાવરણ કેવું હશે ? રાજાજીના મને દર્શન કેવી રીતે થશે ? વગેરે વિચાર કરતો કરતો તે ચાલ્યો જતો હતો. ત્યાં નગરની અંદર એક જળરહિત કૂવાની આસપાસ માણસોની ભીડ દેખી. અભયકુમારે કોઈ એક વ્યક્તિને પૂછ્યું – બધા કૂવાના કાંઠે શા માટે ભેગા થયા છો ? તેણે કહ્યું પાણી વગરના આ સૂકા કૂવામાં અમારા રાજાની સુવર્ણ મુદ્રિકા (વીંટી) પડી ગઈ છે. રાજાએ ઘોષણા કરી છે જે કોઈ માણસ કૂવામાં ઊતર્યા વગર અને કૂવાના કાંઠે જ ઊભા રહીને પોતાના હાથથી વીંટી કાઢી આપશે તેને મહારાજ બહુ સુંદર પારિતોષિક આપશે પરંતુ અહીં ઊભેલાઓમાંથી કોઈને પણ વીંટી કાઢવાનો ઉપાય સૂઝતો નથી.

અભયકુમારે તે જ ક્ષણે – જો તમે મને અનુમતિ આપો તો હું વીંટી કાઢી આપું. આ વાત જાણીને રાજના કર્મચારીઓએ અભયકુમારને વીંટી કાઢી આપવાનો અનુરોધ કર્યો. અભયકુમારે સર્વપ્રથમ કૂવાના કાંઠા પર રહીને એકવાર વીંટીને બરાબર જોઈ લીધી. ત્યારબાદ થોડેક દૂર રહેલા છાણને તે લઈ આવ્યો પછી કૂવામાં પડેલી વીંટી પર તે છાણ તેણે નાંખી દીધું. વીંટી છાણમાં ચોંટી ગઈ. બે ચાર કલાક પછી છાણ સુકાઈ ગયા બાદ તેણે કૂવામાં પાણી ભરાવ્યું. કૂવો પાણીથી છલોછલ ભરાઈ જવાથી પેલું સુકાઈ ગયેલું છાણ ઉપર આવતાં કૂવાના કાંઠે ઊભા રહીને તેણે હાથ વડે લઈ લીધું, પછી તેમાંથી સોનાની વીંટી કાઢી લીધી. ત્યાં ઊભેલા લોકો આ યુવકની કળા જોઈને આશ્ચર્યચકિત બની ગયા. વીંટી બહાર નીકળી ગયાના સમાચાર રાજા સુધી પહોંચી ગયા. રાજાએ અભયકુમારને રાજમહેલમાં બોલાવ્યો અને પૂછ્યું – બેટા ! તું કોણ છો ? અભયકુમારે રાજાના હાથમાં વીંટી આપીને કહ્યું – હું આપનો પુત્ર છું. રાજાએ પૂછ્યું – કેવી રીતે ? ત્યારે અભયકુમારે બધો વૃત્તાંત કહી સંભળાવ્યો. એ સાંભળીને રાજા અત્યંત ખુશ થયા. તરત જ તેણે પોતાના પુત્રને વાત્સલ્ય આપીને મસ્તક પર હાથ ફેરવ્યો અને પૂછ્યું – બેટા ! તારી માતા ક્યાં છે ? પુત્રે કહ્યું તે નગરની બહાર મારા સાથીઓ સાથે છે.

અભયકુમારની વાત સાંભળીને રાજા ખુદ પોતાના પરિજનોની સાથે રાણી નંદાને લેવા માટે ગયા. રાજા પહોંચે તેની પહેલા અભયકુમારે સંપૂર્ણ વૃત્તાંત માતાને કહી સંભળાવ્યો અને એમ પણ કહ્યું – રાજાજી ખુદ આપને રાજમહેલમાં લેવા માટે પધારે છે. એ સમાચાર સાંભળીને રાણી નંદા ખૂબ જ હર્ષઘેલી બની ગઈ. એટલામાં મહારાજા શ્રેણિક ત્યાં આવી પહોંચ્યા. સમગ્ર જનતા રાણીના દર્શન કરીને હર્ષવિભોર બની ગઈ. રાજાજી રાણીને ઉત્સાહ અને સમારોહ પૂર્વક અર્થાત્ વાજતે ગાજતે રાજમહેલમાં લઈ ગયા. રાજાએ ઔત્પાતિક બુદ્ધિના ધણી પોતાના પુત્ર અભયકુમારને મંત્રીપદે સ્થાપિત કર્યો. પછી લોકો આનંદ પૂર્વક દિવસો વ્યતીત કરવા લાગ્યા.

(૫) પટ :- એક સમયની વાત છે. બે વ્યક્તિ કોઈ સ્થળે જઈ રહી હતી. રસ્તામાં એક સુંદર મોટું સરોવર આવ્યું. તેનું ઠંડુ પાણી જોઈને તેઓને સરોવરમાં સ્નાન કરવાનું મન થયું. બન્નેએ પોતપોતાનાં વસ્ત્રો ઉતારીને સરોવરના કાંઠે રાખી દીધા. પછી સ્નાન કરવા માટે સરોવરમાં ગયા. સરોવરમાં સ્નાન કરીને એક માણસ

જલ્દી બહાર આવી ગયો. તે પોતાના સાથીની ઉનની કાંબળી ઓઢીને ચાલતો થયો. જ્યારે બીજા માણસે આ દૃશ્ય જોયું ત્યારે તેણે જોરથી કહ્યું – અરે ! તું મારી કાંબળી લઈને કેમ ભાગે છે ? તેણે બહુ શોર મચાવ્યો પણ પેલાએ કાંઈ જવાબ ન આપ્યો.

કાંબળીનો માલિક સરોવરની બહાર નીકળીને જલ્દી તેની પાછળ દોડ્યો અને કહ્યું – ભાઈ ! મારી કાંબળી તું મને આપી દે પણ પેલાએ કાંબળી આપી નહીં તેથી પરસ્પર ઝગડો વધી ગયો. અંતે તે ઝગડો ન્યાયાલયમાં ગયો. બન્નેએ પોતપોતાની કાંબળી માટેની વાત કરી. કાંબળી પર કોઈનું નામ ન હતું તેમજ કોઈ સાક્ષી ન હોવાથી ન્યાયાધીશની સમજમાં આવ્યું નહીં કે આ કાંબળી કોની છે.

થોડીવાર વિચારીને ઔત્પાતિક બુદ્ધિના ધારક એવા ન્યાયાધીશે બે કાંસકી મંગાવી. પછી બન્નેના માથાના વાળ માણસો દ્વારા ઓળાવ્યા. એકના માથામાંથી ઉનના રૂંછડા નીકળ્યા. બીજાના મસ્તકમાંથી સૂતરના તંતુ નીકળ્યા. ન્યાયાધીશે જેના મસ્તકમાંથી ઉનના રૂંછડા નીકળ્યા તેને ઉનની કાંબળી આપી દીધી અને જે માણસ ઉનની કાંબળી લઈ ગયો હતો તેને દંડ આપ્યો.

**(૬) સરટ (કાકીડો) :-** એકવાર એક માણસ જંગલમાં જઈ રહ્યો હતો. રસ્તામાં તેને શૌચ જવાની હાજત થઈ. તે ઉતાવળમાં કોઈ એક બિલના મુખ પર બેસી ગયો. અકસ્માત ત્યાં એક કાકીડો આવ્યો, તેણે પોતાની પૂંછડી વડે પેલા માણસના ગુદાના ભાગનો સ્પર્શ કર્યો, પછી તરત જ તે બિલમાં ઘૂસી ગયો. શૌચ બેઠેલા માણસના મનમાં એવો વહેમ પડ્યો કે કાકીડો અધોમાર્ગથી મારા શરીરમાં પ્રવેશ કરી ગયો છે. એ ચિંતામાં તે દિન-પ્રતિદિન દૂબળો થવા લાગ્યો. તેણે બહુ જ ઉપચારો કરાવ્યા પણ બધા નિષ્ફળ ગયા.

એક દિવસ તે કોઈ વૈદ્યની પાસે ગયો અને કહ્યું – મારું સ્વાસ્થ્ય દિન-પ્રતિદિન બગડી રહ્યું છે. આપ એનો ઉપાય બતાવો જેથી હું સ્વસ્થ બની જાઉં વૈદરાજે તેની નાડી તપાસી, દરેક રીતે તેના શરીરને તપાસ્યું પરંતુ કોઈ બીમારી પ્રતીત ન થઈ. પછી વૈદરાજે પેલા માણસને પૂછ્યું – તમને આ બીમારી ક્યારથી લાગુ પડી છે ? તેણે પહેલેથી છેલ્લે સુધી બધી વાત કરી. વૈદરાજે જાણી લીધું કે આ માણસની બીમારીનું કારણ ભ્રમ છે. છતાં વૈદરાજે રોગીને કહ્યું – તમારી બિમારીનું કારણ હું સમજી ગયો છું.

વૈદરાજની બુદ્ધિ ઔત્પાતિક હતી તેથી તેણે તે વ્યક્તિના રોગનો ઈલાજ તરત જ શોધી કાઢ્યો. વૈદરાજે ક્યાંકથી એક કાકીડો મંગાવ્યો. તેને લાક્ષારસથી અવલિપ્ત કરીને એક માટીના વાસણમાં નાખી દીધો. ત્યાર બાદ રોગીને વિરેચની ઔષધિ આપી. પછી તેણે રોગીને કહ્યું – તમારે આ માટીના વાસણમાં શૌચ જવાનું છે. પેલા માણસે તેમજ કર્યું. વૈદરાજ તે માટીના વાસણને પ્રકાશમાં લાવ્યા પછી તેણે કહ્યું – ''જુઓ ભાઈ ! તમારા પેટમાંથી આ કાકીડો નીકળી ગયો. પેલા માણસને સંતોષ થઈ ગયો કે મારા પેટમાં કાકીડો પ્રવેશ કરી ગયો હતો એટલે જ હું બીમાર રહેતો હતો પણ વૈદરાજ હોંશિયાર છે. તેણે કાકીડો કાઢી આપ્યો. હવે આજથી મારી



બીમારી ગઈ. પછી તે શીઘ્ર સ્વસ્થ અને નીરોગી બની ગયો.

**(૭) કાક :-** બેનાતટ નગરમાં ભિક્ષા લેવા માટે નીકળેલા જૈનમુનિનો બૌદ્ધ ભિક્ષુએ ઉપહાસ કરતા કહ્યું – મુનિરાજ ! તમારા અરિહંત સર્વજ્ઞ છે અને તમે એના સંતાન છો તો બતાવો આ નગરમાં કાગડા કેટલા છે ?

જૈન મુનિ બૌદ્ધ ભિક્ષુની ધૂર્તતા સમજી ગયા. તેને શિક્ષા દેવા માટે પોતાની ઔત્પાતિક બુદ્ધિનો પ્રયોગ કરતા કહ્યું – ભિક્ષુરાજ ! આ નગરમાં સાઠ હજાર કાગડાઓ છે. તમે ગણી લો. જો ઓછા હોય તો સમજજો કે તેઓ બહારગામ મહેમાન થઈને ગયા છે અને જો અધિક હોય તો સમજજો કે બહારગામથી મહેમાન થઈને અહીં આવ્યા છે. જૈન મુનિની બુદ્ધિમત્તા જોઈને બૌદ્ધ ભિક્ષુ શરમાઈને ત્યાંથી ચાલ્યા ગયા.

**(૮) ઉચ્ચાર-મલ પરીક્ષા :-** એક વાર એક માણસ પોતાની નવપરણેતર સુંદર પત્નીની સાથે કોઈ સ્થળે જઈ રહ્યો હતો. રસ્તામાં તેને એક ધૂર્ત મળ્યો. તેની સાથે વાર્તાલાપ કરતાં કરતાં નવવધૂ તે ધૂર્ત પર આસક્ત થઈ ગઈ અને તેની સાથે જવા માટે તૈયાર થઈ ગઈ. ધૂર્ત કહેવા લાગ્યો કે આ મારી સ્ત્રી છે. પછી બંનેનો ઝગડો શરૂ થઈ ગયો. અંતમાં વિવાદ કરતાં કરતાં તેઓ ન્યાયાલયમાં પહોંચી ગયા. ન્યાયાધીશની પાસે જઈને જેની પત્ની હતી તેણે કહ્યું કે આ મારી સ્ત્રી છે. પેલા ધૂર્તે કહ્યું કે આ મારી સ્ત્રી છે.

બન્ને જણા પેલી સ્ત્રી પર પોતાનો અધિકાર બતાવી રહ્યા હતા. બન્નેની વાત સાંભળીને ન્યાયાધીશે સૌ પ્રથમ ત્રણેયને અલગ અલગ રાખી દીધા. ત્યારબાદ જેની સ્ત્રી હતી તેને ન્યાયાધીશે પૂછ્યું – કાલે તમે શું ખાધું હતું ? પેલી સ્ત્રીના પતિએ કહ્યું – કાલે મેં અને મારી પત્ની બન્નેએ તલનો લાડવો ખાધો હતો. પછી ન્યાયાધીશે ધૂર્તને પૂછ્યું – કાલે તેં શું ખાધું હતું ? તેણે કહ્યું – કાલે મેં જુદી જુદી વાનગી તલ વગેરે ખાધી હતી.

ન્યાયાધીશે પહેલી સ્ત્રી અને ધૂર્ત બન્નેને વિરેચન આપ્યું પછી તપાસ કરાવી તો સ્ત્રીના મળમાં તલના દાણા દેખાયા પરંતુ ધૂર્તના મળમાં તલ દેખાયા નહીં. ઔત્પાતિક બુદ્ધિના ધારક ન્યાયાધીશે ન્યાય કરી આપ્યો કે આ સ્ત્રી પેલા પુરુષની જ છે. તેથી તેને તેની પત્ની સોંપી દીધી અને ધૂર્તને યોગ્ય દંડ આપ્યો.

**(૯) ગજ :-** એક સમયની વાત છે. કોઈ એક રાજાને એક બુદ્ધિમાન મંત્રીની જરૂર હતી. તેથી તે અતિશય મેધાવી તથા ઔત્પાતિક બુદ્ધિના ધારક એવી વ્યક્તિની ખોજ કરી રહ્યો હતો. પરીક્ષા કરવા માટે રાજાએ એક બળવાન હાથીને ચાર રસ્તા પર બાંધી દીધો. પછી ઘોષણા કરાવી – જે વ્યક્તિ આ હાથીનું વગર તોલે વજન કરી દેશે, તેને રાજા બહુ મોટું ઈનામ આપશે.

આ ઘોષણાને સાંભળીને કોઈ એક માણસે એક નાવને પાણીમાં તરતી મૂકી, પછી એ નાવ પર પેલા હાથીને ચડાવી દીધો. પછી નાવ પાણીમાં કેટલી ડૂબી એ તપાસ કરીને તેણે નાવ પર એક ચિહ્ન કરી લીધું. ત્યારબાદ હાથીને નાવથી ઉતારીને

તેણે એ નાવમાં પથ્થર ભરી દીધા. ચિહ્ન સુધી પાણી આવી ગયું એટલે એણે નાવમાંથી પથ્થર કાઢીને તેનું વજન કરીને રાજાને બતાવ્યું કે હાથીનું વજન અમુક પલ પરિમાણનું છે. રાજાએ પૂછ્યું – તમે કેવી રીતે જાણ્યું ? પેલા માણસે હાથીનું વજન વગર તોલાએ જે રીતે કર્યું તે પ્રક્રિયા રાજાને બતાવી દીધી. રાજા તેની પ્રક્રિયા સાંભળીને ખૂબ જ પ્રસન્ન થયા અને તે માણસને મુખ્યમંત્રીનું પદ આપ્યું. આ તે પુરુષની ઔત્પાતિક બુદ્ધિનું ઉદાહરણ છે.

**(૧૦) ઘયણ-ભાંડ :-** કોઈ એક રાજાના દરબારમાં એક ભાંડ રહેતો હતો. રાજા તેના પર બહુ પ્રેમ રાખતા હતા. તેથી તે બહુ મોઢે ચડી ગયો હતો. રાજા તે મોઢે ચડાવેલા ભાંડની સમક્ષ પોતાની મહારાણીની સદૈવ પ્રશંસા કર્યા કરતા અને કહેતા કે મારી રાણી બહુ આજ્ઞાકારી છે પરંતુ ભાંડ રાજાને કહેતો કે આપની રાણી સ્વાર્થને ખાતર આપશ્રીની આજ્ઞાનું પાલન કરે છે. જો આપને વિશ્વાસ ન હોય તો પરીક્ષા કરી લેજો.

રાજાએ ભાંડના કહેવા મુજબ એક દિવસ રાણીને કહ્યું – દેવી ! મારી ઈચ્છા બીજા લગ્ન કરવાની છે અને તેનાથી જે પુત્ર થાય તેનો રાજ્યાભિષેક કરીશ. રાજાની વાત સાંભળીને રાણીએ કહ્યું – મહારાજ આપ ભલે બીજીવાર લગ્ન કરો પરંતુ રાજ્યનો અધિકાર પરંપરાગત પહેલા જ રાજકુમારને આપી શકાશે. રાજાને ભાંડની વાત યાદ આવી તેથી રાણીની સામે સ્મિત કર્યું. રાણીએ હાસ્યનું કારણ પૂછ્યું તો રાજા જોરથી હસ્યા. રાણીએ બીજીવાર, ત્રીજીવાર રાજાને હસવાનું કારણ પૂછ્યું ત્યારે રાજાએ ભાંડે કહેલી વાત કરી બતાવી. એ સાંભળીને રાણી ક્રોધથી ધમધમી ઊઠી અને રાજાને કહ્યું – ભાંડને દેશ પરિત્યાગ કરવાની આજ્ઞા આપો.

રાજાએ રાણીના કહેવા મુજબ ભાંડને દેશ પરિત્યાગની આજ્ઞા આપી. એ વાત સાંભળીને ભાંડે ઘણા બધા જૂતા (જોડા) ભેગા કરીને એક મોટી ગાંસડી વાળી. એ ગાંસડી શિર પર લઈને ભાંડ રાણીના ભવનમાં ગયો. પહેરગીરની આજ્ઞા માંગીને તે રાણીના દર્શનાર્થ ગયો. રાણીએ પૂછ્યું – આ શિર પર ગાંસડીમાં શું લીધું છે ? ભાંડે કહ્યું – માતાજી ! આ ગાંસડીમાં ઘણા જૂતા લીધા છે. આ જૂતાને પહેરીને હું જેટલા દેશમાં જઈશ તે દરેક સ્થળે હું આપનો અપયશ ગાઈશ. ભાંડના મુખેથી રાણીએ પોતાના અપયશની વાત સાંભળીને ભાંડને દેશ પરિત્યાગની જે આજ્ઞા આપી હતી તે પાછી ખેંચાવી લીધી. પછી ભાંડ પહેલાની જેમ રાજાની સાથે આનંદથી રહેવા લાગ્યો. આ ભાંડની ઔત્પાતિક બુદ્ધિનું ઉદાહરણ છે.

**(૧૧) ગોલક-લાખની ગોળી :-** એકવાર કોઈ એક બાળકે રમતાં રમતાં કુતૂહલવશ એક લાખની ગોળી નાકમાં નાખી દીધી. એ ગોળી અંદર જઈને શ્વાસનાડીમાં ફસાઈ ગઈ તેથી તે બાળકને શ્વાસ લેવામાં બહુ તકલીફ થવા લાગી. આ દૃશ્ય જોઈને પેલા બાળકના માતા-પિતા ગભરાઈ ગયા. તેઓ બન્ને દોડીને એક સોનીને બોલાવી લાવ્યા. સોનીએ પોતાની બુદ્ધિથી એક બારીક લોઢાની સળીના અગ્રભાગને ગરમ કરીને સાવધાનીપૂર્વક બાળકના નાકમાં નાંખી. ગરમ સળીની સાથે તે લાખની



ગોળી ચોંટી ગઈ પછી તેણે ખેંચીને ગોળી બહાર કાઢી. આ સુવર્ણકારની ઔત્પાતિક બુદ્ધિનું ઉદાહરણ છે.

**(૧૨) ખંભ-થાંભલો :-** કોઈ એક રાજાને બુદ્ધિમાન મંત્રીની જરૂર હતી. બુદ્ધિમાનની પરીક્ષા કરવા માટે એક વિશાળ અને ઊંડા તળાવમાં એક ઊંચો થાંભલો ખોડી દીધો. ત્યારપછી ઘોષણા કરાવી કે જે માણસ પાણીમાં ઊતર્યા વગર કિનારા પર ઊભા રહીને જ આ થાંભલાને રસ્સીથી બાંધી દેશે તેને એક લાખ રૂપિયા ઈનામ આપવામાં આવશે.

આ ઘોષણા સાંભળીને એક માણસ ત્યાં આવ્યો. તેણે બીડું ઝડપ્યું કે હું કિનારા પર રહીને થાંભલાને દોરીથી બાંધી દઈશ. પછી તેણે કિનારા પર એક ઊંડો થાંભલો ખોડ્યો, તેના પર દોરીનો એક છેડો મજબૂત બાંધ્યો. પછી બીજો છેડો લઈને તળાવની ચારે બાજુ ફરતો ગયો. જેમ જેમ ફરતો ગયો તેમ તેમ તળાવમાં રહેલો થાંભલો બંધાતો ગયો. આ સમાચાર રાજપુરુષોએ રાજાને આપ્યા. રાજા તેની બુદ્ધિ પર ખુશ થયા. રાજાએ તેને એક લાખ રૂપિયા ઈનામ આપીને મંત્રી પદ પર સ્થાપિત કર્યો. આ તે વ્યક્તિની ઔત્પાતિક બુદ્ધિનું ઉદાહરણ છે.

**(૧૩) ક્ષુલ્લક :-** ઘણા વર્ષો પહેલાની એક વાત છે. કોઈ એક ગામમાં એક સંન્યાસિણી રહેતી હતી. તેને પોતાના આચાર વિચારનો બહુ ગર્વ હતો. એક વાર રાજસભામાં જઈને તેણીએ કહ્યું – મહારાજ ! આ નગરમાં કોઈ એવો માણસ છે કે મને પરાસ્ત કરી શકે ? સંન્યાસિણીની અભિમાન યુક્ત વાત સાંભળીને રાજાએ તરત જ નગરમાં ઘોષણા કરાવી દીધી કે જે કોઈ આ સંન્યાસિણીને પરાસ્ત કરશે તેને રાજા સારું પારિતોષિક આપશે.

ઘોષણા સાંભળીને નગરના કોઈ લોકો ન આવ્યા પરંતુ એક ક્ષુલ્લક સભામાં આવ્યો. તેણે કહ્યું – મહારાજ ! હું એ સંન્યાસિણીને પરાસ્ત કરી દઈશ. રાજાએ ક્ષુલ્લકને આજ્ઞા આપી. સંન્યાસિણી ક્ષુલ્લકને જોઈને હસી પડી અને બોલી આ મુંડિત મારી સાથે શું મુકાબલો કરી શકશે ?

ક્ષુલ્લક ગંભીર હતો. તે સંન્યાસિણીની ધૂર્તતાને સમજી ગયો તેથી ક્ષુલ્લકે પરિવ્રાજિકાને કહ્યું – હું જેમ કરું તેમ તમારે કરવાનું. જો એમ નહીં કરો તો તમે પરાસ્ત બની જશો. પરિવ્રાજિકાએ કહ્યું – એ વાત મને મંજૂર છે. સભાજનો સમક્ષ ક્ષુલ્લકે પોતાના કપડાં ઉતારીને પરિવ્રાજિકાને ઓઢાડી દીધા પછી કહ્યું – હવે તમે પણ તમારા કપડા ઉતારીને મારી પર ફેંકી દો. પરિવ્રાજિકા સભા સમક્ષ કપડાં ઉતારી ન શકી તેથી તે પરાસ્ત થઈને ત્યાંથી ચાલી ગઈ. આ ક્ષુલ્લકની ઔત્પાતિક બુદ્ધિનું ઉદાહરણ છે.

**(૧૪) માર્ગ :-** એક પુરુષ પોતાની પત્નીની સાથે રથમાં બેસીને બીજે ગામ જઈ રહ્યો હતો. રસ્તામાં એક જગ્યાએ રથ ઊભો રખાવીને તેની પત્ની લઘુશંકા નિવારણ માટે કોઈ ઝાડની પાછળ ગઈ. પેલો પુરુષ જ્યાં હતો ત્યાં એક વૃક્ષ પર કોઈ વ્યંતરી રહેતી હતી. તે વ્યંતરી પેલા પુરુષ પર મોહિત થઈ ગઈ. તેણે તરત જ પેલી સ્ત્રીનું રૂપ ધારણ કર્યું અને રથમાં આવીને બેસી ગઈ. પછી તેણીએ રથ ચાલુ

કરવાનું કહ્યું. રથ રવાના થયો ત્યારપછી પેલી સ્ત્રી લઘુશંકા નિવારીને આવી તો રથ ચાલતો થઈ ગયો હતો. પરંતુ પેલી સ્ત્રી તીવ્ર ગતિએ ચાલીને રથ પાસે પહોંચી ગઈ, તેને જોઈને રથમાં બેઠેલી પેલી સ્ત્રીએ કહ્યું – જે બાઈ ચાલી આવી છે એ વ્યંતરી છે, તેણે મારા જેવું રૂપ ધારણ કર્યું છે માટે તમે રથ શીઘ્ર ચલાવો.

પેલા પુરુષે રથની ગતિ વધારી તો પણ પેલી સ્ત્રી રથ પાસે દોડતી દોડતી આવી અને રડતી રડતી કહેવા લાગી, હે સ્વામી ! તમે રથને રોકો આપની પાસે જે સ્ત્રી બેઠી છે તે વ્યંતરી છે. એની વાત સાંભળીને પેલો પુરુષ એક નજરે જોવા લાગ્યો. તે સમજી ન શક્યો કે આમાં મારી પત્ની કોણ છે. પણ તેણે રથની ગતિ ધીમી કરી નાખી.

એટલામાં ગામ આવ્યું બન્ને સ્ત્રીઓનો ઝગડો ગ્રામપંચાયતમાં પહોંચ્યો. ન્યાયાધીશે બન્નેની વાત સાંભળીને પોતાની બુદ્ધિથી બન્ને સ્ત્રીઓને તેના પતિથી દૂર દૂર એકને ડાબી બાજુ અને બીજીને જમણી બાજુ ઊભી રાખી દીધી પછી કહ્યું – જે સ્ત્રી પહેલાં આ પુરુષને અડશે તેને એ પુરુષની પત્ની માનવામાં આવશે.

ન્યાયાધીશની વાત સાંભળીને અસલી સ્ત્રી દોડીને પતિને અડવા જાય તેની પહેલા વ્યંતરીએ વૈક્રિય શક્તિ દ્વારા પોતાના સ્થાનેથી લાંબા હાથ બનાવીને પેલા પુરુષને અડી ગઈ. ન્યાયાધીશ તેણીના લાંબા હાથ જોઈને સમજી ગયો કે આ સ્ત્રી જ વ્યંતરી છે. પછી તેણે અસલી સ્ત્રી તેના પતિને સોંપી દીધી અને વ્યંતરીને ભગાડી મૂકી. આ છે ન્યાયાધીશની ઔત્પાતિક બુદ્ધિનું ઉદાહરણ.

**(૧૫) સ્ત્રી :-** એક વખત મૂળદેવ અને પુંડરીક બન્ને મિત્રો અન્ય સ્થળે જઈ રહ્યા હતાં. એ જ માર્ગમાં કોઈ બીજો પુરુષ પોતાની પત્નીની સાથે જઈ રહ્યો હતો. પુંડરીક તે સ્ત્રીને જોઈને તેના પર મોહિત થઈ ગયો. પછી પોતાના મિત્ર મૂળદેવને તેણે કહ્યું – જો આ સ્ત્રી મને મળશે તો જ હું જીવિત રહીશ અન્યથા મારું મૃત્યુ નિશ્ચિત છે, ત્યારે કામાસક્ત પુંડરીકને મૂળદેવે કહ્યું – તું આતુર ન બન. હું એક એવો ઉપાય કરીશ જેથી તે સ્ત્રી તને મળી જશે.

મૂળદેવે પુંડરીકને એક વનકુંજમાં બેસાડી દીધો. પછી તે પેલું યુગલ ચાલ્યું જતું હતું ત્યાં ગયો. ત્યાં જઈને મૂળદેવે પેલા પુરુષને કહ્યું – અત્યારે હું એક મુસીબતમાં આવી ગયો છું. આ બાજુની ઝાડીમાં મારી પત્નીએ બાળકને જન્મ આપ્યો છે તેને જોવા માટે આપની સ્ત્રીને થોડીવાર મોકલો. પેલા પુરુષે દયા લાવીને પોતાની પત્નીને થોડીવાર માટે મૂળદેવની સાથે મોકલી. મૂળદેવે કહ્યું – આ વનકુંજમાં મારી પત્ની છે ત્યાં તું જા. પેલી પત્ની વનકુંજમાં ગઈ તો તેણીએ પુંડરીકને જોયો તેથી તેણી તરત જ ત્યાંથી પાછી ફરી અને મૂળદેવને હસતા હસતા કહેતી ગઈ ''આપને વધાઈ, બહુ સુંદર બાળકનો જન્મ થયો છે હો'' આ કટાક્ષ સાંભળીને મૂળદેવ શરમાઈ ગયો. પેલી સ્ત્રી તેના પતિ પાસે ચાલી ગઈ અને મૂળદેવ ત્યાંથી ભાગી ગયો. આ છે મૂળદેવ અને પેલી સ્ત્રીની ઔત્પાતિક બુદ્ધિનું ઉદાહરણ.

**(૧૬) પતિ :-** કોઈ એક ગામમાં બે ભાઈઓ રહેતા હતા. તે બન્નેની પત્ની એક



જ હતી. તેની પત્ની બહુ ચતુર હતી. એ ક્યારે ય કોઈને ખબર પડવા દેતી ન હતી કે બન્ને પતિમાંથી એક પર તેને અધિક અનુરાગ છે. લોકો વારંવાર તેની પ્રશંસા કરતા હતા. ધીરે ધીરે આ વાત રાજાના કાન સુધી પહોંચી ગઈ. રાજાએ વિસ્મિત થઈને મંત્રીને કહ્યું – આ વાત સાચી છે? મંત્રીએ કહ્યું – મહારાજ! એવું બની શકે નહીં. એ સ્ત્રીને બે માંથી એક પર વધારે અનુરાગ હશે જ. રાજાએ કહ્યું – એ કેમ જાણી શકાય? મંત્રીએ કહ્યું – હું તેનો ઉપાય કરીશ, જેથી જાણવા મળી જશે.

એક દિવસ મંત્રીએ પેલી સ્ત્રી પર એક સંદેશ લખીને મોકલ્યો – તું તારા બન્ને પતિને જુદા જુદા ગામ મોકલી દે. એકને પૂર્વદિશામાં અને બીજાને પશ્ચિમ દિશામાં મોકલજે પણ સાંજે બન્ને ઘરે આવી જવા જોઈએ. પેલી પત્નીએ જેના પર ઓછો અનુરાગ હતો તેને પૂર્વ દિશામાં મોકલ્યો અને જેના પર અધિક રાગ હતો તેને પશ્ચિમ દિશામાં મોકલ્યો. જેને પૂર્વ દિશામાં મોકલ્યો હતો તેને જતાં અને આવતાં બન્ને વખત સૂર્યનો તાપ સામે રહ્યો જેથી તેને કષ્ટ પડ્યું. જેને પશ્ચિમદિશામાં મોકલ્યો હતો તેને જતાં અને આવતાં સૂર્ય પીઠ પાછળ રહ્યો તેથી જરાય કષ્ટ ન પડ્યું. સાંજે તેઓ બન્ને ઘરે આવી ગયા. મંત્રીએ રાજાને કહ્યું – પેલી સ્ત્રીને પશ્ચિમ તરફ જનાર પતિ પર અધિક પ્રેમ છે. રાજાને કહ્યું – એ વાત મને માનવામાં આવતી નથી. આપણે જ એકને પૂર્વ તરફ અને બીજાને પશ્ચિમ તરફ જવાનું કહ્યું હતું. આ વાત બરાબર નથી. મંત્રીએ બીજો ઉપાય શોધ્યો.

એક દિવસ ફરી મંત્રીએ પેલી પત્ની પર સંદેશો મોકલ્યો કે તું તારા બન્ને પતિને આજે એક જ સમયે પૂર્વ અને પશ્ચિમ દિશામાં મોકલજે. પત્નીએ પૂર્વવત્ કર્યું. થોડીવાર પછી મંત્રીએ પેલી પત્ની પાસે બે માણસો મોકલ્યા. તેઓએ આવીને કહ્યું – તમારા બન્ને પતિના શરીરમાં કોઈ વ્યાધિ થયો છે માટે તમે પ્રથમ પૂર્વદિશામાં જાઓ. પેલી પત્નીએ કહ્યું – પૂર્વ દિશામાં જનાર મારા પતિ સદાય બીમાર જ હોય છે, એની પાસે જવા કરતા મને પશ્ચિમ દિશામાં ગયેલા મારા પતિ પાસે જવા દો. તેણી પશ્ચિમ દિશામાં જ ગઈ. પછી મંત્રીએ રાજાને સર્વ વાત કરીને નિવેદન કર્યું. રાજા મંત્રીની વાત સાંભળીને અત્યંત ખુશ થયા. મંત્રીની ઔત્પાતિક બુદ્ધિનું આ ઉદાહરણ છે.

**(૧૭) પુત્ર :-** કોઈ એક નગરમાં એક વ્યાપારી રહેતો હતો. તેને બે પત્ની હતી. એક સ્ત્રીને એક પુત્ર હતો. બીજી સ્ત્રી વંધ્યા હતી પરંતુ તે પણ બાળક પર અત્યંત પ્રેમ રાખતી હતી. તેથી બાળકને ખબર ન પડી કે મારી અસલી માતા કોણ છે. એક વાર વ્યાપારી બન્ને પત્ની તથા બાળકને લઈને પરદેશ જવા નીકળ્યો. રસ્તામાં તેનું મૃત્યુ થઈ ગયું. ત્યારબાદ બન્ને સ્ત્રીઓ પુત્ર માટે વિવાદ કરવા લાગી. એક કહે કે આ દીકરો મારો છે તેથી ઘરની સર્વ સંપત્તિની હું માલિક થઈશ. બીજી કહે દીકરો મારો છે તેથી પતિની સર્વ સંપત્તિ પર મારો હક્ક રહેશે. વાત વાતમાં ઝગડો બહુ વધી ગયો. છેવટે બન્ને સ્ત્રીઓ ન્યાયાલયમાં પહોંચી ગઈ. તેઓએ ન્યાયાધીશને પોતાની વાત કરી. ન્યાયાધીશ ચિંતામાં પડી ગયા કે આ બાળકની અસલી માતા કોણ હશે ?

ન્યાયાધીશે પ્રથમ કર્મચારીઓને કહ્યું – તમે આ બન્ને સ્ત્રીઓના ઘરે જઈને તેની સંપત્તિનો સરખો ભાગ પાડી દો પછી આ બાળકને છરીથી કાપીને બન્નેને અર્ધો અર્ધો આપી દો. ન્યાયાધીશનો આ આદેશ સાંભળીને એક સ્ત્રી મૌન રહી પરંતુ બીજી સ્ત્રીનું હૃદય વિંધાઈ ગયું. તેણીએ કકળતા હૃદયે કહ્યું – સાહેબ આ બાળક પેલી સ્ત્રીનો છે તેને આપી દો મારા ધણીની બધી સંપત્તિ પણ તેને આપી દો. હું દરિદ્ર રહીશ પણ આ બાળકને જીવિત જોઈને આનંદપૂર્વક દિવસો વ્યતીત કરીશ.

ન્યાયાધીશે પેલી સ્ત્રીનું દુઃખિત હૃદય જોઈને જાણી લીધું કે બાળકની અસલી માતા આ જ છે, માટે તે ધનસંપત્તિ જતી કરીને પણ પોતાના બાળકને જીવિત રાખવા ઈચ્છે છે. પછી ન્યાયાધીશે દીકરો તથા વ્યાપારીની સંપત્તિ બધી અસલી માતાને સુપ્રત કરી અને વંધ્યા સ્ત્રીને તેની ધૂર્તતા માટે કાંઈ આપ્યું નહીં. આ છે ન્યાયાધીશની ઔત્પાતિક બુદ્ધિનું ઉદાહરણ.

**(૧૮) મધપૂડો** :- એક ગામમાં એક વણકર રહેતો હતો. તેની પત્નીનું આચરણ સારું ન હતું. એક વખત વણકર કોઈ અન્ય ગામ ગયો, પાછળથી તેની પત્નીએ કોઈ અન્ય પુરુષની સાથે ખોટો સંબંધ બાંધી દીધો.

પત્ની અન્ય પુરુષની સાથે જ્યાં ગઈ હતી ત્યાં તેણે જાળ બિછાવેલા વૃક્ષની મધ્યમાં એક મધપૂડો જોયો પરંતુ તેના તરફ તેણીએ બહુ ધ્યાન આપ્યું નહીં અને તે પોતાના ઘરે ચાલી ગઈ. તેનો પતિ પણ બહારગામથી ઘરે આવી ગયો હતો.

એકવાર વણકર મધ લેવા માટે બજારમાં જતો હતો પણ તેની પત્નીએ કહ્યું – તમે મધ લેવા બજારમાં શા માટે જાઓ છો ? મેં આ બાજુમાં રહેલી વૃક્ષની સઘન ઝાડીમાં એક મોટો મધપૂડો જોયો છે, ચાલો તમને બતાવું. એમ કહીને તેણી પોતાના પતિને પેલા જાળ બિછાવેલા વૃક્ષની પાસે લઈ ગઈ પણ ત્યાં તેને મધપૂડો દેખાયો નહીં તેથી તે સઘન વૃક્ષની ઝાડીમાં તેના પતિને લઈ ગઈ, આગલા દિવસે જ્યાં તેણીએ અનાચારનું સેવન કર્યું હતું ત્યાં મોટો મધપૂડો હતો. પતિએ તેની ઔત્પાતિક બુદ્ધિથી જાણી લીધું કે મારી પત્ની આ સ્થાન પર નિરર્થક અહીં આવી ન શકે નિશ્ચય તે કોઈ અન્ય પુરુષ સાથે દુરાચારનું સેવન કરતી હશે.

**(૧૯) મુદ્રાઓ** :- કોઈ એક નગરમાં એક બ્રાહ્મણ રહેતો હતો. તે સત્યવાદી હતો. જનતામાં એવી છાપ હતી કે આ પુરોહિતને ત્યાં થાપણ રાખવામાં આવે તો તે ગમે તેટલો સમય વ્યતીત થઈ ગયો હોય તો પણ પાછી આપે છે. આ વાત સાંભળીને એક ગરીબ ભીખારી પોતાની હજાર સોનામહોર એક વાંસળીમાં ભરીને પુરોહિતના ઘરે આવ્યો અને તેણે પુરોહિતને પોતાની થાપણ સાચવવાનું કહ્યું. પુરોહિતે તે વાંસળીને સાચવીને મૂકી દીધી.

ભીખારી ત્યાંથી દેશાંતર ચાલ્યો ગયો. ઘણો સમય વ્યતીત થવા પર તે ગરીબ ભિખારી પોતાના સ્વઘરે આવ્યો અને પુરોહિત પાસે પોતાની થાપણ લેવા ગયો. પરંતુ પુરોહિતે કહ્યું – હું તારી વાંસળી વિષે કંઈ જાણતો નથી. તું કોણ છે ? ક્યાંથી આવ્યો છે ? તારી થાપણ મારે ત્યાં છે જ નહીં, એમ કહીને ભીખારીને ત્યાંથી તેણે



રવાના કર્યો. ભિખારીને પોતાની સંપત્તિ ન મળવાથી તે પાગલ બની ગયો. ગામમાં તે ચારે બાજુ ફરતાં ફરતાં બોલ્યા કરતો હતો કે ''હજાર સોનામહોરની વાંસળી.'' વારંવાર આ શબ્દનો જ ઉચ્ચાર કરતો હતો.

એક દિવસ તે ગરીબે મંત્રીને રસ્તામાં જતાં જોયા અને કહ્યું – પુરોહિતજી મારી હજાર રૂપિયાની વાંસળી તમારે ત્યાં થાપણ રૂપે રાખી છે તે પાછી આપોને ? આ વાત સાંભળીને મંત્રીને દયા આવી, તેણે પેલા ભિખારીની વાત રાજાને કરી. રાજાએ પુરોહિતને બોલાવીને કહ્યું – પેલા ભિખારીની થાપણ તું પાછી આપી દે. પુરોહિતે કહ્યું – મારા ઘરે ભિખારીની થાપણ છે જ નહીં. એમ કહીને તે ત્યાંથી ચાલ્યો ગયો. પછી રાજાએ ભિખારીને એકાંતમાં બોલાવ્યો અને કહ્યું – તેં થાપણ ખરેખર પુરોહિતને ત્યાં રાખી છે ? ભિખારીએ દિવસ, તિથિ, મુહૂર્ત, ચોઘડીયું તેમજ સાથીદારોની હાજરી વગેરે બતાવ્યું.

એક દિવસે રાજાએ ફરી પુરોહિતને બોલાવ્યો. રાજા તેની સાથે રમત ગમતમાં મગ્ન બની ગયા પછી રમતાં રમતાં એક બીજાએ વીંટી બદલાવી લીધી. પછી પોતાના ગુપ્તચરને રાજાએ કહ્યું – તમે આ વીંટી લઈને પુરોહિતના ઘેર જાઓ અને તેની પત્નીને પુરોહિતની વીંટી બતાવીને કહો કે પુરોહિત મને પેલા ભિખારીની એક હજાર સોનામહોરની વાંસળી આપવાનું કહ્યું છે. વીંટીની સાક્ષી જોઈને પુરોહિતની પત્નીએ પેલા ભિખારીની થાપણ રાજાના કર્મચારીઓને આપી દીધી.

કર્મચારીઓએ રાજાને ભિખારીની વાંસળી આપીને સર્વ વૃત્તાંત કહ્યો. રાજાએ ઘણી વાંસળીની વચ્ચે પેલા ભિખારીની વાંસળી પણ રાખી દીધી. રાજાએ પુરોહિત તથા ભિખારી બન્નેને પોતાની બેઠકમાં બેસાડ્યા. ભિખારી વાંસળીના ઢગલામાં પોતાની વાંસળીને જોઈને અત્યંત ખુશ થયો. પછી રાજાને તેણે કહ્યું – મહારાજ ! આ આકૃતિવાળી મારી વાંસળી છે. રાજાએ પ્રેમથી તેની વાંસળી તેને આપી દીધી. વાંસળી મળી જવાથી ભિખારીનું પાગલપણું ચાલ્યું ગયું. રાજાએ પોતાની ઔત્પાતિક બુદ્ધિ વડે પુરોહિત પાસેથી થાપણ મેળવીને પુરોહિતને યથા યોગ્ય દંડ આપ્યો.

**(૨૦) અંક** :- એક વખત કોઈ માણસે એક શાહૂકારને એક હજાર રૂપિયાની વાંસળી થાપણ રૂપે આપી. પછી તે દેશાંતર ફરવા ગયો. તેના ગયા પછી શાહૂકારે વાંસળી નીચે એક કાણું કરીને હજાર રૂપિયા કાઢી લીધા તેમાં ખોટા રૂપિયા ભરીને તેણે વાંસળીની સિલાઈ કરી લીધી.

થોડા સમય પછી વાંસળીનો માલિક પોતાના ઘરે આવીને શાહૂકાર પાસે વાંસળી લેવા ગયો. શાહૂકારે તેની વાંસળી આપી દીધી. તે લઈને વાંસળીનો માલિક પોતાના ઘરે ગયો. ત્યાં જઈને જોયું તો વાંસળીમાંથી ખોટા રૂપિયા નીકળ્યાં. એ જોઈને પેલો માણસ ગભરાયો. પછી તે ન્યાયાધીશ પાસે ગયો અને વાંસળી માંહેના ખોટા રૂપિયા વિષેની વાત કરી.

ન્યાયાધીશે તેને પૂછ્યું – તારી વાંસળીમાં કેટલા રૂપિયા હતા. તેણે કહ્યું એક હજાર હતાં. ન્યાયાધીશે ખોટા રૂપિયા તેમાંથી કાઢીને સાચા રૂપિયા ભર્યા પણ પાંચ

દસ રૂપિયા વાંસળીમાં સમાયા નહીં કેમકે વાંસળીને કાપીને સિલાઈ કરી હતી. તે જોઈને ન્યાયાધીશે અનુમાન કર્યું કે ખરેખર શાહૂકારે આ વાંસળી કાપીને સાચા રૂપિયા લઈને ખોટા ભરી દીધા છે. પછી ન્યાયાધીશે શાહૂકારને બોલાવીને કહ્યું – આ માણસના તેં હજાર રૂપિયા લઈ લીધા છે તે પાછા દઈ દે નહીંતર તને દંડે દેવામાં આવશે. શાહૂકારે દંડથી ડરીને એક હજાર રૂપિયા વાંસળીના માલિકને આપી દીધા. આ છે ન્યાયાધીશની ઔત્પાતિક બુદ્ધિનું ઉદાહરણ.

**(૨૧) નાણક :-** એક માણસે એક શેઠને ત્યાં એક હજાર સુવર્ણમહોરોની ભરેલી થેલી અંકિત કરીને થાપણ રૂપે રાખીને તે દેશાંતર ગયો. થોડો સમય વીત્યા બાદ શેઠે તે થેલીમાંથી સોનાની મહોરો કાઢી લીધી અને તેમાં નકલી મહોરો ભરીને થેલીને સીવી લીધી. કેટલાક વર્ષો પછી થેલીનો માલિક શેઠની પાસે આવ્યો, તેણે પોતાની થેલી માંગી. શેઠે તેના નામવાળી થેલી તેને આપી. તે પોતાની થેલી લઈને ઘેર ગયો. ઘેર જઈને મહોરોની તપાસ કરી તો અસલી મહોરોને બદલે નકલી મહોરો નીકળી. તરત જ તે શેઠની પાસે ગયો અને કહ્યું – શેઠજી ! આ થેલીમાં મારી અસલી મહોરોને બદલે નકલી મહોરો છે. શેઠે કહ્યું – હું અસલી નકલી કંઈ જાણતો નથી. મેં તો તમારી થેલી જેવી હતી એવી પાછી આપી છે. તેની અસલી સોનામહોર નહીં મળતા તે ન્યાયાલયમાં ગયો.

ન્યાયાધીશને તેણે પોતાની થેલી વિષે વાત કરી. ન્યાયાધીશે શેઠને તથા થેલીના માલિકને બોલાવ્યા. ન્યાયાધીશે થેલીના માલિકને પૂછ્યું – તમે કેટલા વર્ષ પહેલા શેઠને ત્યાં થેલી રાખી હતી ? તેણે પોતાનાં વર્ષ અને દિવસો બતાવી દીધા. મહોરોની તપાસ કરતાં ખ્યાલ આવ્યો કે તે મહોરો તો નવી તાજેતરમાં બની હતી. ન્યાયાધીશે સમજી લીધું કે મહોરો બદલાઈ ગયેલ છે. તેઓએ શેઠને બોલાવીને કહ્યું – શેઠજી ! આ મહોરો ખરેખર તમારે ત્યાં બદલાઈ ગઈ છે માટે સાચી મહોરો તેને આપી દો, નહીંતર તમને દંડ દેવામાં આવશે. શેઠે પેલા માણસની સાચી મહોર પાછી આપી દીધી. આ છે ન્યાયાધીશની ઔત્પાતિક બુદ્ધિનું ઉદાહરણ.

**(૨૨) સોનામહોર :-** કોઈ એક માણસ એક સંન્યાસીને ત્યાં એક હજાર સોનામહોરની થાપણ રાખીને વિદેશ ગયો. થોડા સમય બાદ પોતાના ઘરે આવીને પછી તે સંન્યાસી પાસે પોતાની થાપણ લેવા ગયો. પેલો સંન્યાસી આજે દઈશ, કાલે દઈશ એમ કહેતો, પણ તેની થાપણ આપતો નહીં. પેલો માણસ ચિંતામાં રહેતો કે આ સંન્યાસી પાસેથી મારી થાપણ કેવી રીતે કઢાવવી.

સંયોગવશ એક દિવસ તેને એક જુગારી મળ્યો. વાતચીત કરતાં કરતાં તેણે પોતાની સોનામહોર વિષે વાત કરી. જુગારીએ કહ્યું – હું તમારી સોનામહોર તેની પાસેથી કઢાવી આપીશ. પછી તે કંઈક સંકેત કરીને ચાલ્યો ગયો. બીજા દિવસે જુગારી ગેરૂ રંગના કપડા પહેરીને સંન્યાસીનો વેશ ધારણ કરીને પેલા ભિક્ષુની પાસે ગયો. ત્યાં જઈને તેણે ભિક્ષુને કહ્યું – મારી પાસે થોડીક સોનાની ખીંટીઓ છે તે આપ મારી થાપણ રૂપે રાખો. હું વિદેશથી આવીને પાછી લઈ જઈશ. આપ સત્યવાદી



મહાત્મા છો એટલે હું આપની પાસે મારી આ થાપણ રાખવા ઈચ્છું છું. એવી વાત કરતા હતા ત્યાં પેલા માણસે જુગારીના સંકેતાનુસાર સંન્યાસી પાસે આવીને કહ્યું – મહાત્માજી મારી હજાર સોનામહોરની થેલી મને આપો મારે આજે જોઈએ છે.

ભિક્ષુ પેલી સોનાની ખીંટીઓના લોભે અને સંન્યાસી પાસે અપયશ ન ફેલાય આટલા ખાતર ઘરમાં જઈને હજાર સોનામહોરની થેલી લઈ આવ્યો અને થેલીના માલિકને તેણે આપી દીધી. ત્યારબાદ વેશધારી સંન્યાસીએ પેલા ભિક્ષુને કહ્યું – થોડીવાર ખમો, મારે એક જરૂરી કામ માટે અત્યારે જવું પડશે. હું મારું કામ કરીને પછી આ સોનાની ખીંટીઓ આપને ત્યાં મૂકવા આવીશ. એમ કહીને વેષધારી સંન્યાસી ત્યાંથી ચાલ્યો ગયો. વેષધારી સંન્યાસી જુગારીની ઔત્પાતિક બુદ્ધિના કારણે પેલાની હજાર સોનામહોર મળી ગઈ.

**(૨૩) ચેટકનિધાન :-** એક ગામમાં બે મિત્રો રહેતા હતા. પરસ્પર બન્નેનો ગાઢ પ્રેમ હતો. એક વાર બન્ને મિત્રો ગામની બહાર જંગલમાં ગયા. ત્યાં એક ઝાડ નીચે બેઠા હતા. ઓચિંતાની તેઓની નજર એક ખાડા પર પડી. ત્યાં તેઓએ સુવર્ણથી ભરેલ એક ચરુ જોયો. બન્નેએ ખાડો ખોદીને ચરુ બહાર કાઢ્યો. તેઓ બન્ને કહેવા લાગ્યા કે આપણે કેવા ભાગ્યશાળી છીએ કે આપણને અચાનક પુષ્કળ ધન મળી ગયું. પણ એક માયાવી મિત્રે કહ્યું – આપણે આ ધનને આજે અહીં જ દાટી દઈએ. કાલે શુભ દિવસ અને શુભ નક્ષત્ર છે માટે આપણે બન્ને કાલે અહીં આવીને આ ધન લઈ જઈશું.

પેલો મિત્ર સરળ હતો. તેણે કહ્યું – ભલે. પછી બન્ને મિત્રો ધન દાટીને પોતાના ઘરે ગયા. માયાવી મિત્ર તે જ રાતના જંગલમાં જ્યાં ધન દાટ્યું હતું ત્યાં ગયો. તેણે ખાડો ખોદીને બધું ધન કાઢી લીધું અને ચરુમાં કોલસા ભરીને ફરી ત્યાં દાટી દીધો. બધું ધન લઈને પોતાના ઘરમાં મૂકી દીધું. બીજા દિવસે બન્ને મિત્રો મળીને જંગલમાં ધન લેવા ગયા, ખાડો ખોદીને ચરુ કાઢ્યો તો અંદરથી કોલસા નીકળ્યાં. કપટી મિત્ર કોલસાને જોઈને છાતીફાટ રુદન કરવા લાગ્યો અને બોલવા લાગ્યો આપણે કેવા કમનસીબ ? દેવે આપણને દ્રવ્ય આપ્યું અને પાછું છીનવી લીધું. એમ વારંવાર કહેતો કહેતો જીણી નજરે તે સરળ મિત્ર સામુ જોતો હતો. સરળ મિત્રે કહ્યું – આમ રોવાથી ધન નહીં મળે. સરળ મિત્ર સમજી ગયો હતો કે આ કપટીએ જ ધન કાઢીને એમાં કોલસા ભરી દીધા છે. છતાં તેને સમજાવીને બન્ને પોતપોતાના ઘરે ગયા.

થોડા દિવસ પછી સરળ મિત્રે કપટી મિત્રની એક મૂર્તિ બનાવી. પછી એ મૂર્તિ પોતાના ઘરે રાખી. ત્યારબાદ તેણે બે વાંદરા પાળ્યા. પછી એ વાંદરાઓને ખાવા યોગ્ય પદાર્થોની થેલી મૂર્તિના મસ્તક પર, ખંભા પર, હાથ પર, પગ પર રાખી દેતો હતો. વાંદરાઓ મૂર્તિ પરથી પોતાનો ખોરાક ખાઈને તે પ્રતિમા પર નાચ-કૂદ વગેરે ક્રિયા કરતા હતા. એ પ્રતિમાની સકલથી બન્ને વાંદરાઓ જાણીતા થઈ ગયા.

એક દિવસ તહેવારના દિવસે સરળ મિત્રે કપટી મિત્રનાં બન્ને દીકરાને જમવાનું કહ્યું. કપટી મિત્રે તેનું આમંત્રણ સ્વીકારીને બન્ને દીકરાઓને તેના ઘરે જમવા

મોકલ્યા. સરળ મિત્રે બન્નેને ખૂબ પ્રેમથી જમાડ્યા પછી અન્ય સ્થાન પર સુખપૂર્વક સંતાડી દીધા.

સાંજનો સમય થતાં કપટી મિત્ર પોતાના બન્ને બાળકોને લેવા માટે આવ્યો, તેને આવતો જોઈને ભોળા મિત્રે જે જગ્યાએ પેલાની મૂર્તિ રાખી હતી એ ત્યાંથી લઈ લીધી અને એ જ જગ્યાએ શેત્રંજી પાથરીને તેને ત્યાં બેસાડ્યો. પછી ઘરમાં જઈને બન્ને વાંદરાઓને તેણે છૂટા કર્યા. બન્ને વાંદરાઓ સીધા કપટી મિત્રના મસ્તક પર, હાથ પર, પીઠ પર, પગ પર ચડીને મસ્તી કરવા લાગ્યા. કપટી મિત્રે કહ્યું – આ વાંદરાઓ મારા પર અત્યંત પ્રેમ કેમ કરે છે ? સરળ મિત્રે કહ્યું – એ બન્ને આપના પુત્રો છે. મારા ઘેર આવીને જમ્યા પછી એ બન્ને વાંદરાઓ બની ગયા છે. એ આપના પુત્રો હોવાથી પરિચિત છે માટે આપના શરીર પર નાચ-કૂદ કરે છે. માયાવીએ કહ્યું – શું મનુષ્ય પણ વાંદરા બની શકે ? ભોળા મિત્રે કહ્યું – જો સુવર્ણ કોલસા બની શકે તો માણસ પણ વાંદરા બની શકે છે.

માયાવીએ વિચાર્યું કે મારા આ ભોળા મિત્રને મારી ચાલની ખબર પડી ગઈ છે. જો હું શોર મચાવીશ તો તે રાજાને કહી દેશે. રાજા મને પકડી લેશે, દંડ કરશે, બધું ધન લઈ જશે અને મારા દીકરાઓ પણ ફરી મનુષ્ય નહીં થાય. એમ વિચારીને તેણે પોતાના મિત્રને બધી સત્ય વાત કરી દીધી અને ધનનો અર્ધો ભાગ પણ તેને આપી દીધો. સરળ મિત્રે બન્ને વાંદરાઓને ઘરમાં જઈને બાંધી દીધા અને જે સ્થળે કપટી મિત્રના બે પુત્રો રાખ્યા હતા ત્યાંથી લાવીને તેને સોંપી દીધા. આ સરળ મિત્રની ઔત્પાતિક બુદ્ધિનું ઉદાહરણ છે.

**(૨૪) શિક્ષા-ધનુર્વેદ :-** કોઈ એક ગામમાં એક માણસ ધનુષ્ય વિદ્યામાં બહુ નિપુણ હતો. એક વખત ચાલતાં ચાલતાં તે કોઈ એક શહેરમાં પહોંચ્યો. ત્યાંના લોકોને તેની કળા તથા હોંશિયારીની ખબર પડી એટલે ઘણા શ્રીમંત લોકોના દીકરાઓ તેની પાસે ધનુર્વિદ્યા શીખવા માટે આવ્યાં. કલાચાર્યે તે બધાંને પ્રેમપૂર્વક ધનુર્વિદ્યા શીખડાવી. વિદ્યા શીખી લીધા પછી બધા ધનિક પુત્રોએ કલાચાર્યને ઘણું ધન દક્ષિણામાં આપ્યું. વિદ્યાર્થીઓના પારિવારિકજનોને આ વાતની જાણ થતાં, તેઓને ક્રોધ આવ્યો. તેઓએ મળીને નક્કી કર્યું કે કલાચાર્ય જ્યારે અહીંથી તેના ઘરે જવા માટે નીકળે ત્યારે આપણે તેને માર મારીને બધું ધન લઈ લેવું આ વાતની કોઈપણ પ્રકારે ધનુર્વિદ્યાના ધારક કલાચાર્યને ખબર પડી ગઈ. પછી તેણે એક યોજના બનાવી.

પ્રથમ તેમણે પોતાના ગામમાં રહેનાર બંધુઓને સમાચાર મોકલ્યા કે હું અમુક દિવસે અથવા અમુક રાત્રિના થોડાક છાણના ગોળ ગોળ પિંડાઓ નદીમાં રવાના કરીશ. એને તમે કાઢીને ઘરમાં રાખી દેજો. ત્યારબાદ તેમણે પોતાનું સઘળું દ્રવ્ય છાણમાં નાખીને થોડાક પિંડો બનાવ્યા. પછી તેને સૂકવીને રાખી દીધા.

એક દિવસ તેણે વિદ્યાર્થીઓને બોલાવીને કહ્યું – અમારા કુળની એવી પરંપરા છે કે જ્યારે શિક્ષા સમાપ્ત થઈ જાય ત્યારે કોઈ પર્વના શુભ દિવસે સ્નાન કરીને





મંત્ર ઉચ્ચારણ કરતાં કરતાં છાણના સૂકા પિંડને નદીમાં પ્રવાહિત કરવામાં આવે એ માટે અમુક રાત્રિના આ કાર્ય કરવામાં આવશે.

નિશ્ચિત કરેલી રાત્રિએ કલાચાર્યે અને સર્વે વિદ્યાર્થીઓએ મંત્રોચ્ચારણ કરતાં કરતાં સૂકા છાણના પિંડોને નદીમાં રવાના કરી દીધા. એ પિંડાઓ નિશ્ચિત સ્થાન પર પહોંચ્યા એટલે કલાચાર્યના બંધુજનોએ તેને સુરક્ષિત રીતે કાઢીને પોતાના ઘરમાં રાખી દીધા.

થોડો સમય વ્યતીત થયા બાદ એક દિવસ કલાચાર્યે વિદ્યાર્થીઓને તથા તેના સંબંધીઓને કહ્યું – આજે હું મારા ઘરે જવા માટે રવાના થાઉં છું. કલાચાર્યના શરીર પર ફક્ત એક જ વસ્ત્ર જોઈને વિદ્યાર્થીઓના અભિભાવકોએ વિચાર્યું કે તેમની પાસે કાંઈ છે નહીં માટે તેને લૂંટવા કે મારવા જેવું કાંઈ છે નહીં. કલાચાર્ય પોતાની ઔત્પાતિક બુદ્ધિના પ્રભાવે સકુશળ પોતાના ઘરે પહોંચી ગયા. તેમણે ઘેર જઈને પેલા છાણના પિંડોનો ભૂકો કરીને જોયું તો પોતાનું ધન બરાબર નીકળ્યું.

**(૨૫) અર્થશાસ્ત્ર નીતિશાસ્ત્ર :-** એક વણિકને બે પત્ની હતી. એકને એક પુત્ર હતો અને બીજી સ્ત્રી વંધ્યા હતી. બન્ને માતાઓ પુત્રનું પાલન પોષણ બરાબર કરતી હતી. તેથી બાળકને ખબર ન હતી કે મારી સગી માતા કોણ છે ? એકવાર વણિક પોતાની બન્ને પત્ની તથા બાળકને લઈને ભગવાન સુમતિનાથના નગરમાં ગયા. પરંતુ ત્યાં ગયા પછી વણિકનું મૃત્યુ થઈ ગયું. તેથી બન્ને પત્નીઓમાં સંપૂર્ણ ધન વૈભવ તથા પુત્ર માટે વિવાદ થવા લાગ્યો. કેમકે જેનો પુત્ર હતો એ જ માતાનો સંપૂર્ણ વૈભવ તથા બાળક પર અધિકાર હતો પણ વંધ્યા તેને દેવા ઈચ્છતી ન હતી. તેઓ બન્ને સ્ત્રીઓનો વિવાદ આગળ વધતાં વધતાં રાજ દરબારમાં પહોંચ્યો પણ કાંઈ ફેંસલો ન થયો. પરંતુ એ વિવાદ મહારાણી સુમંગલાએ સાંભળ્યો. એ સમયે તે ગર્ભવતી હતી. તેણીએ બન્ને વણિક પત્નીઓને પોતાની પાસે બોલાવીને કહ્યું – થોડા સમય બાદ મારા ઉદરમાંથી પુત્નો જન્મ થશે તે અમુક અશોક વૃક્ષની નીચે બેસીને તમારો વિવાદ દૂર કરશે. ત્યાં સુધી તમે બન્ને આનંદપૂર્વક અહીં રહો.

ભગવાન સુમતિનાથની માતા સુમંગલાની વાત સાંભળીને વણિકની વંધ્યા સ્ત્રીએ વિચાર્યું કે ''હજુ તો મહારાણીએ પુત્રનો જન્મ પણ નથી આપ્યો, પુત્ર જન્મ થશે પછી એ મોટો થશે. ત્યાં સુધી તો અહીં આનંદથી રહી શકાશે. પછી જે થશે તે જોઈશું.'' આમ વિચારીને તેણીએ તરત જ સુમંગલાની વાતનો સ્વીકાર કરી લીધો. તેની મુખાકૃતિ જોઈને મહારાણી સુમંગલાએ જાણી લીધું કે બાળકની માતા આ નથી. પછી તે વંધ્યા સ્ત્રીને તિરસ્કૃત કરીને ત્યાંથી કાઢી મૂકી અને બાળક અસલી માતાને સોંપી, તેણીને ગૃહસ્વામિની બનાવી દીધી. આ ઉદાહરણ માતા સુમંગલાદેવીની અર્થશાસ્ત્ર વિષયક ઔત્પાતિક બુદ્ધિનું છે.

**(૨૬) ઈચ્છાયમહં :-** કોઈ એક નગરમાં એક શેઠ રહેતા હતા. ઓચિંતાનું તેનું મૃત્યુ થયું. તેથી શેઠાણી બહુ પરેશાન થઈ ગઈ. કેમકે શેઠ દ્વારા વ્યાજે આપેલી રકમ તે વસુલ કરી શકતી ન હતી. એકવાર તેણીએ શેઠના મિત્રને બોલાવીને કહ્યું

– મહાનુભાવ ! કૃપા કરીને આપ શેઠે આપેલી વ્યાજ આદિની રકમ મને વસુલ કરી આપો. શેઠનો મિત્ર બહુ સ્વાર્થી હતો. તેણે કહ્યું – હું શેઠનું ધન વસુલ કરી દઉં તો તમે મને કેટલું ધન આપશો ? શેઠાણીએ કહ્યું – તમે જે ઈચ્છો તે મને આપજો. ત્યારબાદ શેઠના મિત્રે શેઠના રૂપિયા વગેરે બધી રકમ વસૂલ કરી લીધી. પરંતુ તે શેઠાણીને ઓછું દેવા ચાહતો હતો, પોતાને વધારે રકમ જોઈતી હતી.

આ વાતની શેઠાણીને ખબર પડી એટલે બન્ને વચ્ચે વિવાદ શરૂ થયો. છેવટે ન્યાયાલયમાં એ વિવાદ પહોંચ્યો. ન્યાયાધીશે બન્નેની વાત સાંભળીને શેઠના મિત્રને હુકમ કર્યો કે તમે બધુ ધન અહીં લઈ આવો. પછી ન્યાયાધીશે તેના બે ઢગલા તૈયાર કરાવ્યા. એક ઢગલો મોટો બનાવ્યો અને બીજો ઢગલો નાનો બનાવ્યો. ત્યારબાદ ન્યાયાધીશે શેઠના મિત્રને પૂછ્યું – આ બે ઢગલામાંથી તમે કયો ઢગલો લેવા ઈચ્છો છો ? મિત્ર શેઠે તુરત જવાબ આપ્યો – હું મોટો ભાગ (ઢગલો) લેવા ઈચ્છું છું. ન્યાયાધીશે શેઠના મિત્રની વાતને પકડી લીધી અને કહ્યું – શેઠાણીએ તમને શું કહ્યું હતું ? તમે જે ચાહો તે મને આપજો. શેઠાણીના શબ્દો પ્રમાણે તમે મોટા ઢગલાને ચાહો છો એ રકમ શેઠાણીને આપવામાં આવે છે અને નાનો ઢગલો તમારે લેવાનો છે. શેઠનો મિત્ર માથું કૂટતો નાનો ઢગલો લઈને ચુપચાપ ચાલ્યો ગયો. ન્યાયાધીશની ઔત્પાતિક બુદ્ધિનું આ ઉદાહરણ છે.

**(૨૭) શતસહસ્ર :-** એક ગામમાં એક પરિવ્રાજક રહેતો હતો. તેની પાસે એક મોટું ચાંદીનું વાસણ હતું. એ વાસણનું નામ તેણે ''ખોરક'' રાખ્યું. એ પરિવ્રાજક બહુ બુદ્ધિમાન હતો. તે જે કોઈ વાત એકવાર સાંભળે તે પોતાની કુશાગ્ર બુદ્ધિથી અક્ષરશઃ યાદ રાખતો હતો. પોતાની પ્રજ્ઞાના અભિમાનથી તેણે સર્વજનોની સમક્ષ પ્રતિજ્ઞા કરી કે જે વ્યક્તિ મને અશ્રુતપૂર્વ અર્થાત્ પહેલાં નહિ સાંભળેલી વાત સંભળાવશે તો, તેને હું મારું આ ચાંદીનું વાસણ આપી દઈશ.

પરિવ્રાજકની આ પ્રતિજ્ઞા સાંભળીને ચાંદીના વાસણના લોભે ઘણા માણસો તેની પાસે આવ્યા. તે દરેકે નવી નવી વાતો સંભળાવી પરંતુ આગંતુક જે વાત સંભળાવે તે પરિવ્રાજક અક્ષરશઃ અનુવાદ કરીને તે જ સમયે સંભળાવી દેતો અને કહેતો કે આ વાત મેં સાંભળી છે. જો મેં સાંભળી ન હોય તો હું તમને અક્ષરશઃ કેવી રીત બતાવી શકું ? લોકોમાં પ્રસિદ્ધિ થઈ કે આવી કુશાગ્ર બુદ્ધિ અમે કોઈનામાં જોઈ નથી. પરિવ્રાજકની બુદ્ધિની ચારે બાજુ પ્રશંસા થવા લાગી.

આ વાત એક સિદ્ધપુત્રે સાંભળી. તેણે કહ્યું – હું પરિવ્રાજકને એક વાત એવી કહીશ જે વાત તેણે ક્યારે ય પણ સાંભળી નહીં હોય. સિદ્ધપુત્રની વાત સાંભળીને રાજાએ પોતાના દરબારમાં સભાજનોને બોલાવ્યા. પરિવ્રાજકને પણ ત્યાં બોલાવ્યો. પરિવ્રાજકની સામે સિદ્ધપુત્રે વાત કરવાની શરૂઆત કરી.

તમારા પિતાને મારા પિતાએ પૂરા એક લાખ રૂપિયા આપ્યા હતા. જો આ વાત તમે પહેલા સાંભળી હોય તો તમારા પિતાનું એક લાખ રૂપિયાનું કરજ ચૂકવી દો અને જો વાત ન સાંભળી હોય તો આપની પ્રતિજ્ઞા અનુસાર ચાંદીનું વાસણ (ખોરક) મને



આપી દો.

બિચારો પરિવ્રાજક પોતાની ફેલાવેલી જાળમાં પોતે જ ફસાઈ ગયો. તે એમ કહે કે મેં આ વાત પહેલાં સાંભળી છે તો તેને લાખ રૂપિયા આપવા પડે. તેને લાખ રૂપિયા તો આપવા ન હતા તેથી તેણે પોતાનો પરાજય સ્વીકારી લીધો અને ચાંદીનું વાસણ સિદ્ધપુત્રને આપી દીધું. આ સિદ્ધપુત્રની ઔત્પાતિક બુદ્ધિનું ઉદાહરણ.

ઔત્પાતિક બુદ્ધિના આ ૨૭ દૃષ્ટાંતો મૂળ પાઠ પ્રમાણે પુરા થયા.

**● સૂત્ર-૧૦૧ થી ૧૦૩ :-**

***[૧૦૧] વિનયથી ઉત્પન્ન થયેલી બુદ્ધિ કાર્યભારના નિસ્તરણ અર્થાત્ વહન કરવામાં સમર્થ હોય છે. ત્રિવર્ગ એટલે ધર્મ, અર્થ, કામનું પ્રતિપાદન કરનાર, સૂત્ર તથા અર્થને ગ્રહણ કરવામાં પ્રધાન-કુશળ તેમજ આ લોક અને પરલોકમાં સુંદર ફળ દેનારી વૈનયિકી બુદ્ધિ હોય છે.***

***[૧૦૨] (૧) નિમિત્ત (૨) અર્થશાસ્ત્ર (૩) લેખ (૪) ગણિત (૫) કૂવો (૬) અશ્વ (૭) ગધેડો (૮) લક્ષણ (૯) ગ્રંથિ (૧૦) અગડ, કૂવો (૧૧) રથિક (૧૨) ગણિકા [૧૦૩] (૧૩) શીતાશાટી-ભીનું ધોતિયું (૧૪) નીવોદક (૧૫) બળદોની ચોરી, અશ્વનું મરણ, વૃક્ષથી પડવું, એ વૈનયિકી બુદ્ધિના ઉદાહરણ છે.***

**● વિવેચન-૧૦૧ થી ૧૦૩ :-**

**(૧) નિમિત્ત :-** કોઈ એક નગરમાં એક સિદ્ધ પુરુષ રહેતા હતા. તેને બે શિષ્યો હતા. સિદ્ધ પુરુષે તે બન્નેને એક સરખો નિમિત્ત શાસ્ત્રનો અભ્યાસ કરાવ્યો. બે શિષ્યમાંથી એક શિષ્ય બહુ વિનયવાન હતો. ગુરુ જે આજ્ઞા કરે તેનું તે યથાવત્ પાલન કરતો હતો. તેમજ ગુરુ જે કાંઈ શીખવાડે તેના પર તે નિરંતર ચિંતન મનન કરતો હતો. ચિંતન કરતાં કરતાં તેને જે વિષયમાં શંકા ઉત્પન્ન થતી તેને સમજવા માટે પોતાના ગુરુની સમક્ષ ઉપસ્થિત થતો અને વિનયપૂર્વક વંદન નમસ્કાર કરીને શંકાનું સમાધાન કરતો હતો. પરંતુ બીજો શિષ્ય અવિનીત હતો. તે વારંવાર ગુરુને પૂછવામાં પણ પોતાનું અપમાન સમજતો હતો. પ્રમાદના કારણે તે ભણેલ વિષયનું ચિંતન પણ કરતો નહીં. તેથી તેનો અભ્યાસ અપૂર્ણ અને દોષપૂર્ણ રહી ગયો જ્યારે વિનીત શિષ્ય સર્વગુણ સંપન્ન તેમજ નિમિત્ત શાસ્ત્રમાં પારંગત થઈ ગયો.

એક વાર ગુરુની આજ્ઞાથી બન્ને શિષ્યો કોઈ એક ગામમાં જઈ રહ્યા હતા. માર્ગમાં તેઓએ મોટા મોટા પગના ચિહ્નો જોયા. અવિનીત શિષ્યે પોતાના ગુરુભાઈને કહ્યું – લાગે છે કે આ પગના ચિહ્ન કોઈ હાથીના હોય. ઉત્તર દેતા બીજો શિષ્ય બોલ્યો – ના, એ પગના ચિહ્ન હાથણીના છે. એ હાથણી ડાબી આંખે કાણી હશે એટલું જ નહીં એ હાથણી પર કોઈ રાણી સવારી કરતી હશે. એ રાણી સૌભાગ્યવતી હશે તેમજ ગર્ભવતી હશે. એ રાણી એક બે દિવસમાં જ પુત્રને જન્મ આપશે.

ફક્ત પગનો આકાર જોઈને આટલી બધી વાત કહી શકે ? અવિનીત શિષ્યની આંખો કપાળ પર ચઢી ગઈ. તેમણે વિનીત શિષ્યને પૂછ્યું – આટલી બધી વાતો તમે શેના આધારે કહી શકો છો ? વિનીત શિષ્યે કહ્યું – ભાઈ ! થોડું આગળ

ચાલવાથી તને સ્પષ્ટ સમજાય જશે. એ સાંભળીને અવિનીત શિષ્ય ચૂપ થઈ ગયો. બન્ને ચાલતાં ચાલતાં થોડા સમયમાં નિર્ણય કરેલા ગામ સુધી પહોંચી ગયા. ત્યાં તેઓએ જોયું તો ગામની બહાર એક વિશાળ સરોવરના કાંઠા પર સુખી સંપન્ન વ્યક્તિનો પડાવ પડ્યો હતો. તંબૂઓની એક બીજુ ડાબી આંખથી કાણી એક હાથણી બાંધેલી હતી. એ જ વખતે બન્ને શિષ્યોએ એ પણ જોયું કે એક દાસી તંબૂમાંથી બહાર નીકળી, તેણે એક પ્રભાવશાળી વ્યક્તિને કહ્યું – મંત્રીવર ! મહારાજાને જઈને વધાઈ આપો કે રાણીએ રાજકુમારને જન્મ આપ્યો છે.

આ બધું જોઈને વિનીત શિષ્યે કહ્યું – જોયું ને ? ડાબી આંખે કાણી હાથણી અહીં બાંધી છે. સૌભાગ્યવતી અને ગર્ભવતી રાણીએ રાજકુમારને જન્મ આપ્યો છે. એ જ રાણી આ હાથમી પર સવાર બની હતી અને તેણી જમીન પર હાથનો ટેકો દઈને ઊભી થઈ હતી. અવિનીત શિષ્યે વ્યંગમાં વિનીતને કહ્યું - હા, તારું જ્ઞાન સાચું છે. ત્યારબાદ બન્ને જણા તળાવમાં હાથ પગ ધોઈને એક વડલાના ઝાડ નીચે વિસામો લેવા બેઠા. એ જ વખતે એક વૃદ્ધા મસ્તક પર પાણીનો ઘડો રાખીને તેઓની સામે ઊભી રહી. ત્યાં ઊભીને વૃદ્ધા વિચારે છે – આ બન્ને વિદ્વાન હોય એવું લાગે છે. માટે હું મારા પુત્ર વિષે આ પંડિતોને પ્રશ્ન પૂછીશ. એમ વિચારીને વૃદ્ધાએ પ્રશ્ન પૂછ્યો કે મારો પુત્ર વિદેશ ગયો છે તે ક્યારે આવશે ? પ્રશ્ન પૂછ્યો કે તરત જ વૃદ્ધાના શિર પર રહેલો પાણીનો ઘડો નીચે પડી ગયો. ઘડો જમીન પર પડ્યો કે તરત જ ઘડાના ટુકડે ટુકડા થઈ ગયા અને પાણી માટીમાં મળી ગયું. એ જ વખતે અવિનીત શિષ્યે કહ્યું – બુઢિયા ! તારો પુત્ર ઘડાની જેમ મૃત્યુ પામ્યો છે. એ સાંભળીને વૃદ્ધાનો જીવ અદ્ધર પડી ગયો. ત્યારે વિનીત શિષ્યે કહ્યું – માજી ! તમે ચિંતા ન કરો. તમારો પુત્ર ઘરે આવી ગયો છે, એ તમારી રાહ જુએ છે, માટે તમે શીઘ્ર ઘરે જાઓ. વિનીત શિષ્યની વાત સાંભળીને માજીના શરીરમાં પ્રાણ આવ્યા. તે તરત જ ઘરે ગયા. ત્યાં તેનો દીકરો ખરેખર રાહ જોતો હતો. પુત્રએ માતાના ચરણમાં નમસ્કાર કર્યા. માતા પુત્રને ભેટી પડી. પછી તેણીએ વિનીત શિષ્યે બતાવેલી વાત કરી. ત્યારબાદ માતા પુત્રને લઈને વિનીત શિષ્યની પાસે ગઈ અને તેના ચરણમાં અમુક રૂપિયા તથા વસ્ત્રયુગલ ભેટ રૂપે અર્પણ કર્યા અને શતશઃ આશીર્વાદ આપ્યા.

અવિનીત શિષ્ય પોતાના ગુરુભાઈની વાત સાચી પડી, તેથી ક્રોધિત થયો અને મનમાં વિચારવા લાગ્યો. આ બધું ગુરુજીના પક્ષપાતનું કારણ છે. ગુરુજીએ મને દિલ દઈને જ્ઞાન આપ્યું નથી. પછી જે કામ માટે ગુરુજીએ તેઓને મોકલ્યા હતા એ કામ પૂર્ણ થતાં તેઓ બન્ને ફરી ગુરુજીની પાસે આવ્યા. ત્યાં જઈને વિનીત શિષ્ય આનંદાશ્રુ વહાવતો ગદ્ગદ્ ભાવથી ગુરુના ચરણોમાં ઝુકી ગયો પરંતુ અવિનીત શિષ્ય ઠૂંઠાની જેમ ઊભો રહ્યો. એ જોઈને ગુરુદેવે તેના સામું જોઈને પૂછ્યું – તને શું થયું છે ? અવિનીત શિષ્યે કહ્યું – આપે મને બરાબર ભણાવ્યો નથી એટલે મારી વાત ખોટી પડે છે અને આને તમે દિલ દઈને ભણાવ્યો છે એટલે તેની વાત સાચી પડે છે. આપે પક્ષપાત કર્યો છે.



ગુરુજી તેની વાત સાંભળીને ચકિત થઈ ગયા પણ કાંઈ સમજ ન પડવાથી તેણે વિનીત શિષ્યને પૂછ્યું – વત્સ ! શું વાત છે ? કઈ ઘટનાથી તારા ગુરુભાઈના મનમાં આવો વિચાર આવ્યો છે ? વિનીત શિષ્યે માર્ગમાં જે જે ઘટના બની તે કહી સંભળાવી. ગુરુએ વિનીત શિષ્યને પૂછ્યું – એ બન્ને વાતની જાણકારી તને કેવી રીતે થઈ ? શિષ્યે કહ્યું – ગુરુદેવ ! આપના ચરણની કૃપાથી જ મેં વાત બતાવી હતી.

રસ્તામાં એ પ્રાણીએ પેશાબ કર્યો હતો તેની આકૃતિથી મેં જાણ્યું કે હાથી નહીં પણ હાથણી હશે, માર્ગમાં જમણી બાજુ ઘાસ પત્રાદિ ખાધેલાં હતાં, ડાબી બાજુ ખાધેલાં ન હતાં. તેથી મેં કહ્યું એ હાથણી ડાબી બાજુ કાણી હશે. ઘણા જનસમૂહની સાથે આરૂઢ થઈને જનાર વ્યક્તિ રાજકીય જ હોય શકે. એ જાણ્યા પછી હાથી પરથી ઉતરીને લઘુશંકા જનાર વ્યક્તિના પગના ચિહ્ન જોઈને મેં વિચાર્યું કે રાણી હશે તેમજ જમણો હાથ ભૂમિ પર ટેકાવીને એ ઊભી થઈ હશે તેથી મેં જાણ્યું એ ગર્ભવતી હશે. ત્યાંના ઝાડની ડાળી પર રેશમી લાલ તંતુ ફસાઈ ગયેલા જોઈને મેં વિચાર્યું એ સૌભાગ્યવતી હશે. તેના જમણા પગની આકૃતિ થોડીક વજનયુક્ત જોઈને મેં કહ્યું – તે રાણી ટૂંક સમયમાં જ પુત્રનો જન્મ આપશે. અમે થોડેક દૂર ગયા ત્યાં એક હાથણી બાંધેલી હતી. તે ડાબી આંખે કાણી હતી. તંબૂમાંથી એક દાસી મંત્રીને સમાચાર આપતી હતી કે રાજાજીને વધાઈ આપો કે રાણીબાએ પુત્રનો જન્મ આપ્યો છે. આ રીતે આપશ્રીના આશીર્વાદથી મારી દરેક વાત સાચી પડે છે.

બીજી વાત એક વૃદ્ધા સ્ત્રીની હતી. તે વૃદ્ધા એ અમને પ્રશ્ન કર્યો કે મારો પરદેશ ગયેલો દીકરો ફરી ક્યારે આવશે ? એ જ સમયે તેના મસ્તક પરથી પાણીનો ભરેલો ઘડો ભૂમિ પર પડી ગયો. ઘડાના સેંકડો ટુકડા થઈ ગયા અને પાણી બધું એ માટીમાં સમાઈ ગયું. તેથી મેં વિચાર્યું કે માટીથી માટલી બની હતી અને માટીમાં ફરી મળી ગઈ તેથી મેં જાણ્યું કે જે માતાએ પુત્રને જન્મ આપ્યો હતો તે માતાને પુત્ર મળી જશે. માજી ઘરે ગયા તો ખરેખર તેનો પુત્ર તેની રાહ જોતો હતો. આપની કૃપાથી આ વાત પણ મારી સાચી પડી.

શિષ્યની વાત સાંભલીને ગુરુજી અત્યંત ખુશ થયાં અને તેની પ્રશંસા કરી કે આ વિનીત શિષ્યે જ્ઞાનને પચાવ્યું છે. અવિનીત શિષ્યને ગુરુએ કહ્યું – તું મારી આજ્ઞાનું પાલન કરતો નથી તેમજ શીખેલ અધ્યયન વિષે ચિંતન-મનન પણ કરતો નથી, પછી તને સમ્યગ્જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત થાય ? હું તો તમો બન્નેને સદા સાથે બેસીને જ શીખડાવું છું મારી કોઈ કચાશ નથી પણ વિદ્યા વિનયથી શોભે છે વિનયથી પાત્રતા, સુયોગ્યતા વગેરે ગુણો પ્રાપ્ત થાય છે. તારામાં વિનયનો અભાવ છે એટલે તારું જ્ઞાન ખોટું પડે છે. ગુરુની હિત શિક્ષા સાંભળીને અવિનીત શિષ્ય લજ્જિત થઈને મૌન રહ્યો. આ વૈનયિકી બુદ્ધિનું ઉદાહરણ વિનીત શિષ્યનું છે.

**(૨) અત્થસત્થ :-** અર્થશાસ્ત્ર પર કલ્પક મંત્રીનું ઉદાહરણ છે. ટીકાકારે ફક્ત તેનું નામ જ આપેલ છે. તેથી તેનું વિવરણ ઉપલબ્ધ નથી.

**(૩) લેખ :-** લિપિનું જ્ઞાન પણ વિનયવાન શિષ્યને જ હોય છે. આ પણ

વૈનયિકી બુદ્ધિનું ઉદાહરણ છે પણ તેનું દૃષ્ટાંત શાસ્ત્રકારે લખેલ નથી.

**(૪) ગણિત :-** ગણિતમાં પ્રવીણતા એ પણ વૈનયિકી બુદ્ધિનો ચમત્કાર છે.

**(૫) કૂપ :-** એક ભૂવેત્તા પોતાના ગુરુજીની પાસે જમીન સંબંધી અધ્યયન કરતો હતો. તેણે ગુરુજીની પ્રત્યેક આજ્ઞાને તેમજ તેના શિક્ષણને વિનયપૂર્વક સ્વીકાર્યાં હતાં. તે પોતાના વિષયમાં પૂર્ણ પારંગત થયો. ત્યારબાદ પોતાની વૈનયિકી બુદ્ધિ વડે પ્રત્યેક કાર્યમાં સફળતા પ્રાપ્ત કરતો હતો.

એક વાર કોઈ ખેડૂતને તેને પૂછ્યું – મારે મારા ખેતરમાં કૂવો બનાવવો છે તો કેટલું ઊંડું ખોદવાથી પાણી નીકળશે ? ભૂવેત્તાએ તેનું માપ બતાવ્યું. ખેડૂતે તે પ્રમાણે જમીન ખોદીને કૂવો બનાવ્યો. પરંતુ પાણી નીકળ્યું નહીં. કિસાને ફરી ભૂવેત્તાની પાસે જઈને કહ્યું – આપના નિર્દેશાનુસાર મેં કૂવો ખોદ્યો પણ પાણી નીકળ્યું નહીં. ભૂમિ પરીક્ષકે કૂવાની પાસે જઈ બારીકાઈથી નિરીક્ષણ કર્યું ત્યારબાદ કિસાનને તેણે કહ્યું – તમે જ્યાં ખોદ્યું છે તેની બાજુના ભાગમાં તમારી એડીથી પ્રહાર કરો એટલે પાણી નીકળશે. કિસાને એમ કર્યું. એડીનો સ્પર્શ થયો કે તરત જ પુષ્કળ પાણી નીકળ્યું. કિસાને ભૂવેત્તાની વૈનયિકી બુદ્ધિનો ચમત્કાર જોઈને, તેની ખૂબ જ પ્રશંસા કરી અને સારી એવી રકમ તેણે ભૂવેત્તાને આપી.

**(૬) અશ્વ :-** એક વાર ઘણા વ્યાપારીઓ દ્વારકા નગરીમાં પોતાના ઘોડા વેંચવા માટે ગયા. કેટલાક રાજકુમારોએ મોટા મોટા ભરાવદાર ઘોડાની ખરીદી કરી પરંતુ ઘોડાની પરીક્ષામાં પ્રવીણ એવા વાસુદેવ નામના એક યુવકે દુબળા-પાતળા ઘોડાની ખરીદી કરી.

આશ્ચર્યની વાત એ હતી કે જ્યારે ઘોડાની દોડ હોય ત્યારે વાસુદેવનો જ ઘોડો બધાથી આગળ રહીને પારિતોષિક પ્રાપ્ત કરતો હતો. બાકીના બધા મોટા મોટા અલમસ્તાન ઘોડાઓ પાછળ રહી જતાં હતાં. વાસુદેવે અશ્વ પરીક્ષકની વિદ્યા તેના કલાચાર્ય પાસેથી વિનયપૂર્વક શીખી હતી. વિનયથી બુદ્ધિ તીક્ષ્ણ બને છે અને વિનયથી શીખેલું જ્ઞાન પૂર્ણતાને પ્રાપ્ત કરે છે. આ ઉદાહરણ વૈનયિકી બુદ્ધિનું છે.

**(૭) ગર્દભ :-** કોઈ એક નગરમાં એક યુવાન રાજા રાજ્ય કરતા હતા. તેના મનમાં એક વાત ઠસાઈ ગઈ હતી કે યુવાવસ્થા જ શ્રેષ્ઠ છે. યુવક અધિક પરિશ્રમ કરી શકે છે. એમ વિચારીને તેણે પોતાની સેનાના દરેક અનુભવી તેમજ વૃદ્ધ યોદ્ધાઓને હટાવીને તરુણ યુવકોને પોતાની સેનામાં દાખલ કર્યા.

એકવાર તે રાજા પોતાની જુવાન સેનાની સાથે કોઈ એક રાજ્ય પર આક્રમણ કરવા માટે જઈ રહ્યાં હતાં. ચાલતાં ચાલતાં તેઓ માર્ગ ભૂલી ગયા, એક બિહામણા જંગલમાં ફસાઈ ગયા. ઘણી તપાસ કરી પણ તેમને ક્યાંય રસ્તો મળ્યો નહીં. સૈનિકોને ખૂબ જ તૃષા લાગવાથી જમીન પર આળોટવા લાગ્યાં. પાણી તેમને ક્યાંયથી મળ્યું નહીં. ત્યારે કોઈ એક વ્યક્તિએ રાજાને પ્રાર્થના કરી – મહારાજ અમને આ વિપત્તિમાંથી ઉગરવાનો કોઈ માર્ગ સૂઝતો નથી. કોઈ અનુભવી કે વયોવૃદ્ધ હોય તો આ સંકટમાંથી બચાવી શકે. તેની વાત સાંભલીને રાજાએ એ જ વખતે ઘોષણા



કરાવી – આ સૈન્યમાં કોઈ અનુભવી વ્યક્તિ હોય તો તે અમારી સમક્ષ આવીને અમને સલાહ પ્રદાન કરે.

સૌભાગ્યવશ સેનામાં એક વયોવૃદ્ધ યોદ્ધો છૂપાવેશમાં આવ્યો હતો. તેને તેનો પિતૃભક્ત પુત્ર સૈનિક લાવ્યો હતો. તે રાજાની પાસે આવ્યો. રાજાએ તેને પૂછ્યું – મહાનુભાવ ! મારી સેનાને જળ પ્રાપ્ત થાય એવો ઉપાય બતાવો. વૃદ્ધ પુરુષે થોડીકવાર વિચારીને કહ્યું – મહારાજ ! ગધેડાને છૂટા કરો. તેઓ જ્યાં પણ ભૂમિને સૂંઘે એ ભૂમિમાંથી પાણી નીકળશે. રાજાએ અનુભવીના કહેવા પ્રમાણે કર્યું. ગધેડાએ ભૂમિને જે જગ્યાએ સૂંઘી, ત્યાં રાજાએ તરત જ ખોદાવ્યું તો પુષ્કળ પાણી નીકળ્યું. સૈનિકોએ ત્યાં જઈને પાણી પીધું કે તરત જ શરીરમાં ચેતના આવી ગઈ. રાજા અનુભવીની વૈનયિકી બુદ્ધિ પર ખુશ થયાં.

**(૮) લક્ષણ :-** એક વ્યાપારીએ પોતાના ઘોડાઓની રક્ષા માટે એક વ્યક્તિને રાખેલ અને તેને કહ્યું – તું મારા ઘોડાની રક્ષા કરીશ તો હું તને તારા વેતનમાં બે ઘોડા આપીશ. પેલાએ કબૂલ કર્યું. પ્રતિદિન તે ઘોડાઓની સાર-સંભાળ લેતો હતો. થોડો સમય વ્યતીત થયા બાદ તેને વ્યાપારીની દીકરી સાથે સ્નેહ-સંબંધ જોડાઈ ગયો. સેવક ચતુર હતો તેથી તેણે કન્યાને પૂછી લીધું કે આ બધા ઘોડામાં કયા કયા શ્રેષ્ઠ છે ? કન્યાએ કહ્યું – આ બધા ઘોડા ઉત્તમ જાતિના છે પરંતુ પથ્થરોથી ભરેલ કૂપીઓને વૃક્ષ પરથી નીચે ફેંકવામાં આવે અને તેનો અવાજ સાંભળીને જે ઘોડા ભયભીત ન થાય તે શ્રેષ્ઠ લક્ષણવાન હોય છે. એવા ઘોડા ભાગ્યે જ જોવા મળે છે.

કન્યાના કહેવા મુજબ સેવકે ઉક્ત વિધિ પ્રમાણે દરેક ઘોડાઓની પરીક્ષા કરી તો તેમાંથી બે ઘોડા એવા શ્રેષ્ઠ નીકળ્યાં. સેવકે એ બન્ને ઘોડાની નિશાની યાદ રાખી લીધી. જ્યારે વેતન લેવાનો સમય આવ્યો ત્યારે સેવકે તે વ્યાપારી પાસે પેલા બે ઘોડાની માંગણી કરી. ઘોડાઓનો માલિક સેવકની વાત સાંભળીને મનમાં મૂંઝાવા લાગ્યો. આ સેવક મારા સર્વ શ્રેષ્ઠ લક્ષણયુક્ત ઘોડાઓને લઈ જશે. તેણે કહ્યું – ભાઈ આ ઘોડા કરતા બીજા રુષ્ટ પુષ્ટ અને અધિક સુંદર ઘોડા છે તે તું લઈ જા. પણ સેવક માન્યો નહીં ત્યારે ગૃહસ્વામીએ પત્નીને વાત કરી. ''દેવી ! આ સેવક તો બહુ ચતુર નીકળ્યો. ન જાણે તેને કેવી રીતે આપણા બે પાણીદાર ઘોડાને ઓળખી લીધા ! એને વેતનમાં મેં બે ઘોડા આપવાનું કહ્યું છે એટલે મારાથી ના પણ નહીં કહેવાય. જો તું હા પાડે તો આપણે એને ઘરજમાઈ બનાવી લઈએ.''

પોતાના સ્વામીની એ વાત સાંભળીને સ્ત્રી નારાજ થઈને કહેવા લાગી. શું તમારુ માથું તો નથી ફરી ગયું ને ? નોકરને જમાઈ બનાવવાની વાત કરો છો ? ત્યારે વેપારીએ પોતાની પત્નીને સમજાવી. જો આ સર્વલક્ષણ સંપન્ન બન્ને ઘોડા ચાલ્યા જશે તો આપણને દરેક પ્રકારે નુકશાની થશે. આપણે પણ સેવક બનવાનો વખત આવશે. પરંતુ તેને જમાઈ બનાવી લઈએ તો એ બંને ઘોડા અહીં જ રહેશે અને તે પોતાની કળાથી બીજા ઘોડાઓને પણ ગુણયુક્ત બનાવશે. આ રીતે આપણને દરેક પ્રકારે લાભ થશે. બીજી વાત એ છે – આ અશ્વરક્ષક યુવક સુંદર અને ગુણવાન

તો છે જ. વ્યાપારીની પત્ની પોતાના પતિની વાત સાંભળીને સહમત થઈ ગઈ.

અશ્વના સ્વામીએ ઘરમાંથી બહાર આવીને સેવકને કહ્યું – હું તારી બુદ્ધિ પર પ્રસન્ન થઈને મારી દીકરી સાથે તારા લગ્ન કરવા ઈચ્છું છું. સેવકને જોઈતું હતું તે મળી ગયું. વ્યાપારીની કન્યા સાથે તેના લગ્ન થઈ ગયા. વ્યાપારીએ તેને ઘરજમાઈ રાખી લીધો. જેથી શ્રેષ્ઠ ઘોડાઓ પણ રહ્યા અને ચતુર સેવક પણ રહ્યો. આ ઉદાહરણ વ્યાપારીની વૈનયિકી બુદ્ધિનું છે.

**(૯) ગ્રન્થિ :-** એક વખત પાટલિપુત્ર નગરમાં મુરુંડ નામના રાજા રાજ્ય કરતા હતા. કોઈ એક દિવસે અન્ય રાજાએ તેના રાજ્યમાં ત્રણ વિચિત્ર વસ્તુઓ મોકલી. એક સૂતર મોકલ્યું પણ એનો છેડો ન હતો. બીજી એવી લાકડી મોકલી કે જેમાં ગાંઠ ન હતી. ત્રીજો એવો ડબ્બો મોકલ્યો જેમાં ઢાંકણું ન હતું. આ ત્રણે ય ચીજ પર લાખ એવી રીતે લગાડાયેલ હતી કે કોઈને ખબર ન પડે. રાજાએ રાજસભાને ત્રણે ય વસ્તુ દેખાડી પણ કોઈને સમજ ન પડી.

રાજાએ પાદલિપ્ત આચાર્યને સભામાં બોલાવ્યા અને તેને પૂછ્યું – ભગવન્ ! આપ આ ત્રણ વસ્તુનું સ્વરૂપ બતાવી આપશો ? આચાર્યે કહ્યું – હા. એમ સ્વીકૃતિ આપીને આચાર્યે સભા સમક્ષ ગરમ પાણી મંગાવ્યું તેમાં એમણે સૂતરને ડૂબાડી દીધું તેથી સૂતર પર રહેલી લાખ ઓગળી ગઈ અને સૂતરનો છેડો દેખાવા લાગ્યો. બીજીવાર આચાર્યે ગરમ પાણીમાં લાકડી નાંખી એટલે ગાંઠવાળો ભાગ પાણીમાં ડૂબી ગયો અને તેના પર રહેલી લાખ ઓગળી ગઈ. ત્રીજીવાર ગરમ પાણીમાં આચાર્યે ડબ્બો નાંખ્યો એટલે લાખ ઓગળી જતાં ડબ્બાનું ઢાંકણ દેખાવા લાગ્યું. સભાજનોએ એકી અવાજે આચાર્યની પ્રશંસા કરી.

ત્યારબાદ રાજા મુરુંડે પાદલિપ્ત આચાર્યને પ્રાર્થના કરી – આપ પણ આવી કૌતુકપૂર્ણ વસ્તુ તૈયાર કરો, તેને હું જ્યાંથી આ ત્રણ ચીજ આવી છે તેનાં રાજ્યમાં મોકલી શકું. આચાર્યે એક તુંબડાને બહુ સાવધાનીપૂર્વક કાપ્યું અને તેની અંદર રત્ન ભરીને તેને એવી કળાથી સાંધી લીધું કે કોઈને ખબર જ ન પડે. આચાર્યે આ તુંબડું તૈયાર કરીને રાજાને આપ્યું. રાજાએ બીજા દેશથી આવેલા માણસોને કહ્યું – આ તુંબડાને તોડ્યા વગર તેની અંદરથી રત્ન કાઢવાના છે. આવેલા માણસો પેલા તુંબડાને તેના રાજ્યમાં લઈ ગયા પરંતુ ત્યાંના લોકો તુંબડાને તોડ્યા વગર રત્નને કાઢી ન શક્યા ફરી તુંબડું તેઓને પાછું મોકલ્યું. રાજાએ ફરી સભા ભરીને સભા સમક્ષ આચાર્યની વૈનયિકી બુદ્ધિના વખાણ કર્યા.

**(૧૦) અગદ :-** એક નગરના રાજાની પાસે સૈન્યદળ બહુ ઓછું હતું. એક વખત શત્રુરાજાએ તેના રાજ્યને ચારે બાજુથી ઘેરી લીધું. રાજાએ નગરજનોને કહ્યું – જેની પાસે વિષ હોય તે લઈ આવો. ઘણા માણસો રાજાની આજ્ઞા અનુસાર વિષ લઈ આવ્યા. રાજાએ નગરની બહાર રહેલા કૂવાના પાણીમાં એ વિષ નંખાવી દીધું જેથી એ કૂવાનું બધું પાણી વિષયુક્ત થઈ ગયું. એ કૂવાનું પાણી શત્રુના સૈન્યદળને મળતું હતું. એ ગામમાં એક વૈદરાજ રહેતા હતા તે બહુ અલ્પ માત્રામાં વિષ લઈને



રાજાની પાસે આવ્યા. રાજા અતિ અલ્પ માત્રામાં વિષ લાવનાર વૈદરાજ પર બહુ જ ગુસ્સે થયા પરંતુ વૈદરાજે કહ્યું – મહારાજ ! આપ ક્રોધ ન કરો, આ સહસ્રવેધી વિષ છે. અત્યાર સુધી જેટલા માણસો વિષ લાવ્યાં તેનાથી જેટલા લોકો મરશે તેના કરતા અધિક માણસો આ અલ્પ વિષથી મરશે. રાજાએ આશ્ચર્યથી પૂછ્યું – એમ કેમ બની શકે ? શું આપ એનું પ્રમાણ બતાવી શકો છો ?

વૈદરાજે એ જ વખતે એક વૃદ્ધ હાથીને મંગાવ્યો અને તેની પૂંછડીનો એક વાળ કાઢીને એ જ જગ્યાએ સોયની અણીથી વિષ લગાવ્યું. જેમ જેમ વિષ શરીરમાં આગળ વધતું ગયું તેમ તેમ હાથી વિષયુક્ત બનતો ગયો એટલે વૈદરાજે કહ્યું – મહારાજ ! જુઓ આ હાથી વિષમય બની ગયો. એને જે કોઈ ખાશે તે વિષમય બની જશે. માટે આ વિષને સહસ્રવેધી વિષ કહેવાય છે.

રાજાને વૈદની વાત પર વિશ્વાસ બેસી ગયો પરંતુ હાથીની હાલત મરણ જેવી જોઈને રાજાએ કહ્યું – વૈદરાજ ! શું આ હાથી ફરી સ્વસ્થ નહીં થઈ શકે ? વૈદરાજે કહ્યું – જરૂર સ્વસ્થ થઈ શકશે. વૈદરાજે પૂંછના જે ભાગમાંથી એક વાળ કાઢ્યો હતો એ જ જગ્યા પર અન્ય કોઈ ઔષધિ લગાડી કે હાથી તરત જ સચેતન બની ગયો. વૈદરાજની વૈનયિકી બુદ્ધિનો ચમત્કાર જોઈને રાજા ખૂબ ખુશ થયા અને વૈદરાજને સારો એવો પુરસ્કાર આપ્યો.

**(૧૧) રથિક અને (૧૨) ગણિકા :-** રથિક અર્થાત્ રથ ચલાવનારનું ઉદાહરણ તથા ગણિકા – વેશ્યાનું ઉદાહરણ સ્થૂલીભદ્રની કથામાં આવે છે. આ બન્ને દૃષ્ટાંત વૈનયિકી બુદ્ધિના છે.

**(૧૩) શાટિકા તૃણ તથા ક્રૌંચ :-** તૃણ તથા ક્રૌંચ – કોઈ એક નગરમાં અત્યંત લોભી રાજા રાજ્ય કરતા હતા. તેના રાજકુમારો એક વિદ્વાન આચાર્ય પાસે શિક્ષા પ્રાપ્ત કરતા હતા. દરેક રાજકુમાર પોતાના પિતા કરતા ઉદાર અને વિનયવાન હતા. તેથી આચાર્યે એ બધા શિષ્યોને ખૂબ જ ખંતથી અભ્યાસ કરાવ્યો.

શિક્ષા સમાપ્ત થવા પર રાજકુમારોએ પોતાના શિક્ષાગુરુને પ્રચુરધન ગુરુદક્ષિણારૂપે આપ્યું. રાજાને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે કલાચાર્યને માર મારીને બધું ધન તેની પાસેથી પડાવી લેવાનો તેણે વિચાર કર્યો. રાજકુમારોને કોઈ પણ હિસાબે પોતાના પિતાના વિચારોની ખબર પડી ગઈ. પોતાના શિક્ષાગુરુ પ્રત્યે રાજકુમારોને અત્યંત પ્રેમ તથા શ્રદ્ધા હતી. માટે તેઓએ પોતાના શિક્ષાગુરુના પ્રાણ બચાવવાનો નિર્ણય કર્યો.

રાજકુમારો આચાર્યની પાસે ગયા. તે વખતે શિક્ષાગુરુ ભોજનની પહેલા સ્નાન કરવાની તૈયારીમાં હતા. રાજકુમારો પાસે ગુરુએ પહેરવા માટે સૂકાય ગયેલું ધોતિયું માંગ્યું પણ રાજકુમારોએ કહ્યું – શાટિકા ભીની છે એટલું જ નહીં તેઓ હાથમાં તૃણ લઈને બોલ્યા – તૃણ લાંબા છે. તેમજ તેઓએ કહ્યું – પહેલા ક્રૌંચ પક્ષી સદા પ્રદક્ષિણા કરતાં હતાં. હવે તે જમણી બાજુ આંટા મારે છે. કલાચાર્ય રાજકુમારોની અટપટી વાતો સાંભળીને સાવધાન થયા, તે સમજી ગયા કે મારું ધન

જોઈને કોઈ મારો દુશ્મન બન્યો હોય એવું લાગે છે. મારા પ્રિય શિષ્યો મને શાટિકાના બહાને ચેતવણી આપી રહ્યા લાગે છે. એવું જ્ઞાન થતાં તેમણે જે તિથિ પ્રસ્થાન માટે નક્કી કરી હતી તેનાથી પહેલા ચુપચાપ પોતાના ઘર તરફ રવાના થઈ ગયા. આ રાજકુમારો તથા કલાચાર્યની વૈનયિકી બુદ્ધિનું ઉત્તમ ઉદાહરણ છે.

**(૧૪) નીવ્રોદક :-** કોઈ એક વ્યાપારી ઘણા વર્ષોથી પરદેશ રહેતો હતો. તેની પત્નીએ પોતાની કામવાસનાને તૃપ્ત કરવા માટે પોતાની નોકરાણી પાસે કોઈ એક પુરુષને બોલાવ્યો. એ પુરુષ આવ્યો. પછી એક વાણંદને બોલાવ્યો. તેની પાસે આગંતુક પુરુષના નખ અને કેશ કપાવ્યા. પછી સ્નાનાદિ કરાવીને સારા વસ્ત્ર પહેરાવ્યા. દિવસભર તેની સેવા કરી રાત્રિના તેને શેઠાણી પાસે મોકલ્યો. એ રાત્રિમાં મુશળધાર વરસાદ વરસતો હતો. આગંતુકને ખૂબ જ તરસ લાગવાથી છાજા પરથી નીચે પડતું પાણી તેણે ખોબાથી પી લીધું. પણ બન્યું એવું કે છાજાના ઉપરના ભાગમાં એક મરેલા સર્પનું કલેવર પડ્યું હતું. તેના પરથી થઈને આવતું પાણી વિષ મિશ્રિત થઈ ગયું હતું. એવું પાણી પીતા જ તે દુરાચારી પુરુષનું ત્યાં જ મૃત્યુ થયું.

પેલા પુરુષનું મૃત્યુ જોઈને વણિકની પત્ની ગભરાઈ ગઈ. તેણીએ સેવકો દ્વારા તે જ સમયે મૃત માણસને શૂન્ય દેવકુલિકામાં ફેંકાવી દીધો. પ્રાતઃકાળ થતાં લોકોને મરેલા માણસની ખબર પડી. એ વાત રાજદરબારમાં ગઈ. રાજાના માણસોએ તેનું મૃત્યુ કેમ થયું હશે ? એનું કારણ શોધવાની શરૂઆત કરી. મૃતકને નિરખીને જોયો તો તેના નખ અને કેશ ટૂંક સમયમાં કાપ્યા હોય એવું લાગ્યું.

નખ અને કેશ કાપનાર તો હજામ જ હોય એવું વિચારીને રાજાના સેવકોએ શહેરમાં રહેલા દરેક હજામને બોલાવ્યાં. બોલાવીને દરેકને અલગ અલગ પૂછ્યું – આ વ્યક્તિના નખ અને કેશ કોણે કાપ્યા છે ? એમાંથી એક હજામે કહ્યું – અમુક વણિક પત્નીની દાસી મને બોલાવવા આવી હતી. તેણીના કહેવાથી મેં એના નખ અને કેશ ગઈ રાત્રિના કાપી આપ્યા હતા. રાજપુરુષોએ તરત જ દાસીને પકડી લીધી. ગભરાઈ ગયેલી દાસીએ ભયભીત થઈને શેઠની પત્નીની સંપૂર્ણ વાત બતાવી દીધી. આ ઉદાહરણ રાજાના કર્મચારીઓની વૈનયિકી બુદ્ધિનું છે.

**(૧૫) બળદોની ચોરી (ઘોડાનું મૃત્યુ અને વૃક્ષથી પડવું) :-** એક ગામમાં એક વ્યક્તિ અત્યંત પુણ્યહીન હતી. એ જે કાંઈ કરે એમાં એને સંકટ આવ્યા વગર રહેતું જ નહીં. એકવાર તેણે પોતાના મિત્ર પાસે હળ ચલાવવા માટે બળદો માંગ્યા. મિત્રે આપ્યાં. તેનું કાર્ય સમાપ્ત થતાં એ બળદોને પાછા મિત્રના વાડામાં મૂકી આવ્યો. એ સમયે તેનો મિત્ર ભોજન કરતો હતો. તેથી તે તેની પાસે ન ગયો પણ તેના મિત્રની સામે જ એ બળદોને વાડામાં મૂકીને ગયો.

દુર્ભાગ્યવશ બળદો કોઈ પણ પ્રકારે વાડાની બહાર નીકળી ગયાં અને ચોર લોકો બળદોની ચોરી કરી ગયા. બળદનો માલિક વાડામાં પોતાના બળદોને ન જોવાથી તે પુણ્યહીનની પાસે આવીને બોલ્યો – મારા બળદો મને આપી દે. પેલો બિચારો ક્યાંથી દે ? તેના પર તેનો મિત્ર ક્રોધિત થઈને, તેને પકડીને રાજા પાસે લઈ



જવા લાગ્યો.

માર્ગમાં એક ઘોડેસ્વાર સામેથી આવી રહ્યો હતો. તેનો ઘોડો ભડકીને સવારને નીચે પછાડીને ભાગી ગયો. તેનો સવાર તાડુકીને બોલ્યો – અરે ! ભાઈ આ ઘોડાને દંડો મારીને રોકો. પુણ્યહીન વ્યક્તિના હાથમાં એક લાકડી હતી. ઘોડેસવારને સહાયતા કરવા માટે તેણે સામેથી દોડી આવતા ઘોડાને એક લાકડી મારી. પરંતુ તેના દુર્ભાગ્યને કારણે લાકડી ઘોડાને તેના મર્મસ્થાન પર લાગી અને ઘોડો ત્યાં જ મરી ગયો. ઘોડાનો સ્વામી ઘોડાને મરી ગયેલો જોઈને બહુ ક્રોધિત થયો અને તેને રાજા પાસે દંડ આપવા માટે લઈ જવા લાગ્યો. આ રીતે અપરાધી એક અને સજા અપાવનાર બે, એમ ત્રણે ય જણા રાજદરબાર તરફ ચાલ્યા જવા લાગ્યા.

ચાલતાં ચાલતાં રાત થઈ ગઈ અને નગરના દરવાજા બંધ થઈ ગયા તેથી તેઓ નગરની બહાર જ એક સઘન વૃક્ષની નીચે સૂઈ ગયા. તેમણે વિચાર્યું કે સવારે દરવાજો ખૂલશે ત્યારે પ્રવેશ કરશું. પરંતુ પુણ્યહીન અપરાધીને નિદ્રા ન આવી. તેમણે વિચાર્યું કે હું ગમે તેટલું સારું કામ કરવા જાઉં છું તો પણ સારાને બદલે ખરાબ જ થાય છે, ખરેખર મારું ભાગ્ય મને સાથ આપતું નથી. આવા જીવનથી મને શું લાભ છે ? માટે મરી જવું જોઈએ. જો હું મરી જઈશ તો દરેક વિપત્તિઓથી છૂટી જઈશ, અન્યથા ન જાણે કયા કયા કષ્ટ મારે ભોગવવા પડશે ?

એવો વિચાર કરીને તેણે મરવાનો નિશ્ચય કર્યો. તેણે પોતાના દુપટ્ટાનો એક છેડો ડાળી પર બાંધી દીધો અને બીજા છેડાનો ગાળીયો બનાવીને પોતાના ગળામાં નાંખીને લટકી ગયો. પરંતુ દુર્ભાગ્યવશ મૃત્યુએ પણ તેને સાથ ન આપ્યો. દુપટ્ટો જીર્ણ હોવાના કારણે તેના ભાર ઝીલી ન શક્યો. દુપટ્ટો ફાટી ગયો અને તે ધડ કરતો નીચે પડ્યો. એ વૃક્ષની નીચે નટ લોકોનો અગ્રણી સરદાર સૂતો હતો. તેન ઉપર પડવાથી નટ લોકોનો સરદાર મરી ગયો. નટ લોકોમાં હાહાકાર મચી ગયો. સરદારના મોતનું કારણ પેલો પુણ્યહીન છે એવું જાણીને, તેના પર ગુસ્સે થઈને સવાર થતાં એ લોકો પણ તેને રાજદરબારમાં લઈ જવા લાગ્યા.

રાજદરબારમાં જ્યારે આ કાફલો પહોંચ્યો ત્યારે બધા માણસો ચકિત થઈને તેને જોવા લાગ્યા. રાજાએ તેઓને આવવાનું કારણ પૂછ્યું. દરેકે પુણ્યહીન માણસની ભૂલ બતાવી. એ ત્રણેયની વાત સાંભળીને રાજાએ પુણ્યહીનને તે અંગે પૂછ્યું. તેણે નિરાશાપૂર્વક દરેક ઘટના બતાવતાં કહ્યું – મહારાજ ! મેં જાણીબૂઝીને કોઈ અપરાધ કર્યો નથી, મારું દુર્ભાગ્ય જ પ્રબળ છે. દરેક કાર્ય હું સારું કરવા જાઉં છું તો પણ તે ઉલટું જ થાય છે. હું દંડ ભોગવવા માટે તૈયાર છું.

રાજા બહુ જ વિચારશીલ હતા. દરેકની વાત સાંભળીને તેણે વિચાર્યું – આ બિચારાએ કોઈ અપરાધ જાણી જોઈને કર્યો નથી. તેને દયા આવી એટલે ચતુરાઈથી ફેંસલો કરવાનો નિર્ણય કર્યો. સર્વપ્રથમ બળદના માલિકને બોલાવ્યો. તેને રાજાએ કહ્યું – ભાઈ ! તમારે જો બળદો જોઈતા હોય તો પહેલા તમારી આંખો કાઢીને પુણ્યહીનને આપી દો કેમ કે તેણે તમારા વાડામાં બળદો મૂક્યાં એ તમે તમારી

આંખોથી જોયા હતા.

ત્યારબાદ રાજાએ ઘોડેસવારને બોલાવીને કહ્યું – જો તમારે ઘોડો જોઈતો હોય તો પહેલા તમારી જીભ કાપીને ગુન્હેગારને આપી દો કેમકે તમારી જીભ દોષિત છે. તમારી જીભે જ ઘોડાને લાકડીના પ્રહાર કરવાનું ગુન્હેગારને કહ્યું હતું. આને દંડ મળે અને તમારી જીભ બચી જાય એ ન્યાયસંગત નથી. માટે તમે પણ પહેલા તમારી જીભ એને આપી દો પછી તેની પાસેથી હું ઘોડો અપાવીશ.

ત્યારબાદ નટ લોકોને બોલાવ્યાં. રાજાએ કહ્યું – આ દીન વ્યક્તિ પાસે છે શું કે હું તમને અપાવું ? જો તમારે બદલો લેવો જ હોય તો આ ગુન્હેગારને એ વૃક્ષની નીચે સુવડાવી દો અને તમારા નવા બનેલા સરદારને કહો કે તે પણ આ માણસની જેમ ગળામાં ફાંસો નાંખીને તે ડાળી પર લટકી જાય અને આ માણસની ઉપર પડી જાય.

રાજાનો ફેંસલો સાંભળીને ત્રણે ય ફરિયાદી મૌન રહીને ત્યાંથી ચાલતા થઈ ગયા. રાજાની વૈનયિકી બુદ્ધિએ તે અભાગી વ્યક્તિના પ્રાણ બચાવી લીધા. આ પ્રકારે આ પંદર દૃષ્ટાંતો વૈનયિકી બુદ્ધિ માટે વર્ણવેલ છે.

**● સૂત્ર-૧૦૪,૧૦૫ :-**

***[૧૦૪] ઉપયોગથી જેનો સાર-પરમાર્થ જાણી શકાય છે, અભ્યાસ અને વિચારથી જે વિસ્તૃત બને છે અને જેનાથી શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત થાય છે અથવા પ્રશંસા પ્રાપ્ત થાય છે તે કર્મજા બુદ્ધિ કહેવાય છે. કાર્ય કરતાં કરતાં ઉત્પન્ન થયેલી બુદ્ધિના ઉદાહરણ આ પ્રકારે છે.***

***[૧૦૫] (૧) સુવર્ણકાર (૨) કિસાન (૩) વણકર (૪) દર્વીકાર (૫) મોતી (૬) ઘી (૭) નટ (૮) દરજી (૯) સુથાર (૧૦) કંદોઈ (૧૧) ઘડો (૧૨) ચિત્રકાર. આ બાર કર્મજા બુદ્ધિના દૃષ્ટાંતો છે.***

**● વિવેચન-૧૦૪,૧૦૫ :-**

**(૧) સુવર્ણકાર :-** હૈરણ્યક - સુવર્ણકાર એવો કુશળ કલાકાર હતો કે પોતાના કાર્યના જ્ઞાનથી ઘોર અંધકારમાં પણ હાથના સ્પર્શથી જ સોનું અને ચાંદીની પરીક્ષા બહુ જ સરસ રીતે કરી શકતો હતો.

**(૨) કર્ષક :-** ખેડૂત. એક ચોર કોઈ વણિકના ઘર ચોરી કરવા ગયો. ત્યાં તેણે દીવાલમાં એક બાકોરું પાડ્યું. તેમાં કમળની આકૃતિ બની ગઈ. પ્રાતઃકાળે જ્યારે લોકોએ તે બાકોરાની કળાકૃતિ જોઈ ત્યારે ચોરી કેટલી થઈ એ વાત ભૂલીને તેઓ ચોરની કળાકૃતિની પ્રશંસા કરવા લાગ્યાં. એ જનસમૂહમાં ચોર પણ છૂપા વેષમાં હતો. તે પોતાની ચતુરાઈની પ્રશંસા સાંભળીને ખુશ થઈ રહ્યો હતો. એક ખેડૂત પણ ત્યાં હતો. તેણે પ્રશંસા કરવાને બદલે કહ્યું – ભાઈઓ ! એની આટલી પ્રશંસા ? અને એમાં અચંબાની શું વાત છે ? પોતાના કામમાં દરેક વ્યક્તિ કુશળ હોય છે.

ખેડૂતની વાત સાંભળીને ચોરને બહુ ક્રોધ આવ્યો. એક દિવસ તે છરી લઈને ખેડૂતને મારવા માટે તેના ખેતરમાં ગયો. જ્યારે છરી લઈને ખેડૂતની તરફ ગયો ત્યારે



પાછળ પાછળ હટતા ખેડૂતે કહ્યું – તમે કોણ છો ? મને શા માટે મારવા ઈચ્છો છો ? ચોરે કહ્યું – તેં તે દિવસે મેં બનાવેલા બાકોરાની પ્રશંસા કેમ નહોતી કરી ?

ખેડૂત સમજી ગયો કે આ તે જ ચોર છે. ખેડૂતે કહ્યું મેં તમારી બૂરાઈ તો નથી કરીને ? એમ જ કહ્યું હતુંને કે જે માણસ જે કાર્ય કરતો હોય, તેમાં પોતાના અભ્યાસના કારણે કુશળ જ હોય છે ? જો તમને વિશ્વાસ ન હોય તો હું તને મારી કળા દેખાડીને વિશ્વસ્ત બનાવી દઉં. જુઓ મારા હાથમાં મગના આ દાણા છે. તમે કહો તો હું આ બધાને એક સાથે અધોમુખ, ઉર્ધ્વમુખ અથવા પડખે ફેંકી શકું છું.

ચોર તેની વાત સાંભળીને ચકિત થઈ ગયો. તેને કિસાનની વાત પર વિશ્વાસ ન આવ્યો. તો પણ ખેડૂતની ચાલાકી જોવા માટે ચોરે કહ્યું – તું આ બધા મગના દાણાને ઉંધા પાડીને મને બતાવ.

ખેડૂતે તે જ વખતે પૃથ્વી પર એક ચાદર બિછાવી દીધી અને મગના બધા દાણાને એવી ચાલાકીથી એ ચાદર પર ફેંક્યા કે બધા દાણા અધોમુખ એટલે ઉંધા જ પડ્યાં. ચોરે ધ્યાન દઈને દરેક દાણાની તપાસ કરી તો ખરેખર બધા દાણા ઉંધા જ પડ્યા હતા. એ જોઈને ચોરે કહ્યું – ભાઈ ! તું તારા કાર્યમાં મારાથી પણ કુશળ છો. એમ કહીને વારંવાર તેની પ્રશંસા કરી. ચોર જતાં જતાં એટલું કહેતો ગયો કે જો તારા મગ ઉંધા ન પડ્યા હોત તો હું તને ચોક્કસ મારી નાખત. આ કર્ષક અને તસ્કર બન્નેની કર્મજા બુદ્ધિનું ઉદાહરણ છે.

**(૩) કૈલિક :-** એક ગામમાં એક વણકર રહેતો હતો. તે પોતાના હાથમાં સૂતરના દોરાઓને લઈને ચોકસાઈપૂર્વક બતાવી શકતો હતો કે આટલી સંખ્યાના સૂતરના ફાળકાથી આ વસ્ત્ર તૈયાર થઈ જશે. આ વણકરની કર્મજા બુદ્ધિનું ઉદાહરણ છે.

**(૪) ડોવ :-** કડછી – એક સુથાર અનુમાનથી જ કહી દેતો કે આ કડછીમાં આટલી માત્રામાં વસ્તુ સમાય શકશે. તેને કર્મજા બુદ્ધિ પ્રાપ્ત થઈ હતી.

**(૫) મોતી :-** સિદ્ધહસ્ત મણિકાર મોતીઓને એવી રીતે યત્નાપૂર્વક ઉછાળતો કે નીચે રાખેલા સૂવરના વાળમાં જઈને પરોવાઈ જતા. આ સિદ્ધહસ્ત મણિકારની કર્મજા બુદ્ધિનું ઉદાહરણ છે.

**(૬) ઘૃત :-** કોઈ કોઈ ઘીના વ્યાપારી પણ એટલા કુશળ હોય છે કે તેઓ ગાડામાં અથવા રથમાં બેઠા બેઠા જ નીચે રહેલ કુંડીમાં એક ટીપું પણ ઢોળાયા વગરથી ભરી શકે છે. આ તેની કર્મજા બુદ્ધિનું ઉદાહરણ છે.

**(૭) નટ :-** નટ લોકોની ચતુરાઈ જગ પ્રસિદ્ધ છે. તેઓ દોરી પર અદ્ધર ચડીને અનેક પ્રકારના ખેલ કરે છે, તોપણ નીચે પડતા નથી. લોકો દાંતની નીચે પોતાની આંગળીઓ દબાવીને જુએ એટલા આશ્ચર્યચકિત થઈ જાય છે. એ નટ લોકોની કર્મજા બુદ્ધિની ચતુરાઈ છે.

**(૮) તુણ્ણક (દરજી) :-** કુશળ દરજી કપડાની એવી સફાઈથી સિલાઈ કરે છે કે તેણે કઈ જગ્યાએ સિલાઈ કરી છે એ પણ દેખાવા ન દે. આ દરજીની કર્મજા

બુદ્ધિની ચતુરાઈ છે.

**(૯) વફ્ઇ :-** સુથાર લાકડા પર સુંદર કોતરણી કરી શકે છે. તેમજ તેની ઉપર ભિન્ન ભિન્ન પ્રકારની સુંદર આકૃતિ બનાવી શકે છે. જાણે કે તે સજીવ આકૃતિ ન હોય ? તેવી લાગે છે. તેઓ પોતાની કળામાં એવા પ્રવીણ હોય છે. અમુક મકાન, રથ, આદિમાં કેટલું લાકડું જોઈશે તે ગણતરી કર્યા વગર બતાવી શકે છે. એ તેની કર્મજા બુદ્ધિની કળા છે.

**(૧૦) આપૂપિક :-** ચતુર કંદોઈ વિવિધ પ્રકારની મીઠાઈઓ બનાવે છે. તેને માપ્યા વિના જ કેટલી ચીજ કેટલા વજનની જોઈએ તેનું અનુમાન કરી લે છે. કોઈ કોઈ પુરુષ પોતાની કળામાં એટલા પ્રસિદ્ધ થઈ જાય છે કે દૂર-દૂરના દેશો સુધી તેની કીર્તિ ફેલાય જાય છે. એ તેની કર્મજા બુદ્ધિની કળા છે.

**(૧૧) ઘટ :-** કુંભકારો ઘડો બનાવવામાં એટલા ચતુર હોય છે કે ચાલતા ચાકડા પર જલ્દી જલ્દી રાખવા માટે માટીનો પિંડ એટલો જ લે છે કે જેનાથી ઘડો બરાબર બની જાય છે. આ તેની કર્મજા બુદ્ધિની કળા છે.

**(૧૨) ચિત્રકાર :-** કુશળ ચિત્રકાર પોતાની કળાથી ફૂલ, પાંદડા, ઝાડ, નદી, ઝરણા, મૂર્તિ આદિના એવા ચિત્રો બનાવી આપે છે કે તેમાં અસલી, નકલીનો ભેદ કરવો કઠિન થઈ પડે છે. તે પશુ, પક્ષી, દેવ અથવા માનવના ચિત્રોમાં પણ પ્રાણ રેડી દે છે અને ક્રોધ, ભય, હાસ્ય તથા ઘૃણા આદિના ભાવો તેના ચહેરા પર એવા અંકિત કરે છે કે જોનાર થંભી જાય છે.

ઉપરના બારે ઉદાહરણ કાર્ય કરતાં, તેના અભ્યાસથી ઉત્પન્ન થયેલ કર્મજા બુદ્ધિના છે. આવી બુદ્ધિ માનવને પોતાના વ્યવસાય કાર્યમાં દક્ષ બનાવે છે.

**● સૂત્ર-૧૦૬ થી ૧૦૯ :-**

***[૧૦૬] અનુમાન, હેતુ અને દૃષ્ટાંતથી કાર્યને સિદ્ધ કરનારી, ઉંમર પરિપક્વ થવા પર પ્રાપ્ત થનારી આત્મહિતકારી તથા મોક્ષ ફળને પ્રદાન કરનારી બુદ્ધિ પારિણામિકી બુદ્ધિ કહેવાય છે.***

***[૧૦૭ થી ૧૧૦] (૧) અભયકુમાર (૨) શેઠ (૩) કુમાર (૪) દેવી (૫) ઉદિતોદય રાજા (૬) સાધુ અને નંદિષેણ (૭) ધનદત્ત (૮) શ્રાવક (૯) અમાત્ય (૧૦) ક્ષપક (૧૧) અમાત્યપુત્ર (૧૨) ચાણક્ય (૧૩) સ્થૂલિભદ્ર (૧૪) નાસિકના સુંદરીનંદ (૧૫) વજસ્વામી (૧૬) ચરણાહત (૧૭) આંબળા (૧૮) મણિ (૧૯) સર્પ (૨૦) ગેંડા (૨૧) સ્તૂપ-ભેદન. ઈત્યાદિ પારિણામિકી બુદ્ધિના ઉદાહરણ છે.***

***[૧૧૦] આ રીતે અશ્રુતનિશ્રિત મતિજ્ઞાનનું વર્ણન પૂર્ણ થયું.***

**● વિવેચન-૧૦૬ થી ૧૧૦ :-**

**(૧) અભયકુમાર :-** માલવદેશમાં ઉજ્જયિની નામની નગરી હતી. ત્યાં ચંદ્રપ્રદ્યોતન રાજા રાજ્ય કરતા હતા. એક વાર તેણે રાજગૃહના રાજા શ્રેણિકને દૂત દ્વારા કહેવડાવ્યું કે — જો તમે તમારું અને તમારા રાજ્યનું ભલું ચાહતા હો તો અનુપમ વંકચૂડ હાર, સેચનક હાથી, અભયકુમાર પુત્ર અને રાણી ચેલણાને વિલંબ



કર્યા વગર મારી પાસે મોકલી દો.

દૂત દ્વારા ચંદ્રપ્રદ્યોતનનો આ સંદેશ સાંભળીને શ્રેણિક રાજા ક્રોધથી ધમધમાયમાન બન્યા. તેમણે દૂતને કહ્યું — દૂત અવધ્ય હોય છે માટે તમને હું છોડી દઉં છું. તમે તમારા રાજાને જઈને કહી દેજો — જો તમે તમારી કુશલતા ચાહતા હો તો અગ્નિરથ, અનિલગિરિ હસ્તી, વજજંઘ દૂત અને શિવાદેવી રાણી એ ચારેયને મારી પાસે શીઘ્રાતિશીઘ્ર મોકલી દો.

મહારાજા શ્રેણિકની આજ્ઞા દૂતે ચંદ્રપ્રદ્યોતન રાજાને કહી સંભળાવી. તેની વાત સાંભળીને રાજાને બહુ ક્રોધ આવ્યો અને પોતાના અપમાનનો બદલો લેવા માટે રાજગૃહ પર મોટી સેના લઈને ચડાઈ કરી અને રાજગૃહને ચારે બાજુથી ઘેરી લીધું. શ્રેણિક રાજાએ પણ યુદ્ધ કરવાની તૈયારી કરી લીધી હતી. સેના સુસજ્જિત થઈ ગઈ. યુદ્ધની તૈયારી જોઈને તેનો પુત્ર અભયકુમાર પિતાજી પાસે આવ્યો અને કહ્યું — મહારાજ ! હમણા આપ યુદ્ધ કરવાની આજ્ઞા ન દેતા. હું કંઈક એવો ઉપાય કરીશ કે ચંદ્રપ્રદ્યોતન સ્વયં ભાગી જશે અને આપણી સેના પણ નષ્ટ નહીં થાય. રાજા શ્રેણિકને વિશ્વાસ હતો તેથી તેમણે અભયકુમારની વાત માન્ય રાખી.

આ બાજુ રાત્રિના જ અભયકુમાર પુષ્કળ ધન લઈને નગરમાંથી બહાર ગયો અને ચંદ્રપ્રદ્યોતને જ્યાં પડાવ નાંખ્યો હતો તેની પાછળની ભૂમિમાં એક ઊંડો ખાડો ખોદીને તેમાં બધું ધન દાટી દીધું. ત્યારપછી તે રાજા ચંદ્રપ્રદ્યોતનની પાસે ગયો. ત્યાં જઈને તેણે કહ્યું — હું આપના હિતની એક વાત કરવા ઈચ્છું છું. આપ ધોખામાં રહી જાવ, એવું હું ઈચ્છતો નથી. રાજા ચંદ્રપ્રદ્યોતને ઉત્સુકતાથી પૂછ્યું — વત્સ ! મને કોણ ધોખામાં નાખશે ? તું શીઘ્ર બતાવ. અભયકુમારે કહ્યું — મારા પિતાજીએ આપના શ્રેષ્ઠ સેનાધિપતિઓ અને અધિકારીઓને લાંચ-રૂશ્વત આપી પોતાના વશમાં કરી લીધા છે. તેઓ પ્રાતઃકાળ થતાં જ આપને બંદી બનાવીને પિતાજીની પાસે લઈ જશે. જો આપને વિશ્વાસ ન આવે તો તેઓની પાસે આવેલું ધન આપના પડાવની બાજુના ભાગમાં જ દાટેલું છે. જો આપને જોવું હોય તો દેખાડું ? આમ કહીને અભયકુમાર ચંદ્રપ્રદ્યોતનને પોતાની સાથે લઈ ગયો અને પોતે દાટેલું ધન ખોદીને તેને દેખાડ્યું. એ જોઈને રાજાને વિશ્વાસ આવી ગયો અને તે શીઘ્રતાથી રાતોરાત ઘોડા પર બેસીને ઉજ્જયિની તરફ પાછો ફર્યો.

પ્રાતઃકાળ થતાં જ જ્યારે સેનાધિપતિને આ વાતની જાણ થઈ કે રાજા ભાગીને ત્યાંથી ઉજ્જયિની ચાલ્યા ગયા ત્યારે તેઓને આશ્ચર્ય થયું કે રાજા શા માટે ચાલ્યા ગયા હશે ? તેઓ પણ બધું સમેટીને ઉજ્જયિની આવી ગયા. ત્યાં આવ્યા પછી તેઓ જ્યારે રાજાને મળવા ગયાં ત્યારે રાજાએ કહ્યું - મને ધોખામાં નાખનાર એ બધાને હું મળવા માંગતો નથી. બહુ જ પ્રાર્થના કરવા પર અને દયનીયતા પ્રદર્શિત કરવા પર રાજા તેઓને મળ્યાં. તમે તેની લાલચમાં શા માટે લપેટાયા ? રાજાએ તેઓને ખૂબ જ ઠપકો દીધો. બિચારા પદાધિકારીઓ આશ્ચર્યમાં પડી ગયા. લાંચ કેવી ને વાત કેવી. આપણે કાંઈ જાણતા નથી. અંતમાં વિનમ્રભાવે એક સેવકે

કહ્યું – દેવ ! વર્ષોથી અમે આપનું નમક ખાઈએ છીએ. ભલા, અમે આપની સાથે આવી જાતનું છળ કરી શકીએ ખરા ? આ ચાલબાજી અભયકુમારની જ છે. તેણે જ આપણને ધોખો આપ્યો છે અને રાજ્યનું રક્ષણ કર્યું છે.

ચંદ્રપ્રદ્યોતનના ગળે આ વાત ઊતરી ગઈ. તેને અભયકુમાર પર બહુ ક્રોધ આવ્યો. તેણે નગરમાં ઢંઢેરો પિટાવ્યો કે જે કોઈ માણસ અભયકુમારને પકડીને મારી પાસે લઈ આવશે તેને બહુમૂલ્ય પુરસ્કાર આપવામાં આવશે.

નગરમાં ઘોષણા તો થઈ. રાજાના મંત્રીઓ, સેનાપતિઓ આદિથી લઈને સાધારણ વ્યક્તિ સુધી દરેકને આ વાત પહોંચાડી પણ કોઈની હિંમત ચાલી નહીં. આખરમાં એક વેશ્યાએ આ કાર્ય કરવાની હામ ભરી. તે રાજગૃહ ગઈ. ત્યાં જઈને આદર્શ શ્રાવિકા જેવી ધર્મ કરણી કરવા લાગી. ક્યારેક ક્યારેક તે અભયકુમારને પણ મળતી. થોડો સમય વીત્યા બાદ તે પાખંડી શ્રાવિકાએ એક દિવસ અભયકુમારને પોતાને ત્યાં ભોજન કરવા નિમંત્રણ મોકલ્યું. શ્રાવિકા સમજીને અભયકુમારે નોતરુ સ્વીકારી લીધું. વેશ્યાએ ખાવાલાયક દરેક વસ્તુઓમાં નશો ચડે એવો પદાર્થ નાંખ્યો હતો. તે વસ્તુને આરોગતાં આરોગતાં જ અભયકુમાર મૂર્છિત થઈ ગયો. ગણિકા આ પળની જ રાહ જોઈ રહી હતી. તેણીએ વિલંબ કર્યા વગર અભયકુમારને પોતાના રથમાં નાંખીને, ઉજ્જયિની જઈને ચંદ્રપ્રદ્યોત રાજાને સોંપી દીધો. અભયકુમારને જોઈને રાજા હર્ષિત થયો. અભયકુમાર જ્યારે હોંશમાં આવ્યો ત્યારે રાજાએ કહ્યું – કેવી ચતુરાઈ કરીને મેં તને અહીં પકડીને મંગાવ્યો ?

અભયકુમારે નિર્ભયતાપૂર્વક કહ્યું – આપે તો મને બેહોશીમાં રથમાં નાંખીને અહીં મંગાવ્યો છે પરંતુ હું તો આપને હોશપૂર્વક રથમાં બેસાડીને જૂતાનો માર મારતો મારતો રાજગૃહમાં લઈ જઈશ. રાજાએ અભયકુમારની વાતને ઉપહાસ સમજીને ટાળી નાંખી અને અભયકુમારને ત્યાં જ રાખી લીધો. પરંતુ અભયકુમારે બદલો લેવાનો નિર્ણય કર્યો હતો. તે મોકાની રાહ જોતો હતો.

થોડા દિવસ વ્યતીત થવા પર અભયકુમારે એક યોજના બનાવી. યોજના અનુસાર એક એવી વ્યક્તિની ખોજ કરી કે જેનો અવાજ બિલકુલ ચંદ્રપ્રદ્યોતન રાજા જેવો જ હતો. એવી ગરીબ વ્યક્તિને બહુ મોટા ઈનામની લાલચ આપીને પોતાની પાસે રાખી લીધો અને પોતાની યોજના તે માણસને અભયકુમારે સમજાવી દીધી.

એક દિવસ એ ગરીબ માણસને અભયકુમારે રથમાં બેસાડ્યો અને નગરના મધ્યભાગમાં તેનાં મસ્તક પર જૂતાનો માર મારતો મારતો અભયકુમાર નીકળ્યો. જૂતાનો માર ખાનાર બૂમાબૂમ કરતો હતો કે અભયકુમાર મને જૂતાથી મારે છે માટે મને બચાવો..બચાવો.. પોતાના રાજા જેવો અવાજ સાંભળીને લોકો દોડીને પેલા માણસને છોડાવવા માટે ત્યાં આવ્યા. તેઓને જોઈને જૂતા મારનાર અને જૂતા ખાનાર બન્ને ખડખડાટ હસી પડ્યા. અભયકુમારનો ખેલ જોઈને લોકો ચૂપચાપ ત્યાંથી ચાલ્યા ગયા. અભયકુમારે નિરંતર પાંચ દિવસ સુધી આ પ્રક્રિયા કરી, તેથી ત્યાર પછી બજારના લોકો કુમારની આ ક્રીડા સમજીને હસતા હતા પરંતુ કોઈ પણ માણસ તેને





છોડાવવા માટે જતા નહીં.

છઠ્ઠા દિવસે મોકો જોઈને અભયકુમારે રાજા ચંદ્રપ્રદ્યોતનને બાંધી લીધા અને બળપૂર્વક રથમાં બેસાડીને તેના સિર પર જૂતા મારતો મારતો તે મધ્ય બજારથી નીકળ્યો. રાજા બૂમાબૂમ કરે છે – ''અરે ! દોડો ! દોડો ! પકડો ! અભયકુમાર મને જૂતા મારતો મારતો લઈ જાય છે.'' લોકોએ જોયું પણ પ્રતિદિનની જેમ અભયકુમારનું મનોરંજન સમજીને હસતા હતા. કોઈ પણ રાજાને છોડાવવા ન ગયા. એ રીતે નગરની બહાર નીકળીને અભયકુમારે પવનવેગે રથને દોડાવ્યો. રાજગૃહ આવીને જ દમ લીધો. યથાસમયે તે પોતાના પિતાની સમક્ષ ચંદ્રપ્રદ્યોતનને ઉપસ્થિત કર્યો. ચંદ્રપ્રદ્યોતન અભયકુમારના ચાતુર્યથી માર ખાઈને અત્યંત લજ્જિત થયો. લજ્જિત વદને તે શ્રેણિકરાજાના પગમાં પડ્યો અને પોતે કરેલા અપરાધની તેણે ક્ષમા માગી. રાજા શ્રેણિકે તે જ ક્ષણે ચંદ્રપ્રદ્યોતનને ક્ષમા આપી, પછી રાજસી સન્માન પ્રદાન કરીને ફરી ઉજ્જયિનીમાં પહોંચાડી દીધો. આ અભયકુમારની પારિણામિકી બુદ્ધિનું ઉદાહરણ છે.

**(૨) શેઠ :-** એક શેઠની પત્ની દુરાચારીણી હતી. પત્નીના અનાચારથી દુઃખિત થઈને તેણે પ્રવ્રજ્યા ગ્રહણ કરવાની ભાવના પ્રગટ કરી. પોતાના પુત્રને કુટુંબનો ભાર સોંપીને શેઠ દીક્ષિત બની ગયા. સંયમ ગ્રહણ કરીને મુનિ ત્યાંથી વિહાર કરી ગયા. ત્યારબાદ જનતાએ શેઠના પુત્રને તે નગરનો રાજા બનાવી દીધો. તે બરાબર રાજ્યનું પાલન કરતો હતો. કેટલાક સમય પછી મુનિ વિહાર કરતાં કરતાં એ જ નગરમાં આવ્યા. રાજાની પ્રાર્થના તથા વિનંતીને માન આપીને મુનિએ ત્યાં ચાતુર્માસ કર્યું. મુનિના ઉપદેશથી જનતા બહુ જ પ્રભાવિત થઈ. શાસનની રૂડી પ્રભાવના શાસન વિરોધીઓ સહન કરી શક્યા નહીં. તેઓએ એક ષડ્યંત્રની રચના કરી. જ્યારે ચાતુર્માસ કાળ સમાપ્ત થયો ત્યારે મુનિએ વિહાર કરવાની તૈયારી કરી. ત્યારે વિરોધીઓ દ્વારા શિખડાવવામાં આવેલી એક ગર્ભવતી દાસી, મુનિની પાસે આવીને કહેવા લાગી – મુનિરાજ ! આપ વિહાર કરીને ક્યાં જશો ? હું નિકટના ભવિષ્યમાં તમારા બાળકની મા બનવાની છું અને તમે મને છોડીને અન્યત્ર જઈ રહ્યાં છો તો પાછળથી મારું શું થશે ?

મુનિ વિચારવા લાગ્યા – હું સર્વથા નિષ્કલંક છું પણ આ સમયમાં જો હું વિહાર કરીને જઈશ તો શાસનની અપકીર્તિ થશે અને ધર્મની હાનિ થશે. મુનિ એક શક્તિ સંપન્ન સાધક હતા. દાસીની ખોટી વાત સાંભળીને તેનું નિવારણ કરવા માટે મુનિએ તરત જ કહ્યું – જો આ ગર્ભ મારો હશે તો પ્રસવ સ્વાભાવિક થશે, અન્યથા તે તારું પેટ ફાડીને નીકળશે.

દાસી આસન્ન-પ્રસવા હતી પરંતુ મુનિ પર જૂઠું કલંક લગાડવાથી પ્રસવ થતો ન હતો. અસહ્ય વેદના થવા લાગી. પછી તેને મુનિની સમક્ષ લઈ ગયા. ત્યાં જઈને દાસીએ કહ્યું – મહારાજ ! મને બચાવો. આપના વિરોધીઓના કહેવાથી મેં તમારા પર જૂઠું કલંક ચડાવ્યું હતું. સભા સમક્ષ દાસીએ કહ્યું – મહારાજ ! કૃપા કરીને

મને આ સંકટથી મુક્ત કરો.

મુનિના હૃદયમાં કષાય લેશ માત્ર ન હતો. તે ક્ષમાના સાગર હતા. તરત જ તેમણે દાસીને ક્ષમા આપી. દાસીનો પ્રસવ કુશળતાપૂર્વક થઈ ગયો. વિરોધીઓ મુનિનો પ્રભાવ જોઈને બોલતા બંધ થઈ ગયાં. મુનિરાજનો યશ ચારે ય બાજુ ફેલાઈ ગયો. આ મુનિરાજની પારિણામિકી બુદ્ધિનું ઉદાહરણ છે.

**(૩) કુમાર :-** એક રાજકુમાર હતો. તેને બાલ્યકાળથી જ લાડુ બહુ પ્રિય હતા. ઉંમરલાયક થતાં લગ્ન થયા. એક વખત કોઈ ઉત્સવનો પ્રસંગ આવ્યો. ઉત્સવના દિવસે રાજકુમારે સ્વાદિષ્ટ મિષ્ટાન, પકવાન, લાડુ આદિ ઉત્તમ પ્રકારના મિષ્ટાનો કરાવ્યા. પોતાના સાથીઓ સાથે આનંદમાં આવીને રાજકુમારે ખૂબ જ ખાધું. તેનું પરિણામ ખરાબ આવ્યું. અજીર્ણના કારણે તેના શરીરમાંથી દુર્ગંધ આવવા લાગી તેથી તે બહુ દુઃખી થઈ ગયો.

રાજકુમાર વિચારવા લાગ્યો – અહો ! આટલા સુંદર અને સ્વાદિષ્ટ ભક્ષ્ય પદાર્થ શરીરના સંસર્ગ માત્રથી દુર્ગંધમય બની જાય ? ખરેખર આ શરીર અશુચિ પદાર્થોથી બનેલ છે. તેના સંસર્ગમાં આવનાર પ્રત્યેક પદાર્થ ખરાબ થઈ જાય છે. માટે ધિક્કાર છે આ શરીરને, જેના માટે મનુષ્ય પાપનું આચરણ કરે છે. આ રીતે અશુચિ ભાવનાનું અનુસરણ કરતાં કરતાં તેના અધ્યવસાયો ઉત્તરોત્તર શુભ, શુભતર થતા ગયા અને એક અંતર્મુહૂર્તમાં તેને કેવળજ્ઞાન ઉત્પન્ન થઈ ગયું. આ રાજકુમારની પારિણામિકી બુદ્ધિનું ઉદાહરણ છે.

**(૪) દેવતા :-** ઘણાં વર્ષો પહેલાની એક વાત છે. એ સમયે પૂર્ણભદ્ર નામનું એક નગર હતું. ત્યાં પુષ્પકેતુ નામના રાજા રાજ્ય કરતા હતા. તેને પુષ્પાવતી નામની રાણી હતી. રાજાને એક દીકરો અને એક દીકરી હતા. દીકરાનું નામ પુષ્પચૂલ હતું અને દીકરીનું નામ પુષ્પચૂલા હતું. ભાઈ બહેનનો પરસ્પર અત્યંત સ્નેહ હતો. બન્ને યુવાન થયાં ત્યારે તેની માતાનો સ્વર્ગવાસ થયો. દેવલોકમાં તેણી દેવતારૂપે ઉત્પન્ન થઈ.

પુષ્પવતીએ દેવતાના ભવમાં અવધિજ્ઞાનથી પોતાનો પૂર્વભવ જોયો. પોતાના પરિવારને પણ જોયો. તેના મનમાં વિચાર આવ્યો કે મારી પુત્રી પુષ્પચૂલા આત્મકલ્યાણના પથને ભૂલી ન જાય તે માટે તેને પ્રતિબોધ દેવો જોઈએ. એમ વિચારીને પુષ્પવતીએ પોતાની પૂર્વભવની પુત્રી પુષ્પચૂલાને રાત્રિમાં નરક અને સ્વર્ગનું સ્વપ્ન દેખાડ્યું. સ્વપ્ન જોઈને પુષ્પચૂલાને વૈરાગ્ય ઉત્પન્ન થયો. સંસારી ઝંઝટને છોડીને તેણે સંયમ ગ્રહણ કર્યો. તપ, સંયમ, સ્વાધ્યાય, ધ્યાન આદિની સાથે તે અન્ય સાધ્વીઓની વૈયાવચ્ચમાં પણ રસ લેતી હતી. આત્મભાવમાં રહેતાં રહેતાં ઘાતી કર્મનો ક્ષય કરીને તેણે કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કર્યું. તે સાધ્વીએ ઘણા વર્ષ સુધી દીક્ષા પર્યાયનું પાલન કરીને નિર્વાણ પદ પ્રાપ્ત કર્યું. પુષ્પચૂલાને પ્રતિબોધ પમાડવો એ પુષ્પવતી દેવીની પારિણામિકી બુદ્ધિનું ઉદાહરણ છે.

**(૫) ઉદિતોદય :-** પુરિમતાલ પુરમાં ઉદિતોદય નામના રાજા રાજ્ય કરતા



હતા. શ્રી કાંતા નામની તેને રૂપ યૌવન સંપન્ન રાણી હતી. બન્ને ધર્મિષ્ઠ હતા એટલે બન્નેએ શ્રાવક-શ્રાવિકાના વ્રત ધારણ કર્યા હતા. આ રીતે તેઓ સુખપૂર્વક ધર્મમય જીવન વ્યતીત કરી રહ્યા હતા.

એકવાર અંતઃપુરમાં એક પરિવ્રાજિકા આવી. તેણે રાણીને શુચિ ધર્મનો ઉપદેશ આપ્યો. પરંતુ રાણીએ તેના તરફ ધ્યાન ન આપ્યું. પરિવ્રાજિકા પોતાનો અનાદર સમજીને ત્યાંથી કુપિત થઈને ચાલી ગઈ. રાણી દ્વારા પોતાના અપમાનનો બદલો લેવા માટે તેણીએ વારાણસીના રાજા ધર્મરૂચિની પાસે શ્રીકાંતા રાણીના રૂપ અને અનુપમ યૌવનની પ્રશંસા કરી. શ્રીકાંતાના રૂપની વાત સાંભળીને ધર્મરુચિ રાજાએ પુરિમતાલપુર પર ચઢાઈ કરી અને નગરની ચારે તરફ ઘેરો ઘાલ્યો.

રાત્રિના સમયે ઉદિતોદય રાજાએ વિચાર્યું – જો હું યુદ્ધ કરીશ તો સંખ્યાબંધ માણસોનો સંહાર થશે. માટે બીજો કોઈ ઉપાય કરવો જોઈએ. જનસંહાર અટકાવવા માટે રાજાએ વૈશ્રમણ દેવની આરાધના કરવા માટે અઠમતપ કર્યો. ત્રીજા દિવસે દેવ પ્રગટ થયો. રાજાએ દેવને પોતાની ઈચ્છા બતાવી. દેવે કહ્યું – તથાસ્તુ. વૈશ્રમણ દેવે રાતોરાત પોતાની વૈક્રિય શક્તિથી સંપૂર્ણ નગરને અન્ય સ્થાન પર સંહરણ કરી દીધું. વારાણસીના રાજાએ બીજા દિવસે ત્યાં જોયું તો નગરને બદલે સાફ મેદાન દેખાયું. એ જોઈને તે પોતાના નગર તરફ પાછો ગયો. રાજા ઉદિતોદયે પોતાની પારિણામિકી બુદ્ધિથી પોતાની અને જનતાની રક્ષા કરી.

**(૬) સાધુ અને નંદિષેણ :-** નંદિષેણ રાજગૃહના રાજા શ્રેણિકનો પુત્ર હતો. તે યુવાન થયો એટલે રાજાએ અનેક રાજકુમારીઓ સાથે તેનું પાણિગ્રહણ કરાવ્યું. એ નવોઢાઓ પોતાના રૂપ અને યૌવનથી અપ્સરાઓને પણ પરાજિત કરતી હતી. નંદિષેણ તેની સાથે સાંસારિક સુખ ભોગવતાં સમય વ્યતીત કરતા હતા.

તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી રાજગૃહ નગરમાં પધાર્યા. મહાવીર પ્રભુના પધારવાના સમાચાર શ્રેણિક મહારાજાને મળ્યા. ત્યારબાદ તે અંતઃપુર સહિત ભગવાનના દર્શન માટે ગયા. નંદિષેણ પણ એ સમાચાર સાંભળીને પોતાની પત્નીઓ સાથે દર્શનાર્થે ગયો. ઉપસ્થિત જનતાને ભગવાને ઉપદેશ આપ્યો. ઉપદેશ સાંભળીને નંદિષેણને વૈરાગ્ય ઉત્પન્ન થયો. ત્યાંથી તે રાજભવનમાં ગયો. ત્યાં જઈને માતાપિતા તથા દરેક પત્નીની અનુમતિ મેળવીને તેણે સંયમ અંગીકાર કર્યો. સંયમી બન્યા પછી જ્ઞાન અભ્યાસમાં તલ્લીન બની ગયા. અત્યંત તીવ્ર બુદ્ધિના કારણે તેણે અલ્પકાળમાં જ શાસ્ત્રોનો અભ્યાસ પૂર્ણ કર્યો.

નંદિષેણ મુનિના ઉપદેશથી અનેક ભવ્યાત્માઓ પ્રતિબોધિત થઈને સંયમ અંગીકાર કરતા હતા. ભગવાન મહાવીરની આજ્ઞા લઈને પોતાના શિષ્ય પરિવાર સહિત નંદિષેણ મુનિએ રાજગૃહથી અન્યત્ર વિહાર શરૂ કર્યો. ઘણો સમય વ્યતીત થયા બાદ ગ્રામાનુગામ વિહાર કરતા કરતા એકવાર નંદિષેણ મુનિને જ્ઞાનમાં જાણવા મળ્યું કે મારો એક શિષ્ય સંયમ પ્રત્યે અરુચિ રાખે છે અને ફરી સાંસારિક સુખ ભોગવવાની ઈચ્છા રાખે છે. તેને સંયમમાં સ્થિર કરવા માટે નંદિષેણ મુનિએ ફરી

રાજગૃહ તરફ વિહાર કર્યો. નંદિષેણ મુનિ રાજગૃહ પધારવાના સમાચાર સાંભળીને મહારાજા શ્રેણિક પોતાના અંતઃપુર સહિત તેમજ નંદિષેણ કુમારની પત્નીઓને સાથે લઈને દર્શનાર્થ ગયાં.

રાજા શ્રેણિકને, તેની રાણીઓને તથા પોતાના ગુરુ નંદિષેણની અનુપમ રૂપવતી પત્નીઓને જોઈને મુનિપણામાં શિથિલ થઈ ગયેલ સાધુએ વિચાર્યું કે – અરે ! મારા ગુરુએ તો અપ્સરાને શરમાવે એવી રૂપવતી સ્ત્રીઓનો ત્યાગ કરીને સંયમ ગ્રહણ કરેલ છે અને મન, વચન, કાયાથી સારી રીતે સંયમનું પાલન કરે છે અને હું વમન કરેલા વિષય ભોગોનું ફરી સેવન કરવા ઈચ્છું છું. ધિક્કાર છે મને ! એવો વિચાર કરીને તે પુનઃ સંયમી જીવનમાં દૃઢ બની ગયા અને આત્મ કલ્યાણના માર્ગમાં અધિક તન્મયતાથી પ્રવૃત્ત થયા.

નંદિષેણ મુનિની પારિણામિકી બુદ્ધિથી શિથિલ મુનિ સંયમમાં સ્થિર થયા.

**(૭) ધનદત્ત :-** ધનદત્તનું ઉદાહરણ શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્રના અઢારમા અધ્યયનમાં વિસ્તારપૂર્વક વર્ણન કરેલ છે માટે ત્યાંથી જાણી લેવું.

**(૮) શ્રાવક :-** એક ગામમાં એક ગૃહસ્થે પોતાના ગુરુ પાસે શ્રાવકના બાર વ્રત અંગીકાર કર્યા. સ્વદારા સંતોષ વ્રતનું બરાબર પાલન કરતા હતા. ઘણા વર્ષો સુધી પોતાના વ્રતોનું પાલન કરતા રહ્યાં. પરંતુ કર્મના ઉદયથી એક વાર તેણે પોતાની પત્નીની સખીને દેખી. દેખતા જ તેમાં તે આસક્ત થયાં. આસક્તિના કારણે પ્રતિ સમય તે ચિંતિત રહેવા લાગ્યાં. લજ્જાવશ તે પોતાની ભાવના કોઈ પણ પ્રકારે પ્રગટ કરી શકતા ન હતાં. ચિંતાના કારણે તે દુબળા થવા લાગ્યાં ત્યારે તેની પત્નીએ આગ્રહપૂર્વક પૂછ્યું – નાથ ! તમને શું થયું છે ? તમારું શરીર કેમ ઘસાતું જાય છે ? પત્નીએ પૂછ્યું એટલે પતિએ પોતાની ઈચ્છા પ્રગટ કરી દીધી.

વ્રતધારી પોતાના પતિની વાત સાંભળીને તેની સ્ત્રીએ વિચાર્યું – તેણે સ્વદારા સંતોષ વ્રત ગ્રહણ કર્યું છે છતાં મોહના કારણે એવી દુર્ભાવના ઉત્પન્ન થયેલ છે. જો આ રીતે કલુષિત વિચારોમાં તેમનું મૃત્યુ થશે તો અવશ્ય તેની દુર્ગતિ થશે. માટે પતિના કુવિચાર હટી જાય અને વ્રત પણ ન ભાંગે એવો કોઈ ઉપાય શોધું. વિચારીને તેણીએ તેના પતિને કહ્યું – સ્વામી ! આપ નિશ્ચિંત રહો. હું આપની ભાવનાને પૂર્ણ કરી દઈશ. એ તો મારી સખી છે. મારી વાતને તે ટાળી નહિ શકે. એ આજે જ આપની સેવામાં ઉપસ્થિત થશે. એમ કહીને તેણી પોતાની સહેલી પાસે ગઈ.

સખીની સાથે વાર્તાલાપ કરીને તેણીએ કહ્યું – તારા દાગીના અને વસ્ત્ર મને આપ મારે પહેરવા છે. તેની સખીએ વસ્ત્ર તથા આભૂષણો આપ્યાં. તે લઈને પોતાના ઘરે આવી. રાત્રિના તે શ્રાવકની પત્નીએ એ જ આભૂષણો અને એ જ વસ્ત્રો પહેર્યા. તૈયાર થઈને તે પોતાના પતિ પાસે ગઈ અને તેની ઈચ્છા પૂર્ણ કરી. બીજા દિવસે તેના પતિએ કહ્યું – મેં બહુ અનર્થ કરી નાંખ્યો. મારા વ્રતનો મેં ભંગ કર્યો. તે બહુ જ પશ્ચાતાપ કરવા લાગ્યા. ત્યારે તેની પત્નીએ દરેક વાત સ્પષ્ટ કરીને કહ્યું. શ્રાવક આ વાત સાંભળીને બહુ ખુશ થયા. પછી પોતાના ધર્મગુરુની પાસે જઈને આલોચના કરી



પ્રાયશ્ચિત કરીને શુદ્ધિકરણ કર્યું. તેની સ્ત્રીએ પોતાના પતિના વ્રતની રક્ષા કરી, આ તે શ્રાવિકાની પારિણામિકી બુદ્ધિનું ઉદાહરણ છે.

**(૯) અમાત્ય :-** કાંપિલપુર નગરમાં બ્રહ્મ નામના રાજા રાજ્ય કરતા હતા. તેની રાણીનું નામ ચુલણી હતું. એક વાર સુખે શય્યામાં પોઢેલી રાણીએ ચક્રવર્તીના જન્મ સૂચક એવા ચૌદ સ્વપ્ના જોયાં. ત્યારબાદ સમય થવા પર રાણીએ એક પરમ પ્રતાપી સુકુમાર પુત્રને જન્મ આપ્યો. તેનું નામ બ્રહ્મદત્ત રાખ્યું. બ્રહ્મદત્તના પિતા બ્રહ્મનો દેહાંત થયો ત્યારે બ્રહ્મદત્તનો હજુ બાલ્યકાળ જ હતો. તેથી બ્રહ્મદત્ત ઉંમરલાયક થાય ત્યાં સુધી રાજાનો મિત્ર દીર્ઘપૃષ્ઠને રાજગાદી પર બેસાડ્યો. દીર્ઘપૃષ્ઠ ચરિત્રહીન હતો. તે વારંવાર અંતઃપુરમાં આવ-જા કરતો હતો. જેના પરિણામે રાણીની સાથે તેનો અનુચિત સંબંધ થઈ ગયો. તેઓ બન્ને વૈષયિક સુખ ભોગવવા લાગ્યાં.

રાજા બ્રહ્મના મંત્રીનું નામ ધનુ હતું. તે રાજાનો હિતૈષી હતો. રાજાના મૃત્યુ બાદ મંત્રી રાજકુમારની સર્વ પ્રકારે સાર-સંભાળ રાખતો હતો. બ્રહ્મદત્ત યુવાન થયો ત્યારે મંત્રીએ દીર્ઘપૃષ્ઠ અને રાણીના અનુચિત સંબંધ વિષે બતાવી દીધું. યુવા રાજકુમારને માતાના અનાચાર પ્રત્યે બહુ ક્રોધ આવ્યો. રાજકુમારે માતાને સમજાવવા માટે એક ઉપાય શોધ્યો. એક વાર તે એક કાગડાને અને એક કોયલને લઈ આવ્યો. એક દિવસ તે અંતઃપુરમાં જઈને કહેવા લાગ્યો – આ પક્ષીઓની જેમ જે વર્ણશંકરપણુ કરશે તેને હું ચોક્કસ દંડ આપીશ. રાણી પુત્રની વાત સાંભળીને ગભરાઈ ગઈ પણ દીર્ઘપૃષ્ઠે તેણીને સમજાવી દીધી કે એ તો બાળક છે તેની વાત પર ધ્યાન દેવું નહીં.

એકવાર રાજકુમારે શ્રેષ્ઠ હાથણીની સાથે નિકૃષ્ટ હાથીને જોયો, જોઈને તેણે રાણી અને દીર્ઘપૃષ્ટને વ્યંગભાષામાં ધમકી આપી.

ત્રીજીવાર એક હંસી અને એક બગલાને લઈ આવ્યો અને અંતઃપુરમાં જઈને તેને મોટા અવાજે કહ્યું – આ રાજ્યમાં જે કોઈ આની જેમ રમણ કરશે તેને હું મૃત્યુનો દંડ આપીશ.

ત્રણવાર આ રીતે રાજકુમારની ધમકી સાંભલીને દીર્ઘપૃષ્ઠના કાન ઊભા થઈ ગયા. તેણે રાણીને કહ્યું – આ કુમાર જે કહી રહ્યો છે તે પ્રમાણે અવશ્ય દંડિત કરશે. રાણીએ કહ્યું – એવો ઉપાય કરવાનો કે આપણું કાર્ય સિદ્ધ થઈ જાય અને લોકોમાં નિંદા પણ ન થાય. આ માટે તેમણે એક યોજના બનાવી કે સૌ પ્રથમ રાજકુમારના લગ્ન કરાવી દઈએ. કુમારને રહેવા માટે એક લાક્ષાગૃહ બનાવવું. લાક્ષાગૃહમાં કુમાર તેની પત્ની સાથે આનંદ વિનોદ કરતો હોય તે સમયે લાક્ષાગૃહમાં આગ લગાડી દેવી. ''કામાંધ માણસ શું ન કરી શકે ?'' રાણી માતા હોવા છતાં પોતાના પુત્રની હત્યા કરવા માટે તૈયાર થઈ ગઈ.

રાજકુમારના લગ્ન રાજા પુષ્પચૂલની કન્યા સાથે ધામધૂમથી કર્યા. બીજી બાજુ સુંદર લાક્ષાગૃહ પણ બની ગયું. મંત્રી ધનુને દીર્ઘપૃષ્ઠ તથા રાણીના ષડ્યંત્રની ખબર પડી ગઈ હતી. એક દિવસ તે દીર્ઘપૃષ્ઠની પાસે ગયો. ત્યાં જઈને તેણે કહ્યું –

''મહારાજ ! હવે હું વૃદ્ધ થઈ ગયો છું. હવે કામ કરવાની શક્તિ પણ રહી નથી. માટે શેષ જીવન હું ધર્મધ્યાનમાં વ્યતીત કરવા ઈચ્છું છું. મારો પુત્ર વરધનુ ઉંમરલાયક તથા બુદ્ધિમાન બની ગયો છે. માટે રાજ્યની સેવા હવે એ કરશે.''

આ પ્રમાણે દીર્ઘપૃષ્ઠની આજ્ઞા લઈને મંત્રી ધનુ ત્યાંથી રવાના થઈને ગંગાનદીના કિનારે એક દાનશાળા ખોલીને દાન દેવા લાગ્યાં. પણ આ કાર્ય કરતાં કરતાં તેણે અતિ શીઘ્રતાથી એક સુરંગ ખોદાવી. ગંગાનદીથી એ સુરંગ ઠેઠ લાક્ષાગૃહ સુધી તૈયાર કરાવી. રાજકુમારના વિવાહ અને લાક્ષાગૃહનું નિર્માણ બન્ને તૈયાર થઈ ગયા. તેની સાથે સુરંગ પણ તૈયાર થઈ ગઈ હતી.

લગ્ન બાદ બ્રહ્મદત્તકુમાર તથા નવવધૂને વરધનુની સાથે લાક્ષાગૃહમાં મોકલ્યાં. પરંતુ અર્ધી રાત્રિના અચાનક આગ લાગી અને લાક્ષાગૃહ પીગળવા લાગ્યો. એ જોઈને કુમારે ગભરાઈને વરધનુને પૂછ્યું – મિત્ર ! આ શું થઈ રહ્યું છે ? આગ કેવી રીતે લાગી ગઈ ? ત્યારે વરધનુએ દીર્ઘપૃષ્ઠ અને રાણીના ષડ્યંત્રની વાત સંક્ષેપમાં બતાવી દીધી. માતાએ આપની હત્યાનો આ ઉપાય શોધ્યો છે, પણ આપ ગભરાતા નહીં. મારા પિતાજીએ આ લાક્ષાગૃહથી ગંગા નદીના કિનારા સુધી સુરંગ બનાવીને રાખી છે અને ત્યાં આપના માટે ઘોડો પણ તૈયાર રાખેલ છે. તે આપને ઈચ્છિત સ્થાન પર પહોંચાડી દેશે. શીઘ્ર ચાલો. આપ બન્નેને સુરંગ દ્વારા અહીંથી બહાર કાઢીને હું ગંગા નદીના કિનારા સુધી પહોંચાડી દઉં છું. એ પ્રમાણે કુમાર ગંગા નદીના કિનારે પહોંચી ગયા. ત્યારબાદ ગંગા નદીના કિનારા પરથી અનેક દેશમાં ફરીને બ્રહ્મદત્તકુમારે અનેક કન્યાઓ સાથે પાણિગ્રહણ કરીને છ ખંડની સાધના કરી.

આ રીતે અમાત્ય ધનુની પારિણામિકી બુદ્ધિ વડે સુરંગથી રાજકુમાર બ્રહ્મદત્ત સકુશળ મોતના મોઢામાંથી બચી ગયો અને કાલાંતરે પોતાની બુદ્ધિ અને બળથી છ ખંડને જીતીને ચક્રવર્તી સમ્રાટ બની ગયો.

**(૧૦) ક્ષપક :-** એક વાર તપસ્વી મુનિ ગોચરી માટે પોતાના શિષ્યની સાથે ગયા. પાછા વળતી વખતે તપસ્વી મુનિના પગની નીચે એક દેડકી દબાઈ ગઈ. શિષ્યે આ દૃશ્ય જોયું એટલે તેણે ગુરુને પ્રાયશ્ચિત કરવા માટે કહ્યું. પણ શિષ્યની વાત પર તપસ્વી મુનિએ ધ્યાન ન આપ્યું. સાયંકાલ પ્રતિક્રમણ કરતી વખતે ફરી શિષ્યે દેડકી મરી ગયાની વાત યાદ કરાવી દીધી અને ગુરુને વિનયપૂર્વક કહ્યું – આપ દેડકીનું પ્રાયશ્ચિત લઈ લો. પરંતુ તપસ્વી મુનિ ક્રોધથી ધમધમાયમાન બનીને શિષ્યને મારવા માટે દોડ્યા. અંધકાર હોવાના કારણે એક થાંભલા સાથે ભટકાયા તેથી તેનું માથું ફૂટી ગયું અને તરત જ તેનું મૃત્યું થયું. મરીને તે જ્યોતિષી દેવ થયા. ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરીને દૃષ્ટિ વિષ સર્પની યોનિમાં ઉત્પન્ન થયા. ત્યાં તેને જાતિસ્મરણ જ્ઞાન થવાથી પોતાનો પૂર્વભવ જોયો અને ભયંકર પશ્ચાત્તાપ કરવા લાગ્યા. પછી તે બિલમાં જ રહેવા લાગ્યા. તેણે વિચાર્યું કે મારી દૃષ્ટિના વિષથી હવે કોઈ પણ પ્રાણીની ઘાત થવી જોઈએ નહીં.

એ અરસામાં એક રાજાના રાજકુમારને સર્પ કરડ્યો અને રાજકુમાર મરી



ગયો. રાજાને અત્યંત દુ:ખ થયું અને ક્રોધે ભરાઈને ગામોગામના ગારુડીઓને બોલાવ્યાં. કહ્યું – દરેક ગામના સર્પોને પકડીને મારી નાંખો. ગારુડી લોકો ગામોગામના સર્પોને મારવા લાગ્યાં. એક ગારુડી તે દૃષ્ટિવિષ સર્પના બિલ પાસે પહોંચ્યો. તેણે સર્પને બિલની બહાર કાઢવા માટે બિલ પર ઝેરી દવા છંટાવી. દવાના પ્રભાવે તે સર્પ બહાર આવવા લાગ્યો. તેણે વિચાર્યું કે મારી દૃષ્ટિથી મને મારનારનું મૃત્યુ ન થવું જોઈએ. એવા ઉદ્દેશથી સર્પે પહેલા પોતાની પૂંછડી દરની બહાર કાઢી. જેમ જેમ તે બહાર નીકળતો ગયો તેમ તેમ ગારુડી તેના શરીરના ટુકડા કરતો ગયો. તો પણ સર્પે સમભાવ રાખ્યો, મારનાર પ્રત્યે લેશમાત્ર પણ ક્રોધ ન કર્યો. મરતી વખતે તેના પરિણામો શુદ્ધ હતાં. શ્રેષ્ઠ પરિણામના કારણે તે મરીને ત્યાંના રાજાના ઘરે પુત્ર રૂપે ઉત્પન્ન થયા. ત્યાં તેનું નામ ''નાગદત્ત'' રાખવામાં આવ્યું.

નાગદત્તને બાલ્યકાળમાં જ પૂર્વભવના સંસ્કારનાં કારણે વૈરાગ્ય ઉત્પન્ન થયો અને સંયમ ધારણ કર્યો. વિનય, સરળતા, ક્ષમા આદિ અસાધારણ ગુણોનાં કારણે તે મુનિ દેવોથી પણ વંદનીય બની ગયા. પૂર્વભવમાં તે તિર્યંચ હતાં તેથી ભૂખનો પરીષહ તેને બહુ પરેશાન કરતો હતો. તેથી તે તપસ્યા બિલકુલ કરી શકતા ન હતાં. તેના ગચ્છમાં એકથી એક ચડે એવા ચાર તપસ્વી મુનિઓ હતા. નાગદત્તમુનિ તે તપસ્વીઓની ત્રિકરણથી સેવા-ભક્તિ, વૈયાવચ્ચ વગેરે કરતા હતા.

એક વાર નાગદત્ત મુનિને વંદન કરવા માટે એક દેવ આવ્યો. તપસ્વી મુનિઓ આ જોઈને નાગદત્ત મુનિની ઈર્ષ્યા કરવા લાગ્યા. એક દિવસ નાગદત્ત મુનિ પોતાના માટે ગોચરી લઈને આવ્યા. તેણે વિનયપૂર્વક તપસ્વી મુનિઓને આહાર દેખાડ્યો. પરંતુ ઈર્ષ્યાના કારણે તેઓએ કહ્યું – અરે ભૂખમરા ! એમ કહીને તિરસ્કાર કરતાં એક મુનિ તેના આહારમાં થૂંક્યા. એ જોઈને નાગદત્ત મુનિએ ક્ષમા ધારણ કરી લીધી. તેના મનમાં જરા પણ રોષ ન આવ્યો. તે પોતાની નિંદા અને ચારે ય તપસ્વી મુનિની પ્રશંસા કરવા લાગ્યા. ઉપશાંત વૃત્તિ અને પરિણામોની વિશુદ્ધતાના કારણે નાગદત્ત મુનિને તે જ ક્ષણે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. દેવો કેવળ મહોત્સવ મનાવવા માટે આવ્યા. એ જોઈને ચારે ય તપસ્વી મુનિઓ પોતાના અપકૃત્ય પર પશ્ચાત્તાપ કરવા લાગ્યા. પશ્ચાત્તાપથી તેઓનો આત્મા નિર્મળ બન્યો. તેથી તેઓને પણ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. નાગદત્તમુનિએ વિપરીત પરિસ્થિતિમાં પણ સમતા ધારણ કરી તેથી તેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. આ નાગદત્તમુનિની પારિણામિકી બુદ્ધિનું ઉદાહરણ છે.

**(૧૧) અમાત્યપુત્ર :-** કાંપિલપુર નગરના રાજા બ્રહ્મ હતાં. તેના મંત્રીનું નામ ધનુ હતું. રાજકુમારનું નામ બ્રહ્મદત્ત હતું. મંત્રીના પુત્રનું નામ વરધનુ હતું. બ્રહ્મરાજાના મૃત્યુ બાદ તેનું રાજ્ય તેના મિત્ર દીર્ઘપૃષ્ઠને આપ્યું. રાણી ચૂલણી સાથે તેનો અનુચિત સંબંધ હતો. રાજકુમાર બ્રહ્મદત્તને જ્યારે એ વાતની ખબર પડી ત્યારે તેણે પોતાની માતા તથા દીર્ઘપૃષ્ઠને મારવાની ધમકી આપી. તેથી તેઓએ પોતાના માર્ગમાં કંટક સમાન સમજીને બ્રહ્મદત્તના લગ્ન કર્યા. લગ્ન બાદ પુત્ર અને પુત્રવધૂને લાક્ષાગૃહમાં મોકલ્યાં અને પછી લાક્ષગૃહમાં આગ લગાડી દીધી. પરંતુ બ્રહ્મદત્તકુમારનો વફાદાર

મંત્રી ધનુ તેમજ તેનો દીકરો વરધનુ, આ બન્નેની સહાયતાથી તેઓ લાક્ષાગૃહમાંથી નીકળી ગયા. આટલું વૃતાંત પહેલાં આવી ગયું છે. ત્યારબાદ જ્યારે તેઓ જંગલમાં જઈ રહ્યા હતાં ત્યારે બ્રહ્મદત્તને ખૂબ જ તરસ લાગી. વરધનુ રાજકુમારને એક વૃક્ષ નીચે બેસાડીને પાણી લેવા માટે ગયો.

આ બાજુ દીર્ઘપૃષ્ઠને ખબર પડી કે રાજકુમાર લાક્ષાગૃહથી નીકળી ગયો છે. તેથી તેણે રાજકુમાર બ્રહ્મદત્ત અને તેના મિત્ર વરધનુને શોધવા માટે ચારે ય બાજુ નોકરોને દોડાવ્યાં. અનુચરો શોધતાં શોધતાં એ જ જંગલના સરોવરને કાંઠે પહોંચ્યા. ત્યાં વરધનુ રાજકુમાર માટે પાણી ભરી રહ્યો હતો. સેવકોએ વરધનુને પકડી લીધો. એ જ સમયે વરધનુએ એવો જોરદાર અવાજ કર્યો કે બ્રહ્મદત્તકુમાર તેના સંકેતને સમજીને તે જ ક્ષણે ઘોડા ઉપર ચડીને ભાગી ગયો.

સેવકોએ વરધનુને રાજકુમાર વિષે પૂછ્યું પણ તેણે કાંઈ બતાવ્યું નહીં. તેથી રાજાના માણસો તેને મારવા-પીટવા લાગ્યા. ચતુર વરધનુ નિશ્ચેષ્ટ થઈને નીચે પડી ગયો. અનુચરોએ તેને મરેલો સમજીને છોડી દીધો. ત્યાંથી તેઓ રાજકુમારને શોધવા માટે ગયા. પછી વરધનુ ઊઠ્યો અને રાજકુમારને શોધવા લાગ્યો પણ તેનો ક્યાંય પતો લાગ્યો નહીં. તેથી તે પોતાના સંબંધીઓને મળવા માટે પોતાના ઘર તરફ રવાના થયો. માર્ગમાં તેને સંજીવન અને નિર્જીવન નામની બે ઔષધિ મળી. તે લઈને કંપિલપુરનગરની પાસે પહોંચ્યો. ત્યાં તેને એક ચાંડાલ મળ્યો. તેણે વરધનુને કહ્યું – તમારા પરિવારના દરેક માણસોને રાજાએ બંદી બનાવેલ છે.

રાજાની વાત સાંભળીને વરધનુએ મુંઝાયા વિના ચાંડાલને લાલચ આપીને પોતાના વશમાં કરી લીધો અને તેને નિર્જીવન ઔષધિ આપી અને તેનો સંકેત સમજાવી દીધો. વરધનુના આદેશ અનુસાર ચાંડાલે નિર્જીવન ઔષધિ તેના કુટુંબના મુખ્ય માણસને આપી. તેણે કુટુંબની દરેક વ્યક્તિની આંખમાં એ ઔષધિ આંજી દીધી. તેથી તે તત્કાળ નિર્જીવ સદૃશ બની ગયા. રાજસેવકોએ રાજાને ખબર આપ્યા કે બંદી કરેલા દરેક માણસો મરી ગયા છે. રાજાએ ચાંડાલને બોલાવીને એ બધાને શ્મશાનમાં લઈ જવાની આજ્ઞા આપી. ચાંડાલે વરધનુના સંકેત અનુસાર એક જગ્યાએ તેઓને મૂકી દીધા.

વરધનુએ ત્યાં આવીને તે દરેકની આંખોમાં સંજીવની ઔષધિ આંજી તો તત્કાળ દરેક સભ્ય સ્વસ્થ બની ગયા અને વરધનુને પોતાની પાસે ઊભેલો જોઈને હર્ષિત થયા. ત્યારબાદ વરધનુ પોતાના પરિવારને કોઈ સંબંધીને ત્યાં સકુશળ રાખીને પોતે રાજકુમાર બ્રહ્મદત્તની શોધ કરવા નીકળી ગયો. દૂર દૂર જંગલમાં તેને રાજકુમાર મળી ગયો. બન્ને મિત્રો ત્યાંથી ચાલતા થયા, રસ્તામાં અનેક રાજાઓની સાથે યુદ્ધ કરીને તેઓને જીતી લીધા. અનેક કન્યાઓ સાથે બ્રહ્મદત્તના લગ્ન થયા. ધીરે ધીરે છ ખંડને જીતીને બ્રહ્મદત્ત ચક્રવર્તી કંપિલપુર નગરમાં આવ્યા. ત્યાં આવીને દીર્ઘપૃષ્ઠને મારીને ચક્રવર્તીની ઋદ્ધિનો ઉપભોગ કરતાં સુખપૂર્વક જીવન વ્યતીત કરવા લાગ્યા.

આ રીતે મંત્રી પુત્ર વરધનુએ પોતાના કુટુંબની અને બ્રહ્મદત્તની રક્ષા કરી



તેમજ બ્રહ્મદત્તને ચક્રવર્તી બનાવવામાં અનેક પ્રકારે સહાયતા આપી. આ તેની પારિણામિકી બુદ્ધિનું ઉદાહરણ છે.

**(૧૨) ચાણક્ય :-** પાટલિપુત્રના રાજા નંદે કુપિત થઈને એક વાર ચાણક્ય નામના બ્રાહ્મણને પોતાના નગરથી બહાર નીકળી જવાની આજ્ઞા આપી. ચાણક્ય સંન્યાસીનો વેષ ધારણ કરીને ત્યાંથી રવાના થયો. ફરતાં ફરતાં તે મૌર્ય દેશમાં પહોંચ્યો. ત્યાં એક ગામમાં કોઈ એક ક્ષત્રિયાણીને ચંદ્રપાન કરવાનો દોહદ ઉત્પન્ન થયો. દોહદ પૂર્ણ ન થવાથી ક્ષત્રિયાણી દિન પ્રતિદિન દૂબળી થવા લાગી. તેના પતિએ પત્નીને પૂછ્યું – તું દૂબળી કેમ દેખાય છે ? કાંઈ દર્દ થયું હોય તો વાત કર. પત્નીએ દોહદની વાત કરી. તેણીની વાત સાંભળીને તેનો પતિ પણ ચિંતામાં પડી ગયો. તે વિચાર કરે છે કે જો આ સ્ત્રીનો દોહદ પૂર્ણ નહિ થાય તો તે મરી જશે. આ અરસામાં સંન્યાસી ચાણક્ય ફરતો ફરતો એ ગામમાં આવ્યો. તે સમયે ક્ષત્રિય ઘરની બહાર ઉદાસ બેઠો હતો. ચાણક્યે તેની ઉદાસીનું કારણ પૂછ્યું. ક્ષત્રિયે તેની પત્નીના દોહદની વાત બતાવી. એ વાત સાંભળીને ચાણક્યે કહ્યું – હું તેણીની ઈચ્છા પૂર્ણ કરી દઈશ.

ચાણક્યે તે સ્ત્રીની ઈચ્છા પૂર્ણ કરવા માટે નગરની બહાર એક તંબૂ બનાવ્યો. તેની ઉપર એક ચંદ્રાકાર છિદ્ર બનાવ્યું અને પૂર્ણિમાની રાત્રિએ છિદ્રની નીચે એક થાળીમાં પેય પદાર્થ રાખી દીધો. તે દિવસે ત્યાં એક મહોત્સવ રાખેલ હતો, એમાં ક્ષત્રિય અને ક્ષત્રિયાણીને પણ બોલાવ્યા. જ્યારે ચંદ્ર તે છિદ્રની ઉપર આવ્યો ત્યારે તેનું પ્રતિબિંબ થાળીમાં પડ્યું. તે જ સમયે ચાણક્યે કહ્યું – બહેન ! આ થાળીમાં ચંદ્ર છે તેનું પાન કરી લો. ક્ષત્રિયાણીએ એ પેય પદાર્થનું પ્રસન્નતાપૂર્વક પાન કર્યું. જે ક્ષણે તેણીએ ચંદ્ર પીધો તે જ ક્ષણે ચાણક્યે છિદ્ર ઉપર એક કપડું ઢાંકી દીધું. જેથી ચંદ્રનો પ્રકાશ આવવો બંધ થઈ ગયો. ક્ષત્રિયાણી ચંદ્રનું પાન કરીને ખુશ થઈ ગઈ. તેણીની ઈચ્છા પૂર્ણ થવાથી તે શીઘ્ર સ્વસ્થ બની ગઈ અને સુખપૂર્વક ગર્ભનું પાલન કરવા લાગી, સમય થવા પર ચંદ્ર સમાન તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. બાળક ગર્ભમાં આવ્યો ત્યારે માતાને ચંદ્રનો દોહદ ઉત્પન્ન થયો હતો. તેથી તેનું નામ ''ચંદ્રગુપ્ત'' રાખ્યું. ચંદ્રગુપ્ત જ્યારે જુવાન થયો ત્યારે ચાણક્યની સહાયતાથી રાજા નંદને મારીને પાટલિપુત્રનો રાજા બની ગયો અને ચાણક્યને પોતાનો મંત્રી બનાવ્યો. આ ચાણક્યની પારિણામિકી બુદ્ધિનું ઉદાહરણ છે.

**(૧૩) સ્થૂલભદ્ર :-** પાટલિપુત્રમાં નંદ નાના રાજા રાજ્ય કરતા હતા. તેના મંત્રીનું નામ શકડાલ હતું. તે બહુ ચતુર હતો. તેને સ્થૂલભદ્ર અને શ્રિયક નામના બે દીકરા હતા. તેમજ યક્ષા, યક્ષાદત્તા, ભૂતા, ભૂતદત્તા, સેણા, વેણા અને રેણા નામની સાત પુત્રીઓ હતી. તે કન્યાઓની સ્મરણશક્તિ અજબ ગજબની હતી. સર્વથી મોટી દીકરી યક્ષાની સ્મરણ શક્તિ બહુ તીવ્ર હતી. જે વાત તે એકવાર સાંભળતી તેને અક્ષરશઃ યાદ રાખતી. યક્ષદત્તા બે વાર સાંભળીને યાદ રાખતી. ભૂતા ત્રણવાર, ભૂતદત્તા ચારવાર, સેણા પાંચવાર, વેણા છ વાર અને રેણા સાતવાર સાંભળે

તો કોઈ પણ વાત ક્યારે ય ભૂલતી નહીં. ગમે ત્યારે ગમે તેને એ વાત સંભળાવી શકે એવી તેની સ્મરણશક્તિ હતી.

એ જ નગરમાં એક વરરુચિ નામનો બ્રાહ્મણ રહેતો હતો. તે બહુ વિદ્વાન હતો. તે પ્રતિદિન ૧૦૮ શ્લોકની રચના કરીને રાજસભામાં રાજા નંદની સ્તુતિ કરતો. રાજા નિત્ય નવા નવા ૧૦૮ શ્લોક વડે કરાતી પોતાની સ્તુતિ સાંભળતા અને સાંભળીને મંત્રીના સામે જોતા. તેનો અભિપ્રાય એવો હતો કે મંત્રી તેની પ્રશંસા કરે તો તેને કંઈક પુરસ્કાર આપી શકાય. પરંતુ શકડાલ મંત્રી કાંઈ પણ બોલ્યા વગર ચુપચાપ સાંભળતા તેથી રાજા તેને કાંઈ પણ પુરસ્કાર આપતા ન હતા. વરરુચિ પ્રતિદિન રાજસભામાંથી ખાલી હાથે ઘેર જતો. વરરુચિની પત્ની તેને ઉપાલંભ આપતી કે તમે કાંઈપણ કમાઈને કેમ લઈ આવતા નથી ? આ રીતે આપણું ઘર શી રીતે ચાલશે ! પત્નીની વાત સાંભળીને વરરુચિએ વિચાર્યું – જ્યાં સુધી મંત્રી રાજાને કાંઈ કહેશે નહીં ત્યાં સુધી રાજા મને કાંઈ પણ આપશે નહીં. એક વાર તે શકડાલ મંત્રીના ઘેર ગયો અને તેની સ્ત્રીની પ્રશંસા કરવા લાગ્યો. તેની સ્ત્રીએ પૂછ્યું – પંડિતરાજ ! આપ આજે અહીં કયા પ્રયોજનથી આવ્યા છો ? વરરુચિએ તેણીને સર્વ વૃત્તાંત સંભળાવી દીધો શકડાલની પત્નીએ કહ્યું – ભલે ! આજે હું મંત્રીને વાત કરીશ.

શકડાલની પત્ની બુદ્ધિમતી અને દયાળુ હતી. તેણીએ રાત્રે પોતાના પતિને કહ્યું – સ્વામિન્ ! વરરુચિ પ્રતિદિન એક સો આઠ નવા નવા શ્લોકની રચના કરીને રાજાની સ્તુતિ કરે છે. શું એ શ્લોક આપને સારા નથી લાગતા ? તેના પતિએ કહ્યું – મને સારા લાગે છે. તો પછી આપ પંડિતજીની પ્રશંસા કેમ નથી કરતા ? મંત્રીએ કહ્યું – તે મિથ્યાત્વી છે માટે હું તેની પ્રશંસા કરતો નથી. પત્નીએ ફરી વિનયપૂર્વક કહ્યું – નાથ ! જો આપના કહેવાથી એ બિચારાનું ભલું થતું હોય તો આપને એમાં શું નુકશાની છે ? મંત્રીએ કહ્યું – ભલે, કાલે હું એ બાબત વિચાર કરીશ.

બીજા દિવસે મંત્રી જ્યારે દરબારમાં ગયો ત્યારે વરરુચિએ પોતાના બનાવેલા નવા ૧૦૮ શ્લોકથી રાજાની સ્તુતિ કરી. રાજાએ મંત્રીના સામું જોયું. મંત્રીએ કહ્યું ''સુભાષિત'' છે. એટલું કહેવા પર જ રાજાએ પંડિતજીને એક સો આઠ સુવર્ણમુદ્રાઓ આપી. વરરુચિ હર્ષિત થઈને પોતાના ઘરે ગયો. વરરુચિ ગયા પછી મંત્રીએ રાજાને પૂછ્યું – મહારાજ ! આપે તેને સુવર્ણમુદ્રા શા માટે આપી ? રાજાએ કહ્યું – તે પ્રતિદિન નવા નવા ૧૦૮ શ્લોકથી સ્તુતિ કરે છે અને આજે તમે પણ તેની પ્રશંસા કરી એટલે મેં તેને પારિતોષિક રૂપે સુવર્ણમુદ્રાઓ આપી. મંત્રીએ કહ્યું – મહારાજ ! તે તો જગતમાં પ્રચલિત જૂના શ્લોકો જ આપને સંભળાવે છે.

રાજાએ આશ્ચર્યથી પૂછ્યું – તેનું પ્રમાણ શું છે ? મંત્રીએ કહ્યું – હું સત્ય કહું છું. જે શ્લોક વરરુચિ આપને સંભળાવે છે એ તો મારી દીકરીઓને પણ આવડે છે. જો આપને વિશ્વાસ ન આવે તો કાલે વરરુચિ જે શ્લોક આપને સંભળાવશે એ જ શ્લોકો મારી સુપુત્રીઓ આપને સંભળાવશે. રાજાએ કહ્યું ભલે. બીજા દિવસે ચાલાક મંત્રી પોતાની સાતે ય કન્યાને રાજદરબારમાં લઈ આવ્યો અને તે દરેકને



પડદાની પાછળ બેસાડી દીધી. નિયત સમય પર વરરુચિ સભામાં આવ્યો. તેણે પોતાના બનાવેલા શ્લોકથી રાજાની સ્તુતિ કરી પરંતુ શકડાલ મંત્રીએ પોતાની મોટી દીકરી યક્ષાને બોલાવી. રાજાની સમક્ષ આવીને વરરુચિએ સંભળાવેલા ૧૦૮ શ્લોકો તેણે પણ સંભળાવી દીધા. યક્ષા એકવાર જે સાંભળે તે તેને યાદ રહી જતું. વરરુચિના બોલેલા સમસ્ત શ્લોકો સાંભળી રાજાને સંભળાવ્યા ત્યારે રાજા વરરુચિ પર ક્રોધિત થયાં અને કહ્યું, ''તું કહે છે ને કે હું દરરોજ નવા શ્લોક સંભળાવું છું, આટલું ખોટું બોલે છે ?'' આજથી તારે રાજસભામાં આવવાનું નથી.

રાજાએ કરેલા અપમાનથી વરરુચિ બહુ દુઃખી થયો અને શકડાલનો બદલો લેવાનો નિર્ણય કર્યો. તેણે એક લાંબા લાકડાનો ત્રાપો બનાવ્યો. પછી એ ત્રાપો લઈને તે ગંગા નદીના કિનારે ગયો. અર્ધો ત્રાપો તેણે પાણીમાં રાખ્યો, તેની ઉપર સોનામહોરની થેલી રાખી, અર્ધો ત્રાપો જે પાણીથી બહાર હતો તેના પર બેસીને તે ગંગાની સ્તુતિ કરવા લાગ્યો. સ્તુતિ પૂર્ણ થયા બાદ તેણે ત્રાપાને દબાવ્યો એટલે સોનામહોરની થેલી સહિત તે ભાગ ઉપર આવ્યો. થેલીને જોઈને વરરુચિએ લોકોને કહ્યું – રાજા મને ઈનામ ન આપે તો તેમાં મુંઝાવાનું શું ? ગંગા તો પ્રસન્ન થઈને મને પ્રતિદિન સુવર્ણની એક થેલી આપે છે. એમ કહીને તે પોતાના ઘરે ચાલ્યો ગયો.

ગંગા માતાની વરરુચિ પર કૃપા ઉતરી છે, એ વાત આખા ય નગરમાં ફેલાઈ ગઈ. રાજાના કાન સુધી એ વાત પહોંચી ગઈ. રાજાએ શકડાલને વરરુચિની વાત વિષે પૂછ્યું. મંત્રીએ કહ્યું – ''મહારાજ ! સાંભળેલી વાતો પર વિશ્વાસ ન કરતાં પ્રાતઃકાળ આપણે ત્યાં જઈને જોવું જોઈએ.'' રાજાએ તેની વાત માન્ય રાખી.

ઘરે જઈને શકડાલે પોતાના એક વિશ્વાસુ સેવકને આદેશ આપ્યો કે તું રાતના ગંગાના કિનારા પર છુપાઈને બેસી જજે. જ્યારે વરરુચિ સોનામહોરની થેલી પાણીમાં છુપાવીને ચાલ્યો જાય ત્યારે તારે એ થેલી લઈને મારી પાસે આવવું. સેવકે મંત્રીના કહેવા મુજબ કાર્ય કર્યું. તે ગંગાના કિનારા પર છુપાઈને બેસી ગયો. અર્ધી રાત વરરુચિ ત્યાં આવ્યો અને પાણીમાં સોનામહોરની થેલી છુપાવીને ચાલ્યો ગયો. તેના ગયા પછી સેવકે ત્યાંતી પેલી થેલી લઈને મંત્રીને સોંપી દીધી.

બીજા દિવસે સવારે વરરુચિ ગંગાકિનારે આવ્યો અને ત્રાપા પર બેસીને ગંગાની સ્તુતિ કરવા લાગ્યો. એ જ સમયે રાજા અને મંત્રી પણ ત્યાં આવ્યા. સ્તુતિ સંપૂર્ણ થયા બાદ વરરુચિએ ત્રાપાને દબાવ્યો પણ થેલી ઉપર આવી નહીં. બે ત્રણવાર તેણે મહેનત કરી પણ સોનામહોરની થેલી દેખાણી નહીં, ત્યારે શકડાલે કહ્યું – પંડિતરાજ ! પાણીમાં શું જુઓ છો ? રાતના છુપાવેલી આપની થેલી તો મારી પાસે છે. એમ કહીને તેણે ત્યાં બેઠેલા લોકોને થેલી બતાવીને વરરુચિની પોલ ખુલ્લી કરી. લોકો માયાવી, કપટી એમ કહીને પંડિતજીની નિંદા કરવા લાગ્યા. પણ મંત્રી સાથે વેરનો બદલો લેવા માટે વરરુચિ તેના છિદ્રો શોધવા લાગ્યો.

ઘણો સમય વ્યતીત થયા બાદ શકડાલ પોતાના પુત્ર શ્રિયકના લગ્નની તૈયારીમાં પડી ગયો. મંત્રીએ વિવાહની ખુશાલીમાં રાજાને ભેટ આપવા માટે ઉત્તમ

પ્રકારનાં શસ્ત્રો અને અસ્ત્રો બનાવવાનો આદેશ આપ્યો. વરરુચિને આ વાતની જાણ થઈ. તેને બદલો લેવાનો મોકો મળ્યો. તેણે અમુક શિષ્યોને નિમ્નલિખિત શ્લોક યાદ કરાવીને નગરમાં પ્રચાર કરાવી દીધો.

લોકો જાણતા નથી કે શકડાલ મંત્રી શું કરશે ? તે રાજા નંદને મારીને પોતાના પુત્ર શ્રિયકને રાજસિંહાસન પર બેસાડી દેશે.

રાજાએ પણ એ વાત સાંભળી. તેણે શકડાલના ષડ્યંત્રની વાતને સાચી માની લીધી. સવારે મંત્રી રાજદરબારમાં આવ્યો અને રાજાને પ્રણામ કર્યા પણ રાજાએ કુપિત થઈને મોઢું ફેરવી લીધું. રાજાનો એવો વ્યવહાર જોઈને મંત્રી ભયભીત બની ગયો. તેણે ઘેર આવીને આ વાત પોતાના પુત્ર શ્રિયકને કરી.

બેટા ! રાજાનો ભયંકર કોપ સંપૂર્ણ વંશનો પણ નાશ કરી શકે છે માટે કાલે જ્યારે હું રાજસભામાં જઈને રાજાને નમસ્કાર કરું એ સમયે જો રાજા મોઢું ફેરવી લે તો તે સમયે તું મારા ગળા પર તલવાર ફેરવી દેજે. પુત્રે કહ્યું – પિતાજી હું એવું ઘાતક અને લોક નિંદનીય કાર્ય શી રીતે કરી શકું ? મંત્રીએ કહ્યું – બેટા ! હું એ સમયે તાલપુટ નામનું વિષ મારા મોઢામાં રાખી દઈશ એટલે મારું મૃત્યુ એ વિષથી થશે. જેથી તને પિતૃ હત્યાનું પાપ નહીં લાગે. પરંતુ મને તલવાર મારવાથી રાજાનો કોપ તમારા ઉપર નહીં ઊતરે અને આપણા વંશની રક્ષા થશે. શ્રિયકે વંશની રક્ષા માટે વિવશ થઈને પિતાની આજ્ઞા માન્ય રાખી.

બીજા દિવસે મંત્રી પોતાના પુત્ર શ્રિયકની સાથે રાજદરબારમાં ગયો. જ્યારે તેણે રાજાને પ્રણામ કર્યા ત્યારે રાજાએ મોઢું ફેરવી લીધું. પ્રણામ કરવા માટે મંત્રીએ માથું નમાવ્યું કે તરત જ શ્રિયકે તલવાર પિતાના ગર્દન પર મારી દીધી જેથી ધડ અને માથું અલગ થઈ ગયાં. આ દૃશ્ય જોઈને રાજાએ ચકિત થઈને કહ્યું – શ્રિયક ! તેં આ શું કર્યું ? શ્રિયકે કહ્યું – દેવ જે વ્યક્તિ આપને ઈષ્ટ ન લાગે તે અમને કેમ ઈષ્ટ લાગે ? શકડાલના મૃત્યુથી રાજા દુઃખી થયા પરંતુ શ્રિયકની વફાદારી જોઈને રાજા પ્રસન્ન થયા. રાજાએ કહ્યું – શ્રિયક ! તારા પિતાના મંત્રીપદને હવે તું સંભાળ. ત્યારે શ્રિયકે વિનયપૂર્વક કહ્યું – પ્રભો ! હું મંત્રી પદનો સ્વીકાર નહીં કરી શકું. મારા મોટા ભાઈ સ્થૂલભદ્ર બાર વર્ષથી કોશા ગણિકાને ત્યાં રહે છે. પિતાજીની ગેરહાજરી બાદ મંત્રીપદનો અધિકારી મારા ભાઈ જ થઈ શકે. શ્રિયકની એ વાત સાંભળીને રાજાએ પોતાના કર્મચારીઓને કહ્યું – તમે કોશા વેશ્યાને ત્યાં જાઓ અને સ્થૂલભદ્રને કોશાને ત્યાંતી સન્માનપૂર્વક અહીં લઈ આવો. તેને મંત્રીપદ આપવાનું છે.

રાજાના કર્મચારીઓ કોશા વેશ્યાના નિવાસે ગયાં. ત્યાં જઈને સ્થૂલભદ્રને બધું વૃત્તાંત સંભળાવ્યું. પિતાજીના મૃત્યુના સમાચાર સાંભળીને સ્થૂલિભદ્રને અત્યંત દુઃખ થયું. રાજપુરુષોએ સ્થૂલભદ્રને વિનયપૂર્વક પ્રાર્થના કરીને કહ્યું ''હે મહાભાગ્યશાળી ! આપ રાજસભામાં પધારો. મહારાજ આપને સન્માનપૂર્વક બોલાવે છે.'' કર્મચારીઓની વાત સાંભળીને સ્થૂલભદ્ર રાજદરબારમાં આવ્યા. રાજાએ તેને સન્માનપૂર્વક આસન પર બેસાડ્યા. બેસાડીને કહ્યું – તમારા પિતાજીનું મૃત્યુ થયું



છે માટે હવે તમે મંત્રીપદનો સ્વીકાર કરો.

સ્થૂલભદ્રે વિચાર્યું – જે મંત્રીપદ મારા પિતાજીના મૃત્યુનું કારણ બન્યું તે પદ મારા માટે શી રીતે હિતકર થશે ? રાજાનો કોઈ ભરોસો ન કરાય. આજે તેઓશ્રી મને મંત્રીપદ સહર્ષ પ્રદાન કરે છે અને કાલે તે નાખુશ થઈને છીનવી પણ શકે છે. માટે એવું પદ અને ધન પ્રાપ્ત કરવાથી લાભ શું ? આ રીતે વિચાર કરતાં કરતાં સ્થૂલભદ્રને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેઓ રાજ દરબારથી પાછા ફરીને આચાર્યશ્રી સંભૂતિ વિજયની પાસે ગયા અને દીક્ષા અંગીકાર કરી. સ્થૂલભદ્ર મુનિ બની ગયા. એટલે રાજાએ શ્રિયકને મંત્રીપદ આપ્યું.

સ્થૂલભદ્ર મુનિ પોતાના ગુરુની સાથે ગ્રામાનુગ્રામ વિહાર કરતાં કરતાં જ્ઞાન ધ્યાનમાં મગ્ન રહેવા લાગ્યા. એકવાર વિહાર કરીને તેઓ પાટલિપુત્ર શહેરની નજીક પહોંચ્યા. ગુરુએ વર્ષાકાળ નજીક હોવાથી ત્યાં જ વર્ષાકાળ રહેવાનો નિશ્ચય કર્યો. તેઓશ્રીને સ્થૂલભદ્ર વગેરે ચાર શિષ્યો હતા. ચારે ય મુનિએ જુદા જુદા સ્થળે વર્ષાકાળ વ્યતીત કરવાની ગુરુ પાસે આજ્ઞા માંગી. ગુરુએ આજ્ઞા આપી. એક સિંહની ગુફામાં, બીજા ભયાનક સર્પના દર પાસે, ત્રીજા કૂવાના કાંઠા પર અને ચોથા સ્થૂલભદ્ર મુનિ કોશા વેશ્યાને ઘેર, વર્ષાકાળ માટે ગયા.

કોશા વેશ્યા સ્થૂલભદ્ર મુનિને જોઈને અત્યંત પ્રસન્ન થઈ. તેણે વિચાર્યું કે પહેલાની જેમ ભોગ વિલાસમાં સમય વ્યતીત થશે. સ્થૂલભદ્ર મુનિની ઈચ્છાનુસાર કોશાએ પોતાની ચિત્રશાળામાં રહેવાની આજ્ઞા આપી. વેશ્યા પ્રતિદિન પહેલાંની માફક નિત્ય નવા નવા શૃંગાર સજીને પોતાના હાવભાવ પ્રદર્શિત કરવા લાગી. સ્થૂલભદ્ર હવે પહેલાં જેવા સ્થૂલભદ્ર ન હતાં કે જે તેણીના શૃંગારમય કામુક પ્રદર્શનથી વિચલિત થાય. તેણે કામભોગને કિંપાક ફળ જેવા સમજીને છોડી દીધા હતા. તેઓ વૈરાગ્યના રંગે રંજિત હતા. તેથી તે પોતાના આત્માને પતની ખાઈમાં પાડે એમ ન હતા.

કોશાએ લાખો પ્રયત્ન કર્યા પણ સ્થૂલભદ્ર મુનિનું મન વિચલિત ન થયું. પૂર્ણ નિર્વિકાર ભાવે તે તેની સાધનામાં મસ્ત રહેતા હતા. જેમ અગ્નિ પર શીતળ જળ પડવાથી તે શાંત થઈ જાય છે તેમ સ્થૂલભદ્ર મુનિનું શાંત અને વિકાર રહિત મુખમંડલ જોઈને વેશ્યાનું વિલાસી હૃદય શાંત બની ગયું. પછી સ્થૂલભદ્ર મુનિએ કોશાને ઉપદેશ આપ્યો. એ ઉપદેશ સાંભલીને તેણીએ બાર વ્રત ધારણ કરી લીધાં.

ચાતુર્માસની સમાપ્તિ થવા પર ચારે ય શિષ્યો ગુરુની સેવામાં પહોંચી ગયા. સિંહગુફા, સર્પનું દર અને કૂવાના કિનારા પર ચાતુર્માસ કરનાર મુનિઓએ આવીને ગુરુના ચરણોમાં નમસ્કાર કર્યા ત્યારે ગુરુએ તેઓની પ્રશંસા કરતાં કહ્યું – હે મુનિઓ ! તમે દુષ્કર કાર્ય કર્યું છે. પરંતુ જ્યારે સ્થૂલભદ્ર મુનિએ પોતાનું મસ્તક ગુરુના ચરણમાં ઝુકાવ્યું ત્યારે ગુરુએ કહ્યું – હે મુનિ ! તમે અતિદુષ્કર કાર્ય કર્યું છે. સ્થૂલભદ્રને ગુરુએ જ્યારે અતિ દુષ્કર કાર્ય માટે શાબાશી આપી ત્યારે ત્રણે ય મુનિઓનાં હૃદયમાં ઈર્ષ્યાભાવ ઉત્પન્ન થયો.

જ્યારે બીજું ચાતુર્માસ આવ્યું ત્યારે સિંહગુફામાં વર્ષાવાસ કરનાર મુનિએ ગુરુ પાસે કોશા વેશ્યાના ઘરે ચાતુર્માસ કરવાની આજ્ઞા માંગી. પરંતુ ગુરુએ તેને આજ્ઞા ન આપી. ગુરુની આજ્ઞા વિના તે મુનિ કોશા વેશ્યાના ઘરે ચાતુર્માસ કરવા માટે ગયા. કોશાએ પોતાની ચિત્રશાળામાં તે મુનિને ચાતુર્માસ કરવાની અનુમતિ આપી. પરંતુ વેશ્યાના રૂપ અને લાવણ્યને જોઈને મુનિ પોતાની તપસ્યા અને સાધના ભૂલી ગયા. તે વેશ્યાના પ્રતિ પ્રેમ નિવેદન કરવા લાગ્યા. એ જાણીને વેશ્યાને બહુ દુઃખ થયું. ધર્મ પામેલી વેશ્યાએ મુનિને સન્માર્ગ પર લાવવાનો ઉપાય શોધી કાઢ્યો. તેણીએ મુનિને કહ્યું – મુનિરાજ ! પહેલાં મને એક લાખ સોનામહોર આપો. મુનિએ કહ્યું – હું ભિક્ષું છું. મારી પાસે ધન ક્યાંથી હોય ? વેશ્યાએ કહ્યું – તો તમે નેપાલ જાઓ. નેપાલના નરેશ દરેક ભિક્ષુને એક એક રત્નકંબલ પ્રદાન કરે છે તેનું મૂલ્ય એક લાખ સોનામહોરનું છે. માટે તમે ત્યાં જઈને મને એ રત્નકંબલ લાવી આપો.

કામરાગમાં આસક્ત થયેલ વ્યક્તિ શું ન કરે ? મુનિ પણ રત્નકાંબળી લેવા માટે રવાના થયાં. માર્ગમાં અનેક કષ્ટો સહન કરતાં કરતાં મહામુસીબતે તે નેપાલ પહોંચ્યા. ત્યાંના રાજા પાસેથી એક રત્નકાંબળી મેળવી. પછી તેણે વાંસળીમાં એ રત્નકાંબળીને છુપાવી દીધી રસ્તામાં ચાલતાં ચાલતાં ફરી ચોર મળ્યા. તેઓએ ધમકી આપી. મુનિએ કહ્યું – હું ભિક્ષુ છું, મારી પાસે ધન ક્યાંથી હોય ? વાંસળીમાં છૂપાવેલ રત્નકાંબળીને ચોર લોકો જોઈ શક્યા નહીં તેથી ચાલ્યા ગયાં. ત્યારબાદ મુનિ ભૂખ, તરસ વગેરે અનેક શારીરિક કષ્ટો સહન કરીને છેવટે પાટલિપુત્ર પહોંચ્યા અને કોશા વેશ્યાને તેણે રત્નકાંબળી આપી. પરંતુ કોશાએ તે બહુમૂલ્યવાન રત્નકાંબળીને મુનિ જુએ એ રીતે દુર્ગંધમય અશુચિ સ્થાન પર ફેંકી દીધી. એ જોઈને દુખિત હૃદયે મુનિએ કહ્યું – તમે આ શું કરો છો ? હું અનેક કષ્ટો સહન કરીને આ રત્નકાંબળી લઈ આવ્યો છું અને તમે આમ એકાએક ફેંકી કેમ દીધી ?

વેશ્યાએ કહ્યું – મુનિરાજ ! મેં તમારી પાસે રત્નકાંબળી મંગાવી અને પછી ગંદકીમાં ફેંકી દીધી, આ બધું તમને સમજાવવા માટે કર્યું. જેવી રીતે અશુચિમાં પડવાથી રત્નકાંબળી દૂષિત થઈ ગઈ, એ જ રીતે કામભોગમાં પડવાથી તમારો આત્મા પણ મલિન થઈ જશે. રત્નકાંબળીની કિંમત સીમિત છે, ત્યારે તમારા સંયમની કિંમત અણમોલ છે. આખા સંસારનો વૈભવ પણ આની તુલનામાં નગણ્ય છે. એવા સંયમરૂપી ધનને તમે કામભોગ રૂપી કીચડમાં ફસાઈને મલિન કરવા માંગો છો ? જરાક વિચાર તો કરો. વિષયોને તમે વિષ સમાન સમજીને છોડી દીધા છે, શું આપ વમન કરેલા ભોગોને ફરી ગ્રહણ કરવા ઈચ્છો છો ?

કોશાની વાત સાંભળીને મુનિને પારાવાર પશ્ચાત્તાપ થયો. જેમ હાથી અંકુશથી ઠેકાણે આવી જાય એમ વેશ્યાના હિત શબ્દો રૂપી અંકુશથી મુનિ ફરી સંયમમાં સ્થિર બન્યા અને બોલ્યા –

ખરેખર સંપૂર્ણ સાધુઓમાં સ્થૂલભદ્ર મુનિ જ દુષ્કરમાં દુષ્કર કાર્ય કરનાર અદ્વિતીય છે. જે બાર વર્ષ સુધી વેશ્યાની ચિત્રશાળામાં કામભોગમાં આસક્ત હતા.



પરંતુ સંયમ ગ્રહણ કર્યા બાદ વેશ્યાની કામુક પ્રાર્થનામાં લેપાયા નહીં, મેરુ પર્વત સમાન દૃઢ રહ્યા. માટે ગુરુદેવે તેને પ્રશંસ્યા તે યથાર્થ છે.

આ રીતે વિચાર કરતાં કરતાં તે મુનિ પોતાના ગુરુની પાસે ગયા અને પોતાના પતન વિષે પશ્ચાત્તાપ કરી ગુરુ પાસે પ્રાયશ્ચિત લઈને આત્માની શુદ્ધિ કરી. વારંવાર સ્થૂલિભદ્ર મુનિની પ્રશંસા કરતાં તે કહેવા લાગ્યા –

પ્રેમ કરનારી તથા તેમાં અનુરક્ત વેશ્યા, ષટ્રસ ભોજન, મનોહર મહેલ, સુંદર શરીર, તરુણ અવસ્થા અને વર્ષાકાળ એ બધી અનુકૂળતા હોવા છતાં જેઓએ કામદેવને જીતી લીધો તેમજ વેશ્યાને પ્રતિબોધ પમાડીને ધર્મના માર્ગે લાવ્યા એવા શ્રી સ્થૂલભદ્ર મુનિને હું વારંવાર પ્રણામ કરું છું.

નંદરાજાએ સ્થૂલભદ્રને મંત્રી પદ આપવા માટે ઘણા પ્રયત્નો કર્યા પરંતુ ભોગ-વિલાસ અને સંસારના સંબંધોને દુઃખનું કારણ જાણીને તેઓએ મંત્રીપદને ઠોકર મારીને સંયમનો સ્વીકાર કર્યો. સાધના અને આરાધના કરી આત્મકલ્યાણ કર્યું. આ સ્થૂલભદ્રજીની પારિણામિકી બુદ્ધિનું ઉદાહરણ છે.

**(૧૪) સુંદરીનંદ :-** નાસિકપુરમાં એક શેઠ રહેતા હતા. તેનું નામ નંદ હતું. તેની પત્નીનું નામ સુંદરી હતું. નામ પ્રમાણે તે બહુ સુંદર હતી. નંદ શેઠ તેના પર બહુ પ્રેમ રાખતા હતા. તેને તે અતિ વલ્લભ અને પ્રિય હતી. શેઠ તે સ્ત્રીમાં એટલા અનુરક્ત હતા કે એક ક્ષણ માટે પણ તેનો વિયોગ સહન કરી શકતા ન હતા. એ કારણે લોકો તેને સુંદરીનંદના નામથી બોલાવતા હતા.

સુંદરીનંદને એક નાનો ભાઈ હતો. જેણે દીક્ષા ધારણ કરી હતી. જ્યારે મુનિને ખબર પડી કે મારો મોટો ભાઈ સુંદરીમાં અત્યંત આસક્ત છે ત્યારે મુનિ તેને પ્રતિબોધ દેવા માટે નાસિકપુરમાં પધાર્યા. લોકો મુનિના આગમનના સમાચાર જાણીને ધર્મ ઉપદેશ સાંભળવા માટે મુનિની પાસે ગયા. પરંતુ સુંદરીનંદ મુનિ પાસે ન ગયાં. મુનિરાજ આહારની ગવેષણા કરતાં સુંદરીનંદના ઘરે ગયા. પોતાના ભાઈની સ્થિતિ જોઈને મુનિના મનમાં વિચાર આવ્યો કે જ્યાં સુધી તેને વધુ પ્રમાણમાં પ્રલોભન નહીં આપવામાં આવે ત્યાં સુધી તે પત્ની પ્રત્યેની આસક્તિ નહીં છોડે.

મુનિએ પોતાની વૈક્રિય લબ્ધિ વડે એક સુંદર વાંદરી બનાવી. પછી તેણે નંદને પૂછ્યું ''શું આ વાંદરી સુંદરી જેવી સુંદર છે ? શેઠે કહ્યું – સુંદરીથી અડધી સુંદર છે. બીજીવાર મુનિએ ફરી પોતાની લબ્ધિથી એક વિદ્યાધરી બનાવી. પછી શેઠને પૂછ્યું – આ કેવી છે ? શેઠે કહ્યું ''આ સ્ત્રી સુંદરી જેવી જ છે.'' ત્રીજીવાર મુનિએ ફરી પોતાની લબ્ધિથી એક દેવીની વિકુર્વણા કરી, પછી તેણે ભાઈને પૂછ્યું – આ સ્ત્રી કેવી છે ? શેઠે કહ્યું – આ સ્ત્રી સુંદરીથી પણ અધિક સુંદર છે. મુનિએ કહ્યું – જો તમે થોડું પણ ધર્મનું આચરણ કરશો તો આવી અનેક સુંદરીઓ પ્રાપ્ત થશે. મુનિના એવા પ્રતિબોધપૂર્ણ વચનોને સાંભલીને સુંદરીનંદને પોતાની સ્ત્રી પ્રત્યેનો રાગ ઓછો થયો. થોડો સમય વ્યતીત થયા બાદ તેણે પણ દીક્ષા અંગીકાર કરી અને સંયમની સાધના કરીને આત્મકલ્યાણ કર્યું. પોતાના ભાઈને પ્રતિબોધિત કરવા માટે

મુનિએ જે કાર્ય કર્યું તે પારિણામિકી બુદ્ધિનું દૃષ્ટાંત છે.

**(૧૫) વજસ્વામી :-** અવંતિ દેશમાં તુંબવન નામનો એક સન્નિવેશ હતો. ત્યાં એક શેઠ રહેતા હતા. તેના પુત્રનું નામ ધનગિરિ હતું. ધનગિરિના વિવાહ ધનપાલ શેઠની પુત્રી સુનંદાની સાથે થયા. થોડો સમય વ્યતીત થયા બાદ ધનગિરિને સંયમ ગ્રહણ કરવાની ઈચ્છા થઈ. પરંતુ સુનંદાએ કોઈ પણ પ્રકારે રોકી દીધાં. અમુક સમય પછી દેવલોકથી ચ્યવીને એક પુણ્યવાન જીવ સુનંદાના ગર્ભમાં આવ્યો ત્યારે ધનગિરિએ કહ્યું – ''ભાવિ પુત્ર તમારી જીવનયાત્રામાં સહાયક બનશે. હું તો દીક્ષા ગ્રહણ કરીશ.'' પતિની ઉત્કૃષ્ટ ઈચ્છાના કારણે સુનંદાએ દીક્ષાની આજ્ઞા આપી. ધનગિરિએ આચાર્ય સિંહગિરિની પાસે જઈને પ્રવ્રજ્યા ગ્રહણ કરી. એ જ આચાર્યની પાસે સુનંદાના ભાઈ આર્યસમિતે પણ દીક્ષા લીધી હતી.

બીજી બાજુ નવ માસ પૂર્ણ થયા પછી સુનંદાએ એક પુણ્યવાન પુત્રનો જન્મ આપ્યો. જે સમયે પુત્રનો જન્મ મહોત્સવ મનાવવા જઈ રહ્યા હતા ત્યારે કોઈ એક સ્ત્રીએ કહ્યું – જો આ બાળકના પિતાએ દીક્ષા ન લીધી હોત અને આજે અહીં હોત તો કેટલું સારું લાગત ! બાળક બહુ જ મેધાવી હતો. તેણે પેલી સ્ત્રીના શબ્દો સાંભળીને વિચાર કર્યો – મારા પિતાજીએ તો દીક્ષા લઈ લીધી છે. મારે હવે શું કરવું ? આ વિષય પર ચિંતન મનન કરતાં કરતાં તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તે વિચારવા લાગ્યો કે મારા પિતાજીએ તો મુક્તિનો માર્ગ અપનાવી લીધો છે. હવે મારે પણ કંઈક ઉપાય કરવો જોઈએ જેથી હું પણ સંસારથી વિરક્ત થઈ શકું એમ વિચારીને આ બાળકે રાત અને દિવસ રડવાનું શરૂ કરી દીધું. માતાએ તથા સગા સંબંધીઓએ એ બાળકનું રડવું બંધ થાય એ માટે અનેક પ્રયત્નો કર્યા પણ સફળતા ન મળી. માતા બહુ જ પરેશાન થવા લાગી.

બીજી બાજુ ગ્રામાનુગ્રામ વિહાર કરતાં કરતાં આચાર્ય સિંહગિરિ પોતાના શિષ્યો સહિત ફરી તુંબવન નગરમાં પધાર્યા. આહારના સમયે મુનિ આર્યસમિત તથા ધનગિરિ ગુરુની આજ્ઞા લઈને ગોચરી માટે નગરમાં જવા લાગ્યા. ત્યારે શુભ શકુનો જોતાં આચાર્યે તેઓને કહ્યું – આજે તમને મહાલાભની પ્રાપ્તિ થશે. માટે સચેત્ત અચેત્ત જે કાંઈ ગોચરીમાં મળે તે લઈ લેજો. ગુરુની આજ્ઞા સ્વીકારીને બન્ને મુનિ શહેર તરફ ચાલ્યા ગયા.

જે સમયે મુનિ સુનંદાના ઘેર ગોચરી ગયા તે સમયે સુનંદા પોતાના રોતા બાળકને શાંત કરવા માટે પ્રયત્ન કરી રહી હતી. મુનિને જોઈને સુનંદાએ ધનગિરિને કહ્યું – મુનિવર ! આજ સુધી આ બાળકની રક્ષા મેં ખૂબ જ કરી પણ કોઈ હિસાબે તે રડતો બંધ થતો નથી. માટે હવે આપ સંભાળો અને એની રક્ષા કરો. સુનંદાની વાત સાંભળીને મુનિએ ઝોળી ફેલાવી કે તરત જ સુનંદાએ એ પાત્રમાં બાળકને વહોરાવી દીધો. શ્રાવક-શ્રાવિકાની ઉપસ્થિતિમાં મુનિએ બાળકને ગ્રહણ કરી લીધું. એ જ સમયે બાળકે રોવાનું બંધ કરી દીધું.

આચાર્ય સિંહગિરિ પાસે જ્યારે તેઓ જઈ રહ્યા હતા ત્યારે વજનદાર ઝોળીને





જોઈને દૂરથી જ આચાર્યશ્રીએ કહ્યું ''આ વજ જેવી ભારી વસ્તુ શું લઈ આવ્યા છો ?'' ધનગિરિએ બાળક ગુરુની પાસે રાખી દીધું. તેજસ્વી બાળકને જોઈને ગુરુદેવ આશ્ચર્યચકિત થયા અને હર્ષિત પણ થયા. તેઓશ્રીએ કહ્યું – આ બાળક ભવિષ્યમાં શાસનનો આધારસ્તંભ બનશે. ગુરુએ બાળકનું નામ ''વજ'' રાખી દીધું. બાળક બહુ જ નાનો હતો. તેથી આચાર્યશ્રીએ તેના પાલનની જવાબદારી સંઘને સોંપી દીધી. શિશુ વજ ચંદ્રની કળા સમાન તેજોમય બનતો દિન-પ્રતિદિન મોટો થવા લાગ્યો. થોડો સમય વ્યતીત થયા બાદ સુનંદાએ પોતાનો પુત્ર સંઘ પાસેથી પાછો માંગ્યો. પરંતુ આચાર્યશ્રીએ કહ્યું – આ બાળકને તમે વહોરાવેલ છે, માટે હવે અમે આપીશું નહીં. સુનંદા દુઃખિત હૃદયે ત્યાંથી પાછી આવીને રાજા પાસે ગઈ. રાજા પાસે તેણીએ પોતાના બાળક વિષેની વાત કરી. રાજાએ તે સ્ત્રીની વાત સાંભળી, પછી વિચારીને કહ્યું – એક બાજુ બાળકની માતાને બેસાડવામાં આવશે અને બીજી બાજુ મુનિ બનેલા તેના પિતાને બેસાડવામાં આવશે. બાળકને હું કહીશ કે તારે જેની પાસે જવું હોય તેની પાસે જા. પછી બાળક જેની પાસે જાય તેની પાસે રહેશે. માતા સમજતી હતી કે બાળક મારી પાસે જ આવશે.

બીજા દિવસે રાજસભા ભરાણી. રાજાએ પહેલા માતાને કહ્યું – તમે બાળકને તમારી પાસે બોલાવો. વજની માતા બાળકને લોભાવનાર આકર્ષક રમકડા તથા ખાવાપીવાની અનેક વસ્તુઓ લઈને એક બાજુ બેઠી હતી. તે રાજસભાના મધ્યભાગમાં બેઠેલા પોતાના પુત્રને પોતાની તરફ આવવા માટે સંકેત કરવા લાગી. પરંતુ બાળકે વિચાર્યું, ''જો હું માતા પાસે જઈશ નહિ તો જ તે મોહને છોડીને આત્મ કલ્યાણમાં જોડાશે. એ રીતે અમો બન્નેનું કલ્યાણ થશે.'' એમ વિચારીને બાળકે માતાએ રાખેલ કિંમતી પદાર્થો પર નજર પણ ન કરી અને ત્યાંથી એક ડગલું પણ ખસ્યો નહીં.

ત્યારબાદ તેના પિતા મુનિ ધનગિરિને રાજાએ કહ્યું – હવે તમે બાળકને બોલાવો. મુનિએ બાળકને સંબોધિત કરીને કહ્યું –

હે વજ ! જો તેં દીક્ષા લેવાનો નિશ્ચય કરી લીધો હોય તો ધર્માચરણના ચિહ્નભૂત અને કર્મરૂપી રજને પ્રમાર્જિત કરનાર રજોહરણને ગ્રહણ કરી લે.

એ શબ્દ સાંભળતાં જ બાળકે તરત જ પિતા ગુરુની પાસે જઈને રજોહરણ ગ્રહણ કરી લીધો.

બાળકની દીક્ષા જોઈને સુનંદાએ વિચાર્યું – મારા પતિદેવ, પુત્ર અને ભાઈ બધા સાંસારિક બંધનોને છોડીને દીક્ષિત થઈ ગયા. હવે હું એકલી ઘરમાં રહીને શું કરીશ ? બસ, સુનંદા પણ સંયમ લેવા માટે તૈયાર થઈ ગઈ અને આત્મ કલ્યાણના માર્ગ પર અગ્રેસર થઈ.

આચાર્ય સિંહગિરિએ ત્યાંથી અન્યત્ર વિહાર કર્યો. બાળક વજમુનિ બહુ જ બુદ્ધિમાન હતા. જ્યારે આચાર્યશ્રી બીજા મુનિઓને વાચના દેતા ત્યારે તે ચિત્ત દઈને સાંભળતા. માત્ર સાંભળીને જ તેમણે અગિયાર અંગનું જ્ઞાન પ્રાપ્ત કરી લીધું અને ક્રમશઃ પૂર્વોનું જ્ઞાન પણ પ્રાપ્ત કર્યું.

એક વાર આચાર્યશ્રી ઉપાશ્રયથી બહાર ગયા હતા., અન્ય મુનિઓ ગોચરીની ગવેષણા કરવા માટે ગયા હતા. એ સમયે બાળક વજમુનિએ રમત ગમત રૂપે સંતોના વસ્ત્રો અને પાત્રોને પંક્તિબંધ રાખીને પોતે એ બધાની વચમાં બેસીને વસ્ત્રો અને પાત્રોને પોતાના શિષ્યો રૂપે કલ્પિત કરીને વાચના આપવાનો પ્રારંભ કરી દીધો. જ્યારે આચાર્ય બહારથી ઉપાશ્રય તરફ આવતા હતા ત્યારે તેમણે વાચનાની ધ્વનિ સાંભળી. તેઓશ્રી ત્યાં જ રોકાઈને સાંભળવા લાગ્યા કે આ અવાજ કોનો છે ? થોડીવારમાં આચાર્યશ્રીએ બાળક વજમુનિનો અવાજ ઓળખી લીધો. તેની વાચના આપવાની શૈલી અને તેની જ્ઞાન પ્રતિભા પણ આચાર્યશ્રીએ જાણી લીધી. બીજા મુનિઓ તેની વાચનાની છટા જોઈને આશ્ચર્યમાં પડી ગયા ! આટલા નાનકડા બાળમુનિને આટલું બધું જ્ઞાન ક્યાંથી પ્રાપ્ત થઈ ગયું ? તેની પ્રતિભાની પ્રશંસા કરતાં કરતાં તેઓએ ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો. આચાર્યશ્રીને જોઈને વજમુનિ ત્યાંથી ઊભા થઈને ગુરુદેવના ચરણોમાં વિનયપૂર્વક નમસ્કાર કરીને દરેક ઉપકરણોને યથાસ્થાન રાખી દીધા. એટલી વારમાં ગોચરી ગયેલા મુનિઓ પણ આવી ગયા. દરેકે આહાર પાણી ગ્રહણ કર્યા.

આચાર્યશ્રીએ વિચાર્યું – આ વજમુનિ શ્રુતધર છે પણ તેને નાના સમજીને અન્ય મુનિઓ તેની અવજ્ઞા ન કરે એટલા માટે થોડા દિવસ મારે અહીંથી વિહાર કરીને બહાર વિચરણ કરવું જોઈએ. પછી તેઓશ્રી વાચના આપવાનું કાર્ય વજમુનિને સોંપીને વિહાર કરી ગયાં. બાળક વજમુનિ આગમના સૂક્ષ્મથી સૂક્ષ્મ રહસ્યને એટલી સરળતાથી સમજાવતા હતા કે મંદ બુદ્ધિવાન મુનિ પણ તેને હૃદયંગમ કરવા લાગ્યા. મુનિઓના હૃદયમાં પૂર્વ પ્રાપ્ત જ્ઞાનમાં જે જે શંકાઓ હતી તેનું વજમુનિની શાસ્ત્રોક્ત વિસ્તૃત વાચના વડે સમાધાન થઈ ગયું. દરેક સાધુઓનાં હૃદયમાં વજમુનિ પર અસીમ શ્રદ્ધા ઉત્પન્ન થઈ ગઈ અને તેઓ વિનયપૂર્વક વજમુનિ પાસે વાચના લેતા રહ્યા.

આચાર્યશ્રી વિચરણ કરતાં કરતાં ફરી તુંબવન નગરમાં પધાર્યા. દરેક મુનિઓને આચાર્યશ્રીએ વજમુનિની વાચના વિષે પૂછ્યું ત્યારે મુનિઓએ પૂર્ણ સંતોષ વ્યક્ત કરીને કહ્યું – ગુરુદેવ ! વજમુનિ અમને સારી રીતે વાચના આપી રહ્યા છે. કૃપા કરીને આપ હંમેશને માટે વાચનાનું કાર્ય વજમુનિને સોંપી દો. આચાર્યશ્રી આ વાત સાંભળીને અત્યંત સંતુષ્ટ તેમજ પ્રસન્ન થઈને બોલ્યા – વજમુનિ પ્રત્યે તમો દરેકનો સ્નેહ અને સદ્ભાવ જોઈને મને ખૂબ જ સંતોષ થયો છે. મેં પણ તેની યોગ્યતા અને કુશલતાનો પરિચય કરાવવા માટે જ તેઓને આ કાર્ય સોંપીને વિહાર કર્યો હતો. વજમુનિનું આ સમગ્ર શ્રુતજ્ઞાન ગુરુ પાસેથી પ્રાપ્ત થયેલ ન હતું પણ સાંભળતાં સાંભળતાં તેને આ જ્ઞાન પ્રાપ્ત થયું હતું. તેથી આચાર્યશ્રીએ વજમુનિને સમસ્ત સૂત્રોની વાચના આપી.

ગ્રામાનુગ્રામ વિહાર કરતાં કરતાં એક વાર આચાર્યશ્રી પોતાના શિષ્ય સમુદાય સહિત દશપુર નગરમાં પધાર્યા. તે સમયે આચાર્ય ભદ્રગુપ્તે વૃદ્ધાવસ્થાના કારણે અવંતિ નગરીમાં સ્થિરવાસ કર્યો હતો. આચાર્યશ્રીને આ સમાચાર મળતાં પોતાના બે શિષ્યોની સાથે વજમુનિને તેમની સેવામાં મોકલ્યાં. વજમુનિએ આચાર્ય ભદ્રગુપ્તની



સેવા કરતાં કરતાં દશ પૂર્વનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. ત્યારબાદ આચાર્યશ્રી સિંહગિરિએ વજમુનિને આચાર્યપદ પ્રદાન કરી પોતે અનશનવ્રત ધારણ કર્યું અને સ્વર્ગે સિધાવી ગયા.

વજસ્વામી ગ્રામાનુગ્રામ ધર્મોપદેશ વડે સ્વ-પરકલ્યાણમાં સંલગ્ન બની ગયા. સુંદર તેજસ્વીરૂપ, શાસ્ત્રીયજ્ઞાન, વિવિધ પ્રકારની લબ્ધિઓ અને આચાર્યશ્રીની અનેક વિશેષતાઓથી તેમનો પ્રભાવ દિગ્દિગાંતરોમાં ફેલાઈ ગયો. ચિરકાળ સુદી વજમુનિએ સંયમની સાધના કરી, અંતિમ સમયે અનશનવ્રત ધારણ કરીને આયુષ્ય કર્મ સમાપ્ત થતાં દેવલોકમાં પધાર્યા.

વજમુનિએ બચપણથી જ માતાના પ્રેમની ઉપેક્ષા કરી અને શ્રી સંઘનું બહુમાન કર્યું. એવી રીતે કરવાથી માતાનો મોહ પણ દૂર થયો, સ્વયં સંયમ ગ્રહણ કરી, માતાને પણ સંયમ અપાવી, શાસનની પ્રભાવનામાં સવિશેષ વૃદ્ધિ કરી.

આ છે વજમુનિની પારિણામિકી બુદ્ધિનું ઉદાહરણ.

**(૧૬) ચરણાહત :-** કોઈ એક નગરમાં એક યુવાન રાજા રાજ્ય કરતા હતા. તેની અપરિપક્વ ઉંમરનો લાભ ઉઠાવવા માટે અમુક યુવકોએ આવીને રાજાને સલાહ આપી. ''મહારાજ ! આપ તરુણ વયના છો તેથી આપના કાર્ય સંચાલનમાં પણ તરુણ વ્યક્તિઓ જ હોવી જોઈએ. એવી વ્યક્તિઓ પોતાની શક્તિ તથા યોગ્યતાથી કુશળતાપૂર્વક રાજ્યનું કાર્ય કરશે. વૃદ્ધો અશક્ત હોવાના કારણે કોઈપણ કાર્ય સારી રીતે ન કરી શકે.''

રાજા અત્યંત બુદ્ધિમાન હતા. તેઓએ તે નવયુવકોની પરીક્ષા કરવા માટે કહ્યું – જો કોઈ મારા મસ્તક પર પોતાના પગ વડે પ્રહાર કરે તો તેને કેવા પ્રકારનો દંડ કરવો જોઈએ ? યુવકોએ કહ્યું – મહારાજ ! એવી વ્યક્તિના તલ તલ જેટલા ટૂકડા કરીને મારી નાંખવી જોઈએ. રાજાએ એ જ પ્રશ્ન દરબારમાં અનુભવી વૃદ્ધોને પણ કર્યો. તેઓએ વિચારીને કહ્યું – મહારાજ ! જે વ્યક્તિ આપના મસ્તક પર ચરણોથી પ્રહાર કરે તેના પર પ્યાર કરવો જોઈએ અને અમૂલ્ય વસ્ત્રાભૂષણની તેને ભેટ આપવી જોઈએ. તે ઉત્તર સાંભળી રાજા અત્યંત ખુશ થયા.

વૃદ્ધજનોનો ઉત્તર સાંભળીને નવયુવકો ગુસ્સે થયા. પરંતુ રાજાએ તેઓને શાંત કર્યા અને વૃદ્ધજનોને પોતાની વાત સ્પષ્ટ કરવા માટે કહ્યું. એટલે એક વૃદ્ધ દરબારીએ ઉત્તર દીધો – ''મહારાજ ! આપના મસ્તક પર ચરણોનો પ્રહાર તો આપના શિશુ રાજકુમાર જ કરી શકે, તે સિવાય અન્ય કોણ એવું સાહસ કરી શકે ? અને શિશુ રાજકુમારને કેવી રીતે દંડ દેવાય ?''

વૃદ્ધ દરબારીનો ઉત્તર સાંભળીને નવયુવકો પોતાની અજ્ઞાનતા પર લજ્જિત થઈને ત્યાંથી ચાલ્યા ગયા. રાજાએ પ્રસન્ન થઈને વયોવૃદ્ધ દરબારીઓનું સન્માન કર્યું અને તેઓને જ પોતાનાં કાર્યોમાં નિયુક્ત કર્યા. આ ઉદાહરણ વૃદ્ધજનો તથા રાજાની પારિણામિકી બુદ્ધિનું છે.

**(૧૭) આંબળા :-** કોઈ એક ગામમાં એક કુમારે કોઈ એક વ્યક્તિને મૂર્ખ

બનાવવા માટે પીળી માટીના કૃત્રિમ આંબળા બનાવીને તેને આપ્યા. તેનો રૂપ-રંગ, આકાર-પ્રકાર અને વજન બરાબર આંબળા સમાન જ હતા. આંબળા હાથમાં લઈને પેલો માણસ વિચારવા લાગ્યો – આ આકૃતિમાં તો આંબળા જેવા જ છે પરંતુ આ બહુ જ કઠણ છે અને અત્યારે ઋતુ પણ આંબળાની નથી. આ રીતે કૃત્રિમ આંબળાને તેણે પોતાની પારિણામિકી બુદ્ધિ વડે જાણી લીધાં.

**(૧૮) મણિ :-** કોઈ એક જંગલમાં એક મોટો સર્પ રહેતો હતો. તેના મસ્તક પર મણિ હતો. તે સર્પ રાત્રિના વૃક્ષ પર ચડીને પક્ષીઓના બચ્ચાંને ખાઈ જતો હતો. એક વાર તે પોતાના વજનદાર શરીરને સંભાળી ન શક્યો એટલે વૃક્ષ પરથી નીચે પડી ગયો અને પડતી વખતે તેના મસ્તકનો મણિ તે વૃક્ષની ડાળીમાં ફસાઈ ગયો. તે વૃક્ષની નીચે એક કૂવો હતો. ઉપર રહેલ મણિનો પ્રકાશ તેમાં પડવાથી તે કૂવાનું પાણી લાલ રંગનું દેખાવા લાગ્યું.

પ્રાતઃકાળે એક બાળક રમતો રમતો કૂવાના કાંઠા પર આવ્યો. કૂવાનું લાલ રંગ જેવું ચમકતું પાણી જોઈને દોડતો દોડતો તે પોતાના ઘરે ગયો. ત્યાં જઈને તે પોતાના પિતાને બોલાવી લાવ્યો. તેના વૃદ્ધ પિતા ત્યાં આવ્યા. તેણે કૂવાનું પાણી જોયું તો ખરેખર આશ્ચર્ય થયું. જે સ્થાનેથી પાણીમાં પ્રતિબિંબ પડતું હતું તે સ્થાન તેણે શોધી કાઢ્યું અને વૃક્ષની ડાળી પર ચડીને તેણે મણિને ગોતી લીધો. મણિ મેળવીને અત્યંત પ્રસન્ન થતાં થતાં પિતા અને પુત્ર પોતાના ઘરે ચાલ્યા ગયા. બાળકના પિતાની પારિણામિકી બુદ્ધિનું આ ઉદાહરણ છે.

**(૧૯) સર્પ :-** ભગવાન મહાવીરે દીક્ષા લઈને પ્રથમ ચાતુર્માસ અસ્થિ ગામમાં કર્યું. ચાતુર્માસ બાદ વિહાર કરીને ભગવાન શ્વેતાંબિકા નગરી તરફ જઈ રહ્યાં હતાં. થોડાક દૂર ગયા ત્યાં તેઓશ્રીને ગોવાળીયાએ પ્રાર્થના કરી, ''ભગવન્ ! શ્વેતાંબિકા નગર જવા માટે ખરેખર આ રસ્તો ટૂંકો થાય પરંતુ આ માર્ગમાં એક દૃષ્ટિવિષ સર્પ રહે છે. તે બધાને પરેશાન કરે છે. જેથી આ માર્ગ પર કોઈ પણ પ્રાણીઓ જતાં નથી. પ્રભુ ! આપ પણ શ્વેતાંબિકા નગર જવા માટે બીજો માર્ગ ગ્રહણ કરો.'' ભગવાને ગોવાળિયાની વાત સાંભળી લીધી પણ તે સર્પને પ્રતિબોધ દેવાની ભાવનાથી પ્રભુ એ જ માર્ગ પર આગળ વધ્યા.

ચાલતાં ચાલતાં તેઓશ્રી વિષધર સર્પના રાફડા સુધી પહોંચી ગયા અને ત્યાં જ કાયોત્સર્ગમાં સ્થિર બની ગયાં. થોડી ક્ષણોમાં જ નાગ બહાર આવ્યો અને પોતાના રાફડાની સમીપ જ એક વ્યક્તિને ઊભેલી જોઈને તે ક્રોધિત થયો. તેણે પોતાની વિષમય દૃષ્ટિ ભગવાન પર ફેંકી. પરંતુ તેમના શરીર પર કોઈ અસર ન થઈ. એ જોઈને સર્પે ક્રોધનું ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું. સૂર્યની સામે જોઈને બીજીવાર વિષમય દૃષ્ટિ ભગવાન પર ફેંકી, તેની પણ ભગવાન પર કાંઈ અસર ન થઈ. એટલે તે દોડતો દોડતો ભગવાનની પાસે ગયો અને તેમના જમણા પગના અંગૂઠામાં જોરથી ડંસ દીધો. તો પણ ભગવાન પોતાના ધ્યાનમાં તલ્લીન રહ્યાં, લેશમાત્ર પણ ડગ્યા નહીં.

ધ્યાન પૂર્ણ કરીને પ્રભુએ અત્યંત સ્નેહપૂર્ણ દૃષ્ટિથી તેને સંબોધિત કરીને કહ્યું



– ''હે ચંડકૌશિક ! બુજ્ઝ બુજ્ઝ, બોધને પ્રાપ્ત કર અને તારા પૂર્વભવનું સ્મરણ કર. પૂર્વભવમાં તું સાધુ હતો. એક વખત તમે બન્ને ગુરુ અને શિષ્ય ગોચરી ગયા હતા. આહાર લઈને વળતી વખતે તારા પગ નીચે એક દેડકી કચડાઈને મરી ગઈ. તે સમયે તારા શિષ્યે તને આલોચના કરવા માટે કહ્યું પરંતુ તેં તેના પર ધ્યાન ન આપ્યું. શિષ્યે વિચાર્યું ગુરુ મહારાજ તપસ્વી છે એટલે સાયંકાળે આલોચના કરી લેશે. સંધ્યા સમયે પ્રતિક્રમણ બાદ પણ તેં એ પાપની આલોચના ન કરી. શિષ્યે વિચાર્યું – સંભવ છે કે ગુરુ મહારાજ આલોચના કરવાનું ભૂલી ગયા હશે. એવી સરળ બુદ્ધિથી શિષ્યે તને ફરી આલોચના કરવા માટે બાદ કરાવ્યું.

શિષ્યનાં વચન સાંભળતાં જ તને અત્યંત ક્રોધ આવ્યો. ક્રોધથી ધમધમાયમાન બનીને તું શિષ્યને મારવા દોડ્યો પણ વચ્ચે રહેલા થાંભલા સાથે તારું મસ્તક જોરથી ભટકાયું. મસ્તકની નસ ફાટી જતાં તારું ત્યાં જ મૃત્યુ થયું. હે ચંડકૌશિક ! ભયંકર ક્રોધમાં તારું મૃત્યુ થવાથી તને આ સર્પની યોનિ મળી છે અને ફરી પણ તું ક્રોધને આધીન થઈને, તારો જન્મ બગાડી રહ્યો છે. હવે પ્રતિબોધને પ્રાપ્ત કર.

ભગવાનના ઉપદેશથી તે જ સમયે જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ચંડકૌશિક સર્પને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તેણે પોતાના જ્ઞાનમાં પૂર્વભવ જોયો અને પોતે કરેલા અપરાધ અને ક્રોધ માટે તે પશ્ચાત્તાપ કરવા લાગ્યો. એ જ સમયે તેણે ભગવાન મહાવીર સ્વામીને વિનયપૂર્વક વંદના કરી અને કહ્યું – જે ક્રોધથી મને સર્પની યોનિ મળી તેના પર વિજય પ્રાપ્ત કરવા માટે તેમજ મારી આ દૃષ્ટિથી કોઈ પણ પ્રાણીને કષ્ટ ન પહોંચે એના માટે યાવજ્જીવન અનશનવ્રત લઈને તે સર્પે પોતાનું મુખ રાફડામાં રાખ્યું અને પૂંછનો ભાગ બહાર રાખ્યો.

થોડો સમય વ્યતીત થયા પછી ગોવાળ ભગવાન મહાવીરની તપાસ કરવા ત્યાં આવ્યો. ભગવાન મહાવીરને સકુશળ ત્યાંથી પાછા ફરતાં જોઈને તેના આશ્ચર્યની કોઈ સીમા ન રહી. ગોવાળે ત્યાં સર્પનું મોઢું બિલમાં જોયું અને શરીરનો ભાગ બહાર જોયો. એ જોઈને તેના પર તેણે પથ્થર ફેંક્યા. એ રીતે ઘણા લોકો સર્પને લાકડીનો પ્રહાર કરવા લાગ્યા. ચંડકૌશિક બધા પ્રહારોને સમભાવથી સહન કરતો હતો. પણ તેણે રાફડામાંથી પોતાનું મોઢું બહાર કાઢ્યું નહીં. જ્યારે આસપાસના લોકોને આ વતની ખબર પડી ત્યારે ટોળે ટોળા મળીને સર્પના દર્શન કરવા આવવાં લાગ્યાં અને સર્પની ઘી, દૂધ, સાકર વગેરેથી પૂજા કરવાં લાગ્યાં. ઘી આદિની સુગંધથી લાખો કીડીઓ આવી. તેણે સર્પના શરીરને ચટકા ભરીને ચાળણી જેવું બનાવી દીધું. એ બધા કષ્ટોને સર્પે, પોતાના પૂર્વભવમાં કરેલાં કર્મોનું ફળ સમજીને સમભાવપૂર્વક સહન કર્યાં. પંદર દિવસ સુધી ચંડકૌશિક સર્પે સર્વ પ્રકારની યાતનતાઓને શાંતિપૂર્વક સહન કરી. પોતાના શરીરને પણ હલાવ્યું નહીં. તેણે વિચાર્યું – જો હું પડખું ફરીશ તો કીડી, મકોડાં વગેરે ઝીણા ઝીણા અનેક જીવો મારા શરીર નીચે દબાઈને મરી જશે એટલે તેણે બીજા જીવોની રક્ષા કરીને પોતાના કર્મો ખપાવ્યા. પંદર દિવસનું અનશનવ્રત પૂર્ણ કરીને, આયુષ્ય પૂર્ણ થતાં તે સહસ્રાર નામના આઠમા દેવલોકમાં

ઉત્પન્ન થયો. આ ઉદાહરણ ચંડકૌશિક સર્પની પારિણામિકી બુદ્ધિનું છે.

**(૨૦) ગેંડો :-** એક ગામમાં એક માણસે યુવાવસ્થામાં શ્રાવકના વ્રતોને ધારણ કર્યા પરંતુ તે સમ્યક્ પ્રકારે વ્રતોનું પાલન ન કરી શક્યો. અમુક સમય બાદ તે રોગગ્રસ્ત બની ગયો. ભયંકર બીમારીના કારણે ભંગ કરેલા વ્રતોની તે આલોચના ન કરી શક્યો. એ જ દર્દમાં તેનું મૃત્યુ થયું. ધર્મથી પતિત થવાના કારણે એક જંગલમાં તે ગેંડા રૂપે ઉત્પન્ન થયો. પોતાના ક્રૂર પરિણામના કારણે તે જંગલી જનાવરોને અને આવતાં જાતાં મનુષ્યને પણ મારી નાંખતો હતો.

એક વાર જૈન મુનિઓ એ જંગલમાંથી વિહાર કરીને જઈ રહ્યા હતા. ગેંડાએ જેવા એ મુનિને દેખ્યા કે તરત જ ક્રોધથી ધમધમાયમાન થઈને મુનિઓને મારવા માટે દોડ્યો. પરંતુ મુનિઓના તપ, વ્રત અને અહિંસા આદિ ધર્મના પ્રભાવે ગેંડો ત્યાં સુધી પહોંચી શક્યો નહીં અને પોતાના કાર્યમાં તે અસફળ રહ્યો. ગેંડો વિચારવા લાગ્યો – આજ સુધીમાં હું દરેક કાર્યમાં સફળ જ થયો છું. આજે હું શા માટે અસફળ થયો ? તેનું કારણ તે શોધવા લાગ્યો. ધીરે ધીરે તેનો ક્રોધ શાંત પડ્યો અને તેને જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમથી જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. જ્ઞાનના પ્રભાવે તેણે પોતાનો પૂર્વભવ જોયો. પોતે કરેલા વ્રતોનો ભંગ જાણીને તેણે ખૂબ જ પશ્ચાત્તાપ કર્યો અને એ જ સમયે તેણે અનશનવ્રતનો સ્વીકાર કર્યો. આયુષ્ય પૂર્ણ કરીને તે દેવલોકમાં ઉત્પન્ન થયો. આ તેની પારિણામિકી બુદ્ધિનું ઉદાહરણ છે.

**(૨૧) સ્તૂપ-ભેદન :-** રાજા કુણિક અને વિહલ્લકુમાર બન્ને રાજા શ્રેણિકના જ પુત્રો હતા. શ્રેણિકે પોતાના જીવનકાળમાં જ સેચનક હાથી અને હાર બન્ને વિહલ્લકુમારને આપી દીધા હતા અને કુણિક રાજા બની ગયો હતો. વિહલ્લકુમાર પ્રતિદિન પોતાની રાણીઓની સાથે હાથી પર બેસીને જળક્રીડા કરવા માટે ગંગાનદીના કિનારા પર જતા હતા. હાથી રાણીઓને પોતાની સૂંઢ વડે ઉપાડીને વિવિધ પ્રકારે તેને મનોરંજન કરાવતો હતો. વિહલ્લકુમાર તથા તેની રાણીઓની મનોરંજક ક્રીડાઓ જોઈને નગરજનો તેની ખૂબ પ્રશંસા કરતા હતા અને કહેતા હતા કે રાજ્ય લક્ષ્મીનો સાચો ઉપભોગ તો વિહલ્લકુમાર જ કરે છે.

રાજા કુણિકની રાણી પદ્માવતીના મનમાં આ બધી વાતો સાંભળીને ઈર્ષ્યા થતી હતી. તે વિચારતી હતી કે મહારાણી હું છું છતાં મારા કરતા સવિશેષ સુખ વિહલ્લકુમારની રાણીઓ ભોગવે છે. એક દિવસ પદ્માવતીએ પોતાના પતિદેવ રાજા કુણિકને કહ્યું, જો સેચનક હાથી અને હાર મારી પાસે ન હોય તો હું મહારાણી કેવી રીતે કહેવડાવી શકું ? મારે એ બન્ને વસ્તુ જોઈએ છે.'' કુણિકે પહેલા તો પદ્માવતીની વાત પર ધ્યાન આપ્યું નહીં. પરંતુ રાણીના અતિ આગ્રહથી કુણિકે વિહલ્લકુમારને કહ્યું – તું મને હાથી અને હાર આપી દે. વિહલ્લકુમારે કહ્યું – ''જો આપ હાથી અને હાર લેવા ઈચ્છતા હો તો મારા ભાગનો રાજ્યનો હિસ્સો મને આપી દો.'' કુણિક એ બાબતે તૈયાર ન થયો પણ હાથી અને હાર વિહલ્લકુમાર પાસેથી પરાણે લઈ લેવાનો તેણે નિશ્ચય કર્યો. વિહલ્લકુમારને જાણવા મળ્યું કે કુણિકરાજા મારી



પાસેથી હાથી અને હાર પડાવી લેશે, માટે મારે અહીં રહેવું નથી. એમ વિચારીને તે પોતાની રાણીઓ સાથે હાથી અને હાર લઈને પોતાના નાના (દાદા) ચેડા રાજાની પાસે વિશાલા નગરીમાં ચાલ્યો ગયો.

રાજા કુણિકને આ વાતની ખબર પડી. તેથી તેને ખૂબ જ ક્રોધ આવ્યો અને ચેડા રાજાને તેણે એક દૂત દ્વારા સંદેશો મોકલ્યો – રાજ્યની શ્રેષ્ઠ વસ્તુઓ રાજાની જ હોય છે. માટે હાથી અને હાર સાથે વિહલ્લકુમારને આપ અહીં મોકલી આપો નહિતર યુદ્ધ માટે તૈયાર થઈ જાઓ.

કુણિકનો સંદેશો ચેડા રાજાને દૂત દ્વારા મળ્યો. તેનો જવાબ ચેડા રાજાએ આવનાર દૂત દ્વારા કહેવડાવ્યો – જેવી રીતે રાજા શ્રેણિક અને ચેલણાનો પુત્ર કુણિક મારો દોહિત્ર છે. એવી જ રીતે વિહલ્લકુમાર પણ મારો દોહિત્ર છે. વિહલ્લકુમારને શ્રેણિક રાજાએ પોતાની હયાતીમાં જ પોતાના હાથે એ બે ચીજ આપેલ છે માટે એ બે ચીજનો અધિકાર એનો છે. તો પણ કુણિક આ બે ચીજ વિહલ્લકુમાર પાસેથી પડાવી લેવા માંગતો હોય તો તું તારા રાજાને કહેજે – પહેલા એ વિહલ્લકુમારને અર્ધુ રાજ્ય આપી દે અથવા યુદ્ધ કરવા માટે હું પણ તૈયાર છું.

ચેડા રાજાનો સંદેશો દૂતે ત્યાં જઈને કુણિક રાજાને અથ થી ઈતિ સુધી સંભળાવી દીધો. સંદેશ સાંભળીને કુણિકને બહુ ક્રોધ આવ્યો. તેણે યુદ્ધ કરવાનો નિશ્ચય કરી લીધો. પોતાના અન્ય ભાઈઓની સાથે વિશાળ સૈન્યદળ લઈને તે વિશાલા નગરી પર ચડાઈ કરવા માટે રવાના થયો. ચેડા રાજાએ પણ કેટલાક અન્ય ગણ-રાજાઓને સાથે લઈને કુણિકનો સામનો કરવા મરાટે યુદ્ધના મેદાન તરફ પ્રયાણ કર્યું. બન્ને પક્ષો વચ્ચે ભીષણ યુદ્ધ થયું અને લાખો માણસોનો સંહાર થયો. એ યુદ્ધમાં ચેડા રાજા પરાજિત થયા. તે પાછા ફરીને વિશાલા નગરીમાં આવી ગયા. એ નગરીની ચારે તરફ વિશાળ કિલ્લાની રાંગ હતી. તેમાં જેટલા દરવાજા હતા તે બધા બંધ કરાવી દીધા. કુણિકે કિલ્લાને ચારે બાજુથી તોડવાની કોશિષ કરી પણ સફળતા ન મળી. એટલામાં આકાશવાણી થઈ, ''જો કૂળવાલક સાધુ માગધિકા વેશ્યાની સાથે રમણ કરશે તો કુણિક વિશાલા નગરીનો કોટ તોડીને તેના પર પોતાનો અધિકાર જમાવી શકશે.''

કુણિક આકાશવાણી સાંભળીને આશ્ચર્યચકિત બની ગયો. તેને આકાશવાણી પર વિશ્વાસ બેસી ગયો. તેણે એ જ સમયે માગધિકા ગણિકાને પોતાની પાસે લઈ આવવા માટે રાજસેવકોને દોડાવ્યા. તેઓ માગધિકા વેશ્યા પાસે ગયા અને કહ્યું – મહારાજા આપને બોલાવે છે. માગધિકા વેશ્યા તરત જ રાજા પાસે આવી ગઈ. રાજાએ માગધિકાને કહ્યું – તારે એક કામ કરવાનું છે. કૂળવાલક સાધુને તારે ચલિત કરીને મારી પાસે લઈ આવવા. માગધિકાએ રાજાની આજ્ઞા શિરોધાર્ય કરી અને ત્યાંથી તેણી કૂળવાલક મુનિની શોધમાં નીકળી ગઈ.

કૂળવાલક એક મહાક્રોધી અને દુષ્ટ સાધુ હતો. જ્યારે તે પોતાના ગુરુની સાથે રહેતો હતો ત્યારે ગુરુની હિતકારી શિક્ષાનો પણ ઉલટો અર્થ કરીને તેના પર

પણ ક્રોધ કરતો હતો. એક વાર તે પોતાના ગુરુની સાથે કોઈ પહાડી માર્ગ પર જઈ રહ્યો હતો. રસ્તામાં ચાલતાં ચાલતાં તેને કોઈ એક કારણે ક્રોધ આવ્યો. ક્રોધ આવ્યો કે તરત જ તેણે પોતાના ગુરુને મારી નાંખવા માટે એક વજનદાર મોટો પત્થર ગુરુ પર ગબડાવી દીધો. પોતની તરફ આવતા પથ્થરને જોઈને આશ્ચર્યશ્રી એક બાજુ ઊભા રહી ગયા તેથી તે બચી ગયા. પરંતુ પાસે ઊભેલા એક શિષ્યથી આ સહન ન થયું. તેણે ક્રોધિત થઈને કૂળવાલક સાધુને કહ્યું ''દુષ્ટ ! કોઈને મારી નાંખવા માટે તું અચકાતો નથી પણ ગુરુદેવને મારી નાંખવા જેવું નીચ કર્મ પણ તું કરી શકે છે ? જા તારું પતન પણ કોઈ સ્ત્રી વડે જ થશે.''

કૂળવાલક સદા ગુરુની આજ્ઞાથી વિપરીત જ કાર્ય કરતો હતો. પોતાના ગુરુભાઈના વાતને અસત્ય કરવા માટે તે કોઈ એક નિર્જન પ્રદેશમાં ચાલ્યો ગયો. ત્યાં કોઈ સ્ત્રી તો શું ? કોઈ પુરુષો પણ રહેતા ન હતા. એવા સ્થળે નદીના કિનારા પર તે ધ્યાનસ્થ બનીને તપસ્યા કરવા લાગ્યો. આહાર માટે પણ તે ક્યારે ય ગામમાં જતો નહીં. સંયોગવશાત્ ક્યારેક કોઈ યાત્રિક ત્યાંથી નીકળે તો કંઈક આહાર પ્રાપ્ત કરીને તે શરીરને ટકાવતો હતો. એક વાર નદીમાં ઘોડાપુર આવ્યું. એમાં એ તણાઈ જાત પરંતુ તેની ઘોર તપસ્યાના કારણે નદીનું વહેણ બીજી બાજુ ચાલ્યું ગયું. એવી આશ્ચર્યજનક ઘટના જોઈને લોકોએ તેનું નામ ''કૂળવાલક મુનિ'' રાખી દીધું.

બીજી બાજુ કુણિકરાજાએ માગધિકા વેશ્યાને કૂળવાલક મુનિને શોધી લાવવા માટે મોકલી. માગધિકાએ ઘણા ગામો જોયા પણ કૂળવાલક મુનિ તેને ક્યાંય મળતા ન હતા. છેવટે તેણી પેલા નિર્જન પ્રદેશમાં પહોંચી ગઈ. ત્યાં નદી કિનારે ધ્યાનાવસ્થામાં તેણીએ કૂળવાલકમુનિને જોયા. પછી માગધિકા સ્વયં ઢોંગી શ્રાવિકા બનીને નદીકિનારાની સમીપે જ રહેવા લાગી અને મુનિની અત્યંત સેવા ભક્તિ વગેરે કરવા લાગી. ધીરે ધીરે તેણીએ કૂળવાલક મુનિને આકર્ષિત કરી લીધા તેમજ આહાર માટે મુનિને પોતાની ઝૂંપડીએ વારંવાર લઈ જતી. એકવાર તે સ્ત્રીએ ખાવાની દરેક ચીજોમાં વિરેચક ઔષધિ મિશ્રિત કરીને મુનિને તે આહાર વહોરાવી દીધો. એવો આહાર ખાવાથી કૂળવાલક મુનિને અતિસાર નામનો રોગ લાગુ પડી ગયો. બીમારીના કારણે વેશ્યા મુનિની સેવા-શુશ્રૂષા કરવા લાગી. કપટી વેશ્યાના સ્પર્શથી મુનિનું મન વિચલિત થઈ ગયું અને તે ચારિત્રથી ભ્રષ્ટ થઈ ગયા. સાધુની શિથિલતા વેશ્યાને અનુકૂળ થઈ ગઈ. ધીરે ધીરે માગધિકાએ મુનિને પોતાના બનાવીને એક દિવસ તેને કુણિક રાજાની પાસે લઈ ગઈ.

કુણિકરાજા કૂળવાલક મુનિને જોઈને અત્યંત ખુશ થયો. વાતચીત કરતાં કરતાં તેણે મુનિને પૂછ્યું – વિશાલા નગરીના આ ખૂબ જ મોટા અને મજબૂત કોટને કેવી રીતે તોડી શકાય ? કૂળવાલક મુનિ પોતાના સાધુત્વથી ભ્રષ્ટ તો થઈ જ ગયા હતા. તેણે નૈમિત્તિકનો વેષ ધારણ કર્યો. પછી તેણે રાજાને કહ્યું – મહારાજ ! અત્યારે હું આ નગરીમાં જાઉં છું પણ જ્યારે હું સફેદ વસ્ત્ર હાથમાં લઈને ચારે ય બાજુ ફેરવીને આપને સંકેત કરું તે વખતે આપ યુદ્ધમેદાનમાંથી સેનાને લઈને થોડાક પાછા



ખસી જજો. જેમાં આપનું શ્રેય છે.

કૂળવાલકે નૈમિત્તિકનું રૂપ ધારણ કરવાથી તેને નગરમાં પ્રવેશ કરવાની કોઈએ ના ન પાડી. નગરવાસીઓએ નૈમિત્તિકને પૂછ્યું ''મહારાજ ! રાજા કુણિકે અમારી નગરીને ચારે ય બાજુથી ઘેરી લીધી છે. આ સંકટથી અમને ક્યારે છૂટકારો મળી શકશે ? કૂળવાલક નૈમિત્તિકે પોતાના જ્ઞાનાભ્યાસ દ્વારા જાણી લીધું કે આ નગરીમાં જે સ્તૂપ બનાવેલો છે, તેનો પ્રભાવ જ્યાં સુધી રહેશે ત્યાં સુધી કુણિક વિજય પ્રાપ્ત નહીં કરી શકે. તેથી તેણે કપટ કરીને એ જ નગરવાસીઓ વડે જ તેને પડાવી નાંખવાનો ઉપાય વિચારી લીધો. પછી તેણે કહ્યું – ''ભાઈઓ ! તમારી નગરીમાં અમુકસ્થાન પર જે સ્તૂપ ઊભો છે, એ સ્તૂપ જ્યાં સુધી નષ્ટ નહીં થાય ત્યાં સુધી તમે આ સંકટથી મુક્ત થશો નહીં. માટે એ સ્તૂપને તમે તોડાવી નાંખો. જેવો એ સ્તૂપ તૂટશે કે તરત જ કુણિક પાછો હટી જશે.''

ભોળા નાગરિકોએ નૈમિત્તિકની વાત પર વિશ્વાસ કરીને સ્તૂપને તોડવાનો પ્રારંભ કરી દીધો. એ જ સમયે કપટી નૈમિત્તિકે સફેદ વસ્ત્ર હાથમાં લઈને ચારે ય બાજુ ફેરવવાનું શરૂ કર્યું. પોતાની યોજનાનુસારે કુણિકને સેના સહિત પાછળ હટવાનો સંકેત કર્યો. જે સમયે તેને સંકેત મળ્યો તે જ સમયે કુણિક સેનાને લઈને પાછળ હટી ગયો. નાગરિકોએ જોયું કે થોડોક સ્તૂપ તોડ્યો ત્યાં જ કુણિકની સેના પાછળ હટવા લાગી. એ દૃશ્ય જોઈને નાગરિકોએ બહુ ઉત્સાહપૂર્વક સ્તૂપને જડ મૂળથી ઊખેડી નાંખવાનો પ્રયત્ન કર્યો. થોડા જ સમયમાં સ્તૂપ ધરાશાયી બની ગયો. પણ બન્યું એવું કે જેવો એ સ્તૂપ તૂટ્યો કે તરત જ તે મજબૂત કોટનો પ્રભાવ સમાપ્ત થઈ ગયો અને કુણિકે આગળ વધીને કોટને તોડીને વિશાલા નગરી પર પોતાનો અધિકાર જમાવી દીધો.

કૂળવાલક સાધુને પોતાના વશમાં કરી લેવાની પારિણામિકી બુદ્ધિ વેશ્યાની હતી અને સ્તૂપને તોડાવીને કુણિકને વિજય પ્રાપ્ત કરાવનારી પારિણામિકી બુદ્ધિ કૂળવાલક મુનિની હતી. આ કથા સાથે પારિણામિકી બુદ્ધિની કથાઓ સમાપ્ત તેમજ અશ્રુતનિશ્રિત એટલે શ્રુતની અપેક્ષા નહિ રાખનાર મતિજ્ઞાનનું વર્ણન પણ સમાપ્ત થયું. આ ચારે ય બુદ્ધિના કાર્યોમાં શ્રુતની અપેક્ષા હોતી નથી. મતિજ્ઞાનના ક્ષયોપશમની પ્રમુખતાથી જ અશ્રુતનિશ્રિત મતિજ્ઞાનનું એટલે બુદ્ધિનું પ્રવર્તન થાય છે.

**● સૂત્ર-૧૧૧ :-**

***પ્રશ્ન :- હે ભગવન્ ! શ્રુતનિશ્રિત મતિજ્ઞાનના કેટલા પ્રકાર છે ?***

***ઉત્તર :- શ્રુતનિશ્રિત મતિજ્ઞાનના ચાર પ્રકાર છે – (૧) અવગ્રહ (૨) ઈહા (૩) અવાય (૪) ધારણા.***

**● વિવેચન-૧૧૧ :-**

પ્રસ્તુત સૂત્રમાં શ્રુતનિશ્રિત મતિજ્ઞાનનું વર્ણન કરેલ છે. ક્યારેક મતિજ્ઞાન સ્વતંત્ર કાર્ય કરે છે અને ક્યારેક શ્રુતજ્ઞાનના સહયોગથી કરે છે. જ્યારે મતિજ્ઞાન શ્રુતજ્ઞાનના પૂર્વ કાલીન સંસ્કારોના નિમિત્તથી ઉત્પન્ન થાય ત્યારે તેના ક્રમશઃ ચાર

ભેદ થાય છે. અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા. તે આ પ્રમાણે –

(૧) અવગ્રહ :- જે જ્ઞાન નામ, જાતિ, વિશેષ્ય, વિશેષણ આદિ વિશેષતાથી રહિત હોય, માત્ર સામાન્યને જ જાણે તેને અવગ્રહ કહેવાય છે. કોઈપણ ઈન્દ્રિય કે મનનો સંબંધ પોતાના વિષયભૂત પદાર્થ સાથે થવા પર 'માત્ર કંઈક છે એવો અસ્તિત્વ રૂપ બોધ થવો તે અવગ્રહ છે. અવગ્રહ થયા પછી ઈહા વગેરે થાય છે.

જૈન આગમમાં બે ઉપયોગ બતાવેલ છે – (૧) સાકાર ઉપયોગ (૨) અનાકાર ઉપયોગ. બીજા શબ્દોમાં એને જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ પણ કહેવાય છે. અહીં જ્ઞાનોપયોગનું વર્ણન કરેલ છે તેથી તેના પૂર્વભાવી દર્શનોપયોગનો પણ ઉલ્લેખ કરેલ છે. જ્ઞાનની આ ધારા ઉત્તરોત્તર વિશેષ તરફ ઝુકતી રહે છે.

(૨) ઈહા :- પ્રમાણનય તત્ત્વલોકમાં કહ્યું – અવગ્રહથી જાણેલ પદાર્થને વિશેષ જાણવાની જિજ્ઞાસાને ઈહા કહેવાય છે. ભાષ્યકારે ઈહાની પરિભાષા કરતા સમયે કહ્યું છે – અવગ્રહમાં સત્ અને અસત્ બન્નેથી અતીત સામાન્ય માત્રને ગ્રહણ કરાય છે પરંતુ સદ્ભૂત અર્થની પર્યાલોચનારૂપ ચેષ્ટાને 'ઈહા' કહેવાય છે.

(૩) અવાય :- નિશ્ચયાત્મક અથવા નિર્ણયાત્મક જ્ઞાનને અવાય કહેવાય છે. પ્રમાણનય તત્ત્વલોકમાં અવાયની વ્યાખ્યા કરેલ છે – ''ईहितविशेषनिर्णयोऽवायः'' ઈહા દ્વારા જાણેલ પદાર્થનો વિશેષ રૂપે નિર્ણય કરવામાં આવે તેને અવાય કહેવાય છે. અવાય, નિશ્ચય અને નિર્ણય એ બધા તેના પર્યાયવાચી નામ છે. અવાયને 'અપાય' પણ કહેવાય છે.

(૪) ધારણા :- નિર્ણિત અર્થને ધારણ કરવો તેને જ ધારણા કહેવાય છે. પ્રમાણનય તત્ત્વલોકમાં કહ્યું છે – અવાય જ્ઞાન જ્યારે અત્યંત દૃઢ થઈ જાય છે ત્યારે તેને ધારણા કહેવાય છે. નિશ્ચય થોડા કાળ સુધી સ્થિર રહે છે. પછી વિષયાંતરમાં ઉપયોગ ચાલ્યો જવાથી તે લુપ્ત થઈ જાય છે. પરંતુ તેનાથી એવા સંસ્કાર પડી જાય છે કે જેના કારણે ભવિષ્યમાં કદાચ કોઈ યોગ્ય નિમિત્ત મળી જવા પર નિશ્ચિત કરેલ તે વિષયનું સ્મરણ થઈ જાય છે. તેને પણ ધારણા કહેવાય છે.

ધારણા ત્રણ પ્રકારની છે –

(૧) અવિચ્યુતિ – અવાયમાં લાગેલ ઉપયોગથી ચ્યુત ન થાય તેને અવિચ્યુતિ કહેવાય છે. તે અવિચ્યુતિ ધારણાનો કાળ વધારેમાં વધારે એક અંતર્મુહૂર્તનો હોય છે. છદ્મસ્થનો કોઈ પણ ઉપયોગ અંતર્મુહૂર્તથી અધિક સમય સુધી સ્થિર રહેતો નથી. (૨) અવિચ્યુતિથી ઉત્પન્ન થયેલ સંસ્કારને વાસના કહેવાય છે. એ સંસ્કાર સંખ્યાત વર્ષના આયુષ્યવાનને સંખ્યાતકાળ સુધી ટકી રહે છે અને અસંખ્યાત વર્ષના આયુષ્યવાનને અસંખ્યાત કાળ સુધી ટકી રહે છે. (૩) સ્મૃતિ – કાલાંતરમાં કોઈ પદાર્થને જોવાથી અથવા કોઈ અન્ય નિમિત્ત વડે સંસ્કાર જાગૃત થવાથી જે જ્ઞાન ઉત્પન્ન થાય તેને સ્મૃતિ કહેવાય છે.

શ્રુતનિશ્રિત મતિજ્ઞાનના એ ચાર પ્રકાર ક્રમથી જ હોય છે. અવગ્રહ વિના ઈહા ન થાય, ઈહા વિના અવાય ન થાય અને અવાયના અભાવમાં ધારણા ન થઈ શકે.



સ્થૂલ દૃષ્ટિએ અવગ્રહ ઈહાની પ્રવૃત્તિ ન પણ થાય તરત જ અવાય થઈ જાય છે. જેમકે હંમેશની અભ્યસ્ત અને પરિચિત વસ્તુઓને જોતા જ નિર્ણય થઈ જાય છે કે આ અમુક વસ્તુ છે. અભ્યસ્ત અને પ્રત્યક્ષ રહેલી વસ્તુઓમાં પૂર્વધારણાના આધારે શરૂથી અવાય થઈ જાય કારણ કે તેની પહેલાં ધારણા થઈ ગયેલ છે. સૂક્ષ્મ દૃષ્ટિથી તો અવગ્રહ, ઈહા, અવાય, ધારણા એ ચારે ય ક્રમપૂર્વક થાય છે. પરંતુ અભ્યસ્તને જલ્દી થઈ જાય છે એવી ધારણા છે. ટીકાકારે પણ એ જ ધારણાને પુષ્ટ કરેલ છે.

● **સૂત્ર-૧૧૨ :-**

***પ્રશ્ન :- અવગ્રહ કેટલા પ્રકારનો છે ?***

***ઉત્તર :- અવગ્રહ બે પ્રકારનો છે – (૧) અર્થાવગ્રહ (૨) વ્યંજનાવગ્રહ.***

● **વિવેચન-૧૧૨ :-**

અર્થાવગ્રહ – વસ્તુને અર્થ કહેવાય છે. વસ્તુ અને દ્રવ્ય એ બન્ને પર્યાયવાચી શબ્દ છે. જેમાં સામાન્ય અને વિશેષ બન્ને ધર્મ રહે તેને દ્રવ્ય કહેવાય છે. અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા, એ ચાર સંપૂર્ણ દ્રવ્ય ગ્રાહી થતાં નથી. એ પ્રાયઃ પર્યાયોને જ ગ્રહણ કરે છે. પર્યાયથી અનંત ધર્માત્મક વસ્તુનું ગ્રહણ સ્વતઃ થઈ જાય છે. દ્રવ્યના એક અંશને પર્યાય કહેવામાં આવે છે. જ્યાં સુધી આત્મા કર્મોથી આવૃત છે ત્યાં સુધી તેને ઈન્દ્રિય અને મનના માધ્યમથી બાહ્ય પદાર્થોનું જ્ઞાન થાય છે. ઔદારિક, વૈક્રિય અને આહારક શરીરના અંગોપાંગ નામકર્મના ઉદયથી દ્રવ્ય ઈન્દ્રિયો પ્રાપ્ત થાય છે તેમજ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મોના ક્ષયોપશમથી ભાવેન્દ્રિય પ્રાપ્ત થાય છે.

દ્રવ્યેન્દ્રિય વિના ભાવેન્દ્રિય અકિંચિત્કર છે અને ભાવેન્દ્રિય વિના દ્રવ્યેન્દ્રિય પણ અકિંચિત્કર છે એટલે કંઈ કરવા સમર્થ ન થાય. માટે જે જે જીવોને જેટલી જેટલી ઈન્દ્રિયો મળી છે તે તેના દ્વારા તેટલું તેટલું જ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. જેમકે – એકેન્દ્રિય જીવને કેવળ સ્પર્શેન્દ્રિય દ્વારા અર્થાવગ્રહ અને વ્યંજનાવગ્રહ થાય છે. અર્થાવગ્રહ પટુક્રમી હોય છે અને વ્યંજનાવગ્રહ મંદક્રમી હોય છે. અર્થાવગ્રહ અભ્યાસથી અને વિશેષ ક્ષયોપશમથી હોય છે અને વ્યંજનાવગ્રહ અભ્યાસ વિના ક્ષયોપશમની મંદતામાં હોય છે. અર્થાવગ્રહ વડે અતિ અલ્પ સમયમાં જ વસ્તુની પર્યાયને ગ્રહણ કરી શકાય છે પરંતુ વ્યંજનાવગ્રહમાં ''આ કંઈક છે'' એટલું જ જ્ઞાન થાય છે.

જો કે સૂત્રમાં પ્રથમ અર્થાવગ્રહ અને પછી વ્યંજનાવગ્રહનો નિર્દેશ કરેલ છે પરંતુ તેની ઉત્પત્તિનો ક્રમ તેનાથી વિપરીત છે અર્થાત્ પહેલા વ્યંજનાવગ્રહને પછી અર્થાવગ્રહ ઉત્પન્ન થાય છે.

''व्यज्यते अनेनेति व्यंजन'' અથવા ''व्यज्यते इति व्यंजनम्'' જેના દ્વારા વ્યક્ત કરી શકાય અર્થાત્ જે વ્યક્ત છે તેને વ્યંજન કહેવાય છે. આ વ્યુત્પત્તિના અનુસાર વ્યંજનના ત્રણ અર્થ ફલિત થાય છે – (૧) ઉપકરણેન્દ્રિય (૨) ઉપકરણેન્દ્રિય અને તેનો પોતાના ગ્રાહ્ય વિષયની સાથે સંયોગ (૩) વ્યક્ત થનારા શબ્દાદિ વિષય.

સર્વપ્રથમ દર્શનોપયોગ થાય છે ત્યારબાદ વ્યંજનાવગ્રહ થાય છે. તેનો કાળ

અસંખ્યાત સમયનો છે. વ્યંજનાવગ્રહના અંતમાં અર્થાવગ્રહ થાય છે. તેનો કાળ એક જ સમયનો છે. અર્થાવગ્રહ દ્વારા સામાન્યનો બોધ થાય છે. જો કે વ્યંજનાવગ્રહ દ્વારા જ્ઞાન નથી થતું તો પણ તેના અંતમાં થનાર અર્થાવગ્રહ જ્ઞાનનું કારણ હોવાથી વ્યંજનાવગ્રહને પણ ઉપચારથી જ્ઞાન માનેલ છે. તેમજ વ્યંજનાવગ્રહમાં પણ અતિ અલ્પ અવ્યક્ત જ્ઞાનની થોડીક માત્રા હોય છે. જો કે અસંખ્યાત સમયમાં લેશ માત્ર જ્ઞાન પણ ન હોય તો તેનાં અંતમાં અર્થાવગ્રહમાં એકાએક જ્ઞાન કેવી રીતે આવી જાય? માટે અનુમાન કરવામાં આવે છે કે વ્યંજનાવગ્રહમાં પણ અવ્યક્ત જ્ઞાનનો અંશ હોય છે પરંતુ અતિ અલ્પ રૂપે હોવાથી તે આપણને પ્રતીત થતું નથી. દર્શનોપયોગ મહાસામાન્ય સત્તા માત્રને ગ્રહણ કરે છે જ્યારે અવગ્રહમાં અપર સામાન્ય મનુષ્યત્વ આદિનો બોધ થાય છે.

**● સૂત્ર-૧૧૩ :-**

***પ્રશ્ન :- તે વ્યંજનાવગ્રહ કેટલા પ્રકારનો છે ?***

***ઉત્તર :- વ્યંજનાવગ્રહ ચાર પ્રકારનો છે – (૧) શ્રોત્રેન્દ્રિયવ્યંજનાવગ્રહ (૨) ઘ્રાણેન્દ્રિયવ્યંજનાવગ્રહ (૩) જિહ્‌વેન્દ્રિયવ્યંજનાવગ્રહ (૪) સ્પર્શેન્દ્રિયવ્યંજનાવગ્રહ. આ પ્રકારે વ્યંજનાવગ્રહનું વર્ણન છે.***

**● વિવેચન-૧૧૩ :-**

આ સૂત્રમાં વ્યંજનાવગ્રહનું નિરૂપણ કરેલ છે. ચક્ષુ અને મન સિવાય શેષ ચાર ઈન્દ્રિયો પ્રાપ્યકારી છે. શ્રોત્રેન્દ્રિય પોતાના વિષયને કેવળ સ્પૃષ્ટ થવા માત્રથી જ ગ્રહણ કરે છે. સ્પર્શન, રસન અને ઘ્રાણેન્દ્રિય એ ત્રણે ય પોતાના વિષયને બદ્ધ સ્પૃષ્ટ થવા પર ગ્રહણ કરે છે. જેમકે – રસનેન્દ્રિયને જ્યાં સુધી રસ સાથે સંબંધ ન થાય ત્યાં સુધી રસેન્દ્રિયનો અવગ્રહ થતો નથી. એ જ રીતે સ્પર્શ અને ઘ્રાણના વિષે પણ સમજવાનું છે. પરંતુ ચક્ષુ અને મન એ પોતાના વિષયને ન તો સ્પૃષ્ટથી કે ન તો બદ્ધ સ્પૃષ્ટથી પરંતુ એ બન્ને દૂરથી જ વિષયને ગ્રહણ કરે છે. નેત્રમાં આંજેલ અંજનને અથવા આંખમાં પડેલ રજકણને નેત્ર સ્વયં જોઈ ન શકે. એ જ રીતે મન પણ દૂર રહેલ વસ્તુનું ચિંતન કરી શકે છે. આ વિશેષતા ચક્ષુ અને મન એ બેમાં જ છે, અન્ય ઈન્દ્રિયોમાં નથી. માટે ચક્ષુ અને મન આ બે ને અપ્રાપ્યકારી કહેલ છે. તેના પર વિષયકૃત અનુગ્રહ અને ઉપઘાત પણ થતો નથી. જ્યારે અન્ય ચારે ય ઈન્દ્રિયોમાં થાય છે.

**● સૂત્ર-૧૧૪ :-**

***પ્રશ્ન :- અર્થાવગ્રહ કેટલા પ્રકારનો છે ?***

***ઉત્તર :- અર્થાવગ્રહ છ પ્રકારનો છે – (૧) શ્રોત્રેન્દ્રિયઅર્થાવગ્રહ (૨) ચક્ષુરિન્દ્રિયઅર્થાવગ્રહ (૩) ઘ્રાણેન્દ્રિયઅર્થાવગ્રહ (૪) જિહ્‌વેન્દ્રિયઅર્થાવગ્રહ (૫) સ્પર્શેન્દ્રિયઅર્થાવગ્રહ (૬) નોઈન્દ્રિયઅર્થાવગ્રહ. આ પ્રકારે અર્થાવગ્રહનું વર્ણન છે.***

**● વિવેચન-૧૧૪ :-**

અર્થાવગ્રહ થવાના સાધન છ હોય છે તેથી અહીં તેના છ ભેદ કરેલ છે. જે



રૂપાદિના અર્થને સામાન્ય રૂપે જ ગ્રહણ કરે તેને અર્થાવગ્રહ કહેવાય છે પરંતુ એ જ સામાન્ય જ્ઞાન ઉત્તરોત્તર વૃદ્ધિ પામતાં ઈહા, અવાય અને ધારણાથી સ્પષ્ટ તેમજ પરિપક્વ બને છે. જેમકે – એક નાની સરખી દીવાસળીથી વિરાટ પ્રકાશપુંજ બની શકે છે, એ જ રીતે અર્થનો સામાન્ય બોધ થવા પર વિચાર, વિમર્શ, ચિંતન, મનન તેમજ અનુપ્રેક્ષા આદિ વડે તેને વિશાળ બનાવી શકાય છે. એક નાનામાં નાના ચિત્રથી મોટું ચિત્ર બનાવી શકાય છે. માટે વસ્તુની નાનામાં નાની ઝલકનો અનુભવ થવો તેને અર્થાવગ્રહ કહેવાય છે. એના વગર ઈહા, અવાય અને ધારણાનું જ્ઞાન ઉત્પન્ન થતું નથી. બીજા શબ્દોમાં કહીએ તો ઈહાનું મૂળ જ અર્થાવગ્રહ છે.

સૂત્રકારે ''नोइंदियअत्थुग्गह'' આ પદ આપેલ છે. તેનો અર્થ મન થાય છે. કાયયોગથી લોકમાં રહેલા મનોવર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરીને મનઃપર્યાપ્તિ નામકર્મ વડે પ્રાપ્ત શક્તિ દ્વારા મનન કરાય તે મન કહેવાય છે. શાસ્ત્રકારે મનના કોઈ પણ ભેદ પ્રભેદ કરેલ નથી. છદ્મસ્થને જ્ઞાનની અલ્પતાને કારણે એ મનનમાં ચલ વિચલતા ઓછી વધારે થતી રહે છે. તે બધી મનોયોગની જ પ્રવૃત્તિ છે. શાસ્ત્રમાં મનને માત્ર રૂપી જ કહેવામાં આવેલ છે. એટલે કે ચિંતન, મનન વગેરે મનોવર્ગણાના પુદ્‌ગલો ગ્રહણ કરવાથી જ થાય છે અને તે પુદ્‌ગલરૂપી છે. માટે મન, મનોયોગ, ચિંતન, વગેરે રૂપી જ છે. જેને મનઃપર્યવ જ્ઞાની પોતાના જ્ઞાન વડે જોઈ શકે છે.

જ્યારે ઈન્દ્રિયોની અપેક્ષા વિના કેવળ મનથી જ અવગ્રહ થાય છે ત્યારે તેને નોઈન્દ્રિય અર્થાવગ્રહ કહેવાય છે. તે સિવયા મન સદાય ઈન્દ્રિયોનું સહયોગી બનીને રહે છે. જ્યારે તે મનનની અભિમુખ થઈને રૂપાદિ અર્થોને પહેલી જ વાર સામાન્ય માત્રથી અવબોધ કરે છે તેને નોઈન્દ્રિય અર્થાવગ્રહ કહેવાય છે.

**● સૂત્ર-૧૧૫ :-**

***અર્થાવગ્રહના એક અર્થવાળા ઉદાત્ત આદિ વિવિધ પ્રકારના ઘોષયુક્ત અને ''ક'' આદિ વિવિધ પ્રકારના વ્યંજન યુક્ત પાંચ પર્યાય નામ છે – (૧) અવગ્રહણતા (૨) ઉપધારણતા (૩) શ્રવણતા (૪) અવલંબનતા (૫) મેધા. એ રીતે અવગ્રહનું વર્ણન છે.***

**● વિવેચન-૧૧૫ :-**

આ સૂત્રમાં અર્થાવગ્રહના પર્યાયાન્તર નામો આપેલા છે. પ્રથમ સમયમાં આવેલ શબ્દ, રૂપ આદિ પુદ્‌ગલોનું સામાન્ય રૂપે ગ્રહણ કરવું તેને અવગ્રહ કહેવાય છે. તેના બે પ્રકાર છે – (૧) વ્યંજનાવગ્રહ (૨) સામાન્ય અર્થાવગ્રહ.

**(૧) અવગ્રહણતા :-** વ્યંજનાવગ્રહનો કાળ અંતર્મુહૂર્ત્તનો છે. તેના પહેલાં સમયમાં પુદ્‌ગલોને ગ્રહણ કરવા રૂપ પરિણામને અવગ્રહણતા કહેવાય છે.

**(૨) ઉપધારણતા :-** વ્યંજનાવગ્રહના પ્રથમ સમય પછીના શેષ સમયોમાં નવા નવા પુદ્‌ગલોને પ્રતિસમયે ગ્રહણ કરવા અને પૂર્વના સમયમાં ગ્રહણ કરેલાને ધારણ કરવા તેને ઉપધારણતા કહેવાય છે.

**(૩) શ્રવણતા :-** જે અવગ્રહ શ્રોત્રેન્દ્રિય વડે થાય છે તેને શ્રવણતા કહેવયા

છે અર્થાત્ એક સમયમાં સામાન્યાર્થાવગ્રહના બોધ રૂપ પરિણાને શ્રવણતા કહેવાય્ છે.

(૪) **અવલંબનતા** :- અર્થને ગ્રહણ કરે તેને અવલંબનતા કહેવાય છે. જે સામાજ્ઞાનથી વિશેષ તરફ અગ્રસર થાય તેમજ ઉત્તરવર્તી ઈહા, અવાય અને ધારણા સુધી પહોંચે તેને અવલંબનતા કહેવચા છે.

(૫) **મેધા** :- મેધા સામાન્ય અને વિશેષ બન્નેને ગ્રહણ કરે છે.

''एगट्ठिया'' એ પાંચ નામ શબ્દનયની દષ્ટિથી એક જ અર્થવાળા પાંચ પર્યાય નામ સમજવાના છે. સમભિરૂઢનય તથા એવંભૂતનયની દષ્ટિએ પાંચેયનો અર્થ સૂક્ષ્મતાએ જુદો જુદો છે.

● **સૂત્ર-૧૧૬** :-

***પ્રશ્ન :- ઈહાના કેટલા પ્રકાર છે ?***

***ઉત્તર :- ઈહાના છ પ્રકાર છે — (૧) શ્રોત્રેન્દ્રિય ઈહા (૨) ચક્ષુરિન્દ્રિય ઈહા (૩) ઘ્રાણેન્દ્રિય ઈહા (૪) જિહ્વેન્દ્રિય ઈહા (૫) સ્પર્શેન્દ્રિય ઈહા અને (૬) નોઈન્દ્રિય ઈહા.***

***ઈહાના એકાર્થક વિવિધ પ્રકારના ઘોષ અને વિવિદ પ્રકારના વ્યંજનયુક્ત પાંચ નામ છે તે આ પ્રમાણે છે — (૧) આભોગણતા (૨) માર્ગણતા (૩) ગવેષણતા (૪) ચિંતા (૫) વિમર્શ. આ રીતે ઈહાનું વર્ણન છે.***

● **વિવેચન-૧૧૬** :-

नानाघोसा :- અવગ્રહના જે પાંચ પર્યાયાંતર બતાવ્યા છે તે શબ્દોનું ઉચ્ચારણ ભિન્ન ભિન્ન છે.

नानावंजणा :- અવગ્રહના ઉક્ત પાંચ નામો કહ્યા છે એમાં સ્વર અને વ્યંજન ભિન્ન ભિન્ન છે. સ્વર અને વ્યંજનથી શબ્દ શાસ્ત્ર બને છે.

आभोगनता :- અર્થાવગ્રહના અનંતર સદ્ભૂત અર્થ વિશેષના અભિમુખ પર્યાલોચનને આભોગણતા કહેવાય છે. ટીકાકાર કહે છે —

मार्गणता :- અન્વય અને વ્યતિરેક ધર્મો દ્વારા પદાર્થોનું અન્વેષણ કરવાને માર્ગણા કહેવાય છે.

गवेषणता :- વ્યતિરેક ધર્મનો ત્યાગ કરીને અન્વય ધર્મની સાથે પદાર્થોનું પર્યાલોચન ક્રિયાને ગવેષણા કહેવાય છે.

चिंता :- પુનઃ પુનઃ વિશિષ્ટ પ્રકારના ક્ષયોપશમથી સ્વધર્મ અનુગત સદ્ભૂતાર્થના વિશેષ ચિંતનને ચિંતા કહેવાય છે.

विमर्श :- ક્ષયોપશમ વિશેષથી સ્પષ્ટતર સદ્ભૂતાર્થના અભિમુખ વ્યતિરેક ધર્મનો ત્યાગ કરીને, અન્વય ધર્મનો સ્વીકાર કરીને, સ્પષ્ટપણે વિચાર કરવો, તેને વિમર્શ કહેવાય છે.

● **સૂત્ર-૧૧૭** :-

***પ્રશ્ન :- અવાય મતિજ્ઞાનના કેટલા પ્રકાર છે ?***

***ઉત્તર :- અવાયના છ પ્રકાર છે, જેમકે — (૧) શ્રોત્રેન્દ્રિયઅવાય***



***(૨) ચક્ષુરિન્દ્રિયઅવાય (૩) ઘ્રાણેન્દ્રિયઅવાય (૪) રસનેન્દ્રિયઅવાય (૫) સ્પર્શેન્દ્રિયઅવાય (૬) નોઈન્દ્રિયઅવાય.***

***અવાયના એકાર્થક વિવિધ પ્રકારના ઘોષ અને વિવિધ પ્રકારના વ્યંજનવાળા પાંચ નામ છે — (૧) આવર્તનતા (૨) પ્રત્યાવર્તનતા (૩) અવાય (૪) બુદ્ધિ (૫) વિજ્ઞાન. આ રીતે અવાયનું વર્ણન થયું.***

● **વિવેચન-૧૧૭** :-

સૂત્રકારે આ સૂત્રમાં અવાય અને તેના ભેદ, પર્યાયાંતર નામ આપેલ છે, કેમકે ઈહા પછી વિશિષ્ટ બોધનો નિર્ણય કરાવનાર અવાય છે. તેના પણ પહેલાની જેમ છ ભેદ બતાવ્યા છે. ત્યારબાદ તેના એકાર્થક શબ્દો કહેલ છે.

आवर्तनता :- ઈહા પછી નિશ્ચય—અભિમુખ બોધરૂપ પરિણામથી પદાર્થોનું વિશિષ્ટ જ્ઞાન પ્રાપ્ત કરાવે તેને આવર્તનતા કહેવાય છે.

प्रत्यावर्तनता :- આવર્તના પછી નિશ્ચયની સન્નિકટ પહોંચાડનાર ઉપયોગને પ્રત્યાવર્તનતા કેહવચા છે.

अवाय :- પદાર્થના પૂર્ણ નિશ્ચયને અવાય કહેવાય છે.

बुद्धि :- નિશ્ચયાત્મક જ્ઞાનને ક્ષયોપશમ વિશેષથી સ્પષ્ટતર જાણે તેને બુદ્ધિ કહેવાય છે.

विज्ञान :- વિશિષ્ટતર નિશ્ચય કરેલ જ્ઞાન જે તીવ્ર ધારણાનું કારણ બને છે તેને વિજ્ઞાન કહેવાય છે. બુદ્ધિ અને વિજ્ઞાનથી જ પદાર્થનો સમ્યક્ પ્રકારે નિશ્ચય થઈ શકે છે.

● **સૂત્ર-૧૧૮** :-

***પ્રશ્ન :- ધારણા કેટલા પ્રકારની છે ?***

***ઉત્તર :- ધારણા છ પ્રકારની છે — (૧) શ્રોત્રેન્દ્રિય ધારણા (૨) ચક્ષુરિન્દ્રિય ધારણા (૩) ઘ્રાણેન્દ્રિય ધારણા (૪) રસનેન્દ્રિય ધારણા (૫) સ્પર્શેન્દ્રિય ધારણા (૬) નોઈન્દ્રિય ધારણા.***

***ધારણાના એક અર્થવાળા વિવિધ પ્રકારના ઘોષ અને વિવિધ પ્રકારના વ્યંજન યુક્ત પાંચ પર્યાય નામ છે — (૧) ધારણા (૨) સાધારણા (૩) સ્થાપના (૪) પ્રતિષ્ઠા (૫) કોષ્ઠ. આ રીતે ધારણા મતિજ્ઞાનનું વર્ણન છે.***

● **વિવેચન-૧૧૮** :-

**ધારણા** :- જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળ વ્યતીત થવા પર પણ યોગ્ય નિમિત્ત મળવાથી જે સ્મૃતિ જાગી ઊઠે, તેને ધારણા કહેવાય છે.

**સાધારણા** :- જાણેલ અર્થને અવિચ્યુતિ સ્મરણપૂર્વક અંતર્મુહૂર્ત સુધી ધારણ કરીને રાખે, તેને સાધારણા કહેવાય છે.

**સ્થાપના** :- નિશ્ચય કરેલ અર્થને હૃદયમાં ધારણ કીરને રાખવો અર્થાત્ સ્થાપન કરીને રાખવો, તેને સ્થાપના કહેવાય છે. કોઈ કોઈ તેને વાસના કહે છે.

**પ્રતિષ્ઠા** :- અવાય દ્વારા નિર્ણીત કરેલ અર્થના ભેદ અને પ્રભેદને હૃદયમાં

સ્થાપન કરીને રાખવા તેને પ્રતિષ્ઠા કહેવાય છે.

કોષ્ઠ :- કોઠીમાં રાખેલ સુરક્ષિત ધાન્ય નષ્ટ થતું નથી, એ જ રીતે હૃદયમાં સૂત્ર અને તેના અર્થને સુરક્ષિત કોઠીની જેમ ધારણ કરીને રાખે, તેને કોષ્ઠ કહેવાય છે.

જો કે સામાન્ય રીતે એનો એક જ અર્થ પ્રતીત થયા છે, તો પણ આ જ્ઞાનની ઉત્તરોત્તર વિશિષ્ઠ અવસ્થાને પ્રદર્શિત કરવા માટે પર્યાયવાચી નામોનું કથન કરેલ છે. જે ક્રમથી જ્ઞાન ઉત્તરોત્તર વિકસિત થાય છે એ જ ક્રમ પ્રમાણે સૂત્રકારે અવગ્રહ, ઈહા, અવાય અને ધારણાનો નિર્દેશ કરેલ છે. અવગ્રહ વિના ઈહા ન થાય, ઈહા વિના અવાય ન થાય અને અવાય વિના ધારણા ન થાય. એકબીજા ક્રમથી તેઓ સંકળાયેલા છે. પૂર્વમાં ધારણ કરેલ પદાર્થોને વિષયભૂત થતાં અવગ્રહ ઈહા હોવાનું જરૂરી નથી.

● **સૂત્ર-૧૧૯ :-**

***(૧) અવગ્રહ જ્ઞાનનો કાળ એક સમયનો છે. (૨) ઈહાનો કાળ અંતર્મુહૂર્તનો છે. (૩) અવાયનો કાળ પણ અંતર્મુહૂર્તનો છે. (૪) ધારણાનો કાળ સંખ્યાત અથવા અસંખ્યાત કાળ છે.***

● **વિવેચન-૧૧૯ :-**

આ સૂત્રમાં ઉક્ત ચારેયના કાળનું પ્રમાણ બતાવેલ છે. અર્થાવગ્રહનો કાળ એક સમયનો છે. ઈહા અને અવાયનો કાળ અંતર્મુહૂર્તનો છે. ધારણાનો કાળ અંતર્મુહૂર્તથી લઈને સંખ્યાત અને અસંખ્યાત વર્ષનો છે. તેનું કારણ એ છે કે જો કોઈ સંજ્ઞી પ્રાણીનું આયુષ્ય સંખ્યાત વર્ષનું હોય તો એની ધારણાનો કાળ સંખ્યાત વર્ષ સુધીનો હોય છે અને નારકી, દેવતા કે જુગલિયા વગેરેનું આયુષ્ય અસંખ્યાત વર્ષનું હોય તો તેની ધારણા પણ અસંખ્યાત કાળ પર્યંત રહી શકે છે.

ધારણાની પ્રબળતાથી કોઈને પ્રત્યભિજ્ઞાન તથા જાતિસ્મરણ જ્ઞાન પણ ઉત્પન્ન થાય છે. અવાય થઈ ગયા પછી પણ જો ઉપયોગ તેમાં લાગેલો જ રહે તો તેને અવાય નહીં પણ અવિચ્યુતિ ધારણા કહેવાય છે.

અવિચ્યુતિ ધારણા જ વાસનાને દૃઢ કરે છે. વાસના જો દૃઢ હશે તો તે નિમિત્ત મળવા પર સ્મૃતિને ઉદ્‌બુદ્ધ કરવામાં કારણ બને છે.

● **સૂત્ર-૧૨૦/૧ :-**

***ચાર પ્રકારના વ્યંજનાવગ્રહ, છ પ્રકારનો અર્થાવગ્રહ, છ પ્રકારની ઈહા, છ પ્રકારનો અવાય અને છ પ્રકારની ધારણા. આ પ્રમાણે અઠ્યાવીસ આભિનિબોધિક મતિજ્ઞાનના વ્યંજનાવગ્રહની પ્રતિબોધક અને મલ્લક બે ઉદાહરણ વડે પ્રરૂપણા કરીશ.***

***પ્રશ્ન :- પ્રતિબોધક ઉદાહરણથી વ્યંજનાવગ્રહનું નિરૂપણ કેવા પ્રકારનું છે ?***

***ઉત્તર :- પ્રતિબોધક દૃષ્ટાંત આ પ્રમાણે છે — કોઈ વ્યક્તિ કોઈ સૂતેલા પુરુષને કહે "હે ભાઈ ! હે ભાઈ !" એમ કહીને જગાડે.***

***શિષ્ય ફરી આ વિષયમાં પૂછે — હે ભગવન્ ! શું એવું સંબોધન કરવાથી તે પુરુષના કાનમાં એક સમયમાં પ્રવેશ કરેલા પુદ્‌ગલો ગ્રહણ કરવામાં આવે***





***છે કે બે સમયમાં અથવા દસ સમયમાં, સંખ્યાત સમયમા કે અસંખ્યાત સમયમાં પ્રવિષ્ટ પુદ્‌ગલો તે સૂતેલા પુરુષ દ્વારા ગ્રહણ કરવામાં આવે છે ?***

***ત્યારે ઉત્તર દેતાં ગુરુ કહે છે કે એક સમયમાં પ્રવિષ્ટ થયેલા પુદ્‌ગલો ગ્રહણ કરવામાં આવતા નથી. બે સમય યાવત્ દસ સમયમા કે સંખ્યાત સમયમાં ગ્રહણ થતા નથી પણ અસંખ્યાત સમયમાં પ્રવિષ્ટ થયેલા શબ્દ પુદ્‌ગલો ગ્રહણ કરવામાં આવે છે. આ પ્રમાણે પ્રતિબોધકના દૃષ્ટાંતથી વ્યંજનાવગ્રહનું સ્વરૂપ કહ્યું છે.***

● **વિવેચન-૧૨૦/૧ :-**

આ સૂત્રમાં વ્યંજનાવગ્રહને સમજાવવા માટે સૂત્રકારે પ્રતિબોધકનું દૃષ્ટાંત આપીને વિષયને સ્પષ્ટ કરેલ છે. જેમકે કોઈ માણસ ગાઢ નિદ્રામાં સૂતો હોય ત્યારે અન્ય કોઈ પુરુષ આવીને વિશેષ કારણથી તેનું નામ લઈને જગાડે અર્થાત્ ઓ દેવદત્ત ! ઓ દેવદત્ત ! એમ કહીને સૂતેલા માણસને જગાડવા માટે અનેકવાર સંબોધિત કરે એ પ્રસંગને લક્ષ્યમાં રાખીને અહીં શિષ્ય ગુરુના પ્રશ્નોત્તરની કલ્પના દ્વારા સમજાવ્યું છે કે શ્રોત્રેન્દ્રિયમાં નિરંતર અસંખ્ય સમય સુધી શબ્દપુદ્‌ગલો પ્રવેશ કરે ત્યારે તે વ્યક્તિના શ્રવણનો વિષય થાય છે. એક બે કે સંખ્યાત તે શબ્દપુદ્‌ગલ શ્રોત્રેન્દ્રિયના વિષય રૂપ થતા નથી અર્થાત્ દરેક ઈન્દ્રિયોના વિષયનો ઉપયોગ થવામાં અસંખ્ય સૂક્ષ્મ સમય થઈ જાય છે. કોઈ વ્યક્તિની ઈન્દ્રિયો ગમે તેટલી પણ પોતાના વિષયમાં પટુ હોય તો પણ તેના ઉપયોગનો સમય એટલો તો થઈ જ જાય છે. વ્યવહારમાં આપણને એમ લાગે કે આ ઈન્દ્રિય વિષયનું એટલે શ્રવણનું કે રૂપનું તત્ક્ષણ ગ્રહણ થઈ ગયું, તો પણ તત્ક્ષણ લાગનાર તે સમય જ્ઞાનીઓની દૃષ્ટિથી અસંખ્ય સમય થઈ જાય છે કારણ કે આંખોની પલક માત્રમાં પણ અસંખ્યાત સમય લાગી જાય છે. હા, આ વાત અવશ્ય ધ્યાનમાં રાખવા જેવી છે કે પહેલા સમયથી લઈને સંખ્યાત સમય પર્યંત શ્રોત્રમાં જે શબ્દપુદ્‌ગલ પ્રવિષ્ટ થાય છે તે દરેક પણ અત્યંત અવ્યક્ત રૂપથી જ્ઞાનના પરિચાયક છે.

વ્યંજનાવગ્રહના કાળનું માપ જઘન્ય આવલિકાનો અસંખ્યાતમો ભાગ માત્ર હોય છે અને ઉત્કૃષ્ટ સંખ્યાત આવલિકા પ્રમાણ હોય છે. જોકે પૃથક્ત્વ શ્વાસોચ્છ્‌વાસ અર્થાત્ અનેક શ્વાસોચ્છ્‌વાસ પ્રમાણે જાણી લેવું.

આ સૂત્રમાં જિજ્ઞાસુ શિષ્ય માટે "ચોયગ" શબ્દનો પ્રયોગ કરેલ છે, કેમકે તે પોતાના કરેલ પ્રશ્નના ઉત્તર માટે પ્રેરક છે અને સમાધાન કરનાર ગુરુ માટે પ્રજ્ઞાપક પદનો પ્રયોગ કરેલ છે કારણ કે તે અર્થના પ્રતિપાદક છે.

● **સૂત્ર-૧૨૦/૨ :-**

***પ્રશ્ન :- મલ્લકના દૃષ્ટાંતથી વ્યંજનાવગ્રહનું સ્વરૂપ કેવા પ્રકારનું છે ?***

***ઉત્તર :- જેમ કોઈ વ્યક્તિ કુંભારના નિભાડામાંથી એક શકોરું ગ્રહણ કરી તેમાં પાણીનું એક ટીપું નાંખે તો તે નષ્ટ થઈ જાય. પછી બીજીવાર, ત્રીજીવાર એ રીતે કેટલાક ટીપાંઓ નાંખે તો પણ નષ્ટ થઈ જાય. એમ નિરંતર એમાં પાણીના ટીપાં નાંખતા જ રહે તો પાણીનું કોઈક ટીપું તે શકોરાને ભીનું***

*કરશે. ત્યારબાદ કેટલાંક ટીપાંઓ એ શકોરામાં એકઠા થશે અને ધીરે ધીરે તે પાણીનાં ટીપાઓ એ શકોરાને પાણીથી ભરી દેશે. પછી કેટલાંક ટીપાંઓ શકોરાની બહાર નીકળી જશે.*

*એ જ રીતે વ્યંજન પણ અનંત પુદ્‌ગલોથી ક્રમશઃ પૂરાઈ જાય છે અર્થાત્ જ્યારે શબ્દના પુદ્‌ગલ દ્રવ્ય શ્રોત્રમાં જઈ પરિણત થઈ જાય છે ત્યારે તે પુરુષ 'હું' એવું બોલે છે. પરંતુ એ નથી જાણતો કે આ કઈ વ્યક્તિનો શબ્દ છે ? ત્યારબાદ તે ઈહામાં પ્રવેશ કરે છે ત્યારે તે જાણે છે કે આ અમુક વ્યક્તિનો શબ્દ હોવો જોઈએ ? ત્યારબાદ એ અવાયમાં પ્રવેશ કરે છે ત્યારે તેને શબ્દનું જ્ઞાન (નિર્ણય) થાય છે કે આ અમુક વ્યક્તિનો જ શબ્દ છે. ત્યારબાદ તે ધારણામાં પ્રવેશ કરે છે અને સંખ્યાત અથવા અસંખ્યાત કાળ સુધી તેને ધારણ કરીને રાખે છે.*

**● વિવેચન-૧૨૦/૨ :-**

આ સૂત્રમાં પૂર્વોક્ત પ્રતિબોધક દૃષ્ટાંતમાં કહેલ વિષયની પુષ્ટિ માટે જગત પ્રસિદ્ધ એક વ્યવહારિક દૃષ્ટાંત આપીને વિષયને સ્પષ્ટ કરેલ છે. કોઈ પુરુષે કુંભારના નિભાડામાં શુદ્ધ માટી વડે પકાવેલ એક કોરા શકોરાને લીધું. પછી તેણે પોતાના નિવાસ સ્થાનમાં આવીને તે શકોરામાં પાણીનું એક ટીપું નાંખ્યું કે તરત જ તેમાં સમાઈ ગયું. બીજીવાર, ત્રીજીવાર એમ અનેકવાર પાણીના ટીપાં નાંખ્યા તે પણ લુપ્ત થઈ ગયા. એ જ ક્રમથી પાણીનાં ટીપાં નાંખતા નાંખતા તે શકોરું સમયાંતરમાં સૂં-સૂં એવો અવ્યક્ત શબ્દ કરે છે. જેમ જેમ તે ભીનું થતું જાય તેમ તેમ પ્રક્ષિપ્ત ટીપાઓ તેમાં જમા થવા લાગે છે. ધીરે ધીરે શકોરું પાણીથી ભરાઈ જાય છે. ત્યારબાદ પાણીનાં ટીપાઓ શકોરાની બહાર પડી જાય છે. આ ઉદાહરણથી વ્યંજનાવગ્રહનું સ્વરૂપ સમજાવવામાં આવે છે.

કોઈ એક સુષુપ્ત વ્યક્તિની શ્રોત્રેન્દ્રિયમાં ક્ષયોપશમની મંદતા અથવા અનભ્યસ્ત દશામાં કે અનુપયુક્ત અવસ્થામાં સમયે સમયે જ્યારે શબ્દ-પુદ્‌ગલો ટકરાય છે ત્યારે અસંખ્યાત સમયમાં તેને સૂક્ષ્મ (થોડુંક) અવ્યક્ત જ્ઞાન થાય છે. તેને જ વ્યંજનાવગ્રહ કહેવાય છે. તાત્પર્ય એ છે – જ્યારે શ્રોત્રેન્દ્રિય શબ્દ પુદ્‌ગલોથી પરિવ્યાપ્ત થઈ જાય છે ત્યારે તે સૂતેલી વ્યક્તિ ''હું'' શબ્દનું ઉચ્ચારણ કરે છે. એ સમયે તે સૂતેલી વ્યક્તિ જાતિ, સ્વરૂપ, દ્રવ્ય, ગુણ ઈત્યાદિ વિશેષ કલ્પનાથી રહિત સામાન્ય માત્રને જ ગ્રહણ કરે છે. હું શબ્દનું ઉચ્ચારણ કરે તેની પહેલા અવ્યક્ત જે જ્ઞાન થાય તેને વ્યંજનાવગ્રહ કહેવાય છે. હુંકાર પણ શબ્દ પુદ્‌ગલો અથડાયા વિના નીકળતો નથી અને ક્યારેક તો હુંકાર કરવા છતાં તેને ભાન નથી હોતું કે મેં હોંકારો આપ્યો છે. પરંતુ વારંવાર વ્યક્તિને સંબોધિત કરવાથી તેની નિદ્રામાં કંઈક ભંગ થાય અને અંગ મરડતો હોય તે સમયે પણ શબ્દ પુદ્‌ગલો અથડાય ત્યાં સુધી અવગ્રહ જ કહેવાય છે.

ત્યારબાદ તે માણસ વિચારે છે કે આ શબ્દ કોનો હશે ? મને કોણે બોલાવ્યો



હશે ? મને કોણે જગાડ્યો હશે ? ત્યાં સુધી પહોંચે તેને ઈહા કહેવાય છે. સાંભળેલ શબ્દને ચોક્કસ કરવા માટે નિશ્ચયની કોટી સુધી પહોંચી જાય કે મને અમુકે અર્થાત્ દેવદત્તે જ જગાડ્યો છે, એવો નિર્ણય થઈ જાય તેને અવાય કહેવાય છે. તે પ્રસંગને કે શબ્દોને સંખ્યાત અને અસંખ્યાત કાળ સુધી સ્મૃતિમાં રાખે તેને ધારણા કહેવાય છે.

પ્રતિબોધક અને મલ્લક એ બન્ને દૃષ્ટાંતથી વિષયને સ્પષ્ટ કરીને શાસ્ત્રકાર પાંચે ય ઈન્દ્રિય અને મનના વિષયને સ્પષ્ટ રૂપે કહે છે.

**● સૂત્ર-૧૨૦/૩ :-**

*જેમ કોઈ પુરુષે અવ્યક્ત શબ્દ સાંભળ્યો કે – આ કોઈ શબ્દ છે એવો તેને અવગ્રહ થાય છે, પરંતુ તે એમ ન જાણે કે આ શબ્દ કોનો છે ? આ શબ્દ અમુકનો હોવો જોઈએ એમ વિચારણા કરે ત્યારે તે ઈહામાં [ચિંતનમાં] પ્રવેશ કરે છે. જ્યારે એ જાણે કે આ અમુકનો જ શબ્દ છે ત્યારે તે અવાયમાં [નિર્ણયમાં] પ્રવેશ કરે છે. ત્યારબાદ તે નિશ્ચિત કરેલ અવાયને હૃદયમાં ધારણ કરીને રાખે છે એટલે સ્મૃતિમાં રાખે છે, તેને ધારણા કહેવાય છે. પછી તે સંખ્યાતકાળ અને અસંખ્યાતકાળ પર્યંત ધારણ કરીને રાખે છે.*

*જેમ કોઈ વ્યક્તિ અવ્યક્ત અથવા અસ્પષ્ટ રૂપને દેખે ત્યારે તે જો છે કે આ કોઈ રૂપ છે. એવું અસ્પષ્ટ રૂપ જાણવું તે અવગ્રહ છે. પરંતુ તે એમ ન જાણે કે આ કોનું રૂપ છે ? આ અમુક હોવું જોઈએ એમ વિચારે ત્યારે તે ઈહામાં પ્રવેશ કરે છે. ત્યારબાદ તે નિશ્ચય કરે છે કે આ અમુક જ રૂપ છે. ત્યારે તે અવાયમાં પ્રવેશ કરે છે. ત્યારબાદ તે ધારણામાં પ્રવેશ કરી તે નિશ્ચય કરેલાને સંખ્યાતકાળ અથવા અસંખ્યાતકાળ સુધી ધારણ કરીને રાખે છે.*

*જેમ કોઈ વ્યક્તિ અવ્યક્ત ગંધને સૂંઘે છે ત્યારે આ કોઈ ગંધ છે એમ જ્ઞાન થાય તે અવગ્રહ છે પરંતુ તે એમ ન જાણે કે આ કેવા પ્રકારની ગંધ છે ? ત્યારબાદ તે આ વિષયમાં વિચાર કરે છે કે કઈ વસ્તુની ગંધ છે ત્યારે તે ઈહામાં પ્રવેશ કરે છે. ત્યારબાદ તે જાણે છે કે આ અમુક પ્રકારની કે અમુક વસ્તુની જ ગંધ છે ત્યારે તે અવાયમાં પ્રવેશ કરે છે. પછી તે એ જાણેલી ગંધને સંખ્યાતકાળ અથવા અસંખ્યાતકાળ સુધી ધારણ કરીને રાખે છે, તે ધારણા કહેવાય છે.*

*જેમ કોઈ વ્યક્તિ અવ્યક્ત રસનો આસ્વાદ કરે ત્યારે આ કોઈ સ્વાદ છે, એવું જાણે તે અવગ્રહ છે પરંતુ એ જાણતો નથી કે આ શેનો રસ છે ? ત્યારબાદ તે ઈહામાં પ્રવેશ કરીને, સમીક્ષા કરીને જાણે છે કે આ અમુક પ્રકારનો રસ હોવો જોઈએ. ત્યારબાદ અવાયમાં પ્રવેશ કરીને તે નિશ્ચય કરે છે કે આ અમુકનો જ રસ છે, ત્યારબાદ તે રસના સ્વાદને સંખ્યાતકાળ અથવા અસંખ્યાતકાળ સુધી ધારણ કરીને રાખે છે, તે ધારણા કહેવાય છે.*

*જેમ કોઈ પુરુષ અવ્યક્ત સ્પર્શનો અનુભવ કરે છે ત્યારે તેને આ સ્પર્શ છે એમ અવગ્રહ થાય છે, પણ આ કોનો સ્પર્શ છે તે જાણતો નથી. પછી તે*

*ઈહામાં પ્રવેશ કરીને સમીક્ષા કરે છે કે આ અમુકનો સ્પર્શ હોવો જોઈએ. ત્યારબાદ અવાયમાં પ્રવેશ કરીને તે નિર્ણય કરે છે કે આ અમુકનો જ સ્પર્શ છે. પછી એ જ્ઞાનને સંખ્યાતકાળ અને અસંખ્યાતકાળ સુધી ધારણ કરીને રાખે છે, તે ધારણો છે.*

*જેમ કોઈ પુરુષ અવ્યક્ત સ્વપ્નને જુએ છે ત્યારે તે આ સ્વપ્ન છે એમ જાણે છે તે અવગ્રહ છે. પણ આ કોનું સ્વપ્ન છે તે જાણતો નથી. પછી તે ઈહામાં પ્રવેશ કરીને સમીક્ષા કરે છે કે આ અમુક પ્રકારનું સ્વપ્ન હોવું જોઈએ. ત્યારબાદ તે અવાયમાં પ્રવેશ કરીને નિર્ણય કરે છે કે આ અમુક પ્રકારનું જ સ્વપ્ન છે. ત્યારબાદ તે ધારણામાં પ્રવેશ કરીને તેને સંખ્યાતકાળ અથવા અસંખ્યાતકાળ સુધી ધારણ કરીને રાખે છે. તે ધારણા છે.*

**● વિવેચન-૧૨૦/૩ :-**

સૂત્રકારે આ સૂત્રમાં અવગ્રહ, ઈહા, અવાય અને ધારણાના તાત્પર્યાર્થને સ્પષ્ટ કરેલ છે. અવગ્રહ મતિજ્ઞાનમાં જીવને ખબર નથી પડતી કે આ શબ્દ કોનો છે ? જીવનો છે કે અજીવનો ? અથવા આ શબ્દ કઈ વ્યક્તિનો છે ? ઈહા મતિજ્ઞાન એ સમીક્ષા કરવાના સમયે હોય છે. કોઈ એક નિર્મય પર આવવું, સમીક્ષિત તે વિષયનો નિર્મય થવો તે અવાય મતિજ્ઞાન છે. તે અવાયને જ લાંબા કે ટૂંકા સમય સુધી સ્મૃતિમાં રાખવું તે ધારણા છે. આ જ વાત પાંચ ઈન્દ્રિય અને મનના વિષયને લઈને આ સૂત્રમાં સ્પષ્ટ કરેલ છે.

મનના વિષયની સ્પષ્ટતા કરવા માટે સૂત્રકારે સ્વપ્નનું ઉદાહરણ આપ્યું છે. સ્વપ્નમાં દ્રવ્યેન્દ્રિય કામ કરે નહીં. ભાવેન્દ્રિય અને મન બે જ કામ કરે છે. વ્યક્તિ સ્વપ્નમાં જે સાંભળે, દેખે, સૂંઘે, ચાખે, ચાલે, સ્પર્શ કરે તેમજ ચિંતન અને મનન કરે એમાં મુખ્યતા મનની જ છે. જાગૃત થવા પર દેખેલ સ્વપ્નના દૃશ્યને, કહેલી વાતને અથવા સાંભળેલી વાતને અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા સુધી લઈ જાય છે.

કોઈ જ્ઞાન અવગ્રહ સુધી, કોઈ ઈહા સુધી તો કોઈ અવાય સુધી જ પહોંચે છે. એવો કોઈ નિયમ નથી કે પ્રત્યેક અવગ્રહ ધારણાની કોટી સુધી પહોંચે જ. કોઈ પહોંચે અને કોઈ ન પહોંચે. આ રીતે પ્રતિબોધક અને મલ્લકના દૃષ્ટાંતથી વ્યંજનાવગ્રહનું વર્ણન કરતાં કરતાં પ્રસંગોપાત સૂત્રકારે મતિજ્ઞાનના ૨૮ ભેદોનું વર્ણન વિસ્તારપૂર્વક બતાવી દીધું છે.

પ્રસ્તુત સૂત્રમાં વૃત્તિકારે કહ્યું છે કે મતિજ્ઞાનના અવગ્રહ આદિ જે અઠ્ઠાવીસ ભેદ છે. તે પ્રત્યેક ભેદને બાર પ્રકારે ગુણાકાર કરવાથી ત્રણસોને છત્રીશ ભેદ થાય છે. પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠું મન આ છ ના નિમિત્તથી થનારા મતિજ્ઞાનના અવગ્રહ, ઈહા, અવાય અને ધારણાના ભેદથી ચોવીસ ભેદ થયા છે. એ બધા વિષયોની વિવિધતા અને ક્ષયોપશમતાથી બાર બાર પ્રકાર થાય છે.

**(૧) બહુ :-** તેનો અર્થ અનેક છે. એ સંખ્યા અને પરિમાણ (માપ) બન્નેની અપેક્ષાએ થઈ શકે છે. વસ્તુના અનેક પર્યાયને તથા ઘણા પરિમાણવાળા દ્રવ્યને



જાણે અથવા બહુ મોટા પરિમાણવાળા વિષયને પણ જાણે તેને બહુ કહેવાય.

**(૨) અલ્પ :-** કોઈ એક જ વિષયને અથવા એક જ પર્યાયને સ્વલ્પમાત્રામાં જાણે તેને અલ્પ કહેવાય.

**(૩) બહુવિધ :-** કોઈ એક જ દ્રવ્યને, કોઈ એક જ વસ્તુને અથવા એક જ વિષયને ઘણા પ્રકારે જાણે, જેમ કે – વસ્તુનો આકાર, પ્રકાર, રંગ, રૂપ, લંબાઈ, પહોળાઈ, જાડાઈ તેમજ તેની અવધિ ઈત્યાદિ અનેક પ્રકારે જાણે તે બહુવિધ.

**(૪) અલ્પવિધ :-** કોઈ પણ વસ્તુની પર્યાયને જાતિ અથવા સંખ્યા આદિને અલ્પ પ્રકારથી જાણે પણ ભેદ પ્રભેદ વગેરે ન જાણે તેને અલ્પવિધ કહેવાય.

**(૫) ક્ષિપ્ર :-** કોઈ વક્તા અથવા લેખકના ભાવોને શીઘ્ર જ કોઈ પણ ઈન્દ્રિય અથવા મન વડે જાણી લે, સ્પર્શેન્દ્રિય દ્વારા અંધકારમાં પણ કોઈ વ્યક્તિ અથવા વસ્તુને ઓળખી લે તેને ક્ષિપ્ર કહેવાય.

**(૬) અક્ષિપ્ર :-** ક્ષયોપશમની મંદતાને કારણે અથવા વિક્ષિપ્ત ઉપયોગને કારણે કોઈ પણ ઈન્દ્રિય અથવા મનના વિષયને અનભ્યસ્ત અવસ્થામાં થોડા સમય બાદ જાણે તેને અક્ષિપ્ર કહેવાય.

**(૭) અનિશ્રિત :-** કોઈ પણ હેતુ વિના અથવા કોઈ પણ નિમિત્ત વિના વસ્તુની પર્યાય અને તેના ગુણને જાણે. વ્યક્તિના મગજમાં એકાએક સૂઝ ઉત્પન્ન થાય અને એ જ વાત કોઈ શાસ્ત્ર અથવા પુસ્તકમાં લખેલી જોવા મળી જાય એવી બુદ્ધિને અનિશ્રિત કહેવાય.

**(૮) નિશ્રિત :-** કોઈ હેતુ, યુક્તિ, નિમિત્ત, લિંગ આદિ વડે જાણે, જેમકે – કોઈ એક વ્યક્તિએ શુક્લપક્ષની એકમના ઉપયોગની એકાગ્રતાથી અચાનક ચંદ્રદર્શન કરી લીધા અને બીજી વ્યક્તિએ કોઈના કહેવાથી અથવા બાહ્ય નિમિત્તથી ચંદ્રદર્શન કર્યા. આ બે માં પહેલી વ્યક્તિ પહેલા પ્રકારની કોટીમાં ગણાય છે અને બીજી વ્યક્તિ બીજા પ્રકારની કોટીમાં ગણાય છે અર્થાત્ કોઈ પણ કારણે જ્ઞાન ઉત્પન્ન થાય તેને નિશ્રિત કહેવાય.

**(૯) અસંદિગ્ધ :-** કોઈ વ્યક્તિને દ્રવ્ય અથવા પર્યાયનું જે કાંઈ જ્ઞાન થાય તે સંદેહ રહિત જાણે, જેમકે – જે વ્યક્તિ આવી રહી છે તે મારો ભાઈ છે. એવું ચોક્કસ સમાધાન યુક્ત જ્ઞાન થાય તેને અસંદિગ્ધ કહેવાય.

**(૧૦) સંદિગ્ધ :-** જિજ્ઞાસાઓ અને શંકાઓથી યુક્ત પરિપૂર્ણ સંતોષ રહિત સંદેહ યુક્ત જ્ઞાન થાય તેને સંદિગ્ધ કહેવાય.

**(૧૧) ધ્રુવ :-** ઈન્દ્રિય અને મનને સાચું નિમિત્ત મળવાથી વિષયને બરાબર જાણે અને તેમાં જ કાયમ રહે છે, ટકી રહે છે. તેને ધ્રુવ કહે છે.

**(૧૨) અધ્રુવ :-** થયેલ જ્ઞાન પલટાતું રહે એવા અસ્થિરતાવાળાં જ્ઞાનને અધ્રુવ કહેવાય.

બહુ, બહુવિધ, ક્ષિપ્ર, અનિશ્રિત, અસંદિગ્ધ અને ધ્રુવ એમાં વિશેષ પ્રકારનો ક્ષયોપશમ, ઉપયોગની એકાગ્રતા તેમજ અભ્યસ્તતા કારણ બને છે અને અલ્પ,

અલ્પવિધ, અક્ષિપ્ર, નિશ્રિત, સંદિગ્ધ અને અધ્રુવ જ્ઞાનમાં ક્ષયોપશમની મંદતા, ઉપયોગની વિક્ષિપ્તતા, અનભ્યસ્તતા આદિ કારણ બને છે.

કોઈને ચક્ષુરિન્દ્રિયની પ્રબળતા હોય છે. તે કોઈ પણ વસ્તુને અથવા શત્રુ મિત્રાદિને દૂરથી જ સ્પષ્ટ જોઈ લે છે. કોઈને શ્રોત્રેન્દ્રિયની પ્રબળતા હોય તો તે એકદમ ધીરા અવાજને પણ સહેલાઈથી સાંભળી શકે છે. જેની ઘ્રાણેન્દ્રિય તીવ્ર હોય તે પરોક્ષમાં રહેલી ગંધના સહારે વસ્તુને ઓળખી લે છે. કીડી આદિ અનેક તેઈન્દ્રિય જીવો પોતાની તીવ્ર ઘ્રાણેન્દ્રિય દ્વારા દૂર રહેલા ખાદ્યપદાર્થને શોધી લે છે. સૂંઘીને જ અસલી નકલી પદાર્થોની ઓળખાણ થઈ શખે છે. માણસ જીભ વડે ચાખીને ખાદ્યપદાર્થોનું મૂલ્ય કરી શકે છે તેમજ તેમાં રહેલા ગુણ-દોષોને ઓળખી લે છે. નેત્રહીન વ્યક્તિ લખેલા અક્ષરોને પોતાની તીવ્ર સ્પર્શેન્દ્રિય વડે સ્પર્શ કરીને વાંચી સંભળાવે છે. એવી જ રીતે નોઈન્દ્રિય અર્થાત્ મનની તીવ્ર શક્તિ વડે કોઈ વ્યક્તિ ભવિષ્યમાં થનારી ઘટના અને તેના શુભાશુભ પરિણામને બતાવી શકે છે. આ બધું જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના વિશિષ્ટ ક્ષયોપશમનું અદ્‌ભુત ફળ છે.

મતિજ્ઞાન પાંચ ઈન્દ્રિય અને છઠ્ઠા મનના માધ્યમથી ઉત્પન્ન થાય છે. આ છ ભેદને અર્થાવગ્રહ, ઈહા, અવાય અને ધારણાની સાથે જોડવાથી ચોવીસ ભેદ થાય છે. ચક્ષુ અને મનને છોડીને ચાર ઈન્દ્રિયો દ્વારા વ્યંજનાવગ્રહ થાય છે. ઉપર બતાવેલ ચોવીસ ભેદમાં આ ચાર ભેદ મેળવવાથી અઠ્ઠયાવીસ ભેદ થાય છે અને એ અઠ્ઠયાવીસને બાર બાર ભેદથી ગુણાકાર કરવાથી ત્રણસોને છત્રીસ ભેદ થાય છે. મતિજ્ઞાનના આ ત્રણસોને છત્રીસ ભેદ પણ સ્થૂલ દૃષ્ટિથી સમજવાના છે. જો સૂક્ષ્મદૃષ્ટિથી સમજીએ તો મતિજ્ઞાનના અનંત ભેદ બને છે.

● **સૂત્ર-૧૨૧ :-**

***તે આભિનિબોધિક—મતિજ્ઞાન સંક્ષેપથી ચાર પ્રકારે કહ્યું છે. જેમકે — દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી. (૧) દ્રવ્યથી મતિજ્ઞાની સામાન્ય રૂપે સર્વ દ્રવ્યોને જાણે છે પણ દેખે નહીં. (૨) ક્ષેત્રથી મતિજ્ઞાની સામાન્ય રૂપે સર્વ ક્ષેત્રને જાણે છે પણ દેખે નહીં. (૩) કાળથી મતિજ્ઞાની સામાન્ય રૂપે ત્રણે કાળને જાણે છે પણ દેખે નહીં. (૪) ભાવથી મતિજ્ઞાની સામાન્ય રૂપે સર્વ ભાવોને જાણે છે પણ દેખે નહીં.***

● **વિવેચન-૧૨૧ :-**

આ સૂત્રમાં લોકમાં રહેલ સમસ્ત જીવોની અપેક્ષાએ મતિજ્ઞાનના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી જઘન્યતમ અને ઉત્કૃષ્ટ વિષય બતાવ્યો છે. જે સૂત્રથી જ સ્પષ્ટ છે. દ્રવ્યથી આભિનિબોધિક જ્ઞાની સામાન્ય રૂપે સર્વ દ્રવ્યને જાણે પરંતુ દેખતો નથી.

आएसेणं :- અહીં આદેશ શબ્દનો અર્થ છે પ્રકાર. ચૂર્ણિમાં કહ્યું છે કે आइसो त्ति पगारो આ શબ્દપ્રયોગ અનેક સૂત્રોના જુદા જુદા પ્રસંગોથી થયેલ છે. બધી જગ્યાએ આનો ભાવાર્થ એ જ છે કે એક પ્રકારથી, એક અપેક્ષાથી અથવા સામાન્યરૂપથી અહીં એ જ ભાવાર્થ અપેક્ષિત છે. માટે મતિજ્ઞાની સામાન્ય પ્રકારે



ધર્માસ્તિકાય આદિ સર્વ દ્રવ્યને જાણે છે અને કંઈક વિશેષ રૂપે પણ જાણે છે એમ સમજવું પરંતુ અવધિજ્ઞાની કે કેવળજ્ઞાનીની જેમ પ્રત્યક્ષ કે સર્વ રીતે અને સર્વ અપેક્ષા મતિજ્ઞાની જાણે નહિ તે માટે સૂત્રમાં आएसेणं શબ્દનો પ્રયોગ કરેલ છે.

આદેશનો એક અર્થ શ્રુત પણ થાય છે. જો તેનો અર્થ શ્રુત કરીએ તો અહીં શંકા થાય છે કે શ્રુતના આદેશથી દ્રવ્યનું જે જ્ઞાન ઉત્પન્ન થાય તે શ્રુતજ્ઞાન થયું પરંતુ અહીં મતિજ્ઞાનનું પ્રકરણ છે આ શંકાનું સમાધાન એ છે — શ્રુતનિશ્રિત મતિને પણ મતિજ્ઞાન બતાવેલ છે. આ વિષયમાં ભાષ્યકાર બતાવે છે —

શ્રુતજ્ઞાન દ્વારા જાણેલ પદાર્થોમાં તત્કાળ શ્રુતનું અનુસરણ કર્યા વિના, કેવળ તેની વાસનાથી મતિજ્ઞાન હોય છે માટે તેને મતિજ્ઞાન જ જાણવું, શ્રુતજ્ઞાન નહીં.

આ પ્રકારે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી મતિજ્ઞાની અપેક્ષાએ સર્વ દ્રવ્યોને જાણે છે.

● **સૂત્ર-૧૨૨ થી ૧૨૮ :-**

***[૧૨૨] આભિનિબોધિક મતિજ્ઞાનના સંક્ષેપમાં અવગ્રહ, ઈહા, અવાય અને ધારણા એ ચાર ભેદ ક્રમથી બતાવ્યા છે.***

***[૧૨૩] ઈન્દ્રિય વિષયોને ગ્રહણ કરવામાં અવગ્રહ મતિજ્ઞાન થાય છે. તે ગ્રહણ કરેલ વિષયમાં સમીક્ષા કરવાથી ઈહા મતિજ્ઞાન થાય છે. તે વિષયમાં નિર્ણય થવો તે અવાય મતિજ્ઞાન છે અને તે નિર્ણયરૂપ અવાય મતિજ્ઞાનને સ્મૃતિના રૂપમાં ધારણ કરવું, તે ધારણા કહેવાય છે.***

***[૧૨૪] અવગ્રહ જ્ઞાનનું કાળ પરિમાણ એક સમયનું છે. ઈહા અને અવાય જ્ઞાનનું કાળપરિણામ અંતર્મુહૂર્ત છે તથા ધારણાનું કાળ પરિમાણ સંખ્યાત કાળ અથવા અસંખ્યાત કાળ પર્યંત છે એમ જાણવું અર્થાત્ ધારણાનો ઉત્કૃષ્ટ કાળ અસંખ્ય વર્ષોનો છે.***

***[૧૨૫] શ્રોત્રેન્દ્રિયની સાથે સ્પૃષ્ટ થવા પર જ શબ્દ સાંભળી શકાય છે પરંતુ નેત્ર રૂપને સ્પૃષ્ટ કર્યા વગર જ દેખે છે. કારણ કે ચક્ષુરિન્દ્રિય અપ્રાપ્યકારી છે. ઘ્રાણ, રસન અને સ્પર્શન ઈન્દ્રિયો દ્વારા બદ્ધ અને સ્પૃષ્ટ થયેલા ગંધ, રસ અને સ્પર્શના પુદ્‌ગલો જ જાણવામાં આવે છે. એમ કહેવું જોઈએ.***

***[૧૨૬] વક્તા દ્વારા તજાયેલ ભાષા રૂપ પુદ્‌ગલ-સમૂહની સમશ્રેણિમાં સ્થિત શ્રોતા જે શબ્દ સાંભળે છે તે નિયમથી અન્ય શબ્દ દ્રવ્યોથી મિશ્રિત જ સાંભળે છે. વિશ્રેણિમાં સ્થિત શ્રોતા નિયમથી પરાઘાત થયેલ શબ્દને જ સાંભળે છે.***

***[૧૨૭] (૧) ઈહા-સદર્થ પર્યાલોચનરૂપ (૨) અપોહ-નિશ્ચયાત્મક જ્ઞાનસમીક્ષા (૩) વિમર્શ-વિચારણા (૪) માર્ગણા-અન્વયધર્મ વિધાનરૂપ વિચારણા (૫) ગવેષણા-વ્યતિરેક ધર્મનિરાકરણરૂપ વિચારણા (૬) સંજ્ઞા (૭) સ્મૃતિ (૮) મતિ (૯) પ્રજ્ઞા એ દરેક આભિનિબોધિક મતિજ્ઞાનના પર્યાયવાચી નામ છે.***

***[૧૨૮] આ આભિનિબોધિક જ્ઞાનરૂપ પરોક્ષજ્ઞાનનું વર્ણન પૂર્ણ થયું. આ રીતે મતિજ્ઞાનનું વર્ણન સંપૂર્ણ થયું.***

● **વિવેચન-૧૨૨ થી ૧૨૮ :-**

વક્તા કાયયોગથી ભાષા વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરીને તેને વચનયોગથી ભાષારૂપમાં પરિણમાવે છે, ત્યારબાદ કાયયોગથી છોડે છે. પ્રથમ સમયમાં ગૃહીત પુદ્‌ગલોને બીજા સમયમાં અને બીજા સમયમાં ગૃહીત પુદ્‌ગલોને ત્રીજા સમયમાં છોડે છે. વક્તા દ્વારા છોડેલા શબ્દો દરેક દિશાઓમાં વિધમાન શ્રેણિઓ (આકાશના પ્રદેશોની પંક્તિઓ)માં અગ્રેસર થાય છે. કેમકે શ્રેણિના પ્રમાણે જ તેની ગતિ થાય છે, વિશ્રેણિમાં ગતિ થતી નથી.

વક્તા જ્યારે બોલે છે ત્યારે સમશ્રેણિમાં ગમન કરતાં કરતાં તેના દ્વારા છોડાયેલા શબ્દો તે જ શ્રેણિમાં પહેલેથી વિધમાન ભાષા વર્ગણાના દ્રવ્યને પોતાના રૂપમાં (શબ્દ રૂપમાં) પરિણત કરી લે છે. આ રીતે તે બન્ને પ્રકારના શબ્દો (મૂળશબ્દો અને વાસિતશબ્દો)ને સમશ્રેણીમાં સ્થિત શ્રોતાજન ગ્રહણ કરે છે. માટે નિશ્રિત શબ્દોનું ગ્રહણ કરવાનું કહેલ છે.

આ વાત સમશ્રેણિમાં સ્થિત શ્રોતાજનોની થઈ પરંતુ વિશ્રેણિમાં સ્થિત અર્થાત્ વક્તા દ્વારા છોડાયેલા શબ્દ દ્રવ્ય જે શ્રેણિમાં ગમન કરી રહેલ હોય તેનાથી ભિન્ન શ્રેણિમાં સ્થિત શ્રોતા કેવા પ્રકારના શબ્દોને સાંભળે છે ? કેમ કે વક્તા દ્વારા છોડાયેલા શબ્દ વિશ્રેણિમાં જઈ શકતા નથી પછી એ સાંભળે કેવી રીતે ?

આ શંકાનું સમાધાન ગાથાના ઉત્તરાર્ધમાં કરેલ છે. તે આ પ્રમાણે છે — વિશ્રેણિમાં સ્થિત શ્રોતા ન તો વક્તા દ્વારા નિઃસૃષ્ટ શબ્દને સાંભળે કે ન તો મિશ્રિત શબ્દોને સાંભળે, તે વાસિત શબ્દોને જ સાંભળે છે. કેમકે વક્તા દ્વારા નિઃસૃષ્ટ શબ્દ બીજા ભાષા દ્રવ્યને શબ્દ રૂપમાં વાસિત કરે છે અને એ વાસિત શબ્દ વિભિન્ન સમશ્રેણિમાં જઈને શ્રોતાના વિષયભૂત બને છે, સાંભળવામાં આવે છે.

મતિજ્ઞાનના સાધનભૂત પાંચ ઈન્દ્રિયોની ઉત્કૃષ્ટ શક્તિ આ પ્રમાણે છે — શ્રોત્રેન્દ્રિયની ઉત્કૃષ્ટ શક્તિ બાર જોજનથી આવેલ શબ્દને સાંભળવાની છે. ગંધ, રસ અને સ્પર્શના પુદ્‌ગલોને ગ્રહણ કરવાની ઉત્કૃષ્ટ શક્તિ ઘ્રાણેન્દ્રિય, રસનેન્દ્રિય અને સ્પર્શેન્દ્રિયની નવ જોજનની છે. ચક્ષુરિન્દ્રિયની શક્તિ લાખ જોજનથી અધિક રૂપને ગ્રહણ કરવાની છે. આ કથન અભાસ્વર (અપ્રકાશક) દ્રવ્યની અપેક્ષાએ છે પરંતુ પ્રકાશક દ્રવ્યની અપેક્ષાએ લાખો જોજન દૂરથી દેખી શકે છે. જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ દરેક ઈન્દ્રિયો પોતપોતાના વિષયને ગ્રહણ કરે છે.

મતિજ્ઞાનના પર્યાયવાચી શબ્દો નીચે પ્રમાણે છે —

(૧) ઈહા - પર્યાલોચન, અનુપ્રેક્ષણ.

(૨) અપોહ - નિશ્ચય કરવો, સમીક્ષા, ચિંતન.

(૩) વિમર્શ - ઈહા અને અવાયના માધ્યમથી થનારી વિચારધારા, વિચારણા.

(૪) માર્ગણા - અન્વય ધર્મ અનુરૂપ અન્વેષણ કરવું, વિચાર કરવો.

(૫) ગવેષણા - વ્યતિરેક ધર્મથી વ્યાવૃત્તિ રૂપ વિચારવું.

(૬) સંજ્ઞા - પહેલા અનુભવ કરેલ અને વર્તમાનમાં અનુભવ કરાતી વસ્તુની એકતાનું અનુસંધાન જ્ઞાન.



(૭) સ્મૃતિ - અતીતમાં અનુભવેલ વસ્તુનું સ્મરણ કરવું.

(૮) મતિ - જે જ્ઞાન વર્તમાનના વિષયને ગ્રહણ કરે છે.

(૯) પ્રજ્ઞા - વિશિષ્ટ પ્રકારના ક્ષયોપશમથી ઉત્પન્ન બુદ્ધિ.

આ દરેક નવ નામ આભિનિબોધિક જ્ઞાનમાં સમાવિષ્ટ થઈ જાય છે. જાતિસ્મરણ જ્ઞાન પણ મતિજ્ઞાનનો જ એક પર્યાય છે. જાતિસ્મરણ જ્ઞાની ઉત્કૃષ્ટથી સંજ્ઞીપણે કરેલા પોતાના નવસો ભવોને જાણી શકે છે.

● **સૂત્ર-૧૨૯ :-**

***પ્રશ્ન :- શ્રુતજ્ઞાનરૂપ પરોક્ષજ્ઞાન કેટલા પ્રકારનું છે ?***

***ઉત્તર :- શ્રુતજ્ઞાનરૂપ પરોક્ષજ્ઞાન ચૌદ પ્રકારનું છે. જેમકે — (૧) અક્ષર શ્રુત (૨) અનક્ષર શ્રુત (૩) સંજ્ઞીશ્રુત (૪) અસંજ્ઞીશ્રુત (૫) સમ્યક્‌શ્રુત (૬) મિથ્યાશ્રુત (૭) સાદિશ્રુત (૮) અનાદિશ્રુત (૯) સપર્યવસિતશ્રુત (૧૦) અપર્યવસિતશ્રુત (૧૧) ગમિકશ્રુત (૧૨) અગમિકશ્રુત (૧૩) અંગપ્રવિષ્ટશ્રુત (૧૪) અનંગપ્રવિષ્ટશ્રુત.***

● **વિવેચન-૧૨૯ :-**

શ્રુતજ્ઞાન પણ મતિજ્ઞાનની જેમ પરોક્ષજ્ઞાન છે. શ્રુતજ્ઞાન મતિપૂર્વક હોય છે અર્થાત્ શ્રુતજ્ઞાનમાં મતિનો સહકાર અવશ્ય હોય, માટે સૂત્રકારે મતિજ્ઞાન પછી શ્રુતજ્ઞાનનું વર્ણન કરેલ છે. આ સૂત્રમાં શ્રુતના ચૌદ ભેદોના જે નામ આપેલ છે, તે દરેક ભેદોની વ્યાખ્યા મૂળ પાઠમાં ક્રમશઃ આગળ બતાવવામાં આવશે.

વાસ્તવમાં આ ચૌદ ભેદ નથી પરંતુ આ ચૌદ પ્રકારથી વિસ્તારપૂર્વક શ્રુતનું વર્ણન કરવામાં આવેલ છે. સંક્ષેપમાં આ ચૌદમાંથી દરેક બે ભેદમાં સંપૂર્ણ શ્રુતજ્ઞાનનો સમાવેશ થઈ જાય છે. છતાં શ્રુતજ્ઞાન સંબંધી વિવિધ પ્રકારની જાણકારી માટે અહીં સાત પ્રકારથી શ્રુતના બે-બે ભેદ કરવામાં આવ્યાં છે. કેમકે અક્ષરશ્રુત અને અનક્ષરશ્રુત આ બે ભેદમાં ઉપર્યુક્ત બાર ભેદોનું સ્વરૂપ સ્પષ્ટ થઈ શકે નહીં. તે બધા ગહન વિષયોનું જ્ઞાન પ્રાપ્ત થઈ શકે તે માટે આ બાર ભેદોનો ઉલ્લેખ પણ બહુ જ ઉપયોગી છે. આ શ્રુતજ્ઞાન કેવળ વિદ્વાનોને જ પ્રાપ્ત થાય એમ નહીં પરંતુ સર્વસાધારણ વ્યક્તિઓ પણ આ શ્રુતજ્ઞાનના અધિકારી હોય છે. માટે વિવિધ અપેક્ષાઓથી વિવિધ ભેદોનું વર્ણન કરવામાં આવ્યું છે.

● **સૂત્ર-૧૩૦/૧ :-**

***પ્રશ્ન :- અક્ષરશ્રુતના કેટલા પ્રકાર છે ?***

***ઉત્તર :- અક્ષરશ્રુતના ત્રણ પ્રકાર છે, જેમકે — (૧) સંજ્ઞા અક્ષર (૨) વ્યંજન અક્ષર (૩) લબ્ધિ અક્ષર.***

***સંજ્ઞા અક્ષર કોને કહેવાય છે ? અક્ષરનું સંસ્થાન અથવા આકૃતિ આદિ, જે ભિન્ન ભિન્ન લિપિઓમાં ભિન્ન ભિન્ન રીતે લખાય છે તેને સંજ્ઞાઅક્ષર કહેવાય છે.***

***વ્યંજન અક્ષર કોને કહેવાય છે ? અક્ષર લબ્ધિધારી જીવને લબ્ધિઅક્ષર***

***ઉત્પન્ન થાય છે અર્થાત ભાવરૂપ શ્રુતજ્ઞાન ઉત્પન્ન થાય છે. જેમકે – શ્રોત્રેન્દ્રિય લબ્ધિ અક્ષર, ચક્ષુરિન્દ્રિય લબ્ધિ અક્ષર, ઘ્રાણેન્દ્રિય લબ્ધિ અક્ષર, રસનેન્દ્રિય લબ્ધિ અક્ષર, સ્પર્શેન્દ્રિય લબ્ધિ અક્ષર, નોઈન્દ્રિય લબ્ધિ અક્ષર. આ પ્રમાણે લબ્ધિ અક્ષર છે અને આ પ્રમાણે અક્ષર શ્રુતનું વર્ણન થયું.***

**● વિવેચન-૧૩૦/૧ :-**

**અક્ષરશ્રુત :-** ''ક્ષર, સંચલને'' ધાતુથી અક્ષર શબ્દ બને છે. જેમકે – न क्षरति न चलति इत्यक्षरम् । અર્થાત્ અક્ષરનો અર્થ ''જ્ઞાન'' છે. જ્ઞાન જીવનો સ્વભાવ છે. જ્ઞાન આત્માથી ક્યારે ય પણ જુદું થતું નથી. સુષુપ્ત અવસ્થામાં પણ જીવનો સ્વભાવ હોવાથી જ્ઞાન ટકીને રહે જ છે.

અહીં ભાવાક્ષરનું કારણ હોવાથી લેખિત તેમજ ઉચ્ચારિત ''અકાર'' આદિને પણ ઉપચારથી અક્ષર કહેલ છે. અક્ષરશ્રુત ભાવશ્રુતનું કારણ છે. ભાવશ્રુતને લબ્ધિઅક્ષર કહેવાય છે. સંજ્ઞાક્ષર અને વ્યંજનાક્ષર એ બન્ને દ્રવ્યશ્રુતમાં અંતર્નિહિત છે માટે અક્ષરશ્રુતના ત્રણ ભેદ કહેલ છે. સંજ્ઞાક્ષર, વ્યંજનાક્ષર અને લબ્ધ્યક્ષર.

**(૧) સંજ્ઞાક્ષર :-** અક્ષરની આકૃતિ, બનાવટ અર્થાત્ સંસ્થાનને સંજ્ઞાક્ષર કહેવાય છે. ઉદાહરણ રૂપે – અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઈત્યાદિ આ વિશ્વમાં જેટલી લિપિ પ્રસિદ્ધ છે એ દરેક લિપિના અક્ષરને સંજ્ઞાઅક્ષર કહેવાય છે.

**(૨) વ્યંજનાક્ષર :-** જેનાથી આકાર આદિ અક્ષરના અર્થનો સ્પષ્ટ બોધ થાય અર્થાત્ અકાર, ઈકાર આદિ અક્ષર બોલવામાં આવે છે, તેમજ આ વિશ્વમાં જેટલી ભાષા બોલવામાં વપરાય છે તેના ઉચ્ચારણના અક્ષરને વ્યંજનાક્ષર કહેવાય છે. જેમકે – દીપક દ્વારા પ્રત્યેક વસ્તુ પ્રકાશિત થાય છે, જોઈ શકાય છે. એવી જ રીતે વ્યંજનાક્ષર વડે પ્રત્યેક વસ્તુનો અર્થ સમજી શકાય છે. જે જે અક્ષરની જે જે સંજ્ઞા બને છે તેનું ઉચ્ચારણ તદનુકૂળ બને ત્યારે તે દ્રવ્યાક્ષર ભાવશ્રુતનું કારણ બને છે. અક્ષરોના યથાર્થ મેળથી શબ્દ બને છે. તેમજ શબ્દોના યથાર્થ મેળથી પદ અને વાક્ય પણ બને છે. તેના યોગ્ય ઉચ્ચારણથી વક્તાના આશયનો બોધ થાય છે.

આ પ્રકારે લખવાની વિવિધ રીત તે 'સંજ્ઞાક્ષર' કહેવાયા છે અને ઉચ્ચારણ કરવાની વિવિધ રીત તે 'વ્યંજનાક્ષર' કહેવાય છે. આ બંનેના માધ્યમથી જીવને જે અક્ષરાત્મક જ્ઞાન થાય છે તે લબ્ધ્યક્ષર શ્રુત કહેવાય છે.

**(૩) લબ્ધ્યક્ષર :-** લબ્ધિ ઉપયોગનું નામ છે. શબ્દને સાંભળીને અર્થના અનુભાવપૂર્વક પર્યાલોચન કરે તેને લબ્ધિ અક્ષર કહેવાય. તેને ભાવશ્રુત પણ કહેવાય છે, કેમકે અક્ષરના ઉચ્ચારણથી એના અર્થનો જે બોધ થાય તેનાથી જ ભાવશ્રુત ઉત્પન્ન થાય છે. કહ્યું છે –

અર્થાત્ શબ્દ ગ્રહણ કર્યા બાદ ઈન્દ્રિય અને મનના નિમિત્તથી જે શબ્દાર્થ પર્યાલોચનાનુસારી જ્ઞાન ઉત્પન્ન થાય તેને લબ્ધિ અક્ષર કહેવાય છે.

અહીં પ્રશ્ન થાય છે કે ઉપર્યુક્ત લક્ષણ સંજ્ઞી જીવોમાં ઘટિત થાય છે પરંતુ વિકલેન્દ્રિય તેમજ અસંજ્ઞી જીવોમાં અકાર આદિ વર્ણોને સાંભળવાની તથા ઉચ્ચારણ



કરવાની શક્તિનો અભાવ હોય છે, તો પછી એ જીવોને લબ્ધિ અક્ષર કેવી રીતે સંભવી શકે ?

ઉત્તર :- શ્રોત્રેન્દ્રિયનો અભાવ હોવા છતાં તેવા પ્રકારનો ક્ષયોપશમ તે જીવોમાં હોય જ છે. માટે તેને અવ્યક્ત ભાવશ્રુત પ્રાપ્ત થાય છે. તે જીવોમાં આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞા હોય છે. તીવ્ર અભિલાષાને સંજ્ઞા કહેવાય છે. અમુક ચીજ મને પ્રાપ્ત થઈ જાય, એવા પ્રકારની ઈચ્છા અક્ષરાનુસારી હોવાથી તેને પણ લબ્ધિ અક્ષર હોય છે. તે લબ્ધિ અક્ષર શ્રુત છ પ્રકારનું છે –

(૧) જીવશબ્દ, અજીવશબ્દ અથવા મિશ્રશબ્દ સાંભળીને કહેનારના ભાવને સમજી લેવો તે શ્રોત્રેન્દ્રિય લબ્ધ્યક્ષર છે અથવા ગર્જનાથી, હણહણાટથી, ભૂંકવાથી, કાગડા વગેરેના શબ્દ સાંભળીને તિર્યંચ જીવોના ભાવને સમજી લેવા તેને શ્રોત્રેન્દ્રિય લબ્ધ્યક્ષર શ્રુત કહેવાય.

(૨) પત્ર, પત્રિકા અને પુસ્તક આદિ વાંચીને અથવા બીજાના સંકેત તથા ઈશારો વગેરે જોઈને તેના અભિપ્રાયને જાણી લેવા તેને ચક્ષુરિન્દ્રિય લબ્ધ્યક્ષર શ્રુત કહેવાય. કેમકે સંકેત વગેરે જોઈને તેનો જવાબ દેવા માટે તથા તેની પ્રાપ્તિ માટે અથવા તેને દૂર કરવા માટે જે ભાવ ઉત્પન્ન થાય તે અક્ષર રૂપ જ હોય છે.

(૩) ભિન્ન ભિન્ન જાતિના ફળો તથા ફૂલોની સુગંધ, પશુ પક્ષીની ગંધ, અમુક સ્ત્રી પુરુષની ગંધ, અમુક ભક્ષ્ય તથા અભક્ષ્યની ગંધને સૂંઘીને જાણી લે કે આ અમુકની જ ગંધ છે તેને ઘ્રાણેન્દ્રિય લબ્ધિઅક્ષર શ્રુત કહેવાય છે.

(૪) કોઈ પણ ખાધપદાર્થ ચાખીને તેના ખાટા, મીઠા, તીખા, કડવા, તૂરા આદિ રસથી પદાર્થનું જ્ઞાન કરી લેવું તેને જીહ્વેન્દ્રિય લબ્ધ્યક્ષર શ્રુત કહેવાય છે.

(૫) શીત, ઉષ્ણ, હળવો, ભારે, કઠોર અથવા કોમળ સ્પર્શ દ્વારા વસ્તુને ઓળખી લેવી તથા પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં સ્પર્શ માત્રથી અક્ષરને ઓળખીને તેના ભાવને સમજી લેવા તેને સ્પર્શેન્દ્રિય લબ્ધ્યક્ષર શ્રુત કહેવાય છે.

(૬) જીવ જે વસ્તુનું ચિંતન કરે છે, તેની અક્ષર રૂપે શબ્દાવલિ અથવા વાક્યાવલિ બની જાય છે. જેમ કે – અમુક વસ્તુ મને મળી જાય અથવા મારો મિત્ર મને મળી જાય તો હું મારી જાતને ધન્ય અથવા પુણ્યશાળી સમજીશ. એવી વિચારધારાને નોઈન્દ્રિય અથવા મનોજન્ય લબ્ધ્યક્ષર શ્રુત કહેવાય છે.

અહીં પ્રશ્ન થાય છે કે પાંચ ઈન્દ્રિય અને મન એ છ ના નિમિત્તથી મતિજ્ઞાન પણ ઉત્પન્ન થાય છે અને શ્રુતજ્ઞાન પણ ઉત્પન્ન થાય છે તો આ છ ના નિમિત્તથી અથવા કોઈ પણ નિમિત્તથી જ્ઞાન ઉત્પન્ન થાય તેને મતિજ્ઞાન કહેવાય ? કે શ્રુતજ્ઞાન કહેવાય ?

ઉત્તર :- જ્યારે જ્ઞાન અક્ષરરૂપે બને ત્યારે તેને શ્રુત કહેવાય અર્થાત્ મતિજ્ઞાન કારણ છે અને શ્રુતજ્ઞાન તેનું કાર્ય છે. મતિજ્ઞાન સામાન્ય છે અને શ્રુતજ્ઞાન વિશેષ છે. મતિજ્ઞાન મૂંગુ છે અને શ્રુતજ્ઞાન મુખર છે. મતિજ્ઞાન અનક્ષર છે અને શ્રુતજ્ઞાન અક્ષરપરિણત છે. જ્યારે ઈન્દ્રિય અને મનથી અનુભૂતિ રૂપ જ્ઞાન થાય ત્યારે તેને

મતિજ્ઞાન કહેવાય પણ જ્યારે તે અક્ષર રૂપે સ્વયં અનુભવ કરે અથવા પોતાનો અભિપ્રાય બીજાને કોઈ પણ પ્રકારની ચેષ્ટાથી બતાવી દે ત્યારે તે અનુભવને અથવા ચેષ્ટા આદિને શ્રુતજ્ઞાન કહેવાય છે. આ બન્ને જ્ઞાન સહચારી છે. જીવનો સ્વભાવ એવો છે કે તેનો ઉપયોગ એક સમયમાં એક તરફ જ હોય છે.

**● સૂત્ર-૧૩૦/૨ થી ૧૩૨ :-**

***[૧૩૦/૨] પ્રશ્ન :- અનક્ષર શ્રુતના કેટલા પ્રકાર છે ?***

***ઉત્તર :- અનક્ષર શ્રુતના અનેક પ્રકાર કહ્યા છે, જેમકે — [૧૩૧] શ્વાસ લેવો, શ્વાસ મૂકવો, થૂંકવું, ઉધરસ ખાવી, છીંક ખાવી, નાક સાફ કરવું તેમજ બીજી અનુસ્વરાયુક્ત ચેષ્ટા કરવી. [૧૩૨] એ દરેક અવાજ અનક્ષર શ્રુત છે.***

**● વિવેચન-૧૩૦/૨ થી ૧૩૨ :-**

**અનક્ષરશ્રુત :-** જે શબ્દ વર્ણાત્મક ન હોય, કેવળ ધ્વનિરૂપ જ હોય તેને અનક્ષરશ્રુત કહેવાય છે. કોઈ વ્યક્તિ પોતાની વિશેષ વાત બીજાને સમજાવવા માટે ઈચ્છાપૂર્વક સંકેતયુક્ત અનક્ષર ધ્વનિ કરે તેને અનક્ષરશ્રુત કહેવાય છે. જેમકે — લાંબો લાંબો શ્વાસ લે અથવા શ્વાસ છોડે, છીંક ખાય, ખાંસી ખાય, થૂંકે, નાસિકામાંથી અવાજ કાઢે, હૂંકારા કરે, બીજાને સૂચિત કરવા માટે, હિત અહિત બતાવવા માટે, સાવધાન કરવા માટે, પ્રેમ, દ્વેષ અથવા ભય પ્રદર્શિત કરવા માટે, સ્વયં આવવા જવાની સૂચના દેવા માટે, ફરજ પર પહોંચવા માટે, માર્ગદર્શન માટે જે કંઈ ધ્વનિ અથવા સંકેત કરવામાં આવે તે દરેકને અનક્ષરશ્રુત કહેવાય. ઉક્ત ધ્વનિઓ ભાવશ્રુતનું કારણ હોવાથી તેને દ્રવ્યશ્રુત કહેવાય છે.

**● સૂત્ર-૧૩૩ :-**

***પ્રશ્ન :- સંજ્ઞી શ્રુત કેટલા પ્રકારનું છે ?***

***ઉત્તર :- સંજ્ઞી શ્રુત ત્રણ પ્રકારનું છે, જેમકે — (૧) કાલિકોપદેશથી (૨) હેતુ-ઉપદેશથી (૩) દૃષ્ટિવાદોપદેશથી.***

***(૧) કાલિકોપદેશથી સંજ્ઞીશ્રુત કેવા પ્રકારનું છે ? કાલિકોપદેશથી — જેને ઈહા, અપોહ-નિશ્ચય, માર્ગણા-અન્વય ધર્માન્વેષણ, ગવેષણા-વ્યતિરેક ધર્માન્વેષણ, પર્યાલોચન, ચિંતા-કેમ થશે ? એ રીતે પર્યાલોચન, વિમર્શ-વિચાર થાય તેને સંજ્ઞી કહેવાય છે. જેને ઈહા, અપોહ, માર્ગણા, ગવેષણા, ચિંતા અને વિમર્શ ન હોય તેને અસંજ્ઞી કહેવાય છે. સંજ્ઞી જીવોનું શ્રુત તે સંજ્ઞીશ્રુત કહેવાય અને અસંજ્ઞી જીવોનું શ્રુત તે અસંજ્ઞીશ્રુત કહેવાય છે. આ કાલિકોપદેશથી સંજ્ઞી અને અસંજ્ઞીશ્રુત છે.***

***(૨) હેતુપદેશથી સંજ્ઞી શ્રુત કેવા પ્રકારનું છે ? હેતુપદેશથી જે જીવનું અવ્યક્ત અથવા વ્યક્ત વિજ્ઞાન વડે વિચારપૂર્વક ક્રિયા કરવાની શક્તિ-પ્રવૃત્તિ છે તેને સંજ્ઞી કહેવાય છે. તેનાથી વિપરીત જે પ્રાણીની અભિસંધારણ એવી વિચારપૂર્વક ક્રિયા કરવાની શક્તિ-પ્રવૃત્તિ ન હોય તે અસંજ્ઞી હોય છે. આ હેતુ ઉપદેશથી સંજ્ઞી અસંજ્ઞીશ્રુત છે.***



***(૩) દૃષ્ટિવાદોપદેશની અપેક્ષાએ સંજ્ઞીશ્રુત કેવા પ્રકારનું છે ? દૃષ્ટિવાદોપદેશની અપેક્ષાએ સંજ્ઞીશ્રુતના ક્ષયોપશમથી સંજ્ઞીશ્રુત કહેવાય છે. અસંજ્ઞીશ્રુતના ક્ષયોપશમથી અસંજ્ઞીશ્રુત કહેવાય છે. આ દૃષ્ટિવાદોપદેશનું વર્ણન છે. આ રીતે સંજ્ઞીશ્રુત અને અસંજ્ઞીશ્રુતનું વર્ણન છે.***

**● વિવેચન-૧૩૩ :-**

આ સૂત્રમાં સંજ્ઞીશ્રુત અને અસંજ્ઞીશ્રુતની પરિભાષા બતાવેલ છે. જેને સંજ્ઞા હોય છે તેને સંજ્ઞી કહેવાય, જેને સંજ્ઞા ન હોય તેને અસંજ્ઞી કહેવાય. સંજ્ઞી અને અસંજ્ઞી બન્ને શ્રુત ત્રણ પ્રકારના હોય છે, જેમ કે — દીર્ઘકાલિકોપદેશથી, હેતુ ઉપદેશથી અને દૃષ્ટિવાદોપદેશથી.

**(૧) દીર્ઘકાલિકોપદેશ :-** જેનામાં સમ્યક્ અર્થને વિચારવાની બુદ્ધિ હોય, જે દીર્ઘકાલિક વિચારણા કરે એટલે કે ભૂત, ભવિષ્ય અને વર્તમાન માટે અમુક કાર્ય કેવું થયું, કેવું થશે અને કેવું થઈ રહ્યું છે એવું જે ચિંતન કરે તેમજ વિચાર-વિમર્શ આદિ વડે વસ્તુના તત્ત્વને સારી રીતે જાણી શકે તે સંજ્ઞી કહેવાય. ગર્ભજ તિર્યંચ, મનુષ્ય, દેવ અને નારક જીવ એ બધા મનઃપર્યાપ્તિથી સંપન્ન સંજ્ઞી કહેવાય છે. કેમ કે ત્રિકાળ વિષયક ચિંતા તેમજ વિચાર વિમર્શ આદિ તેને સંભવે.

જેમકે નેત્રમાં જ્યોતિ હોય તો પ્રદીપના પ્રકાશથી વસ્તુના તત્ત્વની સ્પષ્ટ જાણકારી થઈ શકે છે. એ જ રીતે મનોલબ્ધિ સંપન્ન પ્રાણી મનોદ્રવ્યના આધારથી વિચાર-વિમર્શ આદિ વડે આગળ પાછળની વાતને સારી રીતે જાણી લેવાના કારણે સંજ્ઞી કહેવાય છે. પરંતુ જેને મનોલબ્ધિ પ્રાપ્ત ન હોય તેને અસંજ્ઞી કહેવાય છે. સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય, ચઉરિન્દ્રિય, તેઈન્દ્રિય, બેઈન્દ્રિય અને એકેન્દ્રિય, એ દરેકનો સમાવેશ અસંજ્ઞીમાં થાય છે.

કાલિક શબ્દથી અહીં દીર્ઘકાલિક અર્થ અપેક્ષિત છે. ઉપદેશ શબ્દ વિચારણાના અર્થમાં પ્રયુક્ત છે. માટે દીર્ઘકાલિક વિચારણા કરનાર સંજ્ઞીનું શ્રુત અને તેનાથી વિપરીત અસંજ્ઞીનું શ્રુત એ બંનેને કાલિકોપદેશતી શ્રુતમાં ગ્રહણ કરેલ છે.

જેવી રીતે મનોલબ્ધિ, સ્વલ્પ, સ્વલ્પતર અને સ્વલ્પતર અને સ્વલ્પતમ હોય છે એવી રીતે અસ્પષ્ટ, અસ્પષ્ટતર અને અસ્પષ્ટતમ અર્થની પણ પ્રાપ્તિ થાય છે. જેમકે — સંજ્ઞી પંચેન્દ્રિયથી સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિયમાં અસ્પષ્ટ જ્ઞાન હોય છે, તેનાથી ચઉરિન્દ્રિયમાં ન્યૂન, તેનાથી તેઈન્દ્રિયમાં કંઈક ઓછું અને બેઈન્દ્રિયમાં અસ્પષ્ટતર હોય છે. એકેન્દ્રિયમાં અસ્પષ્ટતમ અર્થની પ્રાપ્તિ થઈ શકે છે. એ બધા અસંજ્ઞી જીવો હોવાથી તેનું શ્રુત અસંજ્ઞી શ્રુત કહેવાય છે.

**(૨) હેતુ-ઉપદેશ :-** હિતાહિત, યોગ્યાયોગ્યની વિચારણા. જે બુદ્ધિપૂર્વક સ્વદેહ પાલન માટે ઈષ્ટ આહાર આદિમાં પ્રવૃત્તિ કરે અને અનિષ્ટ આહાર આદિથી નિવૃત્તિ પામે તેને હેતુ ઉપદેશથી સંજ્ઞી કહેવાય છે. તેનાથી વિપરીત હોય તેને અસંજ્ઞી કહેવાય છે. આ દૃષ્ટિએ ચાર ત્રસ સંજ્ઞી છે અને પાંચ સ્થાવર અસંજ્ઞી છે. જેમકે ગાય, બળદ, બકરી આદિ પશુ પોતાના ઘરે સ્વયં આવી જાય છે, મધમાખી આજુબાજુમાં

જઈને મકરંદનું પાન કરીને ફરી પોતાના સ્થાને આવી જાય છે. મચ્છર આદિ દિવસમાં છુપાઈ જાય છે અને રાત્રે બહાર નીકળે છે. માખીઓ સાયંકાળે સુરક્ષિત સ્થાને બેસી જાય છે. તેઓ ઠંડી ગરમીથી બચવા માટે તડકામાંથી છાયામાં અને છાયામાંથી તડકામાં આવજા કરે, દુઃખથી બચવાનો પ્રયાસ કરે તેને સંજ્ઞી કહેવાય અને જે જીવો બુદ્ધિપૂર્વક ઈષ્ટ અનિષ્ટમાં પ્રવૃત્તિ તથા નિવૃત્તિ ન કરી શકે તેને અસંજ્ઞી કહેવાય. જેમકે — વૃક્ષ, લત્તા, પાંચ સ્થાવર ઈત્યાદિ. બીજી રીતે કહીએ તો હેતુ — ઉપદેશની અપેક્ષાએ પાંચ સ્થાવર જ અસંજ્ઞી છે. બાકી બધા સંજ્ઞી છે.

ઈહા આદિ ચેષ્ટાઓથી યુક્ત કૃમિ, કીડા, પતંગિયા આદિ ત્રસ જીવો સંજ્ઞી છે અને પૃથ્વીકાય આદિ પાંચ સ્થાવર જીવો અસંજ્ઞી છે. માટે હેતોપદેશથી ત્રસ જીવોનું શ્રુત સંજ્ઞીશ્રુત કહેવાય અને સ્થાવર જીવોનું શ્રુત અસંજ્ઞીશ્રુત કહેવાય છે.

(૩) **દૃષ્ટિવાદોપદેશ** :- દૃષ્ટિની અપેક્ષાએ વિચારણા. જે સમ્યગ્દૃષ્ટિ ક્ષયોપસમ જ્ઞાનથી યુક્ત હોય તે દૃષ્ટિવાદોપદેશથી સંજ્ઞી કહેવાય છે. વસ્તુતઃ યથાર્થ રૂપથી હિતાહિતમાં પ્રવૃત્તિ કે નિવૃત્તિ સમ્યગ્દૃષ્ટિ વિના થઈ શકે નહીં. એનાથી વિપરીત જે સમ્યગ્દૃષ્ટિ નથી અર્થાત્ મિથ્યાદૃષ્ટિ છે તેનું શ્રુત દૃષ્ટિવાદોપદેશની અપેક્ષાએ અસંજ્ઞીશ્રુત કહેવાય છે.

આ રીતે દૃષ્ટિવાદોપદેશની અપેક્ષાએ સંજ્ઞી અને અસંજ્ઞી શ્રુતનું પ્રતિપાદન કરેલ છે.

● સૂત્ર-૧૩૪ :-

*પ્રશ્ન :- સમ્યક્શ્રુત કોને કહેવાય ?*

*ઉત્તર :- સમ્યક્શ્રુત, ઉત્પન્ન થયેલ કેવળજ્ઞાન અને કેવળદર્શનને ધારણ કરનાર, ત્રિલોકવર્તી જીવોએ આદર-સન્માન અને ભક્તિભાવથી જોયેલ, ઉત્કીર્તન કરેલ, ભાવયુક્ત નમસ્કાર કરેલ એવા અતીત, વર્તમાન અને અનાગતને જાણનાર, સર્વજ્ઞ અને સર્વદર્શી તીર્થંકર ભગવંતો દ્વારા પ્રણીત-અર્થથી કથન કરાયેલ આ દ્વાદશાંગ રૂપ ગણિપિટક છે. જેમકે —*

*(૧) આચારાંગ (૨) સૂત્રકૃતાંગ (૩) સ્થાનાંગ (૪) સમવાયાંગ (૫) વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ (૬) જ્ઞાતાધર્મકથા (૭) ઉપાશકદશા (૮) અંતકૃત્દશા (૯) અનુત્તરોપપાતિકદશાગ (૧૦) પ્રશ્નવ્યાકરણ (૧૧) વિપાક અને (૧૨) દૃષ્ટિવાદ, આ સમ્યક્શ્રુત છે.*

*આ દ્વાદશાંગ ગણિપિટક ચૌદ પૂર્વધારીનું સમ્યક્શ્રુત જ હોય છે. સંપૂર્ણ દશ પૂર્વધારીનું પણ સમ્યક્શ્રુત જ હોય છે. દશ પૂર્વમાં કંઈક ન્યૂન અને નવ આદિ પૂર્વનું જ્ઞાન હોય તો વિકલ્પ છે અર્થાત્ સમ્યક્શ્રુત હોય અને ન પણ હોય. આ પ્રમાણે સમ્યક્શ્રુતનું વર્ણન છે.*

● વિવેચન-૧૩૪ :-

આ સૂત્રમાં સમ્યક્શ્રુતનું વર્ણન કરેલ છે. સમ્યક્શ્રુત વિષે અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય છે, જેમકે —



(૧) સમ્યક્શ્રુતના પ્રણેતા કોણ થઈ શકે ? (૨) સમ્યક્શ્રુત કોને કહેવાય ? (૩) ગણિપિટકનો અર્થ શું થાય ? (૪) આપ્તપુરુષ કોને કહેવાય ? આ દરેકનો ઉત્તર આ સૂત્રમાં આપેલ છે.

સમ્યક્શ્રુતના પ્રણેતા દેવાધિદેવ અરિહંત ભગવાન છે. અરિહંત શબ્દ ગુણનો વાચક છે, વ્યક્તિ વાચક નથી. જો કોઈનું નામ અરિહંત હોય તો તેનો નામનિક્ષેપ અહીં અભિપ્રેત નથી. કેવળ ભાવનિક્ષેપથી જે અરિહંત છે તે જ સમ્યક્શ્રુતના પ્રણેતા હોય છે. ભાવ અરિહંત કોણ થઈ શકે ? એ વાતને સ્પષ્ટ કરવા માટે સૂત્રકારે સાત વિશેષણો બતાવ્યાં છે, જેમકે —

(૧) अरिहंतेहिं :- જે રાગદ્વેષ, વિષયકષાય આદિ અઢાર દોષોથી રહિત હોય અને ચાર ઘનઘાતિ કર્મનો નાશ કર્યો હોય, એવા ઉત્તમ પુરુષને ભાવ અરિહંત કહેવાય છે. એને બીજા શબ્દોમાં ભાવ તીર્થંકર પણ કહેવાય છે.

(૨) भगवंतेहिं :- ભગવાન શબ્દ સાહિત્યમાં બહુ ઉચ્ચકોટિનો કહેવાય છે અર્થાત્ જે મહાન આત્મામાં સંપૂર્ણ ઐશ્વર્ય, નિઃસીમ ઉત્સાહ-શક્તિ, ત્રિલોકવ્યાપી યશ, સંપૂર્ણ શ્રી રૂપ સૌંદર્ય, સોળ કળાયુક્ત ધર્મ, ઉદ્દેશ્યપૂર્તિ માટે કરવામાં આવેલ અથાગ પરિશ્રમ અને સમસ્ત ઉત્તમોત્તમ ગુણના ધારક હોય તેને જ અહીં ભગવાન કહેવામાં આવેલ છે. સિદ્ધ ભગવાનને અહીં ભગવાન શબ્દમાં સમાવેશ કરેલ નથી. કારણ કે તે અશરીરી હોવાના કારણે શ્રુતજ્ઞાનના પ્રરૂપક હોતા નથી.

(૩) उप्पण्ण-नाणदंसणधरेहिं :- અરિહંતનું ત્રીજું વિશેષણ છે — ઉત્પન્ન જ્ઞાનદર્શનના ધારક. જ્ઞાનદર્શન તો અધ્યયન અને અભ્યાસથી પણ થઈ શકે છે પરંતુ એવા જ્ઞાનદર્શનમાં પૂર્ણતા હોતી નથી. અહીં સંપૂર્ણ જ્ઞાનદર્શનની વાત છે. માટે અહીં ઉત્પન્ન વિશેષણ આપેલ છે.

કેટલાક લોકો ઈશ્વરને અનાદિ સર્વજ્ઞ માને છે. તેના મતનો નિષેધ કરવા માટે પણ આ વિશેષણ આપેલ છે. કેમકે તેમાં ઉત્પન્ન જ્ઞાનદર્શનનું વિશેષણ હોતું નથી. માટે ત્રીજું વિશેષણ ભગવંતમાં જરૂરી છે.

(૪) तेलुक्कणिरिक्खियपूइएहिं :- ત્રણે લોકમાં રહેનાર અસુરેન્દ્રો, નરેન્દ્રો અને દેવેન્દ્રો દ્વારા તીવ્ર શ્રદ્ધા ભક્તિથી જે અવલોકિત છે. અસાધારણ ગુણોના કારણે તે પ્રશંસનીય છે. તેમજ પ્રશસ્ત મન, વચન અને કાયા દ્વારા વંદનીય અને નમસ્કરણીય છે. સર્વોત્કૃષ્ટ સન્માન તેમજ બહુમાન આદિ વડે પૂજિત છે.

(૫) तीयपडुप्पन्नमणागयजाणएहिं :- જે ત્રણે કાળને જાણનાર છે. આ વિશેષણ માયાવીઓમાં તો નથી હોતું પણ કેટલાક વ્યવહાર નયનું અનુસરણ કરતાં કહે છે કે વિશિષ્ટ જ્યોતિષી, તપસ્વી અને અવધિજ્ઞાની પણ ત્રણે કાળને ઉપયોગપૂર્વક જાણી શકે છે. પરંતુ વાસ્તવમાં તે અપૂર્ણજ્ઞાની જ હોય છે.

(૬) सव्वण्णूहिं :- જે સર્વજ્ઞાની અર્થાત્ લોક અલોક આદિ સર્વ પદાર્થને જાણે છે, વિશ્વમાં રહેલ સંપૂર્ણ પદાર્થોને જે હસ્તામલકવત્ જાણે છે, જેના જ્ઞાનરૂપી દર્પણમાં દરેક દ્રવ્ય અને પર્યાય પ્રતિબિંબિત થાય છે, જેનું જ્ઞાન નિઃસીમ છે, માટે

આ વિશેષણનો પ્રયોગ કર્યો છે.

(૭) सव्वदरिसीहिं :- જે સર્વ દ્રવ્ય અને એની પર્યાયોનો સાક્ષાત્કાર કરે છે.

જે આ સાત વિશેષણોથી સંપન્ન હોય છે, વસ્તુતઃ તે જ સર્વોત્તમ આપ્ત હોય છે. તે જ દ્વાદશાંગ ગણિપિટકના પ્રણેતા છે અને તે જ સમ્યક્શ્રુતના રચયિતા હોય છે. ઉક્ત સાતે ય વિશેષણો તેરમા ગુણસ્થાનવર્તી તીર્થંકર દેવોના છે પણ અન્ય પુરુષોના નથી.

**ગણિપિટક** :- ગણિ એટલે આચાર્ય અને તેમની બાર અંગ સૂત્રરૂપ જ્ઞાનની પેટી એમ ગણિપિટકનો શબ્દાર્થ થાય છે. જેમ રાજા-મહારાજાઓ અને ધનાઢ્ય શ્રીમંતોને ત્યાં પેટીઓમાં હીરા, પન્ના, મણિ, માણેક, વૈડુર્યરત્ન આદિ વિભિન્ન પદાર્થો અને સર્વોત્તમ આભૂષણ ભરેલ હોય છે, તેમ આત્મકલ્યાણ માટે વિવિધ પ્રકારની શિક્ષાઓ, નવતત્ત્વ નિરૂપણ, દ્રવ્યોનું વિવેચન, ધર્મની વ્યાખ્યા, આત્મવાદ, ક્રિયાવાદ, કર્મવાદ, લોકવાદ, પ્રમાણવાદ, નયવાદ, સ્યાદ્વાદ, અનેકાંતવાદ, પંચમહાવ્રત, તીર્થંકર બનવાના ઉપાયો, સિદ્ધ ભગવંતોનું નિરૂપણ, તપ વિષેનું વિવેચન, કર્મગ્રંથી ભેદવાના ઉપાયો, ચક્રવર્તી, વાસુદેવ, પ્રતિવાસુદેવનો ઈતિહાસ, રત્નત્રયનું વિશ્લેષણ આદિ અનેક વિષયોનું જેમાં યથાર્થ નિરૂપણ કરેલ છે, તે પેટીનું જેવું નામ છે એવા જ સમ્યક્શ્રુતરત્નો એમાં નિહિત છે.

અરિહંત ભગવંતના અતિરિક્ત જે અન્ય શ્રુતજ્ઞાની છે તેઓ પણ સમ્યક્શ્રુત જ્ઞાન પ્રરૂપક થઈ શકે છે ? સંપૂર્ણ દશ પૂર્વધરથી લઈને ચૌદ પૂર્વધર સુધીના જેટલા પણ જ્ઞાની છે તેઓનું કથન નિયમથી સમ્યક્શ્રુત જ હોય છે. કિંચિત્ ન્યૂન દશ પૂર્વધરોમાં સમ્યક્શ્રુતની ભજના છે અર્થાત્ તેઓનું શ્રુત સમ્યક્શ્રુત પણ હોઈ શકે છે અને મિથ્યાશ્રુત પણ હોઈ શકે છે. કારણ કે મિથ્યાદૃષ્ટિ જીવો પણ પૂર્વોનું અધ્યયન કરી શકે છે પરંતુ તેઓ વધારેમાં વધારે કંઈક ન્યૂન દશ પૂર્વનું જ અધ્યયન કરી શકે છે કેમ કે તેનો સ્વભાવ જ એવો છે.

સારાંશ એ છે — ચૌદ પૂર્વથી લઈને પરિપૂર્ણ દશ પૂર્વના જ્ઞાની નિશ્ચય સમ્યક્દૃષ્ટિ જ હોય છે. માટે તેમનું શ્રુત સમ્યક્શ્રુત જ હોય છે. શેષ અંગધરો અથવા પૂર્વધરોમાં સમ્યક્શ્રુત નિયમથી ન હોય. સમ્યક્દૃષ્ટિનું પ્રવચન જ સમ્યક્શ્રુત બની શકે છે.

● **સૂત્ર-૧૩૫ :-**

*પ્રશ્ન :- મિથ્યાશ્રુતનું સ્વરૂપ કેવું છે ?*

*ઉત્તર :- અજ્ઞાની અને મિથ્યાદૃષ્ટિઓ દ્વારા સ્વચ્છંદ અને વિપરીત બુદ્ધિ વડે કલ્પિત કરેલ ગ્રંથ મિથ્યાશ્રુત છે, જેમકે —*

*(૧) મહાભારત (૨) રામાયણ (૩) ભીમાસુરોક્ત (૪) કૌટિલ્ય (૫) શકટભદ્રિકા (૬) ઘોટક મુખ (૭) કાર્પાસિક (૮) નાગ-સૂક્ષ્મ (૯) કનકસપ્તતિ (૧૦) વૈશેષિક (૧૧) બુદ્ધવચન (૧૨) ત્રૈરાશિક (૧૩) કાપિલીય (૧૪) લોકાયત (૧૫) ષષ્ટિતંત્ર (૧૬) માઢર (૧૭) પુરાણ (૧૮) વ્યાકરણ (૧૯) ભાગવત (૨૦)*





*પાતંજલિ (૨૧) પુષ્પદૈવત (૨૨) લેખ (૨૩) ગણિત (૨૪) શકુનિરુત (૨૫) નાટક અથવા બોંતેર કલાઓ તેમજ ચાર વેદ અંગોપાંગ સહિત. આ બધા મિથ્યાદૃષ્ટિ દ્વારા મિથ્યારૂપમાં ગ્રહણ કરેલ છે, માટે તે મિથ્યાશ્રુત છે. આ જ ગ્રંથ સમ્યક્દૃષ્ટિ દ્વારા સમ્યક્રૂપે ગ્રહણ કરાયેલ હોય તો સમ્યક્શ્રુત છે અથવા મિથ્યાદૃષ્ટિ માટે પણ આ જ ગ્રંથશાસ્ત્ર ક્યારેક સમ્યક્શ્રુત રૂપ થાય છે.*

*એમ કેમ ? ઉત્તર :- જ્યારે એ શાસ્ત્ર તેના સમ્યક્ત્વમાં હેતુ થઈ જાય છે અર્થાત્ કોઈ મિથ્યાદૃષ્ટિ એ ગ્રંથોથી પ્રેરિત થઈને પોતાના મિથ્યાત્વનો ત્યાગ કરી દે છે. આ પ્રમાણે આ મિથ્યાશ્રુતનું સ્વરૂપ છે.*

● **વિવેચન-૧૩૫ :-**

આ સૂત્રમાં મિથ્યાશ્રુતનો ઉલ્લેખ કરેલ છે. મિથ્યાશ્રુત કોને કહેવાય ? આ પ્રશ્નના ઉત્તરમાં બતાવે છે — મિથ્યાદૃષ્ટિ તેમજ અજ્ઞાની પોતાની સમજણ તેમજ કલ્પનાથી જનતા સમક્ષ વિચાર રાખે, એ વિચાર તાત્વિક ન હોવાથી મિથ્યાશ્રુત કહેવાય છે અર્થાત્ જેની દૃષ્ટિ, વિચારસરણી મિથ્યાત્વથી અનુરંજિત હોય તેને મિથ્યાદૃષ્ટિ કહેવાય છે. મિથ્યાત્વ દસ પ્રકારના હોય છે. તેમાંથી જો કોઈ એક પ્રકાર પણ હોય તો તે મિથ્યાદૃષ્ટિ કહેવાય છે. જેમકે —

(૧) अधम्मे धम्मसण्णा :- અધર્મને ધર્મ સમજવો. જેમકે ભિન્ન ભિન્ન દેવી દેવતાઓના નામ પર, ઈશ્વરના નામ પર, પિતૃના નામ પર, હિંસા આદિ પાપ કૃત્યને ધર્મ સમજવો, શિકાર ખેલવામાં ધર્મ સમજવો, અન્યાય, અનીતિમાં ધર્મ સમજવો તેને મિથ્યાત્વ કહેવાય છે.

(૨) धम्मे अधम्मसण्णा :- અહિંસા, સંયમ, તપ તેમજ જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ રત્નત્રય ધર્મને અધર્મ સમજે તેને પણ મિથ્યાત્વ કહેવાય છે.

(૩) उम्मग्गे मग्गसण्णा :- ઉન્માર્ગને સન્માર્ગ સમજવો અર્થાત્ સંસાર પરિભ્રમણ કરાવનાર દુઃખદ માર્ગને મોક્ષનો માર્ગ સમજવો તેને મિથ્યાત્વ કહેવાય.

(૪) मग्गे उम्मग्गसण्णा :- મોક્ષ માર્ગને સંસારનો માર્ગ સમજવો, જેમકે — **સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગઃ**, આ ઉત્તમ મોક્ષ માર્ગને સંસારનો માર્ગ સમજવો તેને મિથ્યાત્વ કહેવાય.

(૫) अजीवेसु जीवसण्णा :- અજીવને જીવ માનવો. સંસારમાં જે કંઈ દૃશ્યમાન છે એ બધા જીવ જ છે, અજીવ પદાર્થ વિશ્વમાં છે જ નહીં. આ રીતે અજીવને જીવ સમજવો તે મિથ્યાત્વ કહેવાય.

(૬) जीवेसु अजीवसण्णा :- જીવમાં અજીવની સંજ્ઞા રાખવી. ચાર્વાક મતના અનુયાયી શરીરથી ભિન્ન આત્માના અસ્તિત્વને માનતા નથી. કોઈ કોઈ વિચારકો પશુઓમાં પણ આત્માનો ઈન્કાર કરે છે, તેમાં કેવળ પ્રાણ જ માને છે. એ કારણે તેઓને મારવામાં અને તેઓનું માંસ ખાવામાં પાપ નથી માનતા. આવી માન્યતાને મિથ્યાત્વ કહેવાય છે. એકેન્દ્રિય જેવા કે પાણી, અગ્નિ વગેરેમાં જીવ ન માને અને તેને અજીવ પદાર્થ માને તે પણ મિથ્યાત્વ કહેવાય છે.

(૭) असाहुसु साहुसण्णा :- અસાધુને સાધુ માને. જે વ્યક્તિ ધન-વૈભવ, સ્ત્રી-પુત્ર કે જમીન-મકાન વગેરે પરિગ્રહ રાખનાર હોય પરંતુ તેનો ત્યાગી ન હોય એવા, માત્ર વેષધારીને સાધુ માને તેને મિથ્યાત્વ કહેવાય.

(૮) साहुसु असाहुसण्णा :- સાધુને અસાધુ માને. શ્રેષ્ઠ, સંયત, પાંચ મહાવ્રત તેમજ સમિતિ અને ગુપ્તિના ધારક મુનિઓને અજ્ઞાન કે કુસંગતના કારણે અસાધુ સમજે અને તેને ઢોંગી, પાખંડી સમજે તેને મિથ્યાત્વ કહેવાય.

(૯) अमुत्तेसु मुत्तसण्णा :- અમુક્તને મુક્ત સમજે. જે જીવોએ કર્મ બંધનથી મુક્ત થઈને સિદ્ધપદ પ્રાપ્ત કર્યું નથી. તેઓને કર્મ બંધનથી રહિત અને મુક્ત સમજે તેને મિથ્યાત્વ કહેવાય.

(૧૦) मुत्तेसु अमुत्तसण्णा :- જે આત્મા કર્મબંધનથી મુક્ત થઈ ગયા છે, તેને અમુક્ત સમજે. આત્મા ક્યારે ય પણ પરમાત્મા નથી બનતો, કોઈ જીવ સર્વજ્ઞ બની શકતો નથી, આત્મા કર્મ બંધનથી મુક્ત થયો નથી અને થશે પણ નહીં, એવી માન્યતાને મિથ્યાત્વ કહેવાય. એ જ રીતે અસત્‌ને સત્ સમજે અને સત્‌ને અસત્ સમજે તેને મિથ્યાત્વ કહેવાય.

एयाइं मिच्छदिट्ठिस्स मिच्छत्तपरिग्गहियाइं मिच्छासुयं :- ઉપરોક્ત મિથ્યાદૃષ્ટિ દ્વારા રચાયેલ ગ્રંથ મિથ્યાશ્રુત છે. મિથ્યાદૃષ્ટિમાં ભાવ મિથ્યાશ્રુત હોય છે. તેઓની દૃષ્ટિ મલિન હોવાથી જ્ઞાનધારા પણ મલિન બની જાય છે અર્થાત્ તેનું જ્ઞાન સત્ય નથી હોતું.

एयाइं चेव सम्मदिट्ठिस्स सम्मतत्तपरिग्गहियाइं सम्मसुयं :- એ જ ગ્રંથોને જો સમ્યગ્દૃષ્ટિ યથાર્થ રૂપે ગ્રહણ કરે તો તે જ મિથ્યાશ્રુત તેને માટે સમ્યક્શ્રુત રૂપે પરિણત થઈ જાય છે. જેમકે — ચતુર વૈદ્ય વિશિષ્ટ ક્રિયા વડે વિષને પણ અમૃત બનાવી દે છે. હંસ દૂધને ગ્રહણ કરી લે છે અને પાણીને છોડી દે છે. સુવર્ણને શોધનાર માટીમાંથી સુવર્ણના કણો શોધી લે છે અને માટીને છોડી દે છે. એ જ રીતે સમ્યગ્દૃષ્ટિ નય-નિક્ષેપ આદિ વડે મિથ્યાશ્રુતને સમ્યક્શ્રુતમાં પરિણત કરી દે છે.

अहवा मिच्छदिट्ठिस्सवि एयाइं चेव सम्मसुयं, कम्हा ? :- મિથ્યાશ્રુત મિથ્યાદૃષ્ટિ માટે સમ્યક્શ્રુત પણ બની શકે છે. જ્યારે મિથ્યાદૃષ્ટિ, પોતાની સમ્યક્ બુદ્ધિ કે સમ્યક્ વિચારણા વડે પોતાના ગ્રંથોમાં રહેલ પૂર્વાપરવિરોધી તેમજ અસંગત વાતોને જાણીને પોતાના ખોટા પક્ષને છોડી દે અથવા તે ગ્રંથોમાં રહેલ કોઈ પણ સત્ય તત્ત્વ પર ચિંતન કરતાં પૂર્ણ સત્ય સિદ્ધાંતને પામી જાય. મિથ્યાત્વનો, મિથ્યા સમજનો ત્યાગ કરી સમ્યક્ શ્રદ્ધાન્ પામી જાય, તો તે સમ્યક્દૃષ્ટિ બની જાય છે. ત્યારે સમ્યક્ત્વનું કારણ હોવાથી તે મિથ્યાશ્રુત પણ તેને સમ્યક્શ્રુતમાં પરિણત થઈ જાય છે.

**● સૂત્ર-૧૩૬ :-**

***પ્રશ્ન :- સાદિ સપર્યવસિત અને અનાદિ અપર્યવસિત શ્રુતનું સ્વરૂપ કેવું છે ? ઉત્તર :- આ દ્વાદશાંગ રૂપ ગણિપિટક, વિચ્છેદ થવાની અપેક્ષાએ સાદિ-સાંત છે અને વિચ્છેદ નહીં થવાની અપેક્ષાએ આદિ અંત રહિત છે. આ શ્રુતજ્ઞાનનું સંક્ષેપથી ચાર પ્રકારે વર્ણન કરેલ છે, જેમ કે — દ્રવ્યથી, ક્ષેત્રથી,***



***કાળથી અને ભાવથી.***

***તેમાં (૧) દ્રવ્યથી સમ્યક્શ્રુત એક પુરુષની અપેક્ષાએ સાદિ અને સાંત છે. ઘણા પુરુષોની અપેક્ષાએ આદિ અને અંતથી રહિત છે.***

***(૨) ક્ષેત્રથી સમ્યક્શ્રુત પાંચ ભરત અને પાંચ ઐરાવત ક્ષેત્રની અપેક્ષાએ સાદિ સાંત છે. પાંચ મહાવિદેહની અપેક્ષાએ અનાદિ અનંત છે.***

***(૩) કાળથી સમ્યક્શ્રુત ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળની અપેક્ષાએ સાદિ સાંત છે. નોઅવસર્પિણી અર્થાત્ અવસ્થિતકાળની અપેક્ષાએ અનાદિ અનંત છે.***

***(૪) ભાવથી સર્વજ્ઞ સર્વદર્શી તીર્થંકરો દ્વારા જે ભાવ જે સમયે સામાન્ય રૂપથી કહેવાય છે, જે નામ આદિ ભેદ દર્શાવવા માટે વિશેષ રૂપે કથન કરાય છે હેતુ દૃષ્ટાંતના ઉપદર્શનથી જે સ્પષ્ટતર કહેવાય અને ઉપનય તથા નિગમનથી જે સ્થાપિત કરાય, તે ભાવોની અપેક્ષાએ સાદિ-સાંત છે. ક્ષયોપશમ ભાવની અપેક્ષાએ સમ્યક્શ્રુત અનાદિ અનંત છે.***

***અથવા ભવસિદ્ધિક (ભવ્ય) જીવોનું શ્રુત સાદિ સાંત છે, અભવસિદ્ધિક (અભવ્ય) જીવોનું મિથ્યાશ્રુત અનાદિ અનંત છે.***

***સંપૂર્ણ આકાશ પ્રદેશોની સંખ્યાને, સમસ્ત આકાશ પ્રદેશોની સંખ્યા સાથે અનંતવાર ગુણાકાર કરવાથી પર્યાય અક્ષર-ગુણોની પર્યવ (પર્યાય) સંખ્યા નિષ્પન્ન થાય છે. દરેક જીવોના પર્યાય-અક્ષરનો અર્થાત્ શ્રુતજ્ઞાનની પર્યાયોનો અનંતમો ભાગ સદા ઉદ્‌ઘાટિત (નિરાવરણ) રહે છે. જો તે પણ આવરણને પ્રાપ્ત થઈ જાય તો તેનાથી જીવાત્મા અજીવભાવને પ્રાપ્ત થઈ જાય છે. કેમકે ચેતના એ જીવનું લક્ષણ છે. પરંતુ એમ થાય નહીં. જેમકે વાદળોના અત્યધિક પડળો ચંદ્ર અને સૂર્યની ઉપર આવી જાય તો પણ તેની પ્રભા કંઈક તો દેખાય જ છે. તેમ જીવના શ્રુતગુણ પર્યવ (પર્યાય) પણ કર્મોના કેટલા ય આવરણ આવી જાય તો પણ કંઈક નિરાવરણ રહે છે, પૂર્ણ આવરિત થતા નથી.***

***આ રીતે સાદિ-સાંત અને અનાદિ અનંત શ્રુતનું વર્ણન છે.***

**● વિવેચન-૧૩૬ :-**

साइयं सपज्जवसियं, अणाइयं अपज्जवसियं :- સપર્યવસિતને સાંત કહેવાય છે અને અપર્યવસિતને અનંત કહેવાય છે. આ દ્વાદશાંગ ગણિપિટક વ્યુચ્છિત્તિ નયની અપેક્ષાએ સાદિ સાંત છે પરંતુ અવ્યુચ્છિત્તિ નયની અપેક્ષાએ અનાદિ અનંત છે. વ્યુચ્છિત્તિ અને અવ્યુચ્છિત્તિનું સ્પષ્ટીકરણ આ સૂત્રમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના ભેદથી કરેલ છે. વ્યુચ્છિતિ એટલે વિચ્છેદ જવું, સંપૂર્ણ રીતે ભૂલાઈ જવું.

દ્રવ્યતઃ :- એક જીવની અપેક્ષાએ સમ્યક્શ્રુત સાદિ-સાંત છે. જ્યારે સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે ત્યારે સમ્યક્શ્રુતની આદિ કહેવાય અને જ્યારે તે પહેલા અને ત્રીજા ગુણસ્થાનમાં પ્રવેશ કરે છે ત્યારે ફરી મિથ્યાત્વનો ઉદય થવાથી સમ્યક્ટુત પણ લુપ્ત થઈ જાય છે. પ્રમાદ, મનોમાલિન્ય, તીવ્રવેદના અથવા વિસ્મૃતિના કારણે અથવા

કેવળજ્ઞાન ઉત્પન્ન થવાના કારણે પ્રાપ્ત કરેલું શ્રુતજ્ઞાન લુપ્ત થઈ જાય છે. ત્યારે તે પુરુષની અપેક્ષાએ સમ્યક્શ્રુત સાંત થઈ જાય છે.

પરંતુ ત્રણે કાળની અપેક્ષાએ અથવા ઘણા પુરુષોની અપેક્ષાએ સમ્યક્શ્રુત અનાદિ અનંત છે. કેમકે એવો સમય ક્યારેય થયો નથી અને ક્યારેય થશે પણ નહીં, જ્યારે સમ્યક્શ્રુતધારી જ્ઞાની જીવ ન હોય. સમ્યક્શ્રુતનો સમ્યક્દર્શન સાથે અવિનાભાવી સંબંધ છે માટે એક પુરુષની અપેક્ષાએ સમ્યક્શ્રુત, દ્વાદશાંગવાણી સાદિ છે અને અનેક પુરુષોની અપેક્ષાએ સમ્યક્શ્રુત અનાદિ અનંત છે.

**ક્ષેત્રતઃ :-** પાંચ ભરત, પાંચ ઐરાવત આ દશ ક્ષેત્રની અપેક્ષાએ ગણિપિટક સાદિ સાંત છે, કેમકે આ ક્ષેત્રમાં દ્વાદશાંગી શ્રુતજ્ઞાનનો વિચ્છેદ થાય છે અર્થાત્ ક્યારેક દ્વાદશાંગીના ધારક હોય છે અને ક્યારેક નથી હોતા. પરંતુ પાંચ મહાવિદેહની અપેક્ષાએ દ્વાદશાંગી ગણિપિટક અનાદિ અનંત છે, કેમકે મહાવિદેહક્ષેત્રમાં દ્વાદશાંગી ગણિપિટકના ધારક સદા-સર્વદા હોય છે, ત્યાં વિચ્છેદ થતો નથી.

**કાલતઃ :-** જ્યાં ઉત્સર્પિણી અને અવસર્પિણીકાળ વર્તે છે ત્યાં દ્વાદશાંગી સાદિ-સાંત છે. કેમકે અવસર્પિણી કાળના સુષમદુષમ નામના ત્રીજા આરાના અંતમાં અને ઉત્સર્પિણીકાળના દુષમસુષમ આરાના પ્રારંભમાં તીર્થંકર ભગવાન સર્વપ્રથમ ચતુર્વિધ સંઘની સ્થાપના માટે દ્વાદશાંગ ગણિપિટકની પ્રરૂપણા કરે છે. એ જ સમયે તેનો પ્રારંભ થાય છે. એ અપેક્ષાએ તે સાદિ છે અને દુષમ નામના પાંચમા આરાના અંતે સમ્યક્શ્રુતનો વ્યવચ્છેદ થઈ જાય છે. એ અપેક્ષાએ દ્વાદશાંગ ગણિપિટક સાંત છે. પરંતુ પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં ૧૬૦ વિજયમાં નોઉત્સર્પિણી અને નોઅવસર્પિણીકાળ છે, તેમાં દ્વાદશાંગ ગણિપિટકનો વિચ્છેદ થતો નથી. એ અપેક્ષાએ દ્વાદશાંગ ગણિપિટક અનાદિ અનંત છે કેમકે મહાવિદેહ ક્ષેત્રમાં કાળચક્રનું પરિવર્તન હોતું નથી.

**ભાવતઃ :-** જે તીર્થંકર જે સમયે જે ભાવ વર્ણન કરે છે તેની અપેક્ષાએ દ્વાદશાંગી સાદિ-સાંત છે પરંતુ તે દ્વાદશાંગીને ધારણ કરનારાઓના ક્ષયોપશમ ભાવની અપેક્ષાએ અનાદિ અનંત છે. ક્ષયોપશમ ભાવની અપેક્ષાએ લોકમાં ક્યારેય દ્વાદશાંગી ગણિપિટકનો વિચ્છેદ થતો નથી.

અહીં સમુચ્ચય શ્રુત જ્ઞાનના ચાર ભંગ થાય છે. (૧) સાદિ-સાંત (૨) સાદિ અનંત (૩) અનાદિ સાંત (૪) અનાદિ-અનંત.

**પહેલો ભંગ :-** ભવસિદ્ધિકમાં મળે છે કારણ કે સમ્યક્ત્વ હોવા પર જ અંગ સૂત્રોનું અધ્યયન કરવામાં આવે તેને સાદિ કહેવાય. મિથ્યાત્વના ઉદયથી અથવા ક્ષાયિક જ્ઞાન થઈ જવાથી તે સમ્યક્શ્રુત તેમાં રહેતું નથી, એ અપેક્ષાએ સાંત કહેવાય. કેમકે સમ્યક્શ્રુત ક્ષયોપશમિક જ્ઞાન છે અને દરેક ક્ષાયોપશમિક જ્ઞાન સાંત હોય છે, અનંત નહીં.

**બીજો ભંગ :-** શૂન્ય છે. કેમકે સમ્યક્શ્રુત તથા મિથ્યાશ્રુત સાદિ બનીને અનંત થઈ શકતું નથી. મિથ્યાત્વનો ઉદય થવાથી સમ્યક્શ્રુત રહેતું નથી અને સમ્યક્ત્વ પ્રાપ્ત થવા પર મિથ્યાશ્રુત રહેતું નથી. કેવળજ્ઞાન થવાથી બન્નેનો વિલય



થઈ જાય છે. માટે જે સાદિ શ્રુત હોય તે સાંત પણ હોય જ તેથી આ ભંગ શૂન્ય છે.

**ત્રીજો ભંગ :-** ભવ્ય જીવની અપેક્ષાએ સમજવો જોઈએ. કેમકે ભવ્યસિદ્ધિક મિથ્યાદૃષ્ટિનું મિથ્યાશ્રુત અનાદિકાળથી ચાલ્યું આવે છે, પરંતુ સમ્યક્ત્વ પ્રાપ્ત થવાની સાથે જ મિથ્યાશ્રુતનો અંત આવી જાય છે. માટે અનાદિ-સાંત કહેવાય છે.

**ચોથો ભંગ :-** અનાદિ અનંત છે. અભવ્યસિદ્ધિકનું મિથ્યાશ્રુત અનાદિ અનંત છે. કેમકે એ જીવોને ક્યારેય પણ સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી, કેવળજ્ઞાન થતું નથી માટે તેનું મિથ્યાશ્રુત અનાદિ અનંત છે.

पज्जवक्खरे **(પર્યાયાક્ષર) :-** લોકાકાશ અને અલોકાકાશ રૂપ સર્વ આકાશ પ્રદેશોને સર્વ આકાશ પ્રદેશોથી એકવાર નહીં, દસવાર નહીં, સંખ્યાતવાર નહીં, અસંખ્યાતવાર નહીં પરંતુ અનંતવાર ગુણાકાર કરવાથી જે સંખ્યા થાય એટલી જીવની જ્ઞાન ગુણની પર્યવ (પર્યાય) છે. જ્ઞાનાવરણ કર્મથી તે આવરિત, અનાવરિત થતી રહે છે તો પણ તે પર્યાયોનો અનંતમો ભાગ તો ન્યૂનતમ અનાવરિત રહે જ છે.

અક્ષર શબ્દ અહીં જ્ઞાનના પર્યવ (પર્યાય) અર્થમાં પ્રયુક્ત છે. પર્યવ (પર્યાય) શબ્દ જ્ઞાનનું વિશેષણ છે. જેમ ભગવતી સૂત્ર શ.૨૫માં ચારિત્રને પર્યવ (પર્યાય) કહેલ છે તેમ અહીં જ્ઞાનના પર્યવનું કથન છે.

**● સૂત્ર-૧૩૭/૧ :-**

***પ્રશ્ન :- ગમિકશ્રુતનું સ્વરૂપ કેવું છે ?***

***ઉત્તર :- દૃષ્ટિવાદ બારમું અંગ સૂત્ર એ ગમિકશ્રુત છે.***

***પ્રશ્ન :- અગમિકશ્રુતનું સ્વરૂપ કેવું છે ?***

***ઉત્તર :- ગમિકથી ભિન્ન આચારાંગ આદિ કાલિકશ્રુતને અગમિકશ્રુત કહેવાય છે. આ પ્રમાણે ગમિક અને અગમિકશ્રુતનું વર્ણન છે.***

**● વિવેચન-૧૩૭/૧ :-**

**ગમિકશ્રુત :-** જે શ્રુતના આદિ, મધ્ય અને અંતમાં થોડી વિશેષતાની સાથે ફરી ફરી એ જ શબ્દોનું, વાક્યોનું ઉચ્ચારણ થાય છે, જેમકે —

अजयं चरमाणो य, पाणभूयाइं हिंसइ ।
बंधइ पावयं कम्मं, तं से होइ कडुयं फलं ॥
अजयं चिट्ठमाणो य.. ઈત્યાદિ.

તેમજ ઉત્તરાધ્યયન સૂત્રના દસમા અધ્યયનમાં समयं गोयम ! मा पमायए આ પદ પ્રત્યેક ગાથાના ચોથા ચરણમાં આપેલ છે. તાત્પર્ય એ છે કે સરખા વાક્યોની બહુલતાવાળા સૂત્રને ગમિક શ્રુત કહેવાય છે અને સરખા વાક્યોની બહુલતા જેમાં ન હોય તે સૂત્ર અગમિક કહેવાય છે.

ચૂર્ણિકારે પણ અગમિકશ્રુતના વિષે કહ્યું છે — आई मज्झेऽवसाणे वा किंचिविसेसजुत्तं दुगाइसयग्गसो तमेव, पढिज्जमाणं गमियं भण्णइ ॥

**અગમિકશ્રુત :-** જેના પાઠો એક સરખા ન હોય અર્થાત્ જે ગ્રંથ અથવા શાસ્ત્રમાં વારંવાર એક સરખા પાઠ ન આવે તેને અગમિક કહેવાય.

● **સૂત્ર-૧૩૭/૨ :-**

***અથવા શ્રુત સંક્ષેપમાં બે પ્રકારનું કહ્યું છે — (૧) અંગ પ્રવિષ્ટ (૨) અંગ બાહ્ય.***

***પ્રશ્ન :- અંગબાહ્ય શ્રુત કેટલા પ્રકારનું છે? અંગબાહ્યશ્રુત બે પ્રકારનું છે — (૧) આવશ્યક (૨) આવશ્યકથી ભિન્ન.***

***પ્રશ્ન :- આવશ્યકશ્રુતનું સ્વરૂપ કેવું છે? આવશ્યકશ્રુત છ પ્રકારનું છે — (૧) સામાયિક (૨) ચતુર્વિંશતિસ્તવ (૩) વંદણા (૪) પ્રતિક્રમણ (૫) કાયોત્સર્ગ (૬) પ્રત્યાખ્યાન. આ આવશ્યકશ્રુતનું વર્ણન છે.***

● **વિવેચન-૧૩૭/૨ :-**

મુખ્યતાએ શ્રુતજ્ઞાનના બે ભેદ બતાવેલ છે — અંગપ્રવિષ્ટ (બાર અંગોના અંતર્ગત) અને અંગબાહ્ય. આચારાંગ સૂત્રથી લઈને દૃષ્ટિવાદ સુધી સર્વને અંગપ્રવિષ્ટ કહેવાય છે અને તેનાથી અતિરિક્ત સર્વ અંગ બાહ્ય છે. શરીરમાં રહેલ અસાધારણ અવયવને અંગ કહેવાય છે, તેના પર વૃત્તિકારે કહ્યું છે —

જેવી રીતે સર્વ લક્ષણ યુક્ત પુરુષને બાર અંગ હોય છે — બે પગ, બે જંઘા, બે સાથળ, બે પડખા, બે ભૂજા, એક ગર્દન, એક મસ્તક, એ બાર અંગ છે. એ જ રીતે પરમ પુરુષ શ્રુત દેવતાના પણ બાર અંગ છે.

તીર્થંકરોના ઉપદેશ અનુસાર જે શાસ્ત્રોની રચના ગણધર દેવ સ્વયં કરે છે તેને અંગસૂત્ર કહેવાય અને અંગોનો આધાર લઈને જેની રચના સ્થવિર ભગવંત કરે છે તે શાસ્ત્રને અંગબાહ્ય કહેવાય છે. આવશ્યક સૂત્રની રચના પણ ગણધરો કરે છે. તો પણ તે અંગશાસ્ત્રો ભિન્ન હોવાને કારણે અંગબાહ્ય છે.

અંગબાહ્ય સૂત્રના બે પ્રકાર કહેલ છે. આવશ્યક અને આવશ્યકવ્યતિરિક્ત. આવશ્યક સૂત્રમાં અવશ્ય કરવા યોગ્ય ક્રિયાઓનું વર્ણન છે. તેના છ અધ્યયન છે — સામાયિક, જિનસ્તવન, વંદના, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન. આ છની અંદર સમસ્ત કરવા લાયક ક્રિયાઓનો સમાવેશ થઈ જાય છે. માટે અંગબાહ્ય સૂત્રમાં પ્રથમ સ્થાન આવશ્યક સૂત્રને આપેલ છે. તેની રચના પણ ગણધરો જ કરે છે.

● **સૂત્ર-૧૩૭/૩ :-**

***પ્રશ્ન :- આવશ્યક સિવાય શ્રુતના કેટલા પ્રકાર છે?***

***ઉત્તર :- આવશ્યક સિવાય શ્રુતના બે પ્રકાર છે-કાલિક અને ઉત્કાલિક.***

***પ્રશ્ન :- ઉત્કાલિક શ્રુત કેટલા પ્રકારે છે?***

***તે અનેક પ્રકારનું છે, જેમકે — (૧) દશવૈકાલિક (૨) કલ્પાકલ્પ (૩) ચુલ્લકલ્પશ્રુત (૪) મહાકલ્પશ્રુત (૫) ઔપપાતિક (૬) રાજપ્રશ્નીય (૭) જીવાભિગમ (૮) પ્રજ્ઞાપના (૯) મહાપ્રજ્ઞાપના (૧૦) પ્રમાદાપ્રમાદ (૧૧) નંદી (૧૨) અનુયોગદ્વાર (૧૩) દેવેન્દ્રસ્તવ (૧૪) તંદુલવૈચારિક (૧૫) ચંદ્રવિદ્યા (૧૬) સૂર્યપ્રજ્ઞપ્તિ (૧૭) પૌરુષીમંડળ (૧૮) મંડળપ્રદેશ (૧૯) વિદ્યાચરણવિનિશ્ચય (૨૦) ગણિવિદ્યા (૨૧) ધ્યાન વિભક્તિ (૨૨) મરણવિભક્તિ (૨૩) આત્મવિશુદ્ધિ (૨૪) વીતરાગશ્રુત (૨૫) સંલેખનાશ્રુત (૨૬) વિહારકલ્પ (૨૭) ચરણવિધિ (૨૮) આતુરપ્રત્યાખ્યાન (૨૯) મહાપ્રત્યાખ્યાન. [ઈત્યાદિ.] આ રીતે ઉત્કાલિક શ્રુતનું વર્ણન છે.***



● **વિવેચન-૧૩૭/૩ :-**

આ સૂત્રમાં કાલિક અને ઉત્કાલિક સૂત્રોના નામોનો ઉલ્લેખ કરેલ છે. દિવસના પ્રથમ તથા છેલ્લા પહોરમાં અને રાત્રિના પ્રથમ તથા છેલ્લા પહોરમાં એમ ચાર પહોરમાં સ્વાધ્યાય કરવામાં આવે તેને કાલિકશ્રુત કહેવાય અને કાલિકથી ભિન્નકાળમાં પણ સ્વાધ્યાય કરવામાં આવે તેને ઉત્કાલિકશ્રુત કહેવાય અર્થાત્ અસ્વાધ્યાયના સમયને છોડીને શેષ રાત્રિ અને દિવસ આઠે પહોરમાં અધ્યયન કરવામાં આવે તેને ઉત્કાલિકશ્રુત કહેવાય.

પ્રસ્તુત સૂત્રમાં ઓગણત્રીસ સૂત્રોના નામ ઉત્કાલિક સૂત્ર રૂપમાં આપેલ છે.

● **સૂત્ર-૧૩૭/૪ :-**

***પ્રશ્ન :- કાલિકશ્રુત કેટલા પ્રકારનું છે?***

***ઉત્તર :- કાલિકશ્રુતના અનેક પ્રકાર છે, જેમકે — (૧) ઉત્તરાધ્યયન સૂત્ર (૨) દશાશ્રુતસ્કંધ (૩) બૃહત્કલ્પ (૪) વ્યવહાર (૫) નિશીથ (૬) મહાનિશીથ (૭) ઋષિભાષિત (૮) જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ (૯) દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ (૧૦) ચંદ્રપ્રજ્ઞપ્તિ (૧૧) ક્ષુદ્રિકાવિમાનપ્રવિભક્તિ (૧૨) મહલ્લિકાવિમાનપ્રવિભક્તિ (૧૩) અંગચૂલિકા (૧૪) વર્ગચૂલિકા (૧૫) વિવાહચૂલિકા (૧૬) અરુણોપપાત (૧૭) વરુણોપપાત (૧૮) ગરુડોપપાત (૧૯) ધરણોપપાત (૨૦) વૈશ્રમણોપપાત (૨૧) વેલંધરોપપાત (૨૨) દેવેન્દ્રોપપાત (૨૩) ઉત્થાન શ્રુત (૨૪) સમુત્થાન શ્રુત (૨૫) નાગપરિજ્ઞાપનિકા (૨૬) નિરયાવલિકા (૨૭) કલ્પિકા (૨૮) કલ્પાવતંસિકા (૨૯) પુષ્પિકા (૩૦) પુષ્પચૂલિકા (૩૧) વૃષ્ણિદશા.***

***વગેરે ચોર્યાસી હજાર પ્રકીર્ણક પ્રથમ તીર્થંકર અરિહંત ભગવાન ઋષભદેવ સ્વામીના, સંખ્યાતા પ્રકીર્ણક મધ્યમ તીર્થંકરોના અને ચૌદ હજાર પ્રકીર્ણક ભગવાન વર્ધમાન સ્વામીના હતા. તેનાથી અતિરિક્ત જે તીર્થંકરના જેટલા શિષ્ય ઔત્પાતિકી, વૈનયિકી, કર્મજા અને પારિણામિકી બુદ્ધિથી યુક્ત હોય એટલા હજાર પ્રકીર્ણક બની શકે છે. પ્રત્યેક બુદ્ધ પણ એટલા જ હોય છે. આ કાલિકશ્રુતનું વર્ણન થયું. એ જ રીતે આવશ્યક વ્યતિરિક્તશ્રુતનું વર્ણન જાણવું અને એ જ રીતે અનંગ પ્રવિષ્ટ શ્રુતનું વર્ણન છે.***

● **વિવેચન-૧૩૭/૪ :-**

દરેક તીર્થંકરના શાસનમાં દ્વાદશાંગ ગણિપિટકની જ રચના ગણધરો દ્વારા કરવામાં આવે છે. તે જ દ્વાદશાંગી સૂત્રો શાસનમાં પ્રવૃત્તિ આપે છે. સાથે ય દરેક તીર્થંકરના શાસનમાં લાંબાકાળ સુધી વિશિષ્ટ જ્ઞાની અર્થાત્ અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની અને કેવલજ્ઞાની થતા રહે છે માટે ત્યાં દ્વાદશાંગી સિવાય કોઈપણ નવા સૂત્રોની રચના, સંકલના કરવાની આવશ્યકતા થતી જ નથી. પરંતુ ભગવાન મહાવીરના

શાસનમાં હુંડા અવસર્પિણીના કાલ પ્રભાવથી અને ભસ્મગ્રહના પ્રભાવના કારણથી વિભિન્ન આગમોની રચનાની કે સંખ્યાની પરિસ્થિતિઓ ઊભી થઈ છે અને ભિન્ન ભિન્ન પરંપરાઓ આગમ સંખ્યા માટે જોવા મળે છે.

अणंग पविट्ठं :- આ શ્રુતજ્ઞાનના પ્રકરણમાં બાર અંગ સૂત્રોથી ભિન્ન સૂત્રો માટે 'અંગબાહ્ય' અને 'અનંગપ્રવિષ્ટ' આ બંને શબ્દોનો પ્રયોગ કરેલ છે. બંને શબ્દોનો ભાવાર્થ એક જ છે.

● **સૂત્ર-૧૩૮ :-**

*પ્રશ્ન :- અંગપ્રવિષ્ટ શ્રુત કેટલા પ્રકારનું છે ?*

*ઉત્તર :- અંગપ્રવિષ્ટ શ્રુત બાર પ્રકારનું છે, જેમકે – (૧) આચારાંગ (૨) સૂત્રકૃતાંગ (૩) સ્થાનાંગ (૪) સમવાયાંગ (૫) વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ-ભગવતી (૬) જ્ઞાતાધર્મકથાંગ (૭) ઉપાસકદશાંગ (૮) અંતકૃત્‌દશાંગ (૯) અનુત્તરોપપાતિકદશાંગ (૧૦) પ્રશ્નવ્યાકરણ (૧૧) વિપાક (૧૨) દૃષ્ટિવાદ.*

● **વિવેચન-૧૩૮ :-**

સૂત્રાર્થ સ્પષ્ટ જ છે. વિશેષ વિવેચન આગળના સૂત્રોમાં કરાયેલ છે.

● **સૂત્ર-૧૩૯ :-**

*પ્રશ્ન :- આચારાંગ સૂત્ર કેવા પ્રકારનું છે ?*

*ઉત્તર :- આચારાંગ સૂત્રમાં બાહ્ય-આભ્યંતર પરિગ્રહથી રહિત શ્રમણ નિર્ગ્રંથોના આચાર ગોચર, ભિક્ષા ગ્રહણ કરવાની વિધિ, વિનય (જ્ઞાનાદિનો વિનય), વિનયનું ફળ, કર્મક્ષય આદિ, ગ્રહણ અને આસેવન રૂપ શિક્ષા, બોલવા યોગ્ય સત્ય અને વ્યવહાર ભાષા અને ત્યાજ્ય મિશ્ર તથા અસત્ય ભાષા, ચરણ-વ્રતાદિ, કરણ-પિંડવિશુદ્ધિ આદિ, યાત્રા-સંયમનો નિર્વાહ યોગ્ય ગ્રાહ્ય પદાર્થોની માત્રા, મર્યાદા ઈત્યાદિ વિષયોનું વર્ણન કરેલ છે તે આચાર સંક્ષેપથી પાંચ પ્રકારે પ્રતિપાદન કરેલ છે. જેમકે – (૧) જ્ઞાનાચાર (૨) દર્શનાચાર (૩) ચારિત્રાચાર (૪) તપાચાર (૫) વીર્યાચાર.*

*આચારાંગ સૂત્ર અને અર્થથી પરિમિત વાચનાઓથી પૂર્ણ છે, તેમાં શબ્દોની વ્યાખ્યા કરવાના દ્વાર સંખ્યાત છે. સંખ્યાત (વેઢ) વેષ્ટક અર્થાત્ સરખા પાઠના આલાપક છે. સંખ્યાત શ્લોક, સંખ્યાત નિર્યુક્તિઓ છે અર્થાત્ શબ્દોની વ્યુત્પત્તિઓ (ઉત્પત્તિઓ) પણ સંખ્યાત છે અને સંખ્યાત માન્યતાઓ (વિકલ્પો) તેમાં વર્ણિત છે.*

*આચારાંગ સૂત્ર અંગસૂત્રોમાં પ્રથમ અંગ છે. તેમાં બે શ્રુતસ્કંધ છે, પચ્ચીસ અધ્યયન છે, પંચાસી ઉદ્દેશનકાલ છે, પંચાસી સમુદ્દેશનકાલ છે. પદપરિમાણથી અઢાર હજાર પદ એટલે શબ્દો છે. સંખ્યાત અક્ષર છે. અનંત આશય તેમાં રહેલા છે અને અનંત જ્ઞાનપર્યવ તેમાં નિહિત છે. પરિમિત ત્રસ અને અનંત સ્થાવર જીવોનું તેમાં અપેક્ષિત વર્ણન છે.*

*શાશ્વત અને અશાશ્વત ભાવો તેમાં સંગ્રહિત છે. નિર્યુક્તિ, સંગ્રહણી, હેતુ, ઉદાહરણ આદિથી સ્થિર કરેલ છે, નિર્ણિત કરેલ છે. આ સર્વ જિન-પ્રજ્ઞપ્ત ભાવો, સામાન્ય રૂપે કહેલ છે, ભેદ પ્રભેદથી વિસ્તૃત કરેલ છે, દૃષ્ટાંતપૂર્વક, ઉપમા વડે અને હેતુ, તર્ક, પ્રશ્નોત્તર વડે સમજાવેલ છે તથા નિગમન અને પરિણામ દર્શાવીને પુષ્ટ કરેલ છે.*



*આચારાંગને ગ્રહણ-ધારણ કરનારા, તેના અનુસાર ક્રિયા કરનારા, આચારની સાક્ષાત્ મૂર્તિ બની જાય છે, તે ભાવોના જ્ઞાતા અને વિજ્ઞાતા બની જાય છે. આ પ્રમાણે આચારાંગ સૂત્રમાં ચરણ-કરણની પ્રરૂપણા કરી છે અથવા આ પ્રકારે આ આચારાંગ સૂત્રનું સ્વરૂપ વર્ણિત છે, વિખ્યાત છે, વિજ્ઞાત છે અને આ રીતે એમાં સંયમાચારા અને સંયમ પ્રવૃત્તિઓની પ્રરૂપણા કરેલ છે. આ રીતે આચારાંગનું વર્ણન છે.*

● **વિવેચન-૧૩૯ :-**

નામ પ્રમાણે આ અંગમાં શ્રમણની સંયમની આચારવિધિઓનું વર્ણન કરેલ છે. તેના બે શ્રુતસ્કંધ છે. તે બન્ને શ્રુતસ્કંધમાં અધ્યયનો છે અને અધ્યયનોમાં પણ ઉદ્દેશક છે.

આચરણને જ બીજા શબ્દોમાં આચાર કહેવાય છે અથવા પૂર્વ પુરુષો દ્વારા જે જ્ઞાનાદિની આસેવન વિધિનું આચરણ કરેલ કે કહેલ છે તેને આચાર કહેવાય છે. આ રીતે આચારના પ્રતિપાદન કરનારા શાસ્ત્રને આચારાંગ કહેવાય છે. આચારાંગ સૂત્રમાં પાંચ પ્રકારના આચાર બતાવેલ છે.

**જ્ઞાનાચાર :-**

જ્ઞાનાચારના એટલે જ્ઞાન આરાધનાના આઠ ભેદ છે – કાલ, વિનય, બહુમાન, ઉપધાન, અનિહ્નવણ, વ્યંજન, અર્થ અને તદુભય સંક્ષેપમાં તેનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે –

**(૧) કાલ :-** આગમમાં સૂત્રના સ્વાધ્યાયનો જે સમય બતાવેલ છે તે સમયે સૂત્રનો સ્વાધ્યાય કરવો તેને કાળની આરાધના આચાર કહેવાય છે.

**(૨) વિનય :-** અધ્યયન શીખતી વખતે જ્ઞાન અને જ્ઞાનદાતા ગુરુ પ્રત્યે શ્રદ્ધાભક્તિ રાખવી તેને વિનય આચાર કહેવાય.

**(૩) બહુમાન :-** જ્ઞાન અને જ્ઞાનદાતા પ્રત્યે અત્યંત આસ્થા તેમજ બહુમાનનો ભાવ રાખવો તેને બહુમાન આચાર કહેવાય.

**(૪) ઉપધાન :-** જે સૂત્રનું અધ્યયન કરવું હોય તે માટે જે તપનું વિધાન આગમમાં બતાવેલ છે, તે પ્રમાણે તપ કરવું તે ઉપધાન આચાર છે.

**(૫) અનિહ્નવણ :-** જ્ઞાન અને જ્ઞાનદાતાના નામને છુપાવવું નહીં, તેનું ગૌરવ વધારવું તેને અનિહ્નવણ આચાર કહેવાય છે.

**(૬) વ્યંજન :-** સૂત્રનું શુદ્ધ ઉચ્ચારણ નિર્જરાનો હેતુ બને છે અને અશુદ્ધ ઉચ્ચારણ અતિચારનો હેતુ બને છે. માટે શુદ્ધ ઉચ્ચારણ કરવું તેને વ્યંજન આચાર કહેવાય છે.

**(૭) અર્થ :-** સૂત્રનો પ્રમાણિકતાપૂર્વક અર્થ કરવો, સ્વેચ્છા મુજબ વધારવો કે ઘટાડવો નહીં. સૂત્રનો ભાવ બરાબર બતાવવો તેને અર્થ આચાર કહેવાય છે.

**(૮) તદુભય :-** આગમનું અધ્યયન અને અધ્યાપન વિધિપૂર્વક, નિરતિચારરૂપે કરે તેને તદુભય આચાર કહેવાય છે.

**દર્શનાચાર :-** દર્શનાચાર સમ્યક્ત્વને દૃઢ બનાવે છે. નિરતિચાર સમ્યક્ત્વનું પાલન હોવું જોઈએ. હેયનો ત્યાગ અને ઉપાદેયનું ગ્રહણ કરવાની રુચિ હોવી તેને નિશ્ચય સમ્યક્ત્વ કહેવાય અને એ જ રુચિના બળે થનારી ધર્મ તત્ત્વનિષ્ઠાને વ્યવહાર સમ્યક્ત્વ કહેવાય. દર્શનાચારના પણ આઠ ભેદ બતાવ્યા છે, જેમ કે —

**(૧) નિઃશંકિત :-** આત્મતત્ત્વ પર શ્રદ્ધા રાખવી. અરિહંત ભગવંતના ઉપદેશમાં, કેવળી ભાષિત ધર્મમાં તેમજ મોક્ષ પ્રાપ્તિના ઉપાયમાં શંકા ન રાખે તેને નિઃશંકિત કહેવાય.

**(૨) નિઃકાંક્ષિત :-** સાચા દેવ, ગુરુ, ધર્મ અને શાસ્ત્રથી અતિરિક્ત કુદેવ, કુગુરુ, ધર્માભાસ અને શાસ્ત્રાભાસની આકાંક્ષા ન રાખવી.

**(૩) નિર્વિચિકિત્સા :-** આચરણ કરેલ ધર્મનું ફળ મળશે કે નહીં ? એ રીતે ધર્મના ફળ પ્રતિ સંદેહ ન રાખે તેને નિર્વિચિકિત્સા કહેવાય અથવા સંયમ ધર્મના આચારો પ્રત્યે ધૃણા કે સંદેહ ન રાખે તેને પણ નિર્વિચિકિત્સા કહેવાય.

**(૪) અમૂઢદૃષ્ટિ :-** વિભિન્ન દર્શનોની યુક્તિથી, મિથ્યાદૃષ્ટિઓની ઋદ્ધિથી, તેના આડંબર, ચમત્કાર, વિદ્વતા, ભય અથવા પ્રલોભનથી દિગ્મૂઢ ન બને તેમજ સ્ત્રી, પુત્ર, ધન આદિમાં ગૃદ્ધ બનીને મૂઢ ન બને તેને અમૂઢદૃષ્ટિ કહેવાય.

**(૫) ઉવબૂહ :-** જે વ્યક્તિ સંઘની સેવા કરે, તપ અને સંયમની આરાધના કરનાર હોય, તેમજ જેની પ્રવૃત્તિ પ્રાણી હિત માટે અને ધાર્મિક ક્રિયામાં દિનપ્રતિદિન વધતી હોય તેનો ઉત્સાહ વધારવો તેને ઉવબૂહ કહેવાય.

**(૬) સ્થિરીકરણ :-** સમ્યગ્દર્શન તથા સમ્યગ્ ચારિત્રથી પડિવાય થયેલા સ્વધર્મી વ્યક્તિઓને ધર્મના માર્ગ પર સ્થિર કરે તેને સ્થિરીકરણ કહેવાય.

**(૭) વાત્સલ્ય :-** જેમ ગાય પોતાના વાછરડા પર પ્રીતિ રાખે છે એમ સાધર્મીજનો પર વાત્સલ્યભાવ રાખવો. તેઓને જોઈને પ્રમુદિત થવું તેમજ તેનું સન્માન કરવું, તેને વાત્સલ્ય કહેવાય.

**(૮) પ્રભાવના :-** જે ક્રિયાઓથી ધર્મની હીનતા અને નિંદા થાય એવી ક્રિયા ન કરવી, પણ શાસનની ઉન્નતિ થાય, જનતા ધર્મથી પ્રભાવિત થાય એવી ક્રિયા કરવી, તેને પ્રભાવના કહેવાય.

**ચારિત્રાચાર :-** અણુવ્રત તથા મહાવ્રત એ ચારિત્રાચાર છે. એ બન્નેનું પાલન કરવાથી સંચિત કર્મોનો ક્ષય થાય છે તેમજ આત્મા ઊર્ધ્વગામી બને છે. ચારિત્રના બે ભેદ છે — (૧) પ્રવૃત્તિ (૨) નિવૃત્તિ. મોક્ષાર્થીએ યત્નાપૂર્વક આવશ્યક પ્રવૃત્તિ કરવી જોઈએ. એવી પ્રવૃત્તિને સમિતિ કહેવાય છે. અનાવશ્યક પ્રવૃત્તિઓ ન કરવી કે મન, વચન કાયાની પ્રવૃત્તિઓને ઘટાડવી તે ગુપ્તિ છે. સમિતિઓ પાંચ પ્રકારની



છે, જેમકે —

**(૧) ઈર્યાસમિતિ :-** છકાય જીવોની રક્ષા કરતાં વિવેકપૂર્વક ચાલવું.

**(૨) ભાષાસમિતિ :-** સત્યભાષા તેમજ હિત, મિત, પ્રિય અને સંયમ મર્યાદાની રક્ષા કરતાં યત્નાપૂર્વક બોલવું.

**(૩) એષણાસમિતિ :-** શરીરનિર્વાહ અને સંયમનિર્વાહ માટે નિર્દોષ ભિક્ષા ગ્રહણ કરવી.

**(૪) આદાન-ભંડમાત્રનિક્ષેપણ સમિતિ :-** ભંડોપકરણને વિવેકપૂર્વક ગ્રહણ, ધારણ કરવા, વિવેકથી લેવા કે મૂકવા.

**(૫) ઉચ્ચાર-પ્રસવણ-શ્લેષ્મ જલ્લ-મલ પરિષ્ઠાપનિકા સમિતિ :-** મળ-મૂત્ર, શ્લેષ્મ, કફ, થૂંક આદિને યત્નાપૂર્વક નિરવદ્ય સ્થાન પર પરિષ્ઠાપન કરવા એટલે વિવેકથી નાખવા તથા જીવજંતુઓનો સંહાર થાય તેમ પરઠવા નહિ કે નાલી, ગટર આદિમાં પ્રવાહિત કરવા નહીં.

**(૬) ગુપ્તિ :-** મન, વચન અને કાયાથી હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહ એ પાપોનું સેવન અનુકૂળ સમય મળે તો પણ ન કરવું અને ત્રણે ય યોગોનો શક્ય તેટલો ત્યાગ કરવો, તેને ગુપ્તિ કહેવાય છે.

આ રીતે પ્રશસ્તમાં પ્રવૃત્તિ કરવી અને અપ્રશસ્તથી નિવૃત્ત થવું તેને ક્રમશઃ સમિતિ અને ગુપ્તિ કહેવાય છે. અનુકૂળતાએ પ્રવૃત્તિ માત્રથી શક્ય તેટલી નિવૃત્તિ કરવી તે પણ ગુપ્તિ કહેવાય છે. સમિતિની પરાકાષ્ટા ધ્યાન છે અને ગુપ્તિની પરાકાષ્ટા એ વ્યુત્સર્ગ તપ છે.

**તપાચાર :-** કષાયાદિને કૃશ કરવા માટે અને રાગદ્વેષ પર વિજય પ્રાપ્ત કરવા માટે જે જે ઉપાયો વડે શરીર, ઇન્દ્રિય અને મનને તપાવવામાં આવે અથવા ઈચ્છાઓ પર અંકુશ રાખવામાં આવે તેને તપ કહેવાય છે. તપ વડે જીવનમાં અસત્ પ્રવૃત્તિઓના સ્થાન પર સત્ પ્રવૃત્તિઓ સ્થાન પામે છે. તેમજ તપ વડે સંપૂર્ણ કર્મનો ક્ષય થાય છે અને આત્મા મોક્ષ મંજિલે પહોંચી જાય છે.

તપ નિર્જરાનો પ્રકાર છે છતાં સંવરનો પણ હેતુ છે તેમજ મુક્તિનો પ્રદાતા છે. તેના બે ભેદ છે — બાહ્યતપ અને આભ્યંતરતપ. બંન્નેના છ છ પ્રકાર છે. તેનું સંક્ષિપ્ત સ્વરૂપ આ પ્રમાણે છે.

**(૧) અનશન :-** સંયમની પુષ્ટિ, રાગનો ઉચ્છેદ અને ધર્મધ્યાનની વૃદ્ધિ માટે પરિમિત સમય ઉપવાસ આદિ રૂપે અથવા વિશિષ્ટ પરિસ્થિતિમાં આજીવન સુધી સંપૂર્ણ આહારનો ત્યાગ કરવો, તેને અનશન કહેવાય.

**(૨) ઊણોદરી :-** ભૂખ હોય તેનાથી ઓછું ખાવું તેને ઊણોદરી કહેવાય.

**(૩) વૃત્તિ-પરિસંખ્યાન :-** એક ઘર, એક માર્ગ અથવા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવરૂપ અભિગ્રહ ધારણ કરે તથા તેના દ્વારા ચિત્તવૃત્તિ સ્થિર થાય અને આસક્તિ ઘટે તેને વૃત્તિ-પરિસંખ્યાન કહેવાય. વિવિધ પદાર્થોના ત્યાગ પણ આ તપમાં સમાવિષ્ટ થાય છે.

**(૪) રસપરિત્યાગ :-** રાગવર્ધક રસનો પરિત્યાગ કરવાથી લોલુપતા ઘટે છે. જીભ પર કાબૂ આવે તેને રસપરિત્યાગ કહેવાય.

**(૫) કાયક્લેશ :-** શીત-ઉષ્ણ પરીષહ સહન કરવા, આતાપના લેવી તેને કાયક્લેશ કહેવાય. કાયક્લેશ તપમાં તિતિક્ષાના હેતુ હોય છે.

**(૬) ઈન્દ્રિય પ્રતિસંલીનતા :-** આ તપ સ્વાધ્યાય, ધ્યાનાદિની વૃદ્ધિ માટે કરવામાં આવે છે. તેથી ઈન્દ્રિયા તથા યોગોનો નિગ્રહ થાય છે. આ છ બાહ્યતપ કહ્યા. ત્યારબાદ છ પ્રકારના આભ્યંતર તપનો સંક્ષિપ્ત પરિચય નીચે પ્રમાણે છે.

**(૧) પ્રાયશ્ચિત્ત :-** પશ્ચાત્તાપ કરતાં પ્રમાદજન્ય પાપ પ્રવૃત્તિથી છૂટી આત્મશુદ્ધિ કરવામાં આવે છે, તેને પ્રાયશ્ચિત્ત તપ કહેવાય છે.

**(૨) વિનય :-** ગુરુજનોનો તેમજ ઉચ્ચ ચારિત્રના ધારક મહાપુરુષોનો વિનય કરવો, તેને વિનય તપ કહેવાય.

**(૩) વૈયાવૃત્ય :-** સ્થવિર, બીમાર, તપસ્વી, નવદીક્ષિત તેમજ પૂજ્ય પુરુષોની યથાશક્તિ સેવા કરવી તેને વૈયાવૃત્ય તપ કહેવાય.

**(૪) સ્વાધ્યાય :-** પાંચ પ્રકારની સ્વાધ્યાય કરવી તે સ્વાધ્યાયરૂપ આભ્યંતર તપ છે. તેનું મહત્ત્વ અનુપમ છે.

**(૫) ધ્યાન :-** સ્થૂલવૃત્તિએ આત્મભાવ કે વૈરાગ્યભાવ રૂપ ધર્મધ્યાનમાં અને સૂક્ષ્મ પરિણામે શુક્લ ધ્યાનમાં તલ્લીન થવું તેને ધ્યાન કહેવાય.

**(૬) વ્યુત્સર્ગ :-** અભ્યંતર અને બાહ્ય ઉપધિનો યથાશક્તિ પરિત્યાગ કરવો. તેનાથી મમતા ઘટે છે અને સમતાની વૃદ્ધિ થાય છે. યોગોનો, કષાયનો, ગણનો અને ઉપધિનો એમ વિવિધ રીતે વ્યુત્સર્ગ થાય છે.

આ રીતે છ પ્રકારના બાહ્ય તપ અને છ પ્રકારના આભ્યંતર તપ મુમુક્ષુને મોક્ષ માર્ગ પર અગ્રસર કરે છે.

**વીર્યાચાર :-** વીર્ય શક્તિને વીર્યાચાર કહેવાય છે. પોતાની શક્તિ અથવા બળને શુભ અનુષ્ઠાનોમાં પ્રવૃત્ત કરે તેને વીર્યાચાર કહેવાય. એના ત્રણ પ્રકાર આ પ્રમાણે છે —

(૧) પ્રત્યેક ધાર્મિક અનુષ્ઠાનોમાં પ્રમાદ રહિત થઈને યથા શક્ય પ્રયત્ન કરવો.

(૨) જ્ઞાનાચારના આઠ અને દર્શનાચારના આઠ ભેદ, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ તથા તપના બાર ભેદને સારી રીતે સમજીને એ છત્રીસ પ્રકારના શુભ અનુષ્ઠાનોમાં યથાસંભવ પોતાની શક્તિને પ્રયુક્ત કરવી.

(૩) પોતાની ઈન્દ્રિયોની તથા મનની શક્તિને મોક્ષપ્રાપ્તિના ઉપાયોમાં સામર્થ્ય પ્રમાણે પ્રયોજવી.

**ચરણ :-** પાંચ મહાવ્રત, દસ પ્રકારનો શ્રમણધર્મ, સત્તર પ્રકારનો સંયમ, દશ પ્રકારની વૈયાવૃત્ય, નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિ, રત્નત્રય, બાર પ્રકારના તપ, ચાર કષાય નિગ્રહ એ બધાંને ચરણ કહેવાય. તેને ''चरणसत्तरि'' પણ કહેવાય છે.



**કરણ :-** ચાર પ્રકારની પિંડવિશુદ્ધિ, પાંચ સમિતિ, બાર ભાવનાઓ, બાર ભિક્ષુની પ્રતિમાઓ, પાંચ ઈન્દ્રિયોનો નિરોધ, પચ્ચીસ પ્રકારની પ્રતિલેખના, ત્રણ ગુપ્તિઓ અને ચાર પ્રકારનો અભિગ્રહ, એ સિત્તેર ભેદને કરણ કહેવાય છે અર્થાત્ તેને करणसत्तरि પણ કહેવાય છે.

**યાત્રા :-** સંયમ, તપ, ધ્યાન, સમાધિ તેમજ સ્વાધ્યાયમાં પ્રવૃત્તિ કરવી.

**વાચના :-** સંખ્યાત વાચનાઓ કહેલ છે. તેનું તાત્પર્ય એ છે કે અથથી લઈને અંત સુધી શિષ્યને જેટલી-વાર નવો પાઠ આપે, લખાવે તેને વાચના કહેવાય છે.

**અનુયોગદ્વાર :-** અનુયોગનો અર્થ છે સૂત્રને અર્થ પરમાર્થ દેખાડવો. તેના ચાર દ્વાર છે. ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ અને નય. એ ચાર દ્વારોના માધ્યમથી સૂત્રના શબ્દોના અર્થ ઘટિત કરવામાં આવે છે. માટે તેને અનુયોગ દ્વાર કહે છે. અનુયોગદ્વારનો આશ્રય લેવાથી શાસ્ત્રનો મર્મ સારી રીતે અને યથાર્થરૂપે સમજાય છે.

સંપૂર્ણ સૂત્રમાં સંખ્યાતા પદ એવા હોય છે કે જેનું ચાર અનુયોગદ્વારોથી (ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ અને નયથી) વિશ્લેષણ કરવામાં આવે છે. માટે સંખ્યાતા અનુયોગદ્વાર થઈ જાય છે.

**વેઢ :-** કોઈ એક વિષયને પ્રતિપાદન કરનાર જેટલા વાક્ય છે તેને વેષ્ટક-આલાપક કહેવાય છે. તે પણ સંખ્યાત જ છે.

**શ્લોક :-** પરિમાણની અપેક્ષા આ સૂત્ર સંખ્યાત શ્લોક પરિમાણ છે. એક શ્લોકમાં બત્રીસ અક્ષરની ગણતરી કરાય છે.

**નિર્યુક્તિ :-** નિશ્ચયપૂર્વક અથવા શબ્દના નિરુક્ત-વ્યુત્પત્તિપૂર્વક અર્થને પ્રતિપાદન કરનારી યુક્તિને નિર્યુક્તિ કહેવાય છે. એવી નિર્યુક્તિઓ પણ સંખ્યાત છે. સૂત્રમાં શબ્દ સંખ્યાત હોય છે. તેથી તેના નિરુક્ત અર્થને બતાવનારી નિર્યુક્તિઓ પણ સંખ્યાતી જ હોય છે.

**પ્રતિપત્તિ :-** જેમાં દ્રવ્ય આદિ પદાર્થોની વિભિન્ન માન્યતાઓનો કે વિકલ્પોનો ઉલ્લેખ હોય તેને પ્રતિપત્તિ કહેવાય છે તે પણ સંખ્યાત છે.

**ઉદ્દેશનકાળ :-** અંગસૂત્ર આદિનું પઠન પાઠન કરવું. શાસ્ત્રીય નિયમ પ્રમાણે કોઈ પણ શાસ્ત્રનું શિક્ષણ ગુરુની આજ્ઞાથી કરી શકાય. શિષ્યના પૂછવા પર ગુરુ જ્યારે કોઈ પણ શાસ્ત્રનું અધ્યયન કરવાની આજ્ઞા આપે અથવા પહેલીવાર તે સૂત્રના મૂળ અને અર્થની સંક્ષેપમાં વાચના આપે, ઉચ્ચારણ કરાવે તેને ઉદ્દેશન કહેવાય છે. એક સૂત્રના એવા સંખ્યાતા ઉદ્દેશનકાળ થાય છે. જેટલી વારમાં તે સૂત્ર પૂર્ણ કરવામાં આવે તે સંખ્યાને ઉદ્દેશનકાળ કહેવાય છે.

**સમુદ્દેશનકાળ :-** ઉદ્દેશ કરાયેલ સૂત્રને ફરીથી પરિપક્વ અને શુદ્ધ કરાવવામાં આવે, વિશેષ પરમાર્થ સમજાવવામાં આવે તેને સમુદ્દેશ કહેવાય છે. તે પણ જેટલીવારમાં કે જેટલા દિવસોમાં પૂર્ણ કરાય તેને સમુદ્દેશનકાળ કહેવાય છે. તે પણ દરેક સૂત્રના સંખ્યાત જ હોય છે.

**ગમ :-** ગમ અર્થાત્ અર્થ કાઢવાના માર્ગ, સૂત્રના ભાવો, આશય સમજવો,

તેને ગમ કહેવાય છે. તે દરેક સૂત્રના અનંત હોય છે.

**પર્યવો :-** જેમ ચારિત્રના અનંત પજ્જવા-પર્યવ (પર્યાય) હોય છે તેમજ શ્રુતજ્ઞાન ગુણરૂપ દરેક શાસ્ત્ર જ્ઞાનના અનંત પર્યવ (પર્યાય)-પર્યવો હોય છે. અહીં પર્યવ (પર્યાય)નો અર્થ છે તે ગુણની આરાધનાની તારતમ્યતા, પરિણામોની શુદ્ધિની વિભિન્નતા. દરેક આત્મગુણના પર્યાયો અનંત હોય છે. જુદા જુદા આત્માઓના ગુણ પર્યવ પરસ્પર અનંતગણા તફાવતવાળા હોય છે. શરીર સંબંધી પર્યાયો એક ભવમાં સંખ્યાત કે અસંખ્યાત જ થાય છે. અનંત પર્યાયો એક ભવમાં થતી નથી માટે અહીં શરીર સંબંધી પર્યાયો સમજવી નહીં. જ્ઞાનીના શ્રુતજ્ઞાનના પર્યવોનું કથન છે, એમ સમજવું જોઈએ.

**ત્રસ અને સ્થાવર :-** દરેક સૂત્રમાં પરિમિત ત્રસ જીવોની તથા અનંત સ્થાવર જીવોની અપેક્ષા હોય છે અર્થાત્ દરેક ત્રસ સ્થાવર જીવોની રક્ષાના કે દયા-અનુકંપાના અને હિતના ભાવ સર્વ સૂત્રોમાં હોય જ છે. અનંત નહીં પરંતુ અસંખ્ય છે તેને જ અહીં પરિમિત કહેલ છે.

**શાશ્વતકૃત :-** ધર્માસ્તિકાય આદિ દ્રવ્ય નિત્ય છે. ઘટ-પટાદિ પદાર્થો પ્રયોગ જ છે. સંધ્યાકાલીન લાલિમા આદિ વિશ્રસા (સ્વભાવ)થી હોય છે. સૂત્રમાં શાશ્વત અશાશ્વત બંને ભાવો હોય છે. નિર્યુક્તિ, હેતુ, ઉદાહરણ, લક્ષણ આદિ અનેક પદ્ધતિઓ વડે તે પદાર્થનો નિર્ણય કરાય છે.

આચારાંગ સૂત્ર અંગની અધિકાંશ રચના ગદ્યાત્મક છે. વચ્ચે વચ્ચે ક્યાંક ક્યાંક પદ્ય આવે છે. અર્ધમાગધી ભાષાનું સ્વરૂપ સમજવા માટે આ રચના મહત્વપૂર્ણ છે. સાતમા અધ્યયનનું નામ મહાપરિજ્ઞા છે પરંતુ કાળ-દોષના કારણે તેનો પાઠ વિચ્છિન્ન થઈ ગયો છે. ઉપધાન નામના નવમા અધ્યયનમાં ભગવાન મહાવીરની તપસ્યાનું બહુ જ મોટી સંખ્યામાં માર્મિક વર્ણન છે. ત્યાં તેઓને લાઢ, વજભૂમિ અને શુભ્રભૂમિમાં વિહાર કરતાં કરતાં વિવિધ પ્રકારના ભયંકર ઉપસર્ગ સહન કરવા પડ્યા તે વિષેનો સ્પષ્ટ ઉલ્લેખ ચે. પહેલા શ્રુતસ્કંધના ૯ અધ્યયન છે અને ૪૪ ઉદ્દેશક છે. બીજા શ્રુતસ્કંધમાં શ્રમણના માટે નિર્દોષ ભિક્ષાનું, આહાર પાણીની શુદ્ધિનું, શય્યા, સંસ્તરણ, વિહાર, ચાતુર્માસ, ભાષા, વસ્ત્ર, પાત્ર આદિ ઉપકરણોનું વર્ણન છે. મહાવ્રત અને તેના સંબંધી પચ્ચીસ ભાવનાઓનું સ્વરૂપ વિસ્તારપૂર્વક આપેલ છે. મહાવીર સ્વામીના જન્મથી લઈને દીક્ષા, કેવળજ્ઞાન અને ઉપદેશ આદિનું સવિસ્તૃત વર્ણન છે. બીજો શ્રુતસ્કંધ ૧૬ અધ્યયનોમાં વિભાજિત છે. તેની ભાષા પહેલા શ્રુતસ્કંધની અપેક્ષાએ સરળ છે.

**● સૂત્ર-૧૪૦ :-**

***પ્રશ્ન :- સૂત્રકૃતાંગમાં ક્યા વિષયનું વર્ણન છે ?***

***ઉત્તર :- સૂત્રકૃતાંગમાં ષડ્દ્રવ્યાત્મક લોક સૂચિત કરવામાં આવેલ છે, કેવળ આકાશ દ્રવ્યમય અલોક સૂચિત કરવામાં આવેલ છે અને લોકાલોક પણ સૂચિત કરેલ છે. આ પ્રમાણે જીવ, અજીવ અને જીવાજીવની સૂચના આપેલી છે,***



***સ્વમત, પરમત અને સ્વ-પરમતની સૂચના આપેલી છે.***

***સૂત્રકૃતાંગમાં એકસો એંસી ક્રિયાવાદીઓના, ચોરાસી અક્રિયાવાદીઓના, સડસઠ અજ્ઞાનવાદીઓના અને બત્રીસ વિનયવાદીઓના આ રીતે ત્રણસો ત્રેસઠ પાખંડીઓના મતોનું નિરાકરણ કરીને સ્વસિદ્ધાંતની સ્થાપના કરાયેલ છે.***

***સૂત્રકૃતાંગમાં પરિમિત વાચનાઓ છે, સંખ્યાત અનુયોગદ્વાર, સંખ્યાત વેષ્ટક-આલાપક, સંખ્યાત શ્લોક, સંખ્યાત નિર્યુક્તિઓ, સંખ્યાત સંગ્રહણીઓ અને સંખ્યાત પ્રતિપત્તિઓ છે.***

***આ સૂત્ર અંગ આગમની દૃષ્ટિથી બીજું છે. એમાં બે શ્રુતસ્કંધ અને ત્રેવીસ અધ્યયન છે, તેત્રીસ ઉદ્દેશનકાળ અને તેત્રીસ સમુદ્દેશનકાળ છે. સૂત્રકૃતાંગનું પદ-પરિમાણ છત્રીશ હજાર છે. તેમાં સંખ્યાત અક્ષર, અનંતગમ, અનંત પર્યવ (પર્યાય), પરિમિત ત્રસ અને અનંત સ્થાવર જીવોનો તેમાં સમાવેશ છે. ધર્માસ્તિકાય આદિ તેમાં શાશ્વત અને અશાશ્વત ભાવો, નિબદ્ધ તેમજ હેતુ આદિ વડે સિદ્ધ કરેલ છે. જિન પ્રણીત ભાવ કહેવામાં આવેલ છે અને એનું પ્રજ્ઞાપન, પ્રરૂપણ, દર્શન, નિદર્શન અને ઉપદર્શન કરવામાં આવેલ છે.***

***સૂત્રકૃતાંગનું અધ્યયન કરનારા તદ્રૂપ અર્થાત્ સૂત્રગત વિષયોમાં તલ્લીન હોવાથી તદાકાર આત્મા, જ્ઞાતા તેમજ વિજ્ઞાતા બની જાય છે. અથવા સૂત્રકૃતાંગ સૂત્રનું આ સ્વરૂપ છે, આ રીતે તે વિખ્યાત છે, વિજ્ઞાત છે. આ પ્રમાણે આ સૂત્રમાં ચરણ-કરણની પ્રરૂપણા કરવામાં આવી છે. આ રીતે સૂત્રકૃતાંગનું વર્ણન છે.***

**● વિવેચન-૧૪૦ :-**

સૂત્રકાર આ સૂત્રમાં સૂત્રકૃતાંગનો સંક્ષિપ્ત પરિચય આપે છે. 'સૂચ્' સૂચાયાં ધાતુથી 'સૂત્રકૃતાંગ' શબ્દ બને છે. એનો આશય એ છે કે જે સમસ્ત જીવાદિ પદાર્થનો બોધ કરાવે છે તેનો સૂચકૃત્ કહેવાય. અથવા સૂચનાત્ સૂત્રમ જે મોહનિદ્રામાં સુપ્ત હોય અથવા પથભ્રષ્ટ પ્રાણીઓને જગાડીને સન્માર્ગે ચડાવે તેને સૂત્રકૃત્ કહેવાય. જેવી રીતે વીખરાયેલા મોતીને દોરામાં પરોવીને એકત્રિત કરવામાં આવે છે એ જ રીતે જેના દ્વારા વિવિધ વિષયોને તેમજ મત-મતાંતરોની માન્યાતાઓને ક્રમબદ્ધ કરવામાં આવે તેને પણ સૂત્રકૃત્ કહે છે. સૂત્રકૃતાંગમાં વિભિન્ન વિચારકોના મતોનું દિગ્દર્શન કરાવવામાં આવેલ છે.

સૂત્રકૃતાંગમાં લોક, અલોક તથા લોકાલોકના સ્વરૂપનું પણ પ્રતિપાદન કરવામાં આવ્યું છે. શુદ્ધ જીવ પરમાત્મા છે, શુદ્ધ અજીવ જડ પદાર્થ છે અને સંસારી જીવ શરીરથી યુક્ત હોવાના કારણે જીવાજીવ કહેવાય છે. કોઈ દ્રવ્ય પોતાનું સ્વરૂપ છોડતા નથી અને બીજાના સ્વરૂપને અપનાવતા પણ નથી. એ જ દ્રવ્યનું દ્રવ્યત્વ છે.

ઉક્ત સૂત્રમાં મુખ્યતયા સ્વદર્શન, અન્યદર્શન તથા સ્વ-પરદર્શનનું વિવેચન કરવામાં આવેલ છે. અન્ય દર્શનોનું વર્ગીકરણ-ક્રિયાવાદી, અક્રિયાવાદી, અજ્ઞાનવાદી અને વિનયવાદી આ રીતે ચાર મતોમાં થાય છે. તેનું સંક્ષિપ્ત વિવરણ નીચે પ્રમાણે છે—

**(૧) ક્રિયાવાદી :-** ક્રિયાવાદી નવ તત્ત્વને કથંચિત્ વિપરીત સમજે છે અને

ધર્મના આંતરિક સ્વરૂપને યથાર્થ રીતે ન જાણવાના કારણે પ્રાયઃ બાહ્ય ક્રિયાકાંડના પક્ષપાતી રહે છે, માટે તેને ક્રિયાવાદી કહેવાય છે. એમ તો પ્રાયઃ તેને આસ્તિક જ મનાય છે.

**(૨) અક્રિયાવાદી :-** અક્રિયાવાદી નવ તત્ત્વ અથવા ચારિત્રરૂપ ક્રિયાનો નિષેધ કરે છે. તેઓની ગણતરી પ્રાયઃ નાસ્તિકમાં કરાય છે. સ્થાનાંગ સૂત્રના આઠમા સ્થાનમાં આઠ પ્રકારના અક્રિયાવાદીઓનો ઉલ્લેખ છે. તે ક્રમશઃ આ પ્રમાણે છે–

(૧) एकवादी :- કોઈ વિચારકનો મત છે કે વિશ્વમાં જડ પદાર્થ સિવાય અન્ય કંઈ છે જ નહીં. માત્ર જડ જ છે. આત્મા, પરમાત્મા અને ધર્મ નામની કોઈ વસ્તુ છે જ નહીં. શબ્દાદ્વૈતવાદી એક માત્ર શબ્દની જ સત્તા માને છે. બ્રહ્માદ્વૈતવાદીઓ માત્ર બ્રહ્મ સિવાય અન્ય સર્વ દ્રવ્યોનો નિષેધ કરે છે.

ઉપરોક્ત દરેક વાદીઓનો સમાવેશ એકવાદીમાં જ થઈ જાય છે.

(૨) अनेकवादी :-! જેટલા ધર્મ છે એટલા જ ધર્મી છે, જેટલા ગુણ છે એટલા જ ગુણી છે, જેટલા અવયવો છે એટલા જ અવયવી છે. એવી માન્યતા ધરાવનારને અનેકવાદી કહેવાય છે. વસ્તુગત અનંત પર્યાય હોવાથી તેઓ વસ્તુને પણ અનંત માને છે.

(૩) मितवादी :- મિતવાદી લોકને સપ્તદ્વીપ સુધી જ સીમિત માને છે. તેનાથી આગળ લોક છે નહીં. તેઓ આત્માને અંગુષ્ઠ પ્રમાણ અથવા શ્યામાક તંદુલ પ્રમાણ માને છે પણ શરીર પ્રમાણ અને લોકપ્રમાણ માનતા નથી. તેમજ દૃશ્યમાન જીવોને જ આત્મા માને છે, આત્મા અનંત છે એમ તેઓ માનતા નથી.

(૪) निर्मितवादी :- ઈશ્વરવાદી સૃષ્ટિનો કર્તા, ધર્તા અને હર્તા ઈશ્વરને જ માને છે. તેઓની માન્યતા પ્રમાણે આ વિશ્વ કોઈના દ્વારા નિર્મિત થયું છે. શૈવ શિવને, વૈષ્ણવ વિષ્ણુને અને કોઈ બ્રહ્માને સૃષ્ટિના નિર્માતા માને છે. આ રીતે દરેક વાદીઓનો સમાવેશ આ ભેદમાં થઈ જાય છે.

(૫) सातावादी :- તેઓની માન્યતા છે કે સુખનું બીજ સુખ છે અને દુઃખનું બીજ દુઃખ છે. તેઓના કથન પ્રમાણે ઈન્દ્રિયો દ્વારા વૈષયિક સુખનો ઉપભોગ કરવાથી પ્રાણી ભવિષ્યમાં પણ સુખી થઈ શકે છે અને તેનાથી વિપરીત તપ, સંયમ, નિયમ તેમજ બ્રહ્મચર્ય આદિથી શરીર અને મનને દુઃખ પહોંચાડવાથી જીવ પરભવમાં પણ દુઃખ પ્રાપ્ત કરે છે. તાત્પર્ય એ છે કે સાતાવાદીઓના મત અનુસાર શરીર અને મનને સાતા પહોંચાડવાથી જ જીવ ભવિષ્યમાં સુખી થઈ શકે છે.

(૬) समुच्छेदवादी :- સમુચ્છેદવાદી અર્થાત્ ક્ષણિકવાદને માનનારા આત્મા આદિ દરેક પદાર્થને ક્ષણિક માને છે. નિરન્વય નાશ એવી એની માન્યતા છે.

(૭) नित्यवादी :- નિત્યવાદીના પક્ષપાતી કહે છે કે પ્રત્યેક વસ્તુ એક જ સ્વરૂપમાં અવસ્થિત રહે છે. તેઓના વિચારથી વસ્તુમાં ઉત્પાત-વ્યય ન હોય, તેઓ વસ્તુને પરિણામી ન માને પણ કૂટસ્થ નિત્ય માને છે. બીજા શબ્દોમાં તેઓને વિવર્તવાદી પણ કહેવાય છે. જેમકે અસત્‌ની ઉત્પત્તિ નથી હોતી અને તેનો વિનાશ





પણ નથી હોતો. એ જ રીતે સત્‌નો પણ ઉત્પાદ અને વિનાશ નથી હોતો. કોઈ પણ પરમાણુ સદાકાળથી જેવા સ્વરૂપે રહ્યું છે એવું જ ભવિષ્યમાં પણ રહેશે, તેમાં પરિવર્તન માટે કોઈ અવકાશ નથી. એવી માન્યતા રાખનારા વાદી ઉક્ત ભેદમાં નિહિત થઈ જાય છે.

(૮) ન સંતિ પરલોકવાદી :- આત્મા જેવી કોઈ વસ્તુ જ નથી. તો પછી પરલોક કેવી રીતે હોઈ શકે ? આત્મા ન હોવાથી પુણ્ય-પાપ, ધર્મ-અધર્મ, શુભ-અશુભ કોઈ પણ કર્મ રહેતું નથી. માટે પરલોક છે એમ માનવું એ નિરર્થક છે અથવા શાંતિ એ જ મોક્ષ છે. તેઓ આત્માને તો માને છે પરંતુ તેનું કહેવું છે કે આત્મા અલ્પજ્ઞ છે, તે ક્યારેય પણ સર્વજ્ઞ બની શકતો નથી. સંસારી આત્મા ક્યારેય પણ મુક્ત બની શકતો નથી અથવા આ લોકમાં જ શાંતિ-સાતા અને સુખ છે. પરલોકમાં એ દરેકનો સર્વથા અભાવ છે. પરલોકનો, પુનર્જન્મનો અને મોક્ષના નિષેધક જે કોઈ વિચારક હોય, એ દરેકનો સમાવેશ આ ભેદમાં થઈ જાય છે.

**(૩) અજ્ઞાનવાદી :-** અજ્ઞાનથી જ લાભ માને છે. તેઓનું કથન છે કે જે રીતે અબુધ બાળકે કરેલા અપરાધોને પ્રત્યેક વડીલો માફ કરી દે છે, એ જ રીતે અજ્ઞાનદશામાં રહેનારના દરેક અપરાધોની ઈશ્વર પણ ક્ષમા આપી દે છે. તેનાથી વિપરીત જ્ઞાનદશામાં કરેલા સંપૂર્ણ અપરાધોનું ફળ અવશ્ય ભોગવવું પડે છે. માટે અજ્ઞાની જ રહેવું જોઈએ. જ્ઞાનથી રાગદ્વેષ આદિની વૃદ્ધિ થાય છે.

**(૪) વિનયવાદી :-** તેઓનો મત છે કે – પ્રત્યેક પ્રાણી ભલે તે ગુણહીન હોય, શૂદ્ર હોય, ચાંડાલ હોય કે અજ્ઞાની હોય અથવા પશુ, પક્ષી, સાપ, વીંછી કે વૃક્ષ આદિ જે કોઈ હોય તે દરેક વંદનીય છે. આ દરેકની વિનયભાવથી વંદના, પ્રાર્થના કરવી જોઈએ. એવું કરવાથી જીવ પરમ પદને પ્રાપ્ત કરી શકે છે.

પ્રસ્તુત સૂત્રમાં વિભિન્ન દર્શનકારોનું વિસ્તૃત વર્ણન છે. ક્રિયાવાદીઓના એકસો એંસી પ્રકાર છે. અક્રિયાવાદીઓના ચોરાસી ભેદ છે. અજ્ઞાનવાદીઓના સડસઠ ભેદ છે અને વિનયવાદીઓના બત્રીસ ભેદ છે. આ રીતે કુલ ત્રણસો ત્રેસઠ ભેદ થાય છે.

પ્રસ્તુત સૂત્રમાં બે શ્રુતસ્કંધ છે. પહેલા શ્રુતસ્કંધમાં સોળ અધ્યયન છે અને છવ્વીસ ઉદ્દેશક છે. બીજા શ્રુતસ્કંધમાં સાત અધ્યયન છે તેના સાત ઉદ્દેશક ગણાય છે. તેથી કુલ ૨૩ અધ્યયન અને ૩૩ ઉદ્દેશક થાય છે. પહેલા શ્રુતસ્કંધમાં પદ્યનો પ્રયોગ થયો છે. ફક્ત સોળમાં અધ્યયનમાં ગદ્યનો પ્રયોગ થયો છે. બીજા શ્રુતસ્કંધમાં ગદ્ય અને પદ્ય બન્ને છે.

આ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધમાં મુનિઓને ભિક્ષાચારીમાં સતર્કતા, પરીષહ-ઉપસર્ગમાં સહનશીલતા, નારકીય સંબંધી દુઃખો, મહાવીર સ્તુતિ, ઉત્તમ સાધુઓના લક્ષણ, શ્રમણ, બ્રાહ્મણ, ભિક્ષુક તથા નિર્ગ્રન્થ આદિ શબ્દોની પરિભાષા, યુક્તિ, દૃષ્ટાંત અને ઉદાહરણો દ્વારા સમજાવેલ છે.

બીજા શ્રુતસ્કંધમાં જીવ તેમજ શરીરના એકત્વ, ઈશ્વર કર્તૃત્વ અને નિયતિવાદ આદિ માન્યતાઓનું યુક્તિપૂર્વક ખંડન કરેલ છે. પુંડરીકના ઉદાહરણથી અન્ય

મતોનો યુક્તિસંગત ઉલ્લેખ કરીને સ્વમતની સ્થાપના કરેલ છે. તેર ક્રિયાઓના પ્રત્યાખ્યાન, આહાર આદિનું વિસ્તૃત વર્ણન છે. પાપ-પુણ્યનો વિવેક, આર્દ્રકુમારની સાથે ગોશાલક, શાક્યભિક્ષુ, તાપસોનો થયેલો વાદવિવાદ, આર્દ્રકુમારના જીવનથી સંબંધિત વિરક્તતા અને સમ્યક્ત્વમાં દૃઢતા વિષેનું સારી રીતે વર્ણન છે. અંતિમ અધ્યયનમાં નાલંદામાં ગૌતમ સ્વામી તેમજ ઉદક પેઢાલપુત્રનો થયેલ વાર્તાલાપ અને અંતમાં પેઢાલપુત્રના પંચમહાવ્રતના સ્વીકારનું સુંદર વર્ણન છે.

સૂત્રકૃતાંગના અધ્યયનથી સ્વમત-પરમતનું જ્ઞાન સરળતાથી થઈ શકે છે. આત્મ-સાધનાની વૃદ્ધિ અને સમ્યક્ત્વની દૃઢતા માટે આ અંગસૂત્ર અતિ ઉપયોગી છે. આના પર ભદ્રબાહુકૃત નિર્યુક્તિ, જિનદાસ મહત્તરકૃત ચૂર્ણિ અને શીલાંગાચાર્યની બૃહદ્‌વૃત્તિ પણ ઉપલબ્ધ છે.

**● સૂત્ર-૧૪૧ :-**

***પ્રશ્ન :- સ્થાનાંગ સૂત્રમાં શું બતાવ્યું છે ?***

***ઉત્તર :- સ્થાનાંગ સૂત્રમાં જીવ સ્થાપિત કરેલ છે, અજીવ સ્થાપિત કરેલ છે અને જીવાજીવની સ્થાપના કરેલ છે. સ્વસમય-જૈન સિદ્ધાંતની સ્થાપના કરેલ છે, પરસમય-જૈનેત્તર સિદ્ધાંતની સ્થાપના કરેલ છે. તેમજ જૈન અને જૈનેત્તર, ઉભય પક્ષોની સ્થાપના કરેલ છે, લોક, અલોક અને લોકાલોકની સ્થાપના કરેલ છે.***

***સ્થાનાંગ સૂત્રમાં ટંક-છિન્નતટ પર્વત, કૂટ, પર્વત, શિખરયુક્ત પર્વત, કંઈક વળાંકવાળા પર્વત ગંગાકુંડ આદિ કુંડ, પૌંડરીક આદિ દ્રહ, ગંગા આદિ નદીઓનું કથન કરવામાં આવેલ છે. સ્થાનાંગમાં એકથી લઈને દસ સુધી વૃદ્ધિ કરીને ભાવોની પ્રરૂપણા કરેલ છે.***

***સ્થાનાંગ સૂત્રમાં પરિમિત વાચનાઓ, સંખ્યાત અનુયોગદ્વાર, સંખ્યાત વેઢ-છંદ, સંખ્યાત શ્લોક, સંખ્યાત નિર્યુક્તિઓ, સંખ્યાત સંગ્રહણીઓ અને સંખ્યાત પ્રતિપત્તિઓ છે.***

***તે અંગની અપેક્ષાએ તૃતીય અંગ છે. એમાં એક શ્રુતસ્કંધ અને દસ અધ્યયન છે, એકવીસ ઉદ્દેશનકાળ અને એકવીસ સમુદ્દેશનકાળ છે. તેમાં પદોની સંખ્યા બોંતેર હજાર છે, સંખ્યાત અક્ષર અને અનંતગમ છે, અનંતપર્યાય, પરિમિત ત્રસ અને અનંત સ્થાવર છે. શાશ્વત, અશાશ્વત બંને પદાર્થોથી યુક્ત અને તેનો નિર્ણય કરનારા જિનેશ્વર કથિત ભાવો કહેલ છે. તેનું પ્રજ્ઞાપન, પ્રરૂપણ, દર્શન, નિદર્શન અને ઉપદર્શન કરવામાં આવેલ છે.***

***સ્થાનાંગ સૂત્રનું અધ્યયન કરનારા તદાત્મરૂપ જ્ઞાતા તેમજ વિજ્ઞાતા બની જાય છે. અથવા આ સ્થાનાંગનું સ્વરૂપ છે તે આ રૂપે વિખ્યાત અને વિજ્ઞાત છે અને આ રીતે એમાં ચરણ-કરણની પ્રરૂપણા કરેલ છે. આ રીતે સ્થાનાંગ સૂત્રનું વર્ણન છે.***

**● વિવેચન-૧૪૧ :-**

આ સૂત્રમાં સ્થાનાંગ સૂત્રનો પરિચય આપેલ છે. ઠાણાંગ સૂત્રમાં જીવાદિ



પદાર્થોનું વર્ણન કરેલ છે. આ સૂત્ર દશ અધ્યયનમાં વિભાજિત છે. આમાં સૂત્રોની સંખ્યા હજારથી અધિક છે. આમાં એકવીસ ઉદ્દેશક છે. આ અંગની રચના પૂર્વોક્ત બે અંગથી ભિન્ન પ્રકારની છે. આ અંગમાં પ્રત્યેક અધ્યયનમાં જે ‘‘સ્થાન’’ નામથી કહેલ છે, તેમાં સ્થાનની સંખ્યા પ્રમાણે જ વસ્તુ સંખ્યા ગણાવી છે, જેમકે—

(૧) પ્રથમ સ્થાનમાં (અધ્યયનમાં)— ‘‘एगे आया’’ આત્મા એક છે, એ જ રીતે અન્ય એક એક પ્રકારના પદાર્થોનું વર્ણન કરેલ છે.

(૨) બીજા સ્થાનમાં બે-બે પદાર્થોનું વર્ણન છે. જેમકે — જીવ અને અજીવ, પુણ્ય અને પાપ, ધર્મ અને અધર્મ આદિ પદાર્થોનું વર્ણન છે.

(૩) ત્રીજા સ્થાનમાં — જ્ઞાન, દર્શન અને ચારિત્રનું નિરૂપણ કરેલ છે. ત્રણ પ્રકારના પુરુષ-ઉત્તમ, મધ્યમ અને જઘન્ય તથા શ્રુતધર્મ, ચારિત્રધર્મ અને અસ્તિકાય ધર્મ આ રીતે ત્રણ ત્રણ પ્રકારના ધર્મ આદિ બતાવેલ છે.

(૪) ચોથા સ્થાનમાં — ચાતુર્યામ ધર્મ આદિ તેમજ સાતસો ચૌભંગીઓનું વર્ણન છે.

(૫) પાંચમા સ્થાનમાં — પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, પાંચ ગુપ્તિ તથા પાંચ ઈન્દ્રિય ઈત્યાદિનું વર્ણન છે.

(૬) છઠ્ઠા સ્થાનમાં — છકાય, છ લેશ્યા, ગણીના છ ગુણ, ષટ્‌દ્રવ્ય તથા છ આરા આદિનું વર્ણન છે.

(૭) સાતમા સ્થાનમાં — સર્વજ્ઞના અને અલ્પજ્ઞના સાત-સાત લક્ષણ, સપ્ત સ્વરોનું લક્ષણ, સાત પ્રકારના વિભંગસ્થાન આદિ અનેક પદાર્થોનું વર્ણન કરેલ છે.

(૮) આઠમા સ્થાનમાં — આઠ વિભક્તિઓનું વિવરણ, આઠ અવશ્ય પાલનીય શિક્ષા, એકલ વિહારીના આઠ ગુણ આદિ આઠ-આઠનું વર્ણન છે.

(૯) નવમા સ્થાનમાં — બ્રહ્મચર્યની નવ વાડ તથા ભગવાન મહાવીરના શાસનમાં નવ વ્યક્તિઓએ તીર્થંકર નામ ગોત્ર બાંધ્યું છે તેના નામ અને અનાગત કાળની ઉત્સર્પિણીમાં તીર્થંકર બનવાના છે તેના વિષયમાં બતાવ્યું છે. એ સિવાય નવ-નવની સંખ્યાનું વર્ણન છે.

(૧૦) દસમા સ્થાનમાં — દસ ચિત્ત સમાધિ, દસ સ્વપ્નોનું ફળ, દસ પ્રકારના સત્ય, દસ પ્રકારના અસત્ય, દસ પ્રકારની મિશ્ર ભાષા, દશ પ્રકારના શ્રમણધર્મ તથા દસ સ્થાન અલ્પજ્ઞ જાણતા નથી ઈત્યાદિ દસ-દસ સંખ્યાઓના અનેક વિષયોનું વર્ણન છે.

આ રીતે આ સૂત્રમાં વિવિધ પ્રકારના વિષયોનું વર્ણન છે. બીજા શબ્દોમાં કહીએ તો આ સૂત્ર ભિન્ન ભિન્ન વિષયોનો કોશ છે. જિજ્ઞાસુ પાઠકોના માટે આ અંગ અવશ્ય પઠનીય છે.

**● સૂત્ર-૧૪૨ :-**

***પ્રશ્ન :- સમવાયાંગ શ્રુતમાં કયા વિષયનું વર્ણન છે ?***

***ઉત્તર :- સમવાયાંગ સૂત્રમાં યથાવસ્થિત રૂપથી જીવ, અજીવ અને***

જીવાજીવનું વર્ણન કરેલ છે અર્થાત્ એની સમ્યક્ પ્રરૂપણા કરી છે. સ્વદર્શન, પરદર્શન અને સ્વ-પરદર્શનનું આશ્રયણ (વર્ણન) કરેલ છે. લોક, અલોક અને લોકાલોકનું આશ્રયણ કરેલ છે.

સમવાયાંગમાં એકથી લઈને સો સ્થાન સુધી ભાવોની પ્રરૂપણા કરેલી છે અને દ્વાદશાંગ ગણિપિટકનો સંક્ષેપમાં પરિચય આપેલ છે.

સમવાયાંગમાં પરિમિત વાચનાઓ, સંખ્યાત અનુયોગદ્વાર, સંખ્યાત શ્લોક, સંખ્યાત નિર્યુક્તિઓ, સંખ્યાત સંગ્રહણીઓ અને સંખ્યાત પ્રતિપત્તિઓ છે.

આ સૂત્ર અંગની અપેક્ષાએ ચોથું અંગ છે. એમાં એક શ્રુતસ્કંધ, એક અધ્યયન, એક ઉદ્દેશનકાળ અને એક સમુદ્દેશનકાળ છે. તેનું પદ પરિમાણ એક લાખ ચુંમાલીસ હજાર છે. તેમાં સંખ્યાત અક્ષર, અનંત ગમ, અનંત પર્યાય, પરિમિત ત્રસ, અનંત સ્થાવર અને શાશ્વત—કૃત, નિબદ્ધ, નિકાચિત, જિન પ્રરૂપિત ભાવો, પ્રરૂપણ, દર્શન, નિદર્શન અને ઉપદર્શનથી સ્પષ્ટ કરેલ છે.

સમવાયાંગનું અધ્યયન કરનારા તદાત્મરૂપ, જ્ઞાતા અને વિજ્ઞાતા બની જાય છે. અથવા આ સમવાયાંગ સૂત્રનું સ્વરૂપ છે, વિખ્યાત છે, વિજ્ઞાત છે અને આ રીતે એમાં ચરણ-કરણની પ્રરૂપણા કરેલ છે. આ સમવાયાંગનું વર્ણન છે.

● વિવેચન-૧૪૨ :-

પ્રસ્તુત સૂત્રમાં સમવાય સૂત્રનો સંક્ષિપ્ત પરિચય આપેલ છે. જેમાં જીવાદિ પદાર્થોનો નિર્ણય કરવામાં આવે તેને સમવાય કહેવાય છે. ''समासिज्जंति'' શબ્દનો ભાવ એ છે કે સમ્યક્ જ્ઞાનથી ગ્રાહ્ય પદાર્થોનો સ્વીકાર કરવામાં આવે છે અથવા જીવાદિ પદાર્થોને કુપ્રરૂપણાથી છૂટા પાડીને સમ્યક્ પ્રરૂપણામાં સમાવિષ્ટ કરેલ છે.

આ સૂત્રમાં જીવ, અજીવ તથા જીવાજીવ, જૈનદર્શન, અન્યદર્શન, લોક, અલોક ઈત્યાદિ વિષય સ્પષ્ટ કરેલ છે. ત્યારબાદ એક અંકથી લઈને સો અંક સુધી જે જે વિષય જે જે અંકમાં સમાહિત થઈ શકે તેનું વર્ણન કરવામાં આવેલ છે.

આ સૂત્રમાં સ્કંધ, વર્ગ, અધ્યયન, ઉદ્દેશક આદિ ભેદ નથી. ઠાણાંગ સૂત્રની જેમ આ સૂત્રમાં પણ સંખ્યાના ક્રમથી વસ્તુઓનો નિર્દેશ નિરંતર સો સુધી કરીને પછી બસ્સો, ત્રણસો આદિ ક્રમથી હજાર સુધી વિષયોનું વર્ણન કરેલ છે. જેમકે — પાર્શ્વનાથ ભગવાનનું આયુષ્ય ૧૦૦ વર્ષનું હતું, ભગવાન મહાવીરના ૩૦૦ શિષ્યો ચૌદ પૂર્વના જ્ઞાતા હતા. આ રીતે સંખ્યા વધતાં વધતાં કરોડ સુધી પહોંચી જાય છે.

ત્યારબાદ દ્વાદશાંગ ગણિપિટકનો સંક્ષિપ્ત પરિચય અને ત્રેસઠ પુરુષોના નામ, માતાપિતા, જન્મ, નગર, દીક્ષાસ્થાન આદિનું વર્ણન છે.

● સૂત્ર-૧૪૩ :-

પ્રશ્ન :- વ્યાખ્યાપ્રજ્ઞપ્તિમાં કોનું વર્ણન છે ?

ઉત્તર :- વ્યાખ્યાપ્રજ્ઞપ્તિમાં જીવોની, અજીવોની અને જીવાજીવોની વ્યાખ્યા કરી છે. સ્વસમય, પરસમય અને સ્વ-પર, ઉભય સિદ્ધાંતોની વ્યાખ્યા તથા લોક, અલોક અને લોકાલોકના સ્વરૂપનું વ્યાખ્યાન કરેલ છે.



વ્યાખ્યાપ્રજ્ઞપ્તિમાં પરિમિત વાચનાઓ, સંખ્યાત અનુયોગદ્વાર, સંખ્યાત વેષ્ટિક-અલાપક, સંખ્યાત શ્લોક પરિમાણ, સંખ્યાત નિર્યુક્તિઓ, સંખ્યાત સંગ્રહણીઓ અને સંખ્યાત પ્રતિપત્તિઓ છે.

અંગની અપેક્ષાએ આ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્ર પાંચમું અંગ છે. તેમાં એક શ્રુતસ્કંધ અને કંઈક અધિક એક સો અધ્યયન છે. તેમાં દસ હજાર ઉદ્દેશક છે, દસ હજાર સમુદ્દેશક છે, છત્રીસ હજાર પ્રશ્નોત્તર અને બે લાખ અઠ્યાસી હજાર પદ પરિમાણ છે. તેમાં સંખ્યાત અક્ષર, અનંત ગમ, અનંત પર્યાય, પરિમિત ત્રસ, અનંત સ્થાવર અને શાશ્વત અશાશ્વત કૃત, નિશ્ચિત કરેલ, જિન પ્રરૂપિત ભાવકથન, પ્રરૂપણ, દર્શન, નિદર્શન અને ઉપદર્શનથી સ્પષ્ટ કરેલ છે.

વ્યાખ્યાપ્રજ્ઞપ્તિના અધ્યેતા તદાત્મરૂપ, જ્ઞાતા અને વિજ્ઞાતા બની જાય છે અથવા વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ સૂત્રનું આ સ્વરૂપ વિખ્યાત છે, વિજ્ઞાત છે અને આ પ્રમાણે આ સૂત્રમાં ચરણ-કરણની પ્રરૂપણા કરેલ છે.

આ વ્યાખ્યાપ્રજ્ઞપ્તિનું વર્ણન છે.

● વિવેચન-૧૪૩ :-

આ સૂત્રમાં વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ(ભગવતી)નો સંક્ષિપ્ત પરિચય આપેલ છે. તેમાં એકતાલીસ શતક છે. દશ હજાર ઉદ્દેશક છે, છત્રીસ હજાર પ્રશ્ન છે અને છત્રીસ હજાર ઉત્તર છે. પ્રારંભના આઠ શતક અને બારમા, ચૌદમા, અઢારમા અને વીસમા શતકના દસ દસ ઉદ્દેશકો છે. પંદરમા શતકમાં ઉદ્દેશક નથી. સૂત્રની સંખ્યા આઠસો સડસઠ છે. આ સૂત્રની વિવેચન શૈલી પ્રશ્નોત્તર રૂપે છે.

આ અંગસૂત્રમાં દરેક પ્રશ્ન ગૌતમ સ્વામીના નથી પરંતુ ઈન્દ્રના, દેવતાઓના, મુનિઓના, સંન્યાસીઓના અને શ્રાવક આદિના પણ છે. દરેક ઉત્તર પણ ભગવાન મહાવીરના નથી. કોઈક સ્થળે ગૌતમ સ્વામીના, કોઈક સ્થળે સામાન્ય મુનિઓના, કોઈક સ્થળે શ્રાવકોના પણ છે. આ સૂત્રમાં પન્નવણા, જીવાભિગમ, ઉવવાઈ, રાજપ્રશ્નીય, આવશ્યક, નંદી તથા જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ આદિ સૂત્રોના નામોનો ઉલ્લેખ કરેલ છે તેમજ તેનું ઉદ્ધરણ પણ કરેલ છે. સૈદ્ધાંતિક, ઐતિહાસિક, તાત્ત્વિક અને ચારિત્ર સંબંધી વિવિધ વિષયોનું વર્ણન આ સૂત્રમાં કહેલ છે.

● સૂત્ર-૧૪૪ :-

પ્રશ્ન :- જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર કેવા પ્રકારનું છે ? તેમાં કોનું વર્ણન છે ?

ઉત્તર :- જ્ઞાતાધર્મકથાંગ સૂત્રમાં કથાનાયકોના નગરો, ઉદ્યાનો, ચૈત્યો, વનખંડો, ભગવાનના સમવસરણો તથા રાજા, માતાપિતા, ધર્માચાર્ય, ધર્મકથા, આ લોક અને પરલોક સંબંધી ઋદ્ધિ વિશેષ, ભોગોનો પરિત્યાગ દીક્ષાપર્યાય, શ્રુતનું અધ્યયન, ઉપધાનતપ, સંલેખના, ભક્તપ્રત્યાખ્યાન, પાદપોપગમન, દેવલોકગમન, ફરી ઉત્તમ કુળમાં જન્મ, ફરી સમ્યક્ત્વની પ્રાપ્તિ, તત્પશ્ચાત્ અંતક્રિયા કરી મોક્ષની ઉપલબ્ધિ ઈત્યાદિ વિષયોનું વર્ણન છે.

જ્ઞાતા સૂત્રમાં ધર્મકથાઓના દસ વર્ગ છે, તેની એક-એક ધર્મકથામાં

*પાંચસો-પાંચસો આખ્યાન છે. એક-એક આખ્યાનમાં પાંચસો-પાંચસો ઉપાખ્યાન છે અને એક એક ઉપાખ્યાનમાં પાંચસો પાંચસો આખ્યાનોપાખ્યાન છે. આ રીતે પૂર્વાપર મળીને કુલ સાડા ત્રણ કરોડ કથાનક છે. એવું કથન કરેલ છે.*

*જ્ઞાતાધર્મકથામાં પરિમિત વાચનાઓ, સંખ્યાત અનુયોગદ્વાર, સંખ્યાત આલાપક, સંખ્યાત શ્લોક પરિમાણ છે, સંખ્યાત નિર્યુક્તિઓ, સંખ્યાત સંગ્રહણીઓ અને સંખ્યાત પ્રતિપત્તિઓ છે.*

*અંગ સૂત્રની અપેક્ષાએ આ છઠ્ઠુ અંગ છે. એમાં બે શ્રુતસ્કંધ, ઓગણત્રીસ અધ્યયન છે. ઓગણત્રીસ ઉદ્દેશનકાળ છે, ઓગણત્રીસ સમુદ્દેશનકાળ અને સંખ્યાત સહસ્ર પદ છે. તેમાં સંખ્યાત અક્ષર, અનંત ગમ, અનંત પર્યવ (પર્યાય), પરિમિત ત્રસ, અનંત સ્થાવર અને શાશ્વત-અશાશ્વત, નિબદ્ધ, નિકાચિત, જિન પ્રરૂપિત ભાવ કથન, પ્રરૂપણ, દર્શન, નિદર્શન અને ઉપદર્શનથી સ્પષ્ટ કરેલ છે.*

*પ્રસ્તુત અંગનો અભ્યાસ કરનાર તદાત્મરૂપ, જ્ઞાતા અને વિજ્ઞાતા બની જાય છે. અથવા આ જ્ઞાતાસૂત્રનું સ્વરૂપ છે, વિખ્યાત છે, વિજ્ઞાત છે અને આ પ્રમાણે એમાં ચરણ-કરણની વિશિષ્ટ પ્રરૂપણા કરેલ છે. આ જ્ઞાતાધર્મકથાંગનું વર્ણન છે.*

**● વિવેચન-૧૪૪ :-**

આ છઠ્ઠા અંગસૂત્રનું નામ જ્ઞાતા ધર્મકથાંગ છે. ''જ્ઞાતા'' શબ્દનો અહીં ઉદાહરણ માટે પ્રયોગ કર્યો છે. આ અંગમાં ઈતિહાસ, ઉદાહરણ અને ધાર્મિક દૃષ્ટાંત વગેરેનો સમાવેશ થાય છે અને ધર્મકથાઓ આપેલી છે. માટે આ અંગનું નામ જ્ઞાતા ધર્મકથા રાખવામાં આવ્યું છે. આ અંગના પહેલા શ્રુતસ્કંધમાં ઉદાહરણ આપેલ છે અને બીજા શ્રુતસ્કંધમાં ધર્મકથાઓ છે. ઈતિહાસ પ્રાયઃ વાસ્તવિક હોય છે. પરંતુ દૃષ્ટાંત, ઉદાહરણ અને કથાઓ વાસ્તવિક પણ હોય અને કાલ્પનિક પણ હોય છે.

જ્ઞાતાધર્મકથાનાં પહેલા શ્રુતસ્કંધમાં ઓગણીસ અધ્યયન છે અને બીજા શ્રુતસ્કંધમાં દસ વર્ગ છે. પ્રત્યેક વર્ગમાં અનેક અધ્યયન છે. પ્રથમ શ્રુતસ્કંધમાં પ્રત્યેક અધ્યયનમાં એક કથાનક અને અંતરમાં તે કથાના દૃષ્ટાંતથી મળનારી શિક્ષાઓ બતાવી છે. કથાઓમાં પાત્રોના નગર, પ્રાસાદ, ચૈત્ય, સમુદ્ર, ઉદ્યાન, સ્વપ્ન, ધર્મ સાધનાના પ્રકાર અને સંયમથી વિચલિત થઈને પુનઃ સુધરી જાય તેનું વર્ણન છે અને સારી રીતે આરાધના કરનાર વિરાધક કેમ થયા ? તેઓનો આગળનો જન્મ ક્યાં થશે અને કેવું જીવન વ્યતીત કરશે એ દરેક વિષયોનું વર્ણન આ સૂત્રમાં આપેલ છે.

આ સૂત્રમાં કોઈક સાધક કે કથાનાયક તીર્થંકર મહાવીરના યુગમાં, કોઈક તીર્થંકર અરિષ્ટનેમિના સમયમાં અને કોઈક પાર્શ્વનાથના શાસનકાળમાં થયા હતા તો કોઈક મહાવિદેહ ક્ષેત્રથી સંબંધિત છે. આઠમા અધ્યયનમાં તીર્થંકર મલ્લિનાથનું વર્ણન છે. સોળમા અધ્યયનમાં દ્રૌપદીના પૂર્વ જન્મની કથા ધ્યાનમાં રાખવા જેવી છે. તેમજ તેનું વર્તમાનકાલિક તથા ભાવિ જીવનનું પણ વર્ણન છે. બીજા શ્રુતસ્કંધમાં



કેવળ પાર્શ્વનાથ સ્વામીના શાસનકાળમાં થયેલ સાધ્વીજીઓના ગૃહસ્થાશ્રમનું વર્ણન, સાધ્વી જીવનનું અને તેના ભવિષ્યનું વર્ણન છે. જ્ઞાતા ધર્મકથાંગ સૂત્રની ભાષાશૈલી અત્યંત રૂચિકર છે. પ્રાયઃ દરેક રસોનું આ સૂત્રમાં વર્ણન છે.

**● સૂત્ર-૧૪૫ :-**

*પ્રશ્ન :- ઉપાસકદશાંગ નામના અંગમાં કોનો અધિકાર છે ?*

*ઉત્તર :- ઉપાસકદશાંગમાં શ્રમણોપાસકોના નગર, ઉદ્યાન, વ્યંતરાયતન, વનખંડ, સમવસરણ, રાજા, માતાપિતા, ધર્માચાર્ય, ધર્મકથા, આ લોક અને પરલોકની ઋદ્ધિવિશેષ, ભોગ-પરિત્યાગ, દીક્ષા, સંયમની પર્યાય, શ્રુતનું અધ્યયન, ઉપધાન તપ, શીલવ્રત-ગુણવ્રત, વિરમણવ્રત-પ્રત્યાખ્યાન, પૌષધોપવાસને ધારણ કરનાર, પ્રતિમાઓને ધારણ કરનાર, ઉપસર્ગ, સંલેખના, અનશન, પાદપોપગમન, દેવલોકગમન, ફરી ઉચ્ચ કુળમાં ઉત્પત્તિ, બોધિ-સમ્યક્ત્વનો લાભ અને અંતક્રિયા ઈત્યાદિ વિષયોનું વર્ણન છે.*

*ઉપાસકદશાંગની પરિમિત વાચનાઓ, સંખ્યાત અનુયોગદ્વાર, સંખ્યાત આલાપક, સંખ્યાત શ્લોક (વિશેષ), સંખ્યાત નિર્યુક્તિઓ, સંખ્યાત સંગ્રહણીઓ અને સંખ્યાત પ્રતિપત્તિઓ છે.*

*અંગની અપેક્ષાએ આ સાતમું અંગ છે. તેમાં એક શ્રુતસ્કંધ, દસ અધ્યયન દસ ઉદ્દેશનકાળ દશ સમુદ્દેશનકાળ છે. પદ પરિમાણથી સંખ્યાત હજાર પદ છે, સંખ્યાત અક્ષર, અનંત ગમ, અનંત જ્ઞાનના પર્યવ, પરિમિત ત્રસ, અનંત સ્થાવર અને શાશ્વત-કૃત, નિબદ્ધ, નિકાચિત, જિન પ્રરૂપિત ભાવોનું કથન, પ્રરૂપણ, દર્શન, નિદર્શન અને ઉપદર્શનથી સ્પષ્ટ કરેલ છે.*

*આ આગમનું સમ્યક્ પ્રકારે અધ્યયન કરનાર તદાત્મરૂપ, જ્ઞાતા અને વિજ્ઞાતા બની જાય છે. અથવા આ પ્રકારે ઉપાસકદશાંગ સૂત્રનું સ્વરૂપ છે, તેમજ વિખ્યાત અને વિજ્ઞાત છે તથા આમાં ચરણ-કરણની વિશિષ્ટ પ્રરૂપણા કરેલ છે. આ પ્રમાણે ઉપાસકદશાંગ સૂત્રનું વર્ણન છે.*

**● વિવેચન-૧૪૫ :-**

પ્રસ્તુત સૂત્રમાં ૭માં અંગ ઉપાસકદશાંગ સૂત્રનો સંક્ષિપ્ત પરિચય આપેલ છે. શ્રમણ અર્થાત્ સાધુઓની સેવા કરનારને શ્રમણોપાસક કહેવાય છે. તેને જ ઉપાસક અથવા શ્રાવક પણ કહેવાય છે. દસ અધ્યયનોના સંગ્રહને દશા કહેવાય છે આ સૂત્રમાં શ્રમણ ભગવાન મહાવીરના દસ વિશિષ્ટ શ્રાવકોનું વર્ણન હોવાથી આનું નામ ઉપાસકદશા છે. આ સૂત્રના દસ અધ્યયન પૈકી પ્રત્યેક અધ્યયનમાં એક એક શ્રાવકના લૌકિક અને લોકોત્તર વૈભવનું વર્ણન છે. તથા ઉપાસકોના અણુવ્રત અને શિક્ષાવ્રતનું સ્વરૂપ પણ બતાવ્યું છે.

અહીં પ્રશ્ન થાય છે કે — ભગવાન મહાવીરને તો એક લાખ ઓગણસાઠ હજાર (૧,૫૯,૦૦૦) બાર વ્રતધારી શ્રાવક હતા. તો પછી ફક્ત દસ શ્રાવકોનું વર્ણન કેમ કરેલ છે ? તેનો ઉત્તર આ પ્રમાણે છે — સૂત્રકારોએ જે શ્રાવકોના લૌકિક અને

લોકોત્તરિક જીવનમાં સમાનતા જોઈ તેઓનો જ ઉલ્લેખ આ સૂત્રમાં કરેલ છે. જેમકે – (૧) ઉપાસકદશાંગમાં બતાવેલા દસે શ્રાવકો કરોડાધિપતિ હતા. (૨) તેઓ રાજા અને પ્રજાને પ્રિય હતા. (૩) દરેકની પાસે પાંચસો હળની જમીન હતી, વિશાળ પશુધન હતું. (૪) તેઓએ વ્યાપારમાં જેટલા કરોડ દ્રવ્ય લગાડેલા હતા એટલા જ કરોડ ઘરમાં અને એટલા જ કરોડ નિધાનમાં રાખેલા હતા. (૫) દસે ય શ્રાવકોએ ભગવાન મહાવીરના પ્રથમ ઉપદેશથી જ પ્રભાવિત થઈને બાર વ્રત ધારણ કર્યા હતા. (૬) વ્રત ગ્રહણ કર્યા પછી પંદરમા વર્ષથી દરેકે વ્યાપારથી અલગ થઈને પૌષધશાળામાં રહીને ધર્મ આરાધના કરી હતી. (૭) દરેકે અગિયાર પ્રતિમાઓને ધારણ કરી હતી. (૮) તે દરેકનો એક દેવલોકમાં ચાર પલ્યોપમની સ્થિતિ હતી. (૧૧) તેઓ દરેક મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈને નિર્વાણપદ પ્રાપ્ત કરશે. (૧૨) તે દરેકને પોતાના આયુષ્યના ૨૦ વર્ષ શેષ રહેવા પર જ ધર્મની લગની લાગી ઈત્યાદિ અનેક દૃષ્ટિઓથી તેઓના જીવન સમાન હોવાથી તે દસ શ્રાવકોનું જ આ અંગમાં વર્ણન કરેલ છે.

● **સૂત્ર-૧૪૬ :-**

*પ્રશ્ન :- અંતકૃત્‌દશાંગ શ્રુતમાં કોનું વર્ણન છે ?*

*ઉત્તર :- અંતકૃત્‌દશાંગ સૂત્રમાં કર્મનો અથવા જન્મ મરણરૂપ સંસારનો અંત કરનારા મહાપુરુષોના નગર, ઉદ્યાન, વ્યંતરાયતન, વનખંડ, સમવસરણ, રાજા, માતાપિતા, ધર્માચાર્ય, ધર્મકથા, આ લોક અને પરલોકની ઋદ્ધિવિશેષ, ભોગ-પરિત્યાગ, દીક્ષા, સંયમની પર્યાય, શ્રુતનું અધ્યયન, શ્રુતનું ઉપધાન તપ, સંલેખના, ભક્તપ્રત્યાખ્યાન, પાદપોપગમન, અંતક્રિયા આદિ વિષયોનું વર્ણન છે.*

*અંતકૃત્‌દશાંગમાં પરિમિત વાચનાઓ, સંખ્યાત અનુયોગદ્વાર, સંખ્યાત આલાપક, સંખ્યાત શ્લોક પરિમાણ, સંખ્યાત નિર્યુક્તિઓ, સંખ્યાત સંગ્રહણીઓ અને સંખ્યાત પ્રતિપત્તિઓ છે.*

*અંગની અપેક્ષાએ આ અંગ આઠમું છે. એમાં એક શ્રુતસ્કંધ છે, આઠ ઉદ્દેશનકાળ અને આઠ સમુદ્દેશનકાળ છે. પદ પરિમાણથી સંખ્યાત સહસ્ર પદ છે. તેમાં સંખ્યાત અક્ષર, અનંત ગમ, અનંત જ્ઞાનના પર્યવ છે. પરિમિત ત્રસ, અનંત સ્થાવર અને શાશ્વત–અશાશ્વત, નિબદ્ધ, નિકાચિત, જિન પ્રરૂપિત ભાવો, કથન, પરરૂપણ, પ્રજ્ઞાપન, દર્શન, નિદર્શન અને ઉપદર્શનથી સ્પષ્ટ કરેલ છે.*

*આ સૂત્રનું અધ્યયન કરનારા તદાત્મરૂપ, જ્ઞાતા અને વિજ્ઞાતા બની જાય છે. અથવા આ પ્રકારે અંતકૃતદશાંગનું સ્વરૂપ છે તેમજ તે વિખ્યાત અને વિજ્ઞાત છે. તથા તેમાં આ પ્રમાણે ચરણ-કરણની પ્રરૂપણા કરી છે. આ અંતકૃતદશાંગ સૂત્રનું વર્ણન છે.*

● **વિવેચન-૧૪૬ :-**

આ સૂત્રના નામ પ્રમાણે અંતકૃત્‌દશાનો અભિપ્રાય એ છે કે જે સાધુ સાધ્વીજીઓએ સંયમ, સાધના અને તપ આરાધના કરીને જીવનની અંતિમ ક્ષણમાં કર્મનો સંપૂર્ણ ક્ષય કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત થતાં જ નિર્વાણપદ પ્રાપ્ત કરી લીધું,



તેઓના જીવનનું વર્ણન આ અંગમાં આપેલ છે. અંતકૃત્ કેવળી પણ તેને જ કહેવાય છે.

પ્રસ્તુત સૂત્રમાં આઠ વર્ગ છે. પ્રથમ અને અંતિમ વર્ગમાં દસ અધ્યયન છે. એ દૃષ્ટિએ અંતકૃતની સાથે દશા શબ્દનો પ્રયોગ કરેલ છે.

આ સૂત્રમાં ભગવાન અરિષ્ટનેમિ અને ભગવાન મહાવીર સ્વામીના શાસન કાળમાં થયેલા અંતકૃત્ કેવળીઓનું વર્ણન છે. પાંચમા વર્ગ સુધી ભગવાન અરિષ્ટનેમિના શાસનમાં થયેલા યાદવ વંશીય રાજકુમારો અને શ્રીકૃષ્ણજીની પટરાણીઓનું વર્ણન છે. છટ્ઠા વર્ગથી લઈને આઠમા વર્ગ સુધી ભગવાન મહાવીરના શાસનમાં થયેલા શેઠ, રાજકુમાર અને રાજા શ્રેણિકની મહારાણીઓનું વર્ણન છે. આ સૂત્રમાં વર્ણિત નેવું આત્માઓ દીક્ષિત થઈને ઘોર તપશ્ચર્યા અને અખંડ ચારિત્રની આરાધના કરતાં કરતાં માસિક કે અર્દ્ધમાસિક સંથારા કરીને, કર્મો પર વિજય પ્રાપ્ત કરીને, અંતિમ શ્વાસોચ્છ્‌વાસમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને, મોક્ષમાં ગયા.

● **સૂત્ર-૧૪૭ :-**

*પ્રશ્ન :- અનુત્તરોપપાતિકદશાંગ સૂત્રમાં કોનું વર્ણન છે ?*

*ઉત્તર :- અનુત્તરોપપાતિકદશાંગ સૂત્રમાં અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનારા પુણ્યશાળી આત્માઓના નગર, ઉદ્યાન, વ્યંતરાયતન, વનખંડ, સમવસરણ, રાજા, માતાપિતા, ધર્માચાર્ય, ધર્મકથા, આ લોક અને પરલોકની ઋદ્ધિવિશેષ, ભોગપરિત્યાગ, દીક્ષા, સંયમની પર્યાય, શ્રુતનું અધ્યયન, ઉપધાન તપ, પ્રતિમાગ્રહણ, ઉપસર્ગ, અંતિમ સંલેખના, ભક્તપ્રત્યાખ્યાન, પાદપોપગમન અને મૃત્યુ પછી અનુત્તર સર્વોત્તમ વિજય આદિ વિમાનોમાં ઉત્પત્તિ, ફરી ત્યાંથી ચ્યવીને સુકુળની પ્રાપ્તિ, ફરી બોધિલાભ અને અંતક્રિયા આદિ વિષયોનું વર્ણન છે.*

*અનુત્તરોપપાતિકદશાંગમાં પરિમિત વાચનાઓ, સંખ્યાત અનુયોગદ્વાર, સંખ્યાત છંદ, સંખ્યાત શ્લોક (વિશેષ), સંખ્યાત નિર્યુક્તિઓ, સંખ્યાત સંગ્રહણીઓ અને સંખ્યાત પ્રતિપત્તિઓ છે.*

*અંગની અપેક્ષાએ આ નવમું અંગ છે. તેમાં એક શ્રુતસ્કંધ છે, ત્રણ વર્ગ, ત્રણ ઉદ્દેશનકાળ અને ત્રણ સમુદ્દેશનકાળ છે. પદ પરિમાણથી તેમાં સંખ્યાત સહસ્ર પદ છે. તેમાં સંખ્યાત અક્ષર, અનંત ગમ, અનંત પર્યાય, પરિમિત ત્રસ, અનંત સ્થાવર અને શાશ્વત-કૃત, નિબદ્ધ, નિકાચિત, જિન પ્રરૂપિત ભાવોનું સામાન્ય અને વિશેષરૂપે કથન, પ્રરૂપણ, દર્શન, નિદર્શન અને ઉપદર્શન સ્પષ્ટ કરેલ છે.*

*આ અંગનું સમ્યક્‌રૂપે અધ્યયન કરનારા તદાત્મરૂપ, જ્ઞાતા અને વિજ્ઞાતા બની જાય છે. આ પ્રમાણે પ્રસ્તુત અંગમાં ચરણ-કરણની પ્રરૂપણા કરી છે.*

*આ અનુરોપપાતિકદશાંગ શ્રુતનો વિષય છે.*

● **વિવેચન-૧૪૭ :-**

પ્રસ્તુત સૂત્રમાં અનુત્તરોપપાતિક અંગ વિષે સંક્ષિપ્ત પરિચય આપેલ છે. અનુત્તરનો

અર્થ છે — સર્વોત્તમ અર્થાત્ અનુપમ. પાંચ અનુત્તર વિમાનોમાં જે વિમાન છે તેને અનુત્તર વિમાન કહેવાય છે. તેમના નામ વિજય, વિજયંત, જયંત, અપરાજિત અને સવાર્થ સિદ્ધ વિમાન છે. તે વિમાનોમાં ઉત્પન્ન થનારા દેવોને અનુત્તરોપપાતિક દેવ કહેવાય છે.

આ સૂત્રમાં ત્રણ વર્ગ છે. પહેલા વર્ગમાં દસ, બીજામાં તેર અને ત્રીજામાં પણ તેર અધ્યયન છે, પ્રથમ અને અંતિમ વર્ગમાં દસ-દસ અધ્યયન હોવાથી આ સૂત્રને અનુત્તરોપપાતિકદશા કહેવાય છે.

આ અંગમાં તેત્રીસ મહાન આત્માઓનું વર્ણન છે. પોતાની તપ સાધનાથી સમાધિપૂર્વક કાળ કરીને અનુત્તર વિમાનમાં જેઓએ દેવતાઓ રૂપે જન્મ લીધો છે તેઓ ત્યાંની સ્થિતિ પૂર્ણ કરીને એક જ વાર મનુષ્ય ગતિમાં આવીને મોક્ષ પ્રાપ્ત કરશે.

તેત્રીસમાંથી ત્રેવીસ તો રાજા શ્રેણિકની ચેલણા, નંદા અને ધારિણી રાણીઓના આત્મજ હતા અને શેષ દસમાં એક ધન્ના મુનિનું વર્ણન છે. ધન્ના મુનિની કઠોર તપસ્યા અને તેનાં કારણથી થયેલી તેના અંગોની ક્ષીણતાનું બહુ માર્મિક અને વિસ્તૃત વર્ણન છે. સાધખના આત્મ વિકાસ માટે અનેક પ્રેરણાત્મક ક્રિયાઓનો નિર્દેશ સૂત્રમાં કરેલ છે. જેમકે — શ્રુતપરિગ્રહ, તપશ્ચર્યા, પ્રતિમાવહન, ઉપસર્ગસહન, સંલેખના આદિનું વર્ણન છે.

ઉક્ત દરેક આત્મકલ્યાણના અમોઘ સાધન છે. તેને અપનાવવાથી મુનિ જીવન વિશેષ સફળ થઈ જાય છે. સિદ્ધત્વને પ્રાપ્ત કરનારા આ સૂત્રમાં વર્ણિત મહાપુરુષોના ઉદાહરણો પ્રત્યેક સાધકને પથદર્શન કરાવે છે.

● **સૂત્ર-૧૪૮ :-**

***પ્રશ્ન :- પ્રશ્નવ્યાકરણમાં કોનું વર્ણન છે ?***

***ઉત્તર :- પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં એકસો આઠ પ્રશ્ન એવા છે કે જે વિદ્યા, મંત્રવિધિથી જાપ વડે સિદ્ધ કરેલ છે અને પ્રશ્ન પૂછવા પર તે શુભાશુભ બતાવે. એકસો આઠ અપ્રશ્ન-ઉત્તર છે અર્થાત્ પૂછ્યા વિના જ શુભાશુભ બતાવે. એકસો આઠ પ્રશ્નાપ્રશ્ન છે જે પૂછવાથી અથવા વગર પૂછ્યે સ્વયં શુભાશુભનું કથન કરે. જેમકે—અંગુષ્ટ પ્રશ્ન, બાહુપ્રશ્ન તેમજ આદર્શપ્રશ્ન. એના સિવાય અન્ય પણ વિચિત્ર વિદ્યાતિશયનું કથન કરેલ છે અને નાગકુમારો અને સુવર્ણકુમારોની સાથે થયેલ મુનિઓના દિવ્ય સંવાદ પણ કહેલ છે.***

***પ્રશ્નવ્યાકરણમાં પરિમિત વાચનાઓ, સંખ્યાત અનુયોગદ્વાર, સંખ્યાત આલાપક, સંખ્યાત શ્લોક, સંખ્યાત નિર્યુક્તિઓ, સંખ્યાત સંગ્રહણીઓ અને સંખ્યાત પ્રતિપત્તિઓ છે.***

***પ્રશ્નવ્યાકરણ શ્રુત અંગોની અપેક્ષાએ દસમું અંગ છે. એમાં એક શ્રુતસ્કંધ, પિસ્તાલીસ અધ્યયન, પિસ્તાલીસ ઉદ્દેશનકાળ, પિસ્તાલીસ સમુદ્દેશનકાળ છે. પદ પરિમાણથી તેમાં સંખ્યાત સહસ્ર પદ છે. તેમાં સંખ્યાત અક્ષર, અનંત***



***ગમ, અનંત જ્ઞાન પર્યવ, પરિમિત ત્રસ, અનંત સ્થાવર અને શાશ્વત-અશાશ્વત, નિબદ્ધ, નિકાચિત, જિન પ્રરૂપિત ભાવોનું સામાન્ય અને વિશેષરૂપે કથન, પ્રરૂપણ, દર્શન, નિદર્શન અને ઉપદર્શન સુસ્પષ્ટ કરેલ છે.***

***પ્રશ્નવ્યાકરણના પાઠક તદાત્મકરૂપ તેમજ જ્ઞાતા અને વિજ્ઞાતા બની જાય છે અથવા આ પ્રશ્નવ્યાકરણનું સ્વરૂપ છે, તેમજ તે વિખ્યાત અને વિજ્ઞાત છે તથા તેમાં આ પ્રમાણે ચરણ-કરણની પ્રરૂપણા કરેલી છે. આ પ્રશ્નવ્યાકરણનું વર્ણન છે.***

● **વિવેચન-૧૪૮ :-**

પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં પ્રશ્નોત્તરરૂપે પદાર્થોનું વર્ણન કરેલ છે. પ્રાયઃ સૂત્રોના નામ પ્રમાણે જ અનુમાન કરવામાં આવે છે. આ સૂત્રમાં કોનું કોનું વર્ણન છે ? આ સૂત્રનું નામ પણ પ્રશ્ન અને વ્યાકરણ એટલે ઉત્તર, એ બન્ને શબ્દોને એક કરીને રાખેલ છે.

पसिणाइं :- વિધિપૂર્વક કોઈ પૂછે તો શુભાશુભ ઉત્તર બતાવે છે.

अपसिणाई :- પૂછ્યા વગર પણ શુભાશુભ કહી બતાવે.

पसिणापसिणाइं :- જે સિદ્ધ કરી લીધા પછી પૂછવાથી અથવા પૂછ્યા વગર પણ શુભાશુભ ફળ બતાવે.

અંગુષ્ઠ પ્રશ્ન, બાહુપ્રશ્ન તેમજ આદર્શપ્રશ્ન ઈત્યાદિ વડે પ્રશ્નોત્તર પ્રાપ્ત કરવાની વિધિ સૂચવેલ છે અર્થાત્ અંગૂઠાને સામે રાખીને કે ભુજાને સામે રાખીને કે ભુજાને અથવા અરીસાના સામે રાખી આ પ્રશ્નોત્તરની ક્રિયા કરવામાં આવે છે અથવા અંગૂઠા વગેરેમાં દેવનો પ્રવેશ થવાથી ઉત્તર આપે છે.

સમવાયાંગ સૂત્રમાં પણ પ્રશ્નવ્યાકરણ સૂત્રનો પરિચય આવી જ રીતે આપેલ છે પરંતુ વર્તમાનમાં વિદ્યાયુક્ત અધ્યયનો ઉપલબ્ધ નથી. ફક્ત પાંચ આશ્રવ અને પાંચ સંવરરૂપ દસ જ અધ્યયન છે. વર્તમાનકાળનાં પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં બે શ્રુતસ્કંધ છે. પહેલા શ્રુતસ્કંધમાં ક્રમશઃ હિંસા, અસત્ય, ચૌર્ય(ચોરી), અબ્રહ્મચર્ય અને પરિગ્રહનું વિસ્તૃત વર્ણન છે. બીજા શ્રુતસ્કંધમાં અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ વિષે સુંદર વર્ણન આપેલ છે. તેની આરાધના કરવાથી અનેક પ્રકારની લબ્ધિઓ પ્રાપ્ત થાય એવો તેમાં ઉલ્લેખ છે. આ સૂત્રમાં તત્ત્વોનું નિરૂપણ કરનારી ચાર ધર્મકથાઓનું પણ વિસ્તૃત વર્ણન છે, જેનું સ્વરૂપ ક્રમશઃ નીચે પ્રમાણે છે —

**(૧) આક્ષેપણીકથા :-** જે વિવિધ પ્રકારની એકાંત દૃષ્ટિઓની નિરાકરણપૂર્વક શુદ્ધિ કરીને પ્રરૂપણા કરે તેને આક્ષેપણીકથા કહેવાય છે.

**(૨) વિક્ષેપણીકથા :-** જેમાં પ્રથમ પર-સમય દ્વારા સ્વ-સમયમાં દોષ દેખાડીને પછી પર-સમયની આધારભૂત અનેક પ્રકારની એકાંત દૃષ્ટિઓનું શોધન કરીને સ્વ-સમયની સ્થાપના કરવામાં આવે તેને વિક્ષેપણીકથા કહેવાય છે.

**(૩) સંવેગનીકથા :-** જેમાં પુણ્યના ફળનું વર્ણન બતાવવામાં આવે છે, જેમકે—તીર્થંકર, ગણધર, ઋષિક, ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ, વિદ્યાધર અને દેવોની

ઋદ્ધિ એ પુણ્યનું ફળ છે. નરક, તિર્યંચ આદિમાં જન્મ મરણ અને વ્યાધિ, વેદના, દરિદ્રતા એ પાપનું ફળ છે. એ રીતે વિસ્તારથી ધર્મના ફળનું વર્ણન કરી વૈરાગ્યને ઉત્પન્ન કરનારી સંવેગનીકથા કહેવાય છે.

**(૪) નિર્વેદની કથા :-** ઉપરોક્ત વર્ણનના આધારે સંસારથી ઉદાસીનતા અને ત્યાગની ઉત્કટ ભાવનાને પ્રગટ કરનારી નિર્વેદની કથા કહેવાય છે.

ઉક્ત ચારે ય કથાઓનું પ્રતિપાદન કરતાં એમ પણ કહેલ છે કે જે જિનશાસનમાં અનુરક્ત હોય, પુણ્ય-પાપને સમજનાર હોય, સ્વ સમયના રહસ્યને જાણનાર હોય, તપ અને શીલગુણથી યુક્ત હોય તેમજ ભોગથી વિરક્ત હોય તેને જ વિક્ષેપણીકથા કહેવી જોઈએ. કેમકે વક્તા દ્વારા પર-સમયનું પ્રતિપાદન કરનારી કથાને સાંભળીને સ્વ-સમયની નહિ સમજનારા શ્રોતાનું ચિત્ત વ્યાકુળ બનીને મિથ્યાત્વનો સ્વીકાર કરી શકે છે. માટે સ્વ-સમયને અવશ્ય સમજવો જોઈએ. આ રીતે પ્રશ્નવ્યાકરણમાં વિવિધ વસ્તુઓ બતાવી છે.

**● સૂત્ર-૧૪૯ :-**

***પ્રશ્ન :- વિપાકશ્રુતમાં કોનો અધિકાર છે ?***

***ઉત્તર :- વિપાકશ્રુતમાં સુકૃત-દુષ્કૃત અર્થાત્ શુભાશુભ કર્મોના ફળનું કથન છે. વિપાક સૂત્રમાં દસ અધ્યયન દુઃખવિપાકના અને દસ અધ્યયન સુખવિપાકના છે.***

***પ્રશ્ન :- દુઃખવિપાકમાં શું બતાવ્યું છે ?***

***ઉત્તર :- દુઃખવિપાકમાં દુઃખરૂપ ફળ ભોગવનારના નગર, ઉદ્યાન, વનખંડ. ચૈત્ય, રાજા, માતાપિતા, ધર્માચાર્ય, ધર્મકથા, આ લોક તથા પરલોક સંબંધી ઋદ્ધિ, નરકગમન, ભવભ્રમણ, દુઃખપરંપરા, દુષ્કુળમાં જન્મ અને દુર્લભબોધિત્વની પ્રરૂપણા છે. આ પ્રમાણે દુઃખવિપાકનું વર્ણન છે.***

***પ્રશ્ન :- સુખવિપાક સૂત્રનું સ્વરૂપ શું છે ?***

***ઉત્તર :- સુખવિપાક શ્રુતમાં સુખ ભોગવનારાઓના અર્થાત્ સુખરૂપ ફળને ભોગવનારા જીવોના નગર, ઉદ્યાન, વનખંડ, વ્યંતરાયતન, સમવસરણ, રાજા, માતાપિતા, ધર્માચાર્ય, ધર્મકથા, આ લોક તતા પરલોક સંબંધી ઋદ્ધિ વિશેષ, ભોગોનો પરિત્યાગ, પ્રવ્રજ્યા (દીક્ષા), દીક્ષાપર્યાય, શ્રુતનું ગ્રહણ, ઉપધાનતપ, સંલેખના, ભક્તપ્રત્યાખ્યાન, પાદપોપગમન, દેવલોકગમન, સુખોની પરંપરા, ફરી બોધિલાભ, અંતક્રિયા ઈત્યાદિ વિષયોનું વર્ણન છે.***

***વિપાક સૂત્રમાં પરિમિત વાચનાઓ, સંખ્યાત અનુયોગદ્વાર, સંખ્યાત આલાપક, સંખ્યાત શ્લોક, સંખ્યાત નિર્યુક્તિઓ, સંખ્યાત સંગ્રહણીઓ અને સંખ્યાત પ્રતિપત્તિઓ છે.***

***અંગોની અપેક્ષાએ આ અગિયારમું અંગ છે. એમાં બે શ્રુતસ્કંધ છે, વીસ અધ્યયન, વીસ ઉદ્દેશનકાળ, વીસ સમુદ્દેશનકાળ છે. પદ પરિમાણથી તેમાં સંખ્યાત સહસ્ર પદ છે. તેમાં સંખ્યાત અક્ષર, અનંતગમ, અનંત પર્યાય, પરિમિત ત્રસ, અનંત સ્થાવર અને શાશ્વત—અશાશ્વત, નિબદ્ધ, નિકાચિત, જિન પ્રરૂપિત ભાવોનું સામાન્ય અને વિશેષરૂપે કથન, પ્રરૂપણ, દર્શન નિદર્શન અને ઉપદર્શન સુસ્પષ્ટ કરેલ છે.***

***વિપાક શ્રુતનું અધ્યયન કરનારા એવંભૂત આત્મા, જ્ઞાતા અને વિજ્ઞાતા બની જાય છે. અથવા આ પ્રકારે વિપાક સૂત્રનું સ્વરૂપ છે તેમજ તે વિખ્યાત અને વિજ્ઞાત છે તથા તેમાં આ રીતે ચરણ અને કરણની પ્રરૂપણા કરેલી છે. આ વિપાક શ્રુતનું વર્ણન છે.***



**● વિવેચન-૧૪૯ :-**

વિપાક સૂત્રમાં કર્મોના શુભ અને અશુભ ફળોનું વર્ણન ઉદાહરણ આપીને કર્યું છે. આ સૂત્રમાં બે શ્રુતસ્કંધ છે. દુઃખવિપાક અને સુખવિપાક. પહેલા શ્રુતસ્કંધમાં દસ અધ્યયન છે. જેમાં અન્યાય, અનીતિ, માંસ, ઈંડા આદિ ભક્ષણનાં પરિણામ, પરસ્ત્રીગમન, વેશ્યાગમન, રિશ્વતખોરી (લાંચ) અને ચોરી આદિ દુષ્કર્મોના કુફળોના ઉદાહરણ આપીને વર્ણન કરેલ છે. સાથે એમ પણ બતાવ્યું છે કે જીવ આ બધા પાપોના કારણે નરક અને તિર્યંચ ગતિમાં જઈને વિવિધ પ્રકારની ભયંકર યાતનાઓ પ્રાપ્ત કરે છે, જન્મમરણ કરતા રહે છે, તેમજ દુઃખની પરંપરા વધારતા રહે છે. અજ્ઞાનના કારણએ જીવ પાપ કરતી વખતે પ્રસન્ન રહે છે પરંતુ તેના ફળો ભોગવતી વખતે દીનતાપૂર્વક રોવે છે અને પશ્ચાત્તાપ કરે છે.

વિપાક સૂત્રના બીજા શ્રુતસ્કંધનું નામ સુખવિપાક છે. આ અંગના દસ અધ્યયન છે. એમાં ભવ્ય અને પુણ્યશાળી આત્માઓનું વર્ણન છે. જેઓએ પૂર્વભવમાં સુપાત્ર દાન દઈને મનુષ્યભવના આયુષ્યનો બંધ કરીને અને મનુષ્યભવ પ્રાપ્ત કરીને અતુલ વૈભવ પ્રાપ્ત કર્યો. પરંતુ મનુષ્યભવને તેઓએ ફક્ત સાંસારિક સુખોપભોગ કરીને જ વ્યર્થ ગુમાવ્યો નથી. તેઓએ અપાર (પુષ્કળ) ઋદ્ધિનો ત્યાગ કરીને સંયમ ગ્રહણ કરી, તપ સાધના કરતાં કરતાં શરીરનો ત્યાગ કરીને દેવલોકમાં દેવપણું પ્રાપ્ત કર્યું. ભવિષ્યમાં તેઓ મહાવિદેહ ક્ષેત્રમાં નિર્વાણપદ પ્રાપ્ત કરશે. આ બધું સુપાત્ર દાનનું મહાત્મ્ય છે.

આ સૂત્રમાં સુબાહુકુમારની કથા વિસ્તારપૂર્વક આપેલી છે. શેષ દરેક અધ્યયનમાં સંક્ષિપ્ત વર્ણન છે. આ કથાઓથી સહજ રીતે પ્રતીત થઈ જાય છે કે પુણ્યાનુબંધી પુણ્યનું ફળ કેવું કલ્યાણકારી છે. સુખવિપાકમાં વર્ણીત દસ કુમારોની કથાઓના પ્રભાવથી ભવ્ય શ્રોતાઓ અથવા અધ્યેતાઓના જીવનમાં પણ ધીરે ધીરે એવા ગુણોનો આવિર્ભાવ થઈ શકે છે. જેથી તેઓ અંતમાં સંપૂર્ણ કર્મનો ક્ષય કરીને નિર્વાણ પદની પ્રાપ્તિ કરી શકે છે.

**● સૂત્ર-૧૫૦/૧ :-**

***પ્રશ્ન :- દૃષ્ટિવાદમાં કોનું કથન છે ? ઉત્તર :- દૃષ્ટિવાદમાં સમસ્ત ભાવોની પ્રરૂપણા કરી છે. તે સંક્ષેપમાં પાંચ પ્રકારે છે, જેમકે – (૧) પરિકર્મ (૨) સૂત્ર (૩) પૂર્વગત (૪) અનુયોગ (૫) ચૂલિકા.***

● **વિવેચન-૧૫૦/૧ :-**

આ સૂત્રમાં દૃષ્ટિવાદનો અતિ સંક્ષિપ્ત પરિચય આપ્યો છે. દૃષ્ટિવાદ અંગસૂત્ર જૈનાગમોમાં સર્વથી મહાન છે. જો કે વર્તમાન કાળમાં ઉપલબ્ધ નથી. તેનો વિચ્છેદ થયેલ છે. દૃષ્ટિ શબ્દ અનેકાર્થક છે. નેત્રશક્તિ, જ્ઞાન, સમજ, અભિમત, નય-વિચારસરણિ, દર્શન ઈત્યાદિ અર્થોમાં દૃષ્ટિ શબ્દ પ્રયુક્ત થાય છે. વાદનો અર્થ છે કથન કરવું.

વિશ્વના જે જે દર્શનો, નયપદ્ધતિઓ અને શ્રુતજ્ઞાન છે તે સર્વનો સમાવેશ દૃષ્ટિવાદમાં થઈ જાય છે. સંક્ષેપમાં કહી શકાય કે જે શાસ્ત્રમાં દર્શનનું મુખ્યતયા વર્ણન હોય તે દૃષ્ટિવાદ કહેવાય છે. પ્રત્યેક તીર્થંકરના શાસનમાં દૃષ્ટિવાદ સૂત્ર કોઈ સમયે વિચ્છેદ પામે છે પરંતુ તે દૃષ્ટિવાદ સૂત્રના આધારે રચાયેલ કાલિક-ઉત્કાલિક શ્રુતદ્વારા શાસનધુરા ચાલુ રહે છે. કાલિક-ઉત્કાલિક શ્રુત પણ વિચ્છેદ પામવાથી વર્તમાન ચોવીસીમાં મધ્યના સાત શાસનનો વિચ્છેદ થયેલ અને મહાવીર સ્વામી પ્રરૂપિત દૃષ્ટિવાદ સૂત્રનો ધીરે-ધીરે વિચ્છેદ થતાં-થતાં સંપૂર્ણપણે નાશ થઈ ગયો.

● **સૂત્ર-૧૫૦/૨ :-**

***પરિકર્મના કેટલા પ્રકાર છે ? ઉત્તર-પરિકર્મ સાત પ્રકારના છે. જેમકે — (૧) સિદ્ધશ્રેણિકા પરિકર્મ (૨) મનુષ્યશ્રેણિકા પરિકર્મ (૩) પૃષ્ટશ્રેણિકા પરિકર્મ (૪) અવગાઢ શ્રેણિકા પરિકર્મ (૫) ઉપસંપાદન શ્રેણિકા પરિકર્મ (૬) વિપ્રજહત્ શ્રેણિકા પરિકર્મ (૭) ચ્યુતાચ્યુતશ્રેણિકા પરિકર્મ.***

● **વિવેચન-૧૫૦/૨ :-**

જેમ ગણિતશાસ્ત્રમાં સંકલના આદિ ૧૬ પરિકર્મનું કથન કરેલ છે, તેનું અધ્યયન કરવાથી સંપૂર્ણ ગણિતશાસ્ત્રના વિષયને ગ્રહણ કરવાની યોગ્યતા પ્રાપ્ત થઈ જાય છે તેમ પરિકર્મના અધ્યયનથી દૃષ્ટિવાદના અધ્યયનની સંપૂર્ણ યોગ્યતા થઈ જાય છે. તેને દૃષ્ટિવાદમાં રહેલા દરેક વિષય સુગમ થઈ જાય છે. દૃષ્ટિવાદનું પ્રવેશ દ્વાર પરિકર્મ છે.

તે પરિકર્મ આમ તો સાત પ્રકારના છે પણ મૃષાવાદ આદિ ઉત્તર ભેદોની અપેક્ષાએ ૮૩ પ્રકારના પરિકર્મ છે. પહેલા અને બીજા પરિકર્મના ૧૪-૧૪ ભેદ અને શેષ પાંચ પરિકર્મના ૧૧-૧૧ ભેદ હોય છે. એ રીતે કુલ પરિકર્મના ૮૩ ભેદ થાય છે.

● **સૂત્ર-૧૫૦/૩ :-**

***સિદ્ધશ્રેણિકા પરિકર્મ કેટલા પ્રકારે છે ? ઉત્તર :- સિદ્ધ શ્રેણિકા પરિકર્મ ૧૪ પ્રકારના છે, જેમ કે — (૧) માતૃકાપદ (૨) એકાર્થપદ (૩) અર્થપદ (૪) પૃથગાકાશપદ-પૃથકત્વાકાશપદ (૫) કેતુભૂત (૬) રાશિબદ્ધ (૭) એકગુણ (૮) દ્વિગુણ (૯) ત્રિગુણ (૧૦) કેતુભૂત (૧૧) પ્રતિગ્રહ (૧૨) સંસાર પ્રતિગ્રહ (૧૩) નંદાવર્ત (૧૪) સિદ્ધાવર્ત. આ રીતે સિદ્ધશ્રેણિકા પરિકર્મ બતાવેલ છે.***

● **વિવેચન-૧૫૦/૩ :-**

દૃષ્ટિવાદ સર્વથા વિચ્છેદ થઈ જવાના કારણે તેના વિષયમાં અધિક બતાવી ન શકાય, ફક્ત અનુમાન કરી શકાય છે કે — પ્રારંભિક યોગ્યતા માટેના આ પરિકર્મ



વિભાગમાં પહેલા ધોરણની જેમ મૂલાક્ષર, એકાર્થકપદ, પદોના વિવિધ અર્થ, તેનો સંધિ વિચ્છેદ વગેરે તથા ગણિત શિક્ષા માટે સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર વગેરેની વિધિઓનું વર્ણન તથા બીજા પણ કઠિન ગણિત અને ભંગવિધિઓનું પ્રારંભિક જ્ઞાન આ પરિકર્મ વિભાગમાં હોય છે અથવા સિદ્ધ સંબંધી વર્ણન પણ હોઈ શકે છે.

● **સૂત્ર-૧૫૦/૪ :-**

***તે મનુષ્યશ્રેણિકા પરિકર્મ કેટલા પ્રકારના છે ? ઉત્તર :- મનુષ્યશ્રેણિકા પરિકર્મ ૧૪ પ્રકારના કહ્યા છે, જેમકે — (૧) માતૃકાપદ (૨) એકાર્થપદ (૩) અર્થપદ (૪) પૃથગાકાશપદ (૫) કેતુભૂત (૬) રાશિબદ્ધ (૭) એકગુણ (૮) દ્વિગુણ (૯) ત્રિગુણ (૧૦) કેતુભૂત (૧૧) પ્રતિગ્રહ (૧૨) સંસાર પ્રતિગ્રહ (૧૩) નંદાવર્ત (૧૪) મનુષ્યાવર્ત. આ રીતે મનુષ્યશ્રેણિકા પરિકર્મ બતાવેલ છે.***

● **વિવેચન-૧૫૦/૪ :-**

આ સૂત્રમાં મનુષ્યશ્રેણિકા પરિકર્મ બતાવેલ છે. સંભવ છે કે આમાં જનગણનાની જેમ ભવ્ય-અભવ્ય, પરિત સંસારી અને અનંત સંસારી, ચરમશરીરી અને અચરમશરીરી, ચારે ય ગતિમાંથી આવનારી મનુષ્યશ્રેણિકા, સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને મિશ્રદૃષ્ટિ, આરાધક-વિરાધક, સ્ત્રી, પુરુષ, નપુંસક, ગર્ભજ, સમૂર્છિમ, પર્યાપ્ત, અપર્યાપ્ત, સંયત, અસંયત અને સંયતાસંયત મનુષ્યશ્રેણિકા, ઉપશમશ્રેણિકા તથા ક્ષપક શ્રેણિકા ઈત્યાદિ રૂપ મનુષ્યશ્રેણિકાનું સવિસ્તાર વર્ણન કરેલ હશે.

● **સૂત્ર-૧૫૦/૫ :-**

***પ્રશ્ન :- પૃષ્ટશ્રેણિકા પરિકર્મ કેટલા પ્રકારે છે ?***

***ઉત્તર :- આ પૃષ્ટશ્રેણિકા પરિકર્મ ૧૧ પ્રકારના છે. જેમકે — (૧) પૃથગાકાશપદ (૨) કેતુભૂત (૩) રાશિબદ્ધ (૪) એકગુણ (૫) દ્વિગુણ (૬) ત્રિગુણ (૭) કેતુભૂત (૮) પ્રતિગ્રહ (૯) સંસારપ્રતિગ્રહ (૧૦) નંદાવર્ત (૧૧) પૃષ્ટાવર્ત. આ પ્રમાણે પૃષ્ટશ્રેણિકા પરિકર્મ છે.***

● **વિવેચન-૧૫૦/૫ :-**

આ સૂત્રમાં પૃષ્ટશ્રેણિકા પરિકર્મ ૧૧ પ્રકારે બતાવેલ છે. સ્પૃષ્ટ અને પૃષ્ટ બન્નેનો પ્રાકૃતમાં ''પુટ્ઠ'' શબ્દ બને છે. સ્પૃષ્ટનો અર્થ થાય છે અડીને રહેલા. સિદ્ધ એક બીજાથી સ્પૃષ્ટ છે. નિગોદના શરીરમાં અનેક જીવ પરસ્પર સ્પૃષ્ટ છે. ધર્મ, અધર્મ, લોકાકાશ અને તેના પ્રદેશો અનાદિકાળથી પરસ્પર સ્પૃષ્ટ છે. ઈત્યાદિ દરેકનું વર્ણન હોવાની પણ સંભાવના છે.

● **સૂત્ર-૧૫૦/૬ :-**

***પ્રશ્ન :- અવગાઢ શ્રેણિકા પરિકર્મ કેટલા પ્રકારના છે ?***

***ઉત્તર :- અવગાઢ શ્રેણિકા પરિકર્મ ૧૧ પ્રકારના છે. જેમકે — (૧) પૃથગાકાશપદ (૨) કેતુભૂત (૩) રાશિબદ્ધ (૪) એકગુણ (૫) દ્વિગુણ (૬) ત્રિગુણ (૭) કેતુભૂત (૮) પ્રતિગ્રહ (૯) સંસારપ્રતિગ્રહ (૧૦) નંદાવર્ત (૧૧) અવગાઢાવર્ત. આ પ્રમાણે અવગાઢશ્રેણિકા પરિકર્મ છે.***

● **વિવેચન-૧૫૦/૬ :-**

આ સૂત્રમાં અવગાઢશ્રેણિકા પરિકર્મનું વર્ણન છે. આકાશનું કાર્ય દરેક દ્રવ્યને અવકાશ આપવાનું છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, જીવાસ્તિકાય, કાળ અને પુદ્‌ગલાસ્તિકાય એ પાંચે દ્રવ્ય આધેય છે. આકાશ તેને પોતાનામાં સ્થાન આપે છે. જે દ્રવ્ય જે આકાશ પ્રદેશમાં અથવા દેશમાં અવગાઢ છે તેનું વિસ્તૃત વર્ણન-અવગાઢશ્રેણિકામાં હશે એવી સંભાવના છે.

● **સૂત્ર-૧૫૦/૭ :-**

***પ્રશ્ન :- તે ઉપસંપાદનશ્રેણિકા પરિકર્મ કેટલા પ્રકારના છે ?***

***ઉત્તર :- તે ઉપસંપાદનશ્રેણિકા પરિકર્મ અગિયાર પ્રકારના છે, જેમકે — (૧) પૃથગાકાશપદ (૨) કેતુભૂત (૩) રાશિબદ્ધ (૪) એકગુણ (૫) દ્વિગુણ (૬) ત્રિગુણ (૭) કેતુભૂત (૮) પ્રતિગ્રહ (૯) સંસારપ્રતિગ્રહ (૧૦) નંદાવર્ત (૧૧) ઉપસંપાદનાવર્ત. આ પ્રમાણે ઉપસંપાદનશ્રેણિકા પરિકર્મ શ્રુત છે.***

● **વિવેચન-૧૫૦/૭ :-**

આ સૂત્રમાં ઉપસંપાદનશ્રેણિકા પરિકર્મ બતાવેલ છે. ''उवसंपज्जण'' નો અર્થ અંગીકાર કરવો અથવા ગ્રહણ કરવું. દરેક સાધકની જીવન ભૂમિકા એક સરખી હોતી નથી. તેથી દૃષ્ટિવાદના વેત્તા સાધકની શક્તિ અનુસાર જીવન ઉપયોગી સાધન બતાવે છે, તેનાથી તેનું કલ્યાણ થઈ શકે છે.

● **સૂત્ર-૧૫૦/૮ :-**

***પ્રશ્ન :- વિપ્રજહત્‌શ્રેણિકા પરિકર્મ કેટલા પ્રકારના છે ?***

***ઉત્તર :- વિપ્રજહત્‌શ્રેણિકા પરિકર્મ ૧૧ પ્રકારના કહ્યા છે. જેમકે — (૧) પૃથગાકાશપદ (૨) કેતુભૂત (૩) રાશિબદ્ધ (૪) એકગુણ (૫) દ્વિગુણ (૬) ત્રિગુણ (૭) કેતુભૂત (૮) પ્રતિગ્રહ (૯) સંસારપ્રતિગ્રહ (૧૦) નંદાવર્ત (૧૧) વિપ્રજહદાવર્ત. આ વિપ્રજહત્‌શ્રેણિકા પરિકર્મ છે.***

● **વિવેચન-૧૫૦/૮ :-**

આ સૂત્રમાં વિપ્રજહત્‌શ્રેણિકા પરિકર્મ વિષે ઉલ્લેખ છે. વિશ્વમાં જેટલા હેય પરિત્યાજ્ય પદાર્થ છે, તેનો એમાં સમાવેશ થઈ જાય છે. પ્રત્યેક સાધકની જીવન ભૂમિકા ભિન્ન ભિન્ન હોય છે. માટે અવગુણ પણ ભિન્ન ભિન્ન હોય છે. માટે જેની જેવી ભૂમિકા હોય તે પ્રમાણે સાધકે એવા દોષો તેમજ ક્રિયાઓ ત્યાગવા જોઈએ.

● **સૂત્ર-૧૫૦/૯ :-**

***પ્રશ્ન :- ચ્યુતાચ્યુતશ્રેણિકા પરિકર્મ કેટલા પ્રકારના છે ?***

***ઉત્તર :- ચ્યુતાચ્યુત શ્રેણિકા પરિકર્મ અગિયાર પ્રકારના છે, જેમકે — (૧) પૃથગાકાશપદ (૨) કેતુભૂત (૩) રાશિબદ્ધ (૪) એકગુણ (૫) દ્વિગુણ (૬) ત્રિગુણ (૭) કેતુભૂત (૮) પ્રતિગ્રહ (૯) સંસારપ્રતિગ્રહ (૧૦) નંદાવર્ત (૧૧) ચ્યુતાચ્યુતાવર્ત. આ પ્રમાણે ચ્યુતાચ્યુત શ્રેણિકા પરિકર્મનું સ્વરૂપ છે. આ અગિયાર પરિકર્મમાંથી પ્રારંભના છ પરિકર્મ ચાર નયોથી આશ્રિત છે. અંતિમ***





***સાત પરિકર્મ ત્રિરાશિક છે. આ ચ્યુતાચ્યુતશ્રેણિકા પરિકર્મ સંપૂર્ણ થયો.***

● **વિવેચન-૧૫૦/૯ :-**

આ સૂત્રમાં સાતમા પરિકર્મ રૂપ અંતિમભેદ ચ્યુતાચ્યુતપરિકર્મનું વર્ણન કર્યું છે. જો કે આ પરિકર્મનો વાસ્તવિક વિષય અને તેના અર્થ વિષે નિશ્ચયપૂર્વક કંઈ કહી શકાતું નથી.

સૂત્રમાં ''छ चउक्क णइयाइं सत्त तेरासियाइ'' આ પદ આપેલ છે. તેનો ભાવ એ છે કે આદિના છ પરિકર્મ ચાર નયની અપેક્ષાએ કહેલ છે. એમાં સ્વસિદ્ધાંતનું વર્ણન કરેલ છે અને સાતમા પરિકર્મમાં ત્રિરાશિકનો ઉલ્લેખ કરેલ છે. અહીં અગિયાર ભેદમાંથી સાતનું કથન છે અને ચારનું કથન નથી તથા શેષ ચાર માટે કોઈ સૂચન નથી તેનું કારણ અજ્ઞાત છે અને સત્ત શબ્દથી સાત સંખ્યાનો અર્થ કરાય તો પાછળના સાત ભેદ ત્રણ નયોની અપેક્ષાએ કહેલ છે એવી કલ્પના પણ કરી શકાય છે. તત્ત્વ જ્ઞાનીગમ્ય છે.

● **સૂત્ર-૧૫૦/૧૦ :-**

***પ્રશ્ન :- તે સૂત્ર રૂપ દૃષ્ટિવાદના કેટલા પ્રકાર છે ?***

***ઉત્તર :- સૂત્રરૂપ દૃષ્ટિવાદના બાવીસ પ્રકાર છે. જેમકે — (૧) ઋજુસૂત્ર (૨) પરિણતાપરિણત (૩) બહુભંગિય (૪) વિજયચરિત્ર (૫) અનંતર (૬) પરંપર (૭) આસાન (૮) સંયૂથ (૯) સંભિન્ન (૧૦) યથાવાદ (૧૧) સ્વસ્તિકાવર્ત (૧૨) નંદાવર્ત (૧૩) બહુલ (૧૪) પૃષ્ટાપૃષ્ટ (૧૫) વ્યાવર્ત (૧૬) એવંભૂત (૧૭) દ્વિકાવર્ત (૧૮) વર્તમાનપદ (૧૯) સમભિરૂઢ (૨૦) સર્વતોભદ્ર (૨૧) પ્રશિષ્ય (૨૨) દુષ્પતિગ્રહ.***

***એ બાવીસ સૂત્ર છિન્નચ્છેદ નયની અપેક્ષાએ સ્વસમય સૂત્ર પરિપાટી અર્થાત્ સ્વદર્શનની વક્તવ્યતાને જ આશ્રિત છે. આ જ બાવીસ સૂત્ર આજીવિક ગોશાલકના દર્શનની દૃષ્ટિએ અચ્છિન્નચ્છેદ નયથી કહેલ છે. એ જ રીતે આ બાવીસ સૂત્ર ત્રિરાશિક સૂત્ર પરિપાટીથી ત્રણ નયનો સ્વીકાર કરે છે અને એ જ બાવીસ સૂત્ર સ્વસમય સિદ્ધાંતની દૃષ્ટિએ ચાર નયનો સ્વીકાર કરે છે. આ રીતે પૂર્વાપર સર્વ મળીને અઠ્ઠયાસી સૂત્ર થઈ જાય છે. આ કથન તીર્થંકર પરમાત્માઓ અને ગણધરદેવોએ કર્યું છે. આ રીતે સૂત્રરૂપ દૃષ્ટિવાદનું વર્ણન છે.***

● **વિવેચન-૧૫૦/૧૦ :-**

આ સૂત્રમાં અઠ્ઠયાસી સૂત્રોનું વર્ણન છે. તેની અંદર સર્વદ્રવ્ય, સર્વપર્યાય, સર્વનય અને સર્વભંગ-વિકલ્પ નિયમ આદિ બતાવેલ છે.

વૃત્તિકાર અને ચૂર્ણિકાર બન્નેના મતે ઉક્ત સૂત્રમાં બાવીસ સૂત્ર છિન્નચ્છેદ નયના મત પ્રમાણે સ્વસિદ્ધાંતનું પ્રતિપાદન કરનારા છે અને એ જ સૂત્ર અચ્છિન્નચ્છેદ નયની દૃષ્ટિથી અબંધક, ત્રિરાશિક અને નિયતિવાદનું વર્ણન કરે છે.

છિન્નચ્છેદ નય કોને કહેવાય ? જેમકે — કોઈ પદ અથવા શ્લોક બીજા પદની

અપેક્ષા ન કરે અને બીજા પદો પણ પ્રથમ પદની અપેક્ષા ન રાખે. જેમકે — धम्मो मंगलमुक्किट्ठं ।

આનું વર્ણન अच्छिन्नच्छेद નયના મતે આ પ્રમાણે છે. જેમકે — ધર્મ સર્વથી ઉત્કૃષ્ટ મંગલ છે. પ્રશ્ન થાય છે કે તે કેવા પ્રકારનો ધર્મ છે કે જે સર્વોત્કૃષ્ટ છે? ઉત્તર — अहिंसा संजमो तवो । આ રીતે બન્ને પદ સાપેક્ષ સિદ્ધ થઈ જાય.

● **સૂત્ર-૧૫૦/૧૧ થી ૧૫૩ :-**

*[૧૫૦/૧૧] પ્રશ્ન :- પૂર્વગત-દૃષ્ટિવાદના કેટલા પ્રકાર છે ?*

*ઉત્તર :- પૂર્વગત-દૃષ્ટિવાદના ચૌદ પ્રકાર છે, જેમકે — (૧) ઉત્પાદપૂર્વ (૨) અગ્રાયણીપૂર્વ (૩) વીર્યપ્રવાદપૂર્વ (૪) અસ્તિનાસ્તિપ્રવરાદપૂર્વ (૫) જ્ઞાનપ્રવાદપૂર્વ (૬) સત્યપ્રવાદપૂર્વ (૭) આત્મપ્રવાદપૂર્વ (૮) કર્મપ્રવાદપૂર્વ (૯) પ્રત્યાખ્યાનપૂર્વ (૧૦) વિદ્યાનુપ્રવાદપૂર્વ (૧૧) અવન્ધ્યપૂર્વ (૧૨) પ્રાણાયુપૂર્વ (૧૩) ક્રિયા વિશાળપૂર્વ (૧૪) લોકબિંદુસારપૂર્વ.*

*(૧) ઉત્પાદપૂર્વમાં દસ વસ્તુ અને ચાર ચૂલિકા વસ્તુ છે.*

*(૨) અગ્રાણીયપૂર્વમાં ચૌદ વસ્તુ અને બાર ચૂલિકા વસ્તુ છે.*

*(૩) વીર્યપ્રવાદપૂર્વમાં આઠ વસ્તુ અને આઠ ચૂલિકા વસ્તુ છે.*

*(૪) અસ્તિનાસ્તિપ્રવાદપૂર્વમાં અઢાર વસ્તુ અને દસ ચૂલિકા વસ્તુ છે.*

*(૫) જ્ઞાનપ્રવાદપૂર્વમાં બાર વસ્તુ છે.*

*(૬) સત્યપ્રવાદપૂર્વમાં બે વસ્તુ છે.*

*(૭) આત્મપ્રવાદપૂર્વમાં સોળ વસ્તુ છે.*

*(૮) કર્મપ્રવાદપૂર્વમાં ત્રણ વસ્તુ કહેલ છે.*

*(૯) પ્રત્યાખ્યાનપૂર્વમાં વીસ વસ્તુ છે.*

*(૧૦) વિદ્યાનુવાદપૂર્વમાં પંદર વસ્તુ કહેલ છે.*

*(૧૧) અવંધ્યપૂર્વમાં બાર વસ્તુ બતાવી છે.*

*(૧૨) પ્રાણાયુપૂર્વમાં તેર વસ્તુ છે.*

*(૧૩) ક્રિયાવિશાળપૂર્વમાં ત્રીસ વસ્તુ કહેલ છે.*

*(૧૪) લોકબિંદુસારપૂર્વમાં પચ્ચીસ વસ્તુ છે.*

*૧૫૧ થી ૧૫૩ [સંગ્રહણી ગાથાનો ભાવાર્થ આ પ્રકારે છે—] પહેલામાં ૧૦, બીજામાં ૧૪, ત્રીજામાં ૮, ચોથામાં ૧૮, પાંચમામાં ૧૨, છઠ્ઠામાં ૨, સાતમામાં ૧૬, આઠમામાં ૩૦, નવમામાં ૨૦, દસમામાં ૧૫, અગિયારમામાં ૧૨, બારમામાં ૧૩, તેરમામાં ૩૦ અને ચૌદમામાં ૨૫ વસ્તુ છે.*

*આદિના ચાર પૂર્વમાં ક્રમથી — પ્રથમમાં ૪, બીજામાં ૧૨, ત્રીજામાં ૮ અને ચોથા પૂર્વમાં ૧૦ ચૂલિકાઓ છે. શેષ પૂર્વોમાં ચૂલિકાઓ નથી.*

*આ પ્રમાણે આ પૂર્વગત દૃષ્ટિવાદ અંગશ્રુતનું વર્ણન છે.*

● **સૂત્ર-૧૫૪ :-**

*[૧૫૪/૧] પ્રશ્ન :- અનુયોગ કેટલા પ્રકારનો છે ?*



*ઉત્તર :- અનુયોગ બે પ્રકારનો છે, જેમકે — (૧) મૂલપ્રથમાનુયોગ અને ગંડિકાનુયોગ.*

*પ્રશ્ન :- મૂલપ્રથમાનુયોગમાં કોનું વર્ણન છે ?*

*ઉત્તર :- મૂલપ્રથમાનુયોગમાં અરિહંત ભગવંતના પૂર્વભવોનું વર્ણન છે. તેમનું દેવલોકમાં જવું, દેવલોકનું આયુષ્ય, દેવલોકથી ચ્યવીને તીર્થંકર રૂપે જન્મ, દેવાદિકૃત જન્માભિષેક, રાજ્યાભિષેક, પ્રધાન રાજ્યલક્ષ્મી, પ્રવ્રજ્યા (મુનિ-દીક્ષા), ત્યારબાદ ઘોર તપશ્ચર્યા, કેવળજ્ઞાનની ઉત્પત્તિ, તીર્થની પ્રવૃત્તિ કરવી, શિષ્ય સમુદાય, ગણ, ગણધર, આર્યાજીઓ, પ્રવર્તિનીઓ, ચતુર્વિધ સંઘની પરિમાણ સંખ્યા, જિન-સામાન્ય કેવળી, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની તેમજ સમ્યગ્જ્ઞાની, વાદી, અનુત્તરગતિ અને ઉત્તરવૈક્રિયધારી મુનિ, જેટલા મુનિ સિદ્ધ થયા હોય, મોક્ષ માર્ગ જેણે બતાવ્યો, જેટલા સમય સુધી પાદપોપગમન સંથારો કર્યો હોય, જે સ્થાન પર જેટલા ભક્તોનું છેદન કરી કર્મોનો અંત કર્યો હોય, અજ્ઞાન અંધકારના પ્રવાહથી મુક્ત થઈને જે મહામુનિએ મોક્ષના સુખને પ્રાપ્ત કર્યું હોય ઈત્યાદિ. અને એ સિવાય અન્ય ભાવો પણ મૂલપ્રથમાનુયોગમાં પ્રતિપાદિત કરેલ છે. આ પ્રમાણે મૂલપ્રથમાનુયોગનું વર્ણન છે.*

*૧૫૪/૨ પ્રશ્ન :- ગંડિકાનુયોગ કોને કહેવાય ?*

*ઉત્તર :- ગંડિકાનુયોગમાં કુલકરગંડિકા, તીર્થંકરગંડિકા, ચક્રવર્તિગંડિકા, દશારગંડિકા, બલદેવગંડિકા, વાસુદેવગંડિકા, ગણધરગંડિકા, ભદ્રબાહુગંડિકા, તપકર્મગંડિકા, તપકર્મગંડિકા, હરિવંશગંડિકા, ઉત્સર્પિણીગંડિકા, અવસર્પિણી-ગંડિકા, ચિત્રાંતરગંડિકા, દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરકગતિમાં ગમન અને વિવિધ પ્રકારના સંસારમાં પર્યટન ઈત્યાદિ ગંડિકાઓ કહી છે. આ રીતે પ્રજ્ઞાપન કરેલ છે. આ પ્રકારે ગંડિકા અનુયોગનું વર્ણન છે.*

● **વિવેચન-૧૫૪/૧,૨ :-**

ઉક્ત સૂત્રમાં અનુયોગનું વર્ણન કરેલ છે. અનુયોગનો અર્થ છે — સૂત્રને અનુકૂળ કે અનુરૂપ અર્થ કરવો. પરંતુ અહીં તેનો અર્થ છે — કોઈપણ વિષયનું વિસ્તૃત સર્વતોમુખી પ્રતિપાદન કરનાર પ્રકરણ.

વિસ્તૃત વર્ણન રૂપ અનુયોગના અહીં બે વિભાગ કર્યા છે — મૂલપ્રથમાનુયોગ અને ગંડિકજ્ઞાનુયોગ. મૂલપ્રથમાનુયોગમાં તીર્થંકરોના વિષે વિસ્તૃત રૂપે નિરૂપણ કરેલ છે. સમ્યક્ત્વ પ્રાપ્તિથી લઈને તીર્થંકરપદની પ્રાપ્તિ સુધીના તેમના ભવોનું અને જીવનચર્યાનું વર્ણન કરેલ છે, જે સૂત્રપાઠથી પણ સ્પષ્ટ થાય છે.

गंडियाणुओग :- ‘ગંડિકા’નો અર્થ છે વિભાજન, વિભાગ અને ‘અનુયોગ’નો અર્થ અહીં વિસ્તાર છે. તેથી ગંડિકાનુયોગનો અર્થ થયો ક વિષયોના વિભાજન સાથે વિસ્તૃત વર્ણન જેમા હોય તે ગંડિકાનુયોગ કહેવાય છે.

આ વિભાગમાં વિવિધ વિષયોનું ખૂબ જ વિસ્તારથી વર્ણન હોય છે. જેના ઘણાં નામ સૂત્રમાં આપેલ છે. અંતમાં एवमाइयाओ શબ્દથી બીજા પણ ઘણા વિષયોનો સંકેત

કરેલ છે. તાત્પર્ય એ થયું કે વિષયબદ્ધ વિસ્તૃત વર્ણન આ અનુયોગમાં હોય છે.

**અર્થ :-** તાત્પર્ય એ છે કે તીર્થંકરના અંતરાલમાં થનારા રાજાઓના પૂર્વભવોમાં દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરક, એ ચારે ય ગતિના ચરિત્ર તેમજ તેને નિર્વાણપદની પ્રાપ્તિ સુધીના જીવનવૃત્તાંતનું વર્ણન ચિત્રાંતરગંડિકામાં હોય છે.

ગંડિકા શબ્દનો પ્રયોગ શેરડીના ખંડો કે વિભાગો માટે થાય છે. તેમજ અહીં વિષયોનું વિભાજન માટે ગંડિકા શબ્દનો પ્રયોગ કરેલ છે.

આ રીતે અનુયોગ શબ્દનો અર્થ અહીં વિસ્તાર છે, ગંડિકાનો અર્થ વિષય વિભાજન અને મૂળનો અર્થ શાસનના મૂળ શાસનપતિ તીર્થંકર અરિહંત પ્રભુ. મૂળપ્રથમાનુયોગમાં તીર્થંકર સંબંધી સંપૂર્ણ વર્ણન હોય છે. જ્યારે તીર્થંકર ગંડિકામાં તીર્થંકરના પોતાના જીવન સંબંધી જ વર્ણન હોય છે અર્થાત્ તેના ગણધર કે લબ્ધિધારી આદિ સંપદા સંબંધી વિસ્તૃત વર્ણન બીજી ગંડિકામાં હોય છે.

**● સૂત્ર-૧૫૪/૩ :-**

***પ્રશ્ન :- ચૂલિકા શું છે ?***

***ઉત્તર :- આદિના ચાર પૂર્વમાં ચૂલિકાઓ છે. શેષ પૂર્વોમાં ચૂલિકાઓ નથી. આ ચૂલિકારૂપ દૃષ્ટિવાદનું વર્ણન છે.***

**● વિવેચન-૧૫૪/૩ :-**

ચૂલિયા :- (૧) કોઈ પણ વસ્તુના અંતમાં કે ઉપરી શિખરમાં રહેવાવાળી વસ્તુ ચૂલિકા કહેવાય છે. (૨) અવશિષ્ટ અને ઉપયોગી વિષયને કહેનારા પ્રકરણને ચૂલિકા કહેવાય છે. (૩) મૂળ વિષય વિભાગના પરિશિષ્ટ વિભાગને ચૂલિકા કહેવાય છે. (૪) વિષયના અંતમાં આવનારા વિશિષ્ટ પ્રકરણને ચૂલિકા કહેવાય છે. (૫) પૂર્વ વિભાગમાં અનુક્ત વિષયને ચૂલિકામાં કહેવામાં આવે છે જેમકે – दिट्ठिवाये जं परिकम्म-सुत्तपुव्वअणुओगे न भणियं तं चूलासु भणियं ति । - चूर्णि.

ચૂલિકા આધુનિકકાળમાં પ્રચલિત પરિશિષ્ટ સમાન હોય છે. એમાં ઉક્ત-અનુક્ત વિષયોનો સંગ્રહ છે. આદિના ચાર પૂર્વોમાં ચૂલિકાઓનો ઉલ્લેખ છે. શેષમાં નથી. ચૂલિકાઓ તે તે પૂર્વોનું અંગ છે.

ચૂલિકાઓમાં ક્રમશઃ ૪, ૧૨, ૮, ૧૦ આ રીતે ૩૪ વસ્તુઓ છે. જેમ મેરૂ પર્વત ચૂલિકાથી શોભાયમાન છે તેમ શ્રુત પણ ચૂલિકા પ્રકરણથી સુશોભિત છે. માટે તેનું વર્ણન બધાથી પાછળ કર્યું છે.

**● સૂત્ર-૧૫૪/૪ :-**

***દૃષ્ટિવાદ સૂત્રમાં પરિમિતવાચના, સંખ્યાત અનુયોગદ્વાર, સંખ્યાત આલાપક, સંખ્યાત શ્લોક, સંખ્યાત પ્રતિપત્તિઓ, સંખ્યાત નિર્યુક્તિઓ અને સંખ્યાત સંગ્રહણીઓ છે.***

***અંગની અપેક્ષાએ દૃષ્ટિવાદ એ બારમું અંગ છે. તેનો એક શ્રુતસ્કંધ છે અને તેમાં ચૌદ પૂર્વ છે. સંખ્યાત વસ્તુ-અધ્યયન વિશેષ, સંખ્યાત ચૂલિકા વસ્તુ, સંખ્યાત પ્રાભૃત, સંખ્યાત પ્રાભૃતપ્રાભૃત, સંખ્યાત પ્રાભૃતિકાઓ, સંખ્યાત***



***પ્રાભૃતિકાપ્રાભૃતિકાઓ, તે પરિમાણમાં સંખ્યાત પદ સહસ્ર છે. તેમાં અક્ષર સંખ્યાત અને અનંત ગમ-અર્થ છે, અનંત પર્યવ પરિમિત ત્રસ અને અનંત સ્થાવર છે. શાશ્વત અશાશ્વત નિબદ્ધ, નિકાચિત જિનપ્રણિત ભાવ તેમાં સામાન્ય રૂપે કથન, પ્રજ્ઞાપન, પ્રરૂપણ, દર્શન, નિદર્શન અને ઉપદર્શનથી સ્પષ્ટતર કહેલ છે.***

***દૃષ્ટિવાદનો અધ્યેતા તદ્રૂપ થઈ જાય છે. ભાવોનો યથાર્થ જ્ઞાતા અને વિજ્ઞાતા બની જાય છે. અથવા દૃષ્ટિવાદનું આ સ્વરૂપ છે, આ પ્રકારે તે વિખ્યાત અને વિજ્ઞાત છે તથા તેમાં આ રીતે ચરણ કરણની પ્રરૂપણા કરવામાં આવી છે. આ દૃષ્ટિવાદ અંગ સૂત્રનું વર્ણન છે.***

**● વિવેચન-૧૫૪/૪ :-**

આ દૃષ્ટિવાદ અંગમાં પણ અન્ય અંગની જેમ પરિમિત વાચનાઓ અને સંખ્યાત અનુયોગદ્વાર છે. પરંતુ આમાં વસ્તુ પ્રાભૃત, પ્રાભૃતપ્રાભૃત અને પ્રાભૃતિકાઓ આદિ વિભાગ વિશેષ છે. પૂર્વોમાં જે મોટા મોટા અધિકાર છે તેને વસ્તુ કહેવાય છે, તેનાથી નાના પ્રકરણને પ્રાભૃત અથવા પ્રાભૃત-પ્રાભૃત કહેવાય અને તેનાથી પણ નાના પ્રકરણને પ્રાભૃતિકા કહેવાય છે.

આ અંગ દરેક અંગથી અધિક વિશાળ છે. તો પણ તેના અક્ષરોની સંખ્યા સંખ્યાત જ છે પરંતુ તે સંખ્યા બહુ વિશાળ છે.

પૂર્વમાં જે વિષયનું નિરૂપણ કરેલ હોય તેને અમુક ગાથાઓમાં સંકલિત કરનારી ગાથાઓને સંગ્રહણી ગાથાઓ કહેવાય છે.

**● સૂત્ર-૧૫૫,૧૫૬ :-**

***[૧૫૫] આ દ્વાદશાંગ ગણિપિટકમાં અનંત જીવાદિભાવ, અનંત અભાવ, અનંત હેતુ, અનંત અહેતુ, અનંત કારણ, અનંત અકારણ, અનંત જીવ, અનંત અજીવ, અનંત ભવસિદ્ધિક, અનંત અભવસિદ્ધિક, અનંત સિદ્ધ, અનંત અસિદ્ધનું કથન કરેલ છે.***

***[૧૫૬] ભાવ અને અભાવ, હેતુ અને અહેતુ, કારણ અને અકારણ, જીવ અને અજીવ, ભવ્ય અને અભવ્ય, સિદ્ધ અને અસિદ્ધ. એ રીતે સંગ્રહણી ગાથારૂપે ઉક્ત વિષયોનું સંક્ષેપમાં પુનર્કથન કરેલ છે.***

**● વિવેચન-૧૫૫,૧૫૬ :-**

પ્રસ્તુત સૂત્રમાં બાર અંગ રૂપ ગણિપિટકમાં અનંત સદ્‌ભાવોનું અને એના પ્રતિપક્ષી અનંત અભાવરૂપ પદાર્થોનું વર્ણન કરેલ છે. દરેક પદાર્થ પોતાના સ્વરૂપે સદ્‌રૂપ હોય છે અને પરદ્રવ્યની અપેક્ષાએ અસદ્‌રૂપ છે. જેમકે – જીવમાં અજીવત્વનો અભાવ અને અજીવમાં જીવત્વનો અભાવ.

હેતુ અહેતુ :- હેતુ અનંત છે અને અહેતુ પણ અનંત છે. ઈચ્છિત અર્થની જિજ્ઞાસામાં જે સાધન હોય તેને હેતુ કહેવાય અને અન્ય અહેતુ કહેવાય છે.

કારણ અકારણ :- ઘટ અને પટ સ્વગુણની અપેક્ષાએ કારણ છે અને પરગુણની અપેક્ષાએ અકારણ છે. જેમકે – ઘડાનું ઉપાદાન કારણ માટીનો પિંડ છે.

બીજા પણ નિમિત્ત હોય છે. જેમકે – દંડ, ચક્ર, ચીવર તેમજ કુંભાર આદિ. એવી જ રીતે પટનું ઉપાદાન કારણ તંતુ, તાણાવાણા ખડ્ડી આદિ તેમજ વણકર વગેરે નિમિત્ત કારણો હોય છે. તેના સિવાય બીજા સાધન અકારણ હોય છે. જેમકે –

ઘટ નિજ ગુણોની અપેક્ષાએ કારણ અને પટના ગુણોની અપેક્ષાએ અકારણ અને પટ પોતાના નિજગુણોની અપેક્ષાએ કારણ અને ઘટના ગુણોની અપેક્ષાએ અકારણ હોય છે.

સારાંશ એ છે કે દ્વાદશાંગ ગણિપિટકમાં પૂર્વોક્ત આ દરેકનું વિસ્તૃત વર્ણન હોય છે.

● **સૂત્ર-૧૫૭/૧ :-**

***આવા આ દ્વાદશાંગ ગણિપિટકમાં વર્ણવેલ પ્રભુ આજ્ઞાની ભૂતકાળમાં અનંત જીવોએ વિરાધના કરીને ચાર ગતિરૂપ સંસાર કંતારમાં ભ્રમણ કર્યું.***

***આવા આ દ્વાદશાંગ ગણિપિટકમાં વર્ણવેલ પ્રભુ આજ્ઞાની વર્તમાનકાળમાં પરિમિત જીવો વિરાધના કરીને ચાર ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરે છે.***

***આવા આ દ્વાદશાંગ ગણિપિટકમાં વર્ણવેલ પ્રભુ આજ્ઞાની આગામી કાળમાં અનંત જીવો વિરાધના કરીને ચતુર્ગતિરૂપ સંસાર કંતારમાં પરિભ્રમણ કરશે.***

● **વિવેચન-૧૫૭/૧ :-**

આ સૂત્રમાં વીતરાગ ઉપદિષ્ટ શાસ્ત્ર આજ્ઞાનું ઉલ્લંઘન કરવાનું ફળ બતાવ્યું છે. જે જીવોએ અર્થાત્ મનુષ્યોએ દ્વાદશાંગ ગણિપિટકની વિરાધના કરી હતી, કરે છે અને ભવિષ્યમાં કરશે તેઓ ચતુર્ગતિરૂપ સંસાર કાનનમાં અતીતકાળમાં ભટક્યાં, વર્તમાનમાં વિવિધ પ્રકારના સંકટોથી ગ્રસ્ત છે અને અનાગત કાળમાં ભવ-ભ્રમણ કરશે. માટે ''आणाए विराहित्ता'' સૂત્રમાં આ પદ આપ્યું છે. શાસ્ત્રમાં સંસારી જીવોના હિતાર્થે જે કંઈ કથન કરાય છે તે જ આજ્ઞા કહેવાય છે, માટે દ્વાદશાંગ ગણિપિટક જ આજ્ઞા છે. આજ્ઞાના ત્રણ પ્રકાર છે, જેમકે – (૧) સૂત્ર આજ્ઞા (૨) અર્થ આજ્ઞા (૩) ઉભય આજ્ઞા.

(૧) જે અજ્ઞાન તથા અસત્ય હઠથી અન્યથા સૂત્ર ભણે અર્થાત્ સૂત્રનો ઉલટો અર્થ લોકોને સમજાવે તેને સૂત્ર આજ્ઞા વિરાધક કહેવાય, જેમકે જમાલિકુમાર.

(૨) દુરાગ્રહના કારણે જે વ્યક્તિ દ્વાદશાંગની અન્યથા પ્રરૂપણા કરે અર્થાત્ અભિનિવેશને વશ થઈને સૂત્ર વિરૂદ્ધ પ્રરૂપણા કરે તેને અર્થ આજ્ઞા વિરાધક કહ્યા છે, જેમકે ગોષ્ઠામાહિલ આદિ.

(૩) જે શ્રદ્ધાવિહીન પ્રાણી દ્વાદશાંગના શબ્દો અને અર્થ બન્નેનો ઉપહાસ કરે અર્થાત્ સૂત્રની અવજ્ઞાપૂર્વક વિપરીત કાર્ય કરે તેને ઉભય આજ્ઞા વિરાધક કહેવાય છે. એવા જીવો ચતુર્ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરે છે.

આ રીતે ઉત્સૂત્ર પ્રરૂપણા અનંત સંસારી અથવા અભવ્યજીવ જ કરી શકે છે.

● **સૂત્ર-૧૫૭/૨ :-**

***આવા આ દ્વાદશાંગ ગણિપિટકમાં વર્ણવેલ પ્રભુ આજ્ઞાની આરાધના ભૂતકાળમાં કરીને અનંતજીવ સંસારરૂપ અટવીનો પાર પામી ગયા છે.***



***આ બાર અંગરૂપ ગણિપિટકમાં વર્ણવેલ પ્રભુ આજ્ઞાની વર્તમાનકાળમાં પરિમિત જીવ આરાધના કરીને ચતુર્ગતિરૂપ સંસાર કંતારને પાર કરે છે.***

***આ દ્વાદશાંગ રૂપ ગણિપિટકમાં વર્ણવેલ પ્રભુ આજ્ઞાની ભવિષ્યકાળમાં આરાધના કરીને અનંત જીવ ચાર ગતિરૂપ સંસાર કંતારને પાર કરશે.***

● **વિવેચન-૧૫૭/૨ :-**

પ્રસ્તુત સૂત્રમાં આજ્ઞાપાલનની મહત્તા બતાવેલ છે. જેમ અટવી વિવિધ પ્રકારના હિંસક જેતુઓથી તથા વિવિધ પ્રકારના ઉપદ્રવોથી યુક્ત હોય છે, તેમાં ગાઢ અંધકાર હોય છે, તેને પાર કરવા માટે તેજ પ્રકાશરૂપી પુંજની અતિ આવશ્યકતા રહે છે, તેમ સંસારરૂપ અટવી પણ શારીરિક, માનસિક દુઃખો, જન્મ, મરણ અને રોગ-શોકથી પરિપૂર્ણ છે, તેને શ્રુત જ્ઞાનરૂપ પ્રકાશ પુંજ વડે પાર કરી શકાય છે. સ્વકલ્યાણ અને પરકલ્યાણમાં પરમ સહાયક શ્રુતજ્ઞાન જ છે અર્થાત્ સ્વપ્રકાશક અને પરપ્રકાશક શ્રુતજ્ઞાન જ છે. સન્માર્ગે ચાલવું અને ઉન્માર્ગને છોડવો એ જ જ્ઞાનનો મુખ્ય ઉદ્દેશ્ય છે. જ્યાં જ્ઞાનનો પ્રકાશ હોય ત્યાં રાગદ્વેષ આદિ ચોરોનો ભય રહેતો નથી. સુખપૂર્વક જીવન યાપન કરવું અને ભવિષ્યને ઉજ્જવળ બનાવવું એ જ શ્રુતજ્ઞાની બનવાનો સાર છે. માટે દ્વાદશાંગ ગણિપિટકમાં વર્ણિત દરેક આજ્ઞાઓની આરાધના કરવી જોઈએ અને વિરાધનાઓથી દૂર રહેવું જોઈએ.

● **સૂત્ર-૧૫૭/૩ :-**

***આ દ્વાદશાંગ ગણિપિટક ક્યારે ય ન હતું એમ નહીં અર્થાત્ સદૈવ ભૂતકાળમાં હતું, વર્તમાનમાં છે અને ભવિષ્યકાળમાં રહેશે. આ દ્વાદશાંગ ગણિપિટક મેરુની જેમ ધ્રુવ છે, જીવાદિની જેમ નિયત છે, પંચાસ્તિકાયની જેમ નિત્ય છે. ગંગા સિંધુના પ્રવાહની જેમ શાશ્વત છે. ગંગા સિંધુના મૂળ સ્રોતની જેમ અક્ષય છે, અથવા આકાશની જેમ અક્ષય છે. માનુષોત્તર પર્વતની બહાર રહેલા સમુદ્રની જેમ અવ્યય છે, જંબૂદ્વીપની જેમ સદાકાળ પોતાના પ્રમાણમાં અવસ્થિત છે અને નિત્ય છે.***

***ક્યારેય ન હતું એમ નહીં, વર્તમાનમાં નથી એમ પણ નહીં અને ભવિષ્યમાં ન રહેશે એમ પણ નહીં.***

***જેમ પંચાસ્તિકાય ક્યારેય ન હતું એમ નહીં, ક્યારેય નથી એમ નહીં, ક્યારેય નહીં રહેશે એમ પણ નહીં અર્થાત્ ભૂતકાળમાં હતું, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં રહેશે. તે ધ્રુવ છે, નિયત છે, શાશ્વત છે, અક્ષય છે, અવ્યય છે, અવસ્થિત અને નિત્ય છે.***

***એ જ રીતે આ દ્વાદશાંગ રૂપ ગણિપિટક ક્યારેય ન હતું એમ નહીં, વર્તમાનમાં નથી એમ નહીં અને ભવિષ્યમાં નહીં હશે એવું નહીં, ભૂતકાળમાં હતું, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં રહેશે. એ ધ્રુવ છે, નિયત છે, શાશ્વત છે, અક્ષય છે, અવ્યય છે, અવસ્થિત છે અને નિત્ય છે.***

***તે સંપૂર્ણ શ્રુતજ્ઞાન સંક્ષેપમાં ચાર પ્રકારે છે, જેમકે – દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી. (૧) દ્રવ્યથી શ્રુતજ્ઞાની-ઉપયોગ યુક્ત થઈને સર્વ દ્રવ્યોને જાણે છે અને દેખે છે. (૨) ક્ષેત્રથી શ્રુતજ્ઞાની-ઉપયોગ યુક્ત થઈને સર્વ ક્ષેત્રને જાણે છે અને દેખે છે. (૩) કાળથી શ્રુતજ્ઞાની-ઉપયોગ સહિત સર્વ કાળને જાણે છે અને દેખે છે. (૪) ભાવથી શ્રુતજ્ઞાની-ઉપયોગ સહિત સર્વ ભાવોને જાણે છે અને દેખે છે.***

**● વિવેચન-૧૫૭/૩ :-**

આ સૂત્રમાં સૂત્રકારે ગણિપિટકને નિત્ય સિદ્ધ કરેલ છે. જેવી રીતે પંચાસ્તિકાયનું અસ્તિત્વ ત્રણે ય કાળમાં રહે છે એ જ રીતે દ્વાદશાંગ ગણિપિટકનું અસ્તિત્વ પણ સદા સ્થાયી રહે છે, એટલા માટે સૂત્રકર્તાએ ધ્રુવ, નિયત, શાશ્વત, અક્ષય, અવ્યય, અવસ્થિત અને નિત્ય એ પદોનો પ્રયોગ કરેલ છે. પંચાસ્તિકાય અને દ્વાદશાંગ ગણિપિટકની તુલના આ સાત પદો વડે કરેલ છે, જેમકે – પંચાસ્તિકાય દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ નિત્ય છે. એ જ રીતે ગણિપિટક પણ નિત્ય છે, વિશેષરૂપે એને નીચે પ્રમાણે જાણો.

(૧) **ધ્રુવ :-** જેમ મેરુ પર્વત સદાકાળ ધ્રુવ અને અચલ છે, એ જ રીતે ગણિપિટક પણ ધ્રુવ છે.

(૨) **નિયત :-** સદા સર્વદા જીવાદિ નવતત્ત્વના પ્રતિપાદક હોવાથી ગણિપિટક નિયત છે.

(૩) **શાશ્વત :-** પંચાસ્તિકાયનું વર્ણન સદાકાળથી ચાલી રહ્યું છે માટે ગણિપિટક શાશ્વત છે.

(૪) **અક્ષય :-** જેવી રીતે ગંગા આદિ મહાનદીઓ નિરંતર પ્રવાહિત હોવા છતાં તેનો મૂળ સ્રોત અક્ષય છે એ જ રીતે જિજ્ઞાસુ શિષ્યો ઉપર દ્વાદશાંગ શ્રુતજ્ઞાન ગંગાનો પ્રવાહ વાચના રૂપે નિરંતર પ્રવાહિત હોવા છતાં ક્યારેય તેનો ક્ષય થતો નથી, માટે અક્ષય છે.

(૫) **અવ્યય :-** માનુષોત્તર પર્વતની બહાર જેટલા પણ સમુદ્ર છે એ બધા અવ્યય છે એ જ રીતે ગણિપિટક પણ અવ્યય છે.

(૬) **અવસ્થિત :-** જેમ જંબૂદ્વીપ આદિ મહાદ્વીપ પોતાના પ્રમાણમાં અવસ્થિત છે એમ જ બાર અંગસૂત્ર પણ અવસ્થિત છે.

(૭) **નિત્ય :-** જેવી રીતે આકાશાદિ દ્રવ્ય નિત્ય છે એ જ રીતે દ્વાદશાંગ ગણિપિટક પણ નિત્ય છે.

શ્રુતજ્ઞાન અભ્યાસ અને ક્ષયોપશમથી પ્રાપ્ત થય છે અથવા ક્યારેક કેવળ ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે. લોકમાં આ શ્રુતજ્ઞાન જ્ઞાનભાવની દૃષ્ટિએ શાશ્વત છે જ. ક્યારેક સાધકને પોતાના ક્ષયોપશમથી અવધિજ્ઞાનની જેમ પ્રાપ્ત થયા છે અને ક્યારેક અધ્યયન શીખવાથી અથવા સ્વાધ્યાયથી પણ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે લોકમાં આ દ્વાદશાંગી જ્ઞાન સ્વ સ્વરૂપમાં હોય છે માટે શાશ્વત કહેલ છે.



આ દરેક પદો દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ દ્વાદશાંગ ગણિપિટક અને પંચાસ્તિકાય વિષે કહેલ છે. પર્યાયાર્થિક નયની અપેક્ષાએ ગણિપિટકનું વર્ણન સાદિ-સાંત વગેરે વિકલ્પો શ્રુતમાં જ બતાવી દીધા છે. આ કથનથી ઈશ્વર કર્તૃત્વવાદનો પણ નિષેધ થઈ જાય છે.

સંક્ષિપ્ત રૂપે શ્રુતજ્ઞાનનો વિષય કેટલો છે, એનો પણ ઉલ્લેખ સૂત્રકારે સ્વયં કર્યો છે, જેમકે –

દ્રવ્યતથી :- શ્રુતજ્ઞાની સર્વદ્રવ્યે ઉપયોગપૂર્વક જાણે અને દેખે છે. અહીં શંકા ઉત્પન્ન થાય છે કે શ્રુતજ્ઞાની સર્વ દ્રવ્યને કેવી રીતે દેખી શકે ? સમાધાન આ પ્રમાણે છે – આ ઉપમાવાચી શબ્દ છે. જેમ કોઈ જ્ઞાનીએ મેરુ આદિ પદાર્થોનું બહુ સુંદર ઢંગથી નિરૂપણ કર્યું હોય અને તેણે પ્રત્યક્ષ કરીને દેખાડી પણ દીધું હોય. એ જ રીતે વિશિષ્ટ શ્રુતજ્ઞાની ઉપયોગપૂર્વક સર્વ દ્રવ્યોને, સર્વ ક્ષેત્રને, સર્વકાળને અને સર્વ ભાવોને જાણે અને દેખે છે.

આ સંબંધે ટીકાકારે પણ ઉલ્લેખ કર્યો છે, अन्ये तु - न पश्यति इति पठंति અર્થાત્ કોઈ પરંપરાએ जाणइ ण पासइ એવો પાઠ છે, જેનો અર્થ – શ્રુતજ્ઞાની જાણે પરંતુ દેખતા નથી, એ પાઠ પણ સાચો હોઈ શકે. અહીં એક વાત વિશેષ ધ્યાનમાં રાખવાની છે કે સર્વ દ્રવ્યો આદિને જાણનારા ઓછામાં ઓછા દશપૂર્વોનું સંપૂર્ણ શ્રુતજ્ઞાન અથવા તેનાથી અધિક જ્ઞાનને ધારણ કરનારા હોય છે. તે જાણી પણ શકે અને જોઈ પણ શકે છે. તાત્પર્ય એ છે કે અહીં શ્રુતજ્ઞાનના ઉત્કૃષ્ટ વિષયનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

**● સૂત્ર-૧૫૮ થી ૧૬૩ :-**

***[૧૫૮] (૧) અક્ષર અને અનક્ષર (૨) સંજ્ઞી અને અસંજ્ઞી (૩) સમ્યક્ અને અસમ્યક્ (૪) સાદિ અને અનાદિ (૫) સપર્યવસિત અને અપર્યવસિત (૬) ગમિક અને અગમિક (૭) અંગપ્રવિષ્ટ અને અનંગપ્રવિષ્ટ. પ્રતિપક્ષ સાથે આ સાતેયના કુલ ચૌદ ભેદ છે.***

***[૧૫૯] બુદ્ધિના આઠ ગુણો વડે જેણે આગમ શાસ્ત્રનું અધ્યયન તેમજ શ્રુતજ્ઞાનનો લાભ સારી રીતે મેળવ્યો હોય તેને ધીર ગંભીર તેમજ શાસ્ત્રવિશારદ કહેવાય છે.***

***[૧૬૦] તે આઠ ગુણ આ પ્રમાણે છે – (૧) વિનયયુક્ત શિષ્ય ગુરુના સાન્નિધ્યમાં રહી શ્રુતજ્ઞાનનું અધ્યયન કરે. (૨) જ્યારે શંકા ઉત્પન્ન થાય ત્યારે વિનમ્ર બનીને ગુરુને પ્રશ્ન પૂછે. (૩) ગુરુ દ્વારા કહેવામાં આવતાં સમાધાનને સમ્યક્ પ્રકારે સાંભળે. (૪) સાંભળ્યા બાદ તેના જ અભિપ્રાયને ગ્રહણ કરે. (૫) ગ્રહણ કર્યા પછી પૂર્વાપર અવિરોધી પર્યાલોચન કરે છે. (૬) ત્યારબાદ આ એમ જ છે જેમ ગુરુજી કહે છે, એમ સ્વીકાર કરે. (૭) ત્યારબાદ નિશ્ચિત અર્થને હૃદયમાં સમ્યક્રૂપે ધારણ કરે. (૮) પછી ગુરુના કહેવા મુજબ પ્રતિપાદન કરે અને તેના અનુસાર આચરણ કરે. આ બુદ્ધિની વૃદ્ધિના આઠ ગુણો છે.***

*[૧૬૧] (૧) શિષ્ય મૌન રહીને સાંભળે. (૨) પછી હુંકાર (''જી હાં'' એમ) કહે. (૩) ત્યારબાદ ''આ એમ જ છે જેમ ગુરુદેવે કહ્યું છે'' એ વાતને શ્રદ્ધાપૂર્વક સ્વીકારે. (૪) ત્યારબાદ કદાચ શંકા હોય તો ગુરુદેવને પૂછે કે – ''આનો અર્થ શું છે ? (૫) પછી મીમાંસા કરે અર્થાત્ વિચાર કરે. (૬) ત્યારે ઉત્તરોત્તર ગુણ પ્રસંગ વડે શિષ્ય પારગામી બની જાય છે. (૭) ત્યારબાદ તે ચિંતન-મનન વડે ગુરુ જેમ કહે તેમ ભાષણ અને શાસ્ત્રની પ્રરૂપણા કરે. આ શાસ્ત્ર સાંભળવાની ઉત્તમ વિધિ છે.*

*[૧૬૨] આચાર્યાદિ વડે પ્રથમ વાચનામાં શિષ્યને સૂત્ર અને અર્થ કહેવાય છે, બીજીવારમાં સૂત્રસ્પર્શિક નિર્યુક્તિનું કથન કરાય છે, ત્રીજીવારની વાચનામાં પ્રશ્ન-સમાધાન સાથે વિસ્તારથી સંપૂર્ણ વ્યાખ્યા સમજાવવામાં આવે છે. આ પ્રમાણે અનુયોગની એટલે કે શિષ્યને શાસ્ત્રાર્થ ભણાવવાની વિધિ હોય છે. તાત્પર્ય એ છે કે આ પ્રકારે યોગ્ય શિષ્યોને ત્રણ વારમાં દરેક સૂત્રની સંપૂર્ણ અર્થ પરમાર્થ સહિત વાચના કરાવવાની ફરજ તેના ગુરુ, વડીલ કે આચાર્ય-ઉપાધ્યાયની હોય છે.*

*[૧૬૩] આ પ્રમાણે અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય શ્રુતનું વર્ણન પૂર્ણ થયું. તેની સાથે આ શ્રુતજ્ઞાનનો વિષય પણ પૂર્ણ થયો. તેના પૂર્ણ થતાં આ પરોક્ષ જ્ઞાનનું વર્ણન પૂર્ણ થયું. આ પ્રમાણે શ્રી નંદી સૂત્ર પણ પરિપૂર્ણ થયું.*

**● વિવેચન-૧૫૮ થી ૧૬૩ :-**

આ ગાથાઓમાં પ્રથમ ગાથામાં શ્રુતજ્ઞાનનો ઉપસંહાર કર્યો છે, પછી ત્રણ ગાથાઓમાં શ્રદ્ધા, શ્રવણ, મનનની શિક્ષા આપવામાં આવી છે અને પાંચમી ગાથામાં વાચના દેવાની વિધિ બતાવી છે. અંતમાં શ્રુતજ્ઞાન સાથે નંદી સૂત્ર પૂર્ણ થવાની સૂચના से तं नंदी શબ્દો વડે કરી છે.

સામાન્ય રીતે શ્રુતના મૂળ ભેદ ચૌદ છે, પછી ભલે તે શ્રુત સમ્યક્ જ્ઞાનરૂપ હોય અથવા અજ્ઞાનરૂપ (મિથ્યાજ્ઞાન) હોય. આ શ્રુત એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય છદ્મસ્થ સુધીના દરેક જીવોમાં મળે છે.

**શ્રુતજ્ઞાન કોને કહેવાય ? :-** આચાર્ય અથવા ગુરુ શ્રુતજ્ઞાન આપે ત્યારે તેઓએ પણ ધ્યાન રાખવાનું કે શિષ્ય સુપાત્ર છે કે કુપાત્ર. સુપાત્ર શિષ્ય પોતાના ગુરુ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરીને સ્વ-પર કલ્યાણના કાર્યમાં જોડાઈ જાય છે. તે જ શાસ્ત્રજ્ઞાનના સાચા અધિકારી હોય છે. પરંતુ કુપાત્ર અથવા કુશિષ્ય તે જ્ઞાનનો દુરુપયોગ કરીને પ્રવચન અથવા જ્ઞાનની અવહેલના કરે છે. જેમ સર્પ દૂધ પીને તેને ઝેર રૂપે પરિણત કરી દે છે એમ અવિનીત, રસલોલુપી, શ્રદ્ધાવિહીન અને અયોગ્ય શિષ્ય શ્રુતજ્ઞાનનો પરિણમન ઉલટી રીતે કરે છે, માટે તે શ્રુતનો અનધિકારી હોય છે. એવા શિષ્યોને શિક્ષા સંસ્કાર વડે શ્રુતના અધિકારી બનાવવાનો પ્રયત્ન કરાય છે. પરંતુ જે શિષ્ય હઠાગ્રહી સ્વચ્છંદી અને ગુરુ પ્રત્યે મત્સર ભાવ કે દ્વેષ ભાવ રાખનારા હોય છે તે શ્રુતજ્ઞાનના સર્વથા અનધિકારી હોય છે.



બુદ્ધિ ચેતનાની ઓળખાણ છે. બીજા શબ્દોમાં કહીએ તો સ્વતઃ ચેતનારૂપ છે. તે સદા કોઈને કોઈ ગુણ અથવા અવગુણને ધારણ કર્યા કરે છે. સ્પષ્ટ છે કે – જેની બુદ્ધિ ગુણગ્રાહી છે તે જ શ્રુતજ્ઞાનના અધિકારી બની શકે છે. પૂર્વધર અને ધીર પુરુષોનું કથન છે કે – પદાર્થોનું યથાતથ્ય સ્વરૂપ બતાવનાર અને યથાર્થ શિક્ષા દેનાર શાસ્ત્રોનું જ્ઞાન મુમુક્ષુ અથવા જિજ્ઞાસુઓને ત્યારે જ થઈ શકે છે કે જ્યારે બુદ્ધિના આઠ ગુણો સહિત વિધિપૂર્વક તેનું અધ્યયન કરે. ગાથામાં આગમ અને શાસ્ત્ર એ બન્નેનો એક પદમાં ઉલ્લેખ કર્યો છે. અહીં એ જાણવું આવશ્યક છે કે – જે આગમ છે તે નિશ્ચયથી શાસ્ત્ર પણ છે પરંતુ જે શાસ્ત્ર છે તે આગમ ન પણ હોય, જેમકે – અર્થશાસ્ત્ર, કોકશાસ્ત્ર આદિને શાસ્ત્ર કહેવાય પરંતુ તેને આગમ ન કહેવાય. ધીર પુરુષો તેને કહેવાય કે જેઓ વ્રતોનું નિરતિચાર પાલન કરતાં થકાં ઉપસર્ગો-પરીષહોથી ક્યારેય વિચલિત થાય નહીં.

**બુદ્ધિના ગુણ :-** બુદ્ધિના આઠ ગુણોથી યુક્ત વ્યક્તિ જ શ્રુતજ્ઞાનના અધિકારી બની શકે છે. શ્રુતજ્ઞાન આત્માનું એવું અનુપમ ધન છે, જેના સહયોગથી તે સંસારમાં રહેવા છતાં શાશ્વત સુખને પ્રાપ્ત કરી શકે છે અને તેના અભાવમાં આત્મા ચાર ગતિમાં પરિભ્રમણ કરતાં કરતાં જન્મ-મરણ આદિ અનેક પ્રકારના દુઃખો ભોગવે છે. માટે પ્રત્યેક મુમુક્ષુએ બુદ્ધિના આઠ ગુણો ગ્રહણ કરીને સમ્યક્ શ્રુતના અધિકારી બનવું જોઈએ. તે ગુણ નીચે પ્રમાણે છે.

(૧) सुस्सूसइ :- શુશ્રુષાનો અર્થ છે – સાંભળવાની ઈચ્છા અથવા જિજ્ઞાસા. શિષ્ય અથવા સાધક સર્વ પ્રથમ વિનયપૂર્વક પોતાના ગુરુના ચરણોમાં વંદના કરીને તેઓશ્રીના મુખારવિંદથી કલ્યાણકારી સૂત્ર અને અર્થ સાંભળવાની જિજ્ઞાસા વ્યક્ત કરે. તેના સાન્નિધ્યમાં શાસ્ત્રાર્થ પ્રાપ્ત કરે.

(૨) पडिपुच्छइ :- સૂત્ર અને અર્થ સાંભળીને કદાચિત્ કોઈ શંકા ઉત્પન્ન થાય તો વિનયપૂર્વક મધુર વચનોથી ગુરુના ચિત્તને પ્રસન્ન કરીને, ગૌતમ સ્વામીની જેમ પ્રશ્ન પૂછીને પોતાની શંકાનું નિરાકરણ કરે, શ્રદ્ધાપૂર્વક પ્રશ્નોના જવાબ પ્રાપ્ત કરવાથી તર્કશક્તિ પ્રાપ્ત થાય છે અને જ્ઞાન નિર્મળ બને છે.

(૩) सुणेइ :- પ્રશ્ન પૂછવાથી ગુરુજનો જે ઉત્તર આપે તેને ધ્યાનપૂર્વક સાંભળે. જ્યાં સુધી સમાધાન ન થાય ત્યાં સુધી વિનય સહિત ગુરુ પાસેથી સમાધાન પ્રાપ્ત કરે. તેઓશ્રીની વાત ધ્યાન દઈને સાંભળે પરંતુ વિવાદમાં પડીને ગુરુના મનને દુઃખિત ન કરે.

(૪) गिण्हइ :- સૂત્ર અને અર્થને તેમજ ગુરુદેવે કરેલ સમાધાનને હૃદયમાં ધારણ કરીને રાખે. જો એમ ન કરે તો સાંભળેલું જ્ઞાન વિસ્મૃત થઈ જાય છે.

(૫) ईहए :- હૃદયંગમ કરેલા જ્ઞાન પર વારંવાર ચિંતન-મનન કરવાથી, જ્ઞાન એ મનનો વિષય બની શકે છે. ધારણાને દૃઢત્તમ બનાવવા માટે પર્યાલોચન આવશ્યક છે.

(૬) अपोह :- પ્રાપ્ત કરેલા જ્ઞાન પર ચિંતન-મનન કરીને તત્ત્વોનો નિર્ણય

કરી શ્રદ્ધા સાથે જ્ઞાનને દૃઢ કરે.

(૭) धारेइ :- નિર્ણય કરેલા સારરૂપ નિર્મળ જ્ઞાનને ધારણ કરીને રાખે છે.

(૮) करेइ वा सम्मं :- જ્ઞાનના દિવ્ય પ્રકાશથી જ શ્રુતજ્ઞાની ચારિત્રની સમ્યક્ આરાધના કરી શકે છે. શ્રુતજ્ઞાનની અંતિમ સફળતા એ જ છે કે સન્માર્ગ પર ચાલીને ચારિત્રની સમ્યક્ આરાધના કરતાં કર્મો પર વિજય મેળવવો.

બુદ્ધિના એ દરેક ગુણ ક્રિયારૂપ છે, કેમકે ગુણ ક્રિયા દ્વારા જ વ્યક્ત થાય છે એવું આ ગાથામાં જાણવા મળે છે.

**શ્રવણવિધિના પ્રકાર :-** શિષ્ય અથવા જિજ્ઞાસુ જ્યારે અંજલિબદ્ધ થઈને વિનયપૂર્વક ગુરુની સમક્ષ સૂત્ર અને અર્થ સાંભળવા માટે બેસે ત્યારે કેવી રીતે સાંભળવું જોઈએ ? સૂત્રકારે એ વિધિનો પણ ગાથામાં ઉલ્લેખ કર્યો છે, કેમકે વિધિપૂર્વક સાંભળે નહિ તો જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી અને સાંભળેલું વ્યર્થ ચાલ્યું જાય છે. શ્રવણવિધિ આ પ્રમાણે છે —

(૧) मूअं :- ગુરુદેવ અથવા આચાર્ય ભગવંત જ્યારે સૂત્ર અને અર્થ સંભળાવતા હોય ત્યારે પ્રથમ શ્રવણના સમયે શિષ્યે મૌન ધારણ કરી ગુરુના વાક્યને ચિત્ત દઈને સાંભળવું જોઈએ. આ શ્રવણનો પ્રથમ ગુણ છે.

(૨) हुंकारं :- શ્રવણ કરતા સમયે જ્યાં આવશ્યક હોય ત્યાં શિષ્યે વચ્ચે-વચ્ચે પ્રસન્નતાપૂર્વક ''હુંકાર'' કરવો જોઈએ. આ શ્રવણની બીજો ગુણ છે.

(૩) बाढंकारं :- સૂત્ર અને અર્થ ગુરુ પાસેથી સાંભળતી વખતે કહેવું જોઈએ — 'ગુરુદેવ ! આપે જે કંઈ કહ્યું છે તે સત્ય છે 'અથવા 'તહત્તિ' શબ્દનો પ્રયોગ કરવો જોઈએ. આ શ્રવણનો ત્રીજો ગુણ છે.

(૪) पडिपुच्छइ :- જ્યાં ક્યાંય સૂત્ર અને અર્થ ન સમજાય અથવા સાંભળવાનું રહી જાય તો વચ્ચે-વચ્ચે આવશ્યકતા પ્રમાણે પૂછી લેવું જોઈએ પણ નિરર્થક તર્ક-વિતર્ક કરવો નહીં. આ શ્રવણનો ચોથો ગુણ છે.

(૫) वीमंसा :- શ્રવણ સમયે શિષ્ય માટે આવશ્યક છે કે ગુરુદેવના વચનનો આશય સમજીને તેના વચનો પર ધ્યાન દઈને વિચારણા કરે. આ શ્રવણનો પાંચમો ગુણ છે.

(૬) पसंगपारायणं :- શ્રવણ સમયે શિષ્ય સાંભળેલા શ્રુતને પ્રસંગાનુસાર ઊંડાણથી પારાયણ કરે તો તે શિષ્ય પારગામી બની જાય છે, તેમજ તેને ઉત્તરોત્તર ગુણોની પ્રાપ્તિ થાય છે. આ શ્રવણનો છઠ્ઠો ગુણ છે.

(૭) परिणिट्ठा :- પરમ નિષ્ઠા, આસ્થાથી શ્રુત અને તેના તાત્પર્યાર્થને ધારણ કરતાં નિષ્ઠિતાર્થ થઈ જાય અને શ્રુતપરાયણ બનીને ગુરુની જેમ સૈદ્ધાંતિક વિષયનું પ્રતિપાદન કરવામાં સમર્થ બની જાય છે. માટે પ્રત્યેક જિજ્ઞાસુઓએ આગમ-શાસ્ત્રનું અધ્યયન વિધિપૂર્વક જ કરવું જોઈએ.

**સૂત્રાર્થ વાચના વિધિ :-** આચાર્ય, ઉપાધ્યાય કે બહુશ્રુત ગુરુના માટે પણ આવશ્યક છે કે — તે શિષ્યને સર્વ પ્રથમ સૂત્રનો શુદ્ધ ઉચ્ચાર અને અર્થ શિખડાવે.



ત્યારબાદ તે આગમના શબ્દોની નિર્યુક્તિ દેખાડે, ત્રીજીવાર ફરી એ જ સૂત્રની વૃત્તિ-ભાષ્ય, ઉત્સર્ગ-અપવાદ અને નિશ્ચય-વ્યવહાર એ દરેકના આશય નય, નિક્ષેપ, પ્રમાણ અને અનુયોગદ્વાર આદિ વિધિ વડે વ્યાખ્યા સહિત તેનો અભ્યાસ કરાવે. આ રીતે દરેક સૂત્રોનો અભ્યાસ કરાવવાથી ગુરુદેવ શિષ્યને શ્રુતમાં પારંગત બનાવી શકે છે.

આ પ્રમાણે નંદી સૂત્રમાં સમસ્ત જ્ઞાનનું વર્ણન છે. જ્ઞાન માટે વિનય-ભક્તિની આવશ્યકતા હોય છે. તેથી આ સૂત્રના પ્રારંભમાં સ્તુતિ પ્રકરણ છે. તેના પછી પાંચ જ્ઞાનના પ્રકરણ પહેલા શાસ્ત્રશ્રવણના અધિકારીનું કથન છે અને પાંચ જ્ઞાનના સંપૂર્ણ વર્ણન પછી પણ આ અંતિમ સૂત્રમાં ગાથાઓના માધ્યમથી શ્રુતજ્ઞાનના અધિકારીનું કથન કરવામાં આવ્યું છે. જેની સાથે ગુરુ કે વાચનાદાતા માટે પણ ખાસ સૂચન કરવામાં આવ્યું છે કે તેઓ યોગ્ય શિષ્યને ક્રમથી વિધિપૂર્વક દરેક શાસ્ત્રની વાચના પહેલા ટૂંકમાં અને પછી વિસ્તારથી પરિપૂર્ણ કરાવવી જોઈએ. તેથી તેઓ પોતે યોગ્ય શાસ્ત્રજ્ઞાનથી પરિપૂર્ણ શિષ્યો વડે સંપન્ન થઈ જાય અને જિનશાસનની પણ મહાન પ્રભાવના થાય.

આ રીતે આ નંદી સૂત્ર શિષ્યો માટે, ગુરુ માટે અને જિનશાસન માટે ઘણું જ આનંદકારી અને કલ્યાણકારી તેમજ મંગલકારી છે. કેમકે એમાં આત્માના નિજગુણ સ્વરૂપ જ્ઞાનનું જ બધું વર્ણન છે. માટે દરેક કલ્યાણના ઈચ્છુક સાધકને આ સૂત્રનું અધ્યયન અને સમાચરણ કરવું જોઈએ.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**નંદી-ચૂલિકાસૂત્રનું સાનુવાદ વિવેચન પૂર્ણ**

## પરિશિષ્ટ-૧-અનુજ્ઞા નંદિ

નોંધ :- આ સ્વરૂપ અનુયોગદ્વારની ગુર્જરછાયામાં સુંદર રીતે અમે બતાવેલ છે તેથી અહીં તેનો સંક્ષેપ કર્યો છે. જુઓ અનુયોગદારના આરંભે.

**(૧) તે અનુજ્ઞા શું છે ?** અનુજ્ઞા છ પ્રકારે – નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, તે નામઅનુજ્ઞા શું છે ? જેનું જીવ કે અજીવ, જીવો કે અજીવો, તદુભય કે તદુભયો અનુજ્ઞા નામ કરાયું તે નામાનુજ્ઞા. તે સ્થાપના અનુજ્ઞા શું છે ? જે કોઈ કાષ્ઠ, પત્થર, લેપ, ચિત્ર, ગ્રંથિમ, વેષ્ટિમ, પૂરિમ, સંઘાતિમ એવા એક કે અનેક અક્ષ, વરાટક, માં સદ્‌ભાવ સ્થાપના કે અસદ્‌ભાવ સ્થાપના કરીને અનુજ્ઞા સ્થપાય તે સ્થાપના તે સ્થાપના અનુજ્ઞા છે. નામ અને સ્થાપવામાં વિશેષતા શું ? નામ યાવત્કથિત છે. સ્થાપના ઈત્વર કાલિક કે યાવત્કાથિત બંને હોય.

તે દ્રવ્યાનુજ્ઞા શું છે ? દ્રવ્યાનુજ્ઞા આગમથી અને નો આગમથી છે. તે આગમથી દ્રવ્યાનુજ્ઞા શું છે ? જેનું અનુજ્ઞા એ પદ શિક્ષા-સ્થિત-જીત-મિત-પરિજિત-નામસમ-ઘોષસમ-અહિનાક્ષર-અનલ્પાક્ષર-અવ્યાધિ અક્ષર-અસ્ખલિત-અમિલિત-અવચ્ચામિલિત-પ્રતિપૂર્ણ-પ્રતિપૂર્ણઘોષ-કંઠોષ્ઠ-વિપ્રમુક્ત-ગુરુવાચનપ્રાપ્ત-તે વાચના, પૃચ્છના, પરાવર્તન, ધર્મકથા, અનુપ્રેક્ષા થકી અનુપયોગ દ્રવ્ય એમ કરીને નેગમથી એકે અનુપદેશેલ આગમથી એક દ્રવ્યાનુજ્ઞા એ રીતે. બે, ત્રણ, એમ જેટલી અનુપદેશાય તેટલી દ્રવ્યાનુજ્ઞા એ જ રીતે વ્યવહાર કે સંગ્રહનયથી એક કે અનેક અનુપદેશ તે આગમથી એક દ્રવ્યાનુજ્ઞા કેટલાંક ઈચ્છતા નથી ત્રણે શબ્દ નયોથી જાણે. અનુપદેશ અવસ્તુ કેમ જાણે-અનુપદેશથી ન થાય. તે આગમથી દ્રવ્યાનુજ્ઞા.

નો આગમથી દ્રવ્યાનુજ્ઞા ત્રણ પ્રકારે તે જ્ઞ-શરીર, ભવ્યશરીર, ઉભયથી વ્યતિરિક્ત. તે શરીર દ્રવ્યાનુજ્ઞા શું છે ? પદમાં રહેલ અવિકારને જે શરીરથી અર્થાત્ જ્ઞાન વસ્તુને કોઈપણ સ્થિતિમાં જાણે તે. તે ભવ્ય શરીર દ્રવ્યાનુજ્ઞા શું છે ? જેમકે કોને ખબર આ મધુકુંભ હશે કે ઘીનો કુંભ હશે ? તે ભવ્ય શરીર દ્રવ્યાનુજ્ઞા. ઉભય વ્યતિરિક્તદ્રવ્યાનુજ્ઞા શું છે ? તે ત્રણ પ્રકારે લૌકિક-કુપ્પઆવણિયા, લોકોતર. તે લૌકિક દ્રવ્યાનુજ્ઞા શું છે ? ત્રણ પ્રકારે સચિત-અચિત્ત-મિશ્ર તે અચિત દ્રવ્યાનુજ્ઞા એટલે રાજા, યુવરાજ આદિ નામો. જે હાથી વગેરેની અનુજ્ઞાઓ તે અચિત્ત દ્રવ્યાનુજ્ઞા શું છે ? રાજા, યુવરાજ વગેરે આસન, છત્રાદિ આપે. મિશ્રદ્રવ્યાનુજ્ઞા શું છે ? તે રાજા, યુવરાજ આદિ અંબાડીવાળો હાથી કે ચામર સહિત ઘોડો વગેરેની અનુજ્ઞા આપે.

એજ રીતે કુપ્રાવચનિક દ્રવ્યાનુજ્ઞા પણ ત્રણ પ્રકારે સચિત્ત, સચિત, મિશ્ર અને લોકોત્તર દ્રવ્યાનુજ્ઞા પણ સચિત્ત આદિ ત્રણ ભેદે જાણવી.

તે ક્ષેત્રાનુજ્ઞા શું છે ? ક્ષેત્રથી અનુજ્ઞા આપે તે. કાલ અનુજ્ઞા શું છે ? કાળથી અનુજ્ઞા આપે તે. ભાવાનુજ્ઞા શું છે ? ભાવાનુજ્ઞા ત્રણ પ્રકારે લૌકિક, કુપ્પાવણિયા, લોકોત્તર. પહેલી બેમાં ક્રોધાદિભાવ વિષયક અનુજ્ઞા આવે અને લોકોત્તરમાં આચારાંગ આદિનું જ્ઞાન આપવું તે.



[૨-૪] ઋષભ સેન એવા આદિકરના શિષ્યે અનુજ્ઞા સંબંધિ વાત કરી તેના અનુજ્ઞા ઉરીમણી, નમણી---વગેરે વીસ નામો છે.

## ❀ પરિશિષ્ઠ-૧જોગ નંદિ ❀

જ્ઞાન પાંચ પ્રકારે છે. અભિનિબોધિક, શ્રુત, અવધિ, મનપર્વય અને કેવળ. તેમાં ચાર જ્ઞાનોની સ્થાપના કરી. તેનો ઉદ્દેસો, સમુદ્દેશ, અનુજ્ઞા નથી. શ્રુત જ્ઞાનના ઉદ્દેસ, સમુદ્દેસ, અનુજ્ઞાનો અનુયોગ પ્રવર્તે છે, જો શ્રુતજ્ઞાનની ઉદ્દેસ આદિ છે તો તે અંગ પ્રવિષ્ટનો છે કે અંગ બાહ્યનો છે ? બંનેના ઉદ્દેશ આદિ છે. જે અંગ બાહ્યના ઉદ્દેશ આદિ છે તો તે કાલિકના છે કે ઉત્કાલિકના ? બંનેના ઉદ્દેશ આદિ છે. શું આવશ્યકના ઉદ્દેશ આદિ છે કે આવશ્યક વ્યતિરિકના છે ? બંનેના ઉદ્દેશ આદિ છે. આવશ્યકના ઉદ્દેશ સામાયિક આદિ છ એના ઉદ્દેશ સમુદ્દેશ અનુજ્ઞા છે આવશ્યક વ્યતિરિક્તમાં કાલિક અને ઉત્કાલિક બંનેના ઉદ્દેશ-સમુદ્દેશ અને અનુજ્ઞા છે. અર્થાત્ દસવેયાલિયથી મહાપચ્ચક્ખાણ પર્યંતના ઉત્કાલિક સૂત્રો અને ઉત્તરજ્ઝયણથી તેયગ્ગિનિસગ્ગાણં પર્યંતના કાલિક સૂત્રોના ઉદ્દેશ-સમુદ્દેશ-અનુજ્ઞા પ્રવર્તે છે એ જ રીતે અંગપ્રવિષ્ટમાં પણ આચારાંગથી દષ્ટિવાદ સૂત્ર પર્યંતના ઉદ્દેશ-સમુદ્દેશ અને અનુજ્ઞા પ્રવર્તે છે.

ક્ષમાશ્રમણ (અર્થાત્ સાધુ)ના હાથે સૂત્ર-અર્થ-તદુભયના ઉદ્દેશ-સમુદ્દેશ-અનુજ્ઞા હું સાધુ-સાધ્વીને કરું છું.

--- x --- x --- x --- x ---

# ભાગ-૪૦ પૂર્ણ

--- x --- x --- x --- x ---

## આગમ સટીક અનુવાદનું વિભાગીકરણ

| આગમનું નામ | ભાગ ક્રમાંક |
|---|---|
| આચારાંગ | ૧ અને ૨ |
| સૂત્રકૃતાંગ | ૩ અને ૪ |
| સ્થાનાંગ | ૫ થી ૭ |
| સમવાયાંગ | ૮ |
| ભગવતી | ૯ થી ૧૩ |
| જ્ઞાતાધર્મકથા | ૧૪ |
| ઉપાસકદશા, અંતકૃત્‌દશા,<br>અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ | ૧૫ |
| વિપાકશ્રુત, ઔપપાતિક | ૧૬ |
| રાજપ્રશ્નીય | ૧૭ |
| જીવાજીવાભિગમ | ૧૭ થી ૧૯ |
| પ્રજ્ઞાપના | ૨૦ થી ૨૨ |
| સૂર્ય/ચંદ્ર-પ્રજ્ઞપ્તિ | ૨૩,૨૪ |
| જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૨૫ થી ૨૭ |
| નિરયાવલિકા પંચક અને પયન્નાસૂત્રો-૧૦+૧ | ૨૮ |
| નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ<br>દશાશ્રુતસ્કંધ અને જીતકલ્પ | ૨૯ |
| મહાનિશીથ | ૩૦ |
| આવશ્યક | ૩૧ થી ૩૪ |
| પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ | ૩૫ |
| દશવૈકાલિક | ૩૬ |
| ઉત્તરાધ્યયન | ૩૭ થી ૩૯ |
| નંદીસૂત્ર | ૪૦ |
| અનુયોગદ્વાર | ૪૧ |
| કલ્પ (બારસા) સૂત્ર | ૪૨ |